:: **અનુક્રમણિકા** ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૨૦ | ૨૭ | ધર્મપરિણતિ અને સુલસા શ્રાવિકાનું ચરિત્ર | ૧ |
| ૨. | ૨૦ | ૨૯ | કુશળચંદનું દૃષ્ટાન્ત | ૧૪ |
| ૩. | ૨૦ | ૩૦ | સુલસાની ધર્મપરિણતિ | ૨૧ |
| ૪. | ૨૦ | ૩૨ | પાપના ઉદયમાં કર્તવ્ય | ૩૬ |
| ૫. | ૨૦ | ૩૩ | પાપાનુબંધી પુણ્ય એટલે ? | ૪૫ |
| ૬. | ૨૦ | ૩૪ | સુલસાની ધર્મવૃદ્ધિ | ૫૬ |
| ૭. | ૨૦ | ૩૫ | શુષ્ક આધ્યાત્મિક ક્યાં ભૂલે છે ? | ૬૪ |
| ૮. | ૨૦ | ૩૬ | સુલસાની ધર્મપરિણતિથી છલકાતા બોલ | ૭૬ |
| ૯. | ૨૦ | ૩૯ | અભયકુમારની યોજના | ૯૪ |
| ૧૦. | ૨૦ | ૪૦ | સુજ્યેષ્ઠા ચેલણાનો સંવાદ | ૧૦૫ |
| ૧૧. | ૨૦ | ૪૨ | ભવિતવ્યતા શું કરે છે ? | ૧૧૭ |
| ૧૨. | ૨૦ | ૪૨ | વૈરાગ્યના વિવિધ પુરુષાર્થ | ૧૧૯ |
| ૧૩. | ૨૦ | ૪૨ | વાસનાના પોષણમાં જોખમો | ૧૨૨ |
| ૧૪. | ૨૦ | ૪૪ | પ્રભુના શરણથી કષાયો કેમ શમે ? | ૧૩૨ |
| ૧૫. | ૨૦ | ૪૪ | અંબડ હવે સાધુના વેશે | ૧૩૭ |
| ૧૬. | ૨૦ | ૪૫ | અરિહંત ભગવાનમાં શું શું વિચારવાનું ? | ૧૪૫ |
| ૧૭. | ૨૦ | ૪૬ | સુલસાના પ્રસંગમાંથી શું શીખવાનું ? | ૧૫૩ |
| ૧૮. | ૧૧ | ૮ | **ભોગોપભોગ- પરિમાણ વ્રતનું મહત્ત્વ** | ૧૬૧ |
| ૧૯. | ૧૧ | ૧૧ | પાપનો પાવર ઘટાડવો એટલે ? | ૧૭૭ |
| ૨૦. | ૧૧ | ૧૩ | ચાર કષાય-ચોકડીની ઓળખ | ૧૮૮ |
| ૨૧. | ૧૧ | ૧૪ | અભવી ચારિત્રનો સોદો | ૧૮૯ |
| ૨૨. | ૧૧ | ૧૪ | વ્રત-નિયમથી ખાસ લાભ | ૧૯૪ |
| ૨૩. | ૧૧ | ૧૭ | અઢળક પાપોનો ત્યાગ | ૨૦૮ |
| ૨૪. | ૧૧ | ૧૭ | ભોગોપભોગ પરિમાણ વ્રતના લાભ | ૨૧૦ |
| ૨૫. | ૧૧ | ૧૮ | જંબૂકુમારનો પૂર્વભવ | ૨૧૭ |
| ૨૬. | ૧૧ | ૧૯ | વ્યવહાર કેવળજ્ઞાન-પ્રધાન નથીઃ શ્રુતપ્રધાન છે | ૨૨૪ |
| ૨૭. | ૧૧ | ૨૦ | આર્ય-અનાર્ય ભૂમિનો ભેદ | ૨૩૨ |
| ૨૮. | ૧૧ | ૨૧ | રાત્રિભોજનના ત્યાગ પર કથા | ૨૪૦ |
| ૨૯. | ૧૧ | ૨૨ | રાત્રિભોજનનો નિષેધ કેમ ? | ૨૪૬ |
| ૩૦. | ૧૧ | ૨૫ | ભોગોપભોગ-પરિણામની બે મુખ્ય દૃષ્ટિ રાખવાની | ૨૫૭ |
| ૩૧. | ૧૧ | ૨૮ | વિષયના મહત્ત્વ ઘટાડવાની વિચારણા | ૨૭૦ |
| ૩૨. | ૨૫ | ૪૬ | **જ્ઞાનની ત્રણકક્ષા- 'શ્રુત-ચિન્તા-ભાવનાજ્ઞાન'** | ૨૭૮ |
| ૩૩. | ૨૫ | ૪૮ | વસ્તુપાલને મન દેવ-ગુરુ પહેલા | ૨૮૭ |
| ૩૪. | ૨૬ | ૧/૨ | અનુપમાના પ્રસંગમાંથી બોધપાઠ | ૨૯૮ |

# ધર્મ-પરિણતિ અને સુલસા શ્રાવિકાનું ચરિત્ર

**जं जं समयं जीवो आविसइ जेण जेण भावेण ।**
**सो तंमि तंमि समये सुहासुहं बंधए कम्मं ॥**

ત્રિલોકનાથ સુરાસુરેન્દ્રપૂજિત ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના હસ્તદીક્ષિત શિષ્ય અવધિજ્ઞાની મહર્ષિ શ્રી ધર્મદાસગણી મહારાજ આ શ્લોકમાં જીવનના સુધાર-બગાડનું એક ટૂંકું પણ મહાન સૂત્ર બતાવી રહ્યા છે. એઓશ્રી કહે છે કે,-

જે જે સમયે જીવ જેવા જેવા શુભ યા અશુભ સારા યા નરસા ભાવથી આવિષ્ટ બને છે, યુક્ત બને છે, તે તે સમયે એ તેવા તેવા શુભ યા અશુભ કર્મ બાંધે છે.

આનો અર્થ એ કે તમે જો સારા ક્ષમાદિ ભાવ, વૈરાગ્ય-દયા-મૈત્રીના ભાવ, પરમાત્મપ્રીતિ, સંયમ વગેરેના ભાવમાં હો તો એ વખતે શુભ પુણ્યકર્મ ઉપાર્જો છો, જીવનને સુધારી રહ્યા છો; પણ એના બદલે જો ક્રોધાદિ કષાયના ભાવમાં હો, ઇંદ્રિયવિષયોના રાગ-દ્વેષ-નિર્દયતા વગેરે વગેરેના નરસા ભાવમાં હો, તો તમે એ વખતે અશુભ પાપકર્મો બાંધી જીવનને બગાડી રહ્યા છો.

**પ્ર.**- શું સારા-નરસા ભાવથી જીવન સુધરતું બગડતું ગણાય છે ?

ઉ.- હા, જુઓ જીવનનો સુધારો કે બગાડો જોવો હોય તો એવું નથી કે વર્તમાનમાં જો સુખી તો જીવન સુધરેલું, ને દુઃખી તો જીવન બગડેલું; અર્થાત

**સુધારો બગાડો વર્તમાન સુખ-દુઃખ પર નથી મપાતો, કિન્તુ ભાવી દીર્ઘકાળના સુખ દુઃખમાં સર્જવા ઉપર મપાય છે.**

છોકરો નિશાળે બરાબર વિદ્યાભ્યાસ ન કરતો હોય, ને રમતો ફરતો હોય, તો શું એ વખતે એ સુખ ચેનમાં નથી ? છે જ, છતાં એને શું કહો છો ? 'અરે મૂર્ખ ! આ રખડપટ્ટીથી તારું જીવન કેમ બગાડી રહ્યો છે ?' એમ કહો છો ને ? એને આ બગાડી રહ્યાનું શાના ઉપર કહેવાય છે ? આના ઉપર, કે તમે માનો છો કે છોકરો જો અત્યારે વિદ્યાભ્યાસ ન કરે, તો અભણ મૂર્ખ રહે, ને તેથી મોટો થયે સારો ધંધો નોકરી ન કરી શકે, સરખું કમાઈ શકે નહિ તેથી આખી જિંદગી દુઃખી થાય આમ,

**ભાવી દીર્ઘ કાળ માટે દુઃખી થવાની વર્તમાન ચેષ્ટા એ જીવનને વર્તમાનમાં બગાડવાનું ગણાય છે, પછી ભલે વર્તમાનમાં આનંદી સ્થિતિ હોય.**



મોટો શ્રીમંતનો છોકરો કુસંગે જુગારી થઈ ગયો હોય, તો એ પોતાના મનથી તો આનંદમંગળ માનતો હોય છે; તેમ ઘરમાં પણ એને ખાનપાન વગેરેની મોજ છે; છતાં બાપ એને શું કહે છે ? આ જ કે તું કેમ જુગારથી જીવન બગાડી રહ્યો છું ?' તો એ મૂર્ખ જ ગણાય ને ?

બસ, જ્ઞાની ભગવંતો આ જ કહે છે કે તમે દિલમાં જો ધનની તીવ્ર લાલસા, ભોગની લંપટતા, વેરઝેર, ઈર્ષ્યા અસૂયા માયા-દંભ ગુસ્સો-ગુમાન વગેરે મલિન ભાવો રાખો છો, તો તમે જીવનને બગાડી રહ્યા છો.' એ વખતે તમે જો એમ માનવામાં પેલા જુગારી છોકરાના ઉત્તરની જેમ શું મૂર્ખતા નથી ? અથવા એમ માનતા ન પણ હો છતાં જો મલિન ભાવો અટકાવવાનું, કશું વિચારો નહિ, તો જુગાર છોડવાનું નહિ વિચારનાર છોકરાની જેમ, નઠોર દિલના ગણાઓ કે નહિ ?

**ભાવ મન-વચન-કાયાને ઘસડે છે :-**

ભૂલશો નહિ, દિલના ભાવ ઘોડા જેવા છે. એ મન-વચન-કાયાના રથને પોતાના અનુસારે તાણી જાય છે. ઘોડો જો ઉન્માદી, તો રથ ઉન્માર્ગે ઘસડાવાનો; એમ દિલના ભાવ પણ જો ઉન્માદી, તો મન-વચન-કાયા ઉન્માર્ગે પ્રવર્તાવાના. દેખાય જ છે ને કે જો દિલમાં કોઈ વ્યક્તિ પર દ્વેષ ઊભરાયો, તો એ વ્યક્તિ માટે મનમાં વિચાર કેવા આવે છે ? ને એની સામે બોલ કેવા નીકળે છે ? અગર બીજાની આગળ એના માટે બોલ કયા પ્રકારના બોલાય છે ? એમ એની સામે કાયાની આંખ કેવી થાય છે ? જરૂર પડ્યે બીજી પણ કાયિક પ્રવૃત્તિ યાવત્ એને મારપીટ કરવા સુધી પણ પહોંચાય છે ને ? કારણ ? આ જ કે મૂળમાં એના પ્રત્યે દિલમાં દ્વેષ ઊભરાયો છે. માટે જ આ ધ્યાન રાખવાનું છે કે દિલના ભાવ ન બગાડાય. તેમ

એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે મન વચન કાયાથી પ્રવૃત્તિ યાને વિચાર-વાણી-વર્તાવ પણ ઉમદા રખાય, ક્ષુદ્ર નહિ, તુચ્છ નહિ, તામસી નહિ. એનું કારણ આ છે કે **પ્રવૃત્તિ ભાવને પોષે છે, ઉત્તેજે છે.** અનુભવસિદ્ધ છે કે કદાચ બહુ ભાવ લઈને દેરાસરે નથી ગયા, છતાં ત્યાં પ્રભુજીના દર્શન કરતાં કરતાં દિલમાં સારા ભાવ જાગે છે, વધે છે, એમ ચૈત્યવંદન શરૂ કરતાં દિલમાં એવા સારા ભાવ ન હોવા છતાં જ્યાં બહુ સારી રીતે વાણીથી 'નમુત્થુણં' સૂત્રના પદે પદ બોલાય છે. સુંદર ભાવભર્યું સ્તવન ઢબસર ગવાય છે, તો દિલમાં સુંદર ભાવ ઉછાળા મારે છે. આપણે ન બોલતા હોઈએ પણ કોઈથી સારું ગવાતું સાંભળીએ અર્થાત્ કાયાથી કાનની પ્રવૃત્તિ થાય, તો પણ પહેલાં નહિ એવા સારા ભાવ ઊછળી આવે છે.

એથી ઊલટું જુઓ કે દિલમાં એવા નરસા ભાવ નથી ચાલતા એ વખતે જો કોઈ રેડિયામાં મોહભર્યું ગીત સાંભળ્યું તો અંતરમાં મોહના ભાવ ઉછળી આવે છે. સિનેમા ચિત્રપટમાં આ દેખાય છે ને કે માંહી પેઠા અને બેઠા ત્યાં સુધી એવા મોહના કે રાગદ્વેષના ભાવ નહોતા ચાલતા, પણ પિક્ચર શરૂ થયા પછી આંખેથી એ ચિત્રપટ જોવાની પ્રવૃત્તિ કરતાં દિલમાં કેવા કેવા મોહના, રાગના ને દ્વેષના ભાવ, તેમ હાસ્યાદિના ભાવ દિલમાં ઉછાળતા બને છે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　　વર્ષ-૨૦,અંક-૨૮,તા.૨૫-૩-૧૯૭૨**

**ભાવ તેવી તેવી પ્રવૃત્તિને પ્રેરે છે એમ પ્રવૃત્તિ તેવા તેવા ભાવને પ્રેરે છે.**

માટે આ કહેવાય છે વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિ બને તેટલી ઉમદા રાખો, શુભ રાખો, સુંદર કોટિની રાખો. જેટલી એ સારી એટલા સારા ભાવને ચાલવા અવસર મળશે. સિનેમાનું ગીત ગાતાં કે સાંભળતાં નહિ આવે એવા સારા ભાવ કોઈ સ્તવન-સજ્ઝાય કે આધ્યાત્મિક પદ ગાતાં સાંભળતાં આવશે. રમણીને જોતાં ભાવ સારો નહિ આવે, એ કોઈ મહાત્માને જોતાં આવશે.

**પ્રવૃત્તિની ભાવ પર અસરનું દૃષ્ટાન્ત :-**

એક માણસે કોઈ મહાત્મા પરના દ્વેષને લઈને એમને મારી નખાવવા ધાર્યું. એ માટે મારાઓને પૈસાની સારી લાલચ આપી કહ્યું કે 'રાતના જઈને એ સાધુને ખત્મ કરી નાખજો.' મારાઓને શું ? માણસ પૈસાનો લાલચુ, લાલચમાં શું કરવા તૈયાર ન થાય ? માટે તો જ્ઞાનીઓ કહે છે,- **'सर्वगुणविनाशको लोभः'** લોભ સઘળા ગુણોનો નાશ કરે છે. ક્રોધથી તો પ્રેમ નાશ પામે, અભિમાનથી વિનય નાશ પામે, અને માયાથી વિશ્વાસ નષ્ટ થાય; પરંતુ લોભથી તો આ પ્રેમ-વિનય-વિશ્વાસ વગેરે ઘણું ઘણું નષ્ટ થાય માટે જ લોભ-લાલચ-લંપટતાથી સાવધાન રહેવા જેવું છે. એકદમ તો સમૂળગા નાશ ન પામે કિન્તુ એના પર અંકુશ અને ચોકી રાખવા જેવી.

**માનવીની માનવતા એટલે પશુતા કરતાં સારી વિશિષ્ટ માનસિક સ્થિતિ, પોતાની લોભ-લાલસા પર અંકુશ અને ચોકી.**

**(૧) લોભ પર અંકુશ :-**

એમ તો હંસ જેવા કેટલાક પશુ ય લોભ પર માપવાળા દેખાય છે, પરંતુ તે તો સમજથી નથી, કિન્તુ એ ભવ જ એવો કે અમુક પ્રમાણમાં ખોરાક મળી ગયો એટલે બસ, પછી મસ્ત ફર્યા કરવું કે પડ્યા રહેવું, એવો સ્વભાવ. જ્યારે



માણસે લોભ-લાલચ પર માપ અંકશ રાખવાનો છે તે સમજ પૂર્વક કે લોભને તો હટાવવો જ જોઈએ; અને એ સમૂળ ન હટે ત્યાંસુધી એનું માપ રાખવું જોઈએ, એના પર અંકુશ રાખવો જોઈએ.

તેમ લોભ પર ચોકી જોઈએ.

**(૨) લોભ પર ચોકી શી ?** આ, કે 'લોભ-લાલચ-મમતાના કાળમાં એ કોઈ એવાં પાપ-દુષ્કૃત-દુર્વિચારને તો નથી પ્રેરતા ને ? નથી જગાવતા ને ?'-આ ચોકી રાખવાની. એમાં દેખાય કે 'હા, એવાં વિશેષ ખરાબ પાપ આદિને પ્રેરે છે.' તો એ લોભ વગેરેને જતા કરવાના; 'જોઈએ નહિ એવા લોભ-લાલચ-મમતા,' - આ નિર્ધાર અને અમલ રાખવાના.

**લોભ-લાલચથી કેટલાં પાપ ? :-**

લોભ પર આ અંકુશ અને ચોકી હોય તો જ આ જગતમાં બચી શકાય એવું છે. નહિતર તો પાપની સીમા નહિ રહે. આજે દેખાય છે ને કે લોભવશ (૧) કર્માદાનના ધંધા કેવા ચાલુ થઈ ગયા છે ? (૨) જૂઠ-અનીતિ કેટલી વિકસી પડી છે ? (૩) કોરટોમાં ઝઘડા કેટલા ભર્યા પડ્યા રહે છે ? (૪) ભાઈ-ભાઈ અને કુટુંબીઓ વચ્ચે કેટકેટલા રગડા ચાલે છે ? (૫) લાલચવશ અભક્ષ્ય અને અશ્લીલ સિનેમા-દર્શન, યાવત્ પરસ્ત્રીદર્શન વગેરે કેટલું વધી પડ્યું છે ? આજે શ્રાવક જો જૈન દૃષ્ટિનાં પાપ ભૂલી ગયો એટલે તો પછી એ પાપો સેવતાં મનમાં કશો અરેકારો-કચવાટ-દિલગીરી રહી જ નહિ.

**શ્રાવક લોભ-લાલચમાં કર્તવ્ય કેવાં ભૂલે ? :-**

બોલો, શ્રાવકને પાંચ તિથિ, બે આઠમ બે ચૌદશ અને અજવાળી પાંચમ લીલોતરી ખાવાની ત્યાગ, દળવું-પીસવું કપડાં ધોવાં વગેરે આરંભ-સમારંભ બંધ, બ્રહ્મચર્ય પાલન, ચૌદશે પોષધ,...વગેરે કર્તવ્ય ખરાં ? આજે લોભ-લાલસામાં એ કેવાં ભૂલાતા જાય છે ? ત્યારે એ ભૂલવામાં કોઈ અફસોસી ? તેમ, લીલોતરી,ભક્ષણ વગેરે આરંભ-સમારંભો કમમાં કમ પાંચ તિથિ પણ છોડવાનાં એ શાથી ? એમાં જીવહિંસા છે, પાપ છે, માટે ને ? તો એનાં રોજના સેવનમાં ક્યાંક અફસોસી દેખાય ? રાત્રિભોજન સિનેમાદર્શન, વગેરે આચરતાં દિલમાં અરેકારો ખરો ? કેમ જાણે જમાનાએ તત્ત્વ જ બદલી નાખ્યાં ? પાપતત્ત્વ એ પાપ મટી ગયાં ? મન પર આ જ ભાવને ?

**જ્યાં પાપના ખ્યાલ જ ભૂલાય, પછી પાપ સેવનની અફસોસી ક્યાં ઊભી રહે ?**

ભરચક પાપોનાં સેવન કર્યે જવામાં દિલમાં સારા ભાવ શી રીતે આવે ? મૂળમાં લોભ-લાલસા પર ચોકી નથી એટલે આજના ભૂલેલા જગતમાં ભળી જવાનું

થાય છે. ટૂંકો કિંમતી માનવ અવતાર મળ્યો, જૈનધર્મ મળ્યો, એની કદર ભૂલી જવાય છે. લોભ લાલસા પર ચોકી હોય તો ઝટ ખ્યાલ આવે કે 'હું લાલસાવશ આજે કેવાં વધુ પડતાં પાપાચરણમાં ફસાઉં છું ? ત્યાં પછી કેવો પાપમાં અરેકારો પણ ભૂલું છું ? શું કરવાની આ દુષ્ટ લાલસાને ? એ પોષવાની મારે શી જરૂર ?'

**મારાઓની લોભ પર ચોકી :-**

હવે જુઓ, લાલસા-લોભ પર થોડી ય ચોકી પેલા મારાઓને કેવી પાપથી બચાવી લે છે ! પહેલાં તો એ રૂપિયાના લોભમાં મહાત્માને મારી નાખવાનું કબૂલી ઉપડ્યા, રાતે મહાત્માના મુકામે અને ત્યાં જઈને સૂતેલા મુનિરાજ પાસે જઈ છરા સાથે ઊભા રહ્યા. પરંતુ મારતા પહેલાં ચાંદનીના ઊજાળામાં જુએ છે તો મુનિ મહાત્મા ઊંઘમાં પડખું ફેરવતાં, જીવરક્ષાર્થે પહેલાં રજોહરણથી પોતાનું શરીરનું પડખું અને એ ફેરવીને મૂકવાની જગા પૂંજે-પ્રમાર્જે છે. પછી એ જગાએ પડખું ફેરવે છે.

**મારાઓના ભાવ કેમ ફર્યા ? :-**

મારાઓ આ જોઈને ચમકયા કે 'અહો ! આ મહાત્મા સૂક્ષ્મ જીવોના ઉપર પણ આટલા બધા ઊંઘમાં ય દયાળુ છે ? ત્યારે જાગતાં તો કેવા ય દયાળુ હોય ? તો પછી આવા મહાત્માને કોઈના ઉપર પણ વૈર રાખવાનું કે કોઈનું ય બગાડવાનું શાનું હોય ?' અંદર અંદર ગુપસુપ કરે છે કે 'ભાઈ ! આપણે આવા નાના-મોટા સર્વ જીવો પર મહાન દયાળુ મહાત્માને કેમ મરાય ? આમને મરાવવા ઈચ્છનાર ધણીએ ભલે આમને ગમે તે પ્રકારે દુશ્મન માન્યા હોય, પણ એમાં આ આટલા બધા દયાળુ મહાત્મા એનું કશું બગાડનાર હોઈ શકે નહિ. તો પછી આવા જીવમાત્રના મિત્ર મહાત્માને મારીને આપણે કઈ ગતિમાં જઈએ ? ઘેર ગયા એ રૂપિયા આપણે એ ન જોઈએ.'

બસ, મારાઓએ મુનિને મારવાનો વિચાર પડતો મૂક્યો. ગુપસુપમાં મુનિ મહર્ષિ જાગી ગયા; પૂછે છે 'ભાઈ ! કોણ છો ? કેમ આવ્યા છો આટલી રાત્રે ?'

મારાઓ પાપથી ભડકેલા હતા, એટલે મારવાની બુદ્ધિ કરેલી એ પણ એમને ખટકી, પાપરૂપ લાગી, તેથી એના પસ્તાવામાં એ મહાત્માની માફી માગે છે, ઘુંટણીએ પડી હાથ જોડી કહે છે,-

**મારાઓ ક્ષમા માગતાં શું કહે છે ? :-**

'માફ કરજો મહાત્માજી ! રૂપિયાના લોભમાં અમે અમુક આદમીના કહેવાથી આપને મારી નાખવા માટે આવ્યા હતા. પરંતુ આપની ઊંઘમાં પણ ઝીણા જંતુની ય આટલી બધી દયા જોઈ પાછા પડ્યા. મનને થયું કે આવા મહાત્મા સ્વપ્ને ય કોઈનું બગાડે નહિ. એમને કેમ મરાય ? તેથી અમે હવે માર્યા વિના જ જઈએ છીએ;



અને આપને મારી નાખવાની બુદ્ધિ કરી એની માફી માગીએ છીએ. પરંતુ આપ એ ધણીથી સાવધાન રહેજો. રખે એ બીજા કોઈ દ્વારા આપને મારી નાખવાનું કરે !'

**મહાત્માની તત્ત્વવાણી :-**

મહાત્મા કહે છે, 'મહાનુભાવ ! માણસની સાવધાની શી કામ લાગે, જ્યાં કર્મસત્તાને કશું અવળું કરવું હોય ? અત્યારે જ માનો ને તમારે જ તમારું કામ કરવું હોત, તો ઊંઘમાં હું શી સાવધાની રાખત ? મને શી ખબર પડત ? મૃત્યુ તો એક દિવસ આવવાનું જ છે, પછી વહેલું કે મોડું. એમાં કોઈ દ્વારા કરાતી હત્યાથી મૃત્યુ હોય, તો મરાવનાર કે મારનાર તો એમાં નિમિત્તમાત્ર છે, બાકી ખરેખર તો પોતાનાં કર્મ જ જવાબદાર છે.'

**સાવધાની તો આ કર્મના ઉદય સામે રાખવા જેવી છે. સાવધાની આ, કે એ આપણને ઠગી જાય એ પહેલાં જીવનને બને તેટલું પાપમુક્ત કરી દેવું અને વીતરાગ પરમાત્માની ભક્તિ તથા એમની બને તેટલી આજ્ઞાનું પાલન કરી લેવું.'**

મહાત્મા આગળ કહે છે, 'ભાગ્યવાનો ! તમે પણ જીવનમાં આ સાવધાની લાવો, અને પેલા ભાગ્યશાળીને કહી શકતા હો તો કહેજો કે મને તો મરણનો કોઈ ડર નથી, તેમ એ વ્યક્તિ પર મને કોઈ દ્વેષ નથી, પરંતુ એ પણ આ સાવધાની જીવનમાં ઉતારે, જેથી એનું કલ્યાણ થાય.'

મહાત્માની આ વાણી સાંભળીને મારાઓનાં દિલ પીગળી ગયાં, સંકલ્પ કર્યો કે 'પૈસાના કે બીજા લોભ યા દ્વેષમાં કદી આવાં હત્યાનાં કામ કરવા નહિ.' મહાત્માનો ખૂબ આભાર માની વિદાય થયા.

બોલો, મારાઓએ લોભ-લાલચ પર કેવી ચોકી કેવો અંકુશ મૂક્યો ? હત્યાની ભયંકર પાપબુદ્ધિમાંથી કેવી સુંદર સાવધાનીના શુભ ભાવમાં આવ્યા ? પણ આ કયારે આવ્યા ? આ કેમ બન્યું ? મહાત્માની ઊંઘમાં પણ જીવરક્ષાની સારી પ્રવૃત્તિ જોઈ તેથી જ ભાવ પલટાયા ને ? ખોટાના સારા ભાવ થયા ને ?

આ સૂચવે છે કે પ્રવૃત્તિ ભાવને પ્રેરે છે; આપણા તો ભાવને પ્રેરે, પરંતુ બીજાના ય ભાવને પ્રેરે છે. મહાત્મા પોતે તો ઊંઘમાં પણ રજોહરણથી જીવરક્ષાર્થે પૂંજવા-પ્રમાર્જવાની પ્રવૃત્તિ કરી પોતાના દયાના શુભ ભાવને વિકસાવી રહ્યા હતા, પરંતુ એ પ્રવૃત્તિ જોતાં મારાઓના દિલમાં પણ શુભ ભાવ જાગ્યા.

કાનજીપંથ કહે છે કે 'બાહ્યકાયિક પ્રવૃત્તિની ભાવ પર અસર ન થાય; એક જીવદ્રવ્ય બીજા જીવ દ્રવ્યનું કશું ભલું ન કરી શકે. પરંતુ અહીં વિચારો કે મહાત્માની જો આ પ્રવૃત્તિ ન હોય અને ઊંઘમાં પૂંજ્યા એમ જ પડખું ફેરવવાનું કરતા હોત, તો પોતાના જીવદયાના ભાવ શી રીતે સાચવી કે વધારી શકે ? તમે મારાઓનાં

દિલમાં પણ શુભ ભાવ કયાંથી જગાવી શકત ?'

અહીં ભૂલશો નહિ કે સારા ભાવ હોય તો સારી પ્રવૃત્તિ થાય એ સાચું, પણ સારી પ્રવૃત્તિ હોય તો સારા ભાવ ટકે છે, વધે છે, નહિતર ભાવ સુકાઈ જાય, ભાવનો ઢોંગ થાય, એ પણ એટલું જ સાચું છે એટલા માટે તો જ્ઞાનીઓએ સાધુ અને શ્રાવકને માટે ભરચક શુભ આચાર-વિચારની પ્રવૃત્તિ ફરમાવી છે.

**બે જાતના જીવો આચાર ભૂલે છે :-**

જુઓ જગતમાં જીવો બે જાતના; (૧) એક, ઢોંગી અધ્યાત્મવાળા અને (૨) બીજા સાંસારિક વિષયોની પ્રવૃત્તિમાં ગળાડૂબ. બંનેને આ શુભ આચારનું દેવાળું. એ બેમાં પહેલા કે જેઓ માર્ગાનુસારીના, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના, અને દાન-શીલ-તપના ઉત્તમ આચારોને 'એ તો જડની ક્રિયા છે' એમ કહીને ઉડાવે છે, યા બીજા જે દુન્યવી સાંસારિક ભરચક પ્રવૃત્તિઓમાં જ મશગુલ રહીને એ આચરવાની ઉપેક્ષા કરે છે, એમના દિલના ભાવ કેવી રીતે સારા ચાલી શકે ? કેમકે અજ્ઞાન અને અભિમાનની બનાવટી અધ્યાત્મની પ્રવૃત્તિઓમાં ય ઈન્દ્રિયોના વિષયોની પ્રવૃત્તિઓમાં સહેજે મન વિષય-કષાયના રંગે રંગાયેલું રહે; નહિતર તો એ પ્રવૃત્તિઓમાં એમની ચોકસાઈ, ચીવટ અને બરાબર ખબરદારી જે દેખાય છે, એ મનની એમાં ઓતપ્રોતતા વિના શાની હોય ? મનના રંગ વિના કેમ હોય ?

**મીઠું-સાકર ઓછા એ ખટકયા, રાગનું તોફાન ખટક્યું ?**

દા.ત. 'આ દાળમાં જરા નમક, મરચું ઓછું છે, લાવ તો જરા નિમક-મરચું;' 'આ ચા માં સાકર ઓછી છે કેમ ? નાખો જો આમાં સાકર;' આ ધ્યાન ઝટ કેમ જાય છે ? મનની ચોકસાઈ ચીવટ વિના ? ખબરદારી વિના ? એ વખતે ભાન રહે છે ખરું કે 'હું ક્યાં આ જડની ગુલામીમાં પડ્યો ? મીઠું સાકર જરા ઓછા હોય એ પર તરત ધ્યાન જાય, એવું આત્મામાં રાગનું તોફાન થવા પર તરત ધ્યાન કયાં ગયું ?'

અધ્યાત્મનો ડોળ ન હોય અને સાચો અધ્યાત્મ ભાવ હોય તો તો ભલે ને એ નિમક-સાકરનું ધ્યાનમાં ય આવ્યું અને લીધી પણ, છતાં ત્યાં ઝટ અંતરમાં ખટકો થાય કે 'અરે મારે તો પેટ ભરવાનું કામ, ત્યાં જડને આટલું બધું મહત્ત્વ શા માટે આપી રહ્યો છું ? જડની આટલી બધી ગુલામી કેમ ભોગવી રહ્યો છું ? મારે એટલી ઓછપ શું ચલાવી ન લેવી ?'

**અધ્યાત્મનો ઢોંગ :-**

અધ્યાત્મના ડોળવાળો તો અહીં ઢોંગ કરવાનો, એ કહેશે 'એ તો ખાનાર શરીર પણ જડ છે, ને નિમક-સાકર પણ જડ પુદ્ગલ છે; પુદ્ગલ પુદ્ગલને ખાય,



પુદ્ગલ પુદ્ગલની સંભાળ કરે, એમાં આત્માને શું લાગેવળગે ? ગુલામી શી ? આત્મા તો એના સ્વરૂપમાં રમી શકે છે. જડ જડનું કામ કરે, આત્મા આત્માનું કામ કરે.' બોલો આ ઢોંગમાં એ ઊંચો આવે ? આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયના બનાવટી તત્ત્વચિંતનમાં ખુશમિશાલ આહારાદિ સંજ્ઞાઓ, પોષ્યે જવાનો, ઉત્તમ દાન-શીલ-તપના આચારો ભૂલવાનો; તે પણ લેશમાત્ર અફસોસી વિના અને જાતની હોશિયારી તત્ત્વજ્ઞતા માનીને ભૂલવાનો ! દાનાદિ શુભ આચાર આચરનારાઓને અજ્ઞાન મૂઢ માનીને તેમ પોતે સદ્આચારોને નિરર્થક માનીને નહિ આચરવાનો ! અને બીજા ભોળા જીવોને ય ભૂલાવવાનો ! ખૂબી એ, કે હિંસાદિ પાપાચારોને એ નહિ નિંદે ! હવે કહો એ કેવા ઘોર પાપાનુબંધો બાંધે ? એથી કેવી દીર્ઘાતિદીર્ઘ દુર્ગતિના ભવોની પરંપરા ઊભી કરે ?

સદ્આચારોનો વિરોધ કરીને, એને ઉડાવીને કોઈનું કલ્યાણ થયું છે ? વિરોધ તો હિંસાદિ પાપાચારોનો હોય ? કે દાન-શીલ-તપ આદિ ઉત્તમ આચારોનો ? વિષમય વિષય વિલાસનો વિરોધ હોય ? કે ત્યાગની ક્રિયાઓનો વિરોધ ? ઝેરી કળિયુગની બલિહારી છે કે જ્યાં પવિત્ર બાહ્ય સદાચારોનો વિરોધ કરનારા પાકે છે ! સાથે એ પણ ઝેરી કળિકાળની બલિહારી છે કે વિશ્વશ્રેષ્ટ જૈનશાસન પામેલા પણ કેટલાક ભોળાઓ એવા આચાર-ક્રિયા-વિરોધકોની સુફિયાણી આત્મતત્ત્વની બનાવટી વાતો ટેસથી વાંચે છે ! ને કહે છે 'અહો ! કેવું સુંદર સૂક્ષ્મ તત્ત્વ ! કેવી સાચી દૃષ્ટિ !'

આમ, એક તો આ રીતે બનાવટી અધ્યાત્મથી ઉત્તમ આચારોને ભૂલે છે; ત્યારે બીજાઓ દુનિયાદારીની માયામાં એટલા બધા આસકત અને રચ્યાપચ્યા રહે છે કે એમને સદ્આચારો, સત્ક્રિયાઓ, ધર્મપ્રવૃત્તિ વગેરેની ફુરસદ જ નથી, પરવા નથી, પરલોકની કશી ચિંતા જ નથી. હવે વિચારો કે આ બંને કોટિના જીવોને શુભ ભાવ શી રીતે સ્પર્શી શકે ?

**ગળાબૂડ મિથ્યાવાદ અને વિષયોની પ્રવૃત્તિઓમાં રાચ્યામાચ્યા રહેવામાં સમ્યગ્ભાવની આશા એ રેતી પીલી તેલ કાઢવાની આશા જેવી છે.**

**અનંતી ક્રિયા કેમ નિષ્ફળ ગઈ ? :-**

શુભ સુંદર પવિત્ર ભાવ દિલમાં વહેતા કરવા છે ? તો એવી સારી પ્રવૃત્તિઓ પકડો. સારી પ્રવૃત્તિઓમાં ખૂબ લાગ્યા રહેવાથી દિલમાં શુભ ભાવ વહેતા થશે. એમ કહેતા નહિ કે તો પછી અનંતી ધર્મપ્રવૃત્તિ કેમ નિષ્ફળ ગઈ ? કેમકે એ નિષ્ફળ ગઈ ત્યાં શુભ ભાવ પવિત્ર દિલ બનાવવાનું લક્ષ્ય જ કયાં હતું ? જયાં પવિત્ર દિલ બનાવવાનું લક્ષ્ય જ નહિ, પછી ગમે તેટલી ક્રિયા-પ્રવૃત્તિ કરે તો ય એ સાથે

અપવિત્ર ભાવ જ બન્યા રાખે છે; ઉપરાતં પવિત્ર ભાવનો વિરોધ રાખે અને પવિત્ર ભાવ કયાંથી આવી શકે ? છોકરો 'નથી જ ભણવું' એવા ભાવથી નિશાળે જાય એ શું ભણી શકે ? એને તો ત્યાંય રમતનું ધ્યાન; એટલે એ જ કરતો રહેવાનો.

**વ્યાખ્યાનમાં જવાના અનેક હેતું :-**

માણસ વ્યાખ્યાન સાંભળતો હોય પણ 'તત્ત્વ નથી જ સમજવું' એવું નક્કી કરી બેઠો હોય એને તત્ત્વ શી રીતે ગળે ઊતરે ? તો જાય શું કરવા ? એ તો એટલા માટે જતો હોય કે 'ચાલો કથા-વાર્તા સાંભળવા મળશે.' અથવા 'હસવા કરવાનું દલીલબાજી યા વ્યવહારિક અક્કલનું સારું સાંભળવા મળે છે.' એટલા માટે જતો હોય. ભગવાનની વાણી સાંભળવા અભવી કાલસૌકરિક કસાઈ જતો હતો, ૩૬૩ પાખંડી સાંભળતા હતા, પણ એમને કશો તત્ત્વબોધ નહિ; કેમકે એનું લક્ષ્ય જ નહોતું. એ તો વાણીમાં બાકી વૈરાગ્યની મોક્ષતત્ત્વની વગેરે વાત આવે ત્યાં મનમાં નિર્ધાર કે 'આવું કશું સાચું છે જ નહિ.' એવા આત્માને હજાર વાર સાંભળે તો ય તત્ત્વબોધ શી રીતે થાય ? **લક્ષ્ય વિનાની શ્રવણપ્રવૃત્તિથી ભાવ સારા ન જાગે.**

**સારા ભાવના વિરોધવાળા ચારિત્રથી સારા ભાવ ન જાગે :-**

બસ, આ જ રીતે જીવે અનંતી વાર ચારિત્ર સુધીનાં આચરણ તો કર્યા, પરંતુ વૈરાગ્ય, વિષયઘૃણા, મોક્ષશ્રદ્ધા વગેરેનો દિલમાં વિરોધ રાખીને અને કેવળ દુન્યવી પૌદ્ગલિક સુખ વગેરે પામવાના લક્ષ્યથી જ કર્યા, એટલે એને એ ચારિત્રાચારણથી સારા ભાવ કયાંથી આવે ? સારા જ્ઞાનાદિ-આચાર કે દાનાદિ આચારની આચરણ-પ્રવૃત્તિ સારા ભાવ જગાવી શકે છે, પરંતુ કમમાં કમ એવા ભાવનો દિલમાં વિરોધ ન હોય તો.

**સારા ભાવના વિરોધમાં જ્ઞાન પણ નિષ્ફળ :-**

જ્ઞાન સારું ભણી શકતો હોય, ગુરુ કહે 'જો ભાઈ ! આ જ્ઞાન આત્માનાં કલ્યાણ માટે જ પ્રાપ્ત કરવાનું છે, કામ-ક્રોધ-લોભ-મદ વગેરેને દબાવવા માટે છે,' પરંતુ ભણનારો જો મનમાં ધારી બેઠો હોય કે 'એ કષાય દાબવા-કરવામાં હું માનતો નથી, આપણે તો આ ભણી વિદ્વાન થઈએ એટલે સારાં લેખન-ભાષણ કરી લોકમાં નામ પ્રસિદ્ધ કરવું છે, લોકોની વાહવાહ-માનપાન લેવા છે,' આ જ લક્ષ્ય હોય, અને સારા ભાવનો વિરોધ હોય, હવે એ ગમે તેટલું ભણે, છતાં એથી એના દિલમાં સારા ભાવ કયાંથી આવી શકે ? એ ભણીને પણ આત્મકલ્યાણ શાનો સાધે ? ક્ષમા-નમ્રતા વગેરે શું કામ કેળવે ? એ તો ભણેલા ઉપર જ વિષયરંગની રમત કરવાનો, અને મદ-અભિમાન રાખવાનો, એવું.

દાન, તપસ્યા વગેરે આચરણ પણ આત્મકલ્યાણનો વિરોધ રાખીને કર્યે જાય



ત્યાં પણ સારું ફળ ન આવે, સારા ભાવ ન જાગે. શું નથી આજે દાન દેનારા ? પણ શું એ બધાને લક્ષ્મી અકારી લાગી ? એમ શું નથી આજે બ્રહ્મચર્ય પાળનારા ? પણ એ બધાને શું કામની ઘૃણા જાગી ? ના, તો તો એ નાનડિયાને એની જ સલાહ આપે ને ? એ તો એના બદલે દીકરા-દીકરીના લગ્નમાં હોંશથી ભાગ લે છે. ખુશી થાય છે કે 'દીકરાને કન્યા સારી દેખાડવી મળી, દીકરીને મૂરતિયો રૂપાળો સશક્ત કાયાવાળો લષ્ટપુષ્ટ મળ્યો !' શાની આ ખુશી ? બોલો, આમાં કામની ઘૃણા કયાં રહી ? પૂછો,

**પ્ર.**- તો પછી પોતે બ્રહ્મચર્ય લે શું કરવા ?

ઉ.- એ તો અનેક ભળતા ઈરાદે લેવાય દા.ત. મનને એમ થાય કે 'થોડું ઘણું બ્રહ્મચર્ય નહિ પાળીએ તો પરલોક માટે પુણ્ય નહિ મળે.' અથવા 'લોકમાં ભૂંડા દેખાશું,' યા 'ઘરવાળા નારાજ રહ્યા કરે છે, તે બ્રહ્મચર્ય લઈએ તો એ રાજી થાય,' અથવા 'હવે શરીર ધોવાઈ જશે, તો સાવ મુડદાલ બની જઈશું, રોગો ભરાશે, મોત કપરું આવશે. માટે હવે તો બ્રહ્મચર્ય પાળી શક્તિ જાળવી રાખવા દે'... આવા આવા કોઈ ઈરાદાથી બ્રહ્મચર્ય લેવાય. આમાં કામની ઘૃણા કયાં છે ? પછી એ ૨૫-૫૦ વરસ બ્રહ્મચર્ય પાળે તો ય શું ? એને કોઈ કામઘૃણાનો સારો ભાવ ન આવે.

**બ્રહ્મચર્ય નહિ છતાં કામની ઘૃણા :-**

એથી ઊલટું એવું બને કે જે પૂર્ણ બ્રહ્મચર્ય પાળતો ન હોય, પરંતુ અનંત કાળની આ બલા જોઈ એને કામની ઘૃણા હોય અગર ઘૃણા ઊભી કરવી હોય એટલા માટે અંશે સંયમ રાખતો હોય, ને એ માટે સારું શ્રવણ-વાંચન પણ કરતો હોય, સ્ત્રીઓના રૂપરંગને સારા તરીકે દેખતો ન હોય, એને ધીમે ધીમે અંતરમાં કામની ઘૃણા જાગતી જાય.

એટલે વાત આ છે કે સારાં આચરણ સારી પ્રવૃત્તિથી સારા ભાવ આવી શકે. પણ ત્યાં મૂળમાં એવા સારા ભાવનો વિરોધ ન જોઈએ, બલ્કે એ લાવવાની ઈચ્છા હોય, લક્ષ્ય હોય, એવા લક્ષ્યની સિદ્ધિમાં સારી પ્રવૃત્તિ સહાયક બને છે. માટે તો જુઓ કે દા.ત. બ્રહ્મચર્ય અંગે સારું શ્રવણ તો કરતો હોય, કામની ઘૃણાનું મજેનું સાંભળતો હોય, પરંતુ આચરણમાં લેશ પણ સંયમ ન રાખતો હોય, અને કામના આનંદમાં પૂરો મગ્ન રહેતો હોય, તો એને કામની ઘૃણા જાગવી મુશ્કેલ બનવાની. આવું બીજે પણ સમજવાનું.

**પાપપ્રવૃત્તિમાં સહેજ પણ સંયમ નહિ, સંકોચ નહિ, તો પાપની ઘૃણા રહેવી મુશ્કેલ.**

ગુસ્સાની ખરાબી અને ક્ષમાના મહાન લાભનું શ્રવણ કરતો હોય, પરંતુ બીજી બાજું પાછો ગુસ્સો કરવામાં સહેજ પણ પાછી પાની ન કરતો હોય, અંશે પણ અટકતો ન હોય, ઉપરથી ગુસ્સો કરી સામો દબાય એમાં ખુશી માનતો હોય, ગૌરવ લેતો હોય, એવાને ગુસ્સાની ઘૃણા શી રીતે જાગે કે વધે ? એ માટે અંશે પણ ગુસ્સા પર સંકોચ સંયમ જોઈએ ને ? ગુસ્સો થઈ ગયો એના પર ખેદ થવો જોઈએ ને ? એટલી ય ખેદની અને અંશે સંયમની પ્રવૃત્તિ ચાલુ રાખે, તો ધીમે ધીમે ક્રોધની ઘૃણાનો ભાવ જાગતો જાય, વધતો જાય.

**ગુસ્સાનો ખેદ પણ ભળતો :-**

બોલો, જીવનમાં આ ચાલુ છે ને ? કહેશો, 'હા અમને ગુસ્સો રોકાતો નથી, પણ ગુસ્સો કર્યા પછી ખેદ તો થાય છે,' પરંતુ ત્યાંય તપાસવા જેવું છે કે એ ખેદ શાનો થાય છે ? ગુસ્સો કર્યા પર સામો તરત પગે પડી જતો હોય, ભૂલની ક્ષમા માગતો હોય, તો ત્યાં ગુસ્સો કર્યા પર ખેદ થાય ? કે આનંદ થાય કે 'હાં, જો આટલો ધમધમાવ્યો તો આ ઠેકાણે કેવો આવી ગયો ? ગુસ્સા વિના ઠેકાણું ન પડે...' આવું આવું જો મનમાં આવતું હોય, તો ગુસ્સાનો ખેદ કયાં રહ્યો ? એ તો ખેદ થતો હોય તો એટલા માટે કે ગુસ્સા પર સામેથી લપડાક પડે છે યા સામો રીસાઈ જાય છે, અગર વિરોધી બને છે માટે ગુસ્સો કર્યા પર ખેદ થાય છે. આ ખેદ તો ભળતો ખેદ છે, પાપનો ખેદ નહિ.

**ગુસ્સાનો ખરો ખેદ લાવવા ગુસ્સાથી થતા લાભ પર રાજી ન થાઓ :-**

બાકી ગુસ્સાનો ખરો ખેદ લાવવો હોય તો ગુસ્સો કરવા પર પ્રાપ્ત થતા દેખાતા લાભ માટે આનંદ ન આવવો જોઈએ મનને એમ થાય કે 'ભલે આપણા ગુસ્સાથી સામો દબાઈ ગયો દેખાયો, પરંતુ એના દબાયામાં ખુશી થવા જેવું નથી, કેમકે,'

(૧) એક તો, પાપકર્મ અને ગુસ્સાના કુસંસ્કાર મારા માથે ચડ્યા; તેમ,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૦,અંક-૨૯,તા.૧-૪-૧૯૭૨**

(૨) બીજું એ, કે સામો દબાઈ ગયો એ કાંઈ ગુસ્સાથી નહિ, પણ એ તો કોઈ મારો પુણ્યનો ઉદય જાગતો એટલે એ પુણ્યોદયથી દબાયો. મારે જો પાપનો ઉદય હોત તો તો ગુસ્સો કરવા છતાંય એ ન દબાત; ઊલટું સામે ઠોકત. એટલે એના દબાઈ જવા પર ભય છે કે રખે હું ખોટું માની બેસું કે ગુસ્સાથી સામો દબાય ! ના, એ દબાય એ તો મારા પુણ્યના ઉદયે, પણ ગુસ્સાથી નહિ, કિન્તુ આ સાવધાની ભૂલી જાય છે કે આગળ પર 'ગુસ્સાથી સામો દબાય' એવી ખોટી



માન્યતાને લીધે વળી વળી ગુસ્સો કરવાની લત લાગે તો ? માટે સાવધાન રહું કે ગુસ્સો ખોટો.' શું સમજ્યા ?

**ક્રોધ-લોભ વગેરેથી લાભ દેખાય, ત્યાં ખરી રીતે એ લાભ પુણ્યના ઉદયના પ્રતાપે છે. કષાયના પ્રતાપે નહિ.**

**દોષો-પાપો ખોટા લાગવા છતાં ચાલુ કેમ રહે છે ? :-**

આવો કોઈ વિવેક જાગતો રહે, ગુસ્સાથી દેખાતા લાભનો આનંદ ન રહે, અને 'ગુસ્સો ખોટો' એમ માની ગુસ્સા પર ખેદ થાય, તો એ ખેદ સાચો માની શકીએ; તેમ લાભ ખોટા લાગ્યા કરે તો ગુસ્સો ઓછો થતો આવે.

આ જરા ઝીણું સાયન્સ છે, ઝીણું કંતામણ છે. પરંતુ ખૂબ ધ્યાનમાં રાખવા લાયક છે. આપણા આત્માના કષાય દોષો અને હિંસાદી પાપો ચાલુ કેમ રહેતા હોય છે ? વ્યાખ્યાન સાંભળતા હોઈએ કે સારું વાંચન કરતા હોઈએ એટલે એ દોષો-પાપો આચરવા પર એમ લાગતું ય હોય કે અંતરમાં દુઃખ થાય છે, ખેદ થાય છે, છતાં પાછા કેમ એ ચાલુ રહે છે ? ત્યાં જોશો તો દેખાશે કે 'ભલે દોષો અને પાપો પર દુઃખ થતું દેખાતું હોય, કિન્તુ એ સેવવા પર દેખાતા દુન્યવી લાભમાં આનંદ થાય છે.

દા.ત. જૂઠ બોલ્યા, ને પૈસા કમાયા, તો એ પૈસા વહાલા કેમ લાગે છે; ગોઝારા નહિ કે 'શું કરવાની આવી ધન કમાઈને ? જેમ કસાઈને હિંસા પર થતી ધન-કમાઈ ગોઝારી છે; એમ જૂઠ પર થતી અનીતિ પર થતી આ કમાઈ ગોઝારી છે. આમ એ લાભ ગોઝારો ક્યાં લાગે છે ? ત્યાં તો એમાં આનંદ મંગળ લાગે છે. હવે કહો એમાં જૂઠ અનીતિ પર ખેદ થતો ય હોય તો એ કેવો ? માટે સમજી રાખો.

**દોષો અને પાપોનો સાચો ખેદ લાવવા માટે એ સેવીને થતા દુન્યવી લાભ પણ ખોટા લાગી ખેદ થવો જોઈએ, પણ મીઠા લાગી આનંદમંગળ નહિ.**

નહિતર ઊંડે ઊંડે એ મહાન દોષ મહાન પાપ પણ સારાં લાગવા જશે, યાં મામૂલી લાગશે. દા.ત. જુઠ પર પૈસા કમાયા, ને મનને જો લાગ્યું કે જરા જૂઠું બોલવું પડ્યું પણ પૈસા સારા મળ્યા, તો એમાં ધનપરિગ્રહ બહુ ગમ્યો અને એની આગળ જુઠ મામૂલી દોષ લાગ્યો. પછી એનો એવો અફસોસ નહિ થાય. એ તો એવો ધનપરિગ્રહ ખોટો લાગે તો પેલા જૂઠ પાપની ભારે અફસોસી ઊભી રહે. અહીં એક પ્રશ્ન થાય,-

**અબ્રહ્મ સેવવા પર સારો છોકરો થયો એ સારું નહિ ? :-**

**પ્ર.-** અબ્રહ્મ પાપ સેવાને પુત્ર થયો એ ગુણિયલ નીવડ્યો તો શું એ સારો ન લાગે ? સારો લાગે તો નિયમ ક્યા રહ્યો કે પાપ પરની કમાઈ ખોટી ?

ઉ.- અહીં સમજવાનું કે છોકરો સારો લાગે એ તો એની ગુણિયલતાને લઈને લાગવું જોઈએ, પણ નહિ કે હું છોકરાવાળો થયો એ સારું થયું. છોકરો ગુણિયલ છે માટે સારો; પણ મારો છે માટે સારો એમ નહિ; નહિતર તો પાડોશીનો સવાયો ગુણિયલ છોકરો સારો નહિ લાગે; કેમકે એ મારો નથી. આ વિવેક જોઈએ કે હું છોકરાનો બાપ બન્યો એ તો અબ્રહ્મનાં પાપ ઉપર; માટે એમાં કશું ખુશી થવા જેવું નથી. હા, છોકરો ગુણિયલ નીવડ્યો એ એની યોગ્યતા પર; એ સારું છે.'

**સમકિતી દુન્યવી લાભ કેમ સારો નથી માનતો ? :-**

આ વિવેક ઉપર તો સમ્યગ્દૃષ્ટિ જીવને સાંસારિક લાભોમાં માલ નથી દેખાતો; કેમકે એ સમજે છે કે આમાં શું ખુશી થવાનું ? આ લાભ તો અસંખ્ય ષટ્કાય જીવોના સંહાર અને અનેક લોભ-રાગ-રતિ તથા બીજા કષાયો વગેરે પાપસ્થાનકનાં સેવન પર થયા, માટે એ લાભ અસાર છે.

**રાજા વિક્રમાદિત્ય** કુમાર અવસ્થામાં એના મિત્રની સાથે પરદેશ નીકળેલો, તે રોહણાચળ પર્વત પર ગયો. એ વખતે એની પાસે પૈસા નહિ. મિત્ર કહે છે, વિક્રમ ! જો અહીં હાય ! કહીને કોદાળીનો ઘા કરે તો રત્ન મળશે.

વિક્રમ કહે ઘેર ગયું એ રતન. મારે એવી રીતે દીનતા કરીને રત્ન ન જોઈએ. દીનતા કરીને મળતા રત્નને ને એથી થતી શ્રીમંતાઈને હું કોડીની કિંમતના ગણું છું.

મિત્રે જોયું કે આમ એ આ રીતે કોદાળી નહિ મારે, અને ધનની જરૂર તો છે જ, માટે હવે બીજી રીતે દાવ ખેલું, તેથી એ વખતે તો હા બરાબર, તારું કહેવું સાચું છે. એમ કહીને આગળ ચાલ્યા. પછી દાવ ખેલવા અચાનક ઊભો રહી કહે, 'અરે વિક્રમ ! વિક્રમ ! હું તને કહેવું ભૂલી ગયો.'

વિક્રમ પૂછે છે,- 'શું ? શું ? મિત્ર કહે અરે યાર ! સમાચાર મળેલા કે તારી મા મરી ગઈ.'

એ સાંભળતાં જ વિક્રમને આઘાત લાગી મુખમાંથી 'હાય !' શબ્દ નીકળી પડ્યો અને હાથમાંથી કોદાળી ભોંય પડી ગઈ ત્યાં તરત જ રત્ન પ્રગટ થયું, પણ હવે વિક્રમ રોવે છે, એટલે મિત્ર કહે દોસ્ત ! રોઈશ નહિ, તારી માતા કાંઈ મરી નથી ગઈ. આ તો તને રત્ન અપાવવા તું 'હાય !' બોલે એ માટે મેં તને ખોટું કહેલું ? જાણો છો વિક્રમે ત્યાં શું કર્યું ? એ મહાસાત્ત્વિક હતો, એણે 'અરે આવા, હાય !' પરંતુ આ રત્ન ? 'ન જોઈએ મારે ય' એમ કહીને તરત જ રત્નને જોરથી દૂર ખીણમાં ઉછાળી મૂક્યું. શું આ ? દીનતા દોષ ખોટો, એમ એના પર થતો રત્નનો લાભ પણ ખોટો, એથી નરરત્ન વિક્રમની સચોટ માન્યતા.



**કુશળચંદનું દૃષ્ટાન્ત :-**

કુશળચંદ નામે એક સારો વેપારી પચાસેક વર્ષની વય થઈ એટલે મનને થયું કે ક્યાં સુધી હવે આ વેપારનું પાપ સેવવું ? જૈન ધર્મ શીખવાડે છે કે ચારિત્ર ન લઈ શકો તો પણ જીવનનિર્વાહનું સાધન થઈ જાય એટલે વેપાર ધંધામાંથી નિવૃત્તિ લઈ લેવી જોઈએ; કેમકે એ ષટકાયજીવોના આરંભ-સમારંભ આદિ પાપ પર ચાલતો હોઈ પાપરૂપ છે. તમને શ્રાવકના કિંમતી અવતારે આવ્યા પછી આ ધ્યાનમાં ખરું ?

કેટલાક કહે છે, 'સાહેબ ! એમ તો નિવૃત્તિ જ લીધી છે છોકરાને ધંધો સોંપી દીધો છે.

ત્યારે અમને પૂછવાનું મન થાય કે તો પછી તમે દુકાને જતા જ નહિ હો, ને વેપારનું કશું છોકરાને પૂછતા જ નહિ હો, કે ચોપડા પણ જોતાં નહિ હો.'

એનો એ શો જવાબ વાળે, જાણો છો ? જવાબ આ, કે 'ના, એટલું બધું તો નહિ કલાકે દુકાને જઈ આવું છું. જરાક ચોપડો, ટપાલ, વગેરે જોઈ છોકરાને ઘટતી સલાહ સૂચના આપી દઉં છું.

**વેપારમાં કેટકેટલાં પાપ ? :-**

લો બોલો આ નિવૃત્તિ કેવી ? વેપાર એ પાપ છે. એનો ભય ક્યાં રહ્યો ? ભલે ને નીતિનો ધંધો, પરંતુ એમાં (૧) આગળ પાછળ ષટકાય જીવોનો સંહાર ખરો કે નહિ ? (૨) એમાં પૈસાનો રાગ લોભ નહિ ? (૩) પૈસા સારા મળવા પર રતિ આનંદ ? (૪) પાંચમું પરિગ્રહ પાપ ? (૫) પૈસા વધુ કમાયેલા સારા, 'એવી ગાઢ ધનમૂર્ચ્છાનું પાપ ?, જાણો છો મમ્મણ સાતમી નરકે કેમ ગયો ? એ શું કસાઈ હતો ? કોઈના ખૂન કર્યા હતા ? જૂઠો લબાડ બદમાશ હતો ? ત્યારે ? કહો, એને ધનની અત્યંત મૂર્ચ્છા હતી. તૃષ્ણા હતી, માટે સાતમી નરકની ચિઠ્ઠી ફાટી

વેપારમાં કેટકેટલાં પાપ છે ? (૬) એ ધનમૂર્છાથી માત્ર એકવાર દુર્ગતિ મળે એટલું જ નહિ, પણ (૭) એના ઘેરા સંસ્કાર ભારે પાપો કરાવ્યા કરે અને એથી દુઃખદ દુર્ગતિઓના ભવોની પરંપરામાં ભટકતા થઈ જવું પડે. ત્યાં કોઈ ઉદ્ધારનાર બેલી ન મળે. કર્મની દયા પર આધાર. હજારો લાખો ભવો ય કરવા પડે. કર્મનો બહુ માર ખાતાં ખાતાં અકામનિર્જરા વધી જાય;- 'અકામ નિર્જરા' એટલે કામના વિના ઈચ્છા વિના રોતાં રોતાં માર ખાઈ ખાઈને થતો કર્મનો ક્ષય એ વધી જાય, ને કર્મને દયા આવે તો ઊંચે સદ્ગતિમાં અવાય.

જીવન બહુ ચાલી ગયું. જીવન નિર્વાહનું સાધન પણ થઈ ગયું છે, યા

છોકરો આવી મળ્યો છે, સંભાળે છે. છતાં વેપાર ધંધામાં ચીટકી રહેવામાં આ ગોઝારી ધનમૂર્ચ્છા અને બીજા કેટલાંય પાપ પોષાય છે. જેનું પરિણામ દુઃખદ છે કમાયેલા પૈસા કે સારા વેપારી તરીકેની આબરૂ અહીં રહેવાની, ને જીવને દુર્ગતિમાં ભૂલા પડી જવાનું.

કુશળચંદને આ લાગ્યું કે હવે ધંધો ખોટો. ભાગીદારને કહી દીધું. ભાઈ આજથી આપણી ભાગીદારી બંધ. હિસાબ કરી લઈએ.

ભાગીદારે ઘણા સમજાવ્યા, એ પણ કહ્યું તમે તમારે દુકાને ન આવતાં, પરંતુ તમારી ભાગીદારી કાયમ રહેવા દો. પરંતુ કુશળચંદ પોતાની ધર્મશ્રદ્ધામાં મજબૂત હતા, વેપારનું પાપ જીવનનિર્વાહનું સાધન થઈ ગયે, છોડવું જ જોઈએ. આ શ્રદ્ધામાં અટલ એવા એમણે ભાગીદારી બંધ કરી નિવૃત્તિ લઈ લીધી.

છતાં ખૂબી જુઓ, ભાગીદાર સમજે છે કે એમનો મારા પર બહુ ઉપકાર છે. એ જ મને નિર્ધનમાંથી ધનવાન બનાવી આટલે ઊંચે લાવનાર છે. તો મારે ઉપકારનો બદલો વાળવો જ જોઈએ, એ વિચારીને એણે કુશળચંદના છોકરાનું નામ પોતાની મેળે ભાગીદાર તરીકે રાખ્યું, શેઠને કે છોકરાને વાત ન કરી.

વખત જતાં નફાની સારી રકમ ભેગી થઈ એટલે છોકરાના ભાગની રકમ લઈ કુશળચંદ શેઠ પાસે આવી છોકરાના ભાગની રકમ લો. એમ કહી રકમ રજુ કરે છે.

કુશળચંદ લે ? ના, પાકો ધર્મચુસ્ત છે એ કહે છે, 'ના, એ મને ખપે નહિ. ઉઠાવી લો એ.'

પેલો કહે, 'પણ શેઠ ! આ તો તમારા ભાગની નથી, છોકરાના ભાગની છે.

જવાબમાં કુશળચંદ કહે, જુઓ, છોકરાને મેં જુદો નથી કર્યો એ મારા ભેગો જ છે. એટલે એની ભાગીદારી એની રકમ એ બધું મારું જ ગણાય. અને મારે વેપાર બંધ છે, તો એની કમાઈ પણ ત્યાજ્ય; માટે મારે એ ખપે નહિ.

પેલો કહે, પણ શેઠ ! જોઈએ તો તમે આ ધર્મ ખાતે વાપરી નાખજો'

શેઠ કહે, વાપરવાનું તો પછી પણ પહેલાં મારી તરીકે આ સ્વીકારવી તો પડે ને ? એમાં જ, જે મેં કલ્યાણભૂત નિવૃત્તિ લીધી, એજ ઘવાય, અનાવશ્યક ધંધાનું પાપ ખોટું તો એના પરની કમાઈ પણ ખોટી, એ કેમ માથે લઉં ? માટે મારે એ જોઈએ નહિ, લઈ જાઓ તમે.'

શું સમજ્યા ? પાપ ખોટાની જેમ પાપથી થતો લાભ પણ ખોટો.

કુશળચંદે ધરાર રકમ ન લીધી. પેલાને રકમ ઉઠાવી લઈ ચાલવું પડ્યું. પણ એ ય કૃતજ્ઞ ઉપરાંત ન્યાયી છે, વિચારે છે કે મેં શેઠના છોકરાના ભાગની સંકલ્પી



રાખેલી આ રકમ મારાથી રખાય કેમ ? એ તો અનીતિ થાય. તો હવે આ રકમનું શું કરવું ?' એને મુંઝવણ થઈ. કહો ને,

**પ્ર.**- મુંઝવણ શી ? સારા માર્ગે ખરચી દે.'

ઉ.- ના, એમ ખરચવામાં તો પોતે સુકૃત કર્યું એમ દેખાય. **પૈસા બીજાના, ને સુકૃત કરનાર તરીકે પોતે જાહેર થવું એ અન્યાય છે.** એ આ સમજે છે એમાં એને એક પ્રસંગ મળી ગયો; જેમાં આ અન્યાય ન થાય અને રકમ ઠેકાણે પડે.

બન્યું એવું કે નગરમાં આચાર્ય મહારાજ પધારવાના છે. આ ભાગીદારે પોતાના માણસ પાસે આચાર્ય મહારાજના નગરપ્રવેશના સ્વાગતનો મોટો ઠાઠ ઊભો કરાવ્યો, અને સાથે માણસને બરાબર ભણાવી રાખેલો, એટલે એની પાસે કુશળચંદના નામે આખા નગરનો શણગાર, બેન્ડવાજાં, ગરીબોને દાન, વગેરે બધું એવું સીફતથી કરાવ્યું કે જેમાં લેશ પણ પોતાનું નામ આવે નહિ. અને કુશળચંદ શેઠ અને એમના છોકરાનું નામ સ્વાગત કરનાર તરીકે બહાર ગવાયા કરે.

કુશળચંદ બિચારા શું કરે ? જ્યાં ને ત્યાં એમનું નામ ગવાય છે,- 'વાહ ! કુશળચંદ શેઠે આચાર્ય મહારાજનું કેવું સુંદર સ્વાગત કર્યું ! પણ શેઠ મનમાં સમજી ગયા કે આ કામ ભાગીદારના તરફથી છે,' પણ સાંભળનાર માને શાના ? એ તો કહે છે, શેઠ ! તમે તો એમજ કહો, તમે ક્યાં નામના ભૂખ્યા છો ? તમારે તો આ સુકૃત કરવું તે કરી લીધું, એનો પુણ્યલાભ કમાઈ ગયા, હવે જશ ભાગીદારને આપો છો એ તમારી વડાઈ છે.' શું ચાલે શેઠનું ?

વાત આ હતી કે જેમ વેપાર એ પાપ સમજી એનાથી નિવૃત્તિ લીધા બાદ એના પર કમાઈ આવી તો કુશળચંદ એને ય ખોટી માને છે. સુકૃત કરવા માટે પણ સારી નહિ, એથી એને ન જ સ્વીકારી; એમ કામ લોભ મદ માયા વગેરે પાપ સેવ્યા પર જે દુન્યવી લાભ થયો એને સારો કેમ મનાય ? સંભવ છે કે એ લાભને છોડી ન શકાતો હોય પરંતુ કમમાં કમ મનને એ સારો તો ન જ લાગવો જોઈએ ને ? 'ચાલો, જૂઠ અનીતિ કરી એ તો ખોટું થયું, પરંતુ એથી પૈસા કમાઈ પડ્યા એ સારું થયું એવું કેમ મનાય ? જૂઠ અનીતિ ખોટા, તો એની કમાઈ ખોટી એવું બીજા પાપોમાં ય સમજવાનું. શું સમજ્યા ? 'ગુસ્સો ખરાબ તો, એ કરીને સામા દબાઈ ગયાનો લાભ પણ સારો નહિ.' એમ જો માનો તો એ ગુસ્સો ખરેખર ખરાબ લાગે.

**ગુસ્સો-અભિમાન વગેરે પાપ સેવવા પર થતા દુન્યવી લાભને સારા મનાય છે એટલે જ એ પાપો તેવા ખરાબ લાગતા નથી. પછી એ ક્યાંથી ઓછા થાય ?**

**ધર્મપરિણતિ ધર્મશ્રદ્ધા આ મનાવે છે કે ગુસ્સો વગેરે પાપ ખરાબ, તેમ**

**એના પર થતા લાભ પણ સારા નહિ, એના પર ખુશી ન થવાય.**

હવે વિચારજો આપણા દિલમાં ધર્મપરિણતિ ધર્મશ્રદ્ધા કેટલો સમય રહે છે ? ઉપદેશ સાંભળતાં પણ ધર્મ-શ્રદ્ધા રહે છે ? અગ્નિશર્મા જેવાના દૃષ્ટાન્ત સાંભળ્યા, ગુસ્સાના ભયંકર ફળ સાંભળ્યા, એટલે ગુસ્સા પર તો નફરત છૂટી, કિન્તુ પોતાના જીવનમાં ગુસ્સો કરીને ઊભા કરેલા લાભ પર નફરત છૂટી, મનને થાય છે ખરું કે આ મેં ઘરમાં ગુસ્સો કરી કરીને બધાને દબાવ્યે રાખ્યા એ પણ સારું નહિ ? જરાક આગળ વિચારો તો દેખાય કે ગુસ્સો કરી કરી પહેલાં મારા આત્માને એના કર્મબંધ અને ઘેરા કુસંસ્કારોથી કાળો કર્યો પછી સામા દબાઈ ગયાનો બાહ્ય લાભ શો વખાણવા જેવો ?

**સંસાર અસાર આટલા માટે છે** કે એના મોટા ભાગના લાભ આવા ક્રોધ લોભ વગેરે પાપો સેવવા પર થાય છે, ને એ લાભ મેળવવા જીવ એવા બધાં પાપો નિઃસંકોચ સેવે છે; વારંવાર અને અઢળક સેવે છે. અજ્ઞાન-અંધ જીવને એ નથી દેખાતું કે દુન્યવી લાભો તો પુણ્યના ઉદયથી મળે છે પાપ સેવનથી નહિ; કેમકે પાપસેવન તો ઘણાય જીવો કરે છે. પરંતુ પુણ્યોદય ન હોવાથી લાભ ક્યાં પામે છે ?' આ ન દેખતાં ઊંધું અસત્ દેખે છે કે પાપથી લાભ થાય છે.

જનમનો અંધાપો હજી સારો કે એ તો માત્ર હોય એ ન દેખવા દે, પરંતુ આ અંધાપો ખોટો કે એમાં હોય એ તો ન દેખે; ઉપરાતં ન હોય એ દેખે છે. આ મિથ્યાત્વનો અંધાપો છે; બાહ્ય લાભ પુણ્યથી એ દેખાય નહિ ને લાભ પાપસેવનથી એમ દેખાય. આ અંધાપો ટળ્યા વિના, આ મિથ્યાત્વ મૂક્યા વિના સાચી સમજ ન આવે. એટલે પછી પાપથી થતા લાભ મીઠા લાગે છે, એના હિસાબે પાપ પણ ઊંડે ઊંડે મીઠા લાગે છે, એટલે જ ઉપદેશ સાંભળવા છતાં ગુસ્સો-અભિમાન-પ્રપંચ વગેરે પાપ છૂટતાં નથી. માટે કહો,

**ઉપદેશ અસર ક્યારે કરે ? પાપ ખરાબ લાગવાની જેમ પાપથી બાહ્ય લાભ મેળવવાનું ય ખરાબ લાગે તો.**

એ લાગ્યા પછી તો ઉપદેશની અસર એવી ઊભી રહે કે કે પછી દા.ત. ઘરે જઈને ગુસ્સાનો પ્રસંગ આવવા છતાં ગુસ્સો ન કરવાનું કે ઓછો કરવાનું મન થાય; કેમકે મનને સચોટ લાગી ગયું છે કે ગુસ્સાથી બાહ્ય લાભ ઊભો કરવાનું ય ખોટું છે એવી રીતે મારે લાભ નથી ઊભો કરવો. મારે તો મારા પુણ્ય પ્રમાણે થવું હશે તે થશે.' ત્યારે પૂછો,

**પ્ર.**- તો પછી લોભથી બજારમાં જવાનું ને ધંધો કરવાનું ય ન થાય; તો શું પૈસા ઘરબેઠે મળી જાય ?



ઉ.- આ કોણ બોલાવે છે ? અંદરમાં હજી બેઠું છે કે લોભ કરવાથી પૈસાનો લાભ થાય; એ આવું બોલાવે છે. બાકી આંખ ઊઘાડી રાખીને જુઓ તો દેખાય કે લોભ કરનારા તો ઘણા છે. પણ પૈસો પામનારા થોડા છે. તો લોભથી મળવાનું ક્યાં રહ્યું ? ખરી રીતે તો મનને એમ થાય કે-

**બજારમાં જતાં શું વિચારવાનું ? :-**

આ હું લોભથી બજારે જે જાઉં છું ત્યાં લાભ તો આ લોભથી નહિ, પણ મારું પુણ્ય હશે તો થવાનો છે. જેટલો લોભ મોટો એટલો લાભ મોટો એવું નથી, પરંતુ જેટલું પુણ્ય મોટું એટલો લાભ મોટો, એ નિયમ છે. કામ પુણ્ય કરે, ને જીવ મફતિયો લોભથી કૂટાય છે. પૈસાનો લાભ જોઈએ છે તો ખરો પ્રયત્ન તો મારે પુણ્ય વધારવાનો ધર્મ વધારવાનો કરવા જેવો છે. બાકી તો લોભે ય ખોટો, ને લોભથી મનમાન્યું મળવાનું ટકવાનું ય માનવું ખોટું. આ માનીને તો હું અહીં કમાવવા જેવી કિંમતી ધર્મશ્રદ્ધા ધર્મપરિણતિ કમાવવી ભૂલી રહ્યો છું.

આ જો મનમાં બેસતું હોય, તો લોભ ઓછો કરવાની પ્રવૃત્તિ થાય, એવું બીજાય ગુસ્સો-માયા-જૂઠ-અભિમાન વગેરે ય પાપોથી લાભ ઊભા કરવાનું ખોટું લાગીને એ પાપોની પ્રવૃત્તિ પણ ઓછી કરવાનું થાય પાપ ઘટાડવા તો મનને સચોટ લાગવું જોઈએ કે

**પાપમાંય મરવાનું છે. ને પાપથી લાભ થવાનું માનવામાં ય મરવાનું છે, કેમકે એમ માનવામાં પાપ લાભકારી લાગે છે.**

**શુ ધર્મમાં ગુમાવવાનું ? ને પાપમાં લાભ ? :-**

**મિથ્યાત્વ શું છે ?** પાપ લાભકારી લાગે, નુક્સાનકારી નહિ, ધર્મમાં ગુમાવવાનું લાગે લાભ થવાનું નહિ; આ મિથ્યાત્વ એ હોય ત્યાં ધર્મપરિણતિ શે આવે ?

**તપાસતા રહેજો,** ભગવાનને જઈને પોતાનાં ઘરનાં સારાં ધૂપ-ઘી-દૂધ-કેશર-વરખ વગેરે ચડાવામાં લાભ થવાનું લાગે છે ? કે એટલા પૈસા ગુમાવવાનું લાગે છે ? લાભ થવાનું લાગતું હોય, તો મંદિરે સારું સારું લઈ જઈને ચડાવો નહિ ? જાતની અને ઘરવાળાની આરતિ ઉતારવામાં કેટકેટલું ખરચાય છે ? એની સામે ત્રણ લોકના નાથ અને આપણને ઘણું દઈ ચૂકેલા અરિહંત ભગવાનની ભક્તિમાં ઘરનું કેટલું જાય છે ? ભગવાને દીધું છે, ભગવાનના પ્રભાવે મળ્યું છે, એ યાદ છે ને ? તો ભગવાને ફરમાવેલ ધર્મ સાધનાઓમાં કેટલું જાય છે ? ધનની જેમ માનવ-તન અને માનવ-સમયનો ભોગ ધર્મમાં કેટલો અપાય છે ? બજાર અને બીજી સાંસારિક બાબતોમાં સમય કેટલો જાય ? ને કેટલો ? ઊંઘવામાં સમય કેટલો ? અને સામાયિક-પ્રતિક્રમણમાં કેટલો ?

મૂળ વાત આ છે કે ધર્મમાં ખરચેલું લાભકારી દેખાય તો ને ? ના, સવારે ઊઠીને પડિક્કમણું કરવા બેસીએ તો એટલું ઊંઘમાંથી ઓછું થવાનું ગુમાવવાનું લાગે છે. પછી શું કામ એવું ગુમાવવાનું કરાય ?

આ મિથ્યાત્વ કાઢો કે ઉંઘવામાં લાભ, પડિક્કમણામાં ગુમાવવાનું, ખાવામાં લાભ, ત્યાગ તપ કરવામાં ગુમાવવાનું, પૈસા જાતભોગ કુટુંબભોગમાં વાપરવામાં કે સંઘરી રાખવામાં લાભ, પણ ધર્મમાં ખરચવામાં ગુમાવવાનું. વાતોચીતોમાં લાભ, ને સત્સંગ ધર્મવાંચન કે નવકારજાપ કરવામાં ગુમાવવાનું.....આ બધું માનવું મિથ્યાત્વ છે. એ કાંક અલ્પ થશે તે ખરો આત્મલાભ માનીને થશે.

ત્યારે આ મિથ્યાત્વ કાઢ્યા વિના ધર્મપરિણતિ ધર્મશ્રદ્ધા ક્યાંથી આવે ? તમે જીવનમાંથી પાપો ઓછા કરવાની અને ધર્મ વધારવાની પ્રવૃત્તિ ય ક્યાંથી વધે ? ત્યારે એ પ્રવૃત્તિ વધાર્યા વિના ધર્મપરિણતિ દિન પ્રતિદિન ખીલતી જવાનું તેમજ દિલમાં શુભ ભાવ રમતા રહેવાનું ક્યાંથી બને ?

ભૂલશો નહિ, અન્યોન્ય છે. (૧) ધર્મપરિણતિથી ધર્મપ્રવૃત્તિ વધે છે, ને ધર્મપ્રવૃત્તિ વધે છે, ને ધર્મપ્રવૃત્તિ કરતા રહેવાથી ધર્મપરિણતિ-ધર્મશ્રદ્ધા વધે છે, એમ (૨)કાંઈક શુભ ભાવથી ધર્મની પ્રવૃત્તિ થાય છે, ને ધર્મની પ્રવૃત્તિથી શુભ ભાવ વધતા રહે છે. એવું જ (૩) શુભ ભાવના લીધે પાપ પ્રવૃત્તિ અટકાવવાનું કે ઓછી કરવાનું થાય; અને જેમ જેમ પાપ પ્રવૃત્તિ અટકાવતા રહો યા ઓછી કરતા રહો તેમ તેમ શુભ ભાવમાં વૃદ્ધિ થતી જાય. પરંતુ મૂળમાં પેલા મિથ્યાત્વને કાઢવાનો ભારે નિર્ધાર અને પ્રયત્ન જોઈએ.

કેવું મિથ્યાત્વ કાઢવાનું, એ યાદ છે ને ? ફરીથી યાદ કરી લો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૦,અંક-૩૦,તા.૮-૪-૧૯૭૨**

**દિલથી આ પક્કું માનવાનું કે**

(૧) 'ગુસ્સો-મદ માયા-લોભ વગેરે પાપો ખોટાં ખરાબ; એમ હિંસામય આરંભ સમારંભ જૂઠ અનીતિ વિષયો આદિ પાપો ખોટાં ખરાબ.

(૨) એનાથી ધન-માન-માલ- વગેરેના લાભ થયા દેખાય એ પણ સારું થયું નહિ માનવાનું પાપ ખોટાં એમ પાપની કમાઈ પણ ખોટી.

(૩) ખાનપાન-ઊંઘ-વિષયવિલાસ-વાતોચીતો વગેરેમાં લાભ નહિ. પણગુમાવવાનું છે, એથી ઊલટું ત્યાગ-તપ-સામાયિક-પ્રતિક્રમણ વ્રતનિયમ-સ્વાધ્યાય-જાપ-જિનભક્તિ-સાધુસેવા આદિમાં ગુમાવવાનું નહિ પણ લાભ કમાઈ જ છે.



બસ, આ પક્કી માન્યતા રાખી મિથ્યાત્વને હટાવવા દ્વારા પાપપ્રવૃત્તિમાં ઘટાડો કરતા જવાનું, અને હોંશે હોંશે ધર્મપ્રવૃત્તિ વધારતા રહેવાનું - આ પણ ત્રણેયથી, વાણીથી, વિચારથી, અને વર્તાવથી, તો શુભ ભાવ ને ધર્મ પરિણતિ દિલમાં ઝળકતા રહે; અને એથી પુણ્ય જ પુણ્ય બંધાયા કરે; સાથે પાપક્ષય પણ થાય, નવાં પાપબંધ પણ અટકે, અને શુભ ભાવવૃદ્ધિ તથા ધર્મપરિણતિ એવી વધતી ચાલે કે જે પરિણામે વીતરાગભાવમાં લઈ જાય કવિએ વીતરાગ પ્રભુ આગળ ગાયું,-

**'લહે સરાગી શુભ ભાવથી, વીતરાગતા પરિણામ;**
**તેહને શી ખોટ, જસ શિરે, તું હી આતમરામ,**
**-પ્રભુજી ! આવો મુજ મન ધામ.'**

સરાગી પણ જીવ શુભ ભાવ દ્વારા વીતરાગભાવ પામે છે. એ શુભ ભાવ, હે વીતરાગ પ્રભુ ! તને શિરે ધરવાથી, શિરોધાર્ય નાથ માનવાથી, તને જ દિલમાં ધર્યા કરવાથી આવે છે; કે જે ભાવ વધતો અંતે વીતરાગભાવમાં પહોંચી જાય છે. હે દેવ ! ત્યારે જેના સિરે તું રહી આતમરામ બને છે. આત્મામાં રમતો બની જાય છે. એ ભાગ્યવાનને શી ખોટ હોય ?

શું કહ્યું ? એકદમ વીતરાગભાવ ન આવે, શુભ ભાવ વધારતાં વધારતાં આવે. (૧) કષાયપાપ વિષયપાપ હિંસાદિપાપ ખરાબ, એમાં ગુમાવવાનું થાય; માટે એ ત્યાજ્ય જ;' આ વિચારવું એ શુભ ભાવ છે. ને એના શક્ય ત્યાગ રાખવામાં શુભ ભાવ રહે છે. તેમજ (૨) દયા દાન-શીલ-તપ વગેરે ધર્મપ્રવૃત્તિ સારી, એ કરવામાં લાભ જ;' એમ વિચારવામાં આ શુભ ભાવ છે, અને એનાં આચરણમાં શુભ ભાવ છે. આ વધારતા જાઓ તો અંતે વીતરાગભાવ આવે. શુષ્ક અધ્યાત્મી કે મિથ્યા એકાંત નિશ્ચયવાદીના લારે ચડી આ જો ખોટું માન્યું તો અશુભ ભાવમાં રમવાનું ને ભવસાગરમાં ખોવાઈ જવાનું થશે. ધર્મપ્રવૃત્તિથી દૂર રહેવામાં ને પાપપ્રવૃત્તિઓમાં રમતા રહેવામાં શુભ ભાવ ન આવે.

ધર્મપરિણતિ આ શુભ ભાવને પોષે છે. સુલસા શ્રાવિકાએ એ ધર્મપરિણતિ કેવી રાખી, કેવી વધારી, કેવી રીતે વધારી, એમાં એ શું અવ્વલ ફળ પામી, એ હવે જોઈએ.

**સુલસાની ધર્મપરિણતિ.**

સુલસા શ્રી મહાવીર પરમાત્માની પરમ ભક્ત અને મહાસતી શ્રાવિકા નાગરથિકની એ પત્ની. એને પુત્ર નહોતો છતાં એનું એને દુઃખ નહોતું. કેમકે એને ધર્મની ઊંચી શ્રદ્ધાપરિણતિ સ્વરૂપ ધર્મ પરિણતિ હતી. એ પરિણતિ એને દુન્યવી

સુખને તુચ્છ મનાવતી; તેથી એવા સુખની ખામીમાં એને દુઃખ નહોતી કરવા દેતી. ધૂળ તુચ્છ લાગે છે, તો એની ઓછાશમાં રોવાનું શું ?

**ધૂળની જેમ સાંસારિક સુખ જો તુચ્છ લાગે તો એ ઓછું હોય એમાં રોદણાં રોવાનું કે મન દુભાયા કરવાનું ન બને.**

સમ્યગ્દૃષ્ટિ આત્મા તો વળી સાંસારિક સુખમાં દુઃખજ છે, દેખે એવો એનો સંવેગ નામનો ગુણ હોય છે.

**'સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક, સુગુણ નર,**
**બીજું લક્ષણ તે અંગી કરે, સાર સંવેગ શું ટેક; સુગુણ નર !**
**લક્ષણ પાંચ કહ્યા સમકિત તણાં'**

સર્વ જીવનોમાં સારભૂત આ માનવમાંથી કમાઈ જવાનો મહાન ગુણ સંવેગ. એ સંવેગગુણની સમકિતી આત્માને એવી ટેક હોય, એવી પકડ હોય, કે દેવતાઈ સ્વર્ગનાં સુખ યા મનુષ્યલોકનાં સુખને દુઃખરૂપ સમજે, દુઃખરૂપ લેખે. સમકિતીને મન સાંસારિક માનવીય કે દિવ્ય સુખનું મહત્ત્વ કેટલું ? કશું નહિ ? એ તો એને દુઃખને તોલે તોલે એને મન મહત્ત્વ શિવસુખનું-મોક્ષસુખનું, અસાંયોગિક સુખનું માટે એની જ એક કામના રાખ્યા કરે. પૂછો,-

**પ્ર.**- તો શું સમકિતી જીવ સાંસારિક સુખ લેવા નથી જતા ?

ઉ.- જાય છે, પણ તે સુખ તરીકે સુખ લેવા નહિ, વિષયસુખનાં અમનચમન ઉડાવવા નહિ, કિન્તુ ચારિત્ર-ધર્મની દૃષ્ટિએ પોતાની અપક્વ દશા જોઈ એવી અપક્વ દશામાં ચિત્તની સમાધિ રહે અને દેવ દર્શન જિનભક્તિ આદિ કાર્ય બજાવી શકે એટલા માટે સુખ લેવા જાય છે, બાકી અંદરખાને તો આ સુખને દુઃખરૂપ જ સમજે છે.

**સંસારનાં સુખ દુઃખ છે, પરંતુ અપકવ દશામાં ચિત્તની અસમાધિ (અસ્વસ્થતા) એ અને ધર્મકાર્ય બજાવવામાં ખામી એ મહાદુઃખ છે. આ મહાદુઃખ ટાળવા સમકિતીને અલ્પ દુઃખ વહોરી લેવું પડે છે.**

માટે તો જય વીયરાય જગગુરુ !' માં 'ઇટ્ઠફલ સિદ્ધિ' કહી 'ઇષ્ટ ફળની સિદ્ધિ' ની પ્રાર્થના આશંસા પ્રણિધાન કરવામાં આવે છે. અહીં શું ઇષ્ટ ફળ માગ્યું ? મોક્ષ ? ના, એની તો હજી વાર છે. અહીં ઇષ્ટ ફળ તરીકે તો સમાધિમાં બાધક એવા અંતરાય અશાતા અપયશ આદિનો નાશ માગ્યો, જેથી સમાધિ હોય ચિત્તની સ્વસ્થતા હોય તો દેવદર્શન પૂજનાદિ ધર્મ. કાર્ય બરાબર પ્રણિધાન યાને મનની એકાગ્રતા આદિ સાથે થઈ શકે. અગર ખાવાના જ સાંસ હોય તો ધર્મકાર્યમાં મન શી રીતે લાગે ? આમ, પેટમાં માથામાં ભારે શૂળ ઊપડતું હોય, અથવા જ્યાં



ને ત્યાં અપમાન અનાદર થતા હોય, તો ધર્મપ્રવૃત્તિમાં ચિત્ત શી રીતે લાગે । મહાત્માની વાત જુદી પણ સામાન્ય માણસને તો આ પીડાઓ છતે ચિત્ત અસ્વસ્થ આકુળ-વ્યાકુળ રહે છે. 'પેટમાં કૂવો, ને વરઘોડો જુઓ, ની જેમ એ પીડાઓથી અસ્વસ્થતામાં ધર્મકાર્ય શી રીતે સ્વસ્થ મને સંભાળી શકે ? તેથી ચિત્તની આ સ્વસ્થતા તથા ધર્મસાધના માટે ભક્ત પ્રભુ પાસે ઇષ્ટ ફળની સિદ્ધિ માગે છે, સિદ્ધિની આશંસા કરે છે, સિદ્ધિની ઇચ્છા વ્યક્ત કરે છે.

**ઇષ્ટ ફળની માગણીનો ઉદ્દેશ :-**

જોજો આ માગણીમાં આ ઇચ્છામાં મુખ્ય ઉદ્દેશ શો છે ? આજીવિકા મળે એટલે ટેસ્ટ નથી ઉડાવવા, મોજમજાહ નથી કરવી, શરીર નીરોગી બનાવી વિષયોના રંગરાગ નથી ખેલવા, અપમાન અપયશ મટી માન આબરૂ વધે તેથી વટ નથી મારવો, બીજા આગળ રોફ કે હોશિયારી નથી મારવી, પરંતુ ચિત્તની સ્વસ્થતાથી ધર્મપ્રવૃત્તિ સંભાળવી છે, જેથી મનુષ્ય જનમ સાર્થક થાય; ફળવાન બને, આત્મા મોક્ષની નિકટ થાય; આ ઉદ્દેશ છે.

વળી આ બનાવવા બીજે ત્રીજે ભટકવું નથી; અરિહંત પ્રભુ ઉપર પ્રભુના અચિંત્ય પ્રભાવ ઉપર અટલ શ્રદ્ધા છે કે જો એમનાથી મોક્ષ-કેવળજ્ઞાન સુધીનું પ્રાપ્ત કરાવે એવાં અંતરાયાદિ કર્મ તૂટી મહાસમાધિ મળે છે, તો આ સામાન્ય કર્મનાશ અને સમાધિ તો જરૂર પ્રાપ્ત થાય. આ શ્રદ્ધાથી કહે છે,-

**'હોઉ મમ તુહ પ્પભાવઓ ભયવં ! ........ઇટ્ઠફલ સિદ્ધિ'**

'હે ભગવંત ! મારે તમારા પ્રભાવથી ઇષ્ટફળની સિદ્ધિ હો.'

આમ જે પ્રાર્થનામાં ચિત્તનો આશય બગડતો નથી, અને જ્યાં ચિત્તની સમાધિ સાથે ધર્મપ્રવૃત્તિ બજાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે, ત્યાં એ શુભ ઉદ્દેશ્ય માટેની અનુકૂળતા લેવા જાય એ કાંઈ વિષયસુખની લંપટતાથી લેવા ગયો ન ગણાય. વિષયસુખને તો એ ખરેખર તો દુઃખરૂપ જ સમજે છે, માટે તો પહેલું ભવનિર્વેદ માગ્યો. પરંતુ હજી સંસાર છોડવા પોતાનું સામર્થ્ય નથી દેખાતું, પકવ દશા નથી દેખાતી, તેથી વર્તમાન સ્થિતિમાં પણ સ્વસ્થ ચિત્તે ધર્મ આરાધના કેમ ચાલુ રહે એ ઝંખે છે. ધર્મસાધના જોગી ચિત્તની સ્વસ્થતા સમાધિ બની રહે એ ઝંખે છે. એ માટે જ અપક્વ દશામાં સાંસારિક જીવનના વિષયોની જરૂરી અનુકૂળતા ઇચ્છે છે. આમાં ક્યાં વિષયસુખમાં સુખ માનવાની અને એવાં સુખના અમનચમન ઉડાવવાની વાત આવી ? એટલે સંસાર સુખને દુઃખરૂપ લેખવાનું તો ઊભું જ છે. છતાં એની માંગણી અપક્વદશામાં સમાધિ અને ધર્મસાધના અર્થે છે.

પક્વ અને અપક્વ દશાનાં પરાક્રમમાં ફરક છે. માણસ અપક્વ દશામાં

ઉપવાસ અઠ્ઠમ અઠ્ઠાઈ કરવા માટે જરા રસકસવાળું અંતરવાયણું અર્થાત આગલા દિવસે દૂધ ઘી આદિનું ભોજન ઇચ્છતો હોય. મનને એમ રહેતું હોય કે જરા રસકસવાળું લઉં તો તપસ્યામાં ટાંટિયા ન ઘસવા પડે, ધર્મસાધના ય થતી રહે, અને વધુ અશક્તિથી આકુળતા વ્યાકુળતા ન થાય. તો ત્યાં રસની ઉજાણી ઉડાવવાની, રસનાં અમનચમન કરવાની વાત ક્યાં આવી ? ઉદ્દેશ જુદો છે, અમન ચમનનો નહિ.

એમ પરગામ સાધુને વંદનાર્થે ગયો ત્યાં બીજાને ત્યાં જમવાનું થાય, એ જમવા માટે પરગામ ગયો થોડું જ ગણાય ? યા જમણ જમવામાં આનંદ થોડો જ માને છે ? આનંદ તો ગુરુનાં દર્શનાદિનો છે.

માંદો માણસ બરાબર સમય સંભાળીને દવા લેતો હોય એમાં શું એ દવામાં ઉજાણી સમજે છે ? દવાના ટેસ મનચમન ઉડાવે છે એમ શું કહેવાય ? ના, દવાને તો આ ત્યાજ્ય જ સમજે છે, પણ પોતાની રોગિષ્ઠ અપકવ દૂબળી અવસ્થા હોઈ ટેકા રૂપે લેવી પડે છે.

શેઠિયો માણસ છોકરાને વેપારની રીતરસમ શીખવા અને અનુભવ લેવા માટે બીજા વેપારીને ત્યાં કામે મૂકે, નોકરીએ મૂકે, ત્યાં શું છોકરો કે બાપ એ નોકરીની મજા સમજે છે ? ના, અંદરખાને તો એ ગુલામીને ત્યાજ્ય દુઃખદરૂપ જ માને છે, પણ એ ગુલામી અપક્વ દશામાં કરવી જરૂરી માને છે.

બસ એવું વિષયસુખને દુઃખરૂપ માનનાર સંસારી જીવનું છે. એને એવી મહાત્માઓ જેવી પકવ દશા નથી કે ખાવા ન મળ્યું તો ઉપવાસો ખેંચી કાઢે, યા ઘર ઘર નિર્દોષ ભિક્ષા માગવા નીકળી પડે. ઘરબારી રહીને એવી ભીખ માગવામાં તો ધર્મ લજવાય, એમ સમજે છે. ત્યારે એવી મહાત્મા જેવી પકવ દશા નથી કે રોગ અશાતા પીડા આવી તો વગર ઈલાજે એમ જ સહન કરી શકે. યા અપમાન તિરસ્કાર થતા હોય તો મહાત્માની જેમ આનંદથી વધાવી લઈ સહન કર્યે જાય અને વ્યાકુળતા વિના ધર્મ કર્યે જાય, એવી પક્વ દશા નથી.

આવી અપક્વ દશામાં સમકિતીજીવ, વિષયોને દુઃખરૂપ સમજવા માનવા છતાં દવાદિના ટેકાની માફક ચિત્ત-સમાધિ ખાતર નિરોગીતા આજીવિકાદિ ઈષ્ટ ફળ ઈચ્છે, એ બનવા જોગ છે. એ લેવા જાય, પ્રાર્થના પ્રયત્ન કરે, એથી કાંઈ એમ ન કહેવાય કે સંસારના વિષયોને એ સુખરૂપ માને છે, ઉજાણી ઉડાવવા લાયક માને છે.

**સમકિતી જીવની ધર્મશ્રદ્ધાની ધર્મ પરિણતિ તો સંસારનાં સુખોને તુચ્છ-અસાર-દુઃખરૂપ લેખાવે છે. એથી એવા સુખની વડાઈમાં એને વડાઈ નથી દેખાતી,**



**કે સુખની ઓછપમાં એને ઓછપ નથી દેખાતી.**

ભરત ચક્રવર્તીને સુખની બહુલતામાં વડાઈ નહોતી દેખાતી; પુણિયા શ્રાવકને ઓછપમાં ઓછપ નહોતી દેખાતી.

સુલસા શ્રાવિકાને પણ પુત્ર નહોતો એની ઓછપ નહોતી દેખાતી. પરંતુ એના પતિ નાગરથિકને સુલસા જેવી ધર્મ પરિણતિ નહિ, તેથી પુત્ર ન હોવાનું મનને સાલતું હતું. અને સંસારમાં કશી ઓછપના કે કશા અણગમતાનાં દિલમાં ખટકતાં સાલ ભયંકર છે; એ ચિત્તને પીડ્યા જ કરે. એટલે તો

**સંસાર આટલા માટે અસાર છે કે એની કશી ઓછપ યા અણગમતાનાં ચિત્તમાં સાલ ચિત્તને પીડ્યા જ કરે છે,**

**પ્ર.-** તો શું સંસારત્યાગી મુનિને મહેનત કરવા છતાં જ્ઞાન ન ચડતું હોય, યા દૂબળા રોગી શરીરે તપ ન થતો હોય તો એનું સાલ ચિત્તને નથી પીડતું ?

ઉ.- ના; સંસારીની જેમ નહિ. માટે તો મુનિને અજ્ઞાન-પરિષહ અને રોગ પરિષહ સહર્ષ સહવાનાં કહ્યા છે.

**જ્ઞાન ન ચડે એ વખતે કરવાની સુંદર ભાવના :-**

અજ્ઞાન પરિસહ સહવા એટલે જ્ઞાન ન ચડતું હોય ત્યાં હાયવોય ન કરવી. ખોટાં રોદણાં ન રોવાં. પણ એમ વિચારવું કે અહો ! પૂર્વ ભવે મેં જ્ઞાન-જ્ઞાની કે જ્ઞાનના સાધનની કેવી આશાતના વિરોધ વિરાધના કરી હશે, કેવા વિનયાદિ જ્ઞાનાચાર ભાંગ્યા હશે, કેવો મારો આત્મા દુષ્ટ બન્યો હશે કે મારે આજે જ્ઞાનની ખામી રહે છે ? ફિકર નહિ, મારે જ મારાં જ્ઞાનાવરણ કર્મ ભોગવી લેવાનો અવસર આવ્યો છે, ભોગવી લઉં, ઉપરાંત જ્ઞાન-જ્ઞાનની સારી ઉપાસના કરતો રહું, વિનયાદિ જ્ઞાનાચાર બરાબર બજાવતો રહું. બીજી પણ ચાર કાળ સ્વાધ્યાયની જિનાજ્ઞાનું પાલન તથા અહિંસા સંયમ-તપની આરાધના સારી રીતે કરતો રહું એથી જ જ્ઞાનાવરણ આદિ કર્મ તુટવાના, અને જ્ઞાનાદિ સંપત્તિ પ્રાપ્ત થવાની.

**રોગમાં કરવાની સુંદર ભાવના :-**

આ ભાવના એ અજ્ઞાન પરીસહ સહવાનું કહેવાય. એમ રોગપરીસહમાં પણ હાયવોય ન કરતાં રોગને સહર્ષ સહી લેવા વિચારવાનું કે જેમ તપ એ ૧૦ પ્રકારના યતિધર્મમાંની આરાધના છે, એમ રોગ પરિસહ મન બગાડ્યા વિના સહન કરી લેવો એ પણ ૨૨ પરિસહ રૂપ સંવર માર્ગમાંના એક સંવરમાર્ગની આરાધના છે. એથી નવાં કર્મને બંધાતા અટકાવવાનું થાય છે. વળી એ કાયકલેશ કાયકષ્ટ કચકચ વિના આનંદથી સહી લેવામાં તપના યાને નિર્જરામાર્ગના એક પ્રકારને આરાધવાનું થાય છે, તેથી એ રોગનાં કર્મ ઉપરાંત બીજા પણ કર્મોને ક્ષય કરવાનો

લાભ મળે છે.

એ તો નક્કી છે ને કે રોગ એ પૂર્વનાં તેવા અશુભ કર્મના અશાતા વેદનીય કર્મના ઉદય વિના આવે નહિ ? અને કર્મ ઉદયમાં આવે એટલે એ ક્ષય પામી જ જવાનાં એ પણ નક્કી ને ? તો પછી રોગ વગેરે આવે ત્યાં આ દેખાય છે કે આપણાં અશુભ કર્મના ઉદય છે; પરંતુ આ કેમ નથી દેખાતું કે સાથે શુભ કર્મકચરાના ક્ષય કર્મકચરાના ક્ષય પણ છે ? કર્મકચરાનો નિકાલ છે ? આવું રોગાદિમાં દેખાતાં તો આનંદ મનાય કે કચરો ઓછો થઈ રહ્યો છે. સાથે સારી ભાવનામાં બીજાં પણ જ્ઞાનાવરણીયાદિ કર્મ ખપે છે.'

મુનિને આ ધ્યાન છે તેથી જ્ઞાન ન ચડે, રોગ આવે, ત્યાં એ અલબત ઓછપ છે, અણગમતું છે, છતાં દિલમાં એનું સાલ નથી, સાલ ચિત્તને પીડતું સતાવતું નથી. એ તો સમજે છે કે જેમ જ્ઞાન ચડીને કે શરીર સારું રહી બીજી આરાધના કરીને ય રાગાદિ કચરા અને કર્મકચરા ઓછા કરવા છે, એમ જ્ઞાન ન ચડીને કે રોગાદિ આવીને ય કર્મકચરા ઓછા થવાનું જ થાય છે. પછી શું કામ કશી ઓછપ માનવી ? શા સારુ દિલમાં એનું સાલ શલ્ય રાખી અકળામણ કરવી ? એમ મુનિને ચિત્તની પીડા નહિ.

સુલસાને ધર્મપરિણતિના હિસાબે પુત્ર ન હોવામાં ઓછપ નહોતી દેખાતી, તેથી એના દિલમાં એનું સાલ નથી. બાકી સંસારમાં આવી પ્રભુ પર પ્રભુનાં વચન પર અથાગ પ્રેમ-શ્રદ્ધાની પરિણતિ કેટલા જીવોને ? સંસારમાં મોટા ભાગના જીવોને નહિ તેથી ઓછપનાં સાલ ચિત્તને પીડ્યા કરે છે. કરોડો રૂપિયાના વૈભવ હોય છતાં એક યા બીજી વાતની ઓછપ મનમાં સાલની જેમ સાલ્યા કરે છે. મોટા ઈંદ્રાણી રીસાઈ બેઠી હોય એ ઓછપ. સંસાર ઓછપ. ક્યાં દુર્લભ છે ? કપડું સારું મળ્યું, પણ ટૂંકું, યા પોત હલકું, યા મોંઘુ આવી કાંઈ ને કાંઈ ઓછપ રહેવાની.

**સંસાર અને ઓછપ તો ગાઢ સંકળાયેલા જ સમજો. એ ઓછપ મનમાં ચોટી જઈ મનને કાંટાની જેમ પીડ્યા કરે છે. પછી એવો સંસાર સારભૂત કે અસાર ?**

સુલસાના પતિ નાગરથિકને એવી શ્રદ્ધાપરિણતિ નહિ. એકવાર એણે કોઈક ધનવાન માણસના આંગણે છોકરાં કલ્લોલ કલબલ કરતાં રમતાં જોયા, તેથી પોતાને પુત્રને વિના ઘર શૂન્યકાર ?' બસ, મનમાં સાલ પેઠું. પુત્રની ઓછપનું હવે એ પીડ્યા વિના રહે ?

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ સુલસા જુએ છે કે પતિ બહુ ઉદાસ રહે છે, તેથી એ પૂછે છે,-



'આર્યપુત્ર ! કેમ હમણાં હમણાં ચિંતાતુર વિંધ્યાચળની મસ્ત ફરવાની અટવીમાંથી ભ્રષ્ટ થયેલ હાથીની જેમ, યા રાજ્યભ્રષ્ટ થયેલ રાજા રાજપુત્રની જેમ કેમ ચિંતાતુર દેખાઓ છો ? શું રાજાએ તમારું કાંઈ અપમાન કર્યું છે ? યા લોક કાંક તમારી વિરુદ્ધ બોલે છે ? કે પછી કશું તમોએ ગુમાવ્યું કર્યું ? શા કારણે આવા ઉદાસ ?'

**નાગરથિક 'પુત્ર વિના કેવી પીડા' એ વર્ણન છે :-**

નાગરિક કહે 'મને બીજું કશું થયું નથી. કંઈ બગડ્યું નથી, પરંતુ આજ સુધી તને પુત્ર નથી થયો એ મારી મનને સાલે છે. પત્નીનું ફળ પુત્ર; એ ન મળે એટલે મનને સહેજે લાગે. (૧) જ્યાં સાથે કુટુંબીઓ નથી, (૨) નાના બાળ જ્યાં કેકારવ નથી કરતા, તેમજ (૩) જ્યાં વડીલના ગૌરવની અને ગુણના ગૌરવની ચિંતા નથી, એ ઘર તે કાંઈ ઘર છે ? એને તો જંગલ-વગડો કહેવાય; કેમકે જંગલમાં વગડામાં આ કશું ન મળે તેમ મને પુત્ર વિનાનું આ ઘર વગડા જેવું લાગે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૦,અંક-૩૧,તા.૧૫-૪-૧૯૭૨**

'વળી હે પ્રિયા ! માણસ પૈસા ન હોય તો લાવવાની ચિંતામાં રહે છે; અને પૈસા મળ્યા પછી સાચવવાની ચિંતામાં રહે છે તેમ કુંવારો હોય ત્યાંસુધી પત્ની શોધવાની ચિંતા કરે છે, ને પત્ની મળ્યેથી પુત્ર મેળવવાની ચિંતામાં પડે છે. પત્ની સારી મળી હોય, પૈસા ય ઘણા હોય, છતાં મોટા શ્રીમંતને વાંઝિયાપણું એ કલંક લાગે છે. પુત્ર સારો એકજ હોય તોય કુળને એ અજવાળે છે. એક ચંદ્ર રાત્રિને સુશોભિત કરે છે. ચંદ્ર વિનાની અમાસની રાત બિહામણી ઘોર લાગે છે. બસ ચિંતાનું આ કારણ છે કે આપણને પુત્ર નહિ.'

**સુલસાની અમૃતવાણી સાચી ચિંતા કઈ ? :-**

સુલસા કહે 'ઓહો ! આ શી મોટી ચિંતા ? પુત્ર નહિ એ કયું એવું મોટું દુ:ખ છે કે એની ચિંતામાં દૂબળા પડવાનું હોય ?

હે નાથ ! જિનવચનના જ્ઞાતાને આવો ખેદ કરવાનો હોય ? એ તો ચિંતા કરે તો પાપ ન લાગવાની ચિંતા કરે, પરલોક ન બગડવાની, આત્મહિત ન ગુમાવવાની.....એવી કોઈ ચિંતા કરે. પુત્ર ન હોવાની ચિંતા શી ? શું પુત્ર છતે માતા પિતા નરકમાં ન જ જાય એવો નિયમ છે ? મારા નાથ ! માતાપિતા જો એવાં કર્મ કરે, તો ગુણવાન એક શું અનેક પુત્રો પણ એમને નરકમાં જતા બચાવી

શકતા નથી. બ્રહ્મદત્ત ચક્રવર્તીને ઘણા ય બધા દીકરા હતા, છતાં એ પિતા બ્રહ્મદત્તને સાતમી નરકમાં પડતાં અટકાવી શક્યા નહિ અરે ! સાતમીની છટ્ઠી ન કરી શક્યા.'

'હે સ્વામિન્ ! જીવને નરકમાં પડતો અટકાવવા પૈસા ય સમર્થ નહિ, પુત્રે ય સમર્થ નહિ; તેમ માતા કે પિતા, યા પત્ની કે પતિ ય જીવને નરકમાં પડતો ન બચાવી શકે; અથવા ઊંચું કુળ કે ઘણી પ્રતિષ્ઠા પણ ન બચાવી શકે. બચાવનાર નરકમાં પડતો અટકાવનાર કોઈ હોય તો તે એકમાત્ર ધર્મ. ચિંતા કરવી તો એની કરવી કે મારા જીવનમાં એવો ધર્મ છે ને કે જે મને નરકદાયી વિચારણા વાણી વર્તાવ કરતાં અટકાવે ? બાકી પુત્ર થવાની શી ચિંતા કરવી ?

'હે ભાગ્યવાન ! પુત્ર પુત્ર શું કરો છો ? જુઓ રાજા ધૃતરાષ્ટ્રને પુત્રો ઘણા હતા, છતાં એનો વંશ નિર્મૂળ ગયો. સમર્થ રાજા રાવણ જેવા પુત્રથી એના પિતાનો નિર્મળ વંશ કંલકિત થયો. મોટા સગર ચક્રવર્તીને ૬૦ હજાર પુત્રો હતા, ત્યારે જ એ પુત્રો એકી કલમે દેવતાના કોપના ખપ્પરમાં હોમાઈ જતાં એ પુત્ર વિયોગનું ભારે દુઃખ આવ્યું, અને અંતે 'ધર્મ એ જ તારણહાર છે, ? શરણ કરવા યોગ્ય છે. એમ સમજી એમણે પરલોક હિતકારી ધર્મનો માર્ગ લીધો.

**स्वर्गः प्रभूतैरपि नैव पुत्रैः न वाऽपवर्गोऽपि विनात्मकृत्यात् ।**
**परन्तु संसारसमुद्रमार्गः प्रवर्तते पुत्रगुणैः सुधीरा ! ॥**

હે સદ્બુદ્ધિમાન ! દીકરા ઘણા હોય છતાં સ્વર્ગ મળવાનું નક્કી નથી, પછી મોક્ષની તો શી ય વાત ? મોક્ષ પણ પોતાની સત્ પ્રવૃત્તિ વિના નથી મળી શકતો. એટલે ચિંતા રાખવી તો એની રાખવા જેવી, પુત્રની નહિ. મોહ કરવો હોય તો સત્પ્રવૃત્તિનો કરવો, પુત્રનો નહિ. પુત્ર સદ્ગુણી મળ્યો હોય છતાં જો માતાપિતા પુત્રના મોહમાં પડે તો એથી તો નવો સંસારસમુદ્રનો માર્ગ ખુલ્લો થાય છે. ત્યારે શું સારો પુત્ર મળ્યો એટલે મોહ થયા વિના રહે ? પછી આવો ઊંચો મનુષ્ય ભવ પામીને શું કમાયા ? સંસારયાત્રા જ ને ? માનવભવનું આ ફળ છે ?

'માટે હે પ્રાણાધાર ! પુત્રની ચિંતા અને પુત્ર થવાનો મોહ મૂકી દો.'

**સુલસાના બોલ પર શું વિચારવું ?**

સુલસાની ધર્મપરિણતિના બોલ બહુ વિચારવા જેવા, ધ્યાન પર લેવા જેવા છે. કોઈને પુત્રની, તો કોઈને પૈસાની ત્યારે કોઈને સત્તાની, તો બીજાને સન્માન પ્રતિષ્ઠાની ઝંખના હશે, ઝંખનામાં એ ઓછપના સાલથી પીડાતા હશે, રાત દિન સુકાતા હશે, એ સૌ કોઈને સુલસાના આ બોલનું રહસ્ય ચિંતાથી ઝંખનાથી મુક્ત કરાવનારું બને એમ છે. ઝટ મનને થાય કે,



'અરે ! આ શી ચિંતા કરું છું ? આ ચિંતામાં ખરી કરવાની પરલોક ચિંતા અને સત્કૃત્યોની સદ્ગુણોની ચિંતા કાં ગુમાવું ? મન તો એક જ છે. એમાં એક ચિંતા વખતે બીજી ચિંતા નહિ ઊભી રહી શકે. ખોટી ચિંતાને મગજમાં ઘાલી એ તો પછી સાલ શલ્ય જેવી મનમાંથી નીકળે જ નહિ; એટલે પછી ત્યાં સારી ચિંતા અતિ આવશ્યક ચિંતાને ઊભવાની જગા જ ક્યાં ?

ત્યારે શું એમ માનો છો કે દુનિયાના કાર્ય તો એની બહુ ચિંતા રાખીએ તો જ થાય, અને આત્માના હિતનાં કાર્ય એની કશી ચિંતા કર્યા વિના જ થાય ?' આવું માનતા હો તે એ ખોટું છે. ચિંતા કર્યા વિના મનમાં લગન નથી ઊભી થતી મન આતુર તલપાપડ નથી થતું. ત્યારે આતુરતા તલપાપડ વિના ધર્મ કરો, દેવદર્શનાદિ કરો, એમાં રસ ક્યાંથી આવે ? એકાકાર ક્યાંથી થવાય ? આતુરતા-લગન-તલપાપડ તો પહેલી જોઈએ. એ આવે ચિંતાથી પરંતુ પરલોક સુધારવાની, પરલોક બગડતો અટકાવવાની, સત્કૃત્યોની અને સદ્ગુણોની ચિંતા મનમાં રમે ક્યારે ? બીજી ભળતી ચિંતાઓ મગજમાં ન રમતી હોય તો એ રમતી ખીલતી બને. સુલસાના બોલ આ સમજાવી જાય છે. એ એની ધર્મપરિણતિને આભારી છે, એ ન ભૂલશો.

**પતિની બીજી દલીલો :-**

પતિ નાગરથિક, જુઓ, પત્ની સુલસાના બોલ સાંભળ્યા પછી શું કહે છે એ કહે છે,-'દેવી ! તમારી વાત તદ્દન યથાર્થ છે, પરંતુ મારું મન કેમે ય પુત્ર વિના ઠરતું નથી. પિતાને સારા કે નરસા પુત્ર વિના ધરપત ક્યાંથી થાય ? જેમ સગાં વિનાની દિશાઓ શૂન્ય, જેમ નિર્ધનને આખું વિશ્વ શૂન્ય, એમ મને પુત્ર વિનાનું ઘર શૂન્ય લાગે છે. સંસારવાસમાં રહેલાના મનને તો વિશ્રામસ્થાન ત્રણ, (૧) પ્રેમવાળી પત્ની (૨) વિનયી પુત્ર અને (૩) સર્વ ગુણે ઉત્તમ એવા પુરુષોનો સંસર્ગ. જેમ રાત્રિમાં ચંદ્ર અને દિવસે સૂર્ય વસ્તુને પ્રકાશિત કરે છે, તેમ પુત્ર રૂપી દીવો પોતાના પૂર્વજોના આખા વંશને પ્રકાશમાન કરે છે. પુત્ર ન હોય તો પછી એ વંશને કોણ બતાવનાર ? એ તો પુત્ર ઊભો હોય તો એને જોઈને લોકને થાય કે આના બાપદાદા અમુક. એક ભાગ્યવાન પુત્ર પ્રાપ્તિ હોય તો, જેમ ચંદનથી આખું વન એની ખૂબ સુગંધે મહકે, તેમ અધિક ભાગ્યશાળી પુત્રથી આખો વંશ મઘમઘે છે, ઉજ્જવળ થાય છે, ઝગમગ પ્રકાશે છે. અરે ! એવા પુત્ર વડે તો અહીં જ માત-પિતા લોકમાં ઊંચા મનાય છે. માન આદર પામે છે, એમની કીર્તિ સ્થિર ચિરસ્થાયી બને છે. જુઓ, સગર ચક્રવર્તીની કીર્તિ એના ૬૦ હજાર પુત્રોએ તીર્થરક્ષામાં આત્મબલિદાન આપવાથી દિગંતવ્યાપી અને ચિરસ્થાયી બની ગઈ.

આજે પણ એવા પુત્રથી સગર ચક્રવર્તીનું ધન્ય પિતૃત્વ માનીએ છીએ. દેવી ! પુત્રો હતા તો આ બન્યું ને ?'

**જૂઠ સમર્થક કુતર્ક :-**

જુઓ, નાગરથિકની એકેક દલીલ એના દિલમાં પુત્ર પ્રાપ્તિની કેવી ઉત્કટ ઝંખનાને સૂચવી રહી છે. દલીલ કુતર્ક ક્યાં ન મળે ? આજે જૂઠ-અનીતિ ખેલનારને ય દલીલો-કુતર્કો મળે છે ને ? પરંતું ત્યાં સામા પક્ષની દલીલો કોને જોવી છે ? જૂઠ-અનીતિવાળા કહે છે કે આજના કાળમાં સરકારી લફરાં અને ઓફિસરોની ચાઉગીરી તથા વેપારીઓની ઉઠાવગીરીની વચ્ચે સાચાથી જીવાય નહિ.' પણ એમને ક્યાં જોવું છે કે આજે સત્ય અને નીતિથી સુખે જીવનારા ય છે. ત્યારે કહેશે પણ 'અમારે ખરચા મોટા' સાચી વાત છે ? ખરચા કેમ મોટા ? મફતિયા નકામી જરૂરિયાતો ઘણી વધારી દીધી છે. માટે, જીવન નિર્વાહને બદલે જીવન વિલાસ ચલાવ્યો છે માટે સંતોષને બદલે લોભ ભારે છે. માટે ખાનપાન કરતાં લોકસંજ્ઞામાં અને મોજશોખમાં ખરચા ઘણા છે માટે.

**જૂઠની સામે દલીલો :-**

હવે જૂઠ અનીતિ વિના જીવાય નહિ એમ કહેનારની સામે આ દલીલો આવે ને કે અલ્યા ભાઈ ! એમ કરી કદાચ પૈસા મળ્યા માન્યું, પણ (૧) સાથે બહુ ઇચ્છા-વિલાસ-તૃષ્ણા- વધી એનું (૨-૩) જૂઠ-અનીતિમાં અનેક ભવમાં ભટકાવનારાં પાપ અને એના કુસંસ્કાર વધ્યા એનું શું ? (૪) હૃદય મેલું અપવિત્ર થવાથી ધર્મ શુદ્ધ નહિ આરાધાય એનું કેમ ? (૫) ક્યાંક પકડાયા તો અહીં પણ નાલેશી સજા થશે એનું શું ? (૬) જૂઠ-અનીતિને છૂપાવવા માટે બીજું પણ કેટલું ય કાળું કરવું પડશે એ ભાર કોના માથે ? (૭) કદાચ પકડાવાનું તો ન ય આવે. તો પણ એની ચિંતા દુર્ધ્યાન વિકલ્પો સતાવ્યા કરશે એનું કેમ ?'

પણ આ બધી સામેની દલીલો કોને જોવી છે ? પોતાની લાલસા વાજબી મનાવવા માટે દલીલો લગાવવી છે. અને સામાની દલીલો ધ્યાન પર લેવી નથી. નાગરથિકની હમણાં એવી દશા છે. એટલે સુલસાની વાત પર ધ્યાન ન દેતાં, પોતે, પુત્ર હોય તો કેવી આબાદી, એની દલીલો કર્યે જાય છે. બાકી એ દલીલો સામે સુલસા ય દલીલો તો કરી શકત, કે-

**પુત્ર સામે દલીલો :-**

'પુત્ર પુત્ર શું કરો ? નરસા પુત્રથી પિતાને ધરપત નહિ પણ લોહી શેકણાં થાય છે; હાય આના કરતાં હું વાંઝિયો હતો તો સારું એમ થાય છે. બાપની સામે જુઆરું માંડીને દીકરો જ બાપની બહાર નિંદા કરતો ફરે ત્યારે બાપનું હૈયું કેવું



બળે ? એવી તો કુપુત્રોની કેટલીય નાલાયકીઓ હોય છે કે જે માબાપને બાળે છે. વળી જે કહ્યું પુત્ર હોય તો વંશ લોકોની જાણમાં આવે.' એ પણ વાહિયાત દલિલો છે. કેમકે (૧) એથી એના પૂર્વજોને સદ્‌ગતિ નથી મળતી. તેમ (૨) ખરી રીતે પૂર્વજની ખ્યાતિ એમનાં પોતાનાં સુકૃતથી થાય છે. પુત્રથી નહિ. વિમળશા વસ્તુપાલ આજે પણ શાથી યાદ કરાય છે ? એમના દીકરા પરથી નહિ, પણ પોતાના જ બનાવેલા આબુ પરના મંદિરોથી. વળી (૩) ભાગ્યવાન પુત્ર હોય તોય પિતાનું કલ્યાણ એનાથી કે એણે જમાવેલી કીર્તિથી નહિ પણ પિતાના પોતાનાં જ સુકૃતોથી કલ્યાણ થાય. (૪) વળી સારો પુત્ર પિતાની કીર્તિ ફેલાવે પણ, બીજી બાજુ એ પુત્રને પુત્રો, એમને પુત્રો, એ પુત્રોને પુત્રો...એમ સંસારપરંપરા ચાલે, ને એ બધામાં વિષયોની લંપટતા, ષટ્કાય જીવ સંહાર અને ૧૮ પાપ સ્થાનક ચાલ્યા કરે એનું કેમ ?...આ બધું સુલસા કહી શકત. પણ હવે સુલસા દલીલ નથી કરતી. કારણ ? નાગરથિકના મનમાં પુત્રની ઝંખના એટલી બધી ઘર કરી ગઈ છે કે સુલસા સમજી ગઈ છે કે હવે યુક્તિ-સિદ્ધ વાતો પણ એની ઝંખનાને મોળી નહિ પાડી શકે.

**આદેય નામકર્મનું પુણ્ય :-**

શું સુલસાને આદેય નામકર્મનું પુણ્ય નથી કે જેથી એનું વચન પતિને આદેય ગ્રાહ્ય માન્ય ન બને ? ના, એવું કશું નથી. કિન્તુ પતિને હમણાં મોહનો ઉદય એવો જોરદાર આવી ગયો છે કે એ સામાના પુણ્યને ગણકારે એમ નથી. તીર્થંકર ભગવાનના આદેય નામકર્મના પુણ્યમાં શી કમીના હોય છે ? કશી કમીના નહિ, છતાં અભવી જેવા જીવોના મિથ્યાત્વમોહનીયનો ઉદય એવો પ્રબળ હોય છે કે એ પેલા પુણ્યને ગણકારે નહિ; તેથી ભગવાનની યુક્તિસિદ્ધ મનોરમ વાણી પણ એને ગ્રાહ્ય આદેય નથી બનતી. એવું અહીં નાગરથિકનો મોહ કામ કરે છે.

આમ તો આદેય પુણ્યકર્મની બલિહારી છે. એ સામાના હૈયા પર અસર કરી જાય છે, અને પહેલાં પોતે અમુક વસ્તુ ન માનતો હોય, ન પસંદ કરતો હોય, પરંતુ કહેનારના આદેય નામકર્મના પુણ્યની અસરની નીચે હૈયું ફરી જાય છે, અને એ પુણ્યવાળાનું કથન માની લે છે, પસંદ કરી લે છે.

ત્યારે આપણે યુક્તિયુક્ત બોલતા હોઈએ છતાં જો એ કોઈકને જ નહિ પણ અનેકોને માન્ય ન બનતું હોય, તો આપણે સમજી લેવું જોઈએ કે બીજાને આદેય નામકર્મના પુણ્યનો ઉદય છે, ને આપણને એ ઉદય નથી.

**ઈર્ષ્યાદિ આમ અટકાવી શકાય.**

**આ આદેય નામકર્મ માનવાનું ફળ શું ?**

**(૧) એક તો આ જ કે આપણને આદેય પુણ્યકર્મવાળા પર ઈર્ષ્યા ન થાય** કે, હેં ? બીજાઓ મારું માનતા નથી, ને એનું કેમ માને છે ?' પુણ્યની લીલા ન માનવાના હિસાબે ઈર્ષ્યા જાગે છે.' મારી પાસે નહિ, ને અમુકની પાસે આટલા બધા પૈસા કેમ ?' આવી ઈર્ષ્યા થવાનું કારણ શું ? સામાના શ્રીમંતાઈના પુણ્ય પર દૃષ્ટિ નથી. જો એ દૃષ્ટિ હોય તો ઝટ મનને થાય કે સામાને પુણ્ય હોય તો પૈસા મળે, એમાં એના પર ઈર્ષ્યાથી મારે મન બગાડવાનું શું કામ ? એથી શું વળવાનું ? હજી વિચાર આવે તો સામાના પુણ્ય પર આવવો જોઈએ કે એનું પુણ્ય અધિક કેમ ? જ્યાં પુણ્ય કામ કરે છે ત્યાં પુણ્ય ઉપર વિચાર મૂકીને પુણ્યને આધીન સામી વ્યક્તિ ઉપર શો વિચાર કરવાનો ? એ વિચાર કરવામાં ડહાપણ શું ? બુદ્ધિમત્તા શી ? એના પર મન બગાડવામાં શું ડહાપણ ?

**શેઠ એક નોકર પર પ્રસન્ન, ત્યાં બીજો નોકર કોના માટે વિચારે ? :-**

જેમ જુઓ, કોઈ નોકર પર શેઠ વધુ પ્રસન્ન રહી એને સારી છૂટછાટ આપતો હોય, અને બીજા નોકરને એવી સારી છૂટછાટ ન આપતો હોય, તો પછી બીજો નોકર પેલા નોકર પર મન બગાડે કે આ કેમ આટલી બધી છૂટછાટ ભોગવે છે ?' તો એ શું ડહાપણભર્યું છે ? વિચાર આવે તો ઠીક છે, શેઠ માટે આવે કે કેમ એ આને આટલી છૂટછાટ આપે છે ? ને મને કેમ નહિ ? આવું કાંઇક વિચારે તપાસે તો દેખાય કે શેઠનો એ સારો વિનય કરે છે, સારું બહુમાન કરે છે, સારી સેવા કરે છે. શેઠનો પડ્યો બોલ આનંદ ભેર ઊઠાવે છે, પછી શેઠ એના પર પ્રસન્ન રહી છૂટછાટ આપે એમાં નવાઈ નથી. એવી રીતે પુણ્યશાળીને પુણ્ય સારું આપે એમાં શેઠની જગાએ પુણ્ય છે, એના પર વિચાર આવે તો ઠીક; પણ નોકરની જગાએ પુણ્યશાળી છે એના પર ઈર્ષ્યા શા માટે ?

**પ્ર.-** પણ એવું શું ન બને કે બંને ય નોકર સમાન વિનય બહુમાન આજ્ઞાપાલન બજાવતા હોય, છતાં એકના પર શેઠ વધુ પ્રસન્ન રહે ?

ઉ.- બને, આવું ય બને.ત્યાં પણ સમજવું જોઈએ કે જેના પર શેઠ પ્રસન્ન રહે છે, શેઠને જે વહાલો લાગે છે. એમાં એનું સૌભાગ્ય નામકર્મનું પુણ્ય ઉદયમાં છે; માટે એમ બને છે એટલે વિચાર આવે તો એ પુણ્યનો આવવો જોઈએ, પણ એના બદલે એ પુણ્યવાળા નોકર પર વિચાર લાવી એના પર ઈર્ષ્યા કરવાનું શું કામ ? મન એના પર બગાડવાની શી જરૂર ? જીવ પુણ્ય-પાપકર્મને આધીન છે, તેથી જીવને એનાં ફળ ભોગવવાનો અવસર આવે, ને ભોગવવાનું બને એ સહજ છે. તેથી કર્મપરાધીન જીવ પર વિચાર અને ઈર્ષ્યા અને પાપના ઉદયવાળા જીવ ઉપર ઘૃણા-તિરસ્કાર હલકી દૃષ્ટિ કરવા કરતાં એ પુણ્ય પાપ પર વિચાર કરવો



જોઈએ. આ વિચારે પછી પોતાનાં પુણ્ય-પાપ પર વિચાર આવે.

**(૨) માટે જ પુણ્ય પાપના વિચારનું બીજું ફળ આ, કે પોતાના પુણ્ય-પાપ ઉપર નજર જઈ એનું કારણ વિચારાય; અને યોગ્ય પ્રયત્ન થાય, પણ પુણ્યવાનની ઈર્ષ્યા ન થાય.** પૈસા પરિવારનું સારું સુખ મળ્યું છે, સૌભાગ્ય મળ્યું છે, અને સૌ કોઈને વહાલો લાગે છે, પોતાનું વચન બીજાને સહર્ષ માન્ય બને છે, સારી કીર્તિ જામી છે, શરીર સુદંર છે, સારું છે, તો ત્યાં એ જોવાય કે આ મારાં પૂર્વનાં ઊંચા ગોત્રકર્મ સૌભાગ્ય-નામકર્મ, આદેય-નામકર્મ, યશ નામકર્મ, શુભ વર્ણાદિ નામકર્મ, શાતાવેદનીયકર્મ, વગેરેનું ફળ છે; અને એ પુણ્ય નમ્રતા, પર ગુણ પ્રશંસા, દેવગુરુની ભક્તિ બહુમાન ગુણગાન પ્રભાવના બીજાને આદર-સહાનુભૂતિ દાન પરોપકાર, શીલ-સદાચાર, વ્રત-નિયમ તપસ્યા, દયા-અહિંસા વગેરેથી ઊભાં થયેલાં છે, માટે હવે યોગ્ય પ્રયત્નમાં એ બધું મુખ્યપણે સેવું, વધારું.

'જિનેશ્વર ભગવાનનાં અને સાધુ મહારાજનાં ભક્તિ સન્માન કરેલા, માટે લોકો મારી સેવા મારા સન્માન કરે છે. મેં બીજાઓને આદર આપેલા, માટે મને આજે આદર મળે છે. બીજાઓને દયા કરી શાતા દીધેલી, માટે મને શાતા મળે છે. દાન-શીલ-સદાચાર સેવેલા ત્યાગ-તપ કરેલા, તેથી પૈસાટકા પરિવારનાં સુખ મળ્યાં છે. માટે એ જિનભક્તિ-સાધુસેવા, દયા-અહિંસા, દાન-શીલ-તપ વગેરે ખૂબ કરું.'

આમ વિચારી જીવનમાં એનો પ્રયત્ન મુખ્ય બનાવાય. બીજાને અધિક મળ્યું છે ત્યાં એનાં પુણ્ય વિચારી ઈર્ષ્યા અટકાવાય; અને પોતાને સારું મળ્યું એના પર પોતાનાં પુણ્ય તરફ દૃષ્ટિ નાખી એ પુણ્યનાં કારણ વિચારાય અને એમાં પ્રયત્ન થાય.

**પુણ્ય યાદ આવે ત્યાં એનાં કારણ યાદ આવે છે ? :-**

તો બોલો, તમને કાંઇક ને કાંઇક તો સારું મળ્યું છે ને ? મળતું પણ રહે છે ને ? સુખે જીવવા પૂરતા પૈસા મળે છે ને ? પ્રેમી પત્ની પુત્ર મળ્યા છે ને ? ગરમાગરમ ચાહ-પાણી-ભોજન મળે છે ને ? ચાર જણમાં સન્માન આદર મળે છે ને ? આ બધા વખતે પુણ્ય યાદ આવે છે ? આવે છે તો એ પુણ્ય પાછળનાં કારણ વિચારો છો ? પૈસા મળ્યા પછી ભોગ વિલાસ અને ધર્મમાં કંજુસાઈ સૂઝે છે કે દાન-પરોપકાર જિન-ભક્તિમાં ખરચવાનું સૂઝે છે ? સારાં ભોજન મળ્યા પછી દુનિયાની દોડધામ મુખ્ય બને છે ? કે ધર્મની પ્રવૃત્તિ મુખ્ય ? તપ સૂઝે છે કે તપમાં ગળિયાપણું ?'ના ભાઈ ! આપણાથી ભૂખ્યા ન રહેવાય, આપણાથી તપ ન થાય, લુખ્ખું ન ખવાય,' આવું થાય છે ? બીજાઓ તરફથી માન સન્માન મળવા પર

નાનડિયા પર નોકર પર રોફ-તિરસ્કાર-અપમાન સૂઝે છે ? કે એમના પ્રત્યે આદર પ્રેમ-સહાનુભૂતિ આવડે ? નમ્રતા અને પરગુણ-પ્રશંસાથી ઊંચું ગોત્ર મળ્યું, હવે એના પર અભિમાન અને પરનિંદા સૂઝે છે ? કે વિશેષ નમ્રતા અને પરગુણ-પ્રશંસા સૂઝે છે ?

આ બધું વિચારવા જેવું છે. દાવો રાખીએ છીએ કે અમે પુણ્ય પાપને માનીએ છીએ,' પણ માન્યાનું ફળ શું ? માન્યા પાછળ શું કરી દેખાડીએ છીએ ?

**માનવ સમય અને માનવદેહ માનવબુદ્ધિ રૂપી સુવર્ણરસ ક્યાં ઢળી રહ્યો છે ? ૧૮ પાપ સ્થાનક રૂપી પત્થર પર ? કે ૧૮ ધર્મસ્થાનક ભર્યા મન-વચન-કાયાના યોગોરૂપી સુવર્ણ બનવા યોગ્ય ધાતુ પર ?**

માનવ સમય માનવ સંપત્તિઓ પુણ્યથી મળી છે, એવું માનો છો ? માનતા હો તો પુણ્ય પર દૃષ્ટિ છે ? દૃષ્ટિ હોય તો પુણ્યનાં કારણ વિચારી એ કારણોમાં જ મુખ્ય પ્રયત્ન છે ?

જો એ પ્રયત્ન રાખવો હશે તો મદ-અભિમાન, ઈર્ષ્યા-તિરસ્કાર, નિંદા-કૂથલી, જૂઠ-અનીતિ વગેરે બધું સુકાઈ જશે. જીવનમાં ધર્મની જાહોજલાલી થશે, પાપ કર્મની જાહોજલાલી નહિ.

પણ આ વિચારવું જ કોને છે ? કહે છે,

**પ્ર.**- સાહેબ ! આજે ઉપાધિઓ એટલી બધી છે કે એની ચિંતામાં આ બધું વિચારવાને જગા જ ક્યાં છે ?

**ઉ.**- પણ પૂર્વના અને આજના પણ કેટલાક પુણ્યશાળીઓ કેમ આ વિચારતા હતા અને વિચારે છે ? શું એમને ઉપાધિઓ નહોતી ? કે નથી ? ઉપાધિઓ તમને જ છે ? મોટા ભરત ચક્રવર્તી જેવાને હજારો છોકરા અને પોતરા હતા, ૩૨૦૦૦ દેશ સંભાળવાના હતા, આ ઓછી ઉપાધિ ? પણ તમારે તો બધું માથે લઈને ફરવું છે. બીજા પર વિશ્વાસ નથી, પોતાના પુણ્ય પર પણ વિશ્વાસ નથી કે પુણ્ય મુજબ જ મળવાનું ને ટકવાનું છે. આમ માત્ર જાત મહેનતનો જ વિશ્વાસ, એટલે ઉપાધિઓની વચમાં મફતિયું નકામું કેટલું ય વિચારાય છે. ત્યાં પુણ્ય પર દૃષ્ટિ, પુણ્યના કારણોનો વિચાર, અને પોતાનાં જીવનમાં એને કેમ ગોઠવવાં એનો વિચાર કરવાને જગા નથી ? ધન્ય બુદ્ધિ ! ધન્ય અવતાર ! પોતાના જ હાથે પોતાની જ મૂર્ખતાથી આવો કિંમતી ભવ કૂચા કરવાનો ?

પુણ્ય સારી સગવડ અને સારી બુદ્ધિશક્તિ આપ્યા છતાં જો પુણ્ય પર દૃષ્ટિ અને એનાં કારણો પર વિચાર નહિ, તો પછી પાપના ઉદયમાં તો પાપકર્મ ઉપર દૃષ્ટિ અને એનાં કારણો ઉપર વિચાર જ શાનો આવે ? કદાચ કહેશો,-



**પ્ર.**- દુઃખે રામ ને સુખે સોની યાદ આવે છે ને ?

**ઉ.**- એ દુઃખે રામ કેવા રૂપે યાદ આવે છે ? એટલા જ કે ભગવાન ! તું મારું આ દુઃખ ટાળી સુખ દઈ દે. કેમ જાણે ભગવાનને ત્યાં થાપણ મૂકી છે તે ભગવાન આપી દે ! પૈસાનું દુઃખ ટળી પૈસા લેવા છે, પત્નીનો કકળાટ ટળી એનો આદર લેવો છે, દીકરાની ઉદ્ધતાઈ ટળી એનું માન જોઈએ છે. બહારમાં અપમાન ટળી સન્માન લેવા છે. તે બધું ભગવાન એમ જ મફતમાં ટાળી દે. અને મફતમાં આપી દે ! આટલી જ બુદ્ધિ છે ? કે પાપનાં કારણ ટાળવા અને પુણ્યનાં કારણ સેવવા માટેનો વિચાર ખરો ? ના, કહોને

**પ્ર.**- ભગવાન તો દયાળુ મહાદયાળુ છે એટલે આપણા ગુના માફ કરી, આપણી આડાઈ-અવળચંડાઈ, આળસ-બેપરવાઈ ચલાવી લઈ દયા કરે જ ને ? દુઃખ ટાળી સુખ આપી દે ને ? નહિતર દયાળુ શાના ?'

**ઉ.**- આ જ હિસાબ છે ને કે દીકરો બાપની લાઈને ન ચાલે, ઊંધી ચાલે ચાલે, જુગાર વગેરેમાં પૈસા ઉડાવતો જાય, છતાં બાપ એને પૈસા આપ્યે રાખે તો જ બાપ દયાળુ ને ?

મોટો દીકરો નિર્દોષ નાના દીકરાને માર્યે રાખે છતાં મા મોટાને વહાલો કર્યે જાય તો જ મા દયાળુ ને ?

દયાનો આ કયો હિસાબ ? ષટકાય જીવો એ ભગવાનના વહાલા માબાપ છે, એનો આપણે કૂટો કર્યે જવો, દયા જયણા રાખવી નહિ, છતાં ભગવાન આપણા પર દયા કરે સુખી કરે, તો જ ભગવાનની દયા ? આ ક્યાંનો ન્યાય ?

બસ, 'દુઃખે રામ' દુઃખમાં ભગવાનને યાદ કરાય છે તે કશું પોતાનું જીવન સુધારવું નથી, કશો ભોગ આપવો નથી, અડિયલ-આળસુ-અક્કડ આડા બન્યા રહેવું છે અને ભગવાન દુઃખ ટાળી દે અને સુખના વરસાદ વરસાવી દે એટલા માટે. પણ જો એમ જ દુઃખ ટળતું હોય તો દુનિયામાં હિંસક-જૂઠા ચોર બદમાશ કોઈ દુઃખી ન હોય, દુઃખી થાય નહિ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૦,અંક-૩૨,તા.૨૨-૪-૧૯૭૨**

ભગવાન તો મહા દયાળુ છે જ, છતાં દુનિયાનો મોટો ભાગ દુઃખી છે એનું કારણ વિચારો છો ? કારણ આ છે, કે દુઃખમાં પાપકર્મ પર દૃષ્ટિ નથી, પાપનાં કારણ જોવા નથી, ને એ ટાળી પુણ્યનાં કારણ સેવવાં નથી, કિન્તુ પાપ કારણો સેવ્યે રાખવાં છે, એ છે માટે પાપના ઉદયમાં દુઃખ આવે ત્યાં બીજાનો વાંક ન

કાઢતાં પાપકર્મ પર દૃષ્ટિ રાખવી. પાપનાં ને પુણ્યનાં કારણ વિચારવાં, અને પાપનાં કારણ ટાળવાં તથા પુણ્યનાં કારણ સેવવાં, એમાં બુદ્ધિમત્તા છે.

આદેય નામકર્મની વાત હતી ને ? એમાં સૌભાગ્ય નામકર્મની વાત આવેલી. આપણે બીજાનું કરી છૂટવા છતાં એને વહાલા ન લાગતા હોઈએ, બીજાને આપણાં પગલાં, આપણો સહવાસ, આપણી સાથે વાતચીત ગમતી ન હોય, તો એથી સામાનો વાંક ન જોતાં આપણે સમજવું જોઈએ કે એમાં આપણાં દૌર્ભાગ્ય નામકર્મનો ઉદય છે, તેથી બીજાના આદર-પ્રેમ ન મળે. એ પાપકર્મનું કારણ ! પૂર્વ જીવનમાં (૧) આપણે પ્રભુની આશાતના કરેલી, (૨) પ્રભુનાં આદર-સન્માન બહુમાન નહિ કરેલા; તેમ (૩) સાધુ મહારાજની અવગણના કરેલી, એમ જ (૪) બીજાઓનાં અપમાન-અનાદર કરેલા, (૫) એમનાં હૈયાં ભાંગેલા-શેકેલા....વગેરે વગેરે કારણોએ દૌર્ભાગ્ય નામકર્મ ઊભું થયું, અને એ અહીં આપણને પીડી રહ્યું છે; એ વિચારવું જોઈએ.

એવું અનાદેય-નામકર્મમાં છે, એ પાપકર્મ ઉદયમાં હોય ત્યારે આપણું વચન લોકોને ગ્રાહ્ય ન થાય. વચન ભલેને યુક્તિયુક્ત હોય, સામાના હિતનું હોય, પરંતુ આપણું આ અનાદેય-નામકર્મ નામનું પાપકર્મ આપણાં એ હિતવચન સામાને સ્વીકાર્ય ન થવા દે; સામો આનંદપૂર્વક એને વધાવી લે નહિ. ત્યાં આપણે નિરાશ થવાની જરૂર નહિ, તેમ સામાની ખામી જોવાની નહિ; પરંતુ આપણાં પાપકર્મ પર નજર રાખવાની. મનને એમ થાય કે પૂર્વે ઊંધું વેતરણ કરીને આ અનાદેય પાપકર્મ લઈને આવ્યા છીએ, એ હવે ઉદયમાં લાગે છે; તેથી સહેજે આપણું સારું પણ કથન સામાને સ્વીકાર્ય ન થવા દે. ત્યારે હવે એ જોવા દે એવું પાપકર્મ શી રીતે ઊભું થયું ? એનાં કારણ કયાં સેવ્યા હશે ?

**અનાદેય નામકર્મનાં કારણ આવાં કોઈ સેવ્યા હશે કે**

(૧) ભગવાન શ્રી જિનેશ્વરદેવનાં વચન માન્ય નહિ કર્યાં હોય;

(૨) સદ્ ગુરુઓની હિતશિક્ષા માન્ય નહિ કરી હોય;

(૩) વડીલોના હિતના શબ્દો અવગણ્યા હશે, 'એ કહેતા ભલા, આપણે સુણતા ભલા, રાખ્યું હશે, એની ઠેકડી ઊડાવી હશે;

(૪) અભિમાનના ઉન્માદમાં બીજાઓનાં વાજબી કથન તોડી પાડ્યા હશે, એમનું મોં જ તોડી પાડ્યું હશે; અરે ! ગુરુનું ય મોં તોડી પાડ્યું હશે;

(૫) બીજાઓને યાવત્ ગુરુનો ય તિરસ્કાર અપમાન કરવાનું યા એમને ઉતારી પાડવાનું કર્યું હશે,

(૬) જીવોને મોહની કે હિંસાદિ પાપની સલાહો આપી હશે.



(૭) સારાંશ, સામાના યોગ્ય વચનની બેકદર અને આપણી વચનશક્તિનો દુરુપયોગ કર્યો હશે, અથવા

(૮) બીજાઓને દુઃખ દેવુ, ત્રાસ-ભય પમાડવો, જૂઠ-અનીતિ-વિષયાંધતા, દેવ-ગુરુ-મંદિર-જ્ઞાની-જ્ઞાન કે દર્શન-જ્ઞાન-ચારિત્રનાં સાધન વગેરેની આશાતના અનાદર વિનાશ અંતરાય કરવા, માયા-વિશ્વાસઘાત આચરવા, ઈત્યાદિ સર્વસામાન્ય પાપકારણો સેવ્યા હશે;

માટે એનાથી 'દૌર્ભાગ્ય' અને 'અનાદેય' જેવાં પાપકર્મ ઊભાં થયેલાં, એથી અહીં એ હવે ઉદયમાં આવ્યાથી મારે બીજાઓ તરફથી અભાવ અરુચિ જોવા મળે, બીજાઓની ગમે તેટલી સેવા કરું બીજાઓ પર ભારે પ્રેમ-સદ્ભાવ-આદર રાખું, છતાં એ મારા ઉપર સ્નેહ ન રાખે, એ પ્રેમ સદ્ભાવ-આદર ન ઠરે; મારું વચન વાજબી અને યુક્તિસિદ્ધ હોય છતાં બીજાઓને એ માન્ય ન બને, બીજાઓ મારું કહ્યું ન ગણકારે, મારું કથન જાણે તણખલાને તોલે, એમ એને લેખામાં ન ગણે....આવું આવું પેલા પાપકર્ના ઉદયે બને.

**પાપના ઉદયમાં કર્તવ્ય :-**

તો પછી હવે મારું કર્તવ્ય આ બને છે કે '(૧) એ પાપકારણો સેવવાં બંધ કરી દઈ એથી ઊલટા રસ્તે ચાલવું; (૨) ભગવાનની ભક્તિ, સાધુ સેવા ખૂબ કરવી (૩) દેવ-ગુરુ-વડીલનાં વચનનો આદર કરવો; (૪) બીજાઓનાં અને એમનાં કથનનાં સન્માન કરવાં, સહાનુભૂતિ બતાવવી, તેમજ (૫) દયા અહિંસા સત્ય, અને (૬) નીતિ-વિશ્વાસપાલન-સદાચાર આચરવા, (૭) પાપ અને મોહને બદલે ધર્મ અને વૈરાગ્યની તથા દેવ-ગુરુભક્તિની સલાહ આપવી. (૮) ત્યાગ વ્રત નિયમ ખૂબ આદરવા, (૯) તપસ્યા કરવી, (૧૦) ભગવત્પ્રાર્થના-ભગવત્શરણ-શાસ્ત્ર વાંચન શ્રવણ વારંવાર કરતા રહેવું,....જીવનમાં આ બધાં કર્તવ્યોને જ મુખ્ય બનાવું.' પાપના ઉદયમાં આ વિચારવું અને વર્તવું.

અંતરાત્મામાં ધર્મ પરિણામ પામ્યો હોય, અને ધર્મની પરિણતિ અત્યારે વર્તી રહી હોય, એની આ ખૂબી, કે બહારમાં કોઈ અપજશ, અનાદર, અપમાન મળે, રીતસરનું કંઈક ધાર્યું ન થાય, કે અણધારી કોઈ આપત્તિ આવી જાય, યા પોતાની ઉપર બીજાના આદર વિશ્વાસ ન મળે,...યાવત્ કોઈપણ દુઃખ આવે, ત્યાં મનમાં આ આવે કે આપણે પૂર્વ જીવનમાં જિનભક્તિ વગેરે સદ્ આચરણોમાં ખામી રાખેલી યા જિનેશ્વરદેવ આદિની આશાતના અનાદર કરેલા, તેથી આજે આ અનિષ્ટ જોવાનું આવ્યું.'

**વર્તમાન અણગમતું તો થર્માિમિટર છે. એ પૂર્વની આરાધનાની કમીરૂપી તાવ**

**યા આશાતના અવગણના સ્વરૂપ તાવ સૂચવે છે. માટે વર્તમાન અનિષ્ટરૂપી થર્મામિટર પર કચવાટ કરવાને બદલે પેલા તાવ ટાળું, અર્થાત્ આરાધનાની પૂર્તિ કરું, આશાતના અવગણના ટાળું.**

વાલી રાજાના પૂર્વજ શ્રીકંઠ રાજાએ શું કરેલું ? એ વિદ્યાધર હતો, તેથી આકાશમાં દેવતાઓને વિમાનમાં નંદીશ્વર દ્વીપે જતા જોઈ, પોતે પણ વિદ્યાના બળે વિમાન વિકુર્વી એમાં બેસી દેવતાની પૂંઠે ચાલ્યો.

**પ્ર.**- તે એ વખતે દેવતા વિમાનમાં જતા આ પૃથ્વી ઉપરથી દેખાતા હશે ? તો પછી અત્યારે કેમ નથી દેખાતા ?

ઉ.- આવા વિકલ્પ કરીને મનને બગાડવા કરતાં કર્તવ્ય વિચારવામાં મનનો સદુપયોગ કરો. માનો કે અત્યારે પણ દેવતા જતા દેખાય તો દેખીને શું કરવું છે ? પ્રભુભક્તિ વગેરે આરાધના વધારવી છે ?

**પ્ર.**- કેમ વળી ? દેવતા સાક્ષાત્ દેખાય એટલે પ્રભુભક્તિ વગેરે આરાધનાની પ્રેરણા તો મળે જ ને ?

ઉ.- તો શું પ્રભુની ભક્તિનું મન દેવતાનાં દર્શનથી થાય ? કે પ્રભુનાં અનન્ય કલ્યાણ સ્વરૂપને, પ્રભુનાં ગુણોને, ને પ્રભુના અનન્ત ઉપકારને જોઈને થાય ? દીકરાને બાપની ભક્તિ કરવાનું મન કોઈ બહારનો માણસ એમની સેવા જાહોજલાલી કરતો દેખાય તો જ થાય ? બાપના ગુણો અને દીકરા પરના બાપના ઉપકારો જોઈને ન થાય ? જો એમ ભક્તિનું મન ન થતું હોય અને બીજાની ભક્તિ પ્રવૃત્તિ જોઈને થતું હોય, તો તો એનો અર્થ એ થયો કે એ બીજાની ઉપર જે શ્રદ્ધા છે એવી બાપ પર શ્રદ્ધા નથી, બાપના ગુણો અને અનહદ ઉપકારોનો ખ્યાલ નથી, અગર એવી શ્રદ્ધા આદર કરી ઓવારી જવાનું દિલ નથી.

પણ આ ખોટું છે. શ્રદ્ધા બાપ પર જોઈએ કે એ કેવા ગુણિયલ અને એમણે મારા પર કેવા કેવા ઉપકારો કર્યા છે ! પછી બીજા મારા ભાઈ પણ એમની સેવા ન કરે તો ય મારે એમની સેવા ખૂબ કરવાની. એવું જ પ્રભુ માટે થાય, પ્રભુના અનંત ગુણ અને પ્રભુના આપણા પર અનંત ઉપકાર યાદ કર્યા કરી એમની સેવા ઉપાસનામાં લાગ્યા રહેવાય.

દેવનાં દર્શનના લારા નકામા છે. પૂર્વે સારો કાળ હતો તેથી દેવ દેખાતા; આજે પડતો પાપનો કાળ છે એટલે દેવતા ન દેખાય. આપણે તો દૃષ્ટિ પ્રભુને ઓળખી પ્રભુની સેવા પર રાખવાની. દેવનાં દર્શન, યોગીઓના ચમત્કાર, વગેરે પર દૃષ્ટિ નહિ નાખવાની.

**વિચારવાનું આ છે કે ખરેખર આપણે શું ઈચ્છીએ છીએ ? દેવનાં દર્શન**



**વગેરે ચમત્કાર યા જલસા જોવાનું ? કે અરિહંત પરમાત્માના અસાધારણ ગુણો અને ઉપકારો વિચાર્યા કરવાનું અને એ વિચારી વિચારીને એમની ભક્તિ વધારવાનું ઈચ્છીએ છીએ ?**

**પ્ર.**- પણ ચમત્કાર જલસા ધામધૂમ જોઈને ધર્મની પ્રેરણા મળે ને ?

ઉ.- મળે, પણ પછી એ પ્રેરણાથી જ કરાતા ધર્મની પાછળ ધર્મનાં ફળમાં કશો ચમત્કાર જાહોજલાલી થવાની આશા રહેશે; અને એ આશા નહિ ફળતાં ધર્મમાંથી મન પાછું પડશે. ચિત્તની વૃત્તિ તપાસજો, તો આ દેખાશે કે

**ધર્મના ચમત્કારનું આકર્ષણ ચમત્કારમાં જ મનને રોકી દેશે, પણ ધર્મદાતા ભગવાનના ગુણો અને ઉપકારોમાં તથા ધર્મનાં સહજ સુંદર સ્વરૂપ અને અમૂલ્ય આત્મ-વિશુદ્ધિકારણરૂપ ફળમાં મનને લુબ્ધ નહિ થવા દે.**

**આકર્ષણ ચમત્કાર-જલસાનું ? કે ધર્મ અને ધર્મદાતાનું ?**

ત્યારે ચમત્કાર જલસા ધામધૂમ તો શું આ જનમમાં જ જોવા મળે છે ? ના, પૂર્વ ભવોમાં અનંતીવાર જોઈ નાખ્યા પણ વળ્યું શું ? હજી આજે પણ એનું જ આકર્ષણ છે ને ? શુદ્ધ ધર્મનું શુદ્ધ ધર્મદાતા ભગવાનનું આકર્ષણ છે ? જો એ થયું હોત તો તો ધર્મ અને ધર્મદાતાનું સ્વરૂપ અને એમના ગુણ-ઉપકાર એટલાં બધાં લોકોત્તમ, એટલા બધા મહાન દેખાત, કે એની આગળ ચમત્કાર-જલસા વગેરે તો સાવ મામૂલી લાગત.

આ વિચારો,- શું ક્યારેક આપણે કોઈ ધર્મ કરી દેવતા બનીને નહિ જોયું હોય કે હું આ દાન યા શીલ-વ્રત કરીને દેવ થયો ? દેવતાને જનમથી અવધિજ્ઞાન હોય એટલે આપણે દેવતા બનીને પૂર્વ ભવની કરણી જોઈ તો હોય. તો પછી એ ચમત્કાર ધર્મનો જોઈ શું દેવ બની જવાના ચમત્કાર પરથી મન ઊઠીને માત્ર ધર્મમાં મન લાગી ગયું ? મનનું આકર્ષણ જેવું ચમત્કારની ઉપર નહિ, એવું ધર્મ પર જામી પડ્યું ? ના રે ના;જો એ જામી પડ્યું હોત, તો તો પછી શુદ્ધ ધર્મની પૂંઠે જ લાગી ગયા હોત; અને તેથી આજે જે ચમત્કાર શ્રદ્ધાની તથા ધર્મ-અશ્રદ્ધાની દુર્દશા છે એ દુર્દશા ના હોત. પણ ત્યારે ય મન ખરેખર તો ચમત્કારમાં જ લુબ્ધ રહેલું, ધર્મમાં નહિ, તેથી તો પૂર્વે ભલે કોઈક ચમત્કાર જોઈ ધર્મ તરફ વળ્યા, ને ધર્મ કર્યો, પરંતુ એ તો નવો ચમત્કાર જોવા માટે. એટલે જ દેવતા બન્યા. પછી સ્વર્ગનાં સુખનો નવો ચમત્કાર જે મળ્યો એ સુખમાં જ લુબ્ધ બની ગયા. મૂળમાં.

**ધર્મનું ફળ ચમત્કાર કરતાં આત્મવિશુદ્ધિકરણરૂપી ફળ ઘણું ઘણું ઊંચું છે.**

આ ખ્યાલમાં જ નથી તેથી તેથી માત્ર ચમત્કારમાં મન અટવાઈ જાય છે. પછી ક્યાંક ધર્મનો ચમત્કાર જોવા મળે એટલે ધર્મ કરવાનું મન તો થાય, ધર્મ

કરાય પણ ખરો, કિન્તુ દૃષ્ટિ એ ધર્મના ફળમાં કશો ચમત્કાર જોવા તરફ રહ્યા કરે છે, દા.ત. નવકારના ચમત્કાર જોઈ કે સાંભળીને નવકાર ગણવામાં લાગી જનાર કેટલાયની મનોદશા આત્મદશા જુઓ તો ખબર પડે કે

(૧) એનો એમાં ઉલ્લાસ કેટલો ટકે છે ?

(૨) ઉલ્લાસ શાના ઉપર છે ? (૩) નવકાર ગણતાં દૃષ્ટિ ક્યાં છે ?

(૪) નવકાર-પંચપરમેષ્ઠીના ગુણોનું આકર્ષણ કેટલું ?

(૫) તથા એ ગુણો પામવાની ધગશ કેટલી ?

અને ચમત્કાર જોવા મળવાની તાલાવેલી કેટલી ? કઈ મનોદશા છે ?

શાસ્ત્રનો ઉપદેશ આ છે કે ધર્મ નિરાશંસભાવે કરવાનો; તો જ એ શુદ્ધ ધર્મ સાધના કહેવાય.'યોગદૃષ્ટિ-સમુચ્ચય' શાસ્ત્રમાં વિશુદ્ધ આરાધના માટે આ ત્રણ લક્ષણ બતાવ્યા, કે (૧) અત્યન્ત કર્તવ્યબુદ્ધિ-ઉપાદેયબુદ્ધિથી ધર્મસાધના કરાતી હોય, (૨) આહારાદિ સંજ્ઞાઓ એ વખતે અટકાવી દઈને એ કરાતી હોય, તથા (૩) 'ફલાભિસન્ધિરહિત' અર્થાત પૌદ્ગલિક ફળની આશાંસાથી રહિત તેમજ આત્મિક પણ ફળની બહુ વિચારણા વિના નિરાશંસભાવે એ કરાતી હોય. તો જ એ સંશુદ્ધ-વિશુદ્ધ ધર્મસાધના કહેવાય.

હવે જો નવકાર ગણતાં દૃષ્ટિ ફળ રૂપે બાહ્ય ચમત્કાર તરફ હોય, તો એ નવકાર સાધના નિરાશંસ ક્યાં રહી ? ધ્યાન રાખજો,

**અસાવધાન આત્માને મન ઠગારું છે; સાવધાનને મન હિતૈષી.**

**ઠગારા મનની દશા :-**

જો તમે સાવધાન નહિ હો, તો તમારું જ મન તમને ઠગશે. જેમકે એ મનાવશે ખરું કે મારે મોક્ષ જોઈએ છે, અને હું નવકાર મોક્ષ માટે ગણું છું, પરંતુ જો કોક બાહ્ય ચમત્કારનું આકર્ષણ છે, તો મનમાં એની આશંસા ઊભી છે; અને એ આશંસા હોવાનું, જો ચમત્કાર પોતાને બની આવે તો, એમાં ખુશી ખુશીના અનુભવ પરથી જણાઈ આવે છે. મન માને છે કે નવકાર ફળ્યો. અરે ? બીજમાંથી ઘાસ થાય અને પછી પાક થાય, ત્યાં ઘાસ થતાં શું એમ મનાય કે બીજ ફળ્યું ? એમ નવકારથી બાહ્ય ચમત્કાર થાય અને મોક્ષ થાય. ત્યાં શું એમ મનાય કે ચમત્કાર એ નવકારનું ફળ ? નવકાર એમાં ફળ્યો માનવાનો ? પણ ચમત્કારની લાલસા આ મનાવે છે, બોલાવે છે. એથી જ ચમત્કાર ન નીપજતાં નિરાશા થાય છે કે નવકાર કામ નથી કરતો. છતાં મન જીવને મનાવે છે કે મારે તો મોક્ષ જ જોઈએ છે...' આનું નામ મન ઠગારું. જીવ સાવધાન નથી એટલે મન ઠગે છે.

**'સાવધાન' મન એટલે (૧) પોતાના મોક્ષના લક્ષ્યમાં ચોકસ અને (૨)**



**બાહ્ય જડભાવો પ્રત્યે ઉદાસીન અર્થાત એનું મહત્ત્વ નહિ આંકનારો.**

આ સાવધાની હોય તો પછી મન શી રીતે ઠગી શકે ? જેને મન ચમત્કારનું મહત્ત્વ નથી આકર્ષણ નથી એવા જીવને મન હિતૈષી બને છે. ઉત્તમ વિચારો, શુભ ભાવનાઓ અને શુદ્ધ તત્ત્વચિંતન કરાવે છે, અને જીવને આગળ ને આગળ વધારી મોક્ષની વધુ ને વધુ નિકટ કરી આપે છે. માટે સાવધાન જીવને મન હિતૈષી.

વાત આ ચાલતી હતી કે વિદ્યાધર રાજા શ્રીકંઠે આકાશમાં દેવતાઓને વિમાનમાં નંદીશ્વરદ્વીપે જતાં જોયા. તો અત્યારે દેવતા કેમ નથી દેખાતા ? ધર્મનો મહિમા એ વખતે ઘણો, આજે નહિ. આવો વિચાર લાવશો નહિ.

**ધર્મનો મહિમા દેવાગમન વગેરે ચમત્કારથી નથી, પણ આત્માને સમાધિ-સ્વસ્થતા આપવાથી છે, કે જે કિંમતી સમાધિ ક્રોડો રૂપિયાથી કે મોટા રાજ્યપાટથી ય નથી મળતી.**

સમન્તભદ્ર આચાર્ય મહારાજે ગાયું કે 'પ્રભુ ! અમે તને માનીએ છીએ તે દેવોનાં આગમન અને પ્રાતિહાર્યની શોભા વગેરેથી નહિ, કિન્તુ તારા આપ્તપણાને લઈને, તારા યથાર્થ તત્ત્વપ્રકાશનને લઈને.'

કેમ આવું કહે છે ? કારણ છે કે ચમત્કારના હિસાબે માનવા જતાં એ ભય રહે છે કે જો કોઈક ઇંદ્રજાળિયો પોતાના એવા ચમત્કાર દેખાડે તો એનામાં લોભાઈ આકર્ષાઈ ફસાઈ જવાનું થાય.

પ્રભુનો મહિમા આપ્તપણાથી, એટલે કે વિશ્વસનીય વ્યક્તિપણાથી છે. પ્રભુ વીતરાગ સર્વજ્ઞ છે, માટે જૂઠ બોલવાને એમની પાસે કારણ નથી. અને અજ્ઞાન બિલકુલ નષ્ટ છે, તેથી અતીન્દ્રિય પદાર્થો જોઈ શકે છે. તેથી એ યથાર્થ સૂક્ષ્મ તત્ત્વ કહે છે એના પર જ વિશ્વાસ મૂકી શકાય. સરાગી અને અજ્ઞાન એટલે કે અંધ હોય એનાં વચન પર શી રીતે વિશ્વાસ મૂકી શકાય ?

**પ્રભુનો મહિમા આપ્તપણાથી; એમ ધર્મનો મહિમા સમાધિદાનથી.**

શુદ્ધ રીતે ધર્મ કરવા માંડો અને ચિત્ત શાંત સ્વસ્થ થતું આવે, માતબર થતું આવે, વીતરાગનાં દર્શન કરવા માંડો એટલે પછી ભલે પાસે પૈસા ઓછા હોય, છતાં મનને એમ થાય કે પ્રભુ ! તું મને જે મળ્યો છે એ જ મારે સાચા ક્રોડો રૂપિયા છે. બહારનાં ક્રોડો રૂપિયાથી અહીં શાન્તિ કે પરભવે સ્વર્ગ મળવાનો નિયમ નહિ. એ તો અહીંય વ્યાકુળતા અને પરભવેય નરકાદિ દુર્ગતિ પણ તથા મૂર્ચ્છા-વ્યાકૂળતાના કુસંસ્કાર પમાડે. ત્યારે મારા વીતરાગ નાથ ! તું મળ્યાથી તો તારો અઢળક સંપત્તિનો ત્યાગ જોઈને મને પણ સંપત્તિ કૂચા લાગે છે. કૂચા નથી મળ્યા એમાં કશી ખોટ નથી. તેથી મન શાંત બને છે; અને પરભવે મહાકલ્યાણ

છે.'' શું ?

**જગતની સંપત્તિ કૂચા લાગે તો મનને શાંતિ થાય; અને સંપત્તિ કિંમતી લાગે તો મનને અશાંતિ થાય.**

**ધર્મનો મહિમા શો ? ચમત્કાર નહિ, શાંતિદાન.**

વીતરાગનાં દર્શન રોજ કરો છો ને ? એમાંથી શું આ લઈ આવો છો ખરા કે વીતરાગ પ્રભુએ અઢળક પણ સંપત્તિ લાતે ફગાવી દીધી હતી, માટે સંપત્તિ કૂચા ?' આ લઈ આવો તો મન શાંત થાય.

દેવદર્શનરૂપી ધર્મનો આ મહિમા છે કે મનને શાંતિ આપે.

એમ, વીતરાગ પ્રભુએ ફરમાવેલા બધા ધર્મના અંગોનો આ મહિમા, કે એ સમાધિ આપે, શાંતિ આપે.

ધર્મઅંગોના ચમત્કારને એવો મહિમા ગણશો નહિ નહિતર આવો સમાધિદાનરૂપી ખરો મહિમા લેવાનું રહી જશે; તેમજ આવા ને આવા નિરુપયોગી પ્રશ્ન થશે કે આજે ધર્મનો પ્રભાવ કેમ નથી પડતો ? દેવતા કેમ નથી આવતા, 'પછી ધર્મનું અવમૂલ્યાંકન થશે કે આજે ધર્મનો મહિમા નથી,' અલ્યા ! ધર્મ શું આપણા જેવો અલેલટપ્પુ છે કે ક્યારેક એનામાં મહિમા એટલે મોટાઈ ગૌરવ હોય, અને ક્યારેક નહિ ? ક્યારેક એનામાં સુખદાયિતા હોય, ને ક્યારેક નહિ ?

શા સારુ આવો જૂઠ વિચાર કરે ?

ધર્મ તો સદા સુખદાયી છે, સદા મહિમાવંતો છે; પણ એનો સાચો મહિમા આ, કે **'એ ધર્મમાં સમાધિ આપવાની તાકાત છે; એ તાકાત દુનિયાની સંપત્તિઓમાં નથી કે, પરિવાર પ્રતિષ્ઠામાં નથી' ધર્મપરિણતિ આ મનાવે છે.**

**શ્રીકંઠનું વિમાન અટકયું :-**

શ્રીકંઠ દેવોને જતા જોઈ વિચારે છે કે ત્યારે હું પણ નંદીશ્વરયાત્રાએ જાઉં. ભાવના થઈ પછી તરત દાન ને મહાપુણ્ય એણે તરત જ વિમાન વિકુર્વી, એ ચાલ્યો દેવોની પૂંઠે પરંતુ અઢી દ્વીપની સીમા પર રહેલા માનુષોત્તર પર્વત ઉપર એનું વિમાન અટકી ગયું. હવે એ આગળ જતું નથી એની વિદ્યાશક્તિ એટલી જ, એટલે શું કરે ? ત્યારે એને વિચાર આવે છે. બોલો, અહીં હવે એને શો વિચાર આવે ?

આપણી વાત ધર્મ પરિણતિ ઉપર ચાલતી હતી. એમાં સુલસાનો પ્રસંગ આવ્યો કે પતિને એણે ઘણું સમજાવવા છતાં પતિને પુત્રની ઈચ્છા નથી શમતી. અહીં પતિ જો સમજતો નથી, તો શું સુલસાનો અનાદેય નામકર્મનો ઉદય ગણાય કે એનું વચન પતિને સ્વીકાર્ય ન થાય ? ના, એક વ્યક્તિ ઉપર એ માપ ન કઢાય



કે એ વ્યક્તિ સમજાવનારનું નથી માનતી માટે એને સમજાવનારનું અનાદેય નામકર્મ, એમ તો તીર્થંકર ભગવાનનો ઉપદેશ અભવી જેવાને માન્ય નથી બનતો, પણ તેથી પ્રભુને અનાદેય નામકર્મનો ઉદય થોડો જ ગણાય ? પ્રભુને તો ઉત્કૃષ્ટ આદેય-નામકર્મનો ઉદય છે.

અનાદેય નામકર્મનો ઉદય તો એને ગણાય કે જેનું વચન જન સામાન્ય ન સ્વીકારી લે. દીકરા ન માને, સ્નેહીઓ ન માને, શિષ્યો ન માને, એમ પતિના રીતસરનાં ઘણાં ય બોલ સારી પણ પત્નીના મનમાં ન ઊતરે, યા પત્નીના અનેકાનેક વચન પતિના મગજમાં ન બેસે, ત્યાં મનાય કે અનાદેય નામકર્મનો ઉદય છે. બોલનાર પોતાના આ પાપનો ઉદય માને તે એના પોતાના મનને શાંતિ રહે; નહિતર તો વિહ્વળતા થાય કે 'આ કેમ મારું માનતા નથી ?'

**ધર્મપરિણતિ શું કરાવે ? :-**

દિલમાં ધર્મ પરિણમ્યો હોય તો આવા અવસરે પોતાના અશુભ કર્મ પર દૃષ્ટિ જાય, પણ એ સામાની નાલાયકતા ન જુએ કે નાલાયક મારું માનતા નથી.' 'ના, હું નાલાયક છું કે એવા અનાદેય નામકર્મ જેવા પાપકર્મ લઈને આવ્યો છું કે મારું સારું પણ વચન સામાને ગ્રાહ્ય-આદેય નથી બનતું.' પાછો એ એટલું જ પોતાના અશુભ કર્મ પર દૃષ્ટિ નાખવાનું કહીને બેસી ન રહે પણ એ અશુભ કર્મ બંધાયાનાં કારણ વિચારે કે કેમ એ બંધાયું ?' કારણ વિચારીને હવે આ જીવનમાં એવાં કારણ દૂર કરવા અને એના સામેના ઉપાય આદરવાનું નક્કી કરી એનો પ્રયત્ન શરૂ કરી દે.

માટે જુઓ ધર્મપરિણતિવાળો શ્રીકંઠ રાજા આ કરે છે. એ વિચારે છે કેમ દેવોનાં વિમાન આગળ ચાલ્યાં ને મારું વિમાન અટકી પડ્યું ? જરૂર, મેં પૂર્વ જન્મમાં જિનભક્તિ ઓછી કરેલી તેથી પુણ્ય અધુરું મળવાથી અધુરી વિદ્યાશક્તિ-સામગ્રી મળી, ને યાત્રામાં અંતરાય થયો. તો હવે એ જિનભક્તિનો અધુરાશ કાઢી નાખું. અને જિનભક્તિ પૂરી કરું.'

**પૂરી ભક્તિ. પૂરી એટલે ? જિનની આજ્ઞાનું સંપૂર્ણ પાલન.**

ભક્તિ બે પ્રકારે, દ્રવ્યભક્તિ અને ભાવભક્તિ. (૧) દ્રવ્યભક્તિ પુષ્પ-ફળ અલંકાર-સંગીત નૃત્ય વગેરેથી થાય. (૨) ભાવ ભક્તિ દિલથી સ્તોત્ર-ગુણગાન અને આજ્ઞાપાલનથી થાય.

એમાં સર્વાંશ આજ્ઞાની શ્રદ્ધા આજ્ઞાસ્વીકાર એ સમ્યગ્દર્શન રૂપી અધુરી ભાવભક્તિ અને સર્વાંશે આજ્ઞાપાલન એ સમ્યક્ ચારિત્રસ્વરૂપ પૂરી ભાવભક્તિ. શ્રીકંઠ રાજાએ પૂરી ભાવભક્તિ કરવાનું નક્કી કર્યું. વિમાન પાછું લઈ આવી પુત્રને

રાજ્યગાદી સોંપી પોતે ચારિત્ર લીધું. ચારિત્ર પૂર્ણ આરાધી કર્મ ખપાવીને એ મોક્ષે ગયા.

શ્રીકંઠ રાજા મોક્ષ શી રીતે પામ્યા ? અંતરાય આપત્તિ આવતાં કર્મનાં ઉદયને પરખી એનાં કારણ વિચારી, હવે એ દૂર કરવા સામા ઉપાય આદર્યા ત્યારે; ઉપાયમાં પૂરી જિનભક્તિ કરી, તો મોક્ષ પામ્યા.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''   વર્ષ-૨૦,અંક-૩૩,તા.૨૯-૪-૧૯૭૨**

**આપણું બીજાઓ ન માને ત્યાં ખરાં કર્તવ્ય :-**

એમ આપણું કહ્યું બીજાઓને ગળે નથી ઊતરતું, બીજાઓ માન્ય નથી કરી લેતા, ત્યાં (૧) આપણાં જ અશુભ અનાદેય-નામકર્મ પર દૃષ્ટિ લઈ જવી; (૨) એની પાછળનાં કારણ દૂર કરવા; અને (૩) એની સામેના ઉપાયમાં જિનભક્તિ વધારવી, વગેરે કરવું જોઈએ, વગેરે એટલે (૪) બીજાઓને ઉતારી ન પાડતાં એનું ગૌરવ કરવું જોઈએ. (૫) એનાં વચનને ન તુચ્છકારતાં માન દેવું. તેનાં વચન ખોટાં હોય તો ય ઊકળી ન ઊઠતાં, પહેલાં એની એક યા બીજી વાતે કદર કરી એને માનપૂર્વક શાંતિથી સમજાવવું જોઈએ. (૬) વડીલોનું ગુરુનું સાધુ પુરુષોનું ગૌરવ કરવું (૭) એમનો વિનય સાચવવો. (૮) જશ એમને આપવો,- 'આપના પ્રભાવે જ આપના આશીર્વાદથી મારે આટલું કામ થયું.' (૯) રોફ-મદ, માયા-ગુસ્સો, ઈર્ષ્યા-નિંદા વગેરેને જીવનમાંથી દેશવટો દઈ દેવો જોઈએ. (૧૦) ત્યાગ, તપસ્યા, સંયમ, દાન -પરોપકાર વગેરે જીવનમાં મહેકાવવા જોઈએ. સાથે, પહેલો ઉપાય કહ્યો તે જિનભક્તિ દ્રવ્યથી અને ભાવથી ખૂબ વિકાસાવવી. ધર્મ પરિણતિમાંથી આ જન્મે.

**જુઓ સુલસાએ શું કહ્યું ?** પોતાનાં બીજાં વચન તો પતિ સ્વીકારી લે છે, પણ આ વચન એમના ગળે નથી ઊતરતું ને પુત્રની ઈચ્છા નથી શમતી, ત્યારે સુલસા કહે છે,-

તો પછી એમ કરો. મારા ભાગ્યમાં પુત્ર નથી લાગતો, તેથી તમે બીજી પત્ની કરીલો. એને હું મારી સગી બેનની જેમ સાચવીશ; કોઈ તમારે અશાંતિ નહિ થાય, ને સંભવ છે એનાથી તમારે પુત્રની ઈચ્છા પૂરી થાય !

પતિ નાગરથિક આ સાંભળવા તૈયાર નથી, કેમકે એણે પ્રતિજ્ઞા કરેલી છે કે સુલસા સિવાય બીજી પત્ની કરવી નહિ, તેથી એ જવાબમાં કહે છે,-

'આ તમે શું બોલ્યા ? આ જીવનમાં તમારા સિવાય કોઈ મોટો રાજા રાજ્ય



સહિત કન્યા આપે તો પણ બીજી પત્ની કરવી મારે ન ખપે. ભલે પુત્ર ન થાય તો કાંઈ નહિ. ખીરને છોડી ઘેંસ કોણ ઈચ્છે ? એ તો તમારાથી પુત્ર થાઓ તો થાઓ.'

બસ, સુલસાએ પતિનું એવું મન જોઈ આગ્રહ ન કર્યો પણ હવે એ પુત્ર વિના પતિને થતી સમાધિ કેમ દૂર કરવી એની ચિંતામાં પડી. પરંતુ એ ચિંતા કેવી ? અહીં એની ધર્મપરિણતિ આગળ આવે છે. એ વિચારે છે કે,-

**धर्मः कल्पद्रुमो धर्मश्चिन्तामणिर्मनोहरः ।**

**धर्मः कल्पलता धर्मः कामधेनुर्निगद्यते ॥**

ધર્મ એ કલ્પવૃક્ષ છે, ચિંતામણિ છે, કલ્પવૃક્ષની વેલડી છે અને કામધેનું છે, મનવાંછિત આપનારો છે. અરે ! ચિંતવ્યા કરતાં પણ અધિક આપનારો છે. પરંતુ મોહમૂઢ જીવો એવા સ્વર્ગ અને મોક્ષનાં સુખ આપનાર ધર્મને છોડી બીજે મન કરે છે, બીજે આનંદ પામે છે. નહિતર કહ્યું છે કે 'ધર્મથી શું શું મળે ? ધર્મથી ઉત્તમ કુળે જન્મ મળે, બીજાઓનો પ્રેમ મળે દીર્ઘ આયુષ્ય, નીરોગી રૂપાળું શરીર,અને ઈચ્છિત સંયોગો મળી આવે ધર્મથી ગુણાનુરાગ મળે.'

**પ્ર.-** ગુણાનુરાગ તો ગુણ છે, એ તો આત્માની અંદરની વસ્તુ છે. શું એ ધર્મથી મળે ?

**ઉ.-** હા, પૂર્વના શુદ્ધ ધર્મથી જો પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જ્યું હોય તો એવાં પુણ્યથી મળેલા મનનો દુરુપયોગ ન થાય. બીજાની ઉપર ઈર્ષ્યા ન થાય, પરંતુ એના થોડા કે વધુ ગુણ ઉપર પ્રેમ થાય. પુણ્યાનુબંધી પુણ્યનું કામ આ કે એ એવી તન-મન-ધનની અનુકુળતા આપે કે જેમાં દુર્બુદ્ધિ ન થાય, પાપિષ્ઠ ભાવનાઓ વિકલ્પો ન ઊઠે. બુદ્ધિ બગાડનારી સામગ્રી પાપાનુબંધી પુણ્યના ઘરની કહેવાય. બુદ્ધિ સ્વચ્છ નિર્મળ રહેવા દેનારી સામગ્રી પુણ્યાનુબંધી પુણ્યના ઘરની કહેવાય. એટલે ગુણાનુરાગની સદ્બુદ્ધિ મળવામાં પુણ્યાનુબંધી પુણ્ય કામ કરે છે, ને એવું પુણ્ય શુદ્ધ ધર્મથી ઊભું થાય છે; માટે કહેવાય કે ધર્મથી ગુણાનુરાગ મળે.

**પાપાનુબંધી પુણ્ય એટલે ?**

પાપાનુબંધી પુણ્ય એવું છે કે એ પુણ્યની સાથે પાપના યાને મોહના ઉગ્ર સંસ્કાર જામી પડેલા હોય છે; તેથી એ પુણ્યનો ઉદય થવાની સાથે એ સંસ્કારો પણ જાગતા થઈ જાય છે; તેથી એક બાજુ તો પુણ્યોદયે સુખસામગ્રી મળે છે, ને બીજી બાજુ પેલા સંસ્કારની જાગૃતિએ મોહની કષાયોની દુર્બુદ્ધિ ઊભી થાય છે. આ ઉપરથી સમજાઈ જશે કે જ્યાં એવો પ્રશ્ન થાય,

**પ્ર.-** ધર્મથી પુણ્ય ઊભું થઈ ધન વગેરે મળે છે, પણ ધન વગેરે તો મારનારા

બને છે. તો તારણહાર ધર્મ આવી મારણહાર સામગ્રી શા માટે દે છે ?

ઉ.- આ પ્રશ્નનું સમાધાન સ્પષ્ટ છે કે ધર્મ અલબત્ત સામગ્રી આપે છે પરંતુ એમાં મારણહારપણું નથી આપતો. ધર્મ તો તારણહાર છે, એટલે સામગ્રી ય તારણહાર આપે; કિન્તુ ધર્મ કરવાની સાથે જે મોહ રાખ્યો દુન્યવી વસ્તુની આશંસા લાલસા, ઉત્કટ અભિલાષા-આકર્ષણ રાખ્યાં, એના સંસ્કાર મારણહાર દુર્બુદ્ધિ દે છે; એના સંસ્કારોમાં, સંસ્કારોથી નીપજતી મોહ બુદ્ધિમાં કષાય-બુદ્ધિમાં દુર્બુદ્ધિમાં મારણહારપણું છે. મોહના લીધે આ મારણહાર દુર્બુદ્ધિ મળે એમાં ધર્મનો શો ગુનો ? ધર્મ તો સામગ્રી આપીને કૃતાર્થ થઈ ગયો; દુર્બુદ્ધિ તો મોહે કરાવી.

પૂછો,-

**પ્ર.**- પણ ધર્મે એવી સામગ્રી આપી તો એના પર દુર્બુદ્ધિ થઈ ને ?

ઉ.- અરે ! એવી સામગ્રી આપી તો એના ઉપર તો કેટલાય ભાગ્યવાન સદ્‌બુદ્ધિ કરી મહાન સુકૃતો કરી ગયા. વળી એ પણ જુઓ કે સામગ્રી ન મળી હોય તો પણ દુર્બુદ્ધિ થાય છે, એના આ જગતમાં ક્રોડો દૃષ્ટાન્ત છે. જગતમાં દુઃખી જીવો કેટલા ? ગરીબ માંદલા અને ગુલામી ભોગવનારા જીવો કેટલા ? ઘણા બધાં. એમાં સારી બુદ્ધિવાળા કેટલા ? અને દુબુદ્ધિવાળાનું પ્રમાણ કેટલું ? કહેવું જ પડશે કે દુર્બુદ્ધિવાળા જીવો બહુ મોટી સંખ્યામાં. એટલે ? એ જ કે ધન, સારું શરીર, અને સત્તાધીશપણું, વગેરે સામગ્રી નથી છતાં દુર્બુદ્ધિ છે. શાથી ? પૂર્વેથી મહામોહના અને ગાઢ-રાગ-દ્વેષના સંસ્કાર લઈ આવ્યા છે માટે. આ ઉપરથી સમજાશે કે ધન-શરીર સત્તા વગેરે ઉપર જે દુર્બુદ્ધિ કરાય છે તે પણ પૂર્વના તીવ્ર રાગ-દ્વેષ-મોહના સંસ્કારોને લઈને કરાય છે. કિન્તુ ધન-શરીર વગેરેને લીધે નહિ.

**પ્ર.**- તો પછી શાસ્ત્રો કેમ ધન વગેરેની ખોદણી કરે છે ?

ઉ.- એનું કારણ, મૂળમાં મોહ-રાગ-દ્વેષની જો દુર્બુદ્ધિ છે, જો એના સંસ્કાર પડેલા છે, તો એ જાગ્રત થવામાં ધનાદિ નિમિત્ત બને છે. ધન વગેરે એ દુર્બુદ્ધિને વિકસવામાં નિમિત્ત બની જાય છે; માટે એની ખોદણી થાય છે. માણસને આમ મૂળમાં અભિમાન હોય, પણ ધન સારું મળવા પર અભિમાન વિકસે છે એમ દુરાચારીનો દુરાચાર ધન પર ફાલેફૂલે છે. માટે ધન વગેરેને ખતરનાક કહ્યા છે.

**પ્ર.**- તો એમ તો ધર્માત્માને પણ ધનમળવા પર ઉદારતા વગેરે વિકસે છે ને ? તો ધન એકાંતે ખતરનાક ક્યાં રહ્યું ?

ઉ.- આ પ્રશ્ન ખરો કર્યો ! હવે અહીં જરાક અંદર ઊતરી વિચારો. ધર્માત્મા પણ ધન પર સારી શુદ્ધ ઉદારતા ક્યારે કરી શકે છે ? ઉદારતા કરે તે ધનને શું સમજી ને કરે ? તારણહાર ? કે મારણહાર ? ધનને જો તારણહાર સુખદાયી



સમજે, તો તો હાથમાંથી ધન છૂટી જ ન શકે. ધર્માત્મા તો સમજે છે કે

**આ ધન જેટલું હાથમાં રહ્યું એટલા વધારે ષટ્‌કાય જીવ સંહારમય આરંભ સમારંભમાં અને વિષયોના વિલાસ રંગરાગ તથા મમત્વ કરાવવામાં જવાનું છે. માટે બને તેટલું એને સત્કાર્યમાં જવા દો.'**

આ સમજ હોય તો સારી શુદ્ધ ઉદારતા અને સુકૃતો થાય. તો ધર્માત્મામાં ઉદારતા વિકસી તે ધનના લીધે નહિ, ધનના સારાપણને લીધે નહિ, પરંતુ 'ધન મારણહાર છે, એવી સારી બુદ્ધિના લીધે. તેમજ ધર્મની સદ્‌બુદ્ધિના લીધે. બાકી ચાલો ધનથી ધર્મ કરી લો, તો ધન વધુ મળશે. એમ ધનને તારણહાર સમજે, તો તો એમ વાપરેલું ધન એના ડૂચા કાઢી નાખે.

જીવનમાં અનાદિના તો મોહના સંસ્કાર પડેલા જ છે. મૂઢ જીવ પાછો મનુષ્ય ભવ પામી વધુ ધન મેળવવા દાન ધર્મ કરીને ય મોહની બુદ્ધિને સાધે છે. પોષે છે તેથી મોહના સંસ્કાર તીવ્ર થાય છે. ગાઢ બને છે એ આગળ જઈને દુર્બુદ્ધિ કરાવે છે એ વિકસવામાં પેલા ધર્મથી મળેલી સામગ્રી નિમિત્ત બની જાય છે. માટે ધન વગેરે સામગ્રી મારણહાર બને છે. પરંતુ તેથી કાંઈ ધર્મે મારણહાર સામગ્રી આપી એમ ન કહેવાય. ધર્મે તો સારી સામગ્રી આપી, પણ પૂર્વના મોહ-સંસ્કારો દુર્બુદ્ધિ કરાવી એ સામગ્રીમાં મારણહારપણું ઊભું કર્યું. જેમ,

**દાનમાં મળેલ પૈસા પર દાણચોરીના ધંધાનું દૃષ્ટાન્ત :-**

દા.ત. કોઈ ઉદાર દયાળુ શેઠે કોઈ ગરીબને સારો વેપાર કરવા માટે પૈસા આપ્યા, પરંતુ પેલો જો એનાથી દાણચોરી વગેરેના ધંધામાં લગાવી દે, અને સરકારમાં પકડાઈ જઈ ૨-૫ વરસની જેલમાં જાય, તો દાતાર શેઠે એને જેલમાં મોકલનારી સામગ્રી આપી એમ ન કહેવાય. અલબત પૈસા નિમિત્ત બન્યા છે, પૈસા ન હોત તો એવો દાણોચોરીનો ધંધો ન કરી શકત. પરંતુ જેલ ભેગા થવું પડ્યું એ શેઠે આપેલા પૈસાના લીધે નહિ, શેઠના લીધે નહિ, કિન્તુ પોતાની અવળચંડાઈના લીધે. એમ જ કહેવાય.

એવી રીતે અહીં દુર્બુદ્ધિ વિકસવામાં પૈસા નિમિત્ત બની ગયા, છતાં 'ધર્મ કાંઈ દુર્બુદ્ધિ વિકસાવનાર પૈસા આપે છે.' એવું ન કહેવાય. દુર્બુદ્ધિ તો મોહના ઉગ્ર સંસ્કાર કરાવે છે. ત્યાં જેમ શેઠ પૈસા આપી કૃતાર્થ થયા એમ અહીં ધર્મ એ સામગ્રી આપી કૃતાર્થ થયો. જેમ ત્યાં પૈસામાં મારણહારતા યાને દાણચોરી દ્વારા જેલ તો પેલાની અવળચંડાઈએ ઊભી કરી આપી, એમ અહીં સામગ્રીમાં મારણહારપણું મોહના ઘેરા સંસ્કાર દ્વારા થતી દુર્બુદ્ધિ ઊભી કરી આપે છે. જીવને વધુ સંભવ મોહના સંસ્કારથી થતી દુર્બુદ્ધિનો છે. ને એથી જ ધનાદિ સામગ્રીનું

એનામાં ઉત્તેજન કરે એવો મોટો સંભવ છે, તેથી શાસ્ત્રોએ ધનાદિને ખતરનાક કહ્યા.

વાત આ હતી કે શુદ્ધ ધર્મ ન સાધ્યો હોય, પરંતુ તીવ્ર મોહ સહિત ધર્મ આરાધ્યો હોય, તો એ ધર્મ અને મોહ બેનાં મિશ્રણથી પાપાનુબંધી પુણ્ય ઊભું થાય છે; અને એથી મળતી સામગ્રીમાં દુર્બુદ્ધિ મહા આરંભ પરિગ્રહની દુર્બુદ્ધિ તથા અભિમાનાદિ કષાયની, ઈર્ષ્યા નિંદા વેરઝેરની વગેરે દુર્બુદ્ધિ ઊભી થાય છે.

એના બદલે જો મોહની ઘૃણા અરુચિ રાખી શુદ્ધ ધર્મ સાધ્યો હોય તો પુણ્યાનુબંધી પુણ્ય ઊભુ થઈ એથી એવી સામગ્રી મળે છે કે જેમાં પેલી દુર્બુદ્ધિ નહિ, પરંતુ એથી ઊલટું દયા-દાન-શીલ, ત્યાગ-તપ સંયમ ગુણાનુરાગ વગેરે સદ્બદ્ધિ ઝળકે છે.

માટે અહીં સુલસા આ વિચારી રહી છે કે ધર્મથી ધન-પરિવાર યશ વગેરે સાથે ગુણાનુરાગ પણ મળે છે. પૂર્વે શુદ્ધ ધર્મ સાધ્યો હોય તો અહીં ગુણાનુરાગ મળે.

બીજી રીતે પણ એમ કહેવાય કે જિનેશ્વર ભગવાનનો ધર્મ પાયામાં મૈત્રી-પ્રમોદ કરુણા ઉપેક્ષાના ભાવ જરૂરી બતાવે છે. તેથી એ ધર્મનું શરણું લે, એ સહેજે પ્રમોદ યાને બીજાના ગુણ પર આનંદ ગુણાનુરાગ પામે. આ ગુણાનુરાગ કોણે પમાડ્યો ? વીતરાગ પ્રભુના ધર્મે. માટે પણ ધર્મથી ગુણાનુરાગ મળે છે.

એમ કહેવાય.

સુલસા ધર્મનો મહિમા વિચારતાં હવે આ વિચારે છે કે ધર્મથી જ (૧) સારા પુત્રનો લાભ થાય છે, ધર્મથી પુણ્ય વધે અને પુણ્ય જ મનગમતા દીકરા વગેરે મેળવી આપે છે. (૨) લોકમાં પ્રભુત્વ ધર્મના પ્રભાવે મળે છે. (૩) ઘરમાં લક્ષ્મીના પગલાં, (૪) મુખમાં આકર્ષક વાણી, (૫) બાવડામાં શૂરાતનપણું અને (૬) હાથમાં દાન, તેમજ (૭) અંગ પર સૌભાગ્ય. તથા (૮) હૃદયમાં સારી બુદ્ધિ, ને (૯) દિશાઓમાં પ્રસરનારી કીર્તિ ઉજ્જવળ ધર્મથી થાય.

**लक्ष्मीः स्वगेहे, वदने च वाणी, शौर्यं च बाहौ, स्वकरे च दानम् ।**
**सौभाग्यमङ्गे हृदये सुधीश्च, कीर्तिश्च दिक्षूज्जवलधर्मतः स्यात् ॥**
**रे चित्त ! खेदं किमुपैषि नित्यं, दृष्ट्वाऽन्यवस्तूनि मनोहराणि ?**
**धर्मं कुरुष्व यदीच्छसीष्टं धर्मं विना नैव समीहित स्यात् ॥**

હે મન ! (તારી પાસે નથી એવી) બીજી મનોહર વસ્તુઓ જોઈને ખિન્ન શા માટે થાય છે. (કે 'અરેરે ! મને આ ન મળી) ? જો ગમતી ચીજ જોઈતી હોય તો ધર્મ આચર. ધર્મ વિના ઇચ્છિત પાર ન પડે.'

સુલસા પતિના ચિત્તની અસ્વસ્થતા અસમાધિ જે કારણે છે તે કારણ-



પુત્રનો અભાવ દૂર કરવા માગે છે. પરંતુ એનો વિવેક જુઓ કે એ માટે એ બાવા જોગી જોગણ દોરા ધાગા મંતરજંતર વગેરેમાં પડવા નથી માગતી એના ચિત્તમાં ધર્મપરિણતિ છે. એટલે એ તો મૂળ પકડે છે કે જગતમાં એકમાત્ર ધર્મ જ સુખ આપનાર છે. **ઠેઠ મોક્ષ સુધીનું ઊંચું સુખ જો ધર્મથી મળે, તો એથી નીચી કોટિનાં સુખ ધર્મ ન આપે ?** જીવની એ મૂઢતા મૂર્ખતા છે કે સુખની ઇચ્છાથી ધર્મના બદલે બીજે મોંઢું ઘાલે છે. ત્યારે એને મળે છે પણ ક્યાં ? દુનિયામાં પૈસા બળ, પુત્ર વગેરે ઇચ્છનારા અને એ માટે આડી અવળી મહેનત કરનાર કેટલા ? છતાં એમાંથી મળે કેટલાને ? બહુ થોડાને. એ જ સૂચવે છે બહુ થોડાઓએ પૂર્વે ધર્મ કર્યો હોય છે, તેથી એમને અહીં ન ધાર્યા પણ લાભ થાય છે. ધર્મથી જ સારું કુળ, બીજાનો પ્રેમ, દીર્ઘ આયુષ્ય, નીરોગિપણું, વાણીમાં મધ, સારા પુત્ર, પ્રભુત્વ ઘર-દુકાન બધું ધર્મથી મળે.

**ધર્મશ્રદ્ધા સાચી તે, કે જેથી જીવનમાં ધર્મને મુખ્ય કરાય.**

સુલસાની શ્રદ્ધા શ્રદ્ધારૂપ ધર્મની પરિણતિ અને વિચારધારા જોવા જેવી છે. શું જોવાનું ? આ, કે જીવનમાં ધર્મની મુખ્યતા કરવા જેવી છે, પણ ધન પુત્રાદિ સુખની મુખ્યતા નહિ. માટે તો સુલસા એમ નથી વિચારતી કે લાવને ધરમ કરું તો દીકરો મળે; પણ એમ વિચારે છે કે પુત્ર શું કે પ્રભુતા શું, ધન શું કે પ્રતિષ્ઠા શું, કાંઈ પણ સુખ સગવડ મનગમતી બની આવતી હોય, તો ધર્મથી જ બની આવે છે.'

**'ધર્મથી ધન મળે,' ને 'ધનથી ધર્મ મળે' બેમાં બહુ ફરક.**

'ધર્મ કરીએ તો ચાલો ધન મળશે. એ માનવામાં ધર્મનું ફળ માત્ર સારું ધન માન્યું, આત્મ કલ્યાણ કે સદ્ગતિ નહિ, આત્મ વિશુદ્ધિ નહિ, મોક્ષ નહિ. ધર્મ કરીને ધન જ મેળવવામાં તો બુદ્ધિ આવી થઈ કે ઠીક છે વેપાર કરીએ તો પણ ધનની પ્રાપ્તિ થાય, અને ધર્મ કરીએ તો ય ધન મળી આવે; પરંતુ વેપાર કરતાં ધર્મ જરા વધુ ચમત્કારી છે. એટલે વેપારની સાથે એવો કોઈક પારસનાથને પૂજવાનો કે નવકારજાપ કરવાનો ધર્મ રાખ્યો હોય તો વેપારને બળ મળે, અને આપણું કામ થઈ જાય,'- આટલી જ ધર્મ પાસેથી માત્ર ધન ઓકાવી લેવાની ભાવના છે. એથી આગળ ધર્મ પાસેથી કશું જોઈતું નથી આ ધર્મથી ધન મળે માનનારની મનોદશા છે.

એમાં જો કોઈ માણસ બીજો જંતરમંતર, ચંડી ભવાની-મહાલક્ષ્મી ધનદાતા તરીકે દેખાડી દે, તો એને ય વળગી પડશે. જેને ઉદ્દેશ માત્ર ધનનો છે, એ ધર્મથી મળો કે ગમે તે રીતે મળો, એ કોઈ પણ ઉપાય ખપે છે. એટલે એમાં શુદ્ધ ધર્મની શ્રદ્ધા નથી. ત્યારે

'ધન પણ ધર્મથી જ મળે એવું માનનારની મનોદશા માત્ર ધર્મ પર જ શ્રદ્ધાવાળી છે. એને મન એમ છે કે હું બીજે ક્યાંય શું કામ ફાંફા મારું, ધર્મ જ કરું જે ધર્મમાં મોક્ષના અનંત સુખ આપવાની તાકાત છે એ ધર્મમાં શું સંસારમાં મામૂલી ગણાતા સુખ કે સગવડ આપવાની તાકાત ન હોય ? જરૂર હોય. સંસાર લઈને બેઠો છું એટલે શાંતિથી સાધના કરવા માટે સમાધિથી જીવન ચલાવવા માટે થોડી સુખ સગવડની જરૂર રહે છે. અને એ આપવાની તાકાત ધર્મ સિવાય બીજા કશામાં નથી. વેપાર ને પરિવાર સુખ-સગવડ આપતા દેખાય ખરા, પરંતુ તે એની પાછળ ધર્મનું બળ હોય તો જ, નહિતર નહિ. માટે તો ધર્મબળ ખૂટી ગયે, છતે વેપારે ખોટ જાય છે, છતે પરિવારે લોહી શેકણાં થાય છે. કેમ ભાઈ ? વેપાર શું પૈસા આપનારો ? કે પૈસા આંચકી લેનારો ? પરિવાર એ ઠારનારો કે બાળનારો ? તમે અહીં ઝટ પૂછવાના,

**પ્ર.**- કેમ વળી ? ઊંધો નહિ પણ સીધો વેપાર હોય તો તો એ પૈસા આપે છે ને ? સારો પરિવાર સુખ આપી ઠારે છે ને ?

**ઉ.**- હાં, તો એ બોલો, સીધો વેપાર અને સારો પ્રેમી પરિવાર શી રીતે મળે ? તમારી હોશિયારીથી ? હોશિયારી તો પહેલાં પણ હતી, ને અત્યારે ય ઊભી છે, જતી નથી રહી, તો પછી કેમ અત્યારે વેપાર ઊંધા પડે છે ? પત્નીને પહેલાં પ્રેમથી જીતી હતી, તે તમારો પ્રેમ તો અત્યારે પણ ચાલુ છે, તો પછી કેમ એ અત્યારે વાંકી થઈ ઠારવાને બદલે બાળનારી બને છે ? ત્યાં આ જ કહેવું પડે છે કે ધર્મનું પુણ્યનું બળ હતું ત્યાં સુધી વેપાર સીધો પડતો હતો, ને પત્ની પરિવાર પ્રેમાળ ને ઠારનાર બન્યા રહ્યા હતા; તે એ બળ ખૂટ્યું એટલે એની એજ હોશિયારી બુદ્ધિશક્તિ ઊભી છતાં વેપાર ઊંધો પડે છે, ને એનો એ જ તમારો પ્રેમ કાયમ છતાં પત્ની-પુત્ર પરિવાર તમારા પર દ્વેષિલા ને બાળનારા બને છે.

જોજો અહીં બીજા ગમે તેટલાં કારણ આગળ ધરો, **પણ ધર્મ સિવાયનાં કારણો એ બધાં બહાનાં છે. છેવટે તો ધર્મબળ ઉપર જ આવવું પડે.**

કદાચ કહો, 'ના, એ તો ફલાણા ઉપર વિશ્વાસ રાખી એની ખોટી સલાહે ચાલ્યા એટલે વેપાર ઊંધો પડ્યો, તો પાછો સવાલ આ છે કે એવો વિશ્વાસ કેમ મૂક્યો ? તે એ તો પહેલેથી વિશ્વાસમૂક્તા આવ્યા હતા તે મૂક્યો એમ કહો, તો ત્યાં પણ આ સવાલ કે પહેલાં એની સલાહ સાચી પડતી હતી તો અત્યારે કેમ ખોટી પડી ? ત્યાં કહેવું જ પડે કે અમારું ધર્મબળ-પુણ્યબળ દૂબળું પડ્યું તેથીસ્તો નહિતર એને કાંઈ ઠગવાની ભાવના નહોતી થઈ. કદાચ એ થઈ પણ હોય, તો ય એમાં પણ આપણું ધર્મબળ કાચું પડ્યું માટે. અને જો એ ઠગવા તો નહિ, પણ



ખોટી ગણતરીમાં પડ્યો માટે એની સલાહ ખોટી પડી હોય, તો ત્યાં પણ આપણા ધર્મબળની-પુણ્યબળની ખામીથી એમ બન્યું એ જ કહેવાય.

એવું એકવારની પ્રેમાળ પત્ની કે પ્રેમાળ પુત્રાદિ પરિવાર અત્યારે દ્વેષિલા થતા હોય, તો ત્યાં પણ આપણા પુણ્યબળની ધર્મબળની ખામીના લીધે. ત્યાં પછી બીજાં ત્રીજાં બહાનાં આગળ ધરવા એ નકામું છે. એ પત્ની ને પુત્રાદિ, સંગ ખોટા મળ્યા, ઊંધી સલાહો મળી, એની અસર થવાથી એ દ્વેષિલા થયા, એમ ઉપરથી ભલે દેખાય પરંતુ અંતરંગ કારણ તો આજ કહેવું પડે કે એકવાર આપણા ધર્મબળની પુણ્યબળની અસર હતી તેથી એ આપણને જ જોતા હતા ને આજે બીજાની અસરમાં તણાય છે એ આપણા ધર્મબળ-પુણ્યબળમાં ખામી આવી માટે.

**છેવટે ધર્મબળ પર આવો તો જ ચિત્તને શાંતિ-સમાધિ રહેશે.**

**ધર્મબળનું અનન્ય મહત્ત્વ મૂકી બીજા ત્રીજાં બહાનાં જોવામાં વિચારવામાં અશાંતિ કષાય-દુર્ધ્યાન થવાનાં.**

દુન્યવી બાબત વેપાર-પૈસા-પરિવાર સુખ સગવડમાં ક્યાંય જરા કમીના આવી, આપત્તિ આવી, ઊંધું દેખાયું, ત્યાં તરત જ ભળતાં કારણ ને મહત્ત્વ આપવાનું છોડી ધર્મબળને જ મહત્ત્વ આપો. મારું ધર્મબળ-પુણ્યબળ કાચું પડ્યું માટે આમ બન્યું, એજ વિચારો, વિચારીને ધર્મબળ વધારવાનું કરો. ધર્મ પરિણતિ લાવવી છે ?

**ધર્મપરિણતિ આ, કે ધર્મબળનું મહત્ત્વ લાગે, ને કોઈપણ કમીના આપત્તિ કે અગવડમાં માત્ર પોતાના ધર્મબળ તરફ જ દૃષ્ટિ જાય તેમ ધર્મબળ વધારવાની પ્રેરણા આપે.**

એટલે ? વેપારથી પૈસો મળતો દેખાય, પરંતુ મનમાં મહત્ત્વ વેપારનું નહિ, પણ ધર્મબળનું જ લાગતું હોય. તેથી મન સમજે કે વેપાર સાથે ધર્મબળ ઊભું છે એટલે જ વેપારથી પૈસા આવતા દેખાય છે; અને ધર્મબળ ખૂટી ગયે એના એ જ વેપારમાં પૈસાની ખોટ આવે છે. ઊલટા ઘરના કાઢવા પડે છે. મહત્ત્વ ધર્મબળ હતું ત્યાં સુધી એ સીધા ચાલ્યા, અનુકૂળ વર્ત્યા, ને આપણું ધર્મબળ ખૂટ્યું કે એ વાંકા થયા, પ્રતિકૂળ ચાલ્યા, આવું બધે જ વિચારવાનું.

મહત્ત્વ ધર્મબળનું એ બરાબર હૃદયમાં બેઠું હોય તો આ મનાવે બોલાવે કે ધન શું કે પરિવાર શું, બધું ધર્મથી જ મળે. યાવત એ મળવા પર શાંતિથી આરાધના થાય; માટે ધર્મબળ વધારતો જાઊં આ માન્યતામાં ધર્મની શ્રદ્ધા છે ત્યારે 'ધર્મથી પૈસા મળે માટે ધર્મ કરું,' એટલું માનવામાં રાગ પૈસાનો છે., મહત્વ પૈસાનું લાગ્યું છે. તો મનને જેનું મહત્ત્વ, જેનો રાગ, એની જ શ્રદ્ધા કહેવાય.

'ધર્મથી ધન મળે' વાળાને ધનની શ્રદ્ધા છે, ધર્મની નહિ; કેમકે રાગ પૈસાનો છે. મહત્ત્વ પૈસાનું લાગે છે, ને ધર્મ તો ધન મળે એટલા પૂરતો જ કરે છે. તે મનમાન્ય પૈસા મળી ગયા પછી ધર્મને ભૂલી જવાનો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૦,અંક-૩૪,તા.૬-૫-૧૯૭૨**

સારાંશ, 'ધર્મથી ધન મળે' એ જુદું, ને ધન ધર્મથી જ મળે એ જુદું બે માન્યતામાં મોટો ફરક છે. એકમાં પૈસા પર શ્રદ્ધા છે, રાગ છે. એ રાગ અનંતાનુબંધીનો, એટલે સમ્યકત્વ ન આવવા દે; મિથ્યાત્વને પોષે, પુષ્ટ રાખે, કેટલી દુર્દશા ? ધર્મ કરીને પૈસા મેળવે, પણ અનંતાનુબંધી રાગ વધારી મિથ્યાત્વની પુષ્ટિ કરે ! એનું પરિણામ ? ભવમાં અતિ દીર્ઘ કાળ ભટકવાનું, બીજી માન્યતામાં ધર્મ પર શ્રદ્ધા છે. રાગ છે, 'ધર્મથી જ બધું સારું થવાનું, માટે મારે તો જીવનમાં ધર્મ જ મુખ્ય' આ મનોદશા હોય. હવે સુલસાની મનોદશા ફરીથી યાદ કરો-

**સુલસાની આ વિચારણા છે,-**

પતિને પુત્ર જોઈએ છે, નહિતર એમનું ચિત્ત ઉદ્વેગ-અસમાધિમાં રહે છે. આ અસમાધિ ટાળવી જોઈએ. તો પુત્ર માટે શું કરવાનું ? બીજા ફાંફા નકામા છે, ધર્મ એ કલ્પવૃક્ષ છે, ચિંતામણિ છે, કામધેનું છે, ધર્મથી જ સારું, કુળ સારું શરીર મળે છે. ઘરમાં લક્ષ્મી ધર્મથી આવે; મુખમાં મધ જેવી અને યુક્તિયુક્ત વાણી પણ ધર્મથી જ આવે; બાવડામાં શૂરાતન અને પુત્રાદિ પરિવાર પણ ધર્મથી જ આવે...માટે હે ચિત્ત ! જગતનું સારું જોઈને ખેદ શો કરે ? ઈષ્ટ જોઈતું હોય તો ધર્મ કર.'

ક્યાં દૃષ્ટિ નાખી ? ધર્મ પર. બધી ય વાતમાં ધર્મનું જ બળ માન્યું, ધર્મથી જ મળવાની શ્રદ્ધા રાખી ત્યારે તપાસો આજના જીવોનાં ચિત્તની દશા એ એવી કે ઘરમાં પૈસા ક્યાંથી આવે ? તો કે વેપારધંધાથી. વાણી આકર્ષક શી રીતે આવડે ? તો કે બહુ ભણીને ગ્રેજ્યુએટ પ્રોફેસર થવાથી. બાવડામાં જોર શી રીતે આવે ? પૌષ્ટિક ખોરાક ને કસરત કરવાથી. હાથ શેનાથી શોભે ? સારા પટ્ટાવાળાં સારું ઘડિયાળ લગાવવાથી. શરીર પર લાવણ્ય સૌભાગ્ય શી રીતે આવે ? સ્નાન પફપાવડર ને વટબંધ કપડાથી, કીર્તિ શી રીતે ફેલાય ? પૈસા દમામ તકતી માનપત્ર ગેઝેટિંગથી. બોલો, આવી મનોદશામાં ક્યાંય કારણ તરીકે ધર્મને સ્થાન છે ? ના, પછી શું કામ જીવનમાં એ ધર્મને મહત્ત્વ આપે ? ધર્મને મુખ્ય સ્થાને રાખે, ને બીજું બધું ગૌણ, એ એનામાં ક્યાંથી હોય ?

પૈસા વેપાર ધંધાથી જ મળવાનું માન્યું એટલે એમાં પછી લોભ પોલિસી-



ઓંઠકોઠ જૂઠ અનીતિનો સંકોચ ન રહ્યો. દિવસનો મોટો ભાગ એમાં, બાકી ખાનપાન મજામાં; અને રાત આરામમાં. ધર્મને સમય કેટલો દેવાનો ? દાન જિનભક્તિમાં કેટલું દેવાનું.

મજબૂત બાવડાં અને શરીર પૌષ્ટિક ખોરાક અને સવારે ફરવાથી ને કસરત કરવાથી માન્યું પછી પડિક્કમણું શાનું ? દૂધ-ઘી પેટમાં અને કુટુંબમાં ખાસું જાય, પણ ભગવાનની ભક્તિમાં ૧૦ તોલા ય દૂધ શાનું ? ઘીની માત્ર દિવેટ પણ શાની ? જીવનમાં ત્યાગ તપ તો કરાય જ શાના ? શરીર નબળું પડી જાય ને ?

પૈસા હોશિયારીથી મળવાનું માન્યું એટલે પછી પૈસા માટે ગમે તેવા હલકા ધંધા કરતાં છળ-કપટ કરતાં, નોકરને ચૂસતાં, ઘરાકોને નિચોવતાં સંકોચ શાનો ? આબરૂ વટથી રહેવામાં માની, પછી દમામમાં ખર્ચ કેટલો ? ને પરમાર્થમાં કેટલો ?

કીર્તિ તો તકતી જાહેરાતથી મળે, એમ માન્યા પછી ભગવાનના દરબારમાં ય તકતી,- 'શેઠ ફલાણાએ આ પબાસણમાં આટલા રૂ. આપ્યા, ફલાણા તરફથી ચાંદીના પાટલા ભેટ'

કહો, જો,

**છોકરો જુદો રહેતો હોય અને બાપને રહેવાના મકાનમાં થોડું રિપેરિંગ કરી આપે તો તકતી લગાડે ખરા કે આ રિપેરિંગ છોકરાએ કરી આપ્યું ? કોચ પલંગ વસાવી આપે તો એના પર લખાવે ખરો કે આ છોકરા તરફથી ભેટ ? આજે ભગવાનના આજના કુળ દીપક (!) પુત્રોથી આ કેવું ધતિંગ ચાલ્યું છે ?**

**બાપની ભક્તિ પર બોર્ડ લગાવે ? :-**

જીવનમાં ધર્મ તારણહાર હોવાનું દિલમાં બેઠું નથી એટલે ધર્મદાતા ભગવાન મારા પિતા છે, તેમજ આ સુંદર મનુષ્યભવ,સશક્ત શરીર, અને બીજી પુણ્યાઈ એમના પ્રભાવે મળી, એમની કૃપાનો એ વારસો છે, માટે પણ ભગવાન પિતા છે. તો પિતાએ આપેલામાંથી પિતાની ભક્તિ કરું, પૂજા આંગી રાખું, એમાં મારી વડાઈ શી ગાવાની ? એમાં મારી નામનાની જાહેરાતના પાટિયાં શાના લગાવવાના ? કોઈ દીકરો બાપને રહેવાના મકાન આગળ પાટિયું લગાવે ખરો કે આજે બાપને સારાં કપડા દીકરા તરફથી મળેલાં છે. બાપની આગળ સંગીત કાર્યક્રમ પુત્ર તરફથી રાખવામાં આવ્યો છે ?

**ભગવાન દયાપાત્ર ? :-**

પરંતુ મૂળમાં હું ભગવાનનો દીકરો છું એવું મનમાં ક્યાં છે ? હું શેઠ છું દાતાર છું આ જ મનમાં બેઠું છે. ભગવાનનું બિચારાનું કોઈ કરનાર નહિ, તે આ શેઠે આ દિલાવર દાતારે કરી આપ્યું, ભગવાનને દયા દાન કર્યું, એમ જ ને ? ત્યાં

ભગવાનને પરાશ્રિત ગરીબ દયાપાત્ર યાચક જ બનાવ્યા ને ? કાંઈ આમ કરવામાં પોતાને લાજ શરમ આવે ? ભગવાનને પોતે દાન કરનારો મોટો દાતાર માન્યા પછી તો જેટલી વાર પોતાની તકતી વાંચે એટલી વાર મનમાં વડાઈ લેવાનો; પછી ભલે એમાં ભગવાનની અવગણનાનાં કાળાં કર્મના થોક બંધાય.

**ભગવાનનું પિતાપણું ક્યારે યાદ આવે ? :-**

'હું ભગવાન તરફથી કિંમતી વારસો લઈ બેઠેલો ભગવાનનો પુત્ર છું, એવું મનમાં ય ક્યાં ફરકે છે ? કહો જો, મનમાં આ ક્યારે આવે છે ? પરોઢિયે ? બપોરે માલપૂડા ખાધા પછી ? કે બજારમાં સારું કમાયા પર ? યા રાતે સૂવા જતી વખતે ? ક્યારે આ યાદ આવે ? રવિવારે પર્વ તિથિએ ? કે વરસમાં એક વાર સંવત્સરીએ ? યા બેસતા વરસે ?

ના, બેસતા વરસે તો એ યાદ આવે છે કે, ભગવાન હું તમારું માત્ર મંગળમુખ દેખું, ભૂખડી બારસ પૂજા કરું ને તમે મને ઢગલો દેજો, ઢગલો પૈસા દેજો, મારું શરીર સારું રાખજો, મારા કુંટુબની આબાદી રાખજો, આ દીકરી મોટી થઈ છે, એને સારો લાખો પતિ મુરતિયો મેળવી આપજો, ધંધામાં વિકાસ કરી આપજો...' **કેટકેટલું ભગવાન પાસેથી આંચકવું છે ? કેટલી કિંમત પર ? શી માન્યતા પર ? મળ્યા પછી પણ ખાનગી પ્રભુભક્તિ ખરી ?**

પુણ્યના ઉદયે આટલું બધું કદાચ મળી જાય, તો પછી પણ માનવાનું ખરું કે ભગવાને મને બહુ આપ્યું, કેવા મારા કલ્યાણપિતા ? હું હવે એમની ખાનગીમાં શી શી મોટી સેવા કરી આવું ? આવા ઉમળકા અને એ પ્રમાણે વર્તાવ ખરો ? નવકારવાળી ગણો. ભગવાન મારા પિતા છે. એવું મનમાં આવે તો ને ? ભગવાને મારું ઘણું કર્યું, હવે હું ભગાવનનું ઘણું કરું એવું મનમાં આવે છે ? ઊલટું, મનમાં તો પાછું હું ભગવાનનને ત્યાં દાન કરનારો એ આવે છે. હું ભગાવનનું કરનારો એમ મનને થાય છે. એટલે કીર્તિની તકતી કે પાટિયે નામ ચડાવવાનું મન થાય છે.

**પૂજાભક્તિમાં કોણે કોનું કર્યું ? :-**

અલ્યા ! ભગવાને તારું કેટલું કર્યું, એમાંથી ભગવાનને તું કેટલા ટકા દે છે ? આ એને કોણ પૂછે ? પૂજાભક્તિ કરીને તેં ભગવાનનું કર્યું ? કે ભગવાને તને જગતમાં શ્રેષ્ઠ એવી જિનપૂજાનો લાભ આપી ભગવાને તારું ભલું કર્યું ? હૈયાને તપાસજો, સહેજ કાંઈક દેવ-ગુરુ-શાસ્ત્ર-સંઘની ભક્તિ કર્યા પછી શું લાગે છે ? દેવગુરુએ આપણું ભલું કર્યું ? કે આપણે દેવ-ગુરુનું ભલું કર્યું ? જો આપણું એમણે કર્યું માનીએ, તો તો જરાય તકતી પાટિયું ગેઝેટિંગ કરવાનું મન ન થાય કે આપણા તરફથી દેવ-ગુરુ-શાસ્ત્ર-સંઘનું આટલું કામ કરાવવામાં આવ્યું કે આટલી



ભેટ મળી.

**દેવાધિદેવ આપણા પિતા છે, ગુરુ આપણી માતા છે. સંઘ, શાસ્ત્ર અને ધર્મ આપણા પાલનહાર છે; એમનું કરીએ એમાં ખરી રીતે આપણું એ કરે છે, એ મૂળ પાયાની વાત ભૂલી જવાય છે એમાંથી બધા વાંધા ઊભા થાય છે.**

**પિતાને ધર્યા વિના જાતભોગમાં શરમ ન આવે ? :-**

પછી છતી શક્તિએ એમની ઘણી ઘણી સેવા આરાધના ભક્તિના મહા કિંમતી લાભ લેવાનું ચૂકી જવાય છે, અને મળેલી સામગ્રી પાપમાં લગાવી લગાવી પુણ્યને પાપાનુબંધી બનાવાય છે. જૈન માનવ અવતારની આ દુર્દશા ? આ બરબાદી ? એમાં અહીંનું માનવ મન એ દિવ્ય દેવી મન બન્યું ? કે રાક્ષસી મન ? પ્રભાતે ઊઠીને પ્રભુની ભક્તિમાં દૂધ-ઘી-ધૂપ લઈ ગયા વિના ચાહદૂધ,ઘી-ચોપડ્યા ખાખરા, ચેવડો વગેરેનો નાસ્તો કરતાં આંચકો ન આવે ? પિતાને ધર્યા વિના પેટનો પટારો ભરતાં શરમ ન લાગે ? પિતાપ્રભુને મહિને એક અંગલૂછણું દીધા વિના, કે રોજ એક વરખપાનાનું ય ચોથિયું ચડાવ્યા સિવાય જાતને કોટ પેન્ટ સાડીનો ઠઠારો કરતાં નાલાયકી નિમકહરામી ન દેખાય ? મનને ભગવાન પિતા ક્યાં લાગે છે ? મનને ભગવાન એક યાચક લાગે છે. તેથી એમને તો દેવું હોય તો દઈએ, ભાવના ન હોય તો ન ય દઈએ યાચકને વળી દેવા કાંઈ થોડા જ બંધાયેલા છીએ ?' આવી જ કોક ગણતરી ને ?

ભૂલા ન પડશો,

**બુદ્ધિશક્તિ મળી છે, એને પહેલો સદ્‌ઉપયોગ આ, કે વીતરાગ અરિહંત ભગવાનને આપણા સર્વસુખદાયી અને સર્વેસર્વા રક્ષક પિતા માનીએ.**

ભગવાનના પ્રભાવે જ બધું સારું બની આવે છે. 'અચિંતસત્તિજુત્તા હિ તે ભગવંતો વીયરાગા સવ્વણ્ણુ' એમ શાસ્ત્ર કહે છે. માટે સુખ શું કે રક્ષણ શું કે ઉન્નતિ શું, બધું પ્રભુના અચિંત્ય પ્રભાવે મળ્યું માનવાનું. આવા પ્રભુને હવે બધું મળી ગયા પછી ટીકો કરાય ? યાચક બનાવાય ? કૂતરો માલિકનું થોડું ખાઈને નિમકહરામી નથી થતો તો આપણે માણસ થઈને પિતા પ્રભુ પ્રત્યે એમનો ઉપકાર ભૂલીને નિમકહરામી થવાય ? કે એ આપણી તન-મન-ધનની સર્વ શક્તિ ખરચીને પિતા પ્રભુની સારી સેવા ભક્તિ બજાવવી જોઈએ ?

**આ વારંવાર યાદ રાખો,-'ભગવાન આપણને બધું સારું દેનારા આપણા પિતા છે.'**

**ભગવાન કેમ દાતા ? :-**

ભગવાનના પ્રભાવે જે સર્વ સુખ, સર્વેસર્વા રક્ષણ. 'ભગવાન આપણું શું

કરવા આવે છે ?' એવું મનમાં ય ન લવાય; કેમકે ભગવાનના ધર્મે અહીં બધું પમાડ્યું છે, હજી ય પમાડતો રહેશે, અને અને અહીંનો સાધેલો પ્રભુનો ધર્મ જ આગળ સદ્‌ગતિ અને રક્ષણ બચાવ આપનારો બનશે. મૂળ બધું પ્રભુનું. માટે પ્રભુ એ સાચા અનન્ય પિતા છે. બધી સારી વાતનો દાતા પ્રભુ, પ્રભુનો ધર્મ, એટલે સુલસા આ વિચારી રહી છે કે ઘરમાં લક્ષ્મી, તો ધર્મથી; વાણીમાં માધુર્ય આદેયતા, તો ધર્મથી. બાવડામાં બળ, શરીરમાં આરોગ્ય, તો ધર્મથી. ચહેરા પર સૌભાગ્ય તો ધર્મથી; લોકમાં પ્રભુતા કે પ્રિયતા, ને અંગ પર ઓજસ, તો ધર્મથી; અને દેશ પરદશેમાં નિર્મળ ખ્યાતિ, તો ધર્મથી...બધે બધું સારું ધર્મથી જ બને છે. માટે બીજે ફાંફા શું કામ મારું ? ધર્મ જ વધારું.'

આમ વિચારીને સુલસા ધર્મમાં લાગી. ધર્મ તો એ આમે ય સારો કરતી હતી, પરંતુ હવે વધુ ધર્મ આરાધવાનું શરૂ કરી દીધું. ત્રિકાળ પ્રભુભક્તિમાં અધિક દ્રવ્યોનું અર્પણ, અધિક ઊછળતો ઉલ્લાસ અને શક્ય વધુ સમય આપવા લાગી. ગૃહસ્થનો મુખ્ય ધર્મ આ જિનભક્તિ, એમાં શક્તિ અનુસાર કિંમતી પોતાનાં દ્રવ્યો વાપરવામાં કમીના નહિ રાખવાની; સમયભોગમાં કચાશ જરાય નહિ રાખવાની, અને ઉછાળા મારતો પ્રભુપ્રેમ-ઊછરંગ-ઉલ્લાસ પણ ચકાવવાનો મન પર લઈએ તો આ પ્રેમ ઉલ્લાસ જાતે વધારી શકાય છે.

**ધર્માત્મા બનવું છે ?** તો પહેલું આ કરો જાતે પરણવામાં કે દીકરા દીકરીના લગનમાં જે ઊછરંગ ઉલ્લાસ નહિ, એ આપણા પ્રાણ પ્યારા પ્રભુની ભક્તિમાં, જાત ભોગમાં જે કિંમતનાં દ્રવ્યો નહિ, એ કિંમતનાં દ્રવ્ય પ્રભુની ભક્તિમાં, આરામ વિલાસમાં જે સમયભોગ નહિ, એટલો સમયવ્યય પ્રભુની ભક્તિમાં, સુલસાએ તીર્થંકર બનવાનું પુણ્ય ઉપાર્જ્યું છે, તે શી રીતે ઉપાર્જ્યું હશે ? શું એમ જ વેવલી મુડદાલ નિરુત્સાહ પ્રભુભક્તિથી ? ના, ઊંચી અર્હદ્‌ભક્તિથી. અત્યારે પુત્રની ઈચ્છા તો એક સામાન્ય નિમિત્તમાત્ર હતી. એ બહાને પ્રભુભક્તિ તન-મન-ધનથી વધારી દીધી; તનથી વધુ સમયભોગ અને અપ્રમાદ, મનથી ઉછાળા મારતો ઉલ્લાસ અને ધનથી વધુ પૂજન-દ્રવ્યો જિનભક્તિમાં લગાડી દીધા. આ ભક્તિમાં કાંઈ પુત્રેષણા જોર નથી મારતી, પરંતુ ધર્મશ્રદ્ધા અને વીતરાગ ઉપરનો પ્રેમ જોર મારે છે. એવું બીજા બીજા પ્રસંગે બાહ્ય નિમિત્તનું તો માત્ર ઓઠું. એ બહાને પ્રભુભક્તિ વધારીને વધુ સતેજ બનાવીને એ દ્વારા ધર્મ શ્રદ્ધા અને પ્રભુ પ્રેમ વધુ ઊછળતો કરી દેવાનું રાખેલું. એવા એ અફાટ ઊછળતા શ્રદ્ધા પ્રેમના સાગરમાં ઉત્કૃષ્ટ પુણ્ય તીર્થંકર નામકર્મનું પુણ્ય કેમ ન ઉપાર્જે ?

**પ્રભુ તમારા શરીર-ધન-સમયની સેવામાં ? :-**



જોજો કોરી ભાવનામાત્રથી આ પુણ્ય નથી બનતું, પણ સક્રિય તન-મન-ધનના ભોગ આપીને સાચી ધર્મભાવના અને પ્રભુપ્રેમ વધારવાથી બને છે. 'ના, ભગવાન તમે વહાલા, પણ તમારા કરતાં મારી શરીર સુખશીલતા મને વધારે વહાલી, મારો સમય, મારા પૈસા મને વધુ વહાલા, તે કાંઈ તમારી ભક્તિમાં વહેવડાવી ન દઉં.'- આ ધોરણ રાખવાથી ધર્મભાવના-ધર્મશ્રદ્ધા-પ્રભુપ્રેમ ન વધે એ તો એ બધાનો રીતસર સારો ભોગ અપાય ત્યારે વધે. બોલો, કોણ કોની સેવામાં ? શરીર-ધન-સમય પ્રભુની સેવામાં ? કે પ્રભુ શરીર-ધન-સમયની સેવામાં ? મનને એમ થાય છે ને કે પ્રભુ મારું શરીર સારું રાખે, ધન બહુ આપે, આયુષ્ય લાંબુ દે ? એટલે પ્રભુ એ બધાની સેવામાં; પણ એ બધા પ્રભુની સેવામાં નહિ !! આ પ્રભુપ્રેમ ? પ્રભુને અનન્ય સર્વ સુખદાતા સર્વ રક્ષણદાતા પિતા માનો, તો એમને એક સુપુત્ર તરીકે આ બધાને પ્રભુની સેવામાં રાખવા કાંઈ કઠિન નથી; ને તો જ સાચો પ્રભુપ્રેમ આવે. સુપુત્ર રામે 'પિતા દશરથનું કૈકેયીને આપેલું વરદાન-વચન માન્ય રહે અને ભરત રાજ્ય લે જ' એ માટે વનવાસ જાતે માંગીને વહોરી લીધેલો. એનું નામ પિતૃપ્રેમ.

**સુલસાની ધર્મવૃદ્ધિ :-**

સુલસાએ જેવી જિનભક્તિ વધારી દીધી એવી સાધુસેવા પણ વધારી દીધી. શોધી શોધીને સાધુ સાધ્વીજી મહાત્માઓની ભક્તિ કરે છે. એમ ધર્મમાં મુખ્ય જીવદયા અને ત્યાગ તથા તપ; એણે એ પણ ખૂબ કરવા માંડ્યા. આયંબિલો કરે છે, ઉપવાસ કરે છે, વિગઈત્યાગ રાખે છે, બ્રહ્મચર્ય પાળે છે, સંથારા પર સુવાનું રાખે છે. તંબોલ-વિલેપન વગેરે મોજશોખનો ત્યાગ કરે છે... સામાયિક-પ્રતિક્રમણ અને જિનવાણીનો સ્વાધ્યાય એમાં ઓતપ્રોતતા વધારી દે છે.

આવો ધર્મ વધારી દે તે પણ (૧) નિરાશંસભાવે (૨) શુદ્ધ ધર્મપરિણતિથી, ધર્મની અટલ અવિહડ શ્રદ્ધાથી, અને (૩) પ્રભુ પ્રત્યેના અનન્ય રાગથી ધર્મ વધારી દે, પછી પુત્રપ્રાપ્તિના એના અંતરાય કર્મની મજાલ છે કે તૂટ્યા વિના રહે ?

**ઈંદ્રની સુલસાની પ્રશંસા : દેવપરીક્ષા :-**

બન્યું એવું કે અહીં સુલસાનો ધર્મરંગ ધર્મપરિણતિ વધી રહી છે, ત્યારે ઈંદ્ર પોતાની દેવસભામાં સુલસાના ગુણ ગાય છે કે જુઓ દેવતાઓ ! પૃથ્વીલોકમાં રાજગૃહીમાં સુલસા શ્રાવિકાની ધર્મ પરિણતિ એવી અચલ છે કે એને એમાંથી દેવ પણ ચલાયમાન ન કરી શકે.'

ત્યાં એના સેનાપતિ હરિણૈગમેષી દેવને તરંગ જાગે છે કે લાવ જરા સુલસાની ધર્મ-પરિણતિની નિશ્ચલતા જોઉં.' તે એણે સાધુભક્તિના વિષયમાં સુલસાની

ધર્મપરિણતિ પરખવાનું નક્કી કર્યું, અને પોતે બે મુનિનાં રૂપ કરીને સુલસાના ઘરે ધર્મલાભ કહીને પ્રવેશ કરે છે.

કેમ આ પરીક્ષા ? એટલા જ માટે કે આમાં ધર્મ-પરિણતિની ભારે કસોટી આવવાની છે બહુ ઊંચી ધર્મ-પરિણતિનું આમાં માપ નીકળવાનું છે. એ આગળ સમજાશે.

દેવતા સમજે છે કે બીજી ત્રીજી કોઈ સાંસારિક વસ્તુની નુક્સાની કરીને યા દુન્યવી આપત્તિ આપીને સુલસાના ધર્મરંગની પરીક્ષા કરવા જતાં સુલસા કાંઈ ધર્મરંગ ગુમાવે નહિ; કેમકે સુલસાએ ધર્મરંગમાં નક્કી કરેલું છે કે બાહ્ય કશું અનુકૂળ પ્રતિકૂળ આવવામાં તો જીવનાં શુભ અશુભ કર્મ જ જવાબદાર છે. એમાં તો કર્મ કરે તે થાય, પછી ધર્મનો રંગ શા સારુ ગુમાવવો ? ધર્મ જ આ કર્મના ખેલનો પાઠ જ ભણાવે છે. તો કર્મના ખેલ વખતે તો ધર્મી શ્રદ્ધાનો રંગ ઓર વધારવાનો. બાહ્યમાં બગડ્યું તે તો કર્મના વાંકે, કર્મની આધીનતાએ બગડ્યું, હવે ખેદ ગુસ્સો વગેરે કરીને આપણા આત્માનું શા સારુ બગાડવું ? ને તે પણ આપણી જાતે બગાડવું ? છટ્ મારી જાતે જ મારા આત્માનું હું ન બગાડું.'

આમ સુલસાનો ધર્મરંગ જરાય ન ડગમગે. એટલે એનું પારખું તો કોઈ એના આત્મહિતકાર ધર્મમાં વિઘ્ન ઊભું કરી જોવાથી થાય, એ સમજથી દેવતા એવી પરીક્ષા કરવા સાધુનું રૂપ કરીને આવે છે.

મુનિનો 'ધર્મલાભ' અવાજ સાંભળતાં જ સુલસા ઉઠીને સામે આવી હાથ જોડીને 'પધારો ભગવંત !' કહી આવકારે છે, વિનંતી કરે છે, 'ભગવન્ !' અહીં આ છે, આ છે...ખપે એનો લાભ આપો.'

મુનિ કહે છે અમારે એક મુનિને દરદ પર લક્ષપાક તેલની જરૂર છે, સુલસા હર્ષથી પુલકિત થઈ જાય છે એના રોમાંચ ખડા થઈ જાય છે, એ મુનિનાં ઓવારણાં લઈ કહે 'ઓહો! ધન્ય ભાગ્ય મારાં કે આ તેલ માટે આપ પધાર્યા, અને લાભ આપીને મને તારશો. તેલ હમણાં જ આપને વહોરાવું છું.'

દેવતા એની ભાવભક્તિ વિવેક અને સુપાત્રદાનનો ઊછરંગ જોઈ ચકિત થઈ જાય છે. સુલસા તરત દાસીને કહે છે. પેલી આલમારીમાંથી પેલો લક્ષપાક તેલનો શીશો લાવ.'

દાસી જેવો આલમારીથી શીશો ઉપાડી બહાર લે છે કે તરત દેવતાઓ અદૃશ્યપણે દાસીનો હાથ ધ્રુજાવી શીશો હાથમાંથી નીચે પાડી નખાવ્યો. શીશો જમીન પર પડી ફૂટી ગયો, તેલ ઢળી ગયું, જુઓ કિંમતી લક્ષપાક તેલ છે. એ તેલ મુનિને વહોરાવવાનો લાભ મળવાને બદલે ભોંયભેગું થયું, તે દાસીના હાથે,



શું થાય સુલસાને ? ગુસ્સો ન આવી જાય ? પણ ના, સુલસાની ધર્મશ્રદ્ધા ધર્મપરિણતિ એ નથી આવવા દેતી. એ તો મુનિનો મહા કિંમતી લાભ લેવાની ચિંતામાં છે, એની આગળ મોંઘું લક્ષપાક તેલ પણ એને મામૂલી કિંમતનું દેખાય છે, એટલે પેલી મહાકિંમતી લાભની વસ્તુ આગળ આને શું રુવે ?

તરત સુલસા મુનિને હાથ જોડી કહે છે, પ્રભુ ! ફિકર ન કરશો, જરા ઊભા રહો બીજો શીશો તૈયાર છે. એ મંગાવીને વહોરાવું છું. મારાં અહોભાગ્ય કેવાં કે મને આ ઉત્તમ લાભ મળે.'

દાસીને કહે જો શીશો પડી ગયાની ચિંતા ન કરીશ. સાચવીને બીજો શીશો છે તે લાવ. જરા ધ્યાનથી લાવજે.'

દાસી શું લાવે ? જેવો એ બીજો શીશો લઈને બે ડગલાં ચાલી કે તરત દેવતાએ એને પણ પડાવી નાખ્યો. આમ છતાં સુલસા ગુસ્સે થયા વિના કહે છે, જરા ધ્યાન રાખ. મહારાજ સાહેબનો મહાકિંમતી લાભ ગુમાવી બેસીએ છીએ. લાવને ત્રીજો શીશો છે એ જરા સાવચેતી લઈ આવ ! અહીં પૂછો,

**પ્ર.**- બબ્બે શીશા દાસીના હાથે ફૂટી ગયા, તો પછી સુલસા ત્રીજો શીશો જાતે લેવા કેમ ન ગઈ ? દાસીને લાવવાનું કેમ કહે છે ?

**ઉ.**- એટલા માટે કે એને ચિંતા છે કે સાધુજી મહારાજ પોતાના નિમિત્તે આવાં કિંમતી તેલનો શીશો લાવવા જતાં ફૂટી જવાથી ખેદ પામીને ક્યાંક એમ ને એમ તેલ વહોર્યા વિના ચાલ્યા ન જાય.' તેથી દાસીને તો શીશો લાવવાનું કહ્યું અને અહીં મુનિને ગળગળી થઈ ઊભા રાખીને વિનંતી કરે છે. બાપજી ચાલ્યા ન જશો. હજી ત્રીજો શીશો છે એ હમણાં જ આવે છે, ને આપને હું વહોરાવું છું.'

દાસીને કહે 'જો બેન ! હવે એક જ શીશો છે તે બહુ સાચવીને લાવ, જેથી આપણને મહા સુપાત્રદાનનો લાભ મળે, અને મહારાજ સાહેબના ખપમાં આવી જાય.'

દેવતા સુલસાનું દિલ જોઈ રહ્યા છે કે ક્યાંય એનામાં દાસી પર ગુસ્સો કે કિંમતી તેલ ઢોળાઈ જવાનો ખેદ આવીને ધર્મરંગ ભૂંસાઈ કષાયનો રંગ ચડે છે ? ના રે ના એક ખૂણામાં ય એ નથી. ઠીક હજી આગળ ચકાસવા દે.' દેવતાનું જોવું એટલે ? દેવની પરીક્ષા આગળ માણસની એની સામે શી ગુંજાયશ ? દાસીના હાથમાંથી ઠેઠ નજીક આવી સુલસાને આપે તે પહેલાં શીશો પડાવી નાખ્યો. દેવ સામે દાસીનું શું ગજું ? પરંતુ જોજો હોં દેવની સામે માણસનું બાહ્યની વાતમાં ગજું નહિ, પણ અભ્યન્તર વાતમાં તો ભારે ગજું છે. અને એ ગજુ સુલસા જુઓ, કેવું દેખાડી આપે છે !

શીશો ફૂટતાં દાસી પોકેપોક રડવા માંડી, કપાળ કૂટવા માંડી કે હાય હાય ! હું આ કેવી અભાગણી કે આવા કિંમતી લક્ષપાક તેલના ૩-૩ શીશા મેં ફોડી નાખ્યા ? કેટલી ભયંકર મારી ગફલત ? ઓ શેઠાણી હા ! મને પાપિણીને કૂટી મારો, હું નાલાયક છું, જીવતી રાખવા લાયક નથી...ઓ રે ?'... કપાળ ને છાતી કૂટતી જાય ને ભારે કલ્પાંત કરતી જાય છે, 'હાય રે ! મરી ગઈ રે ! આ મને મોત કેમ નથી આવતું ? ઓ જમડા ! મને લઈ લે. હો હઈડા ! ફૂટ ફૂટ તું ફૂટી પડ...ઓ રે...'

**સુલસાનું દાસીને તાત્ત્વિક આશ્વાસન ?**

સુલસા એને કહે છે, 'અરે ભલી રે બાઈ ! આવી મામૂલી ચીજમાં રોવાનું શું ? બંધ કર રોવાનું. એમ તો મારા હાથે પણ, ભાગ્ય ન હોત, તો ક્યાં ન ફૂટત ? આ તો આવા મહાન સુકૃતલાભનું મારું અંતરાય-કર્મ આ કરાવી રહ્યું છે. તારો કશો વાંક નથી. વાંક મારા કરમનો સમજી, મને તારા પર કશું દુઃખ નથી, આજ સુધી એની એ જ તું સાવધાનીથી બધાં કામ સારી રીતે કરનારી, તે આજે કાંઈ સાવધાનીથી ન કરે ? પણ મારાં કરમ વાંકા, લાભાંતરાય કર્મ જોરદાર, એમાં તારું મારું કે મોટા દેવતાનું ય ન ચાલે. તારો કશો વાંક નથી. દુઃખ ન કરીશ શીશા ફૂટવામાં કાંઈ સર્વસ્વ નથી લૂંટાઈ ગયું. પૂર્વ જનમમાં આપણે મોટા દેવ હતા સમ્રાટ રાજા કે ક્રોડોપતિ મોટા શેઠ હતા. તે આપણાં વિમાન ગયાં ને ? રાજ્યપાટ ગુમાયા ને ? ક્રોડોની સંપત્તિ સાફ થઈ ગઈ કે નહિ ? તો ત્યાં આપણું શું ચાલ્યું ? ત્યારે એ મહા વૈભવના નાશ આગળ આ માત્ર ત્રણ શીશાનો નાશ શી વિસાતમાં છે ? એમાં શું રોવાનું ? પેલા મહાન નાશ પણ આપણે બરદાસ્ત કર્યા ચલાવી લીધા, તો આ મામૂલી નાશને શું આપણે બરદાસ્ત ન કરી શકીએ ? શું ન ચલાવી લઈએ ? જવા દે હવે એને યાદ પણ કરવાનું.'

સુલસા મુનિઓને હાથ જોડી કહે છે, ભગવન્ ! આજ હું કમનસીબ છું, છતીં નિર્દોષ વસ્તુ આપના કામમાં ન લાવી શકી, ને હું લાભ ન પામી શકી ! કૃપા કરજો, મારે ત્યાં અમારા ઉપયોગ માટે આવું તેલ બનવાનું ચાલુ જ છે, બે દિવસમાં તૈયાર થઈ જાય ત્યારે આપ પધારજો, મને અવશ્ય લાભ આપજો, આપ દયાના સાગર છો, પાપના દરિયામાં ડૂબેલી મારા પર દયા કરજો, જેથી મારે કાંઇક તરવાનું થાય.'

દેવતા શું ચકાસે ? સુલસાના ધર્મરંગથી ભર્યાબોલ અને એની પાછળ અચલ ધર્મશ્રદ્ધાથી મઘમઘતું દિલ જોઈ રહ્યો છે દેવતાના મનને એમ થાય છે કે આ બાઈની કેટલી સદ્ધર ધર્મપરિણતિ ! પોતાની કિંમતી ચીજ, દાસીને ફરી ફરી



સાવધાની આપ્યા છતાં, એ નાશ કરી નાખે એનો તો કદાચ એને ગુસ્સો ન થાય, પણ આ તો સુપાત્રદાનના મહાન સુકૃતનો લાભ લેવાની ચીજ બરાબર લાભ લેવાના અવસરે શીશા ફોડી ઢોળી નાખે, એકવાર, બીજીવાર, ત્રીજીવાર છતાં એના પર ગુસ્સો નહિ ? પાછી આ ફોડનારી તો નોકરમાણસ ! હજી ઘરના ધણી કે દીકરાએ ફોડ્યાં હોય તો તો ગુસ્સો ન કરે, પણ નોકરમાણસ પર ગુસ્સો ન થાય ? ગજબ છે આ શ્રાવિકા ! નોકરમાણસ પર પણ ગુસ્સો નહિ, તો મુનિ માટે તો એવું શાનું જ થાય કે, આ મહારાજ કેવા અપશુકનિયા કે મારા ત્રણે કિંમતી શીશા ફૂટી ગયા ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૦,અંક-૩૫,તા.૧૩-૫-૧૯૭૨**

અહીં હવે સમજાઈ ગયું હશે કે

**પ્ર.-** દેવતાએ સુલસાની ધર્મશ્રદ્ધાની અડગતા ચકાસવા આ પરીક્ષા કેમ રાખી ? કેમ કોઈ બીજો મોટો ઉપસર્ગ-ઉપદ્રવ દેખાડી ધર્મશ્રદ્ધા પરખવાનું ન કર્યું ?

**ઉ.-** એનું કારણ, પૂર્વે પતિને થતી પુત્રની ઝંખના અને પુત્રના અભાવે થતી પતિને અશાંતિ વખતે સુલસાએ પતિને એ ઝંખના અને અશાંતિ ન કરવા ઉપદેશ આપ્યો છે એમાંથી વર્તાઈ જાય છે. એ ઉપદેશમાં એટલી બધી ધર્મશ્રદ્ધા તરવરે છે કે સુલસાને મન પુત્રો વગેરેની પ્રાપ્તિ કોડીની કિંમતની છે; કેમકે એથી કશી સદ્‌ગતિ કે મોક્ષનો પાસપોર્ટ નથી મળતો. એને મન કિંમત ધર્મની છે, જ્ઞાન-દર્શન-ચારિત્રની છે. એટલે પછી ત્યાં વૈભવ-પરિવાર કે શરીરની પણ શી કિંમત હોય ? એના પર ઉપદ્રવ આવે તો એથી ધર્મ તો કાંઈ ઘવાતો નથી પછી શું કામ એ ધર્મ શ્રદ્ધાથી ચલિત થાય ?

ત્યારે અહીં સુપાત્રદાન દેવાના અવસરે જો નોકર માણસના હાથે દાનની કિંમતી વસ્તુ વારંવાર નષ્ટ થઈ જાય, તો સારા સુપાત્રદાનનો ધર્મ ઘવાય છે. એટલે એમાં મન આકુળ વ્યાકુળ થવાનો સંભવ છે. ગુસ્સો, નિરાશા, ખેદ, નીસાસા વગેરે થવાને અવકાશ ગણાય. માટે દેવતા એમાં સુલસાની સ્વસ્થતા પરખવા માગે છે. તેથી એ ઉપદ્રવ કર્યો, ને એ કાંઈ નાનો ઉપદ્રવ નથી, મહાન ઉપસર્ગ છે. સુલસાને પોતાને જ અત્યંત અને એકની એક જ પ્રિય વસ્તુ ધર્મ છે, એના પર ઉપદ્રવ એ મોટો ઉપદ્રવ કહેવાય. એમાં સુલસા પાર ઊતરી, આકુળ વ્યાકુળ ન થઈ ત્યારે પૂછો,

**ધર્મ ખાતર ગુસ્સો-નિર્દયતા ન કરાય ? :-**

**પ્ર.**- સંસાર ઘવાતો હોય ને આકુળ-વ્યાકુળ ન થાય એ તો ગુણ કહેવાય, પરંતુ ધર્મ ઘવાતો હોય ને આકુળ-વ્યાકુળ ન થાય, શું એ ગુણ ગણાય ? ધર્મના પ્રેમીને તો એથી લાગી જ આવે ને ?

**ઉ.**- જરૂર લાગી આવે, પણ એથી એ શું કરે ? આકુળ-વ્યાકુળ થાય એટલે શું સામા પર ચડભડાટ કરે ? શું ગુસ્સો ધમધમાવે ? તો એ કરવામાં ધર્મપરિણતિ શી આવી ? ધર્મ-શ્રદ્ધા શી ચળકી ? કરુણા ભાવ ક્યાં રહ્યો ? શું કરુણા એકલા રોટલા વગેરેના દુઃખી પર જ કરવાની છે ? કર્મપીડિત પાપી-અધર્મી ભૂલેલા જીવ પર કરુણા નહિ કરવાની ? પેલી તો દ્રવ્યકરુણા છે, આ ભાવકરુણા કહેવાય; ને વધુ મહત્ત્વની ભાવકરુણા છે, એ કેમ ભૂલાય ? એના વિના કેમ ચાલે ? ભગવાને તીર્થંકર નામકર્મ ઉપાર્જેલું તે આ સર્વ કર્મપીડિત જીવો પરની ભાવકરુણાની ઉપર ઉપાર્જેલું. એટલું મોટું ફળ આપનારી ભાવકરુણાનો પ્રભાવ કેટલો મોટો કહેવાય ? તો નાની બાબતમાં એ કેમ ચૂકાય ? ભૂલેલા ઉપર પાપી પર કરુણાને બદલે ગુસ્સો જ કરવાનો હોય તો પછી કરુણા કોના ઉપર કરવાની ? નહિ ભૂલતા પર ? ધર્મી પર ?

**ધર્મશ્રદ્ધામાં કરુણા ભળેલી જ છે.** દયા વિના ધર્મ નહિ. જો દયા નહિ, તો દિલ કઠોર થાય; કઠોર દિલમાં ધર્મ કેવો ?

**પ્ર.**- તો શું બધા જ ધર્મી ક્ષમાશીલ જ હોય ?

**ઉ.**- ના, એવો નિયમ નહિ, ધર્મીને ય ગુસ્સો થઈ જાય, પણ એથી કાંઇ દિલ નિર્દય ન બનાવે. ગુસ્સો થવા પર એ સિક્કો ન લગાવે કે એમાં શું ? ગુસ્સો તો થાય જ, સામો આવું કરે ત્યારે ગુસ્સો તો કરવો જ જોઈએ. એનું દિલ ઘવાય તો ઘવાય, એમાં આપણે શું કરીએ ? એ શું કામ આવું કરે ? મનમાં આવું આવું થાય તો દયા ગઈ, દયા હોય તો તો ગુસ્સાને સ્વાભાવિક ન ઠરાવે, કર્તવ્ય ન માને, પછી ભલે ને સામાએ પોતાની ધર્મસાધનાને બાધા પહોચાડી હોય. એવા ભૂલતા જીવ પર દિલમાં અખંડ ભાવદયા વહેતી રાખવી જોઈએ. ભાવદયાને જગા જ આવા ભૂલતા કે પાપી-અધર્મી જીવો પર છે. આપણું બહારનું કાંઈ ન બગાડ્યું. પણ ધર્મસાધના બગાડીને એના પર આપણને ગુસ્સો થઈ આવ્યો છતાં દિલમાં એના પર બિચારો કર્મવશ ભૂલે છે, એને સદ્‌બુદ્ધિ મળો' એવી ભાવદયા જીવંત રાખવી પડે.

ખરી વસ્તુ એ વિચારવાની છે કે ધર્મસાધનાને સામાએ બાધ પહોંચાડ્યો યા આપણાં કર્મે બાધ પહોંચાડ્યો છતાં એણે આપણી અંતરની ધર્મપરિણતિને નથી બગાડી



**ધર્મપરિણતિ તો આપણને જાતે બગાડીએ તો જ બગડે.**

**જુઓ, કૂરગડુ મુનિને** તીવ્રક્ષુધાવેદનીય અશાતા વેદનીય કર્મનો ઉદય આવ્યો એણે એમની તપની સાધનાને બાધ પહોંચાડ્યો, હવે એ તપ નથી કરી શકતા; તો શું મુનિનું બગડી ગયું ? મુનિ આકુળ વ્યાકુળ થાય ? હાયવોય કરે ? જો બગડી ગયું હોત તો એ ખાનારા કૂરગડુ મુનિ મહાતપસ્વી બીજા મુનિઓના પહેલાં જ ખાતા પીતાં કેવળજ્ઞાન પામ્યા તે પામી શકત ? આત્માનું બહુ બગડી ગયેલાને કેવળજ્ઞાન શાનું થાય ?

**બે રીતે સ્વ યા પરથી ધર્મસાધના અટકે, ત્યાં ધર્મપરિણતિથી આશ્વાસન :-**

ધર્મી જીવને (૧) કોઈ પોતાનાં અશુભ કર્મના ઉદયે રોગાદિ આવે અને બાહ્ય ધર્મસાધના અટકે; અથવા (૨) કોઈ વ્યક્તિનાં કારણે પોતાની બાહ્ય ધર્મસાધના અટકે; ત્યાં આ મોટું આશ્વાસન છે કે મારી આંતરિક ધર્મપરિણતિ સલામત છે ને ? તો ફિકર નથી, પહેલાંમાં દીનતા કે નીસાસાની અને બીજામાં ક્રોધ-અરુચિ વગેરે કષાયની જરૂર નથી.

**કૂરગડુ મુનિ અને સુલસા :-**

(૧) કૂરગડુ મુનિને પોતાનાં જ કર્મે તીવ્ર ક્ષુધાની અશાતાનાં કારણે બાહ્યથી તપની સાધના અટકી, છતાં આંતરિક ધર્મપરિણતિ એમને સલામત હતી તેથી દીનતા, નીસાસા બીજાનાં તપ પર ઈર્ષ્યા, વગેરેમાં ડૂબ્યા રહેવાનું એમણે ન કર્યું, પરંતુ પોતાના પૂર્વભવનાં દુષ્કૃતની નિંદા કરતા રહ્યા. આ આંતરિક ધર્મપરિણતિ હતી તેમજ સંયમભાવ જિનવચનરાગ વગેરે ધર્મપરિણતિ સલામત હતી; અને એણે જ એમને ખાતાં બેઠેલા છતાં કેવળજ્ઞાને ચડાવી દીધા.

(૨) સુલસાને બાહ્ય વ્યક્તિ દાસીના હાથે શીશા ફૂટવાથી સુપાત્રદાનરૂપી ધર્મની સાધના અટકી, છતાં એણે દાસી પર ગુસ્સો અરુચિ ન કર્યા, કેમકે એને આંતરિક ધર્મપરિણતિ સલામત હતી. ને એણે એને દેવતાની પરીક્ષામાં પાર ઉતારી, અને દેવતા હવે એને વરદાન આપે છે. તો વિચારો,

**બંનેની ધર્મપરિણતિ શી ?**

**(૧) મહાત્મા કૂરગડુ મુનિની ધર્મપરિણતિ એટલે,**

(૧) પોતાને તપ નથી થતું એનું દુઃખ છે, પણ નિરાંત નહિ કે ચાલો આપણે કર્મનો ઉદય છે તેથી તપ નથી થતો માટે હવે નિરાંતે ખાવાનું રાખો.' કૂરગડુને નિરાંત નહોતી માટે ખાવામાં રસના જીભ માટે રસની ઉજાણી અને અનેક ટંક નહોતા રાખ્યા, પરંતુ ઘડો ભરીને કૂર-ભાત અને તે પણ માત્ર એકવાર લેવાનું રાખેલું તેથી જ કૂરઘડુ નામ પડેલું ને ?

તમારા અંતરની વૃત્તિ તપાસજો કે પર્વતિથિએ પણ માને કે તપ ન થયો તો પણ છૂટા રહીને ખાવામાં ટંક કેટલા અને રસની મહેફિલ ઉજાણી કેવી નિઃસંકોચ ઉડાવાય છે ? શું આ ધર્મપરિણતિ છે ? ચાલો આજે માથું દુઃખે છે, તપ નહિ થાય, પછી ખાનપાન કેવા ઠંડે કલેજે ? ને ભોજન કેવા રાજાશાહી ? દિલને ખટકો ખરો કે આ હું પવિત્ર પર્વતિથિની વિરાધના કરી રહ્યો છું ? તપ-સમૃદ્ધિ ગુમાવી રહ્યો છું ? અરેરે ! મારું શું થશે ? હૈયું રડે ખરું પર્વતિથિએ પણ રસનાની ઉજાણીમાં આ નહિ, તો સામાન્ય તિથિએ હૃદય-રુદનની વાત ક્યાં ? ભૂલશો નહિ,-

**બાહ્ય તપ એ ઇંદ્રિયોની અવિરતિનાં ઘોર પાપને અટકાવનારું એક મહાન સાધન છે.**

અવિરતિ એટલે પાપની છૂટ, એ બે પ્રકારે,- (૧) હિંસાદિ પાપોની અવિરતિ, (૨) ઇંદ્રિયો અને મનની અવિરતિ. હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ-રાત્રિભોજનની છૂટ, અને પાંચ ઇંદ્રિયો તથા મનની છૂટ એમ ૧૨ ભેદે અવિરતિ છે. સાધુ તો શું પણ સારા શ્રાવકો ય વાતવાતમાં દ્રવ્યસંકોચ અને રસત્યાગના નિયમ-પ્રતિજ્ઞા-અભિગ્રહો કરે છે, તેનું ફળ શું આ, કે ઇંદ્રિયો અને મનની છૂટનું ઘોર પાપ અટકે, જીવ સંસારમાં કેમ ભટકતો રહ્યો છે ? તીવ્ર વિષયાસક્તિનાં કારણે ને ? એ આસક્તિ કેમ પોષાય છે, કહો, ઇંદ્રિયો અને મનને ન્યાયી-અન્યાયી રીતે મળતા કોઈ પણ વિષયમાં ભટકવાની છૂટ છે, અવિરતિ છે, વિરતિ વિરામ અંકુશ નથી માટે. નાના નાના કે મોટા વિવિધ નિયમો અભિગ્રહોથી એ ઇંદ્રિયો અને મનની છૂટ પર અવિરતિ પર કાપ પડે છે. એથી ઓટોમેટિક સ્વાભાવિક રીતે એટલા પ્રમાણમાં ઇંદ્રિય મનનાં તાનામાનાં અટકે છે.

**વ્રત નિયમોથી ઇંદ્રિય-મનનાં તાનામાનાં અટકવાથી એટલી વિષયાસક્તિ પોષાતી અટકે છે. એનું ફળ સંસાર પર છીણી મુકાણી,**

**ભવભ્રમણ લંબાતું અટક્યું માટે,**

**એવા ભોગ ઉપભોગના સંકોચના નિયમ એ તો જીવન માટે મહાન આશીર્વાદરૂપ છે.**

**શુષ્ક અધ્યાત્મી ક્યાં ભૂલે છે :-**

વિષયાસક્તિ માત્ર ભાષણ કરવાથી, કે કોરા જડ ચેતનાના ભેદજ્ઞાનથી આ શુષ્ક અધ્યાત્મ-આત્મદ્રવ્ય પર્યાયના વાયડા ચિંતનથી ન અટકે, ન દબાય. એને દબાવવા માટે તો ઇંદ્રિયો અને મનનાં તાનામાનાં અર્થાત્ ગમે તે તેમ ગમે તેટલા વિષય અને એને ફાવે ત્યારે ભોગવવાની છૂટ પર અવિરતિ પર કાપ મૂકવો પડે; અને તે વ્રત નિયમ તપસ્યાથી મૂકાય.



એકને બદલે ત્રણ ગદેલાની શય્યામાં સૂવું હોય, ચાલુ સામાન્ય મોટરને બદલે એમ્બેસેડોર કારમાં ફરવું હોય ને કહે આત્મદ્રવ્યના પર્યાયોનું ચિંતન કરું છું. એને **આધ્યાત્મભાવ અર્થાત્ આત્માનું મૂલ્યાંકન અને વિષયોનું અવમૂલ્યાંકન** આવે ? વિષયાસક્તિ તૂટે ? પુદ્ગલ આત્માને કાંઈ અસર કરતું નથી એમ ચિંતવતા રહી સાલમપાક ઘીકેળાં ને આફૂસકેરીના ચીરિયાં ઉડાવવા હોય એને અંદરની વિષયાસક્તિ મોળી પડે ? ભગવાન ભગવાન કરો, વિષયોની જાલિમ આસક્તિ એવી સુંવાળી કે મુડદાલ નથી કે ત્યાગ વિના એમ જ ખસી જાય.

**વિષયાસક્તિ તોડવા માટે ત્યાગ-વ્રત-નિયમથી ઇંદ્રિયો-મનની ગમે ત્યાં જવાની છૂટને સ્વતંત્રતાને નાથવી પડે.**

(૧) મહાત્મા કૂરગડુમુનિને તપ ન થઈ શકવાનું તો દુઃખ હતું જ. બીજું,

(૨) કૂરગડુ મહાત્મા આ કરતા હતા. ઉપવાસનો તપ નહોતો થઈ શકતો તો કૂર-ભાત લેવાનું રાખી બીજી વસ્તુના ત્યાગથી ઇંદ્રિય-મનની છૂટને અવિરતિને નાથતા હતા, વિષયાસક્તિને એમ દબાવતા હતા. એ એમની મહાન ધર્મપરિણતિ હતી. સાથે તપ ન થઈ શકવાનું ખરેખર દુઃખ તો હતુ જ એ ય ધર્મ પરિણતિ હતી.

(૩) વળી તપસ્વીઓનાં તપની ભારે અનુમોદના હતી એ પણ ધર્મ પરિણતિ હતી. એથી જ

(૪) તપસ્વીઓ તરફથી ટોણો-ઠપકો-અપમાન આવે તો એથી રીસ ન કરતાં એમની મહાન કૃપા વરસી અને તે પોતાનાં અંતરાયકર્મને તોડી નાખશે' એવી શ્રદ્ધા હતી, આનંદ હતો; અપમાનની ખતવણી કૃપામાં કરી; એ પણ ધર્મપરિમતિ છે. માટે તો લાભ આપો એમ માગતાં પોતાનાં પાત્રમાંના ભાતમાં તપસ્વીઓએ ટોણો મારી થૂંકવાનો લાભ આપ્યો, ત્યારે આ મહાત્માઓ એને તપસ્વીઓનું અમૃત માની હવે મારાં અંતરાય કર્મનાં ઝેર નાબૂદ થઈ જવાનાં એવો હર્ષ રાખીને થૂંકવાળા ભાત વાપરવાનું કર્યું. આ કેવી ઊંચી ધર્મપરિણતિ ? એવી ઊંચી કે એ આગળ વધતાં સામર્થ્યયોગ અપૂર્વકરણ શુકલધ્યાન અને વીતરાગ ભાવની ધર્મપરિણતિ બની ગઈ.

(૫) માત્ર એટલાથી એમ નથી બન્યું, પરંતુ તપ નથી થઈ શકતો એટલે સાધનાનો એક વેપાર, એક દુકાન, એક પેઢી કાચી પડી, તો બીજા સ્વાધ્યાય-વિનય-વૈયાવચ્ચ-આવશ્યકની સાધનાના વેપારમાં વિશેષ જોર લગાવ્યું, વિશેષ તન્મયતા વિશેષ ઉલ્લાસ વિશિષ્ટ શુભ લેશ્યા ઝળકાવી; આ પણ ધર્મપરિણતિ છે. એટલું જ નહિ, કિન્તુ

(૬) વિશેષ દુઃખ તો તપ ન થઈ શકવાના દુઃખ કરતાં તપને અટકાવનારાં જે વીર્યાંતરાયકર્મ અને અશાતા કર્મ એને ઊભાં કરનાર પૂર્વના દુષ્કૃત્યનું દુઃખ હતું. પૂર્વે મારા જીવે અરે ! કેવા ખાનપાનની મોજનાં પાપ કર્યા હશે ! કેવા બીજાને તપના અંતરાયના, યા તપ પ્રત્યે અરુચિ-અવગણના વગેરેનાં પાપ કર્યા હશે,. તપસ્વીની નિંદા, તપસ્વીનાં અપમાન, કે જાલિમ વિષયાસક્તિ વગેરે કોઈ દુષ્કૃત્ય મેં કેવાં આચર્યા હશે કે એથી આ તપનો અંતરાય ઊભો થયો ? અરે ! કેવો મારો એવું કરનારો દુષ્ટ આત્મા !' એમ સ્વાત્મ ઘૃણા-જુગુપ્સા સાથે પૂર્વ આચરિત દુષ્કૃત્યોનું વિશેષ દુઃખ ધરતા હતા, એ ધર્મપરિણતિ હતી.

**પ્ર.**- આટલી ધર્મપરિણતિમાં વીતરાગતા ધર્મની પરિણતિ અને કેવળજ્ઞાન શી રીતે થયાં ?

**ઉ.**- એમાં તપસ્વીઓના મુખામૃતથી મિશ્રિત ભાત વાપરતાં મનને એમ થયું હશે કે,-

**વીતરાગ બનાવનારી વિચારણા :-**

'અરે ! કેવાં મારાં પૂર્વનાં ગોઝારાં દુષ્કૃત્યો ! ધિક્કાર છે આ શરીરને કે જે જીવને ખાવાની ગુલામીમાં પાડે છે ! શરીરે જ જીવને માયા લગાડી એક યા બીજાં દુષ્કૃત્યોમાં પ્રેરેલો. જીવને ક્યાંક સ્વમાન-હાનિ લાગે છે તે શરીર પર જ; આ શરીરે માનહાનિ જોવાની ? એમ લાગે છે. પછી એનાં સન્માન ખાતર કેટલાંય દુષ્કૃત્ય અને કષાય કરે છે. હાય ! આવાં પાપિષ્ઠ શરીરને મારું કરું ? મારે ને એને શું લેવાદેવા ? હું તો અક્ષય-અજર-અમર, અનંત જ્ઞાનનો ધણી આત્મા; ત્યારે આ શરીર એ સડન પડનશાલી નાશવંત જડ પુદ્‌ગલનો લોચો. એને ને મારે શું લાગે વળગે ?...'

- એમ શરીર પ્રત્યે પણ અનાસક્ત ભાવમાં ચડ્યા. કષાયો તદ્દન શાંત પડી ઉપશમ ભાવ આવ્યો. આ ધર્મપરિણતિ એ, અનાસંગ યોગની અને સમત્વયોગની ધર્મપરિણતિ.

**અનાસક્તભાવ અને સમત્વભાવ આવ્યા પછી તો વીતરાગભાવ આવવાને વાર કેટલી ?**

તરત વીતરાગભાવની ધર્મપરિણતિ સાધી, અને બાકીનાં જ્ઞાનાવરણીયાદિ ત્રણ ઘાતીકર્મનો સમૂલ નાશ કરી કેવળજ્ઞાન પામ્યા.

બોલો, કૂરગડુ મહાત્માની તપસાધના તૂટવા છતાં આંતરિક ધર્મપરિણતિ જે સલામત હતી એમાં શું શું આવ્યું ?

**ધર્મપરિણતિમાં આ આ આવ્યું,-**



(૧) બાહ્ય તપની સાધના ન થઈ શકવાનું દુઃખ,

(૨) તપ નહિ તે ખાવા બેસવામાં રસ-આસક્તિથી ગભરાટ અને એ રસોનો ત્યાગ;

(૩) તપવેપાર અટકયો તો બીજા સ્વાધ્યાયાદિ સાધના વ્યાપારમાં વિશેષ તન્મયતા ઉલ્લાસ-ઉદ્યમ,

(૪) તપસ્વીઓનાં તપની અનુમોદના, પણ ઈર્ષ્યા નહિ

(૫) તપસ્વી તરફનાં અપમાનને એમની કૃપામાં ખતવવાનું,

(૬) તપ ન થઈ શકવાનાં દુઃખ કરતાં એ ન થવા દેનાર અંતરાય અશાતાકર્મને ઊભા કરનારી પૂર્વભવની દુષ્કૃત્ય-ખરાબીઓનું ખૂબજ દુઃખ, તથા

(૭) મૂળ પાપરૂપ શરીર પર પણ ધિક્કાર વરસવા પૂર્વક, આસક્તિનો ત્યાગ;

-આ બધી ય ધર્મપરિણતિ છે. કૂરગડુમહાત્માને એ વધતી ચાલી, એ બાહ્ય તપ વિના પણ વીતરાગભાવની ચરમ ઉત્કૃષ્ટ ધર્મપરિણતિ સુધી પહોંચી ગઈ, અને એણે તરત કેવળજ્ઞાન અપાવ્યું. કહો, શું બગડ્યું ? શું બાકી રહ્યું ? માત્ર એટલું ધ્યાનમાં રાખજો કે તો પછી (૧) બાહ્ય તપની માંડવાળ ન થાય આવી ધર્મપરિણતિવાળો શક્ય એટલો તપ કર્યા વિના રહી શકે નહિ. તેમજ (૨) બાહ્ય તપ કરનારથી આંતર ધર્મ પરિણતિની બેપરવાઈ થાય નહિ.

આ (૧) પોતાનાં કર્મે અટકેલી ધર્મસાધના' ના દૃષ્ટાન્તરૂપે કૂરગડુ મહાત્માની વાત થઈ. હવે

**(૨) 'બીજી વ્યક્તિનાં કારણે ધર્મસાધના અટકી હોય' એના દૃષ્ટાન્તરૂપે સુલસાની વાત.**

**એની ધર્મપરિણતિમાં શું શું હતું ?**

સુલસાને દાસીના હાથે શીશા ફૂટવાથી મુનિને દેવાનું લક્ષપાક તેલનું સુપાત્રદાન અટક્યું છતાં ધર્મપરિણતિ અંદરની સલામત હતી. તો એથી શું બગડ્યું ? શું બાકી રહ્યું ? દેવતાઓ ઇંદ્રે કહ્યા મુજબની સુલસાની નિશ્ચળ ધર્મશ્રદ્ધા-જોઈ પ્રસન્નતા અનુભવી ત્યારે જુઓ કે ધર્મશ્રદ્ધા ધર્મપરિણતિમાં શું શું હતું ?

(૧) 'દાસીના હાથે શીશા ફૂટ્યા એમાં દાસીનો વાંક નથી, પણ મારાં દાનાંતરાય કર્મનો જ વાંક છે; નહિતર હંમેશા સાવચેતીથી કામ કરનારી દાસીના હાથે આવો કિંમતી માલ ભરેલો શીશો શાનો ફૂટે ?' એમ મન વાળી પોતાના કર્મના વિપાક પર દૃષ્ટિ રાખી એ ધર્મપરિણતિ છે.

(૨) દાસી પર ગુસ્સો અભાવ અરુચિ કરવાને બદલે ક્ષમાભાગ રાખ્યો એ ધર્મપરિણતિ છે.

(૩) પોતાનો કિંમતી માલ નષ્ટ થયો એનાં લેશ પણ દુઃખ કરવાને બદલે મુનિરાજનો લાભ મળવાનું ચૂકાયું એની અફસોસી કરવી, એ ધર્મપરિણતિ છે.

(૪) જ્યાં સુધી માલ પહોંચે છે ત્યાં સુધી એટલે કે ત્રીજા શીશા સુધી સુપાત્રદાનનો લાભ લેવાની વૃત્તિ રહી એ ધર્મપરિણતિ છે.

(૫) અંતે લાભ ન મળવા પર પોતાના અંતરાય કર્મનો ખેદ અને સંયોગ થયે ફરીથી લાભ લેવાની આકાંક્ષા છે એ ધર્મપરિણતિ છે.

**(૬) ઘર-સંસારનાં જીવનમાં કર્મની પરાધીનતા હોઈ એવા કર્મપરાધીન સંસાર પર ગ્લાનિ છે,** વૈરાગ્ય ઝળકે છે, એ ધર્મપરિણતિ છે,

કહો, આ બધી ધર્મપરિણતિ હોય, પછી બાહ્યથી સુપાત્રદાનની ધર્મસાધના ન થઈ શકી એમાં શું બહું બગડ્યું ? કશું નહિ, દેવતા એની ધર્મસ્થિરતા જોઈ તુષ્ટમાન થઈ ગયો,-'વાહ જેવી ઇંદ્રે વખાણી એવી આની સચોટ ધર્મશ્રદ્ધા છે, નિશ્ચળ ધર્મશ્રદ્ધા છે.' ત્યારે સવાલ થાય,-

**પ્ર.**- ધર્મની શ્રદ્ધાવાળા જીવને દેવપરીક્ષામાં પાસ થવામાં શું કાંઇ વિશેષ લાગે ? એથી શું એને કાંઈ દેવ પાસેથી લૌકિક લાભ આંચકી લેવો છે ? એ જ જો ઉદ્દેશ હોય તો ધર્મશ્રદ્ધા શી ?

ઉ.- ના, ધર્મશ્રદ્ધાની અડગતામાં દેવતા પાસેથી એવો લાભ આંચકી લેવાનું ધ્યેય નથી. પરંતુ દેવ પરીક્ષા આવી પડી, અને એમાં સાંગોપાંગ પસાર થવાનું મળે છે, તો એને પોતાના હૈયાંની ખાતરી થાય છે કે મારામાં ધર્મશ્રદ્ધા સાચી છે, તેમજ વળી એ સ્થિર છે. અને એથી એનો ઉલ્લાસ વધી જાય કે લાવ, ત્યારે જો ધર્મ એ સાચી ચીજ છે, તો મને શ્રદ્ધા વધારવા દે.' દેવપરીક્ષામાં પાસ થવાથી એને આ વિશેષતા થાય; એ એને મન એક મોટી કમાઈ છે.

**સમકિતીને મન ધર્મપરિણતિ એ સાચું ધન છે. એ વધવાનું મળે એમાં જ એને જીવનની મહાન વિશેષતા લાગે.**

બસ, માનવજીવન જીવી રહ્યા છો ને ? તો આ કરો,- ધર્મની પરિણતિ ઊભી કરો, અને એને વધારતા ચાલો ન્યાલ થઈ જશો. પછી વાતવાતમાં દુન્યવી આઘુપાછું થવામાં દિલને કલેશ નહિ થાય, ગુસ્સો નહિ ઊઠી આવે. મનને થશે કે મારી ધર્મપરિણતિ જો સલામત છે, તો બહારનું બગડવાથી મારું કશું બગડ્યું નથી. અરે ! પહેલાં કહ્યું તેમ બીજાના વાંકે કે પોતાના અંતરાયાદિ કર્મના વાંકે બાહ્ય ધર્મ સાધના બગડી તો પણ જો ધર્મપરિણતિ સલામત છે, વિકસ્વર છે, તો આત્માનું કશું બગડ્યું નથી. શા સારુ ગુસ્સો કરવો ? કે ખળબળી ઊઠવું ?

**બહારનું બગડે કે કોઈ ધર્મસાધના અટકે, પણ અંતરની ધર્મપરિણતિ જો**



**સલામત, તો આશ્વાસન લેવું કે આત્માનું કશું બગડ્યું નથી.**

**દેવ સુલસાને શું કહે છે ? :-**

સુલસા એની ધર્મશ્રદ્ધામાં-ધર્મપરિણતિમાં નિશ્ચળ રહી, દાસી પર ગુસ્સો કે બીજો ખળભળાટ એણે ન કર્યો, તો દેવતા પ્રસન્ન થઈ જાય છે, ને બધી બાજી સંકેલી લઈ દેવરૂપે પ્રગટ થઈને એને કહે છે,-

'દેવી સુલસા ! ક્ષમા કરજે, આ તો ઇંદ્રે તારી અવિચળ ધર્મશ્રદ્ધાની પ્રશંસા કરી, તેથી મને જરા એ પરખી જોવાનું મન થયું અને તને કષ્ટ આપ્યું પણ ખરેખર જેવી ઈંદ્રે વખાણી તેવી જ તું છો હું ખુશ થયો છું; તો કહે તારું શુ પ્રિય કરું ?'

સુલસાને ધર્મશ્રદ્ધાને કશો બદલો લેવાની અપેક્ષા નહોતી, પરંતુ પતિના અસમાધિ ટાળવાનો આ મોકો દેખ્યો; તેથી કહે છે, મારે તો કાંઈ જોઈતું નથી. મહાવીરપ્રભુ મળ્યા છે એટલે બધું મળ્યું છે. પ્રભુ મળ્યા પછી શી કમીના ? પરંતુ તમે જાણો છો કે મારે મન શું દુઃખ છે. પુત્ર વિના પતિને અશાંતિ રહે છે. એ અશાંતિ ટાળી આપો.'

દેવતા જુએ છે કે-'આમાં સુલસાને પોતાને કાંઈ એવી પુત્રની લાલસા નથી, પણ પતિની અસમાધિ ટાળવા ઝંખે છે. ધન્ય એની ધર્મપરિણતિને કે જે પ્રભુ મળ્યામાં સર્વસ્વ મળ્યું મનાવે છે, ને સ્વજનની પણ ચિત્તસમાધિ ઇચ્છાવે છે. સુલસાને કહે છે, લે આ **૩૨** ગોળીઓ, જ્યારે પુત્રની ઇચ્છા થાય ત્યારે એક ગોળી ગળી જજે. પુત્ર થશે.

સુલસાએ ગોળીઓ લીધી. દેવ અદૃશ્ય થઈ ગયો.

હવે અહીં પણ એની ઘર્મપરિણતિ કેવી મઘમઘતી છે એ જોવા જેવું છે. એના મનને એમ થાય છે કે મારે સાત પાંચ દીકરા મેળવીને શું કરવું છે ? ક્યાં એટલા બધાની પલેવણમાં મારો ધર્મસાધનાનો કિંમતી અવસર ગુમાવું ? એનાં કરતાં લાવ બત્રીસે ગોળી એક સાથે ગળી જાઉં, તેથી એક જ પુત્ર અનેકાનેક ગુણો વાળો લક્ષણવંતો મળે.'

ધર્મપરિણતિની આ ખૂબી છે કે બીજી ત્રીજી લાલસાઓ માટે મનને ઢીલું નિરુત્સાહ પાડી દે, મનને એના ઉત્સાહ ન કરાવે, એમાં દોડવા ન દે. એથી મનને એમ થાય કે.

**જીવન નભાવતાં બિનજરૂરી બાબતો વહોરવા-વધારવામાં ધર્મસાધનાનો કિંમતી અવસર ગુમાવવો પડે, તન-મન-વચન એમાં રોકાયા હોવાથી ધર્મસાધનામાં જતાં એટલા અટકે.** તો હાથે કરીને એવી વેઠ વહોરવાની કે ઊભી કરવાની, યા વધારવાની શી જરૂર જ છે ?' આમ ધર્મપરિણતિવાળાનું મન દુનિયાથી ધરાઈ ગયું હોય.

સમજાય છે ? દિલમાં ધર્મ પરિણમ્યો છે ને ? તો નકામી વાતોચીતો, બિનજરૂરી હરવાફરવાનું, કે વગર જોઈતી બાબત વહોરવાનું કરતા નથી ને ? અરે ! નકામા વિચાર પણ કરવા જેવા નથી. આ ખૂબ ધ્યાનમાં રાખવા જેવી વાત છે કે વિચાર-વાણી-વર્તાવ કે વસ્તુ, વગર જોઈતી કોઈ ચીજમાં પડવું નહિ, તે આટલા માટે કે એ અનંત કલ્યાણકર ધર્મસાધનાનો મહામૂલ્યવંતો માનવ સમય ચોરી લે છે.

**સ્થૂલભદ્રજીને** પહેલાં એમ થયું કે

(૧) જો આ રાજ્ય આપે છે તે મંત્રીપદની ઉપાધિ વહોરી લઉં, સ્વીકારી લઉં, તો પછીથી મંત્રીપણાનાં કાર્યો સમય માગશે, ને એ વેશ્યાની સાથેના રંગરાગનો એટલો સમય ચોરી લેશે.' પણ એટલું જ વિચારીને એ અટક્યા નહિ. એ તો આગળ વધી વિચારે છે કે

**(૨) અરે ! એમ તો આ વેશ્યાના રંગરાગ પણ આ માનવજીવનમાં મળેલો દુર્લભ આત્મહિતસાધનાનો સમય ચોરી લે છે, તો પછી આ ઉપાધિ ય હવે શું કામ રાખવી ? બસ, અહીંથી જ એ વોસિરે.**

વોસિરાવ્યો સંસાર, સાધુપણું લઈ લીધું, ગુરુ પાસે પહોંચી શિષ્ય બની ગયા, ત્યાં પણ એટલેથી બસ, ન કર્યું.

(૩) 'સાધુપણામાં શા માટે ડાફોળિયાં વાતોચીતો, પર-ડહાપણ, અને વિકલ્પો તથા સુખ આરામ કરવા ? એ અનંત કલ્યાણસાધક સ્વાધ્યાય-જ્ઞાનવૃદ્ધિ વગેરેનો અમૂલ્ય માનવ સમય ચોરી લે છે, માટે એ ય વોસિરે.' એમ કરી સાધુચર્યા ગુરુસેવા અને સ્વાધ્યાયમાં એવા લાગી પડ્યા, એવા લાગી પડ્યા કે મહા પૂર્વ આગમોની રોજ ૭-૭ વાચના લેવામાં વગર થાક્યે એ એકલાજ રહ્યા. આ શું બતાવે છે ?

**સાધનાનો દુર્લભ સમય ચોરે એને છોડો.**

સ્થૂલભદ્રજીએ આ કેવું સૂત્ર લગાડ્યું ? પહેલાં કિંમતી લાગેલી વેશ્યાના રંગરાગનો સમય ચોરે એવું મંત્રીપદ જતું કર્યું પછી દુર્લભ લાગેલી ચારિત્રની સાધનાના સમયને ચોરનાર એ રંગરાગ જતાં કર્યા. ચારિત્ર જીવનમાં ય મહાકિંમતી લાગેલા જ્ઞાનધ્યાનની સાધનાના સમયને ચોરનાર વિકલ્પો-વાતોચિતો....વગેરેને છોડ્યા. મંત્રીપદ સંભાળવામાં સમય જાય ને ? એ સમયમાં રંગરાગ ગુમાવવા પડે ને ? માટે મંત્રીપદ જતું કરો. રંગરાગમાં જે સમય જાય એમાં ચારિત્રસાધના ગુમાવવી પડે ને ? માટે રંગરાગ છોડો. ચારિત્ર જીવનમાં ય વિકલ્પો વાતોચીતો વગેરેમાં જે સમય જાય એટલો સમય જ્ઞાનધ્યાન ગુમાવવાનું થાય ને ? માટે એ વિકલ્પો વાતો વગેરે નહિ કરવાના સૂત્ર 'આ- સાધનાનો સમય ચોરે એને છોડો.'



**આ સૂત્ર પર આરાધનાની કેવી પ્રેરણા :-**

તમે સંપૂર્ણ ચારિત્ર નથી લઈ શકતા તો પણ જો આ સૂત્ર લગાડો કે નાની નાની મામુલી બાધા વિના છૂટ રાખવામાં વિરતિ ધર્મનો સમય ગુમાવવાનું થાય, તો ઝટ એ છૂટને જતી કરી નાની નાની બાધામાં વિરતિમાં પ્રતિજ્ઞામાં આવવાનું બને. દા.ત. કલાક સુધી ખાવું પીવું ન હોય, પણ એટલો સમય ન ખાવાપીવાનો નિયમ જો નથી, તો એ સમય છૂટમાં અવિરતિમાં જવાનો; તે જો નિયમ કર્યો તો છૂટમાં વેડફાતો સમય લેખે લગાડ્યો, પાપબંધ અટકાવ્યો.

લાખો-ક્રોડો મળવાનું દેખાતું નથી, પણ જો આટલાથી વધુ પરિગ્રહ મારે ન ખપે આવો નિયમ નથી તો મૂર્છા છૂટ અવિરતિના પાપમાં સમય જવાનો. દિવસના બ્રહ્મચર્ય પાળવું તો છે જ, પરંતુ એનો જો સવારથી જ નિયમ નથી, તો એની અવિરતિના પાપમાં સમય વેડફાઈ જવાનો.

એમ, જીવનમાં મોટાં પાપો દા.ત. અંગારકર્મના ધંધા વન બાળવા, તળાવ, સુકાવવા, શસ્ત્રો બનાવવા વેચવા વગેરે કર્માદાનના ધંધા કરવા નથી, છતાં જો એના ત્યાગની પ્રતિજ્ઞા નથી, તો એટલો સમય એની છૂટના અવિરતિના મહા પાપમાં વેડફાઈ જવાનો, ને પાપબંધ સતત લાગ્યા કરવાનો.

માટે આવા બિનજરૂરી પાપો કે પ્રવૃત્તિઓની છૂટ અવિરતિ રહે એમાં શો ફાયદો ? એના લાંબા કે ટૂંકા સમયના જો ત્યાગના નિયમ રાખી લીધા હોય, તો એ સમય વિરતિમાં લેખે લાગી જાય.

**માનવભવનો સમય વિરતિ આરાધવા માટે કિંમતી છે; એ સમય અવિરતિ કેમ ચોરી જાય ?**

એમ રોજ નવકારશી પચ્ચકખાણ, દેવદર્શન-પૂજા, શક્ય રાત્રિભોજનત્યાગ, કંદમૂળત્યાગ, સામાયિક વગેરે ધર્મસાધના કરવાને મોંઘેરો માનવસમય મળ્યો છે. એને ન આચરો તો એટલો સાધનાનો કિંમતી સમય વેડફાઈ જાય છે, પાપખાતાઓ એ સમય ચોરી જાય છે., એમ પર્વતિથિએ વિશેષ આરાધના નહિ રાખી, તો મહાકિંમતી જે પર્વસમય એને સરિયામ પાપખાતા ચોરી જશે.

**પૈસા ચોરાય એથી જે આપદા નથી એ સાધનાનો મૂલ્યવાન સમય ચોરાય એથી છે.**

પૈસાના ચોરનાર ઉપર ભારે ક્રોધ ચડે છે, પણ આ મહાકિંમતી સાધના-સમય ચોરનાર ઉપર દિલને લેશ પણ દુઃખ ખરું ? ખોટી લાલસા અગર મૂઢતામાં નવકારશી નથી કરતા, યા નવકારશીની પોરિસી નથી કરતા, ત્યાં પચ્ચકખાણનો મળેલો કિંમતી આરાધના સમય ચોરાય છે, તો સવારે વહેલાં કે નવકારશી વાપરતાં

હૈયું કલેશ અનુભવે ખરું ? એમાં મારાં કિંમતી સમયવસ્તુ ચોરાવાનું દુઃખ થાય ? વિષયની આંધળી લંપટતામાં ૧૦ તિથિ બ્રહ્મચર્ય આરાધનાનો મળેલો મૂલ્યવંતો સમય ગુમાવી નાખવાનું થાય છે, એ મહા ખોટ પર હૈયું કકળે ખરું ?

કિંમતી સાધના સમય ચોરે એ ન જોઈએ, આ સૂત્ર લગાવ્યા કરો તો કેટલાંય પાપ ઓછાં કરી ધર્મ સાધનામાં લાગવાનું થાય.

ચારિત્ર પણ લીધા પછી ય આ ખૂબ ધ્યાન રાખવાનું છે કે ઉત્તમ જ્ઞાન-ધ્યાન-ભાવનાઓ અને ક્ષમા-નિર્લોભતાદિ શુભ ભાવોના સમયને વાતોચીતો વિકલ્પો ડાફોળિયાં-આરામી અને પરડહાપણ ચોરી ખાય છે. માટે મારે એ ન ખપે.'

મહાવીરપ્રભુ ગૌતમસ્વામીને કહે છે. **'સમયં ગોયમ ! મા પમાયએ,** હે ગૌતમ ! એક સૂક્ષ્મ સમય પણ પ્રમાદ ન કરીશ ? એનું રહસ્ય શું છે ? ભગવાન શું કહેવા માગે છે.

**'સમયં ગોયમ ! મા પમાયએ' નું રહસ્ય :-**

ભગવાનના કહેવાનો આ આશય છે,-

હે ગૌતમ ! બે મિનિટ પણ વાતોમાં પડીશ તો સાધનાની મહાકિંમતી બે મિનિટ ચોરાઈ જશે. એક ક્ષણ પણ કોઈની ઈર્ષ્યાના વિકલ્પમાં પડીશ તો એ વ્યક્તિના સારાં તત્ત્વની પ્રમોદ ભાવનાની કિંમતી ક્ષણ ચોરાઈ જશે. એક સમય પણ ખાનપાન પર રાગનો વિકલ્પ કરીશ, તો વૈરાગ્ય-ભાવ ઝળકતો રાખવાનો જે એ કિંમતી સમય, એ વેડફાઈ જશે.

હે ગૌતમ ! સાવધાન રહેજે, સહેજ પણ ડાફોળિયું મારીશ તો એટલો સ્વાધ્યાય-આત્મ-પરમાત્મ-ધ્યાનનો મોંઘેરો સમય બરબાદ જશે. સાવધ રહેજે. થોડી પણ સુખ આરામી કરી, તો એ અહીં મળેલો સાધનાનો મહામૂલ્યવંતો એટલો કાળ ચોરી લેશે. પાંચ મિનિટ પણ પરદોષ નિરીક્ષણ પરતપ્તિ પરસંતાપને પરમાં હડાપણ ડહોળવામાં જો ગાળી, તો પરમાત્મ-ચિંતનનો અને સ્વરમણતાનો એટલો મહાકિંમતી સમય નષ્ટભ્રષ્ટ થશે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૦,અંક-૩૬,તા.૨૦-૫-૧૯૭૨**

આ બધા પ્રમાદ છે,- ડાફોળિયાં એ પ્રમાદ, વાતો ચીતો તો પ્રમાદ, અસત્ વિકલ્પો પ્રમાદ, શૂન્ય મગજ એ પ્રમાદ, સુખ-આરામી એ પ્રમાદ, પરચિંતા એ પ્રમાદ, ઇંદ્રિયોના વિષયાકર્ષણ એય પ્રમાદ, અને ક્રોધાદિ કષાયો તેમજ હર્ષ-ખેદ, હાસ્ય-ભય-જુગુપ્સા કામવાસના, એ બધા ય પ્રમાદ છે. એમાંના કોઈ પણ પ્રમાદમાં



પડવાથી અહીં મળેલ અતિ દુર્લભ સાધનાકાળ ચોરાઈ-વેડફાઈ જાય છે.

પ્રભુના 'સમયં ગોયમ ! મા પમાયએ' ઉપદેશનો આ સાર છે. એટલે જો એ સાધના-સમયને ચોરાવા ન દેવો હોય તો એ પ્રમાદને દૂર જ રાખવા જોઈએ. એ સાધના-સમયની કિંમત ન હોય તો તો કાંઈ કહેવાનું નથી. પણ જો સાધના સમયની કદર હોય કિંમત હોય તો એક જ સમયમાં સાધના અને પ્રમાદ બંને નહિ બની શકે આ ગોખી રાખવું પડે.

પ્રતિક્રમણ ચૈત્યવંદન વગેરે ધર્મ-સાધના કરીએ અને એમાં વાતોચીતો કરીએ, ડાફોળિયા મારવા છે, મનમાં બીજા ત્રીજા વિકલ્પો કે પરની ચિંતા બળતરા કરવી છે, તો સાધનાનો ઢંગધડો નહિ રહે. પ્રણિધાન યાને એકાગ્રતાથી સાધનામાં મનઃસ્થાપન વિના ધર્મસાધના નહિ. મન પ્રમાદમાં ગયું એટલે સાધનામાંથી ઊડ્યું. દેવદર્શનાદિ ધર્મક્રિયા કરતાં કરતાં વર્ષો થયા તપાસો. ક્રિયા વખતે હવે આડુઅવળું એક પણ ડાફોળિયું નથી મારતા ને ? સહેજ પણ વાતચીત નથી કરતા ને ? બીજા ત્રીજા વિચાર નથી કરતા ને ? પરચિંતામાં નથી પડતા ને ?

દર્શનમાં કોઈ આડો આવ્યો, ત્યાં મનને શું થાય છે ? કહો વલોપાત,-'આ કેવો છે ?આટલી સમજ નથી કે બાજુએ ઊભા રહેવાય ? આપણા લોકોમાં અક્કલ વિવેક ક્યારે આવશે ?...' આ વલોપાત શું ચીજ છે ? પરચિંતા. ત્યાં પોતાની ચિંતા જ નથી કે 'મારે વીતરાગના દર્શનથી શું કમાવવું છે ? રાગદ્વેષ ભૂલવાનું આ કમાઈ જવાની મારામાં અક્કલ છે ? બીજાની અક્કલનો વિચાર આવે છે. પોતાની અક્કલનો વિચાર નથી. કોઈ દર્શનમાં આડો આવ્યો તો ભલે આવ્યો, તું માનસિક દર્શન કર. આંખોથી કરેલાં દર્શન કેટલાં યાદ રહ્યા, એની કસોટી થશે. આ કસોટી કરવાની અક્કલ ખરી ? સ્વચિંતા હોય તો અક્કલ આવે ને ? ચિંતા જ પરની, કે એનામાં અક્કલ નથી. ભાન નથી. કે પરચિંતામાં સ્વચિંતાનો કિંમતી સમય ચોરાઈ જાય છે.

ત્યારે ડાફોળિયા મારવાની કુટેવ વરસ બહોંતેર થવા આવ્યા છતાં મટી ? 'આ શું છે ? પેલું શું છે ? પેલો કોણ આવ્યો ? શું કરે છે એ ? આ કોણ ગયું ? આ આમ કેમ બેઠો છે ?...' આવી ને આવી જિજ્ઞાસા જોવાની આતુરતા ડાફોળિયાં મરાવે છે. ખરી રીતે તો વાત આ છે કે,

**મહાતારક સાધનામાં ચિત્ત ઠરતું નથી. એટલે આડા અવળાં ફાંફા મરાય છે, ડાફોળિયાં લગાવાય છે.**

સિનેમા જોનારો ડાફોળિયાં મારે ખરો ? બોલપટનો સંવાદ કે ભાષણ સાંભળનારો ડાફોળિયા મારે ખરો ? તો પછી કેમ ચૈત્યવંદન પ્રતિક્રમણમાં કે

વ્યાખ્યાન સાંભળતાં ડાફોળિયાં મરાય છે ? કહો, ત્યાં પેલાનું ચિત્ત ઠરે છે, અહીં ઠરતું નથી; તેથી ચિત્તને ઠારવા મન બીજે ઘલાય છે. જે બાઈને ધણીમાં ચિત્ત ઠરતું નથી એને પર પુરુષો સાથે વાતો કરવા જોઈએ છે. પાડોશણો સાથે ખાસું બેસીને ગપ્પાં મારવા જોઈએ છે. જિનેશ્વર ભગવંતમાં, ભગવંતના ચૈત્યવદનમાં, ભગવંતે ભાખેલી તારક ક્રિયામાં અને ભગવંતના વચનમાં ચિત્ત ઠરે તો આપોઆપ નકામી વાતોચીતો-ડાફોળિયાં-વિકલ્પો અને પરચિંતા બંધ પડી જાય.

**જિન-વચનમાં મન ઠરે છે એ માપવાની પારાશીશી આ, કે વાતો-ડાફોળિયાં-વિકલ્પો ન રહે.**

**વાતો ડાફોળિયાં-વિકલ્પોને પરચિંતા અટકાવવાની ચાવી આ, કે જિનમાં ઠરો, જિન વંદન-સ્મરણમાં ઠરો, જિનાજ્ઞાના ચિંતનમાં ઠરો. જિનાજ્ઞા-પાલનમાં ઠરો; એમાં અપૂર્વ આલ્હાદક-રોમાંચ-ગદ્ગદતા અનુભવો. એ કરવું એ ઊંચી ધર્મપરિણતિ છે.**

સુલસાની ધર્મપરિણતિ એને જીવનમાં નકામી વેઠ વહોરવી નહિ, જીવન નભાવવામાં બિનજરૂરી હોય એવી ઉપાધિને વહોરવી નહિ. આ જિનાજ્ઞાનું પાલન કરાવી રહી છે. તેથી જ એને પતિની સમાધિ પૂરતો જે એક પુત્ર જરૂરી છે, એથી અધિક પુત્રોની એને ઇચ્છા જ નથી. જિનેશ્વર ભગવંત અને એમનાં વચન વિચારવામાં એનું મન એટલું બધું ઠરે છે, પ્રસન્નતા અનુભવે છે કે દુનિયાની વાત વસ્તુમાં કશું લેવા ચિંતવવા જેવું એને લાગતું નથી. કહો, એનું મન દુનિયાથી ધરાઈ ગયું છે. સંસારમાં બેઠી છે તે તો કર્મના દબાણથી

તમે કહેતા નહિ કે અમે ય સંસારમાં કર્મના દબાણથી બેઠા છીએ; એમ કહેવા પહેલાં વિચારજો કે તો પછી શું સંસાર હોંશથી નથી વહોર્યો ને ? હોંશથી નથી ચલાવતા ને ? સંસાર ભયંકર દુઃખરૂપ લાગે છે ને ? માટે આશ્રિતોને એ જ સલાહ આપો છો ને કે આ સંસારમાં રહેવા જેવું નથી ? વધુ પડતી માલમિલકત પરિવાર વધારવાનું મન નહિ ને ? એ વેઠ લાગે ને ?

**સંસારથી મન ધરાઈ ગયું હોય તો માલ મિલકત પરિવાર વેઠ લાગે; અને એ વેઠ લાગવું એ ધર્મપરિણતિ છે.**

સુલસાને દેવતાએ ૩૨ ગોળીઓ આપેલી છે, તેથી તો મન માન્યા પુત્રરત્નો મેળવી શકે, પરંતુ એનું મન સંસારથી ધરાઈ ગયેલું હોવાથી ને એને ધર્મસાધનાની જ ખરી ભૂખ હોવાથી, પતિના સંતોષ ખાતર જ લક્ષણવંતો માત્ર એક જ પુત્ર પ્રાપ્ત કરવાની એને ઇચ્છા; તેથી એના મનને થયું કે ૩૨ ગોળીઓ સામટી લઈ લઉં, તો બત્રીસ લક્ષણવંતો એક પુત્ર પ્રાપ્ત થશે. એમ વિચારીને એ બત્રીસ ગોળી



એક સાથે ખાઈ ગઈ. પરંતુ એનું પરિણામ દુઃખદ આવ્યું. એને એકી સાથે ૩૨ ગર્ભ રહ્યા; અને સમય જતાં એ ગર્ભ મોટો થયેથી સુલસાને પેટમાં ભારે અસહ્ય પીડા ઊભી થઈ.

એમ માનશો નહિ કે બહુ પુત્રોની ખટપટ ન જોઈએ એવી ધર્મપરિણતિથી જ આ નુક્સાન ઊભું થયું ને ? ના જરાય નહિ. આ દુઃખ તો એની અજ્ઞાન દશાથી ઊભું થયું છે. દેવતાએ ૧-૧ ગોળી લેવાનું કહેલું એનો પૂરો ભાવ ન સમજી શકી એથી આ પીડા ઊભી થઈ છે.

**નુક્સાનને દુઃખને અજ્ઞાનદશા અવિવેક યા કોઈ રાગાદિ કષાયના બદલે ધર્મભાવના સાથે ગાંઠવું કે આ નુક્સાન ધર્મભાવનાથી થયું' એ મૂર્ખતા છે, મૂઢતા છે.**

**વીર પ્રભુને દુઃખ અભિગ્રહ ધર્મથી નહિ :-**

**પ્ર.**- ભગવાન શ્રી મહાવીર સ્વામીજીએ અભિગ્રહ કર્યો કે રાજપુત્રી હોય દાસપણું પામી હોય....અને વહોરાવે તો ભિક્ષા લેવી, એમાં હવે એને મહિનાના મહિનાઓ સુધી ભિક્ષા-આહાર નથી મળતો, ને ભૂખ સહવી પડે છે. તો આ આહાર ન મળવાનું કષ્ટ ને ભૂખ અશાતાનું દુઃખ અભિગ્રહરૂપ ધર્મના કારણે આવ્યું ન કહેવાય ?

**ઉ.**- ના, ન કહેવાય. કેમકે તો તો પછી ૬ મહિનામાં પાંચ દિવસ બાકી રહ્યા ત્યારે એમને કેમ આહાર મળ્યો ? અને એ ભૂખ-અશાતાનું કષ્ટ ગયું ? અભિગ્રહ ધર્મથી આહાર ન મળવાનું બન્યું હોય તો ચંદનબાળા કેમ મળી, અને એની પાસેથી આહાર કેમ મળ્યો ? અભિગ્રહ ઊભો હતો તો કશ્ટ કેમ ટળ્યું ? આ સવાલ આવે માટે ત્યાં કહેવું પડે કે પ્રભુના અંતરાય કર્મ હતા ત્યાં સુધી એણે આહાર ન મળવા દીધો, અને અશાતા કર્મે ભૂખનું કષ્ટ ઊભું રાખ્યું, એ કર્મો ભોગવાઈ જતાં આહારની પ્રાપ્તિ થઈ, ભૂખનું કષ્ટ ટળ્યું.

પ્રભુએ અભિગ્રહ આ માટે જ કર્યો હતો કે એ પૂર્વનાં કર્મો તોડી નાખે...કર્મનું કાર્ય આ, કે એ ઉદયમાં આવી કષ્ટ અનુભવાવીને ક્ષીણ થતા જાય, ક્ષય પામતા જાય એટલે કષ્ટ-દુઃખ તો કર્મના ઘરનું, અને કર્મ ક્ષય અભિગ્રહ ધર્મના ઘરનો તો બોલો, ધર્મથી ધર્મસાધનાથી દુઃખ કે લાભ ? દુઃખ ધર્મસાધનાથી કે કર્મથી, કર્મના ઉદયથી ? કહેવું પડે કે કર્મથી કષ્ટ, તથા અભિગ્રહ ધર્મ અને સહિષ્ણુતા ધર્મથી કર્મનાશનું સુખ. બસ,

(૧) આ સાવધાની રાખવાની છે કે એવું ન મનાઈ જાય કે ધર્મસાધનાથી દુઃખ આવે છે. માનવાનું આજ કે ધર્મસાધનાથી-ધર્મપરિણતિથી સારું જ થાય. દુઃખ આવે એ અશુભ કર્મથી.

એમ (૨) આ પણ સાવધાની જોઈએ કે જ્યાં એવું દેખાયું કે ગુસ્સો કર્યો, અભિમાન કર્યું, લોભ કર્યો, હિંસા-જૂઠ વગેરે આચર્યું ને સારું મન માન્યું બની આવ્યું તે ક્રોધ-લોભાદિ કષાયથી યા હિંસા જૂઠ-અનીતિ આદિ પાપથી બની આવ્યું. પણ એમ જ માનવું જોઈએ કે એ મનગમતું બની આવવાનું તો અંદરના પુણ્યના ઉદયથી જ બન્યું; બાકી હિંસાદિ પાપો અને કષાયોએ તો પાપ સંસ્કારો તથા કષાય સંસ્કારો અને કર્મબંધન જ આપ્યાં, જે આગળ પાપો કષાયોની પરંપરા અને દુઃખ જ આપશે. સારાંશ,

**ધર્મપરિણતિથી અને કષાયોથી તેવા શુભ અશુભ સંસ્કાર અને તેવી પરંપરા સર્જાય; ત્યારે સુખ-દુઃખ ગમતું અણગમતું તો શુભ અશુભ કર્મથી મળે.**

આ માન્યતા પાકી રહે, તો ધર્મ ઉપર આસ્થા વધે, પાપો અને કષાયો ઉપર નફરત રહે તેમજ સુખ દુઃખને કર્મના ખેલમાંની સુખમાં સુખના મદના ઉન્માદ અને દુઃખમાં ખેદ દીનતા ન આવે.

મહાન શ્રાવિક સુલસા આમાં સાવધાન છે. એક જ પુત્ર જોઈએ બહુ નહિ; નહિતર ધર્મસાધનામાં વિશેષ અંતરાય પડે,'- આ ધર્મપરિણતિ એણે રાખી હતી; અને પુત્ર સુલક્ષણો જોઈએ માટે એ દેવતાઈ બત્રીસે ગોળી એક સાથે ખાઈ ગઈ હતી, પણ એમાં તો ૩૨ ગર્ભ રહીને એ વધતાં પેટમાં અકળામણ વધી, તો એથી એ એમ નથી માનતી કે આ દુઃખ મારી ધર્મપરિણતિથી આવ્યું. એ તો સમજે છે કે દુઃખ તો મારી અજ્ઞાનદશાથી આવ્યું; ખબર ન રહી કે ૧-૧ ગોળીથી ૧-૧ ગર્ભ એમ ૩૨ થી ૩૨ ગર્ભ રહેશે. સુલક્ષણા પુત્રનો લોભ કરવા ગઈ અને આ આપદા ઊભી થઈ.

**દેવ આવે છે ? :-**

પણ હવે શું થાય ? આ દુઃખ અસહ્ય થઈ પડ્યું છે. તેથી એ દેવતાને યાદ કરી કાયોત્સર્ગ કરે છે એની જ્વલંત ધર્મપરિણતિથી આકર્ષાઈ ગયેલો દેવ ત્યાં આવે છે. સુલસા એને પોતાની પીડા કહે છે.

દેવ કહે તો પછી તમે શું કામ લોભ કરવા ગયા ? મેં તો તમને કહ્યું હતું કે જ્યારે પુત્રની ઈચ્છા થાય ત્યારે ૧ ગોળી લેવી. તો આ શું કર્યું ? આમાં તો હવે ૩૨ પુત્ર થવાના, અને એમાં એકના મૃત્યુ પર સાથે જ બધાનાં મૃત્યુ થવાના !'

**સુલસાના ધર્મપરિણતિથી છલકાતા બોલ :-**

સુલસા કહે છે,- 'લોભ તો કાંઈ ૩૨ પુત્રનો હતો જ નહિ, પણ એક જ પુત્ર બત્રીસ લક્ષણો મળે એ માટે આ કરેલું. પરંતુ ભવિતવ્યતા જ એવી હશે. નહિતર મને આવું શાનું સૂઝે ? **વિવેક રાખવા છતાં મતિવિભ્રમ થાય એ**



**ભવિતવ્યતાને આધીન છે. એ** આમાંથી સમજાય છે. તેથી જ એક જ સુલક્ષણો પુત્ર ઈચ્છવામાં આ ભ્રમણા થઈ કે એકને બદલે બત્રીસ ગોળી ખાઈ લઉં તો વાંછિત સિદ્ધ થાય. ભાવીભાવ બળવાન છે, નહિતર રામ જેવા રામ વનમાં કેમ ભટકતા થાય ? તેમજ સીતાને ત્યાં એકલી કેમ છોડાય ? ભવિતવ્યતા જ એવી કે રાવણની તરાપ છે માટે સીતાને એકલી મૂકવા રામ ભુલાવામાં પડે. એમ રાવણને વિનાશની ભવિતવ્યતા છે માટે અંતે સીતાને પાછી સોંપવાનું મન છતાં અહંકાર નડ્યું કે એમને એમ સીતાને ન સોંપી દઉં, રામ-લક્ષ્મણને હરાવી પકડી લાવી પછી સીતાનું દયાદાન કરું. ભવિતવ્યતા બળવાન છે.

"ખેર ! ભાવીએ મને ભુલાવી, પરંતુ ભાવી કરતાં મારો પોતાનો જ દોષ છે. મેં જ ચારે બાજુનો વિચાર કર્યા વિના આ કર્યું છે. હવે જો મારું પુણ્ય પહોંચતું હોય અને તમારી આ પીડા હરવાની શક્તિ હોયતો પીડા મટાડો, અને મારે જો પુણ્ય ન હોય તો તો મારાં અશુભ કર્મ માની હું સહન કરી લઈશ.

**"જીવને પૂર્વે ઉપાર્જેલા શુભ કર્મ યા અશુભ કર્મ અવશ્ય વેદવા રહે છે.** એમાં ચમરબંધીનું ચાલતું નથી. પરમ વિરાગી શાંતિનાથ કુંથુનાથ અરનાથ ભગવાનને ચક્રવર્તીપણાનાં નિકાચિત પુણ્ય વેદવા ચક્રવર્તી બનવું જ પડ્યું નહિતર એવા જ્વલંત વૈરાગ્યવાનને વળી ચક્રવર્તી બનવાની મહેનત શી ? ને ચક્રવર્તીના ઠાઠ ભોગવવાના શા ? પણ અવશ્યવેદ્ય કર્મ હતા. તે એને ભોગવ્યા વિના ક્યાં જાય ? એમ મહાવીર પ્રભુ ઇંદ્રોને માન્ય છતાં એમના પર જાુલ્મની ઝડીઓ વરસી, એમાં પણ પોતાનાં અશુભ કર્મ જ બળવાન કારણ હતાં, તો મારે પણ અગર એવાં અશુભ કર્મ વેદવા પડે જ એવાં હોય તો તમે કાંઈ ન કરી શકો, એમાં તમારી કોઈ ખામી નથી. ખામી મારાં કર્મની, ને તે હું વેઠી લઈશ."

સુલસાના બોલ કેટલા બધા વિવેકવંતા છે ? કેટલી બધી ધર્મપરિણતિથી ઝલકતા ને છલકાતા છે ? સુલસા તીર્થંકર થવાના છે તે શું એમ જ લોકવણના જેવા વિચાર, લોકવણના જેવી વાણી, અને લોકવણના જેવા વર્તાવ ઉપર ? ના, તીર્થંકર ભગવાને ભાખેલા ધર્મની પરિણતિ અને તીર્થંકરદેવ ઉપરની અથાગ શ્રદ્ધા પરિણતિથી છલકતા વિચાર-વાણી-વર્તાવ ઉપર તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઊભું કર્યું છે, તેથી તીર્થંકર બનવાના છે.

આ ધર્મપરિણતિ એના દિલને મનાવી રહી છે ને દેવની આગળ બોલાવી રહી છે કે દેવતાઈ ૩૨ ગુટિકા એક સાથે ખાવામાં એક સુલક્ષણો પુત્ર આપવાની શક્તિ હોવાનો ભ્રમ થયો તે ભૂલ છે, અને બળવાન ભવિતવ્યતાએ આ ભ્રમણા આ ભૂલ કરાવી. હવે જે એના પર ૩૨ ગર્ભની પીડા ઊભી થઈ એ મારા પોતાના

અશુભ કર્મના પ્રતાપે થઈ છે.'

**સર્વજ્ઞ પ્રભુનો ધર્મ આ તત્ત્વજ્ઞાન આપે છે,-'વિવેક છતાં થતી ભૂલમાં ભવિતવ્યતા કારણ; અને ભૂલથી થતી પીડામાં અશુભ કર્મ કારણ છે, '** આ તત્ત્વની શ્રદ્ધા-પરિણતિ આવી, શ્રદ્ધા હૃદયમાં પરિણતિ થઈ અર્થાત હૃદયના તાણેવાણે વણાઈ ગઈ, એટલે પછી દોષ બીજા કોઈને નહિ દેતાં ભવિતવ્યતા અને કર્મનો દોષ સમજવાનો. એથી જો દેવતા પીડા નથી શમાવી શકતો, તો પોતાનાં કર્મની પ્રબળતા સમજી વિહ્વળતા નહિ કરવાની, પીડા સહન કરી લેવાની, પીડા સહીને કર્મનો નિકાલ કરી દેવાની તૈયારી રાખવાની, ત્યારે પૂછો,

**પ્ર.**- પણ બહુ પીડામાં ચિત્ત વિહ્વળ થઈ જાય તો ?

ઉ.- તો શું ? ઉગ્ર ઉપસર્ગપીડા શાંતિથી સહી લેતા પ્રભુને નજર સામે રાખવાના; યાદ કરવાના કે આ મારા પ્રભુએ ભયંકર અશુભ કર્મનું ક્યાં ઓછું સહ્યું છે ? એ મહાવીર પ્રભુની પીડા આગળ મારી પીડા શી વિસાતમાં છે ? મારા પ્રભુએ ભયંકર અશુભ કર્મનું ક્યાં ઓછું સહ્યું છે ? એ મહાવીર પ્રભુએ સહ્યું છે તો મારે પણ સહી લેવાનું. આવું નજર સામે લાવવાથી પીડાની વ્યાકુળતા ઓછી થાય, પરંતુ આ રીતે પ્રભુની પાછળ સહી લેવાનું મનાવે કોણ ? પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા પ્રેમ અને અત્યંત આદરભક્તિ મનાવી શકે છે.

**'પ્રભુ ! તું મને ગમે છે ? તો પછી તારો સહવાનો માર્ગ મને ન ગમે ?' આ શ્રદ્ધા પરિણતિ યાને શ્રદ્ધાની આ લાગણી પીડામાં વ્યાકુળતાને અટકાવી શકે છે.**

પરંતુ એ ખાલી એકવાર સાંભળી લીધા માત્રથી કે બોલી કાઢ્યા માત્રથી ન સમજાય; કિન્તુ જીવનમાં વારંવાર આનો અભ્યાસ કરવાથી સમજાય કે આ ધર્મપરિણતિમાં આ શ્રદ્ધાપરિણતિમાં કેવી અદ્‌ભુત તાકાત છે. 'પ્રભુ ! તું મને ખરેખર ગમે છે ?' એ મનમાં આવે એટલે મન પછી ચોંકે કે, 'હેં ? પ્રભુ મને ગમતા હોય તો મારે બીજું ગમતું કરાય ? કરું તો પ્રભુ મને ક્યાં ગમ્યા ?'

**પ્રભુ ગમે તે શા માટે ગમે ?**

(૧) પ્રભુ વીતરાગ છે, માટે વીતરાગ થવામાં મહાન આલંબન બનનારા આદર્શ આપનારા ઉપકારી છે, તેમજ (૨) પ્રભુ વીતરાગ બનવાનો માર્ગ ને તત્ત્વજ્ઞાન પણ આપનારા ઉપકારી છે, માટે જ ને ? (૩) વીતરાગ જ એક આપ્ત પુરુષ છે, એમના પર જ વિશ્વાસ મૂકી શકાય એવા અને સત્ય નિષ્કપટ કહેનારા પુરુષ છે, માટે જ એ ગમે છે ને ?

પ્રભુ આ માટે જ ગમવા જોઈએ . એમની સેવાથી દુનિયાનું સારું સુખ મળે છે માટે જો પ્રભુને ગમતા કર્યા, તો ત્યાં ખરેખર તો દુનિયાનું સારું સુખ ગમ્યું,



પ્રભુ નહિ. પ્રભુ ગમાડવા છે ? તો દુન્યવી સુખ અણગમતું કરવું જ પડે. એટલે જ પ્રભુ પોતે વીતરાગ અને આપણને વીતરાગ બનવામાં આદર્શ બનનારા તથા આલંબનરૂપ થનારા તરીકે ગમે. આમ વીતરાગતા જ ગમી પછી એમને છોડીને બીજુ ગમવા જેવું શું રહે ?

સુલસાને બત્રીસ ગર્ભની પીડા છે, પરંતુ પ્રભુ આ રીતે ગમે છે, એટલે શરીર પર કે શરીરની સુખાકારિતા પર એવો આંધળો રાગ નથી કે એની ખાતર એ દેવતાને 'ભાઈસાબ ! હું તમારે પગે પડું, ગમે તેમ કરીને મારી પીડા મટાડી આપો. એમ કાલાવાલા કરે.

દેવતાને તો એ પ્રભુભક્ત સુલસા કહે છે, 'મેં બહુ પુત્રોનો લોભ તો નહોતો કર્યો, પરંતુ એકજ પુત્ર સુલક્ષણો મળે એવી ઇચ્છા કરેલી તેથી મેં એ માટે આ કરેલું. પણ હવે ભૂલ થઈ ગઈ છે અને હકીકતે પીડા અસહ્ય છે. જો તમો એ નિવારી શકતા હો, તો નિવારો; ન નિવારી શકતા હો તો હું માનીશ કે મારે એવાં અશુભ કર્મ ભોગવવાનાં જ છે; તો સહન કરી લેવાનું રાખીશ'

સુલસાના બોલવામાં અદીનભાવ, નિખાલસતા અને વિવેક ભારોભાર ભરેલો છે. ભલે જુદા સારા ખ્યાલથી પણ ૩૨ ગોળી એક સાથે ખાઈ લેવાની પોતાની ભૂલ પહેલી કબૂલી લે છે; અને ઊભી થયેલી પીડા મીટાવવાનું જો પોતાનાં કર્મવશ દેવને અશક્ય લાગતું હોય, તો એ દબાણ નથી કરતી કે ગમે તે રીતે આ મટાડી જ આપો. કર્મ જ એવાં બળવાન હોય કે જે દેવથી ય ન દબે. તો એના ઉદયને સહી લેવાની તૈયારી બતાવે છે. માટે જ તત્ત્વને સમજનારી એ ખોટી દીનતા શું કામ કરે ? પોતાનાં કર્મની મર્યાદાથી વધુ આશા શું કરવા રાખે ? અશુભ કર્મ અગર બળવાન જ છે, તો પછી એ સહી લેવામાં ખેદ નહિ, હાયવોય નહિ. આ બધું ધર્મપરિણતિને આભારી છે.

**ધર્મ સમજનું માપક કાર્ય :-**

ધર્મ સમજ્યાનો, ધર્મ ગમ્યાનો ને ધર્મ દિલમાં જચી ગયાનો દાવો રાખો છો ને ? તો અંદરમાં તપાસજો કે હૈયે ધર્મ પરિણતિ પામ્યો છે ? હૈયું ધર્મથી ધર્મના જ ભાવથી ઝળબોળ રંગાયેલું છે ? હૈયે ધર્મ પરિણતિ છે ? અને છે તો રોગ કે આપત્તિ પ્રસંગે આ દીનતા, હાયવોય ઉકળાટ વગેરે નથી ને ? ધર્મના રંગ વિનાના લોકોના માનસ અને જીવન કરતાં ધર્મરંગે રંગાયેલા તમારા માનસ અને જીવનમાં કોઈ ફરક ન પડે ? ફરક ન હોવો જોઈએ ?

સુલસાની ધર્મપરિણતિમાંથી નીકળતા બોલ પર દેવતા ખુશ થઈ જાય છે. કહે છે, પીડા તો મટી જશે, પરંતુ ૩૨ ગોળી એક સાથે લીધાથી એક સ્થિતિ

એવી ઊભી થઈ કે બત્રીસ પુત્રોમાંથી એકનું પણ મોત થતાં બાકી એકત્રીસનાં મૃત્યુ થશે જ થશે.

બસ, આટલું કહી, સુલસાની ગર્ભની પીડા શાંત કરી દેવ અદૃશ્ય થઈ ગયો. સુલસાએ રાહત અનુભવી, અને પછી પોતાના પતિને બધી વાત કરી. પતિ નાગરથિક પત્નીની પીડા મટવાથી તો ખુશી થઈ ગયો, પરંતુ બીજી વાત પર ચોંકે છે.-

'હેં ? પુત્રો મરશે ત્યારે બધા એક સાથે જ મરશે ? એકના પર મરણાન્ત આપત્તિથી મરણ, તો શું બાકીનાનાં ય સાથે મરણ ?'

સુલસા કહે છે, ખોટી ચિંતા શું કામ કરો ? ભાવીભાવ ભવિતવ્યતા કોણ મિથ્યા કરી શકે છે ? એ તો અવશ્યભાવી. તો અવશ્યભાવી ઘટનામાં જ્યારે આપણું ઊપજતું નથી, ત્યારે પછી ચિંતા-સંતાપ નકામાં છે. એ કરતાં તમે એટલો જ આનંદ માનો કે તમારી ઝંખના મુજબ પુત્રપ્રાપ્તિ થશે, ને ચિત્તની અસમાધિ ટળશે. 'ના, પણ એ પુત્રો આવા જોઈએ ને તેવા જોઈએ' એવા બધા વલોપાત નકામા છે; કેમકે **દૂબળા પુણ્યથી સબળો માલ મળે નહિ. જેવા નાણાં તેવો જ માલ મળે.**

એટલે તો આ સંસારને ઓળખી લેવા જેવો છે. એ એવો વિલક્ષણ છે કે એની એક ચીજની ઝંખના કરવા જતાં પછી બીજી કેટકેટલી બાબતોની ઇચ્છા થાય છે ! એ પૂરી થવાનું એટલું પુણ્ય ન હોય, પૂરી ન થાય, ત્યાં કેટલા વલોપાત ? મૂળમાં સંસાર જ એવો ત્યાં જીવને તૃષ્ણાઓ કરી કરી કૂટાવાનું જ હોય. માટે એક ભવિતવ્યતા પર ભરોસો રાખી વગર હાથની વાતના વલોપાત ન કરશો. એવા વલોપાતમાં કિંમતી માનવ સમય ગુમાવવા કરતાં , એ સમયને પ્રભુનાં તત્ત્વ પર શ્રદ્ધા વધારી પ્રભુની ભક્તિ વધારવામાં લેખે લગાડો; ત્યારે શાસ્ત્રો કહેલું આશ્વાસન મળશે, શું આશ્વાસન ? આ

**શાસ્ત્ર કહે છે,- કાર્યની પ્રત્યે ભવિતવ્યતા, સ્વભાવ, વગેરે એ પાંચ કારણ છે. પરંતુ એ પાંચેય કારણ વીતરાગ-પ્રભુની ભક્તિના દાસ છે.**

**વાંકી ભવિતવ્યતા પ્રભુભક્તિથી સીધી થાય ? :-**

પાંચ કારણો પ્રભુભક્તિના દાસ, એટલે કાંઈ કાર્ય બનાવવું હોય તો પાંચ કારણો મેળવવાની મહેનત કરતાં એક પ્રભુભક્તિ વધારવાની જ મહેનત કરો, પછી એ ભક્તિના દાસરૂપ કારણો એની મેળે આવીને હાજર થશે અનુકૂળ થશે. ત્યારે પૂછો,-

**પ્ર.**- શું ભવિતવ્યતા વાંકી હોય તે ય અનુકૂળ થાય ? અને એમ જો ફેરફાર



થાય તો એ ભવિતવ્યતા શાની ?

ઉ.- અહીં જરા નિપુણમતિથી વિચારો, અદ્ધરિયા બુદ્ધિથી નહિ. ભવિતવ્યતા વાંકી એટલે શું ? આપણું મનમાન્યું ન થયું વાંકું થયું એ જ ને ? તો એ ભવિતવ્યતાએ તો પોતાનું કામ કરી દીધું એટલે પતી ગઈ, હવે એને સીધી અનુકૂળ શું થવાનું ! હવે તો નવી ભવિતવ્યતાનો વિચાર કરો કે એ અનુકૂળ મળે ! આ વિચાર માટે આ જુઓ કે **'આચાર પ્રદીપ'** નામના શાસ્ત્રમાં શ્રી રત્નશેખરસૂરિજી મહારાજે કહ્યું છે કે ભવિતવ્યતા યાને નિયતિ એકલી નિયત કે અનિયત નથી, પરંતુ નિયતાનિયત છે. એનુ ંતાત્પર્ય આ, કે

**ભવિતવ્યતા નિયતાનિયત એટલે ? :-**

આપણે જે અસત્ કે સત્ પુરુષાર્થ કરીએ એમાં જે ચોક્કસ પ્રકારનાં નિમિત્ત મળી આવે, અને એનું જ ફળ પતન ઉત્થાન આવે તે બધું સર્વજ્ઞ ભગવાન આગળથી નિશ્ચિત જાણે છે. એ દ્રષ્ટિએ ભવિતવ્યતા નિયત ગણાય. પરંતુ આમાં જે એ આવ્યું કે આપણે અસત્ પુરુષાર્થ કરીએ તો જ પતન થાય, અને સત્ પુરુષાર્થ કરીએ તો જ ઉત્થાન થાય; અર્થાત્ અસત્પુરુષાર્થથી ઉત્થાન નહિ જ તેમ સત્થી પતન નહિ જ. એટલે કે પતન-ઉત્થાનમાં આપણો પુરુષાર્થ જે કારણ બન્યો એમાં ભવિતવ્યતાનું સ્વાતન્ત્ર્ય નહિ પણ આપણા પુરુષાર્થનું જ સ્વાતંત્ર્ય યાને આપણું સ્વાતન્ત્ર્ય રહ્યું, એ હિસાબે ભવિતવ્યતા અનિયત ગણાય. અહીં કેટ કેટલાક સવાલ કરે છે,-

**પ્ર.**- પુરુષાર્થ પણ જ્ઞાનીએ દીઠો હોય તેવો જ યાને ભવિતવ્યતામાં હોય તેવો જ થાય ને ? એટલે એ હિસાબે ભવિતવ્યતા નિયત જ થઈ ને ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૦,અંક-૩૭,તા.૨૭-૫-૧૯૭૨**

ઉ.- આવું ન બોલાય, કેમકે એનો અર્થ તો એવો થયો કે આપણા પુરુષાર્થમાં જ્ઞાનીની દૃષ્ટિ કારણ ગણી, અને એ રીતે જોતાં તો જેમ સત્પુરુષાર્થમાં જ્ઞાનીની દૃષ્ટિનું મહત્ત્વ હોઈ એ દૃષ્ટિ અમૃતમય અને આશીર્વાદરૂપ ગણાય, એવી રીતે અસત્ પુરુષાર્થમાં પણ જ્ઞાનીની દૃષ્ટિ કારણભૂત માટે એવો અસત્ પુરુષાર્થ થાય છે. એમ જ્ઞાનીની દૃષ્ટિને મહત્ત્વ આપવા જતાં, એ દૃષ્ટિ ઝેરી શ્રાપરૂપ ઠરશે ! ત્યારે શું જ્ઞાની ભગવાન પહેલેથી બધું જોઈ શકે છે, જાણી શકે છે, માટે આવો ગુનો કરે છે ?

'જ્ઞાનીએ દીઠું બને, જ્ઞાનીએ દીઠો એવો પુરુષાર્થ થાય, એનો અર્થ શું

આવો કરાય કે પુરુષાર્થમાં કારણભૂત જ્ઞાનીની દૃષ્ટિ ?'

તો તો એમાંથી ફલિત આ જ થાય ને કે સારો પુરુષાર્થ કરાવનાર છે જ્ઞાનીની દૃષ્ટિ, માટે એ જેમ અમૃતમય, એમ ખરાબ પુરુષાર્થ કરાવનાર પણ એ જ જ્ઞાનીની દૃષ્ટિ છે, તેથી એ ઝેરી ?' પરંતુ આવું બોલાય નહિ.

**'પુરુષાર્થ' નો અર્થ આ છે,** કે પુરુષ યાને જીવનો અર્થ એટલે કે જીવને ઇષ્ટ, જીવ પોતાની ઇચ્છા મુજબ કરતો હોય તે પ્રયત્ન ઉદ્યમ-વીર્યસ્ફુરણ. 'ઇચ્છા મુજબ' નું તાત્પર્ય જીવ એમાં સ્વતંત્ર. એ યત્ન જ્ઞાનીની દૃષ્ટિ યાને ભવિતવ્યતાને આધીન નહિ; પરંતુ જીવ જેવો યત્ન કરશે તેવું ફળ આવશે એવી જ્ઞાનીની પહેલેથી દૃષ્ટિ.

આ હિસાબે ભવિતવ્યતા કે જ્ઞાનની દૃષ્ટિએ અનિયત થઈ; સત્ પુરુષાર્થ ઉપર ઉત્થાનની ભવિતવ્યતા, અસત્ ઉપર પતનની ભવિતવ્યતા આધારિત થઈ, માટે એ અનિયત. અલબત ત્યાં અમુક જ પ્રકાર સંયોગ નિમિત્ત આવી મળ્યા હોય એ નિયત ભવિતવ્યતાના લીધે. આમ તેવા પ્રકારની નિયત ભવિતવ્યતાએ નિમિત્ત સંયોગ ખોટા અસત્ મળ્યા હોય, છતાં જીવ પુરુષાર્થ સારો કરે અને સારું ઉત્થાનનું ફળ આવે એના આધારે જ સર્વજ્ઞ ભગવાન પહેલેથી એવું જુએ છે; પણ એમ નહિ કે જ્ઞાનીની દૃષ્ટિના આધારે જ તેવો પુરુષાર્થ અને ફળ નીપજે છે.

કોણ કોના આધારે છે એનો વિવેક સમજવો જોઈએ. સર્વજ્ઞ ત્રિકાલદર્શી જ્ઞાની જબરદસ્ત જ્ઞાનશક્તિ વાળા છે, એટલે ભવિષ્યમાં શું થવાનું છે એ પહેલેથી જોઈ શકે છે એટલું જ; એટલે કે જીવમાં સત્ પુરુષાર્થ થવાનો છે કે અસત્ પુરુષાર્થ, એ જાણી લે એટલું જ, પરંતુ એમ નહિ કે એ પોતાના જોયા મુજબ જીવ પાસે પુરુષાર્થ કરાવે, પુરુષાર્થ તો જીવને પોતાને આધીન; અર્થાત સત્ કે અસત્ જેવો પુણ્યાર્થ કરવો હોય તે કરવામાં પોતે સ્વતંત્ર; અને સ્વતંત્રતા મુજબ જેવો પુરુષાર્થ એ કરવાનો હોય તે મુજબ જ્ઞાની વિશિષ્ટ જ્ઞાનશક્તિથી અગાઉથી જોઈ લે છે. મતલબ, જ્ઞાનીની દૃષ્ટિ ભવિષ્યમાં જીવની સ્વતંત્રતાએ થનારા પુરુષાર્થ ઉપર આધારિત થઈ; પણ પુરુષાર્થ એ જ્ઞાનીની દૃષ્ટિ પર આધારિત નહિ. જેમ બીજ પર પાક આધારિત, જેવું બીજ તેવો પાક; બીજ બાજરીનું તો પાક બાજરીનો, બીજ ઘઉંનું, તો પાક ઘઉંનો માટે બીજ સ્વતંત્ર, પાક પરાધીન; એમ પુરુષાર્થ, પર જ્ઞાનીની દ્રષ્ટિ આધારિત, જેવો પુરુષાર્થ થવાનો તેવું જ્ઞાની દેખે; માટે પુરુષાર્થ સ્વતંત્ર, જ્ઞાનીનું દેખવું પરાધીન. જ્ઞાન વિષયના આધારે થાય; પણ વિષય જ્ઞાનના આધારે ન બને. વિષયનું બનવું પોતાનાં કારણ પર આધારિત છે.

આમ પુરુષાર્થ જ્ઞાનીની દૃષ્ટિ પર નહિ કિન્તુ જીવની ઇચ્છા પર આધારિત



છે. જીવ ચાહે તેવો સત્ કે અસત્ પુરુષાર્થ કરી શકે છે. માટે જ એ સ્વતંત્ર કારણ. છે; જેમ કાળ, સ્વભાવ વગેરે સ્વતંત્ર કારણ. નહિતર તો એકલી ભવિતવ્યતાભવિતવ્યતા જ કારણ કહો, બાકી ચારને કારણ કહેવાનું શું કામ છે ? કેમકે તમારે તો જેવી ભવિતવ્યતા તેવો પુરુષાર્થ, તેવો કાળ, તેવાં કર્મ...બનવાનાં' એટલે માત્ર ભવિતવ્યતા જ કારણ બને. પરંતુ આ ખોટું છે, કારણ પાંચ છે. એમાં જેમ કાળ સ્વભાવ પર ભવિતવ્યતા આધારિત નહિ, એમ ભવિતવ્યતા કાળ સ્વભાવ ઉપર આધારિત નહિ. એટલે,

**કારણ એકલી ભવિતવ્યતા નહિ. પણ પાંચ કહ્યા, એથી સૂચિત છે કે પાંચે કારણ સ્વતંત્ર છે, પરંતુ પુરુષાર્થ વગેરે ભવિતવ્યતા પર આધારિત નહિ.**

**પાંચે કારણ જિનભક્તિના દાસ કેવી રીતે ? :-**

હવે જ્ઞાનીની દૃષ્ટિ કહો કે ભવિતવ્યતા કહો, એ જ્યારે જીવના પુરુષાર્થ પર આધારિત થઈ, ત્યારે ત્યાં મૂળમાં જો જીવને જિનેન્દ્રદેવ પર શ્રદ્ધા ભક્તિ બહુમાન હોય, તો તેથી સત્પુરુષાર્થ થાય, ને સત્ ફળ નીપજે; ને અના પર આધારિત ભવિતવ્યતા ય સારી ગણાય, આ હિસાબે કહેવાય કે આ પુરુષાર્થ અને ભવિતવ્યતા એ મૂળ જિનભક્તિના ને જિનના દાસ બન્યા, એમ જીવનો ભવ્યત્વ સ્વભાવ પણ જિનભક્તિના આધારે જ પકવ બનતો જાય છે, તેમજ સારો કાલ અને સારાં કર્મ ભાગ્ય પણ જિનભક્તિના આધારે જ ઊભાં થાય છે. એટલે એ પણ મૂળ જિન-જિનભક્તિના દાસ બન્યા. આમ પુરુષાર્થ-ભવિતવ્યતા-સ્વભાવ-કાળ-કર્મ એ પાંચે કારણ જિનભક્તિથી અનુકૂળ થઈ જાય છે. માટે એ જિનભક્તિના દાસ બન્યા.

**પ્ર.**- જિનભક્તિના તો દાસ બન્યા, પણ જિનના દાસ કેવી રીતે ?

ઉ.- આ રીતે, કે ભક્તિથી જિનેશ્વર દેવને અપનાવો વધાવો સ્વીકારો તો પુરુષાર્થ આદિ અનુકૂળ થાય છે. માટે મૂળ મહત્ત્વ જિનનું છે; તેથી એ જિનના દાસ કહેવાય.

એટલે સુલસા પતિને આ કહી રહી છે કે,-

"સ્વામિન્ ! દેવના કહેવા મુજબની એક પુત્રનાં મરણ પર બધા જ પુત્રોનાં મરણની વસ્તુસ્થિતિ પર નકામા વલોપાત ન કરો; વલોપાતમાં સમય બગાડવાના બદલે એ સમયે જિનના આલંબનમાં જિનસ્મરણ વગેરે જિનભક્તિમાં લેખે લગાડો; જેથી શાસ્ત્રનું આ આશ્વાસન મળે કે જિન જિનભક્તિના દાસરૂપ નવી ભવિતવ્યતા વગેરે પાંચ કારણ અનુકૂળ થઈ જાય. એટલો પાકો વિશ્વાસ ધરો કે જે કાંઈ સારું થવાનું હશે તે જિનભક્તિથી જ સારું થશે. **'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી**

**નવિ થાય.'** માટે અમૂલ્ય માનવસમયથી જિનભક્તિ જ કરવા યોગ્ય છે.''

સુલસાનાં આ તત્ત્વ વચનોથી એના પતિને સારું આશ્વાસન મળ્યું. સુલસાને ગર્ભની પીડા ટળી, અને સમય પાક્યે એણે ૩૨ પુત્રોને જન્મ આપ્યો. નાગ-રથિક એક સંપન્ન આદમી છે, એટલે ૩૨ પુત્રોના ઊછેર માટેની ધાવમાતાઓ વગેરેની સગવડનો એને વાંધો નથી. બત્રીસ દીકરા પણ એવાં પુણ્યશાળી અને સાત્ત્વિક છે; એટલે કકળાટિયા નથી, રોતડ નથી તેથી નાગરથિકની ઇચ્છા મુજબ ઘર એમનાથી કલબલ કલ્લોલવાળું બની ગયું છે. નાગરથિક એમની પૂરી કાળજી રાખે છે, કેમકે સમજે છે કે એકના મૃત્યુએ બધાના સાથે જ મૃત્યુ છે. તેથી એકે એકની સંભાળ રાખવામાં કાંઈ બાકી નથી રાખતો.

આમાં મૂળમાં પુત્રોનું પુણ્ય કામ કરી રહ્યું છે. પરંતુ પિતાની પુત્રો પર આ કેવી મોહિની છે ? જીવને જો પોતાના ગુણો અને ધર્મસાધનાઓ માટે આવી કાળજી આવી જાય તો ? તો શું ? ન્યાલ થઈ જાય. જો એમ સમજે કે

**પાયાના મૈત્રી આદિ ભાવોના નાશમાં સર્વ ગુણોનું અને સર્વ ધર્મસાધનાઓનું મૃત્યુ થશે; એમ જીવદયા વૈરાગ્ય અને સમ્યગ્દર્શનના એકના નષ્ટ થવા પર બધું ગુમાવવાનું થશે.'**

જો આ સમજે તો એના સંરક્ષણ માટે કેટલી કાળજી રાખે ? બિમારીમાં પુત્ર કે પત્નીનું મૃત્યુ ન થઈ જાય એ કાળજીની જેમ આ પાયાના શુભભાવ નષ્ટ ન થઈ જાય એની કાળજી ખરી ? ભૂલશો નહિ,

**પાયો નષ્ટ થવા પર ઈમારત નષ્ટ થવાની. જુઓ,- અગ્નિશર્મા મહા તાપસે** લાખો પૂર્વો જેવા જંગી કાળ સુધી મૈત્રી ભાવ સાચવ્યો, રાજા ગુણસેનના હાથે માસખમણનાં બે પારણાં ચૂકાયાં ત્યાં સુધી મૈત્રીભાવ સાચવ્યો, પરંતુ એના જ હાથે ત્રીજું પારણું ચૂકાતાં જ્યાં એણે પાયાનો મૈત્રીભાવ ગુમાવ્યો, ને રાજાની પ્રત્યે દ્વેષમાં ચડ્યો ત્યાં બધી ય ત્યાગ તપની સાધનાના સંસ્કાર અને સાધનાનાં સારાં ફળ ગુમાવ્યા. વિચારવા જેવું છે. આવા ગજબનાક તપસ્વી અને સમતાધારીને પણ જો મૈત્રીભાવ ગુમાવી દ્વેષભાવ અને ગુસ્સો કરતાં પછડાવું પડે, અને ૮-૮ ભવ સુધી નીચી નીચી નરક મળે, અને પરિણામે અનંત સંસાર ભટકવાનો વધી જાય, એમાં વળી કેટલાય નરક નિગોદના પણ ભવ થાય, તો પછી જો એવી તપસ્યાદિની આરાધના તો નહિ પણ એના લાખમાં કરોડમાં ભાગની ય તપસ્યા તથા ધ્યાન અને સમતાની આરાધનાનું જ્યાં બળ નથી, અને દ્વેષ-ગુસ્સો-ધમધમાટ રાખવો છે, તો ત્યાં પરિણામ કેવું ?

**મરીચિ-જમાલીએ** જિનવચનથી વિરુદ્ધ જરાક શા ઉત્સૂત્ર ભાષણમાં પાયાનું



સમ્યગ્દર્શન ગુમાવ્યું, તો બધી ય સાધનાને પૂર્ણ વિરામ લાગ્યું, ભવના ફેરા વધી ગયા, એવા કે જેમાં જૈન ધર્મનું મોઢું દેખવા ન મળે ! જમાલીને છતે ચારિત્રે જો આમ, તો પછી વિના ચારિત્રાદિ-સાધનાએ આજે હોશિયારી દેખાડવા જેમ તેમ બોલી ઉત્સૂત્ર ઉન્માર્ગ ભાષણ કરાય એનું પરિણામ કેટલું ખતરનાક ?

**કૂલવાલક મુનિ** આપમતિએ તાપસના આશ્રમમાં રહી નિર્દોષ આહાર તથા તપની સાધના એવી કરતા કે એ તપના પ્રભાવે નદીનાં પૂરનો માર્ગ બદલ્યો, નદીમાં એક વાર પૂર આવેલું, તે પૂરમાં ઊછળતી નદીએ કાંઠો-કૂળ બદલ્યો, અને તાપસોનો આશ્રમ પૂરમાં તણાતો બચી ગયો. આમ તપસ્યાએ કૂળ વાળ્યું તેથી તાપસોએ મુનિનું નામ કૂળવાળક પાડ્યું. આવો એમનો પ્રભાવવંતો તપ હતો, અને પારણું પણ એ નિર્દોષ સાધુચર્યાથી કરતા; છતાં જંગલમાં કોણિક રાજાએ મોકલેલી વેશ્યા કપટ શ્રાવિકા બનીને એમની પાસે ગઈ, અને મુનિ એની સેવા લેવામાં પડ્યા, તો મુનિએ વૈરાગ્ય ગુમાવ્યો; પછી તો કેમ તો કે બધું જ ગયું, ચારિત્રે ય ગયું અને ભગવાન પરની ભક્તિ ય ગઈ. તે વિશાલા નગરીમાંના ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીના પ્રાચીન ચમત્કારી પ્રભાવવંતા સ્તૂપને તોડી ફોડી નાખવાનું લોકોને ભરમાવીને લોકો પાસે જ કરાવ્યું, નરકાદિ ગતિમય મહા સંસાર વધાર્યો. આ બધું સંયમ તપ સેવેલો છતાં ! સંસાર વધાર્યો, ત્યારે, જ્યાં ચારિત્ર નથી, તપ નથી, એવું દાન નથી ને વૈરાગ્ય ગુમાવવાનું થાય ત્યાં કેવાં ખતરનાક પરિણામ આવે ?

બહુ સાવધાન રહેવા જેવું છે. પાયાના એક ગુણના નાશે બધા જ ગુણોનો ને બધી જ સાધનાઓનો અંત આવે છે. માટે પાયાના ગુણની ખૂબ સંભાલ રાખવા જેવી. નાગરથિક ને આ ડર છે,- રખેને એક પણ છોકરાને કાંક રોગ કે આપત્તિ આવતાં જો એ મર્યો તો બાકીના એકત્રીસે પુત્રો પૂરા ! તેથી એકે એકની બરાબર સંભાળ રાખે છે. આવી સંભાળ આત્મહિતની ? આત્મહિતના અંગોની ? ઓલામાંથી ચૂલામાં પડ્યો ? કે બહાર નીકળી ગયો ? છોકરા નહોતા ત્યારે આત્મહિતનીસાધના કેટલી ? ને છોકરાના બાપ બન્યા પછી કેટલી ? કેટલાક આવો પ્રશ્ન કરે છે,-

**પ્ર.**- બધા આવો વિચાર કરી બાપા બનવાનું બંધ કરે તો મનુષ્યભવમાં આવનાર છોકરાના જીવની દયા કોણ કરે ?

**ઉ.**- તો શું બધા બાપ છોકરાના જીવને ઉદ્ધાર કરવા જ બાપ બને છે ને ? બાપ બન્યા પછી આ જ કાળજી રાખે છે ને કે છોકરાનો જીવ હવે મનુષ્ય ભવમાંથી નીચી યોનિઓમાં ન ઊતરી જાય ? કુદરતનો કર્મસત્તાનો સામાન્ય નિયમ છે કે,

**અહીં જેવા ભાવમાં રમો એવા ભાવને યોગ્ય ભવ મળી જાય.**

જો ભાવ ઉત્કૃષ્ટ સંયમ અને અનાસક્તપણાના કરો તો સીધો મોક્ષ મળે કે જ્યાં કોઈ જ અસંયમ કે આસક્તિ જ નહિ. એથી જો થોડા નીચેના સંયમના ભાવ કરો, તો દેવલોકનો ભવ એવો મળે કે જ્યાં વૈભવનાં ઢેર છતાં જીવ ઉદાસીન, અનાસ્ત જેવો હોય. શાલિભદ્રના જીવ ભરવાડણ પુત્રે થાળીખીરના ત્યાગના ભાવને પછીથી અનુમોદનાથી મહેકાવ્યો. તો શાલિભદ્રનો ભવ એવો મળ્યો કે એમાં ઝવેરાત વગેરેની રોજ-રોજની દેવતાઈ ૯૯ પેટીનો બીજે બીજે દિવસે ત્યાગ કરવાનો ભાવ કરતાં આંચકો ન લાગ્યો. એથી ઊલટું સંગ્રહનો મમતાનો ભાવ કરનારને ઉંદર સાપ વગેરેના અવતાર મળે છે, ને ત્યાં ભારે મમતા જાગે છે. ત્યારે પૂછો,

**પ્ર.**- મમ્મણને તો સાતમી નરક મળી ત્યાં ક્યાં સંગ્રહ અને મમતાનો ભાવ કરવાનો રહ્યો ?

ઉ.- ત્યાં સંગ્રહની સામગ્રી નહિ તેથી સંગ્રહને મમતા દેખાય નહિ. બાકી અહીં મમ્મણને સંગ્રહની પાછળ જે કાળી કૃષ્ણ લેશ્યાનો ભાવ હતો, તે તો સાતમી નરકમાં અતિ કૃષ્ણ લેશ્યાનો ભાવ બની મળેલો.

**બાપ બનવામાં કયો વિચાર ? :-**

સવાલ આ હતો કે દુનિયામાં બાપ બનનાર બધા આટલા માટે જ બાપ બને છે ને કે છોકરાને દુર્ગતિ અપાવનાર આવા કોઈ મલિન ભાવ ન થાય અને એનો ઉદ્ધાર થાય ? અને બાપ બન્યા પછી એ જ ઉદ્ધારતાનું જ કામ કરે છે ને ? કે દીકરાને ખાન પાન ને રંગ-રાગમાં તેમજ મોજમજાની ને હરવા ફરવાની તેમ ક્રૂરતા કપટમાં તથા પૈસા અને સ્ત્રીમાં લીન બનવામાં હોશિયાર કરે છે ? ત્યાં ક્યારેય જરાય વિચાર આવે છે ખરો કે આ ખાનપાનના ભાવમાં રમી એવા ભાવવાળા જંતુ-જનાવરના ભવમાં જશે તો એનું શું થશે ? હરવા-ફરવાના ભાવમાં રમી એ કૂતરા પંખેરાદિના અવતારમાં પટકાયો તો ત્યાં કેવી દશા ? મોજમજાના ભાવમાં રમી પોપટ મેના હંસહંસલી કે મરઘો મરઘી જેવા અવતાર પામ્યો તો કઈ સ્થિતિ ? ક્રૂરતા કે માયા પ્રપંચના ભાવમાં રમી વાઘવરુના ભવમાં ગયો તો કેવી દશા ?

બોલો કેટલા બાપને આ વિચાર છે ? અરે ! તમને તમારા છોકરા અંગે આવા કોઈ વિચાર આવે ? તમારી પોતાની જાત માટે આનો કોઈ વિચાર ખરો કે અહીં કરેલા મલિન ભાવના હલકા અવતાર મળતાં મારી દશા કઈ ? જો પોતાના આત્માની જ દયાનો ને આત્માના ઉદ્ધારનો વિચાર નહિ, એ દીકરાના પોતાના આત્માની જ દયા ક્યાં વિચારે ? પણ ઊંચા માનવ ભવમાં તમે આવ્યા



છો. છોકરા આવ્યા છે, પછી અહીં ઉદ્ધારનો વિચાર નહિ કરો તો ક્યાં કરશો ? અહીં મલિન ભાવોમાં રમી મલિન ભાવોના હલકા અવતારમાં પટકાયા પછી ઉદ્ધારનો વિચાર કરવાના ? છોકરા ય ત્યાં પડ્યા પછી પોતાનો ઉદ્ધાર વિચારશે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૦,અંક-૩૮,તા.૩-૬-૧૯૭૨**

છોકરાની દયાના ફિરસ્તા બની, (૧) એક તો એને ખાનપાન મોજમજાહ વગેરેમાં ડૂબાડો છો એ એને કેવા અવતારમાં મોકલવાની તૈયારી કહેશો ? અને (૨) બીજું એ ખાનપાન મોજમજાહ વગેરેથી એને સુખી કરવાની દયાનો દાવો રાખો છો તે શું તમારી હોશિયારી મુજબ એ સુખી થવાના ? કે એના પોતાના પુણ્યના અનુસારે સુખી થવાના ?

**છોકરા કોનાથી સુખી ? બાપથી કે પોતાનાં પુણ્યથી ?**

ઘણી મા કે બાપ છોકરાંને રખડતા મૂકી મર્યા અને છોકરા સુખી રહ્યા, આમાં શું કારણ ? મમરો મૂકવો સહેલો છે કે 'બાપ ન બનીએ તો છોકરાનો ઉદ્ધાર શી રીતે થાય ?' પરંતુ પ્રશ્ન પાછળ જવાબદારીનું ભાન નથી. હકીકત આ છે કે

**બાયડી છોકરા વગેરે જેટલી ઉપાધિ વધારાય છે એટલો એની પલેવણમાં પોતાના આત્માનું વિચારમાં અને ભગવાનને ભજવામાં કાપ પડે છે.**

નાગરથિકે પુત્રોનો બાપ બની આ ઉપાધિ વહોરી, ને એ એમાં ખુશી છે. ત્યારે સુલસા આ શું નહોતી જાણતી ? જાણતી હતી. પરંતુ એણે કાંઈ મોહથી છોકરો નહોતો માગ્યો. એણે તો ધણીને પહેલેથી સંતોષ રાખવા કહ્યું હતું પણ પતિની ખૂબ અસમાધિ જોઈ દેવ પાસે છોકરો માગ્યો; એમાં એક નહિ બત્રીસ મળ્યા, પરંતુ સુલસાની ધર્મપરિણતિ એવી જાગતી છે કે એ સાવધાન છે. છોકરાની સંભાળ વખતે પણ છોકરા બહુ સારા, બાબા રૂપાળા, મને બહુ ગમે, ઘર કેવું કલ્લોલમય દેખાય છે, એ ખાય પીએ મોજ કરે,...' આવા કોઈ તુચ્છ અનાર્ય-સુલભભાવો એને નહિ, પણ એ જૈન ઘરમાં આવ્યા છે તો એને કેમ સારા સંસ્કાર પડે, કોઈ કુસંસ્કાર ન પામે, ગુણિયલ થાય, ધર્માત્મા થાય,...' આવા ભાવ છે, આ ચિંતા કાળજી છે, ને એમાં આત્મા પરમાત્માનો જ વિચાર છે.

શું છોકરાનો વિચાર કરે એમાં પોતાના આત્માનો વિચાર કર્યો કહેવાય ? હા,

**છોકરો આપણી કોઈ બોલ ચાલથી દુર્ગુણ ન શીખે, આપણે એને કુસંસ્કાર દ્વારા એના ઘાતક ન બનીએ એ આપણા આત્માનો વિચાર જાગતો કહેવાય.**

**એમ એને પ્રભુના ભક્ત, પ્રભુના અનુયાયી, પ્રભુના ધર્મના આરાધક બનાવીએ**

**એ પ્રભુનો પરમાત્માનો જ વિચાર ગણાય.**

સંતાનના માબાપ બની ગયા પછી આ આવડે ? જો આવડે તો તો એના દેખતાં ગુસ્સો રોફ ધમધમાટ કરતાં અટકી જવાય, રખે ને એ આવું શીખે તો ? એ ભય રહે. એના દેખતાં ખાનપાનમાં ટેસ, કપડાના ઠઠારા, રંગરાગ મોહના ટાયલાં, ઉદ્ધત બોલ, પતિની કે પત્નીની સામે માયા પ્રપંચ, ઝગડા, પાડોશી સાથે રગડા...વગેરે વગેરે ઘણી વાતો પર કાપ પડી જાય. કારણ ? ભય કે રખેને છોકરા-છોકરી આ શીખે તો ?'

**સંતાનની દયા છે ?** સાચી દયા ખવરાવી પીવડાવી મસ્ત પાડા જેવા કરવામાં નથી. દુનિયાના પ્રપંચ શીખવવામાં નથી, પણ એને દુર્ગુણ શીખવામાં નિમિત્ત ન બનીએ,' એ કાળજી રાખવામાં છે. એનામાં ગુણો વધે એ સુસંસ્કાર પામે, ધર્માત્મા બને એવું કરવામાં છે. આ કાળજી અને પ્રવૃત્તિ રહે તો તો છોકરા-છોકરીના મા-બાપ બન્યા છતાં અને એની પલેવણ કરતા છતા ધર્મપરિણતિ સલામત રહે. આત્મા પરમાત્માનો વિચાર જાગતો કહેવાય. ધર્મપરિણતિ મોટી ચીજ છે, વ્યાપક ચીજ છે, જીવનના ખૂણે ખૂણે પ્રસારી શકાય.

સુલસાની ધર્મપરિણતિ છોકરાના ઊછેરમાં પણ કામ કરી રહી છે. એ છોકરાઓને સારા વિનય ન્યાયનીતિ, પરાર્થિતા કૃતજ્ઞતા-વિશ્વાસપાલન ધીરતા-ગંભીરતા સાત્ત્વિક વગેરે ગુણોના સંસ્કાર નાખી રહી છે. એના પ્રતાપે એ મોટા થયા પછી રાજા શ્રેણિક એ બત્રીસેને પોતાના અંગત વિશ્વાસમાં લઈ પોતાના ખાસ બહાદુર માણસ તરીકે રાખી લે છે.

કહો, સુલસાના ૩૨ પુત્રોને આ તો સારો હોદ્દો મળ્યો ને ? મગધદેશના સમ્રાટ રાજા શ્રેણિકના ખાસ અંગત માણસ; એવા કે કોઈ એવું રાજાને અત્યંત ગુપ્ત કામ હોય તો જેમ પોતાના પુત્ર અને મંત્રી અભયકુમાર પર વિશ્વાસ મૂકી એને અત્યંત ગુપ્ત કાર્યમાં લે એમ આ બત્રીસ પર વિશ્વાસ મૂકી એમને એ કાર્યમાં લે. ત્યારે એનું વર્ષાસન અને અવસરે અવસરે ઇનામ પણ એવાં જ મોટી રકમમાં હોય ને ? તો હોદ્દો કેવો ઊંચો ! પરંતુ આમાં જ જુઓ વિચિત્ર ભવિતવ્યતાનાં કેવા નિર્માણ છૂપાયેલાં છે !

આપત્તિ આવે એ અશુભ કર્મના ઉદયથી આવે. પરંતુ એ કર્મમાં એવું ન લખ્યું હોય કે અમુક જાતના સંયોગથી આપત્તિ ઊભી થવાની. અશુભ કર્મનું કામ માત્ર આપત્તિ આપવાનું પરંતુ અમુક જાતના સંયોગની વિચિત્રતાએ આપત્તિ આવે, એ અમુક જાત વિચિત્ર સંયોગની ઘટના કરવાનું કામ ભવિતવ્યતાનું. તેવી તેવી ભવિતવ્યતા એવા એવા ચોક્કસ સંયોગ ઊભા કરી દે છે.



**આપત્તિ કર્મથી; પણ આપત્તિના વિચિત્ર સંયોગ ભવિતવ્યતાથી.**

દા.ત. સીતાજીને ગર્ભિણી અવસ્થામાં રાજાશાહી તમામ અને સુખસગવડમાં ભ્રષ્ટ થઈ વનમાં એકલી અટૂલી મૂકાવાની આપત્તિ આવી. અશુભ કર્મનું કામ એટલું જ પરંતુ એ કોઈ ચોર ડાકૂ કે દુશ્મનના હાથે નહિ, કિન્તુ પોતાને મહાસતી માનનાર પતિ રામ જેવાના હાથે તરછોડાવાનું આવ્યું તે એવી ભવિતવ્યતાના લીધે. એ પણ રાવણને ત્યાં એકલી રહેવાનો પ્રસંગ આવેલો એ નિમિત્તને આગળ કરાઈને. અહીં તરછોડવાનો પ્રસંગ ઊભો થયો એ પણ એવી ભવિતવ્યતાના લીધે. રાવણને ત્યાં મહાસતીત્વ ટકાવી રાખેલુ; ત્યાંથી હનુમાનજી સીતાજીને ખભા પર બેસાડી આકાશમાર્ગે રામ પાસે લઈ જવા તૈયાર હતા, પણ સતીત્વની મર્યાદા પાળવા એ પરપુરુષનો સ્પર્શ નહિ ઇચ્છતા એમ નહિ ગયેલા; અને સતીત્વ જાળવી રાખવા જે આપત્તિ આવે દા.ત. કામના આવેગમાં રાવણ કદાચ બળાત્કાર કરવા આવે તો તે પહેલાં સીતાજીએ જીભ કચરીને મરી જવાની પણ તૈયારી રાખેલી. આવું અણીશુદ્ધ સતીત્વ છતાં જે આળ ચડે અને અપયશ થાય કે રાવણને ત્યાં એ સતી તરીકે રહ્યા નથી. એ અપયશ નામકર્મના ઉદયે થવાનું ગણાય; કિન્તુ એ અપયશ રાવણને ત્યાં રહેવાના પ્રસંગના જ નિમિત્તે ઊભો થાય એ તેવી ભવિતવ્યતાના લીધે.

આમ આળ અને વનમાં તરછોડાવાની આપત્તિ અશુભ કર્મના પ્રતાપે કહેવાય; પરંતુ એમાં રાવણથી કરાયેલ અપહરણ નિમિત્તે બને, તેમ સીતાને મહાસતી તરીકે સમજવા છતાં રામને જાગેલો એક સારા રાજાપણાનો લોભ નિમિત્ત બને, એ વિચિત્રતા ભવિતવ્યતાને લીધે બન્યું ગણાય.

કહેવાય કે કોક ભવિતવ્યતા જ એવી કે રાવણથી અપહરાઈ સીતા એની કેદમાં એકલા ગોંધી રખાય એ વસ્તુ અપયશ નામકર્મને ફળ દેખાડવામાં નિમિત્ત બની ગઈ. એમ કોઈક ભવિતવ્યતા જ એવી કે જંગલમાં મૂકાઈ જવાનું જે અશુભ કર્મ, તેને ઉદયમાં આવવા રામ નિમિત્ત બની ગયા.

**આપત્તિ આવે એ કર્મથી આવે; પણ અમુક જ જાતના સંયોગ એમાં નિમિત્ત બની જાય એ ભવિતવ્યતાથી.'**

આ કર્મ અને ભવિતવ્યતા તત્ત્વનો વિવેક ખૂબ સમજી રાખવા જેવો છે. જ્ઞાનીએ દીઠું બને એ શું ? આવા ચોક્કસ પ્રકારના સંયોગ નિમિત્ત બને એ; પરંતુ આપત્તિ આવે એ નહિ. આપત્તિ તો અશુભ કર્મથી આવે. નહિતર તો શું જ્ઞાનીએ દીઠું માટે સુખ સંપત્તિ મળે ? ના તો તો જ્ઞાનીની દૃષ્ટિ સુખદુઃખ આપનારી ઠરી ! તો શું જ્ઞાનીની દૃષ્ટિ એવી ક્રૂર છે કે જગતના અનંત જીવોને દુઃખ

આવે ? એ તો કર્મનો જ સ્વભાવ એવો કે અશુભ કર્મથી દુઃખ, અને શુભ કર્મથી સુખ. **'દુઃખં પાપાત્ સુખં ધર્માત્'** દુઃખ પાપથી યાને અશુભ કર્મથી અને સુખ ધર્મથી યાને શુભ કર્મથી. સુખ-દુઃખ આપવાનો સ્વભાવ કર્મનો એ નિયમમાં જ્ઞાનીની દૃષ્ટિ કે ભવિતવ્યતા તેવા જ સંયોગ બની આવે- દા.ત. સમરાદિત્યના જીવને જનમ જનમ અગ્નિશર્માના જીવનો સંયોગ બની આવ્યો એ તેવી ભવિતવ્યતાથી. એમને કષ્ટ આવ્યાં એ તો પોતાનાં અશુભ કર્મના ઉદયે; પરંતુ એ અગ્નિશર્માના જીવના જ સંયોગે આવ્યાં એ તેવી ભવિતવ્યતાથી.

**પ્ર.**- પરંતુ એવાં કર્મ બાંધ્યા, કર્મ બાંધવાનો એવો પુરુષાર્થ કર્યો તે તો ભવિતવ્યતાથી ને ?

ઉ.- ના, એમ તો પછી બીજાં કર્મ-પુરુષાર્થ વગેરે કારણો નકામાં ઠરે ! એકલી ભવિતવ્યતા જ કારણ ઠરે ! એમાં પાંચ કારણનો જૈન સિદ્ધાંત ભંગ થાય, કાર્ય પ્રત્યે કારણ પાંચ કહ્યા. એ સૂચવે છે કે જેમ ભવિતવ્યતા સ્વતંત્ર કારણ, એમ કાળ સ્વભાવ કર્મ પુરુષાર્થ એ દરેક પણ સ્વતંત્ર કારણ છે. એવું બને કે તેવાં તેવાં કાર્ય પ્રત્યે આમાંથી કોઈ કોઈ પ્રધાન કારણ હોય; ને તે એ કાર્યમાં ખાસ જવાબદાર ગણાય. દા.ત. દહીંમાંથી માણખ કાઢવા એમાં પાણી ઉમેરી છાશ કરી એને વલોવાય છે. ને એમાંથી માખણ કઢાય છે. અહીં માખણ પ્રત્યે પાણી ભલે નિમિત્ત કારણ કહેવાય, પરંતુ પ્રધાન કારણ તો દહીં જ ગણાય. કેવું-કેટલું માખણ નીકળે છે એમાં જવાબદાર દહીં જ, પણ પાણી નહિ; કેમકે દહીં જેવું સાત્ત્વિક, તેવું એમાંથી માખણ નીકળે.

હવે બાહ્ય અને આભ્યન્તર પ્રાપ્તિ વચ્ચેનો ભેદ જુઓ અને ભવિતવ્યતાને શો સંબંધ તે જુઓ.

જેમ બાહ્ય સુખ-દુઃખ સંપત્તિ વિપત્તિમાં શુભાશુભ કર્મ જ જવાબદાર પણ ભવિતવ્યતા નહિ, એમ અભ્યન્તર સારા નરસા વિચાર અને એના પર કરાતા સારા નરસા વાણી વર્તાવમાં સત્ અસત્ પુરુષાર્થ જવાબદાર, પણ ભવિતવ્યતા તો વિચિત્ર લાગતા અમુક જાતના સંયોગ ઊભા કરી આપે; એવા સંયોગમાં એ જવાબદાર દા.ત.

મરીચિને વૈરાગી 'કપિલ' રાજપુત્રનો સંયોગ ભવિતવ્યતાએ કરી આપ્યો. પણ પછી પોતે એને શિષ્ય બનાવવાના મોહમાં પડ્યા, અને 'કપિલ ! ધર્મ અહીં પણ ને ત્યાં પણ છે,' એમ જે ઉત્સૂત્ર ભાષણ કર્યું, એ પોતાના અસત્ પુરુષાર્થના લીધે

નંદીષેણ મુનિને વેશ્યાના ઘરનો સંયોગ ભવિતવ્યતાએ કરી આપ્યો, પરંતુ પછી એ વેશ્યાનું ઘર છે એવું જાણમાં આવ્યા છતાં જે ઊભા રહ્યા, અને વેશ્યાનાં



ટોણાં પર જે અર્થ લાભ કરાવવા મદમાં ચડ્યા એ પોતાના અસત્પુરુષાર્થના લીધે.

કર્મ અને ભવિતવ્યતા તેમ પુરુષાર્થ અને ભવિતવ્યતા, એ બે જોડકાનો વિવેક નહિ કરો તો ભુલાવામાં પડશો. કાર્યમાં કારણભૂત કાળ સ્વભાવ ભવિતવ્યતા કર્મ અને પુરુષાર્થ પાંચે ય સ્વતંત્ર છે; 'સ્વતંત્ર' એટલે કે અલગ અલગ વસ્તુ છે. પરંતુ એકમાં બીજું સમાઈ ગયેલું નહિ. દા.ત. કાળમાં સ્વભાવ કે સ્વભાવમાં કાળ સમાઈ ગયેલો નહિ, અન્તભૂત નહિ. કાળ જુદી વસ્તુ, સ્વભાવ એ જુદી વસ્તુ, એમ, ભવિતવ્યતા એ જુદી ચીજ, કર્મ જુદી ચીજ અને પુરુષાર્થ જુદી ચીજ. માટે તો કર્માનુસાર પૈસા મળે એવું જાણવા છતાં બજારમાં દોડવાનો અને વેપારમાં જધાવાનો પુરુષાર્થ કરો છો. કેમકે સમજો છો કે પુરુષાર્થ એ કર્મથી જુદી ચીજ છે, ને એની પણ જરૂર છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૦,અંક-૩૯,તા.૧૦-૬-૧૯૭૨**

**પ્ર.**- તો પછી જેમ પૈસા માટે, એમ ધર્મ માટે પુરુષાર્થ કેમ નથી થતો ?

ઉ.- કારણ સ્પષ્ટ છે. પૈસાની ગરજ લાગી છે. એવી ધર્મની ગરજ ક્યાં લાગી છે ? ખાવાની ભૂખ લાગે છે, ગરજ જાગે છે, તો ખાવાનો પુરુષાર્થ નિયમિત થાય છે. એવી ધર્મની ભૂખ અને ગરજ ક્યાં છે ?

**પ્ર.**- ધર્મની ભૂખ-ગરજ કેમ નહિ જાગતી હોય ?

ઉ.- કારણ કે માની લીધું છે કે ધર્મ વિના ચાલે. 'ખાધા વિના ન ચાલે; પૈસા કમાયા વિના ન ચાલે; બજારમાં ગયા વિના ન ચાલે; એવું હૈયે ફિટ બેસાડી દીધું છે. તો એની ભૂખ-ગરજ રહે છે જ.

**પ્ર.**- ધર્મ વિના ચાલે એવું કેમ માની લેવાય છે ?

ઉ.- વિષયોની વિષયસુખની લંપટતા છે અને ધર્મ એ વિષયસુખની આડે આવે છે. માટે ધર્મ વિના ચાલે એવું માની લેવાય છે. જોજો હોં અભવી દુર્ભવી જેવાને વિષયલંપટતા છે. છતાં એ માને છે કે ધર્મ વિના ન ચાલે, અને વળી એમ માનીને વિષયભોગમાં બેસી નથી રહેતા, પણ એ છોડીને ઠેઠ ચારિત્ર ધર્મ સુધી અપનાવેય છે ખરા, પરંતુ એ તો ધર્મ કરીને એને વિષયસુખો માટે વટાવી નાખવા સારુ એવું માને છે. એટલે ખરી રીતે ત્યાં ધર્મ વિના ન ચાલે એ માનવામાં 'ધર્મ કરીને ઊંચા વિષયસુખો મેળવ્યા વિના ન ચાલે એવું માન્યું છે. એટલે ખરું તો વિષયસુખોની આંધળી લંપટતા યાને વિષયપરિણતિ ઊભી જ છે. દિલમાં આ પરિણતિ હોય ત્યાં ધર્મની પરિણતિ ન આવે. તો **અંતરમાં શુદ્ધ ધર્મપરિણતિ**

**વિનાના બાહ્ય ધર્મની કિંમતે કેટલી ?**

(૧) અંતરમાં જૂઠ રમતું હોય, ને બહારથી સામાને પહેલાં આકર્ષવા સાચું બોલે; એમ (૨) અંતરમાં મોટી ધાપ લગાવવાનું બેઠું હોય ને બહારથી કોઈ સોદામાં નીતિ કે ઉદારતા દેખાડે; એવી રીતે (૩) અંતરમાં પારણે સારું સારું અને ખૂબ ખાઈ પી શકાય અને તગડા બની શકાય એ માટે બહારથી ઉપવાસ કરે, આવા બાહ્ય સત્ય-નીતિ-ઉદારવ્યવહાર અને ઉપવાસની કિંમત કેટલી ? એમ અંદરમાં સુંદર વિષયો જ મેળવવા ભોગવવાની લેહ લગન લંપટતા રમતી હોય ત્યાં ધર્મપરિણતિ શાની ઊભી શકે ? અને એ લંપટતાથી જ બાહ્ય ધર્મ કરે એની કિંમત શી ? એટલે એવાને સાચું ધર્મ વિના ન ચાલે એવું માનવાનું હોતું જ નથી. સારા વિષયસુખો વિના ન ચાલે, ને એ ધર્મથી જ મળે માટે ધર્મ કરો એજ એની માન્યતા હોય છે.

ખરેખર તો આ માનનાનું છે કે "વિષય સુખ વિના ચાલે, પણ જીવનમાં ધર્મ વિના ન ચાલે; કેમકે ધર્મ વિનાનું જીવન એ ખરેખર માનવજીવન નથી, પણ પશુ-જીવન છે, કીટ જીવન છે. સાચું ખરેખરું માનવજીવન ધર્મથી છે. તો પૂછો,-

**ધર્મથી શો લાભ ? :-** ધર્મથી જ (૧) ચિત્તને શાંતિ, (૨) દિલને કોમળતા નિર્મળતા, ને (૩) આત્માને સ્વસ્થતા મળે છે. (૪) ધર્મથી જ અંતકાળ સુખદ બને છે. (૫) ધર્મથી જ પરલોકે સદ્ગતિ અને (૬) પરંપરાએ મોક્ષ મળી ભાવી અનંતકાળ ઉજ્જવળ બને છે. માટે ધર્મ વિના ન ચાલે"

આવો વિવેક હોય, સદ્બુદ્ધિ હોય, તો તો ધર્મની ભૂખ જાગે, ધર્મની ગરજ લાગે, અને ધર્મનો યથાશક્તિ પુરુષાર્થ થાય. પરંતુ વિષયસુખોની લંપટતા જ રાખવી હોય ત્યાં ધર્મ શાનો પોષાય ? એ ધર્મની ગરજ જ ન જાગવા દે.

સારાંશ ધર્મનો પુરુષાર્થ નથી થતો ત્યાં કર્મ કે ભવિતવ્યતાને દોષ દેશો નહિ; વાંક જાતનો ને જાતની વિષયલંપટતાનો જોજો; એથી ધર્મની ગરજ નથી એનો વાંક જોજો, ધર્મ વિના ચાલે એવી માન્યતાનો વાંક જોજો.

**વિષયલંપટ જાત પર ઘૃણા :-**

વિષયલંપટતાનો વાંક જોશો તો મનને ક્યારેક પણ વિષયલંપટ જાત પર ઘૃણા થશે કે અરેરે ! આ માનવ જેવા ઊંચા ખોળિયે મારે વિષયોની, દુનિયાના નાશવંત પદાર્થોની આટલી બધી લંપટતા શી ? હું તે જનાવર કે માણસ ? હું તે અનાર્ય કે આર્ય ? હું તે આર્ય દેશનો ઢેડભંગી માણસ ? કે જૈન માનવ ? વિષયોના રંગ વધારવા પાછળ પડ્યો છું. પણ જ્યાં વિષયો વધાર્યાથી એની ભૂખ લંપટતા વધે છે ત્યાં તૃપ્તિ ધરપત ક્યાં ને ક્યારે આવવાની ? એક દિવસ અનિચ્છાએ વિષયો



મૂકવા તો પડશે જ, ત્યારે એ વિષયો છૂટવાના અવસરે પૂર્વ પોષેલી એની લંપટતા દિલને કેટલો આક્રંદ કરાવશે ? કૂતરા-ગધેડા જેવી આ નિર્લજ્જ લંપટતા શી ?'

આવું કાંઈક મનને લાગશે તો લંપટતા ઉપર કાપ મૂકાશે. વિષયલંપટતા ભયંકર લાગવા પર ધર્મ વિના ન ચાલે એવું મનમાં લાગશે. એમ ધર્મી ગરજ ઊભી થયે ધર્મનો પુરુષાર્થ કરાશે.

સુલસા સંસારમાં બેઠી છે; પરંતુ (૧) વિષય લંપટ નથી; તેથી (૨) ધર્મની ભારે ગરજવાળી છે. (૩) ધર્મના સતત પુરુષાર્થ વાળી છે, (૪) અંતરમાં ઝગમગતી ધર્મપરિણતિવાળી અને (૫) ધર્મ બતાવનાર પરમાત્મા શ્રી મહાવીરપ્રભુ ઉપર અથાગ રાગ, શ્રદ્ધા અને ભક્તિ બહુમાનવાળી છે. જોજો આ બધા ઉપર એણે તીર્થંકર બનવાનું પુણ્ય ઉપાર્જ્યું છે હોં, ત્યારે વિચારો કે સંસારવાસમાં પતિ પુત્રો વૈભવ સાથે બેઠેલી એક બાઈ તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જે તે વિષયો ગમતા કરવા ઉપર ? કે વીતરાગ ગમતા કરવા ઉપર ? યા બંનેને ગમતા કરવા પર ? ભૂલા ન પડતા, વિષયો અને વીતરાગ બંનેને ગમતા કરી શકાય નહિ. વીતરાગ ગમે છે એનો અર્થ એ કે વિષયોના મુદ્દલ રાગ વિનાના પ્રભુ ગમે છે. પ્રભુમાં વિષયરાગ નથી, માટે જ પ્રભુને જો ગમતા કર્યા, તો એનો અર્થ જ એ કે વિષયો અને વિષયરાગ ઝેર જેવા લાગ્યા. તેથી જ એ ઝેરથી પર થઈ બેઠેલા વીતરાગ ગમ્યા. પછી ઝેરને શું ગમતું કરાય ? વીતરાગ ગમે એને વિષયો ન ગમે; વિષયો ઝેર જેવા લાગે.

ત્યારે વિચારો કે વિષયોમાં બેઠેલી એક બાઈ એને કેવા ઝેર જેવા ગણી અણગમતા કરનારી હશે કે જેથી એને વીતરાગ તીર્થંકર ભગવાન પર એવો અથાગ રાગ થઈને, એ તીર્થંકરપણાનું પુણ્ય ઊભું કરે છે ? સંસારમાં બેઠા છતાં વીતરાગ પ્રભુ પર કેટલો રાગ ભક્તિ અને એમની રટણા કરી શકાય, તેમજ વિષયો ઝેર જેવા માની વિષયલંપટતા કેટલી કાપી નખાય એનું સુલસા એક મહાન દૃષ્ટાન્ત છે.

જોજો હોં, વિષયો ગમવા સાથે વીતરાગ ગમે છે, એવું જો તમને લાગતું હશે, તો તો એની પાછળ આવો કંઈક ઊંડે ઊંડે પણ ભાવ બેઠો હશે કે વીતરાગ પ્રભુને ભજવાથી વિષયો સારા સારા મળી શકે છે. પરંતુ એમાં ખરેખર તો વિષયો ગમ્યા, વીતરાગ નહિ. વિચાર તો એ કરો કે સરાગી દેવને મૂકી વીતરાગ પ્રભુને શા માટે પકડ્યા છે ? શું સરાગી દેવને પકડવાથી વિષયસુખ ન મળી શકે, ને વીતરાગને પેકડવાથી મળી શકે એટલા માટે ? ભૂલા ન પડતા, મરીચિએ ઉત્સૂત્ર ભાષણથી પછીના જનમોમાં જૈન ધર્મ પામવો ગુમાવ્યો; ને એને સરાગી દેવ

મળતા રહ્યા; છતાં એને ભજી ભજીને એ દેવલોકમાં દિવ્ય વિષયસુખ પામતો રહ્યો. ત્યારે શું તમને સરાગીને પકડી એ સુખો ન મળે ? તો પછી તમે સરાગીને મૂકી વીતરાગ દેવ કેમ પકડ્યા છે ?

જો તમને એમ લાગતું હોય કે 'રાગાદિ દોષોવાળાને પરમાત્મા કેમ મનાય ? એમને દેવાધિદેવ તરીકે કેમ ભજાય ?' તો એનો અર્થ તો એ થયો કે રાગાદિ યાને વિષયરાગ વગેરેને ઝેરરૂપ માન્યા. પછી એવી ઝેરરૂપી વિષયલંપટતા કેમ રખાય ? માટે સુલસાને યાદ રાખી સંસારમાં બેઠે પણ વિષયલંપટતાને કાપી વીતરાગદેવ પર અથાગ રાગ શ્રદ્ધા અને ભક્તિ બહુમાન વધારતા રહો.

આપણી વાત એ ચાલતી હતી કે આપત્તિ તો કર્મના ઉદયે આવે; પરંતુ ભવિતવ્યતા એ આવવામાં વિચિત્ર સંયોગ બનાવી મૂકે છે. કર્મમાં કાંઈ એવું લખેલું નથી હોતું કે આવા અમુક સંયોગે આપત્તિ આવે. કર્મનું કામ માત્ર આપત્તિ આપવાનું; પછી તે ગમે તે સંયોગે...પરંતુ સંયોગ અમુક જાતના વિલક્ષણ બની આવે એ કાર્ય ભવિતવ્યતાનું એટલે અહીં સુલસાના ૩૨ પુત્રોને રાજા શ્રેણિકના ખાસ વિશ્વાસપાત્ર તરીકે હોદ્દો મળ્યો એ તો પોતાના તેવા શુભ કર્મના પ્રતાપે. પરંતુ એ હવે, જુઓ કે, એમને મહાન આપત્તિ માટેનો વિલક્ષણ સંયોગ બની જાય છે. આનું નામ ભવિતવ્યતા. તેવી ભવિતવ્યતાને લીધે એ સંગ આપત્તિ માટે બને છે; બાકી આપત્તિ કર્મના લીધે.

**શ્રેણિકને સુજ્યેષ્ઠા જોઈએ છે :-**

બન્યું એવું કે રાજા શ્રેણિકને ચેડા મહારાજાની રૂપવતી ગુણિયલ 'સુજયેષ્ઠા' પરણવી છે, પણ શ્રેણિક ત્યારે જૈન શ્રાવક નથી એટલે ચેડા રાજા એને માગે તો ય પોતાની કન્યા આપે એવા નથી. દીકરીને ધર્મહીનને આપી કૂવામાં ઉતારવાનું આ મહાવીર પ્રભુનો પરમ શ્રાવક શાનો કરે ? તમે ય પ્રભુના શ્રાવક છો ને ? તો આ ટેક છે ને કે મારી કન્યા ધર્મહીનને ન જ આપું, પછી ભલે ને એ ગમે તેવો શ્રીમંત કે ભણેલો ઓફિસર કાં ન હોય ?'

દીકરી ધર્મીને દીધી હોય તો એ બંને તો ધર્મમાં આગળ વધે, પરંતુ દીકરીના સંતાન પણ ધર્મમાં જોડાય, ધર્મમાં આગળ વધે; અને જેથી જૈનશાસનની પરંપરા આગળ ચાલે. એવું કરનાર બાપે શાસનના પોતાની ઉપરના ઉપકારની કૃતજ્ઞતા બજાવી કહેવાય; નહિતર ધર્મહીનને કન્યા આપતાં, એના સંતાન ધર્મની ઠેકડી કરનારા પાકે એમાં તો શાસન પ્રત્યે કૃતઘ્નતા આચરી ગણાય. તમે શાસન પામ્યાના ઉપકારનો ભાર સમજો છો ? કે માથે આ ભાર જ નથી ? ભાર સમજતા હો તો શાસનની પરંપરા લોપાય એવા સ્થળે કન્યાને નાખો ?



ચેડા મહારાજા પ્રભુનો ને પ્રભુના શાસનનો પોતાની ઉપર મહાન ઉપકાર સમજે છે, તેથી એની પ્રત્યે કૃતઘ્ન ન બનાય તેમ દીકરીનો ભવ ન બગડે એ માટે દીકરીને ધર્મહીનને ન જ દેવાના નિર્ધારવાળા છે. એટલે શ્રેણિક હજી જૈનધર્મ નહિ પામ્યા હોઈ એને કન્યા ન જ દે. શ્રેણિક આ સમજે છે, પણ ચેડા રાજાની કન્યા સુજ્યેષ્ઠાના સૌંદર્ય અને ગુણિયલતા ઉપર મુગ્ધ થઈ ગયેલ છે તેથી એ કેમ મળે, એ કેમ આકર્ષાય અને ઉઠાવાય એની ચિંતામાં છે.

**અભયકુમારની યોજના :-**

અભયકુમાર પિતાની ચિંતાનું કારણ જાણી લે છે, અને ગુપ્ત વેશે ચેડા રાજાની રાજધાની વૈશાલીમાં જઈ રાજમહેલની નજીકમાં ગાંધિયાટાની દુકાન કરે છે. શાની ? કંકુ સિંદુર અળતો સુગંધિત દ્રવ્યો વગેરે સ્ત્રીઓને ઈષ્ટ માલ સામાનની. એ લેવા સુજ્યેષ્ઠાની દાસી ત્યાં આવતી થાય છે, એટલે અભયકુમાર શ્રેણિક રાજાની એક સુંદર તસવીર (છબી) દાસી દેખે એવી રીતે દુકાનમાં ગોઠવે છે. દાસી એ જોઈને આકર્ષાઈ પૂછે છે 'આ કોની છબી છે ?'

'એ તો અમારા પ્રભાવવંતા મહારાજાની છે. એનાથી તો મારી દુકાન ધમધોકાર ચાલે છે.'

'પણ એમનું નામ શું ?'

અભયકુમાર કહે 'એ મગધ દેશના સમ્રાટ શ્રેણિક મહારાજા છે'

દાસી કહે 'વાહ ! ત્યારે તો એ ઇંદ્ર જેવા રૂપાળા જ હોય ને ? તો પછી આ છબી અમારા કુંવરી સાહેબને જોવા માટે ન આપો ?'

"કોણ કુંવરી સાહેબ ?"

'ચેડા મહારાજાની સુપુત્રી સુજ્યેષ્ઠા કુંવરી સાહેબ.'

'ભાવતું'તું ને વૈદે કહ્યું' જેવું થવાથી અભય કુમારે છબી આપી. દાસીએ જઈને સુજ્યેષ્ઠાને બતાવી, ઓળખ આપી. સુજ્યેષ્ઠા છબી જોઈ ક્યાં ઊભી રહે ? યુવાનીમાં તો આવેલી જ, ને આ દેખી, તે એવી આકર્ષાઈ ગઈ કે એના મનને થયું કે 'આ શ્રેણિક જો પતિ તરીકે મળે તો કેવું સારું !'

**જુઓ (૧) નિમિત્તની વડાઈ, અને (૨) મોહનું જોર.**

(૧) છબી નહોતી દેખી ત્યાં સુધી શાંત સ્વસ્થ બેઠી હતી, હવે માત્ર છબી જોવા મળી છે. મૂળ ધણી નહિ છતાં એના પર કેવા ય તરંગમાં ચડી ગઈ ? નિમિત્ત કેટલું કામ કરે છે ? ત્યારે (૨) મોહની પ્રબળતા કેવી કે એક તો પોતે જાણતી હશે કે શ્રેણિક રાજા જૈન નથી, અને પિતા ચેટકરાજ અજૈનને પસંદ કરતા જ નથી. તેમ બીજું એ કે પોતે પાકી જૈન ધર્મની શ્રદ્ધાવાળી છે, આમ છતાં એક

અ-જૈન ઉપર મોહિત થઈ જાય છે ! મોહના સંસ્કારોની આ કેટલી શિરજોરી છે ? માટે જ,

**મોહના સંસ્કારનાં પોષણ ને વૃદ્ધિ કરતા પહેલાં સાવધાન બનવા જેવું છે. નહિતર ભાવી કાળે મોહની શિરજોરી રહી, ગુણની જાહોજલાલી અને ધર્મભાવના મોંઘી થશે, મોહની લાગણી સહજ બનશે.**

**મોહમાં શું આવે ?** રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, માન-મદ-માયા, વેર-વિરોધ, ઈર્ષ્યા-અસૂયા, સ્વોત્કર્ષ-પરાપકર્ષ, હિંસા-અસત્યાદિની વૃત્તિ, આહારાદિ સંજ્ઞાઓ, રસ-ઋદ્ધિ-શાતાની આસક્તિ, હર્ષ-શોક-ઉદ્વેગ, ભય-જુગુપ્સા.....વગેરે વગેરે. આમાંના કોઈને પણ સેવો-આચરો એટલે અંદરમાં એનો સંસ્કાર પડ્યો વધ્યો જ સમજો. 'જરા હસ્યા એમાં શું બગડી ગયું ?' એમ મનને થાય છે ને ? પણ બગડવાનું આ, કે અંદરમાં એટલો હાસ્યનો સંસ્કાર વધ્યો. વધેલો હાસ્યનો સંસ્કાર આગળ પર ગંભીરતાને મોંઘી બનાવશે, હાસ્ય સુલભ કરશે.

ત્યારે ત્યાં જો કુસંસ્કારપોષણ રોકવું હોય તો હાસ્યનો પ્રસંગ આવી લાગતાં જ વધુ ગંભીર બની જવું પડે. મનને એમ થાય કે તુચ્છ બાબતે હસવુંતું શું ? આ કઈ એવી ઉદાર તાત્ત્વિક બાબત છે કે એને મહત્ત્વ આપી મનને ડહોળવું ? ખરી રીતે શું છે ? મનમાં કોઈ એવી તાત્વિક ભૂમિકા નથી બાંધી મૂકી હોતી, કોઈ ગંભીર બાબતે મનમાં ઘર નથી કરી લીધું હોતું, તેથી જ જીવન તુચ્છ આનંદ-મંગળમાં વીતાવાય છે; ને સળગતી આત્મચિંતા રહેતી નથી.

**સળગતી આત્મચિંતા ઊભી રાખવી હોય તો (૧) તુચ્છ હસવા-ખીલવાનું અને તુચ્છ ખુશી ખુશાલી બંધ કરી દો, ને (૨) એ માટે મનમાં કોઈ તાત્ત્વિક ભૂમિકા ઊભી રાખો, (૩) કોઈ ગંભીર બાબતને ઘર કરી જવા દો.**

(i) **'તાત્ત્વિક ભૂમિકા' એટલે** એવો એક સજ્જડ ખ્યાલ કે દા.ત. હું એક વડીલ, એક પ્રતિષ્ઠિત વ્યક્તિ,' હું જિનનો સેવક હું જિનનાં વચનની અનન્ય શ્રદ્ધા કરનારો સમકિતી જીવ, 'હું એક દેશવિરતિ શ્રાવક,' 'હું એક સાધુપદે રહેલો,' 'હું ભણેલો માણસ'...આવી કોઈ તાત્ત્વિક ભૂમિકા મનમાં ઘર કરી બેઠી હોય, એટલે એની સાથે તુચ્છ હાસ્ય મજાક ખુશીખુશાલી અસંગત લાગે. મનને એમ થાય કે આ ભૂમિકાએ તુચ્છ હાસ્યાદિ શોભતા જ નથી. આ ભૂમિકાનું ચિંતન જ ક્યાં ઓછું છે કે તુચ્છ માલ વિનાની બાબત પર ધ્યાન જ દેવું જોઈએ ? એમ,

(ii) **'ગંભીર બાબત' એટલે કે** દા.ત.

(૧) માથે રહેલો અનંતા દોષો અને અનંત કર્મોનો ભાર; યા

(૨) મહાકિંમતી જીવન. ક્ષણોનું ઝડપી વહી ચાલવું; કે



(૩) સેવાઈ ગયેલ કોઈ મોટું પાપ, મહાદુષ્કૃત, અથવા,

(૪) સરાસર દોષો અને દુષ્કૃત્યોથી ચાલી રહેલું જીવન, કે

(૫) વિચાર-વાણી-વર્તાવમાં ભરચક ચાલતી દુનિયાદારી ને બાહ્યભાવ, અથવા,

(૬) સર્વોચ્ચ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા મળ્યા છતાં પોતાની અખંડ ઊભેલી કષાયમગ્નતા અને વિષય-લંપટતા, અધમતા, અયોગ્યતા અને અજ્ઞાનમૂઢતા, યા

(૭) અનંત કલ્યાણકર અમૃતવાણીભર્યા શાસ્ત્રો થોકેથોક પડેલા છતાં એના રસઘૂંટ પીધા વિના વહી જતો જીવન સમય, અથવા

(૮) ત્યાગ-તપ, દયા-દાન, ક્ષમા-સમતા-નિસ્પૃહતા જિનભક્તિ-સાધુસેવા મૈત્રી કરુણાદિ હાથવેંતમાં છતાં એની કમાઈના બદલે આત્મ-ઘરે આહાર-વિષય-પરિગ્રહની જ ચિંતા, ક્રોધ-લોભ-મમતા-નિર્દયતા...વગેરેના ભરાતા કચરા,

આવી આવી કેટલીય ગંભીર બાબતો છે આમાંની એક પણ બાબત જો મનમાં ઘર કરીને રહે, તો એની સળગતી ચિંતામાં તુચ્છ હાસ્ય-મજાક-ખુશખુશાલી ને તુચ્છ દર્શન-શ્રવણ-ભાષણ મનને અડે જ નહી.

આ એકેક બાબત એવી ગંભીર છે કે એના પર ખાસું વિવેચન થઈ શકે. અલબત એનો વિસ્તૃત વિચાર આપણા ચાલુ ધર્મપરિણતિના વિષયને વધુ સ્પષ્ટ કરનારો છે; પરંતુ અત્યારે એના પર લંબાવવા જતાં મૂળ વિષય ભવવર્ધક કષાયોને રોકવા શું કરવું ? એ વળી ઠીક જ લંબાઈ જાય. હજી તો ક્રોધને રોકવા શું કરવું એના વિચારમાં આ વાત આવી કે ક્રોધ થવા જાય છે એ કોઈ પોતાની બાહ્ય નુક્સાની જોવા પર; પરંતુ ત્યાં આપણે તરત આ વિચાર કરવાનો, ભલે ને મારું બહારનું બગડ્યું, અરે ! કદાચ ધર્મસાધનાને ય ધક્કો પહોંચ્યો, પણ મારી અંદરની શ્રેષ્ઠ કિંમતી ધર્મપરિણતિ તો સલામત છે જ, પછી મારે શી ફિકર, તે ક્રોધ કરીને ઊલટું શ્રેષ્ઠ કિંમતી ધર્મ પરિણતિને બગાડું ?'

આ બધી તો ક્રોધ રોકવાની વિચારણા ચાલી. બાકી માન-માયા-લોભને રોકવાની વિચારણા બાકી છે. ઉપરાંત હમણાં ધર્મપરિણતિ પર સુલસાનો પ્રસંગ ચાલી રહ્યો છે. એટલે અત્યારે 'તાત્ત્વિક ભૂમિકા' ને 'ગંભીર બાબતો પર વિચારણા લંબાવવા જતાં સુલસાની ધર્મપરિણતિ જોવાનું આઘું રહી જાય.

**તુચ્છ હાસ્યાદિ લાગણીઓ રોકવા શું વિચારવું ? :-**

આ વાત છે કે મનમાં કોઈ તાત્ત્વિક ભૂમિકા ઘર કરી જાય, કોઈ ગંભીર બાબત ઘર કરી જાય, તો તુચ્છ હાસ્ય-મજાક-ખુશખુશાલી કે તુચ્છ જોવા સાંભળવા-બોલવામાં ન પડી જવાય, ને આત્મચિંતા જાગતી સળગતી રહે. ત્યારે જો આ ન કરાય અને તુચ્છ હાસ્યાદિ મોહ સેવાય તો એના કુસંસ્કાર પડવાના જ. ત્યારે એમ

મોહના એક યા બીજા રૂપે સેવન કરી કરી કુસંસ્કારો વધાર્યે જવાનું પરિણામ શું ? આગામી ભવિષ્યકાળમાં જીવન કેવા જીવવાનાં ? પરલોક કેવો મળશે ? આનો ગંભીર વિચાર કરો, મન પર આને ગંભીરપણે લો. તો તુચ્છ હાસ્યની, ખેદની, ભયની, દુર્ધ્યાનની વગેરે લાગણી અટકાવવાની સાવધાની રહેશે.

સુજ્યેષ્ઠા જેવી મહાન શ્રાવક ચેડા મહારાજાની સુપુત્રી અને શ્રાવકધર્મ પાળનારી, પણ પૂર્વના મોહસંસ્કારને પરવશ પડી જૈન નહિ એવા શ્રેણિક રાજાની છબી જોઈ એના પર મોહી પડી. દાસી દ્વારા વેપારી બનીને દુકાન માંડી બેઠેલ અભયકુમારને પૂછાવે છે, 'આમનો કોઈ રીતે અહીં ભેટો થઈ શકે ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૦,અંક-૪૦,તા.૧૭-૬-૧૯૭૨**

દાસીએ આવીને અભયકુમારને વાત કરી. અભય કુમાર કહે છે. હું તપાસ કરાવું છું પણ માનો કે કદાચ ભેટો થાય તો કુમારીનો વિચાર શો છે ? કેમકે તપાસમાં મારે કદાચ મહારાજા સાહેબ પૂછે તો શું કહેવું ?' દાસી વળી પાછી સુજ્યેષ્ઠાને પૂછી લાવી કહે છે, 'અરે ! કુંવરી સાહેબને તો છબી જોઈને ભારે આકર્ષણ થયું છે. તેથી જો શ્રેણિક રાજા લઈ જવા તૈયાર હોય તો એ સાથે જવા અને એમને પરણવા તૈયાર છે.'

અભયકુમાર કહે, તો ભલે હું જલ્દી તપાસ કરાવું છું.'

દાસી કહે, 'પણ જોજો હોં આ વાત બહાર ન જાય. માત્ર કુંવરી સાહેબ હું, તમે અને મહારાજા સાહેબ જ જાણે.'

'હા હા હા, એ માટે બેફિકર રહેજો. બીજા કોઈને હું નહિ જાણવા દઉં.'

બસ, અભયકુમારે તાબડતોબ જઈને પિતા શ્રેણિક રાજાને ખબર આપી. રાજા ખુશ થાય છે. કહે છે 'હવે કેમ કરશું ?'

**સુજ્યેષ્ઠાને ઉઠાવવાની યોજના :-**

અભયકુમાર કહે હવે એક આપણા સીમાડાથી વૈશાલીના સીમાડા સુધી સુરંગ ખોદાવવાની; એમાં થઈને આપે ત્યાં પધારવાનું; એનો સમય હું સુજ્યેષ્ઠાને આપી દઈશ એટલે એ સમયે એ સુરંગના નાકે આવી ગઈ હોય, આપે એને લઈને રથ મારી મૂકવાનો એમાં વિલંબ ન થવો જોઈએ. કેમકે આ તો ચેડા રાજાનું કામ છે. એમને ખબર પડી જાય તો એમનું બાણ એટલે અમોઘ. ગુપ્ત સુરંગ હું ખોદાવી લઉં છું. આપ નિશ્ચિંત રહો. આપે નાગરથિકના જવાંમર્દ અને વફાદાર ૩૨ પુત્રોને સાથે રક્ષણમાં રાખવાના.'



બસ, અભયકુમારે એ યોજના મુજબ થોડા જ દિવસમાં ગુપ્ત સુરંગ તૈયાર કરાવી દીધી. અહીં સુજ્યેષ્ઠાને ખબર આપી દીધી કે મહારાજા શ્રેણિક અમુક સમયે નગર બહાર અમુક સ્થળે આવશે; તમારે ત્યાં વહેલા જઈને ઊભા રહેવાનું જેથી આવે એટલે એમને રાહ ન જોવી પડે, ને તરત તમને લઈ રવાના થાય નહિતર જો તમારા પિતાજીને ખબર પડે તો અમારું કામ ન થાય, અને એમના બાર વાગી જાય.' સુજ્યેષ્ઠાએ બહુ આભાર માન્યો, ને સમયની રાહ જોતી બેઠી છે.

**માબાપોએ સાવધાન રહેવા જેવો આજનો ગોઝારો કાળ છે :-**

આ ગુપ્તેગોની ચેડારાજા કે બીજાને શી ખબર પડે ? ગંધ પણ ન આવે. માણસના દિલની કે છૂપી પ્રવૃત્તિની ખબર નથી પડતી. આજે કેટલાય માબાપ અંધારામાં રહે છે, અને એમના છોકરા-છોકરી ખાનગી ચલાવ્યે જાય છે; નથી એમના દિલની ખબર પડતી, કે નથી એમની ગુપ્તેગો પ્રવૃત્તિની. છતાં કેટલાક માબાપ વળી ફાંકો રાખે છે કે અમારા છોકરા-છોકરી અમારા કહ્યામાં છે અમારી આમન્યામાં છે, અમને પૂછ્યા વિના કશું ન કરે.' એ તો જ્યારે એકાએક ભાંડો ફૂટે ત્યારે ચોંકે કે હાય ! આ તો ક્યાંક પરણી બેઠા...યા ભાગી ગયા...અથવા કેટલાય વેપાર સોદા કરી મોટી ખોટ ઊભી કરી,...કે છોકરીને ગર્ભ રહી ગયો, અથવા છોકરો દુશ્મન સાથે બેસી ગયો...કે હવે એકાએક જુઆરું કરવાનું કહે છે...એવો એવો ધડાકો બહાર પડે ત્યારે ફાંકો ઊતરી જાય.

ખરી વાત એ છે કે છોકરા-છોકરી પર, અતિ વિશ્વાસ મૂક્યા વિના, ખાનગી ધ્યાન રાખવું પડે કે એ ક્યાં જાય આવે છે, બેસે ઉઠે છે, શું શું કરે છે...એના બોલ ચાલ રંગ-ઢંગ કેવા છે...એ શું શું ખાનગીમાં વાંચે છે...શેનો શેનો સંગ્રહ કરે છે,...આ બધું ખાનગીમાં તપાસતા રહેવું પડે. આજના કેટલાક છોકરા સ્ત્રીઓનાં નગ્ન બિભત્સ ચિત્રો રાખે છે, કેટલીક છોકરીઓ સંતતિ-નિરોધનાં સાધન રાખે છે. પ્રેમ પત્રો ચાલે છે. એ તો સી.આઈ.ડી. ની જેમ ખાનગી તપાસ લો, તો ખબર પડે કે એની પેટીમાં કબાટમાં, બેગમાં, ડાયરીમાં, પુસ્તકમાં શું શું એવું સંગૃહીત છે. ટપાલીને પૂછવું પડે કે એ કોઈ ટપાલ ખાનગીમાં છોકરા છોકરીને આપી તો નથી દેતો. સારાંશ, આજના ગોઝારા કાળે અંધારામાં રહેવા જેવું નથી, વિશ્વાસે રહેવા જેવું નથી. ભલેને છોકરા છોકરી આમ સારા વર્તાવવાળા દેખાતા હોય પણ મોહના ઉદય વિચિત્ર છે, ક્યારે કેવા જાગે શી ખબર ? એમાં નિમિત્ત કામ કરી જાય છે. આજનાં ખોટાં નિમિત્ત એમને ભુલાવે, અને ભૂલેલા એમનાં દિલની અને ખાનગી પ્રવૃત્તિની તમને આમ ખબરે ય ન પડે.

બીજી એક મહત્ત્વની વાત એ છે કે વિશ્વાસમાં તણાયા ખબર ન પડે અને

પાછા ફાંકો રાખ્યો હોય કે મારા સંતાન મારી આમન્યામાં જ છે. ત્યાં અચાનક ભાંડો ફૂટે, ન ધારી ન કલ્પી ગંભીર બાબત બની ગઈ બહાર પડે, પછી કેમ ? એવા વિશ્વાસઘાતી સંસાર પર, એવા ફાંકો તોડનારા સંસાર પર, એવું સાવ અઘટતું કરાવનાર દેખાડનારા સંસાર પર, વૈરાગ્ય આવે ખરો ? ના, **ત્યાં પાછા બોઘા, તે સંસારની વિશ્વાસઘાતિતા અપમાનકારિતા અને અઘટિતકારિકાની ગમ જ ન પડે.**

**રાગમૂઢ જીવો ઉપદેશને અયોગ્ય :-**

ત્યારે 'ઉપદેશરત્નાકર' શાસ્ત્રમાં શ્રી મુનિસુંદર સૂરિજી મહારાજ કહે છે કે એવા રાગમૂઢ જીવો ધર્મ પાળવાને અયોગ્ય છે, તેથી એવાને ધર્મનો ઉપદેશ આપી પલાળવાની નિષ્ફળ મહેનત માથાફોડમાં ઊતરવું જ નહિ. આવશ્યક સૂત્રનિર્યુક્તિમાં પણ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામિજી મહારાજ પણ એ જ કહે છે.

અંતરમાં તપાસજો કે સંસારમાં તમારે કોઈ ભારી વિશ્વાસઘાતનો પ્રસંગ નથી બન્યો ? કોઈ એવા મજબૂત ફાંકા રાખેલા નથી તૂટ્યા ? ને અપમાન નથી થયા ? કોઈ અણચિંતી વણકલ્પી ભારી અઘટતી ઘટના બની નથી ? તો શું એથી સંસાર પર પાકા પાયાનો વૈરાગ્ય જાગ્યો ? ઘૃણા-ગ્લાનિ થઈ આવી ખરી કે આવો સંસાર ?' વૈરાગ્ય-ઘૃણા-ગ્લાનિ નહિ, તો બુદ્ધિમાન ? કે અજ્ઞાન ? સમજુ કે રાગમૂઢ ?

**પ્ર.-** સંસાર હાલ કાંઈ છૂટે એમ નથી તો પછી સંસાર પર વૈરાગ્ય કરીને શું કરવાનું ?

**સંસારમાં રહ્યા વૈરાગ્યની શી જરૂર ?**

**ઉ.-** લ્યો, આવો, એમ કહે છે કે સંસારમાં રહેવું જ છે તો પછી રાગ રાખીને જ રહેવું જોઈએ ને ? કેમ વારું ? પછી એવા સંસાર તરફથી લાત પડે એટલે પોક મૂકીને રોવાની મજા આવે ને ? સંસાર પર વૈરાગ્ય હોય તો સમજીને જ રહેવાય કે આ સંસારનો જરાય ભરોસો નહિ કે આપણા પક્ષમાં જ કામ કરે. અવસરે એ તો ફરી બેસવાનો. બહુ હેતના સવાસલા કરનાર માબાપ પણ વિશ્વાસપાત્ર નહિ, તેથી કાલે ઊઠીને કદાચ એ મારા ભાઈનું વધારે તાણે તો મારે આશ્ચર્ય નહિ પામવાનું, ખેદ નહિ કરવાનો; કેમકે વિશ્વાસપાત્ર નહિ એ એમજ કરે.

'માતાપિતાએ મને હોંશથી પરણાવેલી વહુ ઉપર કાલે ઊઠીને મા શિરજોરી કરે, તો આશ્ચર્ય કે ખેદ નહિ કરવાનો; કેમકે વિશ્વાસપાત્ર નહિ એ એમજ કરે. માટે એવા પ્રસંગે મારે ભાઈને સન્માની લેવાનો, ને હૈયાને સમજાવી દેવાનું કે પુણ્યાનુસાર ચલાવી લે. એમ માતાને સંભાળી લેવાની ને વહુને સંસાર સમજાવી દઈ નભાવવાનું શીખવી દેવાનું,' આમ સંસાર પર વૈરાગ્યથી જીવનમાં શાંતિ રહે.



**સાસુને પજવનારી પત્નીને શું સમજાવવું ?:-**

એવી રીતે સંસાર પર વૈરાગ્ય હોય તો સગી પત્નીનાં પ્રેમનાં ટાયલા પર આંધળા મોહિત ન બનાય, વિશ્વાસ ન મૂકાય. પછી જ્યાં એ આપણા ઉપકારી ગુણિયલ માતાપિતા સામે બકવાદ ઉદ્ધતાઈ કરતી દેખાય, એમું હલકું ઘસાતું બોલતી દેખાય, ત્યાં ઝટ મનને થાય કે સંસાર આવો જ છે. માટે માબાપને ભૂલીને આના પ્રેમના સવાસલા માન્ય કરવા જેવા નથી. એને કહી દઉં કે,

'તને તારા માબાપ ગમે છે ?'

'હા ગમે છે ?'

'તો એમને તારા ભાઈની વહુ કનડે તો તને દુઃખ થાય ?'

'હાં થાય.'

'તો પછી મને મારા માબાપ ગમતા હોય, ને તું એમને કનડે તો મને દુઃખ ન થાય ? અને તને તારી કનડનારી ભોજાઈ પર દુઃખ થયા પછી એના પર તને પ્રેમ ન રહે, તો પછી મને દુઃખ થયા પછી કનડનાર તારા ઉપર મને પ્રેમ શી રીતે રહે ?'

આમ સમજાવો તો એ સમજી જાય; ન સમજે તો નોટિસ દઈ દેવાય કે જો પરણીને મેં ઘર નથી બદલ્યું, પણ તેં તો ઘર બદલ્યું. એટલે હવે મારા બા બાપુજી એ તારે તારા બા-બાપુજી જ સમજવાના. એ નહિ સમજે અને એમને પજવશે, તો હું તારો નહિ બહારનો વ્યવહાર ચાલશે. પણ મારા દિલમાં તું નહિ તો પછી તારે આધાર કોનો ?'

એને એમ પણ સમજાવાય કે 'તું આવી સારી સ્ત્રી મને મળી એમાં મૂળ ઉપકાર તારા માતાપિતાનો ખરો ને ? એમણે તને જન્મ આપી ઊછેરી કરી સારી સંસ્કારી બનાવી એ એમનો ઉપકાર તું સમજે છે. એમ મારે પણ તારા માતાપિતાને ઉપકારી સમજી એમને પ્રત્યે મારે સદ્ભાવ બહુમાન રાખવું જોઈએ, એવું તું ઇચ્છે ને ? એવી રીતે હું પણ તને ઠીક લાગતો મળ્યો એમાં મારા બા-બાપુજીનો મૂળ ઉપકાર ખરો ને ? એમણે મને સારો ઘડ્યો ન હોત તો તને મન ગમતો ક્યાંથી લાગત ? હું મળવામાં મૂળ ઉપકારી એવા મારા માતાપિતાનું મહાઅહેસાન તારે શું ન માનવું જોઈએ ? એ માને ને તું પણ એમના પર ભારે પ્રેમ સદ્ભાવ-બહુમાન રાખે એવું હું ઇચ્છું એ સહજ જ છે ને ? આ શૈલીએ વિચારીને મારા માબાપ પર તારા દિલમાં બહુમાન સદ્ભાવ-આદર લાવીશ તો એમના કડવા પણ બોલ પર તારે ઝઘડવાનું કે મન બગાડવાનું નહિ રહે'

આમ પત્નીને સમજુતી અને એ ન સમજે તો ધમકી પણ આપવાનું કોણ

કરી શકે ? જેને એના પર આંધળો રાગ ન હોય, જે અંધ વિશ્વાસ ન મૂકે, એ જ ને ? એવું એકાંત વિશ્વાસ મૂકવાનું ક્યારે ન બને ? દિલમાં વૈરાગ્ય હોય ત્યારે. તો બોલો, સંસારમાં રહ્યા છતાં પણ વૈરાગ્યની જરૂર ખરી કે નહિ ? વૈરાગ્યની જરૂર લાગતી હોય તો એવો પ્રશ્ન ન ઊઠે કે સંસારમાં રહેવું છે તો વૈરાગ્ય રાખીને શું કરવાનું.

**વૈરાગ્ય એટલે અંધ રાગ-વિશ્વાસ-હુંફ ન હોવા એ.** દુનિયાના સગા, અને દુનિયાની ચીજ વસ્તુ પર આસ્થા વિશ્વાસ ન હોય તો આંધળા રાગ પ્રેમ મોહ થાય નહિ, ને આંધળી હુંફ રખાય નહિ. તેથી (૧) આંધળા રાગથી થતી અનુચિત પ્રવૃત્તિ અટકે; (૨) અંધ રાગથી પોષાતા દોષ-દુર્ગુણ ન પોષાય એમ દોષ દુર્ગુણ તથા અનુચિત પ્રવૃત્તિથી આગળ પર સરજાતા દુઃખોથી બચી જવાય.

એક દિવસ મરવાનું નિશ્ચિત છે એ જાણવા છતાં માણસ કેમ સુખે મરી શકતો નથી ? કારણ કે મળેલા દુન્યવી સંયોગો પર આંધળો રાગ રાખી બેઠો હતો, અને હવે એ બધું ખોવાઈ જતું દેખાય છે; તેથી શાંતિ ક્યાંથી રહે ? દુઃખ-સંતાપ-રુદન જ આવે.

ત્યારે માણસ, જીવવાનું હાથમાં છે ત્યાં સુધી, કેમ સુખે જીવી શકતો નથી ? એનું ય કારણ આ, કે મળેલ સંયોગો પર આ સારા મળ્યા, મને સુખ આપશે, સારા ટકશે.....' વગેરે અંધ વિશ્વાસ ધારી આંધળા રાગ કરે છે પણ પુણ્ય દૂબળાં છે, તેથી એ સારા અને ટકાઉ માનેલામાં ફેરફાર થાય છે. એટલે દિલ દુભાય છે. જગતમાં પરિવર્તન ચાલુ છે. એ થતાં આંધળા રાગવાળાને દુઃખ કેમ નહિ થાય ?

ત્યારે જો વૈરાગ્યથી એવા અંધ-વિશ્વાસ ન મૂક્યા હોય ને પહેલેથી જ સમજી રાખ્યું હોય કે આ ઈષ્ટ યાને મનગમતા સંયોગ અચાનક જવાના, અગર સારા મટી નરસા થવાના; તો એના ભરોસે ન ચલાય, એના પર અંધરાગ ન કરાય. પછી જીવતાંય એનાં પરિવર્તનથી દુઃખ નહિ લાગે, અને મરતાં ય એ છૂટી જવાનું દેખી-દુઃખ નહિ થાય. કોઈની વસ્તુ કામચલાઉ વાપરવા લઈ આવ્યા ત્યાં ખબર છે કે ધણી આ ગમે ત્યારે પછી લઈ જાય, તો તેમ થતાં ક્યાં દુઃખ થાય છે ? માટે કહો,

**દુઃખનું કારણ વસ્તુનો વિયોગ કે પરિવર્તન નહિ, પણ આંધળો રાગ આંધળો વિશ્વાસ છે; ને વૈરાગ્ય એવા રાગને વિશ્વાસને રોકે છે. માટે વૈરાગ્ય એ દુઃખ રોકવાનો ઉપાય છે.**

એમ વૈરાગ્યથી જગતની વસ્તુ મળ્યા પર આંધળી હુંફ ન રાખી હોય તો



એ વસ્તુ બરાબર કામ ન આપતાં કે ચાલી જતાં દુઃખ નહિ થાય. મહેમાન આવ્યા પર એ ક્યાં હુંફ રહે છે કે એ કામ આપશે ? પછી એ કામ ન આપે યા ચાલી જાય તો દુઃખ નથી થતું હુંફ જ દુઃખ આપે છે. હુંફ માનવી મૂકી દો, દુઃખ ગયું. વૈરાગ્ય આ હુંફ નથી માનવા દેતો. માટે વૈરાગ્ય દુઃખને રોકે છે.

સુલસાના જેવું સમ્યગ્દર્શન જોઈએ છે ? તો આવો વૈરાગ્ય કેળવો.

સમ્યગ્દર્શન વૈરાગ્ય વિના ન આવે. માટે સમ્યગ્દર્શન જોઈતું હોય તો આ વૈરાગ્ય એટલે કે અનાસ્થા અવિશ્વાસ જોઈએ. સંસારની એક પણ આઈટેમ પર, એક પણ બાબત ઉપર, આસ્થા નહિ, કે આ મારું લીલું વાળશે, આ મારું ભલું કરશે. સંસારની બાબત એટલે પૈસા પરિવાર ઘર-દુકાન, માલ-સામાન, માન-સન્માન, ખાન-પાન, અને યાવત્ પોતાની કાયા કે પોતાના મદ અહંત્વ તેમ કામ-ક્રોધ-લોભ વગેરે; એ કશા ઉપર વિશ્વાસ નહિ કે આ સદા મારા થઈને રહેશે કે મારું ભલું કરશે. મને દગો નહિ દે. મારાથી અણધાર્યા છૂટા નહિ પડે,. નાશ નહિ પામે, યા દુઃખ નહિ દે, ચિંતા-સંતાપ નહિ કરાવે. આવો કશો ભરોસો કશી નિરાંત નિશ્ચિંતતા ન રખાય. એથી એના પ્રત્યે શાન્તિભર્યા રાગ આંધળો ન રહે.

શોધી વળજો દુનિયામાં, કે સંસારની કોઈ પણ બાબતે યાને પૈસાએ, પરિવારે, ઘર-દુકાને, માલ-સામાને, વટ-આબરુએ, કે ખાનપાન-મોજે કે કાયાએ કોઈનું ભલું કર્યું છે ? કોઈની સાથે એ કાયમી રહ્યા છે ? કાયમી સુખ-નિશ્ચિન્તતા આરામ આપ્યા છે ? શોધી વળો, ઈતિહાસ તપાસી જુઓ, આંખ સામેની દુનિયા જોઈ જુઓ, કે સંસારની વસ્તુએ કોઈનું ભલું કર્યું હોય તો. છતાં આ ઠસતું નથી. મનને લાગ્યા કરે છે,-

**પ્ર.**- કેમ ? પૈસા ભલું નથી કરતા ? પૈસાથી ઘર ચાલે છે. વેપાર ભલું નથી કરતો ? વેપારથી પૈસા આવે છે. કાયા ભલું નથી કરતી ? કાયા પછી બધા સંસારનાં કામ થાય છે.

ઉ.- સાચું પણ આમાં તો વેપારે પૈસાનું તિજોરીનું ભલું કર્યું, પૈસાએ ઘરનું ભલું કર્યું, ને કાયાએ સંસારનું ભલું કર્યું, તમારું ભલું શું કર્યું ? તો કહો,

**પ્ર.**- કેમ વારું ? અમને સુખ આપ્યું ને ?

ઉ.- તો દુઃખ ટળી ગયું ? એ સુખ મળ્યા પછી કશી પીડા ન રહી ? કોઈ ચિંતા સંતાપ અશાંતિ ન ઊભી થઈ ?

**પ્ર.**- એ તો સંસાર છે એટલે હોય. એમાં ગભરાવાનું શું ?

ઉ.- છતાં તમને એવા સંસાર પર અથાગ વિશ્વાસ ? કૂતરાને કોઈ એકેક લાડુનો ટૂકડો નાખતો જાય, ને ૪-૪ લાત લગાવતો જાય, છતાં એ કૂતરો લાડૂના

ટૂકડા નાખનાર ઉપર વહાલ કરે છે ! કોઈ ચાટુડાને શેઠ ૨-૫ રૂપિયા આપતો જાય અને ૪-૪ ગાળ ચોપડાવતો જાય, છતાં એ ચાટુડો શેઠ પર અથાગ વહાલ કરે, ભારે વિશ્વાસ મૂકે, એ ડાહ્યો બુદ્ધિમાન માણસ ? કહો, લાતો ખાઈને લાડુ મળે એમાં વિશ્વાસ વહાલ ઉભરાવનારી જાત કૂતરાની. ગાળો વહોરીને રૂપિયા ચાટવા મળે એમાં વહાલ વિશ્વાસ રાખનારી જાત ચાટુડાની. તો પછી ચિંતા-સંતાપ બળતરા, ભય-પીડા-આપત્તિ, અશાંતિ અજંપો-અપમાન,...વગેરે સંસારની લાતો ખાઈને પણ સંસારના સુખના લાડુના ટૂકડા ચાટવા મળે એમાં અથાગ વહાલ વિશ્વાસ મૂકનારી જાત કોની ગણવી ? શાણા બુદ્ધિમાન માનવની ? કે અજ્ઞાન મૂઢ કૂતરાની ? સ્વમાની માનવની કે ચાટૂડા પામરની ? આપણો કઈ જાતમાં મૂકાવું છે ?

**આત્મા મજૂર :-**

વસ્તુસ્થિતિ વિચારજો, તો દેખાશે કે વેપાર પૈસાનું-તિજોરીનું ભલું કરે, પૈસા ઘરનું ભલું કરે, ઘર તમારી કાયાનું ભલું કરે, કાયા સંસારનાં કાર્યોનું ભલું કરે; પણ એ બધામાં મજૂરી કરનાર મજૂર તમારો આત્મા. એને એ બધે ચિંતા-ભય-શંકા અશાન્તિ-હાય-વોય-અજંપો કરવો પડે છતાં તમે માનો કે મને આ બધાથી સુખ મળ્યું, આ બધા મારા બહુ ઉપકારી ભલું જ કરનારા, એ બધા પર હૈયે હેત ઊભરાવો, વિશ્વાસ ધરો, એ કઈ અક્કલનું કામ ? આ બધાના મજૂર જ બન્યા રહેવાનું ?

માણસને શેઠની ગાળો-અપમાન-ટોણામેણાં ખાઈને પણ નોકરી બજાવી રૂપિયા મેળવવા પડે એવા જ સંયોગ હોય, અને પોતાની નબળાઈ માની એમ કરવું પડતું હોય છતાં એ શેઠને કેવા માને ? બહુ સારા માણસ ? શું એમના પર અથાગ વહાલ અને અપરંપાર વિશ્વાસ ધરે ? ખાનદાન ન ધરે. એ તો ખાનદાન વિનાનો નોકર હોય કે જે પોતાની માબાપ બાયડી પર શેઠની ગાળો ખાઈને પણ પૈસા મળે છે ને, માટે પૈસા દેનાર એવા શેઠને બહુ સારા માને, શેઠ પર અંતરના હેત ઊભરાવે, અથાગ વિશ્વાસ ધરે.

બસ, વૈરાગી આત્મા એટલે ખાનદાન આત્મા, સંસારમાં રહેવું પડ્યું છે માટે લાચારીથી વેપાર-પૈસા-પરિવાર ઈજ્જત-આબરૂ, કાયા-ખાનપાન, વગેરે સાથે સંબંધ રાખવો પડતો હોય પોતાની નબળાઈથી એનાં સુખ લેવા પડતા હોય, છતાં એમાં જે ચિંતા-ભય-શંકા સંતાપ વગેરે આવ્યા કરે છે, એને પોતાનું અપમાન દેખે, સંસારશેઠની ગાળો સમજે, તેથી એવા સંસાર પર એને વહાલ ન વરસી જાય, એ વિશ્વાસ ન ધરે. આનું નામ ખાનદાની. વૈરાગ્ય એટલે ખાનદાની, એ સંસારની વસ્તુ પર હેત વહાલ વિશ્વાસ ન ઊભરાવા દે.



કહે છે સંસારમાં વૈરાગ્ય એટલે ખાનદાની, એ સંસારની વસ્તુ પર હેત વહાલ વિશ્વાસ મૂકવા ન દે. એથી જાગતો રહે. ખોટો ન દબાય, દબાવું પડે તો પોતાની નબળાઈ સમજી એ નબળાઈને કાઢવા પ્રયત્ન કરે. જાગતો હોય એટલે ધોખામાં ન ફસાય, આંધળા વહાલ વિશ્વાસ ન હોય એટલે વિવેકથી વર્તે; કદાચ પોતાના ગણાતા તરફથી દ્રોહ થાય, અપમાન થાય, કે ધનમાલ પર આફત, યા શરીર પર રોગ આવે, ત્યાં વિહ્વળ ન થાય, આકુળ વ્યાકુળ ન થાય.

**વિરાગીએ તો પહેલેથી સમજી રાખ્યું હોય કે આ સંસારના જડ ચેતન કશાનો વિશ્વાસ નહિ કે એ ક્યાં સુધી અનુકૂળ રહે.'**

એ પોતાની રાગદશાની નબળાઈ સમજતો હોય, એટલે આપત્તિમાં કે પ્રતિકૂળમાં એ બીજા જીવનો વાંક ન જોતાં, યા ચીજ-વસ્તુનો વાંક ન જોતાં પોતાની નબળાઈ યાને પોતાની રાગદશાનો વાંક જુએ. સમજે કે રાગદશા છે માટે દુઃખ લાગે છે. તેમ બીજાનો વાંક ન જુએ એટલે એની સાથે સંબંધ ન બગાડે, બખાળા ન કાઢે, વૈર-વિરોધ ન રાખે. તેથી દિલને ભારે શાંતિ અખંડ ચાલ્યા કરે.

વૈરાગ્યની બલિહારી છે. એ માણસને મોભાદાર, ખાનદાન વિવેકી બનાવે છે, અને ચિંતા સંતાપ, શંકા ભય વગેરેથી બચાવે છે. એને અશાંતિ હોય તો એ માત્ર પોતાની અમૂલ્ય માનવક્ષણો રાગદશામાં વેડફાઈ જતી હોવાની હોય; એથી અશાંતિ હોય એ પોતાની રાગદશાની નબળાઈની એટલે એ નબળાઈ, એ રાગ દશા, ઓછી કરતા જવા તરફ એનું લક્ષ હોય. ચક્રવર્તી ભરત મહારાજાને આ હતું, તેથી એમાં ક્રમશઃ આગલ વધતાં વધતાં અંતરની રાગદશાને મોળી પાડ્યે જતાં આરિસાભવનમાં સહેજ વાતમાં રાગદશાને તદ્દન, નિર્મૂળ કરી વીતરાગ બન્યા, અને કેવળજ્ઞાન પામી ગયા.

વાત આ હતી કે માણસનાં દિલ અને ગુપ્ત પ્રવૃત્તિની બીજાને ખબર ન પડે, સગા મા બાપ કે બાયડી છોકરાને ય ખબર ન પડે. સુજ્યેષ્ઠાએ રાજા શ્રેણિક સાથે અભયકુમાર દ્વારા એવી સંતલસ ગોઠવી છે એની, પિતા ચેડા મહારાજાને શું કે બીજાને શું કોઈને ગંધ નથી આવવા દીધી. પરંતુ નાની બેન ચેલ્લણાને કાંઈક લાગ્યું એટલે સુજ્યેષ્ઠાને એ પૂછે છે બહેન ! કેમ કાંઇક તું વ્યાકુળ દેખાય છે ?

સુજ્યેષ્ઠા કહે 'ના, મને કાંઈ ચિંતા નથી.'

'શું કામ છૂપાવે ? મારાથી છૂપાવીશ ? તને મારા પર વહાલ નથી ? વિશ્વાસ નથી ?'

સુજ્યેષ્ઠાને એના પર હેત સારું હતું તેથી અંતરની વાત કહી દીધી. ત્યારે ચેલ્લણા કહે છે, 'ઓ હો ! આટલી બધી તૈયારી છે ? સારું સારું કહ્યું તો આટલું,

પણ ચેલ્લણાના દિલમાં ય ખળભળાટ થયો. તે એવો કે પછી ચેલ્લણાએ એની સાથે ચાલવાની ભાગવાની તૈયારી બતાવી છે. તે કેમ બન્યું હશે ? ભૂલશો નહિ બંને બેનો મહાન શ્રાવકની દીકરીઓ છે, તેમ પોતે મહાન શ્રાવિકા છે, મહાન સતી છે; તો કદાચ એમાંની એક ભૂલે અને અજૈનને પરણવા તૈયાર થાય; પણ સાથે બીજી ય એમ ભૂલાવામાં પડે ? પરંતુ સંભવ છે કે બંનેને આવો કાંઈ સંવાદ થતો હોય.-

**સુજ્યેષ્ઠા ચેલણાનો સંવાદ : જૈન પણ સત્ત્વહીન સાથેના સંબંધમાં રોદણાં મળે :-**

ચેલ્લણા કહે, પણ તને ખબર છે ને કે શ્રેણિક રાજા જૈન નથી ?

સુજ્યેષ્ઠા કહે જૈન નથી તેથી શું જૈન હોય પણ સત્ત્વહીન હોય એવાના સંબંધમાં જિંદગીભરના રોદણાં. રાજા શ્રેણિક જૈન નહિ, પણ સાત્ત્વિક છે. એવાને પતિ કરવામાં આપણી શોભા છે.

ત્યારે ચેલ્લણા કહે, પણ જે જૈન નથી એવાને પરણીને તારો ધર્મ શી રીતે સાચવીશ ?

સુજ્યેષ્ઠા કહે, કેમ ? એમાં શો વાંધો આવે ?

'અરે એ તો પુરુષજાત, ને વળી મોટા રાજા, એટલે આપણે બાઈમાણસને દબાયા રહેવું પડે, ને એમાં કદાચ અજૈન એવા એના દબાણથી ધર્મ ચૂકવાનું થાય.

સુજ્યેષ્ઠા કહે છે. ઘેલી રે ઘેલી ! જરા એ તો જો કે જે આવી મોટી સુરંગ ખોદાવીને લઈ જવા માટે આવવા ઇચ્છે છે, અને તે પણ પિતાજીના અતુલ પરાક્રમની સામે સાહસ કરીને, તે આપણા પ્રત્યે કેટલું બધું આકર્ષાયો હોય ? એ તે વળી આપણને દબાયેલી રાખે કે આપણી આરતિ ઉતારે ? શું આ દુનિયામાં જોતી નથી કે આકર્ષિત મોહિત લટ્ટુ બનેલા માણસો સામાની કેવી ગુલામી ઉઠાવે છે ? એમાં વળી આપણે આકર્ષક સ્ત્રીજાત, તે એક આંખના મટકાથી, એક પ્રેમના કાલા બોલથી સામાને મહાત કરી શકીએ. એવા આપણને મુંઝવણ શી ?

વળી ચેલ્લણા ! તું એ જો કે જેમ કામ લુબ્ધ સ્ત્રીઓ મોહિત કામાંધ પતિને ફાવે તેમ નચાવી શકે છે, મદારીના માકડાની જેમ એની પાસે ધાર્યા ખેલ ખેલાવી શકે છે, તો પછી આપણે વળી આકર્ષિત પતિને આપણો ધર્મ ન પમાડી શકીએ ? કામલંપટ સ્ત્રી પતિને કામમાં અંધ બનાવી દે, તો ધર્માત્મા નારી સ્વામીને ધર્મમાં રાગી કરી દેનારી બની શકે.

ચેલ્લણા કહે, પણ માન કે કદાચ એને ગાઢ મિથ્યાત્વનો ઉદય હોય ને એ ધર્મ ન પામે તો ?'



'તો ય શું બગડ્યું ? આપણે આપણો ધર્મ સાચવીને સંતોષ માનવાનો. આપણામાં ધર્મ જો સલામત તો બીજાની ચિંતા શું કામ કરવી ?'

'અરે ભોળી ! ભૂલી, એ તો મેં તને પહેલાં જ કહ્યું કે એ જ્યારે આટલો બધો આકર્ષિત થઈને લેવા આવે એ પછીથી આપણાં રૂપરંગ અને હોશિયારી જુએ, વિશેષમાં આપણો એના પર સ્નેહ-સદ્ભાવ આદર-બહુમાન દેખે એટલે આકર્ષણ કેટલું વધી જાય ? આપણી લાયકી, આપણા ગુણો, અને એના પ્રત્યેના આપણા સ્નેહ આદરભર્યા વર્તાવમાં એ તાકાત છે કે એથી પતિ એવો મુગ્ધ બન્યો રહે કે આપણને પ્રિય ધર્મમાં એ અંતરાય તો ન નાખે પણ ઊલટું અનુકૂળતા કરી આપે. જરા દુનિયાના માણસોના રંગઢંગ જો.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૦,અંક-૪૧,તા.૨૪-૬-૧૯૭૨**

સુજ્યેષ્ઠા આગળ ચલાવે છે,-'દુનિયામાં જે કેટલેક ઠેકાણે એવું દેખાય છે કે પતિ ધર્મમાં અંતરાય કરનારા ઊભા થાય છે એમાં તો કેટલીકવાર તો એ ધર્મ કરનારાના કોઈ એવા અનુચિત વર્તાવ કારણભૂત હોય છે. એનાથી સામાના દિલમાં અસદ્ભાવ ઊભા થયો, પછી એ અંતરાય કરે તે બનવા જોગ છે. એટલે સામા તરફથી ધર્મમાં અંતરાય ન ઊભો થવા દેવો હોય, તો ધર્મી જીવે પહેલાં પોતાની લાયકી વધારવી જોઈએ; કોઈજ અનુચિત બોલ નહિ. વર્તાવ નહિ, જરાય તામસીપણું નહિ; સૌમ્ય મુદ્રા, સૌમ્ય સ્વભાવ સૌમ્ય વાણી અને નિખાલસતા તથા સામા પર માન આદર વગેરે ખૂબ સાચવવું પડે.'

ચેલ્લણા કહે, આમ છતાં માન કે સામામાં તીવ્ર મિથ્યાત્વ હોય તો ધર્મમાં અંતરાય કરવા તૈયાર થાય એવું ન બને ?'

સુજ્યેષ્ઠા કહે, બની શકે, પરંતુ હું તો માનું છું કે તે તો સત્ત્વહીન માણસો હોય કે જે જાતે ય ધર્મ ન કરે, ને બીજાને ય ધર્મ ન કરવા દે. બાકી આ રાજા શ્રેણિક તો સાત્ત્વિક પુરુષ છે. સાત્ત્વિકને વરીને તો આપણે અવસરે ધર્મની જાહોજલાલી કરી શકીએ.

**ચેલ્લણા પણ તૈયાર :-**

બસ, સુજ્યેષ્ઠાના આ સમજાવવા પર તો ચેલ્લણા ય શ્રેણિક પ્રત્યે આકર્ષાઈ ગઈ. એમાં વળી એને મોટી બેન સુજ્યેષ્ઠાની લાયકી સદ્ગુણો તથા લોહીના સંબંધથી ભારે પ્રેમ હતો, એટલે કહે છે, 'બેન ! એમ છે તો હું પણ તારી સાથે જ ચાલીશ. તારો પતિ એ મારો પતિ.

સુજ્યેષ્ઠા કહે, 'એમ ? બરાબર સમજીને બોલે છે ?

'હા હા વળી મશ્કરી થોડી જ કરું છું ? સમજીને બોલું છું.'

સુજ્યેષ્ઠા કહે તો તો એકથી બે ભલા. અરસપરસને ધર્મ સાધવામાં સહારો રહેશે ને આપત્તિમાં હુંફ રહેશે.'

થયું ચેલ્લણા પણ તૈયાર થઈ ગઈ. મુકરર કરેલા દિવસે અને સમયે બંને જણ નગરની બહાર નિશાનવાળા સ્થાને જઈને ઊભી. એમાં હવે જુઓ,ભવિતવ્યતા શું કામ કરે છે ? બંને માટે હોં, સુજ્યેષ્ઠા માટે, અને આપણી વાત ચાલે છે એ સુલસાના ૩૨ પુત્રો માટે પણ ભવિતવ્યતાનો ચમકારો જોવા જેવો છે.

સુજ્યેષ્ઠા અને ચેલ્લણા બંને જઈને નગર બહાર ઊભા તો ખરા, પરંતુ ત્યાં શ્રેણિક હજી આવેલ નથી, એમાં સુજ્યેષ્ઠાને પોતાના હીરા માણેકના દાગીનાનો ડબો યાદ આવ્યો. ચેલ્લણાને એ કહે 'બેન ! તું અહીં ઊભી રહે, હું મારો ઘરેણાંનો ડબો ભૂલી ગઈ છું તે હજી રાજા આવ્યા નથી, તો એટલામાં લઈને આવું. ડબો તૈયાર જ કાઢીને મૂક્યો છે તે જલ્દીથી લઈને આવું છું વાર નહિ લાગે. 'કદાચ રાજા સાહેબ આવી જાય તો ક્ષણભર રોકજે હું આ આવી' કહીને એ ગઈ ડબો લેવા.

**સુજ્યેષ્ઠાની જેમ ભવાભિનંદી તુચ્છના લોભમાં ગુમાવે :-**

જુઓ રાધાવેધ જેવો સમય સાધવાનો છે ત્યાં એને ડબો લેવા જવાનું મન થયું. ભલી ભોળીને એ ખબર નથી પડતી કે 'મગધ દેશના જે મહાસમૃદ્ધ રાજાની પ્રિય પટ્ટરાણી બનવાનું મળશે એ રાજા એને ઝવેરાતથી મઢી દેવામાં કમી રાખશે ? એવા રાજાને મહારાણીને આટલું દેવા નહિ મળે ?

સંસારી ભવાભિનંદી જીવ પણ આમ જ ભૂલે છે; તે કંઈક ધર્મસાધના કરીને તુચ્છ ફળ માગે છે, ઇચ્છે છે. ભોલાને એ ખબર નથી પડતી કે જે સમૃદ્ધ ધર્મ સ્વર્ગ-મોક્ષનાં સુખ આપવા સમર્થ છે, એને આવાં તુચ્છ-પૈસા-પ્રતિષ્ઠા વગેરે આપવા નહિ મળે ? પછી એને માગવાનું શું કામ ? પરંતુ અજ્ઞાન અને લોભ દશા એ મંગાવે છે. આમ કાચો સોદો કપાવાથી તુચ્છ ફળના લાભમાં સોદો સમાપ્ત થયે, પરિણામે પેલાં મહાફળ ગુમાવે છે.

**ભવિતવ્યતાનો પ્લોટ કેવો ? :-**

સુજ્યેષ્ઠાને આવું જ બને છે. અજ્ઞાન અને લોભદશાથી તુચ્છ ઘરેણાંનો ડબો લેવા ગઈ, તો એની અપેક્ષાએ મોટા લાભરૂપ મગધદેશના પટ્ટરાણી પદનો લાભ એણે ગુમાવ્યો. અલબત એ આગળ પર જોજો કે એ એને શ્રેષ્ઠ લાભ માટે થાય છે. પરંતુ અત્યારે તો આ લાભ ગુમાવી રહી; કારણ કે એવું થયું કે જેવી એ



ગઈ એટલામાં રાજા શ્રેણિક આવી ચડ્યો. ભવિતવ્યતા કેવી ? ચેલ્લણાને જોતાં, એ સુજ્યેષ્ઠાની બરાબર રૂપાળી, તે એને જ સુજ્યેષ્ઠા સમજી રથમાં લઈ લીધી, ને તરત જ એણે ચેડારાજાના ભયથી રથ પાછો મારી મૂક્યો. આ એટલું બધું ઝડપથી બની ગયું કે ચેલ્લણાને કહેવું છે કે જરાક ઊભા રહો, મારી બેન સુજ્યેષ્ઠા ઘરેણાંનો ડબ્બો લેવા ગઈ છે તે આવે છે,' એ કહેવાને અવસર રહે એટલામાં તો રથ એને લઈને ઉપડી ગયો. પવન વેગી ઘોડા તે રથને પવનની જેમ પૂરપાટ ખેંચી જાય છે.

**ચેલ્લણા કેમ ન બોલી શકી ? :-**

સુરંગ બે રથ ચાલે એટલી પહોળી છે, તે શ્રેણિકના રથની પાછળ સાથે જ આવેલા ક્રમબદ્ધ સુલસાના ૩૨ પુત્રોના રથ. હવે વળી વળીને શ્રેણિકના રથની પાછળ એમજ એકેકની પાછળ બીજો પૂરપાટ દોડે છે. આ ઘોડાઓની ચારે પગે ફટાંગ ફટાંગ દોડનો અને રથનો હલકારો એટલો બધો મોટો છે કે એના અવાજમાં ચેલ્લણા એના કોમળ અવાજથી કહેવા જાય એ રાજાને સંભળાય જ શાનું ? રસ્તા પર પડઘમની સાથે મોટું બેન્ડ વાગતું હોય ત્યાં પાસે જ ઊભા રહીને કોઈને કાંઈ કહો જો, એ બેન્ડના હલકારામાં પેલાને સંભળાય ખરું ? કાનમાં કહેવાય જાઓ તો ય ન સંભળાય. પાસે પડઘમિયા બેન્ડના અવાજથી કાનના પડદા સણસણી ઊઠયા હોય. ચેલ્લણાને કહેવાનું મનમાં જ રહી ગયું.

**કેટલા લોભમાં કેટલું બધું ગુમાવ્યું ? :-**

બોલો સુજ્યેષ્ઠા ડબો લેવા ગઈ છે એનું હવે શું ? હવે રાજા શ્રેણિક એને તેડી જઈ પટ્ટરાણી બનાવનાર મળે ? અલબત જેવો અહીં રથ ઉપડી ગયો એવી એ તરત જ આવી છે, પરંતુ અહીં તો રાજાનો તો શું, પણ બત્રીસેના ય રથ પાછળ પાછળ પવનવેગથી ઊપડી ગયા છે તે એકે ય રથ ત્યાં ઊભેલો કે ઊપડતો જોવા શાનો મળે ? એક ઘરેણાના ડબા જેટલા ઝવેરાતના લોભમાં એના કરતાં કેટલાગુણા ઝવેરાત ભર્યું મહાન સમ્રાટનું પટ્ટરાણીપદ ગુમાવ્યું ? તે ય માત્ર એટલું વિશાળ ઝવેરાત જ નહિ, પણ સાથે મોટી મહેલાત ઠકરાઈ, ઊંચા ભોગ-વિલાસ વગેરે કેટકેટલું ગુમાવ્યું ?

ત્યારે શું નથી લાગતું કે ધર્મ ચૂકીને આ દુનિયાની તુચ્છ લક્ષ્મી-લલના-દુકાન-પરિવારના જ મોહમાં ફસ્યો રહેનાર મહાન સ્વર્ગ મોક્ષના સુખ ગુમાવે છે ? જેમ ત્યાં મગધનરેશના પટ્ટરાણીપદમાં કેટલાય વૈભવ વિલાસ માનપાન વગેરેનાં સુખ ભરેલા છે, એમ અહીં દયા-દાન-શીલ-તપ-દેવગુરુભક્તિ આદિ ધર્મથી મળતી ઊંચી સદ્ગતિમાં કેટલાં સુખ ભરેલા છે ? કહો, પેલા કરતાં ય કેઈગુણાં,

એમાં વળી શુદ્ધ નિરાશંસ ધર્મ સાધનાના ફળમાં તો સાથે ધર્મની ઊંચી લેશ્યા મળે, એટલે આંતર શાંતિનો પાર નહિ. પણ આ ક્યારે મળે ? ધર્મ આવે તો ને ? મોહમૂઢતામાં ધર્મ આવે નહિ; એટલે સુખ મળે નહિ. **વો દિન કબ કે મીયાં કે પાંઉ મેં જૂતી ?**

મિંયાભાઈ બીબી પર ખૂબ ગુસ્સે થયા, તે એને તડકાવે છે, બેઠ બેઠ બોલનેવાલી ! જુતા માર મારકે તેરા સિર તોડ ડાલૂંગા.'ત્યારે બીબી કહે, પહેલે જુતા તો લાઈએ, પીછે સિર ફોડને કી બાત.' તાત્પર્ય મિંયા પાસે જોડા જ નથી, તે શું જોડો લગાવે ?

એટલે કહેવત પડી કે વો દિન કહાં કે મિયાં કે પાંઉમેં જુતી ?' મિયાંની દરિદ્રનારાયણ કંગાળ દશામાં જુતી લાવે ક્યાંથી કે કકળાટિયા બીબીનું શિર ફોડે ?

એમ,

**જીવની તુચ્છ પદાર્થની મોહઘેલછાભરી કંગાળ દશામાં ધર્મ લાવે ક્યાંથી કે એને એના દ્વારા ઊંચી સદ્‌ગતિના સુખ મળે ? અને દુર્ગતિની પાપરાશિનું શિર ફોડે ?**

સમજાય છે કાંઇ ? તુચ્છ લક્ષ્મીના લોભમાં રાતના ધંધો કરી રાત્રિભોજન ત્યાગનો મહાન ધર્મ ચૂકીને કેટલું જોખમ માથે ઊભું કરી રહ્યા છો ?

તુચ્છ આરામીના લોભમાં ફસી જિનપૂજા-ભક્તિનો કેટલો અથાગ સુંદર ધર્મ ચૂકી કેવાં મહાન પુણ્યાનુબંધી પુણ્યની કમાઈ ચૂકો છો ?

તુચ્છ રસના સ્વાદમાં ફસીને અભક્ષ્યભક્ષણ કરી એના ત્યાગનો કેવો અદ્‌ભુત ધર્મ ચૂકી રહ્યા છો ?

તુચ્છ ધનસંગ્રહના લોભમાં પકડાયા અનંત ઉપકારી જિનેન્દ્રદેવની પૂજાભક્તિ તથા ધર્મક્ષેત્રોમાં ખરચવાનું ભૂલી કેટલા અથાગ લાભ ચૂકી રહ્યા છો ?

તુચ્છ વિષયસુખમાં વરસો ગયા છતાં હજીય લંપટ બન્યા રહી કેવા અદ્‌ભુત ફળોથી ભરેલો બ્રહ્મચર્ય ધર્મ ભૂલી રહ્યા છો ?

તુચ્છ આંખને ઠારવામાં છાકટા વેશવાળી પરસ્ત્રીઓનાં અંગોપાંગ જોતા રહી નરકમાં આંખોમાં પરમાધામીના કેટલા ભાલાની ઘેંચાઘોંચ કરી રહ્યા છો ?

તુચ્છ સ્વાર્થના લોભમાં સગાભાઈ જેવાનાં ય દુઃખ જોતા રહી એની સેવા અને બીજા પરમાર્થ પરોપકારના કેવા મહાફળદાયી ધર્મને ચૂકી રહ્યા છો ? બૈરીને તુચ્છ રાજીપો કરવામાં સગા માબાપની સેવા ચૂકી કૃતજ્ઞતાનો કેવો મહાન પાયારૂપ ધર્મનો ભંગ કરી રહ્યા છો ?

તુચ્છ પૈસાની મમતામાં છળ-કપટ, અને ઘરાક વગેરેનો દ્રોહ કરી જન્મોજન્મ



ઊજાળે એવા ન્યાય નીતિ પ્રામાણિકતા કેટલા સુંદર ધર્મને ચૂકી રહ્યા છો ?

આ બધું સમજાય છે ? સુજ્યેષ્ઠાનો ઘરેણાના ડબાનો લોભ જે ખોટ ઊભી કરનારો બન્યો એના પરથી વિચાર કરો તો સમજાય એવું છે.

**આંખ મીંચી દેવા માત્રથી પરલોક રદ નહિ થાય, પરલોકનાં કારમા દુઃખથી બચવાનું નહિ મળે.**

બિલાડી પારેવા પર તરાપ મારે ત્યારે પારેવાં આંખ મીંચી દે છે; કસાઈના ટેબલ પર ઘેટું પટકાય ત્યારે એ ઘેટું આંખ મીંચી દે છે; પણ તેથી બંનેયને ફેદાઈ રેંસાઈ જવાનું દુઃખ અટકે ? એમ ઘેટા-પારેવાની જેમ પાપમાં આંખ મીંચી રક્ત રહો તેથી પરલોકનાં ભયંકર ત્રાસ રિબામણ અટકે ખરા ? નજર સામે શિકારી પારધી માછીમાર કસાઈ માંસાહારી વગેરેના હાથે ચડેલા હરણ-સસલા-પંખેરા-માછલા-બકરાં-પાડાં-મરઘા આદિના ત્રાસ જુઓ છો ને ? ડી.ડી.ટી. છાંટનારના હાથે રીબાઈ રીબાઈને મરતા મચ્છર-માખી માંકણ-કીડા-કીડી વગેરેની વેદના દેખાય છે ને ? શાથી એ ? કહો, પૂર્વજનમમાં એ જીવોએ પાપમાં પરલોક સામે આંખ મીંચીને એવાં ડી.ડી.ટી. યા મહાહિંસાજન્ય વસ્તુઓ વાપરવી છે, ને સુખ શાંતિ અનુભવવી છે તો એવો પરલોક રદ થશે ?

**સુજ્યેષ્ઠાની બૂમરાડ :-**

સુજ્યેષ્ઠા આવીને જુએ છે તો રથ ઊપડી ગયો છે. એને લાગ્યું કે ચેલ્લણાને એકલીને લઈને શ્રેણિક રાજા ચાલી ગયો છે, તો હવે પિતાજી કદાચ જડતી લે કે ચેલ્લણા ક્યાં ગઈ, તો શો જવાબ દેવો ? આવો એને ભય લાગવાથી યા શ્રેણિકનો વિશ્વાસઘાત લાગવાથી કે ચેલ્લણા પ્રત્યે રોષ થવાથી; ગમે તેમ પણ ત્યાં જ એણે બૂમરાડ કરી મૂકી કે દોડો દોડો ચેલ્લણાને કોઈક ઉઠાવી જાય છે. એને એમ પણ લાગ્યું હોય કે ચેલ્લણા મને મૂકીને એકલી જાય નહિ, તેમ એ રાજાને કહ્યા વિના રહી ન હોય કે બહેન આવે છે, છતાં રાજા એને પરાણે એકલીને ઊપાડીને લઈ ગયો. તો ચેલ્લણા હવે મારા વિના એકલી કેમ રહી શકશે ? એનું દિલ ભારે દુભાતું હશે.' આવું ય લાગે એટલે સહેજે એને પાછી વાળવાનું મન થાય.

**ચેડા રાજા દોડે છે :-**

ગમે તે, પણ સુજ્યેષ્ઠાએ ચેલ્લણાને કોઈક ઉપાડી જવાની બૂમરાડ કરી મૂકી એટલે સિપાઈઓ તો દોડ્યા પણ ખુદ ચેડા મહારાજા ય દોડતા આવ્યા, અને સુરંગમાં પૂંઠે પડવા જાય છે ત્યાં એમનો ખાસ શબ્દવેધી મહારથી માણસ કહે મહારાજા ! આપ ખમો હું જ જાઉં છું.' એ રથમાં પૂરપાટ ઉપડ્યો. કાંઈક નજીક થતાં એણે બાણ માર્યું.

**સુલસાના ૩૨ પુત્ર મરે છે :-**

બસ ખલાસ, છેલ્લા રથમાં બેઠેલો સુલસાનો પુત્ર ઘવાયો, મર્યો, ને એના મરતાની સાથે બાકીના એકત્રીસે ય પુત્રો ત્યાં જ મડદુ થઈને ઢળી પડ્યા. હવે પેલો મહારથી ધીરેધીરે બત્રીસે રથ વટાવી આગલ જાય તે પહેલાં તો રાજા શ્રેણિક સુરંગની બહાર નીકળી પોતાની હદમાં દાખલ થઈ ગયો. મહારથી પાછો વળ્યો. હવે ચેલ્લણાને, શ્રેણિક કહે છે,-

'સુજ્યેષ્ઠા ! હવે ગભરાઈશ ના, આપણી હદમાં આવી ગયા છીએ.'

ચેલ્લણા કહે, 'હું સુજ્યેષ્ઠા નહિ, પણ સુજ્યેષ્ઠાની નાની બેન ચેલ્લણા છું. એમ બંને બેનો આપને વરવા સુરંગના નાકે આવેલી, પણ સુજ્યેષ્ઠા ઝવેરાતનો ડબો ભૂલી ગયેલી તે લેવા ગઈ એટલામાં તો તમે આવી મને એકલીને ઉપાડી ચાલ્યા, તે એ બિચારી રહી ગઈ.'

શ્રેણિક કહે 'એમ ? ખેર બન્યું તે બન્યું, હવે મારે તો તું જ સુજ્યેષ્ઠા.' બસ, ચેલ્લણાને લઈ જઈ પરણ્યો, એને પટ્ટરાણી બનાવી, અહીં

**કર્મ પુરુષાર્થ અને ભવિતવ્યતાનો વિવેક**

ચેલ્લણાને આ પટ્ટરાણીપદ મળ્યું એ પોતાના પુણ્યથી અને કાંઈક પોતાના પુરુષાર્થથી. પુરુષાર્થ ન હોત તો ઘરે બેસી રહી હોત, પુણ્ય ન હોત તો શ્રેણિક આવ્યો ન હોત, યા વહેલો મોડો પડ્યો હોત. કે પોતે જ વહેલી મોડી પડત. સુજ્યેષ્ઠા એ પુણ્ય નહિ તેથી પુરુષાર્થ છતાં આ પટ્ટરાણી પદ અને મનગમતો પતિ ન મળ્યો. મયણાસુંદરીનું પુણ્ય હતું તો પુરુષાર્થ સિદ્ધાન્ત રક્ષાનો હતો અને એમાં કોઢિયારૂપે શ્રીપાળ પતિ મળ્યો. સુરસુંદરીનું પુણ્ય નહિ, તેથી પુરુષાર્થ છતાંએ પતિ ન મળ્યો.

હવે ભવિતવ્યતાનો ઘાટ જોઈએ, તો કેવો કે સુજ્યેષ્ઠા તરફ રાજા શ્રેણિક જ આકર્ષાય, ને સુજ્યેષ્ઠા ચેલ્લણાને વાત કરે, એ પરિસ્થિતમાં જ ચેલ્લણાને આ પુરુષાર્થ અને પુણ્યોદય બની આવે એ ચોક્કસ અમુક પ્રકારની પરિસ્થિતિ કોણે સરજી ? ભવિતવ્યતાએ. પુરુષાર્થ સ્વતંત્ર કામ કરે, ચેલ્લણાને કરવો હોય તો જ થાય, ન કરવો હોય તો ન થાય. એમ પુણ્ય સ્વતંત્ર વસ્તુ, પહેલેથી પડેલું છે. એ ન હોય તો ઉદય ન થાય. છતાં પુરુષાર્થ પુણ્યોદય બંનેને થવા માટે અમુક જ પ્રકારની પરિસ્થિતિ બની આવી એ ભવિતવ્યતાને લીધે.

એમ, સુજ્યેષ્ઠાને ઠેઠ સુધી ઘાટ બની આવ્યો અને એક ડાબડો લેવા જાય એમાં શ્રેણિક આવીને ચેલ્લણાને લઈને ચાલ્યો જાય ત્યાં સુજ્યેષ્ઠાને અંતરાય કર્મ ઉદયમાં આવે એ ઉદયની પૂર્વ ભૂમિકામાં છેવટના સમયે જ આવી ડાબડો લેવા



જવાની ભૂલની અમુક જ પ્રકારની પરિસ્થિતિ સરજાણી, તે ભવિતવ્યતાના લીધે.

એમ, સુલસાના ૩૨ પુત્રોને મૃત્યુની અશાતા આવીને ઊભી તે તો પોતાના કર્મના હિસાબે; પરંતુ આવા અમુક પ્રકારના સંયોગોમાં કે સુજ્યેષ્ઠા પાછળથી કોલાહલ કરી મૂકે, અને ઝટપટ મહારથી પૂંઠે લાગી બાણ છોડે- આવા સંયોગોમાં મૃત્યુની અશાતાનું કર્મ ઉદયમાં આવે, એ સંયોગો કોણે બનાવ્યા ? ભવિતવ્યતાએ,

આમ ત્રણેયના પુરુષાર્થ અને કર્મ સ્વતંત્ર, એ કાંઈ ભવિતવ્યતાએ નહિ સરજેલા; ભવિતવ્યતાએ તો માત્ર અમુક પ્રકારની પરિસ્થિતિ સરજી દીધી, પછી એ બંનેએ પોતે સ્વતંત્ર કામ કર્યું. ભવિતવ્યતા કર્મફળને કે પુરુષાર્થને સરજતી નથી, પરંતુ જીવ કર્માનુસાર જેવો ઉદય ભોગવે, યા સ્વેચ્છાએ જેવો સત્ અસત્ પુરુષાર્થ કરે, એને નિયત યાને ચોક્કસ પ્રકારના સંયોગ મેળવી આપે છે, તેમજ ક્યારેક એવાં વિચિત્ર કાર્ય કરે છે, એટલું જ એમ ભવિતવ્યતા કર્મને ય સરજતી નથી; પરંતુ જીવ સ્વાધીન પુરુષાર્થથી જેવાં કર્મ સરજે, તેમાં અમુક જ પ્રકારના નિમિત્ત યા સંયોગ બનાવી આપે છે.

**ભવિતવ્યતાનું ક્યાં ક્યાં સ્થાન નથી ? :-**

ત્યારે જુઓ કે કર્મ બંધાવામાં કારણ તરીકે શ્રી **તત્ત્વાર્થ મહાશાસ્ત્રે** મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ, એ પાંચ કારણ બતાવ્યા; અને એમાંના પ્રમાદનો બાકીના ચારમાં સમાવેશ ગણી **કર્મગ્રંથ શાસ્ત્રે** કર્મબંધના મિથ્યાત્વાદિ ચાર કારણ બતાવ્યા; તો યોગ શાસ્ત્રે કષાય અને યોગ એ બેજ કારણ બતાવી મિથ્યાત્વ અને અવિરતિનો એમાં જ સમાવેશ ગણ્યો, પરંતુ આ એકેય શાસ્ત્રે ક્યાંય એમ ન કહ્યું કે, જેવી ભવિતવ્યતા હોય એવાં કર્મ બંધાય. એવાં કર્મ ઊભા થાય, ત્યારે કર્મના ઉદય યાને ફળ માટે પણ એમ ન કહ્યું કે જેવી ભવિતવ્યતા હોય તેવો કર્મનો ફલભોગ થાય. એના માટે પણ એમ કહ્યું, કર્મની સ્થિતિ પાકે એટલે કર્મ ઉદયમાં આવે સાથે,

**(કર્મપ્રકૃતિ શાસ્ત્રે)** એમ પણ કહ્યું કે જીવના શુભ-અશુભ અધ્યવસાય યાને રાગાદિ સંકલેશ કે વિશુદ્ધિ એટલે કે સંક્લિષ્ટ અધ્યવસાય, અને એ રાગાદિને દબાવવા રૂપ વિશુદ્ધિ અર્થાત વિશુદ્ધ અધ્યવસાયને અનુસારે કર્મોમાં સંક્રમણ ઉદ્વર્તના અપવર્તના ઉદીરણા ઉપશમના વગેરે થાય. આમાં પણ ક્યાંય એમ ન કહ્યું કે, જેવી ભવિતવ્યતા હોય એ પ્રમાણે કર્મોનાં સંક્રમણ ઉદ્વર્તના ઉદીરણા વગેરે થાય.

**શ્રી પન્નવણા સૂત્રે** કહ્યું કર્મના ઉદય બે પ્રકારે (૧) એક સનિમિત્તક, અને (૨) બીજા અનિમિત્તક. આમાં 'સનિમિત્તક,' એટલે નિમિત્ત સેવો તો કર્મ ઉદય વિપાક ફળભોગ દેખાડે એ. દા.ત. મહેનત કરીને ગોખ્યું તો એમાં તો એટલા

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી જ્ઞાન પ્રગટ્યું. પણ હવે જો એ ભણેલા વિષયનું પુનરાવર્તન ન કર્યું એને સંભાળવામાં પ્રમાદસેવનનું નિમિત્ત આપ્યું. તો જ્ઞાનાવરણકર્મ ઉદયમાં આવે અને ફળ દેખાડવા રૂપે ભણેલું ભૂલાવી દે.

એમ, મીઠાઈ વધુ પડતી ખાઈ નાખવાનું નિમિત્ત અપાય તો અશાતા વેદનીય કર્મ ઉદય દેખાડી અશાતાનો પીડાનો અનુભવ કરાવે. એ નિમિત્તને ન સેવો એને ઉનોદરી રાખો તો વધુ ખાવા નિમિત્તની અશાતા ન આવે.

એવી રીતે બજારમાં દિવાળી જોવા જવાનું કે પિક્ચર જોવા જવાનું નિમિત્ત સેવો, તો મોહનીય કર્મ ઉદયમાં આવી ફળમાં રાગ દ્વેષ દેખાડે પણ જો એવું નિમિત્ત ન સેવો તો નહિ. બેના ઝગડામાં માથું મારો, જોવા ઊભા રહો તો રાગદ્વેષ થાય, જોયા વિના ચાલ્યા જાઓ તો કાંઈ નહિ.

**કર્મ ઉદય ભવિતવ્યતાથી નહિ :-**

આમ, ભવિતવ્યતા પર ન છોડ્યું કે, જેવી ભવિતવ્યતા હોય એ પ્રમાણે કર્મ ઉદયમાં આવે અને ફળભોગ થાય. ના, એ તો નિમિત્ત સેવવા પર છોડ્યું કે **જેવું નિમિત્ત સેવો એ પ્રમાણે એ સનિમિત્તક ઉદયવાળાં કર્મ ઉદય દેખાડે.** સ્ત્રીના અંગોપાંગનાં કે વિવિધ કામ ક્રીડાના વિચારમાં ચડો તો એ નિમિત્ત સેવ્યું કહેવાય. એથી વેદ મોહનીય કર્મ ઉદયમાં આવે અને કામવાસનાને ઉત્તેજિત કરે, એના બદલે અરિહંત ભગવાનના ચોત્રીસ અતિશય, પાંત્રીસ વાણી ગુણ, એમણે કરેલ અઢાર દોષોનો નાશ સમક્તિના ૬૭ વ્યવહાર વગેરેનો કે કોઈ તીર્થયાત્રા યા મહાપુરુષનાં ઉત્તમ જીવન પ્રસંગોની વિચારણા કરો, તો વેદમોહનીય કર્મ ઉદય ન દેખાડે, વાસના ન ઉત્તેજિત થાય; વાસના ઊઠી હોય એ પણ શાંત થઈ જાય. આમાં પણ ભવિતવ્યતા હોય એમ બને એવું ન રહ્યું, આ સનિમિત્તક કર્મોદયની વાત થઈ.

(૨) બીજી જાતનાં કર્મ અનિમિત્તક ઉદયવાળા, એટલે કે નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના ઉદયમાં આવનારા દા.ત. આરોગ્યના નિયમથી જીવન જીવવા છતાં કોઈ એવો રોગ થઈ આવ્યો, યા સુશીલ વર્તન છતાં અપયશ આવ્યો, દા.ત. સીતા ઉત્તમ પવિત્ર જીવન જીવતી હતી અને અપયશનામકર્મનો ઉદય આવ્યો, અથવા શ્રી મહાવીર પ્રભુને છેલ્લા ભવે નીચગોત્રકર્મ ઉદયમાં આવ્યું, આ અનિમિત્તક કર્મોદય. ત્યાં પ્રભુને દેવાનંદાની કુક્ષિમાં જવું પડ્યું, કે સીતાને કલંક અપયશ વહોરવો પડ્યો. એમાં ભવિતવ્યતા કારણભૂત ન કહી પણ એમના કર્મના ઉદયને કારણ તરીકે બતાવ્યું. પ્રભુ કેમ દેવાનંદાની કુક્ષિમાં જન્મ્યા ? તો એમ ન કહ્યું કે 'જેવી ભવિતવ્યતા હોય એવું બને, માટે ભવિતવ્યતાએ એમ બન્યું.' આવું ન કહેતાં એ જ કહ્યું કે પ્રભુને મરીચિના ભવે બંધાયેલ નીચગોત્ર કર્મ કાંઈક ભોગવવાનું



બાકી રહી ગયેલું તે ઉદયમાં આવવાથી ત્યાં જનમવું પડ્યું.

આમ, કર્મ બંધાવામાં મિથ્યાત્વાદિના અસત્પુરુષાર્થને જવાબદાર કહ્યા અને વિવિધ ફળભોગમાં કર્મના ઉદયને જવાબદાર કહ્યા; પણ ભવિતવ્યતાને જવાબદાર ન કહી. આ સમજ્યા વિના બધું ભવિતવ્યતાથી જ થવાનું કહે એ કેવી અજ્ઞાન દશા !

**રાગદ્વેષ વગેરે કેમ થયા કરે છે ?** ભવિતવ્યતા એવી છે માટે નહિ પરંતુ એવાં અયોગ્ય દર્શન, અયોગ્ય શ્રવણ, અયોગ્ય સ્મરણ, વિચારણા, અનુચિત વાંચન અભક્ષ્ય ભોજન, રસમય ખાનપાન, સુંવાળા સ્પર્શ વગેરે નિમિત્ત સેવો છો માટે સનિમિત્તક કર્મોદય થઈ રાગાદિ ભાવ કરાવે છે. એ સેવવાં બંધ કરો, પછી જુઓ કે, રાગાદિમાં કેટલો બધો હ્રાસ થઈ જાય છે ! મારી ભવિતવ્યતા એવી કે મને બહુ રાગ દ્વેષ, કામ ક્રોધ, લોભ થઈ આવે છે. આવો અજ્ઞાન બચાવ કર્યે શું વળશે ? જેનું જે ખરેખર કારણ હોય તે તપાસવું જોઈએ, અને એને દૂર કરાય તો એ કાર્ય અટકે. ઘણાં આવાં રાગ મોહનીય કર્મ દ્વેષમોહનીય કર્મ, વેદમોહનીયકર્મ સનિમિત્તક ઉદયવાળા હોય છે, એને ઉદયમાં આવવાનાં નિમિત્ત ન સેવો તો એવા રાગ-દ્વેષ-કામના ફળભોગ ન આવે. તો એ સ્થિતિ પાકેલા કર્મોનું શું થાય ? એ કર્મો એમ જ ફળભોગ વિના પ્રદેશોદયથી ચાલ્યા જાય, ક્ષય પામી જાય, ક્ષય પામી જાય, બીજા મૃદુ કર્મમાં ભળી એના ભેગા ભોગવાઈ જાય પોતાનું વિશિષ્ટ ફળ ન દેખાડે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૦,અંક-૪૨,તા.૮-૭-૧૯૭૨**

હવે જો ભવિતવ્યતામાં લખ્યું હોય એમ થાય એવો નિર્ણય બાંધી અસત્ નિમિત્ત સેવ્યા કરે, તો કે દિ' ઊંચો આવે ? એનાથી તો રાગ દ્વેષ વગેરે મલિન ભાવો થયા કરવાના, ને એથી ફરી નવાં રાગાદિમોહનીય કર્મ ઊભાં થવાનાં. એ વળી આગળ ઉપર પોતાના ભાવ દેખાડ્યા કરશે...એમ સંસારધારા અસ્ખલિત ચાલ્યા કરવાની, લ્યો, ભવિતવ્યતા પરખોટો આધાર રાખ્યે શો સાર કાઢ્યો ? એના બદલે જો નિમિત્ત અને સનિમિત્તક કર્મોદયનો કાર્યકારણ ભાવ સમજી અસત્નિમિત્ત સેવવાનું બંધ કરે, ઓછું કરી નાખે. તો રાગાદિ ભાવ અટકવાથી કેટલો બધો બચી જાય ? કેવોક ઊંચો આવે ?

**કર્મબંધ-કર્મોદય અને પુરુષાર્થમાં ભવિતવ્યતા કારણ નહિ :-**

શાસ્ત્રે (૧) કર્મબંધના કારણ તરીકે મિથ્યાત્વાદિને કહ્યા પણ ભવિતવ્યતાને

ન કહી, એમ (૨) સનિમિત્તક કર્મના ઉદયમાં પણ એને કારણભૂત ન ગણાવી; એજ સૂચવે છે કે 'કર્મબંધ ઉદય જેવી ભવિતવ્યતા તેવા થાય' એવું નથી. ત્યારે પુરુષાર્થમાં પણ એને કારણભૂત ન ગણી. એમ ન કહ્યું કે જેવી ભવિતવ્યતા હોય તેવો પુરુષાર્થ થાય એવું નથી. કેમકે શાસ્ત્રોમાં ઠામ ઠામ ઠમઠોક સત્પુરુષાર્થ કરવાનું અને અસત્પુરુષાર્થ બંધ કરવાનું કહ્યું એ કેમ કહ્યું ? એટલા જ માટે કે જીવો આ ઉપદેશ સાંભળી મન પર લે કે આ આ કર્તવ્ય,...આ આ ત્યાજ્ય;' ને પછી એને છાજતો પ્રવૃત્તિ, નિવૃત્તિનો પુરુષાર્થ કરે. જો ભવિતવ્યતા જ પુરુષાર્થ કરાવતી હોય તો પ્રભુને આ ઉપદેશ કરવાનો કશો અર્થ જ ન રહે; તેમજ જીવ અસત્માર્ગમાંથી નીકળી સન્માર્ગ સત્પુરુષાર્થમાં આવવા સ્વતંત્ર જ ન રહે. ભવિતવ્યતા જ બધું કરી લેતી હોય પછી શાસ્ત્રની ય શી જરૂર ? અને પ્રભુને શાસન સ્થાપવાની ય શી જરૂર ? તેમ જીવને સાધવાનું વિચારવાની ય શી શી જરૂર ?

**પ્ર.**- શાસ્ત્રની એટલા માટે જરૂર કે પુરુષાર્થ કઈ વિધિએ કરવો એની ખબર પડે ને ?

**ઉ.**- ના, શાસ્ત્ર તો નીચેથી ઊંચી કક્ષા સુધીના ધર્મપુરુષાર્થની જુદી જુદી વિધિ બતાવે છે, એમાંથી કઈ વિધી લેશો ? કેમકે ભવિતવ્યતાની ખબર નથી કે એ કઈ કક્ષાનો પુરુષાર્થ આપે છે, ને એ ખબર વિના કઈ ચોક્કસ વિધિ કામે લગાડાય ?

**પ્ર.**- પોતાની શક્તિ માપીને એના પર પુરુષાર્થની કક્ષા નક્કી કરી એની વિધિ શાસ્ત્રથી લેવાય ને ?

**ઉ.**- તો છેવટે ભવિતવ્યતામાંથી જીવન શક્તિ ઉપર આવવું પડ્યું ને ? ભવિતવ્યતા માપીને એમ કહ્યું ત્યાં કોને ખબર ભવિતવ્યતાની ગણતરી જુદી જ હોય તો ? સારાંશ બધું ભવિતવ્યતા પર છોડવા જતાં શાસ્ત્ર નિરુપયોગી ઠરશે ! અગર શાસ્ત્રની જરૂર લાગે છે, તો શાસ્ત્રો તો ઠામ ઠામ યથાશક્તિ પ્રયત્ન કરવાનું કહે છે, પણ નહિ કે યથાભવિતવ્યતા. આનું રહસ્ય આ જ, કે

**(૧) જીવ કાર્ય માટે પોતાની શક્તિ માપી શકે છે; ભવિતવ્યતા ન માપી શકે; તેમજ**

**(૨) શક્તિ માપીને પુરુષાર્થ કરવામાં જીવ સ્વતંત્ર છે, પણ ભવિતવ્યતાનો દબાયેલો નથી.**

ત્યારે શાસ્ત્રને જો સત્ય માની એણે કહેલી વિધિ આદરવી છે, તો તો પછી શાસ્ત્ર જ ભવિતવ્યતા જોવા ન બેસતાં શક્તિ જોઈ સત્પુરુષાર્થ કરવાનું કહે છે તો એ કથન કેમ માન્ય નથી ?



**અનંતા તીર્થંકર ભગવાન આટલા માટે જ શાસન સ્થાપતા આવ્યા કે જીવો ભવિતવ્યતા ન જુએ પણ સ્વયં અસત્ પુરુષાર્થને બંધ કરે અને સત્ પુરુષાર્થ આદરે.**

જો પુરુષાર્થ પર ભવિતવ્યતાનું જ તંત્ર હોય તો ભવિતવ્યતાની ઉપર તો કોઈનું ય શાસનનું તંત્ર ચાલે નહિ, ભવિતવ્યતામાં કોઈની ય દખલ નભે નહિ, પછી શાસનનું શું ઊપજે ? ત્યારે ભવિતવ્યતા આગળ એવા નિર્બળ શાસનની અકિંચિત્કર શાસનની સ્થાપના કરનાર ભગવાન જ્ઞાની ઠરે ?

આ બધું કહેવાનો સાર આ છે કે જેમ જીવનાં કર્મ સ્વતંત્ર, એ કર્મ કાંઈ ભવિતવ્યતાએ સર્જેલા નહિ, પણ પોતાના કારણોએ ઊભા થયેલાં; એમ પુરુષાર્થ પણ સ્વતંત્ર, એ પુરુષાર્થને કાંઈ ભવિતવ્યતા ઊભો ન કરે; એ તો જીવનું જ્ઞાન, ગરજ, ઇચ્છા વગેરેથી ઊભો થાય. માટે આ સમજો કે સત્પુરુષાર્થ ધારશો તો કરી શકશો. એ કરી લેવા માટે જ આ માનવભવની મોટી કિંમત છે, વિશેષતા છે. ભવિતવ્યતા પર બધું ઢોળશો તો ઠગાશો.

**ભવિતવ્યતા શું કરે છે ? :-**

**પ્ર.**- તો શું ભવિતવ્યતા કશું કરતી નથી ?

**ઉ.**- કરે છે, ભવિતવ્યતા અમુક ચોક્કસ પ્રકારના સંયોગ પરિસ્થિતિ સરજે છે, દા.ત. પુણ્ય હોય એટલે સારા કુળમાં જન્મ મળે એટલું જ, પરંતુ તે સારા અમુક જ માતા પિતાને ત્યાં જન્મ પમાડવાનું કોણ કરે ? એ ભવિતવ્યતા કરી આપે છે. અગ્નિશર્માના જીવને પછીના ભવોમાં પુણ્યયોગે સારા કુળમાં જનમ મળે છે, પરંતુ સમરાદિત્યના જીવના સંબંધમાં આવે એવા જ કુળમાં જન્મ કેમ થાય છે ? કહો ભવિતવ્યતના યોગે. એમ પાપના યોગે દુર્જનનો સંપર્ક મળે, પરંતુ સમરાદિત્યને અગ્નિશર્માના જીવનો જ સંયોગ કોણ કરાવી આપે છે ? એ જ ભવિતવ્યતા એ કરાવી આપે છે, બસ, ભવિતવ્યતાના યોગે ભવે ભવે એ બે અધમ અને ઉત્તમ જીવોનો જ સંબંધ બની આવે છે. .

એમ, રાજા શ્રેણિકને સારી રાણી મળવાનું પુણ્ય હતું તો પછી એ ચાહ્ય સુજ્યેષ્ઠા મળો કે ચેલ્લણા મળો, સરખું જ છે. પરંતુ એણે ધારેલી સુજ્યેષ્ઠા; યત્ન એના માટે; પણ મળી ચેલ્લણા; એમાં કહેવાય કે ભવિતવ્યતા કામ કરી ગઈ. એમ ચેલ્લણાને સારો પતિ મળવાનું પુણ્ય હતું તો એ કર્મ તો ગમે તે સારો પતિ મેળવી આપીને ચરિતાર્થ થઈ જાય, પરંતુ સુજ્યેષ્ઠાના પ્રયત્ન પોતાને શ્રેણિક મળે એ માટેના છતાં ચેલ્લણાને શ્રેણિક પતિ મળ્યો એમાં પ્રભાવ ભવિતવ્યતાનો.

એમ, સુલસાના ૩૨ પુત્રોને સારી આજીવિકા મળવાનું પુણ્ય હતું. તો એ

ગમે ત્યાંથી મળી રહેત, પરંતુ શ્રેણિકને ત્યાં જ એ મળવાનો યોગ બન્યો તે ભવિતવ્યતાથી. એજ ભવિતવ્યતાએ એવો ઘાટ ઘડ્યો કે સુજ્યેષ્ઠાને લેવા જનાર શ્રેણિકના બચાવ માટે આ બત્રીસને જ જવાનું થયું, ને એમાં એમનું મૃત્યુ થયું મોતની અશાતા તો અશુભ કર્મના પ્રભાવે આવી, પણ એ બીજા સંયોગમાં નહિ, ને આ સંયોગમાં જ આવી એ ભવિતવ્યતા યોગે.

**સુજ્યેષ્ઠાએ શું કર્યું ? :-**

થયું ? સુજ્યેષ્ઠા બધી તૈયારી છતાં શ્રેણિકથી લઈ જવાયા વિના ઘરે રહી ગઈ. તો હવે એને બીજો પતિ કરવા લાલસા છે ? ના, એ ધરાઈ ગઈ, પરણવાની અને સંસારસુખની લાલસા જ મૂકી દીધી. સવાલ થાય કે કેમ મૂકી દીધી ? શ્રેણિકનું ચિત્ર જોઈને અને શ્રેણિકની સાત્ત્વિકતા જાણીને કામવિહ્વળ તો થઈ જ હતી માટે તો એને પરણવા ગુપ્તેગો ઊભી કરી હતી ? તો એ મોહનાં કર્મ અને કામવાસના ક્યાં ગયા ?' કહો, વૈરાગ્યથી એને દબાવી દીધા. કર્મ દબે ? વાસના દબાય ? હા, વૈરાગ્ય સતેજ કરવાથી દબે; પ્રબળ વૈરાગ્યથી દબાય.

**કર્મ નડતા હોય તો વ્રત લેવાય ? :-**

એટલે જેને એમ લાગે છે કે ગઈકાલ સુધી તો મને વાસના સતાવતી હતી, એટલે મારાં કર્મ જ એવાં છે; પછી આજે ગુરુ-ઉપદેશ ભલે સારો લાગે છે, પણ આજે જ વ્રત કેમ લેવાય ?' આવું જેને લાગે છે એ અજ્ઞાન છે. એ આ સમજતા નથી કે **વૈરાગ્ય સતેજ કરવાથી વાસના ય દબાય અને કર્મ પણ દબાય.**

માટે તો પૂર્વના મહાપુરુષોએ પ્રભુનો કે જ્ઞાની મહાત્માનો હમણાં ઉપદેશ સાંભળ્યો ને હમણાં ચારિત્ર લેવા તૈયાર થઈ ગયા. કારણ ? વૈરાગ્ય સતેજ થઈ ગયો.

જંબૂકુમારે આઠ અપ્સરા જેવી કન્યાઓ સાથે સગાઈ કરવામાં સંમતિ આપી હતી એટલે મોહનીય કર્મ અને વાસના તો ખરી જ ને ? પરંતુ સુધર્માગણધર મહારાજની એક જ દેશના સાંભળી વૈરાગ્ય સતેજ જાગી ગયો તો ત્યાં જ જીવનભરનું બ્રહ્મચર્ય લઈ પછી જ ઘરે ગયા.

**પ્ર.**- તે એમને તો તરત ચારિત્ર લેવું હતું એટલે વ્રત લઈ શકે ને ?

**ઉ.**- પરંતુ એમને માતાપિતાના આગ્રહે પરણવુ પડ્યું અને આઠે ય રૂપરંગથી છલબલતી ગોરી ગુલાબી સુંદરીઓ સામે આવીને ઊભી ત્યાં કર્મ અને વાસના જોર ન કરી જાય ? મનને એમ ન થાય કે, આ રૂપાળાં બદન વદન જોતાં બ્રહ્મચર્ય કયાં પળે ? પણ ના, એમણે વૈરાગ્ય એટલો બધો જ્વલંત રાખ્યો હતો કે આ ગોરાં શરીરને મોઢાં કૂચા લાગે છે, રેશમી થેલીઓ પણ વિષ્ટા ભરેલી દેખાય છે. આઠના



મીઠા બોલ અને હાવભાવ એ દારૂ પીધેલાના બકવાદ તથા ચાળા લાગે છે. પછી કર્મ અને વાસનાની શી મજાલ કે એ જોર કરી જાય ? મૂળમાં વૈરાગ્યનો પુરુષાર્થ ભારી.

ત્યારે તમે અલબેલીની સુંવાળી કાયા રૂપાળું મોઢું અને મીઠા બોલ જોઈ એમાં લેવાઈ જાઓ છો, એટલે એમ લાગ્યા કરે છે કે આપણાં ભોગાવલિ કર્મ બળવાન એટલે વ્રત શી રીતે લેવાય ? બ્રહ્મચર્ય કેમ પળે ? ખરું જોતાં જ્વલંત વૈરાગ્યનો ધરખમ પુરુષાર્થ જ કયાં છે ? એ કરવા જેવો પણ ક્યાં લાગે છે ? નહિતર અમારા વ્રતના ઉપદેશની સામે હિંમતથી પણ સાહેબ ! મોહનીય કર્મ બળવાન હોય ત્યાં શું થાય ? એવાં બાણ ઠોકો ખરા ? કે ઉપદેશ સાંભળીને જાતની પશુ ગદ્ધા કૂતરા જેવી કંગાળ દશા પર રોવું ન આવે ? વૈરાગ્યનો પુરુષાર્થ ન કરવાની ધિક્કાઈ પર તિરસ્કાર ન છૂટે ? કર્મ અને વાસનાનો વાંક માનશો નહિ, વાંક વૈરાગ્યનો પુરુષાર્થ નહિ, એનો માનજો.

**પુરુષાર્થથી વૈરાગ્ય ઝળહળાવીને અનંતા આત્માઓએ કર્મ અને વાસનાને કચડી નાખ્યા, ચારિત્ર અને બ્રહ્મચર્ય પાળીને મોક્ષે સિધાવી ગયા. તમે શું કામ બાદ રહી જાઓ ?**

તમારા આત્મામાં ય અનંત પુરુષાર્થ શક્તિ ભરેલી છે, એને બહાર કાઢો, અને પહેલા નંબરમાં દિલ વૈરાગ્ય ઝળહળાવવામાં એનો ઉપયોગ કરો.

**વૈરાગ્ય વિનાના દાનાદિમાં અનર્થ :-**

સમજી રાખો,- વૈરાગ્યના પુરુષાર્થ વિનાનો દાનનો પુરુષાર્થ શીલનો પુરુષાર્થ, તપનો પુરુષાર્થ કરવા જતાં ભળતી લાલસાઓ પેસશે; જેવી કે હું બીજા દાતારને હેઠો કેમ ન બેસાડું ? યા દાનના બદલામાં મને પૈસાનું પુણ્ય મળે, નામના મળે, તકતી મળે....' જીવનમાં ઠેઠ સુધી સંસાર સુખ માણી શકું એટલા માટે અત્યારે થોડું શીલ કેમ ન પાળી શકું ? તપથી જો વાહ વાહ મળે છે તો તપ કરી ભૂખ્યો રહી શકવાની પુરુષાર્થ શક્તિ અંદરથી બહાર પ્રગટ તો કરી, પરંતુ મોહ વધારવા માટે કરી, વિષય કષાય પોષવા માટે કરી. પરિણામ ? એથી જ ભવભ્રમણમાં વૃદ્ધિ માટે આ વાત છે કે વૈરાગ્યનો પુરુષાર્થ પહેલો ચકાવો.

**પ્ર.**- તો પછી શું પહેલાં દાન ન દેવું ? શીલ વ્રત ન પાળવા ? તપ ન કરવો ?

**ઉ.**- અરે ? એ બધું તો ખાસ કરવું, પણ એ વૈરાગ્યના પુરુષાર્થ તરીકે જ કરવું જોઈએ., મનને એમ થાય કે હું દાન દઈને પૈસાનો આંધળો રાગ તોડું. શીલવ્રત પાળીને વિષયોનો આંધળો રાગ તોડું. તપ કરીને આહાર સંજ્ઞાને અને

ભોજનના આંધળા રાગને તોડું. એવા લક્ષ્મી વિષયો અને ખાઉં ખાઉંના આંધળા રાગ ન કેમ તૂટે ? વારંવાર દાન-શીલ-તપ-સાધતો રહીશ તો જરૂર એ ધીમેધીમે તૂટવા માંડશે.'

**વૈરાગ્યના વિવિધ પુરુષાર્થ**

(૧) વૈરાગ્યનો આ એક પ્રકારનો પુરુષાર્થ છે કે દાનાદિ ખૂબ કરવા.

(૨) બીજા પ્રકારે પુરુષાર્થ આ, કે જિનભક્તિ અને સાધુસેવા એ ઉદ્દેશથી ખૂબ વધારવા; તે પણ વિવિધ રીતે વધારવા. પ્રભુનાં ખૂબ દર્શન-પૂજન-અંગરચના સ્તુતિગુણગાન-જાપ-ધ્યાન-યાત્રા વગેરે, એમ મુનિઓના સમાગમ વાણીશ્રવણ-ભક્તિ-વેયાવચ્ચ-ગુણગાન વગેરે. પણ બધું શા માટે ? સંસાર ખારો લાગે કડવો લાગે લક્ષ્મી-વિષયો વગેરે ભૂંડા ખતરનાક લાગે એ માટે, મતલબ, વૈરાગ્ય ઝળહળાવવા માટે; અને વીતરાગ તથા વૈરાગી મુનિઓનાં બહુ પડખાં સેવવાથી એ ઝળહળે.

(૩) ત્રીજો ઉપાય આ કે, દુનિયાના જેટલા પદાર્થ અને પ્રસંગના સંપર્કમાં આવવાનું થાય ત્યાં જો એ મનગમતા હોય તો ઝટ હરખાઈ ન જતાં, કે અણગમતા હોય તો ઝટ ઊકળી ન ઊઠતાં, એને આત્માના હિત અહિતની દૃષ્ટિએ જોવા વિચારવા કે -

(i) એ કેવા ચીકણા રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મદ-મમતા વગેરે કરાવે ?

(ii) એ વિષયો કેટલા અસંખ્ય સ્થાવર જીવો અને સંખ્યાબંધ કીડી કીડા વગેરે જીવોની હિંસામાંથી ઊઠનારા છે ? અને આગળ પણ કેટલી હિંસાને પોષનારા છે ? તેમજ

(iii) કેવા એ સગા વચ્ચે પણ રગડા ઝગડા-કુસંપ કરાવનારા, વૈર વિરોધ ઊભા કરાવનારા, અને

(iv) કેવી એ જૂઠ-ચોરી-અનીતિ-દુરાચારની બુદ્ધિ કરાવનાર છે. એમ જ

(v) કેવા એ સુકૃતને ધર્મક્રિયાને ધર્મસાધનાને ખાનદાનીને સહિષ્ણુતાને ઉદારતાને તથા દેવ-ગુર-સંઘને અને સંયમ તથા પરલોકને ભૂલાવનારા છે ? પરલોકને કેવા બગાડનારા અને દુર્ગતિમાં પટકનારા છે ? આ બધું વિચારતા રહેવું એ પણ વૈરાગ્ય જગાવવાનો પુરુષાર્થ છે.

(૪) વળી વૈરાગ્યનો એક પુરુષાર્થ આ, કે અધ્યાત્મના અને વૈરાગ્ય પોષક શાસ્ત્રો એમાંય જિનવચનનાં શાસ્ત્ર ખૂબ વાંચતા રહેવું.

વૈરાગ્ય ખપે છે ? જોઈએ છે ? સંસારને પૂરેપૂરો નિર્ગુણ દેખી મનને એના પર નફરત છૂટે, ગ્લાનિ વરસે, એવું ખપે ? જોઈએ ? તો આ ચાર ઉપાય એ



માટે બરાબર સેવતા રહો. એજ વૈરાગ્યનો પુરુષાર્થ, અંતરમાં અનંત શક્તિ છૂપાયેલી પડી છે; એમાંથી આ ઉપાયોની પુરુષાર્થશક્તિ બહાર કાઢો. એથી પછી એ દાનાદિ વગેરે બધું કરતા રહેવાશે. એથી સાચો વૈરાગ્ય પ્રગટ થશે, ને એના પર જ આત્માનું ઓજસ ખીલશે.

**વૈરાગ્ય વિના આત્માનું ઓજસ નહિ.**

એ ઓજસ વિનાના પછી ચારિત્ર પણ પાળે, કે મોટા તપ કરે, યા લાખોનાં દાન દે, તો ય મુડદાલ, ગુલામમાં ઓજસ શા ?

સુજ્યેષ્ઠાએ એ ચાર પૈકી પ્રસંગને હિતાહિતની દૃષ્ટિએ વિચારવાનો ઉપાય સાધ્યો; સામે આવી ઊભેલા લગ્નજીવનના અવસર પર હિતાહિત વિચારવાનું કર્યું. જિનવચનથી એ ભાવિત મતિવાળી હતી. એટલે જિનવચન જાણે એને કહી રહ્યા છે કે,-

**જિનવચન સજ્યેષ્ઠાને શું કહે છે ? :-**

"હે ભાગ્યવતી ! ભૂલી ના પડીશ. જોઈ લીધોને તેં શ્રેણિકનો પ્રેમ ? ચેલ્લણાનો પ્રેમ ? જોયોને ધારણાનો ભરોસો ? કેટલા ટક્યા એ ? ભરોસો કેવો ભાંગીને ભુક્કો થયો ? બધું ઠેઠ સુધી ગોઠવાઈને તૈયાર થઈ ગયેલું એ બે પાંચ ક્ષણના વિલંબે તારા માટે ઊંધું વળ્યુ ને ? તો કાળનો ય શો ભરોસો ?

'હે વિચક્ષણા ! ત્યારે હવે પાછી એવા જ કોઈ દુન્યવી પતિ શોધી ફરીથી પ્રેમભંગ, વિશ્વાસભંગ વહોરવા છે ? કાળથી ઠગાવું છે ? 'ના, એ તો જેમ એ મને લઈ ગયા હોત તો તો પછી હવે મારા કબજામાં જ હતા, એમ બીજો પતિ મળી ગયા પછી તો એ મારા કબજામાં જ રહેશે એવો ખોટો સવાસલો ધરવો છે ? શા સારુ એ ધરે ? તને તારાં દૌર્ભાગ્ય ભોગાંતરાય અપયશનામકર્મ વગેરે છૂપાં કર્મની ખબર છે કે એ નહિ જ હોય ? ઉદયમાં નહિ જ આવે ? એવું એકાદ કાંક બન્યું ત્યારે તું કેવા લોહી બાળીશ ?

"હે સદ્ગુણા ! એમ પણ તારા દિલને કદાચ લાગે કે છૂપા કર્મોની તો ખબર નથી, પરંતુ મારે હજી વાસનાનું જોર છે, તેથી કોઈ પતિ તો કરવો પડશે, પરંતુ સાથે એ વિચારજે કે બીજો પતિ ક્યાં પછી તારા કુલીન દિલમાં એ ખટકો રહેશે કે જેને મેં એક વાર પતિ તરીકે મારા મનમંદિરે ધાર્યા એને ઉઠાડીને હવે બીજાને પ્રતિષ્ઠિત કરવાનું મેં કર્યું ? એ મારા જેવી કુલીન બાળાને કેવું શરમભર્યું રાજીમતીએ નેમિકુમાર તોરણેથી પરણ્યા વિના જ પાછા વળી ગયા, તો એણે સખીઓના બીજો પતિ કરવાના વચન ઉપર શું કહેલું ? અને પોતે હૃદયમંદિરના માલિક તો એક વખત જે ધાર્યા તે ધાર્યા, હવે બીજો માલિક નહિ એવો કેવો સરસ

દઢ નિર્ધાર રાખેલો ? તો પછી તું બીજો પતિ કરવા જતાં શું તારા સદ્ગુણી દિલને આ ખટક્યા વિના રહેવાનું છે ? શા સારુ જીવનભરનું એવું શલ્ય ઊભું જ કરે ? **શલ્ય તો બહુ ભૂંડી ચીજ છે; ગૃહસ્થ જીવનના શું કે સાધુજીવનના શું, બધા જ આનંદને કલુષિત કરી નાખે છે.**

તો પછી બીજો પતિ કરી વાસનાના નિર્ભેળ આનંદ તું ક્યાંથી માણી શકશે ?

"તો હે સદ્બુદ્ધિશાલીની ! શું વાસના રોકવી હોય, દબાવવી હોય તો એ દબે નહિ એવી જ હોય છે ? ના, ભૂતકાળમાં અનંતી મહાસતીઓએ એને દબાવી છે. જગતના પરિભ્રમણમાં પડેલા જીવોમાં એમાં તો વાસનાના કર્મ અને સંસ્કાર કોને નથી હોતાં ? બધાને હોય છે. એ જો ભોગવીને જ પૂરા કરવાના હોય, તો તો ભોગવટામાં વળી નવાં કર્મ અને નવા કામ સંસ્કાર ખડા થવાના; પછી એને આગળ પર ભોગવવા પડે; તો પછી જીવનો ઉદ્ધાર કયારે ? ખરી રીતે એવું નથી.

**વિશુદ્ધ વિચારો, વિશુદ્ધ ભાવનાઓ અને વિશુદ્ધ વર્તાવથી, તથા શાસ્ત્રસ્વાધ્યાયમાં જ મનને પરોવી દેવાથી એ વાસનાનાં કર્મ અને સંસ્કાર ઠેકાણે પડી જાય છે.**

અને એમ જ અનંતા મહાપુરુષો અને અનંતી મહાસતીઓએ આજીવન બ્રહ્મચર્ય સંયમ અને તપ દ્વારા એને ઠેકાણે પાડી અનંત સુખમય નિર્વાણ પદને સાધ્યું છે.

### વાસનાનાં પોષણમાં જોખમો

"ત્યારે હે સમ્યગ્દર્શન-ધારિણી ! વાસનાને વિષય ભોગથી મહેકાવવામાં તો આ મોટાં જોખમ છે, કે

**(૧)** એમાં નથી ને ક્યારેક જો તીવ્ર આનંદની લાગણી થઈ આવી, તો એ રૌદ્ર પરિણામ રૂપ થશે; એમાં તો નરકગતિને યોગ્ય કર્મો બંધાશે. એમાં જો નરકનું આયુષ્ય બંધાઈ ગયું તો પછી નરકમાં ગયે, ત્યાં અસંખ્ય વર્ષો સુધી કેવી જાલિમ વેદનામય દુર્દશા ? ને જીવ જ્યારે ચાહીને જ એવા વિષયસુખ માણવા જાય છે, તો એવા તીવ્રચિત્ત પરિણામ ન જાગવાની ખાતરી શી ?

(૨) આવાં કર્મબંધ ઉપરાંત વિષયભોગથી વાસનાના સંસ્કાર વધતા જશે એનું શુ ? અહીં આટલા ઉત્તમ દેવ-ગુરુ-ધર્મના સંયોગ મળવા છતાં જો વાસનાને દબાવવી કચરવી નથી, તો ભવિષ્યમાં જ્યાં એવાં ઉત્તમ સંયોગ નહિ હોય ત્યાં આ વધારી મૂકેલ બેફામ વાસનાના સંસ્કારો જીવને કેટલા પાગલ, કામાંધ, અને નીચ બનાવશે ? ત્યારે દેવગુરુધર્મના સંયોગ કદાચ મળશે તો પણ જ્યારે અહીં



વાસના દબાવવી કઠિન લાગે છે, તો તગડી બનેલી એ ભવિષ્યમાં શે દબવાની ?

(૩) વળી વાસના પોષવામાં જોખમ આ કે, સાંસારિક પતિ કરવા જતાં, આ માનવભવે પરમાત્માને એકલાને જ હૃદયના માલિક બનાવવાનું જે કાર્ય એ કેટલું બધું મુશ્કેલ ? કેમકે,

**અનંતા કાળના વિષયલંપટ ચિત્તને એ વિષય સુખ પૂરા પાડવા જતાં ચિત્ત ઉન્માદી બનવાનું અને વિષયસુખ પુરું પાડનાર સંસારી પતિને બહુ માનવાનું.** ત્યાં પરમાત્મા એકલા તો શું પણ પેલાની હારોહાર યાને સમાન કક્ષાએ પણ મીઠાં ક્યાંથી લાગવાના ? એકલા કામવાસનાના જ વિષયમાં નહિ, પણ ચક્ષુના; રસનાના ને શ્રોત્રના,...વગેરે પાંચે ઇંદ્રિયોના વિષયમાં એને ભોગવવા જતાં આ જોખમ છે.

(૪) વળી વાસનાવશ બનવામાં એક જોખમ આ, કે, જીવનના ઊંચા ઉદ્દેશ ભુલાશે કે જીવ ઊંચા માનવ અવતારે આવ્યો એ શું કરવા આવ્યો ? શું સાધવા આવ્યો ? (૧) જે બીજા કોઈ ભવમાં ન સાધી શકાય એવા સર્વ પાપત્યાગને સિદ્ધ કરવા માટે ? કે બીજા અનેક ભવે બની શકે એવા પાપ સેવનને કરવા માટે ? (૨) નિર્મોહી વીતરાગ મહાપવિત્ર પરમાત્માને જ એક હૃદયનાથ બનાવવા માટે ? (૩) ભવના ફેરા વધારવા માટે ? કે મોહમૂઢ વિકારી અશુદ્ધ સાંસારિક જીવને હૃદયનાથ બનાવવા માટે ? કે ઘટાડી નાખવા અને ચાલે તો તેની પૂર્ણાહુતિ કરવા માટે ? (૪) ઊંચા માનવ અવતારે આવ્યો તે દિલને એજ તામસી કાળી મોહલગનથી અંધકારમય રાખવા માટે ? કે વિશુદ્ધ બ્રહ્મચર્ય સાથે સંપૂર્ણ ત્યાગભાવ અને નિર્મળ જ્ઞાનપ્રકાશથી ઉજ્જવલિત કરવા માટે ? વાસનાના માર્ગે જવામાં આ ઉચ્ચ જીવનના ઉચ્ચ પવિત્ર ઉદ્દેશ સાધવાનું ગુમાવી દેવાનું મોટું જોખમ છે.

**(૫)** હે મહાન આકાંક્ષાવાળી ! એ વાસનાના માર્ગે આ પણ એક જોખમ છે કે વાસનાના નાચથી શરીર સંપત્તિ તો કશી વધતી નથી, પણ આત્મસંપત્તિ ય કશી વધતી નથી, ઊલટું જીવને નિર્વિકાર દશા અને નિત્ય તૃપ્તિની ધન્ય ઘડીથી વધુ છેટા પાડવાનું થાય છે. જીવ ભલે તુચ્છ અને ગલીચ વિષયસુખની લંપટતામાં આ વાત મન પર ન લે, કિન્તુ લંપટતામાં ઉચ્ચ જનમ અને ઉચ્ચ સર્વજ્ઞશાસન મળ્યું છતાં આત્મસંપત્તિ કમાઈ લેવાનું ગુમાવે છે, અને એમ સોનેરી તકને બરબાદ કરી રહ્યો છે. અનાદિની ખણજને વિકરાળ બનાવી રહ્યો છે, જાલિમ દુર્ગતિ પરંપરા સર્જવાનું જોખમ વહોરી રહ્યો છે. પાછું આ જ જીવનના અંત તો બધા ય વાસનાના નાચ પડતા મૂકવા પડવાના. બહુ વહાલા કરેલા સંસાર સુખદાતાથી જુદું પડવા પડવાનું અંતકાળે ચિત્તને જીવનનું શું સારું સરવૈયું નહિ જોવા મળવાનું; અને ત્યારે ખેદ સંતાપ અને અસમાધિનો પાર નહિ રહે.

"હે વિદુષી ! શા સારુ વાસનાના માર્ગે જઈ આ જોખમો ઉઠાવવા ? ટૂંકા માનવ અવતારને હવે તો નિર્વિકારતાના માર્ગે કાં ન ચડાવી દેવું ? જીવનમાં મહાન ઉદય કાં ન સાધી લેવો ?"

**સુજ્યેષ્ઠા કેમ ચારિત્રમાર્ગે ? :-**

સુજ્યેષ્ઠાના દિલમાં (૧) જિનવચનના આ નાદ બજવા માંડ્યા હશે, (૨) સંસારમાં વાસનાવિવશ જીવોની કરુણ દશા નજર સામે તરવરતી થઈ ગઈ હશે, (૩) મોહનાં ભરણાં સનેપાતના ચાળા કે દારૂ પીધેલાના ઉન્માદ જેવા દેખાઈ રહ્યા હશે, ને એનું ચિત્ત ઘરવાસ પરથી ઊઠી ગયું, ઉત્તમ પ્રકારના ચિંતનનો પુરુષાર્થ વૈરાગ્યનો પુરુષાર્થ બની ગયો; એનો વૈરાગ્ય વધી ગયો, અને પરિણામે એણે સંસારત્યાગ કરી ચારિત્રજીવન અપનાવી લીધું અને સુજ્યેષ્ઠા મહાસાધ્વી બની ગયા.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૦,અંક-૪૩,તા.૧૫-૭-૧૯૭૨**

**દિલમાં ધર્મપરિણતિને વિકસાવવામાં આવે તો એ (૧) જીવને કેવી મહા આશીર્વાદભૂત થાય છે, (૨) જીવને કેટલો બધો ઉંચો ચડાવે છે, ને એના શોક દિલગીરીના પ્રસંગને કેવા મહાન આનંદદાયી પ્રસંગમાં પલટાવી દે છે.**

એ સુજ્યેષ્ઠાના જીવન પરથી દેખાય છે. ઠેઠ સુધી આવેલા મનગમતા શ્રેણિક રાજાને જરાકશી ગફલતમાં, ગુમાવવાનું થવું એ મહાન શોકનો પ્રસંગ બન્યો કહેવાય; પરંતુ દિલમાં ધર્મપરિણતિનો તત્ત્વચિંતનનો અને ઉચ્ચ માનવભવના ઉચ્ચ ઉદ્દેશની વિચારણાનો વિકાસ કર્યો તો એ જ પ્રસંગને વૈરાગ્યવૃદ્ધિનો પ્રસંગ બનાવી દીધો !

ત્યારે એમ માનશો નહિ કે એ તો મહાવિદેહના જીવ, ચોથા આરાના જીવ, મહાવીર પ્રભુના હયાતિ કાળના જીવ, એટલે ધર્મપરિણતિને એવી વિકસાવી શકે, અમારાથી એ શે બને ? આવું માનતા નહિ, કેમકે એ આ જ ભરત ક્ષેત્રના જીવ હતા, ચોથા આરાના છતાં પાંચમાં આરાની અત્યંત નીકટ કાળના જીવ હતા; ભલે આજે મહાવીર પ્રભુ અહીં હયાત નહિ, પણ આપણને જે મહાવીર શાસન મળ્યું છે એ જ શાસનને એ પામેલા હતા, ને જીવનમાં એ જ શાસનને ઉતારીને કલ્યાણ સાધનારા જીવ હતા. તો આપણી પાસે એમના કરતાં શી કમી છે ?

**શી શી સાધના શક્ય છે ? :-**

કદાચ નિર્બળતાના યોગે એકદમ ચારિત્ર ન લઈ શકો તો પણ

(૧) ધર્મપરિણતિ તો દિલમાં રમતી ખીલતી બનાવી શકો ને ? એના યોગે મોહમૂઢતા, પૈસાનો અંધરાગ, એની પાછળ છળકપટ-જૂઠ-અન્યાય, મહાપાપના



ધંધાની વૃત્તિ અને એના પર પ્રશંસા મલકાવાનું તો ઓછું કરી શકો ને ?

(૨) એમ વિષયલંપટતા અને એની પાછળ અભક્ષ્યભક્ષણ ચા-પાણી-ચેવડાનાં રાત્રિભોજન, પવિત્ર પર્વતિથિએ પણ યથેચ્છ ભોજન, સિનેમામાં અને બહાર પરસ્ત્રીદર્શન, ભાઈ-ભાઈના રગડા, હસા-મશકરી, નિંદા-કૂથલી વગેરે વગેરે તો છોડી શકો ને ?

(૩) સુજ્યેષ્ઠાના વૈરાગ્યનો અધિકાર સાંભળી શું લેશો ? ચારિત્ર નહી સહી, પણ ભરપૂર જિનભક્તિ, એમાં પોતાનાં કિંમતી દ્રવ્યનો સદુપયોગ, જિનાજ્ઞાનું અને આત્મકલ્યાણનું મહત્ત્વ-મૂલ્યાંકન, સળગતી આત્મચિંતા, સાધુસેવા સાધુસમાગમ, રોજ જિનવાણી શ્રવણ, વ્રત-નિયમ-સામાયિક-પ્રતિક્રમણ, શાસ્ત્ર-સ્વાધ્યાય, ત્યાગ-તપસ્યા વગેરે વગેરે તો આદરી શકો ને ? પણ મૂળમાં દિલમાં ધર્મપરિણતિ વિકસ્વર થાય તો જ એ બનવાનું છે. એકલી મોહની પરિણતિ દિલમાં રમાડતા રહેવાય તો એ ક્યાંથી બને ? અલ્પાંશે બનાવાય તો ય તે દુનિયાના સુખની આશંસાએ અહંત્વના પાપે, લોક સન્માનની ભૂખના કારણે, અસ્તુ.

હવે જુઓ નાગરથિક સુલસાના ૩૨ પુત્રો એક સાથે મરી ગયા. ત્યાં એ બંનેની શી પરિસ્થિતિ થઈ.

**પુત્ર મરણ પર નાગરથિકને શોક :-**

નાગરથિકને તો કલ્પાંતનો પાર નથી. બધાય પુત્રો એકી સાથે જતાં, પુત્રો મેળવવા કરેલ તલસાટ અને એના પર પુત્ર મળી જતાં હૃદયમાં ઊછળી રહેલ ઊછરંગ બધા ય જમીન દોસ્ત થઈ ગયા; અને એક મૃત્યુ એવી ચીજ છે કે મરેલાનો વિયોગ થયો તે થયો, હવે એ કાંઇ જિંદગીભર પાછો મળે નહિ. કદાચ દેવ થઈને દર્શન દેવા આવે તો પણ પૂર્વ સ્વરૂપના સગા તરીકે હવે એની સાથે વ્યવહાર થાય નહિ.

**માણસનાં અભિમાન અને હરખના ઉન્માદ વહાલાના મૃત્યુ પર ઓસરી જાય છે.**

હું આવા સારા અને આજ્ઞાબદ્ધ દીકરાનો બાપ; હું આવી રૂપાળી અને આજ્ઞાંકિત સ્ત્રીનો ધણી; કે હું આવા ક્રોડપતિની પત્નિ વગેરે વગેરે અભિમાન ક્યાં સુધી ? એ જીવંત છે ત્યાં સુધી જ ને ? એના મર્યા પછી હવે કરે જો એવું અભિમાન ? એમ, એ મન માન્યો સંયોગ પામ્યા પર દિલને હરખ હરખ લાગ્યા કરતો હોય, એ હરખના ઉન્માદના બીજા એવા પુણ્ય નહિ પામેલાને તુચ્છ તરીકે જોવાતા હોય, ને હરખના ઉન્માદમાં આત્મચિંતા અને દેવ-ગુરુ-ધર્મને ભૂલી સો મણની રૂની તળાઈમાં સુવાનું કરાતું હોય, પણ હવે એ સગાના મરી જવા પર

એ રીતે સૂઈ રહે જો ? શું રાખ સૂઈ રહે ? હવે શું ધૂળ બીજાને તુચ્છકારે ? હવે તો મોતિયા મરી ગયા.

જગતના સગા કે જગતની સંપત્તિ ઉપરનાં અભિમાન અને હર્ષોન્માદ ભૂંડા છે. જીવનો એ મહાન અપરાધ છે; તેથી જ કર્મ જાણે એના પર વૈર વાળે છે ! કર્મ જાણે કહે છે; જીવને, તેં મારી આપેલી ચીજ પર ખોટાં અભિમાન કરેલાં ? હરખના ઉન્માદ કરેલા ? એ કરવાનો તારો શો હક હતો ? બસ, બિનહકના અભિમાન અને હર્ષમૂઢતા મનઘરમાં ઘાલી દીધેલા, તે હવે એ મનઘરમાં શોક-કલ્પાંતની આગો સળગાવું ?

**અભિમાન ને હર્ષોન્માદભર્યા મનમાં જ પછીથી શોકની આગ સળગે છે.**

નાગરથિકને સંતાપ ભારી છે, શોકમય કલ્પાંતની અવધિ નથી. સમજાય છે ? પુણ્યે જગતની ચીજ મળે ખરી, પરંતુ એના પર અભિમાન અને અતિ હરખ કરવાનો હક નથી. એ કરવા એ કર્મનો ગુનો કરવા જેવું છે. પછી એના પર કર્મ વૈર વાળે એમાં નવાઈ નથી. અરે ! **પુણ્યે ચીજ મળી, છતાં એ ભોગવવામાં અભિમાન અને હરખ તો શું પણ ભોગવવાનો હક માનવો એ પણ ગુનો છે.**

**પ્ર.-** પોતાનાં પુણ્યે મળ્યા પર ભોગવે એમાં ગુનો શો ?

**ઉ.-** હક માનીને ભોગવવા જાય, ત્યાં રાગ આસક્તિ જોરદાર રહેવાના. એ પછી કેટલાય કષાયને જરૂરી મનાવશે, આચરાવશે, કેટલાંય પાપ આચરાવશે, ધર્મ ભૂલાવશે, જ્ઞાનીઓએ બતાવેલ હિતમાર્ગની સામે બખાળા કઢાવશે. મનમાં ખોટા ઉઠાવા ઊભા કરાવશે. શું આ બધું કરાવનાર હકની માન્યતા એ ગુનો નહિ ?

એક સામાન્ય દાખલા તરીકે જુઓ કે આજે મનપસંદ ભોજન પામવાનું પુણ્ય મળ્યું છે, એના પર મનને એના ભોગનો હક લાગે છે તો ખુશમિશાલ હૃદયે રાત્રિ ભોજન કરાય છે ને ? અભક્ષ્યભક્ષણ વિના સંકોચ કરાય છે ને ? પર્વતિથિએ પણ લીલોતરી શાકફળ આરોગાય છે ને ? એ શું સમજીને ? આ જ કે એમાં વળી બહુ મોટું પાપ શું ? અલ્યા ! પણ જ્ઞાનીઓએ શ્રાવકને રાત્રિભોજન અભક્ષ્યભક્ષણ, અને પર્વતિથિએ લીલોતરી શાક ફળનાં ભોજનનો ત્યાગ કહેલો છે. એનું શું ? આવો પ્રશ્ન આવે ત્યાં એના મનને આવું જ કાંઈક થવાનું કે, 'જ્ઞાનીઓએ કહેલું તે એ વખતના જુદા દેશ-કાળના હિસાબે આજે તો દેશ-કાળ ફરી ગયો એટલે એ પાપ શાનું ?

આવું કહેનારને પૂછો કે તો પછી આજે સરકારી ખુરસી પર બેસી લાંચ વગેરે દ્વારા કે વેપારીની ગાદી પર બેસી ગોલમાલ કરવા દ્વારા લોકોના ગળાં રેંસવાનો કાળ આવી લાગ્યો છે. તો હવે આપણે પણ બીજાનાં ગળાં રેંસવામાં



પાપ નહિ ને ? શો જવાબ દે આનો ?

**દેશકાળ ફર્યા કે દી' ફર્યા ? પાપમાં પ્રેરનાર દેશ-કાળ જોવાની આજની વાતો વાહિયાત છે.**

અનીતિથી બીજાનાં ગળાં રેંસવા એ પણ પાપ છે, અને રાત્રિભોજન અભક્ષ્યભક્ષણ તથા પર્વતિથિના આચારભંગ એ પણ પાપ છે. દેશ-કાળ ફરવાથી આ પાપ કાંઈ ધર્મ ન બની શકે.

આ તો કેમ જાણે જ્ઞાનીઓ વર્તમાન દેશ કાળના જ્ઞાતા નહોતા એમ જ્ઞાનીઓને અજ્ઞાની ઠરાવાય છે. પછી પાપને પાપ જ ન માનવા એટલે પાપમાં અફસોસીનો ડંખ જ ઉડાવી દેવાય છે, ઊલટું એને કર્તવ્યમાં ખપાવાય છે. આનું પરિણામ ? જ્ઞાનીઓની સામે બળવાનું. વળી બીજું પરિણામ શું ? ભવિષ્યમાં ભવોના ભવો સુધી જ્ઞાનીઓ ન મળે, જ્ઞાનીનું શાસન યાને જૈન ધર્મ જ જોવા ન મળે.

જ્ઞાનીઓની સામે બળવાનું કારણ આ છે કે પુણ્યે પૈસા કમાવવાની અને મનમાન્યાં ભોગ-ભોજન કરવાની સગવડ સામગ્રી આપી છે એના પર ધનાર્જન અને ભોગવટાનો હક માની લીધો છે, એ છે. તેથી જ નિઃસંકોચ અન્યાય, અભિમાન દબામણી અને શ્રાવકપણાને કલંક લગાડનારા વિષયભોગ તથા રાત્રિભોજન વગેરે ખુશમિશાલ કરાય છે; એ છે.

પુણ્યે સગવડ મળવા છતાં એ ભોગવવાનો હક ન માન્યો હોત, તો મનને થાત કે ભલે પુણ્યે પૈસા મળી શકે છે, પરંતુ મેળવ્યે જ જવાનો મારો હક નથી, કિન્તુ ગુનો છે તેથી અન્યાયથી છળ-કપટથી ગરજુઘરાક, નોકરો, કે ભાગીદાર યા દલાલને દબડાવીને તો પૈસા ન જ મેળવું, કિન્તુ ન્યાયસર જ મેળવું. તે પણ વધું પડતા પૈસા ન મેળવું. પુણ્ય છતે પણ પૈસા મેળવવા એ ગુનો છે, હક નહિ, ત્યારે પૂછો,-

**પુણ્ય છતાં પૈસા મેળવવાનો હક કેમ ન મનાય ? :-**

**પ્ર.- તો પછી પુણ્ય મળ્યાનો અર્થ શો ? ઉપયોગ શો ?**

**ઉ.-** અહીં જ ભૂલો છો, પુણ્ય પૂર્વજીવનમાં જે સુકૃત કરવા પર ઊભું થયું છે, એ સુકૃત કરવાનો ઉદ્દેશ શો હતો ? એ તપાસો. શું સુકૃતથી પુણ્ય ઊભુ કરવા દ્વારા પૈસા મેળવવાનો ઉદ્દેશ હતો ? એવો જો ઉદ્દેશ હોય તો તો એ સંસારમાં ભટકવાનો ઉદ્દેશ થયો. એટલે અહીં એ મેળવવાનો હક માનીને મેળવ્યે જવામાં સંસારભ્રમણ જ ઊભું કરવાનું થાય; અને એ ભવભ્રમણ ખપતું હોય તો કશું કહેવાનું નથી. જ્ઞાનીઓ આવા જીવોને ઉપદેશની બહાર ગણે છે, ઉપદેશને અયોગ્ય ગણે છે.

પરંતુ જો પુણ્યોપાર્જન પાછળના પૂર્વસુકૃતનો ઉપદેશ પૈસા મેળવવાનો નહિ, પોતાના જીવને સંસારના કત્લખાનાને હવાલે કરવાનો અને જનમ-જનમ મોત પામતા રહેવાનો નહિ કિન્તુ જીવને ભવચક્રમાંથી છોડાવવાનો અને એ માટે સર્વપાપત્યાગની દશાએ પહોંચવાનો ઉદ્દેશ હોય, તો પછી ભલેને સુકૃતથી પુણ્ય ઊભું થઈ ગયું, પરંતુ મનને એમ થાય કે એ પુણ્યથી પૈસા મેળવવાના પાપનો જરાય હક ન માનું. સર્વ પાપત્યાગ ઉદ્દેશનો એમાં ભાંગીને ભુક્કો ન કરું.'

એવી રીતે ભલે પુણ્યે ભોજન અને ભોગસાધનો મળ્યા, પરંતુ મનને થાય કે એ ભોગવી લેવાનો હક ન માનું; કિન્તુ ગુનો માનું. કેમકે પુણ્ય ઊભું કરી આપનાર સુકૃતનો ઉદ્દેશ સર્વપાપત્યાગનો છે, અને અહીં ટેસથી ખાઈ ભોગવી લેવામાં પાપસેવન થાય છે, તો એ કરવાનો હક શાનો માનું ? એ તો ગુનો જ કહેવાય.

આમ હક ન માન્યો હોય, પણ ગુનો માન્યો હોય, પછી અન્યાય છળકપટથી પૈસા લેવાનું કે શ્રાવકાચારને ઓળંગવાનું શાનું થાય ? કદાચ સંયોગવશ પાપ કરવું પડતું હોય તો ય હૈયે પારાવાર દુઃખ હોય કે આમ કરવામાં મને કાંઈ કર્મ તરફથી બચાવ નથી મળવાનો. પાપસેવનથી કાળાં પાપ બંધાવાનો ત્રિકાળાબાધ્ય સિદ્ધાન્ત તો કામ કરવાનો જ છે; તો હું મારા જ હાથે મારું કેવું ભવિષ્ય સરજી રહ્યો છું ? ક્યાંની તૈયારી કરી રહ્યો છું ? કઈ ગતિની ટિકિટ કઢાવી રહ્યો છું ? ક્યાંનું રીઝર્વેશન કરાવી રહ્યો છું ? ત્યાં પછી અહીંના પૈસા કે ભોગ ભોજન મને બચાવવા નહિ આવે.'- આમ હૈયે પારાવાર દુઃખ હોય.

**ધનોપાર્જન ને ભોગ-ભોજનમાં હક માનવા છે, અભિમાન કરવા છે, અતિહરખ માનવા છે એ આજની કમનસીબી નિષ્ઠુરપણે અને માપ રાખ્યા વિના પાપ આચરાવી રહી છે. પરિણામે શોક કલ્પાંત અને સંસારયાત્રા સરજાય છે.**

નાગરથિકને પારાવર શોક છે, જેવો પૂર્વે અતિહરખ થયો હતો, તેવો હવે ભારી શોક થાય, પોક મૂકીને રુએ છે, કે 'અરે દૈવ ! આ તેં શું કર્યું ? જગતને પ્રિય એવા આ મારાં રતન એકી કલમે મારી નાખ્યા ? આવું જોવાનો અવસર આવે એ પહેલાં તેં મને કેમ મારી નાખ્યો નહિ ?...હે ભગવાન ! હવે હું ક્યાં જાઉં ? શું કરું ?...' એવું કરુણ રુએ છે કે બીજાઓને પણ રોવરાવી નાખે છે. સુલસાને પણ પુત્રમરણ સાથે પતિના કલ્પાંતનું દુઃખ જોઈ લાગી આવે છે. એને ય રોવું આવી જાય છે.

આ શોકમાંથી કોણ છોડાવે ? કવિ કહે છે,-

**માયા મોહિનીએ મોહ્યો, કોણ રાખે રણમાં રોયો,**



**આ નરભવ એળે ખોયો,...વિવેકી વિમલાચલ વસીએ.'**

'માયા એટલે કે મમતા કરાવનારું પરમાત્ર, પૈસા ટકા પરિવાર વિષયો વગેરે, એની મોહીનીમાં મોહિત થઈ ગયેલાને એમાં આઘું પાછું થતાં રોવાનો પ્રસંગ આવે છે; ત્યારે એને કોણ છાનો રાખે ? સહરાના રણમાં કે કોઈ અરણ્ય વચ્ચે રુદન કરે એને શાંત કરનાર કોણ મળી આવે ? કેમકે એ એકલો પડી ગયો હોય, એમ અહીં સંસારના જીવનમાં માયામાંથી કશું ખોવાઈ ગયું નાશ પામી ગયું અને ત્યાં મોહાંધ જીવ રુદન કરે છે, ત્યાં જીવ એકલા જેવો પછી જાય છે; એને ગમતું કરી આપી શાંતિ આપનાર, કોઈ નથી. મરેલાને જીવાડી આપનાર કોઈ નહિ; ફૂટેલાને સાંધી આપનાર, સળગી ગયેલાને યથાવત્ કરી દેનાર, ગુમાવેલા ધનના ઢેરને પાછો લાવી આપનાર કોઈ દેખાતું નથી, બસ, આવા એકલા અટૂલા પડી જવું પડે છે, અરણ્યરુદન કરવું પડે છે;

કવિ કહે છે, - માયામાં મોહ્યા એકલા રોવું પડે છે, તો એવાં અરણ્યરુદન કરાવનારી માયાને જ સંભાળવામાં આખો મનુષ્યભવ ગયો એ એળે ગયો; કેમકે છેવટે પોતાના મૃત્યુ વખતે અરણ્યરુદન કરવાનો અવસર આવી ઊભો. માટે હે વિવેકી ! ચાલો જઈને વિમલાચળ મહાતીર્થમાં વસીએ, અનંતા આત્માઓને માયાના મોહ મૂકાવી અરણયરુદનમાંથી બચાવી લેનાર અને મુક્તિ અપાવનાર તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચળજીનો આશરો લઈએ, એમ કવિનું કહેવું છે. કારણ ? એથી એ માયા મોહિનીનો મોહ જ છૂટી જવાથી રોવાના અવસર જ ન આવે. ભૂલશો નહિ દીકરાનું મોત કે ધનની ખોટ નથી રોવરાવતાં પરંતુ એનો મોહ રોવરાવે છે. મોહ નથી તો સાવકી મા સાચું નથી રોતી, શેઠને ખોટ થવા પર નોકર નથી રોતો. મોહ છે, તો રોવાનું છે, ને એ રુદનને કોણ મિટાવી શકે ? અહીં સુલસા નાગરથિકને ૩૨ પુત્રોનાં એક સાથે થયેલાં મરણ પર શોક થયો એ કોણ મિટાવે ? બીજાઓ તો એટલું જ કહે કે 'ભાઈ ! ભાગ્ય આગળ આપણું ચાલે છે ? ના માટે હવે શાંતિ રાખો, પરંતુ એથી કાંઈ શાંતિ થાય ? ત્યાં તો એમ થાય છે કે તો પછી ભાગ્યે દીકરા આપ્યા જ શા સારુ ? અને કહેનારાને પોતાને ઘેર આવું કાંઈક થાય તો એને કેટલું યાદ આ છે કે ભાગ્ય આગળ આપણું ચાલે છે ? વાત કરવી સહેલી છે. અહીં તો અમે મરી રહ્યા છીએ આમ એવા આશ્વાસન પર શોક શી રીતે અટકે ? ત્યારે શોક શી રીતે મટે એ જુઓ,-

**અભયકુમારનું અદ્ભુત આશ્વાસન : જીવન વિકૃતિ, મૃત્યુ પ્રકૃતિ :-**

નાગરથિક અને સુલસાનો શોક જોઈને અભયકુમાર એમના ઘરે આવે છે, અને આ પ્રમાણે આશ્વાસન આપે છે,-

'હે મહાનુભાવ ! સાંસારિક ભાવનાવાળા છતાં તમે તો જૈન સિદ્ધાન્તના પદાર્થને સમજનારા છો. એવા તમારે અવિવેકી માણસોની જેમ શોક સાગરમાં પડવું યોગ્ય નથી. કારણ કે જૈન સિદ્ધાન્ત આ વિવેક આપે છે કે સંસાર તો ઇંદ્રજાળ, મેઘધનુષ્ય, હાથીના કાન ને સંધ્યાના રંગની જેમ અતિચંચળ છે. પવનના ઝપાટે રૂના પૂમડાં ઝાલ્યા રહે ? એમ કાળના ઝપાટે જીવન ઝાલ્યા રહે ? ગ્રીષ્મઋતુમાં નીર જેવા દેખાતાં ઝાંઝવાના નીર સાચે જ નીરદાયી હોય ? એજ રીતે કાળચક્રમાં સ્થિર જેવા દેખાતાં જીવન ખરેખર સ્થિર હોય ? સમુદ્રના તરંગની જેમ જીવન સહજ રીતે ઓસરી જનારી જ વસ્તુ છે.

હે ભાગ્યવાન ! ભૂલશો નહિ કે જીવ જે મૃત્યુ પામે છે તે તો પ્રકૃતિ છે, સહજભાવની વસ્તુ છે, ત્યારે જીવ જ જીવન પામે છે. એ વિકૃતિ છે. જીવન તો અશરીરી આત્માને શરીરમાં બંધાવારૂપ વિકાર ચીજ છે. મૃત્યુ એ વિકારમાંથી છોડાવનાર પ્રકૃતિ કહેવાય., એટલે સદ્‌ગતિ પુત્રોને જો નવા અસ્થિર જીવનરૂપી વિકૃતિમાં જવું પડ્યું હોય તો શોક એનો થાય, કિન્તુ અહીંના મૃત્યોનો શોક શો ? અને જો એમને કોઈક સ્થિરતાનો લાભ થયો હોય તો એ લાભ ઉપર શોક કરાય ? ત્યારે અહીં તો દેહ અને આયુષ્યપત્ર પરના બિન્દુ કે પાકી ગયેલ પાંદડા યા પાણીના પરપોટાની જેમ ક્ષણિક છે એ નિશ્ચિત વાત છે. એટલે જીવને હાથી-ઘોડા-રથ નોકરો-યોદ્ધા કે મજબૂત ભરપૂર સાધનો યા સગા મૃત્યુથી બચાવી શકતા નથી.

**જિનમત પામ્યા પર શોક ન શોભે :-**

દુનિયાના આશ્વાસન કરતાં અભયકુમારનું આશ્વાસન જુદું છે. એ તો કહે છે, તમે જિનમત જિનવાણીએ કહેલા પદાર્થને જાણનારા સમજનારા; તમે જાણો છો કે જિનમતે તો **'અનિત્યાઃ સર્વસંયોગાઃ'** બતાવ્યું છે. જગતમાં બનનાર સંયોગમાત્ર અનિત્ય છે. એ શાશ્વત કાળ ટકી શકે નહિ. એટલે આપણે તો સંયોગને ઊભો થતાં જ ઓળખનારા હોઈએ, કે આ અનિત્ય છે. ટકનારી, સ્થિર રહેનારી ચીજ નહિ. એ ઓળખાણ એ વિવેક સંયોગ થતાં જ હોય; પછી એ સંયોગ જવા પર શોક શો થાય ? ઇંદ્રજાળ, મેઘધનુષ્ય, સંધ્યાના રંગ, પાણીનો પરપોટો, સમુદ્રનું મોજું, વગેરે થતાં જ એની અસ્થિરતાની ખબર છે તો એ વિખરાઈ જવા પર શોક ક્યાં થાય છે ? આમ કહીને અભયકુમારે એ સૂચવ્યું કે સંયોગની નાશવંતતા બતાવનાર જિનમતના જાણકાર તમારે પુત્રસંયોગનો નાશ થવા પર શોક ક્યાં થાય છે ? આમ કહીને અભયકુમારે એ સૂચવ્યું કે સંયોગની નાશવંતતા બતાવનાર જિનમતના જાણકાર તમારે પુત્રસંયોગનો નાશ થવા પર શોક ન કરવો જોઈએ. એવું કરો તો જિનમત લાજે, જિનમત પામ્યાને કલંક લાગે.



બીજી મહત્ત્વની વાત આ કરી કે આત્મા માટે જીવન એ કોઈ ઘરેણું નથી, સૌંદર્ય નથી, શોભા નથી, પરંતુ વિકૃતિ છે, વિકાર છે. આત્મા તો અરૂપી છે, નિર્બંધ છે, પણ જીવન એ શરીરનું બંધન ઊભુ કરે છે. ત્યારે મૃત્યુ તો એ બંધનથી છોડાવનાર, એ બંધનરહિત પૂર્વના જેવી સહજ સ્થિતિ કરનાર પ્રકૃતિ છે.

**મૃત્યુ એ બીજી રીતે પ્રકૃતિ આમ, કે** મરેલાને સહેજે જનમવું જ પડે એવો નિયમ નથી, પરંતુ જનમેલાને તો અવશ્ય મરવું જ પડે એ નિયમ છે. એટલે મૃત્યુની પાછળ જનમ સહજ નહિ ત્યારે જનમની પાછળ મૃત્યુ સહજ છે, સ્વાભાવિક છે, પ્રાકૃતિક છે. જેમ કર્મ બાંધવાનું સહજ નહિ, પણ બંધાયેલાને ભોગવવું પડે એ અર્થાત્ કર્મભોગ કર્મવિપાક એ સહજ તો જૈન મતના કહેલા આ પદાર્થને સમજનાર માણસ કર્મભોગ કર્મવિપાકમાં મુંઝાતો નથી એમ સહજ એવા મૃત્યુ પર શું કામ મુંઝાય ?

અભયકુમાર જિનવચનોક્ત તત્વની સમજનો માથે ભારે યાદ કરાવ્યો, તેથી સુલસા જે મહાવીર પ્રભુ પર અથાગ રાગવાળી હતી પ્રભુનાં વચન પર સર્વેસર્વા શ્રદ્ધાવાળી હતી, એ તરત સાવધાન થઈ ગઈ કે, હું તો પ્રભુનાં વચનને સમજનારી; મારાથી શોક કેમ કરાય ? વળી મૃત્યુ પુત્રોનું જ શું મારું પણ સહજ અવશ્યંભાવી છે. તો પુત્ર મરણ પર શોક શો ? દીકરાઓ આ જનમમાં આવી પ્રભુની પ્રભુના ધર્મની, જે યત્કિંચિત્ આરાધના કરી ગયા એની અનુમોદના જ રાખું. મૃત્યુનો શોક કરવા બેસતાં આ સુકૃત-અનુમોદના ભૂલી જવાય છે. શોકમાં કમાવાનું કાંઈ નહિ, ઊલટું સમાધિ ગુમાવવાની થાય. એવું શા માટે કરું ?'

સુલસાએ તરત મન વાળી લીધું એ અભયકુમારને હાથ જોડીને કહે છે, તમારી વાત તદ્દન સાચી છે. હું એને માથે ચડાવી તમારો ઉપકાર માનું છું. બસ, અભયકુમારના મનને સંતોષ થયો, ત્યાંથી વિદાય લીધી. નાગરથિકના મન પરથી પણ શોકનો ભાર ઓછો થઈ ગયો. કાંઈક રહ્યો સહ્યો હશે તે સુલસાએ સમજાવીને કઢાવી નાખ્યો, નાગરથિકને સુલસાના પહેલાના શબ્દ યાદ આવ્યા કે પુત્રની લાલસા કરો છો, પણ કોને ખબર કે પુત્ર કેવા પાક્યા, અને એના ક્યારે કેવા વિયોગ થાય ? બસ એણે પણ મન વાળી દીધું.

અહીં આ જોવા જેવું છે કે અભયકુમાર બુદ્ધિના નિધાન છે, કેઈ તર્ક-દલીલ ગોઠવી શકે. પરંતુ એમણે તો જિનવચનની સમજનો ભારયાદ કરાવ્યો, એ બતાવે છે કે પોતાની પાસે અથાગ બુદ્ધિ અક્કલ હોશિયારી હોવા છતાં અભયકુમારે પોતે શરણ જિનવચનનું રાખેલું છે; જેમ બાળક માતાના વચનનું શરણ રાખે એમ.

કેમ પોતે બુદ્ધિનિધાન છતાં આવી બાળક જેવી પરાધીન શરણાગતિ ?

કારણ એ, કે લોકાલોકના અનંતાનંતકાળના પદાર્થોને પ્રત્યક્ષ જોનાર જિનેશ્વરદેવનું જ્ઞાન ક્યાં ? ને એની આગળ સમુદ્રમાં બિન્દુ તુલ્ય આપણી બુદ્ધિ ક્યાં ? સુલસાને પણ એ જ **જિનવચનં શરણં** ની મુખ્યતા મહત્તા ઉપર બત્રીસે પુત્રોના એક સાથે મૃત્યુ પરનો શોક શાંત થઈ ગયો. બંનેના દિલમાં **જિનવચન પર જે અથાગ માન છે, એનાં માથે જે ભાર છે હૈયે જે મહત્ત્વ છે, એ એક ઊંચી ધર્મપરિણતિ છે.**

**જિનેશ્વરભગવંત આગળ પોતાનું અભિમાન ઓસરી જાય, જિનવચનની સામે પોતાની બુદ્ધિનું અભિમાન ઓસરી જાય, એ ધર્મ પરિણતિ છે.**

ત્યારે આ ધર્મપરિણતિમાં દિનતા આવે છે, સુસ્તી આવે છે, એમ સમજતા નહિ. એમાં તો સત્ત્વ ખીલે છે, મસ્તી આવે છે; ઇંદ્રભૂતિ ગૌતમ પંડિતને મહાવીર પ્રભુ પહેલ વહેલા જોવા મળતાં અને પ્રભુના શ્રીમુખેથી પોતાના દિલનો સંશય પ્રગટ થતો સાંભળવા મળતાં એવાં પ્રભુની ને પ્રભુના વચનની સામે એમને પોતાનું અને પોતાની પંડિતાઈનું અભિમાન ઓસરી ગયું એને શું કહેશો ? શું ઇંદ્રભૂતિ દીન બન્યા કાયર નિઃસત્ત્વ બન્યા કહેશો ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૨૦,અંક-૪૪,તા.૨૨-૭-૧૯૭૨**

બહુ બુદ્ધિ ઉપર પણ અભિમાન થતું રોકવા માટે સત્ત્વ જોઈએ છે. ક્રોધ માન માયા લોભ એ ચારે કષાયોને વશ થયું એ તો નિઃસત્ત્વતા છે, ક્ષુદ્ર જન્તુ પણ એમાં ફસાય છે. સત્ત્વ તો, એ, કે એને રોકવા, દબાવવા, નામશેષ કરવા પ્રભુનું અને પ્રભુનાં વચનનું શરણું લેવાથી એ બને; ને એમ બનાવવું એ તો સત્ત્વ છે. સાત્ત્વિકતા છે.

**પ્રભુના શરણથી કષાયો કેમ શમે ?**

આ રીતે શમે કે એ વિચારવાનું કે-

(૧) મારા વીર પ્રભુને કેટલા બધા ઘોર ઉપસર્ગ આવ્યા ? છતાં એમણે શાંતિ રાખી તો મારા પર એવા તે શા ઉપસર્ગ ઉપદ્રવ છે કે હું ઊકળી ઊઠું ? ક્રોધ કરું ?

(૨) પ્રભુ પાસે અનંતજ્ઞાન અનંતસમૃદ્ધિ-સન્માન હતા એની આગળ મારી પાસે કેટલી બુદ્ધિ ? કેટલી સમૃદ્ધિ-સન્માન ? શાનું અભિમાન રાખું ?

(૩) પ્રભુને બધું અપૂર્વ, જ્ઞાન અપૂર્વ, બળ અપૂર્વ, સમૃદ્ધિ પુણ્યાઈ...બધું અપૂર્વ; છતાં પ્રભુ તદ્દન સરળ નિખાલસ રહ્યા, તો મારી પાસે તો કેટલું છે ? ને



અલ્પપુણ્યવાળા મને એવા તે કયાં સામ્રાજ્ય મળે એમ છે કે હું માયા પ્રપંચ કરું ?

(૪) પ્રભુની સેવામાં મહા દેવતાઈ તાકાતવાળા ઇંદ્રો અને દેવતાઓ, હાજર છતાં પ્રભુએ એમની પાસે કશું કરાવી લેવાનો કે મેળવી લેવાનો લેશમાત્ર લોભ ન કર્યો, તેમ ઇંદ્રો પર મારા ભક્ત એવી મમતા ન કરી, તો મારી પાસે સેવામાં એવો એક પણ દેવતા ય ક્યાં છે ? કે ધાર્યું કયું વિશાલ સુખ વિશાળ સગવડ મળી જવાના છે તે હું લોભ કરું ?કે એવું તે કયું સુખ મળી જવા પર પરિવાર ઉપર મમતા કરું ?"

આ વિવેકથી કષાયને દબાવવા એ સત્ત્વ છે. એ જિન અને જિનવચનનું શરણું લેવાથી બને. સુલસામાં એ શરણભાવ હતો. એટલે એ સત્ત્વ હતું, સાત્ત્વિકતા હતી; એણે પુત્રમરણનો શોક દબાવી દીધો. આ શરણભાવ એ એક ઉત્તમ ધર્મપરિણતિ છે, અને એના પર સત્ત્વ વિકસે છે. આપણે સાત્ત્વિક બનવા ઇચ્છીએ છીએ ? સત્ત્વ ખીલવીએ તો સાત્ત્વિક બનાય. 'સત્ત્વ' એટલે જેનાથી આપત્તિમાં ધૈર્ય, નિર્ભયતા રહે; પ્રતિકૂળમાં સૌમ્યતા, અ-વિહ્વળતા રહે; અનુકૂળમાં અતિ હરખ નહિ, રાગમૂઢતા નહિ.

**મોહની, કષાયોની, લાગણીઓથી પકડાઈ ન જવાય એવું સામર્થ્ય તે સત્ત્વ.**

સહેલું નથી આ; લાખ રૂપિયા ખોયા ને મન દીન દુઃખિયારું ન બને; લાખ કમાયા ને મનને આનંદ આનંદ ન થાય; ચોર આવ્યા ને ગભરામણ ન થાય;- આ કાંઈ સહેલું નથી. પરંતુ પ્રભુનું શરણ લેનારને એ સહેલું થઈ જાય છે. પૂછો,-

**પ્ર.- પ્રભુનું શરણું લેવાથી સત્ત્વ સહેલું કેમ બને ?**

ઉ.- આ રીતે બને, કે દુન્યવી લાભાલાભ કરતાં શરણભૂત અરિહંત પરમાત્માને મહત્ત્વના માન્યા, દુન્યવી લાખો રૂપિયાનો લાભ કિંમતનો નથી, મારા અરિહંત પરમાત્મા કિંમતી છે. એ પ્રભુ જ અંતકાળે શાંતિ આપે છે, પરભવે શરણ રક્ષણ આપે છે; એટલે મારે એમનું જ શરણું હો, એ જ મારા જીવન આધાર, આમ માન્યું પછી આત્મામાં એવું સામર્થ્ય ઊભું થાય છે કે જે પેલા દુન્યવી લાભમાં અંધરાગથી લહેવાઈ ન જવા દે; એમ દુન્યવી આપત્તિમાં પણ પ્રભુની ઓથ ઉપર કરમાવા દે નહિ. જો મારે મારા પ્રભુ સલામત છે, તો દુન્યવી આપત્તિમાં મારે કશું ગયું નથીં આમ વિશ્વશ્રેષ્ઠ પ્રભુ આધાર મળ્યા પર મસ્તી રહે છે. એ એવું સામર્થ્ય આપે છે કે આપત્તિમાં દ્વેષ-દીનતાદિ ન કરવા દે.

સુલસામાં પ્રભુશ્રી મહાવીર ભગવાન પ્રત્યે આ શરણભાવ હતો. તેથી એનામાં સત્ત્વ હતું. એટલે દેવપરીક્ષામાં એ સત્ત્વથી ધર્મપરિણતિ અખંડ જાળવી રાખી, અને એના પુત્રો બત્રીસે એક સાથે મરવા પર પણ અભયકુમારના એક

ઈસારે એ સ્વસ્થ બની ગઈ. હવે જુઓ કે સત્ત્વભરી ધર્મપરિણતિ પર અંબડ પરિવ્રાજકની પરીક્ષામાં એ કેવી પાર ઊતરે છે. આ અંબડ નામનો પરિવ્રાજક યાને સંન્યાસી હવે તો માત્ર વેશથી પરિવ્રાજક છે, બાકી તો એ ભગવાન મહાવીર દેવથી સમ્યકત્વ સહિત શ્રાવકનાં વ્રતો પામેલો છે.

ચંપા નગરીમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્મા બિરાજમાન છે. ત્યાં અંબડ પરિવ્રાજક વિદ્યાના બળે શ્રી શત્રુંજયાદિ તીર્થની યાત્રા કરતો કરતો આવે છે. અહીં ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામીજીનાં પાંચે કલ્યાણક પ્રસંગ બનેલા છે. એટલે પ્રભુના મહાન તીર્થની સ્પર્શના કરીને ભગવાન શ્રી મહાવીર પ્રભુ પાસે આવી પ્રભુની વંદના ઉપાસના કરે છે પછી આગળ તીર્થની યાત્રાએ જવું છે તેથી પ્રભુને કહે છે;-

'ભગવાન્ ! હું રાજગૃહી જાઉં છું; કોઈ આજ્ઞા ?'

ત્રિલોકનાથ ચોવીસમાં તીર્થપતિ કહે છે, ત્યાં રાજગૃહીમાં સુલસાને અમારા વતી ધર્મલાભ કહેજો, ધર્મપ્રવૃત્તિના ખબર પૂછજો.'

અંબડને આ સાંભળતા આશ્ચર્ય થાય છે કે એવડી મોટી રાજગૃહીમાં પ્રભુને ઉચ્ચ કોટિના આત્મા તરીકે એક સુલસા જ જડી ? તે એને સંદેશો કહેવડાવે છે ? અને એક ગૃહસ્થ બાઈ ઘર સંસારના ષટ્કાયજીવોના સંહારખાનામાં બેઠેલી, એને આવા મોટા પ્રભુ, ઇંદ્રોના પૂજ્ય અને ગણધર ભગવંતોના ગુરુ સંદેશો કહેવડાવે ?' પરંતુ આ ગમે તેટલું આશ્ચર્ય થતું હોય, છતાં શું પ્રભુને એવો સવાલ કરાય ખરો કે હે પ્રભુ ! તે એ જ કેમ આપને જડી ? બીજા કોઈને સંદેશો નહિ ? એનામાં શું દૈવત છે ?'...ઇત્યાદિ કશું પૂછી શકાય ? ના, પ્રભુ સર્વજ્ઞ વીતરાગ છે, વળી આપણા સ્વામી છે એમના આદેશ ઉપર પ્રશ્ન ન કરાય.

**ગુરુકથન સામે પ્રશ્નમાં ઘમંડ કેમ ? :-**

પ્રભુ તો સર્વજ્ઞ છે, પણ અસર્વજ્ઞ ગુરુ હોય તો ય શું ? એમના આદેશ પર તર્ક-વિતર્ક ન કરાય. એમ કરવામાં પોતાનું ઘમંડ અભિમાન પોષાય છે, ગુરુ માટે એક હલકો ભાવ ઊભો થાય છે; ને એ એવાં થવામાં અંતરમાં અભિમાન છે કે હું વધારે સમજદાર છું, ને ગુરુ આટલું નથી સમજતા લાગતા, તેથી પૂછવા દે.'

**પ્ર.**- પરંતુ રહસ્યની જિજ્ઞાસાથી ન પૂછાય ?

ઉ.- પૂછાય; પરંતુ,

**ગુર્વાદેશ પર પ્રશ્ન પહેલાં (૧) આદેશને સાંગોપાંગ આદર અને આનંદ સાથે વધાવી લો, (૨) ગુરુનો આદેશ મળવા પર અહોભાગ્ય અને ઉપકાર માનો, (૩) અને આદેશનો અમલ કરી આવો, પછી રહસ્ય પૂછજો.**



આદર અને આનંદ સાથે આદેશ વધાવવો, સ્વીકારી લેવો; એટલે મનને એમ થાય કે અહો ! ગુરુ દેવની કેવી અપરંપાર કરુણા ! અને મારાં કેવા અહોભાગ્ય કે એઓશ્રીએ મને આ આદેશ ફરમાવ્યો દા.ત. પ્રભુની સુલસા ઉપર પણ કેટલી બધી કૃપાદૃષ્ટિ કે એને આ સંદેશો ફરમાવે છે ! બીજાને નહિ, અને માત્ર એને આ સંદેશો ફરમાવે છે. એમાં કેવું ગહન રહસ્ય રહેલું હશે ! મારા ગુરુ તો અગાધ જ્ઞાની અનુભવી, એમની આગળ હું કૂપમંડૂક, કૂવાના દેડકા જેવો, એઓશ્રીના કોઈ ગંભીર હેતુને હું સમજી શકું ? ગુરુ મારા દરિયાવ દિલના છે,...' આવું આવું મનને થાય, એ ગુરુ પ્રત્યે અનહદ આદર બહુમાન જાગતું કહેવાય, આનંદ ઉભરાયો ગણાય. ગુરુની પ્રત્યે સચોટ શ્રદ્ધા જાગતી છે એમ મનાય. ત્યારે પૂછો-

**પ્ર.**- અહીં તો ગુરુ શ્રી મહાવીર ભગવાન સર્વજ્ઞ છે, વીતરાગ પરમાત્મા છે, એટલે એમાં વચન પર તો કશું વિચારવાનું જ ન હોય, છતાં અંબડને આશ્ચર્ય થયું તો શું એનામાં પ્રભુ પ્રત્યે ઓછી શ્રદ્ધા હશે ?

ઉ.- અંબડ પરિવ્રાજક પણ એક મહાન આત્મા છે, એનામાં ઓછી શ્રદ્ધા કે વધારે ? એ વિચારવાનું કામ આપણું નહિ, આપણે પહેલાં આપણી શ્રદ્ધા મજબૂત કરો, આપણા આત્માની એવી ચિંતા મુખ્ય રાખો, અને આપણું શું કર્તવ્ય છે એજ વારંવાર મુખ્યપણે વિચાર્યા કરો, બાકી જે અંબડ પરિવ્રાજક આગળ પર સુલસાને સંદેશો કહેતાં પહેલાં ચકાસે છે, એમાં સુલસાનું જે એ સત્ત્વ જોવા પામે છે તથા સંદેશો સાંભળતા સુલસાની જે અદ્ભુત લાગણી જોવાનું એને મળે છે, એમાં કોને ખબર પ્રભુને અંબડની શ્રદ્ધા વધુ મજબુત કરવાનો આશય હોય તો ? માટે આપણું કર્તવ્ય (૧) ગુરુના આદેશને અતિ આદર અને આનંદ સાથે વધાવી લેવાનું, અને (૨) એનો નિઃશંક અમલ કરવાનું.

અંબડે પ્રભુનાં વચનને બે હાથ જોડી તહત્તિ તથાસ્તુ કરી લીધું. આવ્યો એ રાજગૃહીમાં સુલસાનાં આંગણે. જેવો એ એની દૃષ્ટિમાં ઘરનાં બારણે જઈ ઊભો રહે છે, કે તરત સુલસા એના તરફથી બીજી બાજુ મોં ફેરવી લે છે.

**સુલસાએ કેમ મોઢું ફેરવી લીધું ?**

એટલા જ માટે કે એને સન્યાસીરૂપે જોઈ મનમાં ભય થાય છે કે રખેને કુગુરુ સામે દૃષ્ટિ નાખું ને મારું અનંતકાળે પણ પામવું દોહિલું સમ્યકત્વરત્ન મેલું થાય તો ?' એમાં સમકિત મેલું થાય ? હાં, સમકિત એટલે સુદેવ સુગુરુ-સુધર્મ પર અનન્ય શ્રદ્ધા બહુમાન આદર પ્રીતિ. (૧) શ્રદ્ધા એટલી બધી કે એ જ તરણતારણ લાગે, બીજા કુદેવાદિ ય નહિ, ને જગતના વિષયો પણ નહિ; (૨) બહુમાન આદર એટલો બધો કે જોવા લાયક, સંગ કરવા લાયક, વાત કરવા લાયક, ને

સત્કારવા સન્માનવા પૂજવા લાયક એજ લાગે. કુદેવાદિ પ્રત્યે સહેજ પણ આદરની બહુમાનની દૃષ્ટિ નહિ. એમનું કશું મૂલ્યાંકન મહત્વ નહિ. ત્યારે (૩) પ્રીતિ સુદેવાદિ ઉપર એટલી બધી હોય કે હાલતાં ને ચાલતાં એ યાદ આવ્યા કરે, એમનામાં અથાગ સૌંદર્ય દેખાય, જેમ બાળકને માતા ઉપર, જેમ નવોઢા પત્નીને મન-મનગમતા પતિ ઉપર એમ સમકિતીને સુદેવ સુગુરુ ઉપર અનહત પ્રેમ ઉભરાયા કરે; કલેજુ એમાં જ ઠરે, આંખ એમાં જ લીન થઈ જાય, એમના વિના બીજે ફાવે નહિ...

સુલસા જુએ છે કે પરિવ્રાજક સંન્યાસી સામે દૃષ્ટિ સહેજ નાખું એમાં નથી ને જરાક એના પર આદર આવી ગયો કે આય એમ તો ત્યાગી છે ને ? તો સમકિત મલિન થાય.

**પ્ર.**- કુગુરુની માત્ર સામે જોવામાં બગડી જાય ?

**ઉ.**- હા, સામે જોવામાં સંભવ છે. પોતાના દાક્ષિણ્ય સ્વભાવને લીધે, કોમળ પ્રેમાળ સ્વભાવને લઈને, સામે આવેલા કુગુરુ પ્રત્યે સહેજ પણ દાક્ષિણ્યની સત્કારની દૃષ્ટિ પણ બને; તો એ સમ્યક્તત્ત્વની શ્રદ્ધાને આંચ લગાડનાર બને છે.

**કુગુરુ સામે જોવામાં સમ્યકત્વ કેમ મેલું થાય ? :-**

**સમ્યક્ તત્ત્વની શ્રદ્ધા એટલે** સત્ તત્ત્વનો અભિનિવેશ, આગ્રહ. એ આગ્રહ હોય પછી મિથ્યા તત્ત્વનું મિથ્યા તત્ત્વનો ભેખ લઈ ફરનાર કુગુરુનું જરાય સન્માન ન થાય. જેમ સત્યના આગ્રહવાળો જૂઠનું ને જૂઠનો ભેખ લઈ ફરનારનું જરાય સન્માન ન કરે. જો એ કરે તો સત્યનો આગ્રહ ક્યાં રહ્યો ? દેશપ્રેમના આગ્રહવાળો અગર છે, દેશદ્રોહીનું દેશ વિરોધીનું સન્માન કરે તો એને દેશ પ્રેમનો આગ્રહ શાનો ? બસ એવી રીતે જેને સર્વજ્ઞકથિત તત્ત્વ પર અને સુદેવ-સુગુરુ-સદ્ધર્મ પર આગ્રહ છે. એ મિથ્યાજ્ઞાની કથિત મિથ્યા તત્ત્વ કે એ તત્ત્વના ભેખવાળાને સહેજ પણ શાનો આવકારે ? કુગુરુની સામે જોવામાં, એનું ભાષણ સાંભળવામાં કે એની સાથે વાત પણ કરવામાં સંભવ છે. આપણી આંખના એક ખૂણા પર પણ દાક્ષિણ્યની પ્રેમની સત્કારની સહેજ છાયા પણ આવી જાય ત્યાં સમ્યક્ત્વનો આગ્રહ-અભિનિવેશ ઘવાય. માટે કહો સહેજે જોવામાં પણ બગડી જાય.

ત્યારે સુલસા તો સમજે છે કે આ સત્ તત્ત્વની શ્રદ્ધા અભિનિવેશ આગ્રહરૂપ સમ્યગ્દર્શન મિથ્યાતત્ત્વથી ખચ ભરેલા આ સંસારમાં અનંતા કાળે પણ પામવું ક્યાં સહેલં છે ? ત્યારે,

**જીવની કિંમત દિલ પર છે.**

બહારમાં ધનના ઢગલા મળ્યા કે, મોટા રાજપાટ કે દેવતાઈ વિમાન મળ્યા, યા અપ્સરા જેવી રમણીઓ કે દુનિયાની મોટી ખ્યાતિ યા સન્માન મળ્યા, એના પર



જીવની કિંમત નથી, અથવા દિવ્ય રૂપ સૌંદર્યવાળી કે ભારે વિદ્વત્તા પંડિતાઈવાળી કાયા મળી, એના પર જીવની કિંમત નથી. કેમકે એ કોઈ જીવને રોગ આપત્તિ અકસ્માત આવે મૃત્યુ આવે ત્યારે કશી શાંતિ સમાધિ સાત્ત્વિકતા આપી શકે નહિ. એ તો બચાવનાર સમ્યગ્દર્શનવાળું દિલ છે. વૈરાગ્યભાવવાળું દિલ છે. એવા દિલ વિનાનો કદાચ મોટી તપસ્યા પણ કરે, કે દાન દે, યા શીલ વ્રત ચારિત્ર પણ પાળે, તો ય એને રોગ આપત્તિ અંતકાળ અને પરલોકમાં શાંતિ સમાધિ સ્વસ્થતા મળી શકે નહિ. પછી દિલ વિનાના ઉગ્ર તપ-દાન-ચારિત્રની પણ કિંમત ક્યાં રહી ? માટે કહો, જીવની કિંમત દિલ પર છે, સમ્યકત્વવાળા કે સમ્યકત્વની સન્મુખ કરનારા શુદ્ધ વૈરાગ્યવાળા દિલ પરજીવની કિંમત છે. એવા દિલ વિનાના જીવને તો કર્મસત્તા એક ઈંટના રોડાની જેમ ઠેબે ચડાવે છે. કુવિકલ્પો ફાવે તેમ જીવને સતાવે છે. માટે આ જીવનમાં મુખ્ય કામ શુદ્ધ દિલ બનાવવાનું કરો.

કિંમત સમ્યગ્દર્શનવાળા દિલની, એને બરાબર અખંડ સાચવી લેવા માટે સુલસા સજાગ છે. તેથી એને એ સમ્યગ્દર્શનને સત્તત્ત્વના આગ્રહને સહેજ પણ ખંડિત મલિન કરનાર કુદેવદર્શન કુગુરુસન્માન કે મિથ્યાધર્મના ઉત્સવાદિનું દર્શન ખપતું નથી. સંન્યાસીના વેશમાં આવેલ અંબડના સામેથી પોતાની દૃષ્ટિ તરત જ બીજી દિશામાં વાળી દીધી.

**અંબડ હવે સાધુના વેશે :-**

ત્યારે હવે અબંડ પરિવ્રાજક સાધુનો વેશ કરીને આવે છે, તો સુલસા આવકારે છે, પરંતુ જ્યાં એ અનુચિત અકલ્પ્ય વસ્તુની માગણી કરે છે કે તરત સુલસા વહેમાય છે, કે આ બનાવટી સાધુ યા પતિત સાધુ લાગે છે. એટલે તરત જ મોં બગાડી આદર ઉઠાવી લઈ કહી દે છે કે પધારો સાધુ છો કે કોણ છો ? આવું મંગાય શું; ઈચ્છાય પણ નહિ. ફોગટ ભગવાનના પવિત્ર વેશને લજવો છો ? ને ભોળાને ઠગો છો ? જાઓ અહીંથી એમ કહીને પોતે પોતાના કામમાં વળગી.

અંબડે જોયું કે સુલસા છે તો પક્કી પણ આવા મોટા ત્રિભુવનગુરુ મહાવીરપ્રભુએ શું સમ્યકત્વની આટલી જ મક્કમતા પર એને સંદેશો કહેવરાવ્યો હશે ? કે આથી ય વિશેષ મક્કમતા પર ? લાવ, જરા એ જોઉં કે લૌકિક દેવની ચમત્કારિક ઘટના જોવાનું એને કૌતુક થાય છે કે નહિ ? ચમત્કારમાં જીવ સહેજે આકર્ષાય. માટે એવો ચમત્કાર બતાવું.

**અંબડનો ચમત્કાર :-**

બસ, હવે અંબડે આ ઘાટ ઘડ્યો, અબંડ પોતે વિદ્યાઓનો જાણકાર છે, વિદ્યાથી નવનવાં રૂપ કરતાં આવડે છે; તેથી નગરનાં એક દરવાજા બહાર એણે

જીવતા જાગતા ચતુર્મુખ બ્રહ્માનું રૂપ બનાવ્યું. આકાશમાંથી ઊતરે છે એ જોતાં જ લોકો આ શું ? આ શું ?' એમ આશ્ચર્ય પામતા જોવા દોડે છે. નગર બહાર કમળ ઉપર બ્રહ્મા ગોઠવાઈ જાય છે. એક શરીર અને ચાર મોંઢાં ચારે બાજુ વાણી રેલાવે છે. લોકોનાં ટોળે ટોળાં આવે છે; જોઈ જોઈને ચકિત થઈ જાય છે. બ્રહ્માએ આસન બહુ ઊંચુ રાખ્યું છે એટલે એ રૂપમાં અંબડ જોઈ શકે છે કે નગરમાંથી કોણ કોણ આવેલ છે. આવનારમાં ક્યાંય સુલસા દેખાય ? ભગવાન ભગવાન કરો, એ શાની દેખાય ? અબંડ ઘણા ય ફાંફા મારે છે, પણ સુલસા જોવા નથી મળતી.

જોઈને જનારી પાડોશણો સુલસાને કહે છે, અલી બાઈ ! જા જા શું અહીં બેસી રહી છે ? આ જ તો બ્રહ્માજી સાક્ષાત્ પધાર્યા છે. મોડું કરીશ તો કોને ખબર, આ તો ભગવાનનાં કામ, તરત અલોપે ય થઈ જાય; તો જોવા રહી જશે.

પણ સુલસાનું રુંવાડું ય ફરકતું નથી. એને રુંવાડે ય કૌતુક નથી કે લાવ જોઉં કેવાક હશે એ ? એ કહે છે મારે કાંઈ નથી જોવા.

અરે પણ આ તો આખા જગતના સરજનહાર આપણને પણ માતાના પેટમાં એમણે ઘડેલા.

સુલસા કહે ખોટી વાતો ન કરો. તો પછી કેમ બધાને રૂપાળા ન ઘડ્યા ?

તે સૌ સૌના કરમ તો કામ કરે ને ?

તો પછી એમ જ કહોને કે આપણને કર્મે ઘડ્યા. કર્મ આગળ બ્રહ્માનું ય ચાલે નહિ; તો પછી ઘડનાર કર્મ જ કહેવાય, બ્રહ્મા શાના ?

'અરે ! કર્મ પ્રમાણે શરીર તો મળે, પણ જેમ માટી પ્રમાણે ઘડો બને છતાં બનાવનાર કુંભાર જોઈએ, એમ અહીં બનાવનાર. બ્રહ્મા ન જોઈએ ?

'ના, માટીનો તો પોતાનો જ ઘડો આકાર બને છે, એટલે એ બનાવવા કુંભાર જોઈએ; પણ કર્મનું પોતાનું શરીર નથી બનતું. શરીર તો અન્નાદિ પદાર્થનું બને છે. ત્યાં બનાવનાર કોઈ જોઈએ, અને એ જ કર્મ. કેમકે એ સ્વતંત્ર છે. માટે કર્મ એ જ બ્રહ્મા, એજ બનાવનાર. જો બીજા બ્રહ્માને બનાવનાર માનીએ તો એમને પાછું કુંભારના જેવું શરીર જોઈએ. એ શરીર વળી ક્યાં બ્રહ્માજી બનાવે ? ત્યારે જો એ શરીર સૂક્ષ્મ હોય તો આપણું શરીર એ કેમ ઘડી શકે ? ત્યારે જો શરીર સ્થૂલ હોય તો માતાના પેટમાં પેસે કેવી રીતે અને પેટમાં માય ક્યાં ? માટે બ્રહ્મા સરજનહાર એ બધી વાત ખોટી.'

પેલી પાડોશણો બિચારી શો જવાબ આપી શકે ? ચૂપ થઈને ચાલી ગઈ.

હવે અંબડે એ રૂપ સંકેલી લીધું અને એ નગરના બીજે દરવાજે જઈ ઉપરથી શંકરજીનું રૂપ ઉતારે છે. લોકો નગરમાંથી એ જોતાં દોડ્યા એ દરવાજા



તરફ....તમાસાને તેડું નહિ. ધર્મના કામ માટે આમંત્રણ પત્રિકા મોકલવી પડે. તો ય એટલું લોક ન આવે. પણ કોઈ ભવાઈ કે જાદુગરના ખેલ થતા હોય તો લોકને ખબર પડી એટલી વાર ત્યાં વગર આમંત્રણ પત્રિકાએ દોડ્યા આવે.

ત્યારે આના પરથી જીવનો અનાદિનો રસ જોવા જેવો છે કે રસ કૌતુક તમાશાનો કેટલો ? અને ધર્મનો કેટલો ? ધર્મનો રસ અનાદિનો છે નહિ, ને મોક્ષાર્થી જીવે એ ઊભો કર્યા વિના ચાલે એમ નથી...કેમકે

**ધર્મનો રસ હોય તો જ જીવ ધર્મમાં દિલથી જોડાય. દિલથી જોડાયા વિના ભાવ ન જાગે. ભાવ વિનાનો ધર્મ મોક્ષ ન સાધી આપે.**

સંસારમાં ય જુઓ, દિલ વિનાનું કામ લુખ્ખું, ભાવ વિનાનું, ભાવ વિનાની ક્રિયાની કિંમત કેટલી ? આજે કોઈ શેઠિયાની પૂજા હોય તો સારા સારા ઘણા માણસો પૂજામાં આવે છે. શું એ પૂજાના રસથી આવે છે ? ના, એ તો પેલા પૂજાવાળા શેઠિયાનું મોંઢું સાચવવા આવે છે. રસ છે મોંઢું સાચવવાનો; પછી પૂજામાં દિલ ક્યાંથી ભળે ? તમાશો હોય તો દિલથી જોવા જાય, દિલથી જુએ, કેમકે રસ છે. ત્યાં આમંત્રણ તો નહિ, કિન્તુ જાતે દોડીને ઉપરથી ખીસાના પૈસે ટિકિટ ખરીદીને જાય. તે ય ટિકિટની ખરીદીમાં પડા પડી ? આજે સિનેમાની ટિકિટમાં કાળાબજાર ચાલે છે ને ? ક્રિકેટ મેચ જોવાની ટિકિટો ભારે રકમ ખરચીને ખરીદાય છે ને ? વર્ષભરના એવા ખરચના ચોથા ભાગનો ખરચ પ્રભુભક્તિમાં ખરો ? સંઘભક્તિમાં ? શાસ્ત્ર લખાવવામાં ? ધર્મસાહિત્ય ખરીદવામાં ? ના, કેમ નહિ, કહો પેલા સિનેમા વગેરે વિષયનો રસ છે. અહીં ધર્મનો રસ નથી. આ જો પરિસ્થિતિ હોય તો,

**જાલિમ વિષયરસની સામે ધર્મરસ જગાવવા માટે કેટલી મહેનત જોઈએ ? કેટલો ભોગ આપવો પડે ? કેટલું સહન પણ કરવું પડે ?**

ઉદ્યોગ મહેનત રસ જગાવે છે. એક કાર્યની પાછળ સતત મહેનત કરો એટલે એનો રસ જાગવા માંડે. દાન દેતાં દેતાં દાનનો રસ જાગે છે. સેવા કરતાં કરતાં સેવાનો. તપ કરતાં કરતાં તપનો, ત્યાગ કરતાં કરતાં ત્યાગનો રસ જાગે છે; અલબત લક્ષ જોઈએ કે મારે દુનિયાની વસ્તુના દુન્યવી ક્રિયાના રસ ભૂલી આ ધર્મના જ રસ જગાવવા છે, માટે સાધના કર્યે જાઉં, અનંતા આત્માઓને એ જ રીતે રસ જાગ્યા છે. કોઈને પહેલા અનાદિ કાળથી ધર્મના રસ હતા જ નહિ. એ તો ધર્મનો ઉદ્યોગ, ધર્મસાધના સતત ચલાવ્યે રાખી એથી ધર્મના રસ નવા જાગ્યા, તો મારે પણ એ જ રીતે ધર્મરસ જગાવવાનો. આવું ધર્મના રસ જગાવવાનું લક્ષ રાખીને ધર્મપ્રવૃત્તિઓ કર્યે જવાય, તો એ શું કામ ન જાગે ? ને રસ જાગ્યા પછી

તો ધર્મ દિલથી થવા માંડે. રસ જાગ્યે એટલે નોંતરાની અપેક્ષા ન રાખે કે દા.ત. વ્યાખ્યાન સાંભળવાનું નોંતરું મળે તો જ જાઉં, ઉત્સવમાં જોડાવાનું આમંત્રણ મળે તો જ જોડાઉં ના, વગર આમંત્રણે જવાશે.

**સુલસા કેમ ન દોડી ? :-**

લોકને તમાશાનો રસ છે તેથી જ્યાં ઊંચે આકાશમાંથી ઝનઝન અવાજ સાથે શંકરજી નીચે એક દરવાજા બહાર ઊતરતા દેખાય કે લોક દોડ્યું એ દરવાજાની બહાર વગર આમંત્રણે હોં, પરંતુ સુલસા દોડી ? ના શું ખબર નથી પડી એને ? ખબર તો પડી હોય. ન પડી હોય તો અંબડ ગમે તે રીતે ખબર પાડે એવો છે. એનું પારખું કરવા માટે તો આ બધો તાયફો કરી રહ્યા છે; એ એને ગમે તે પ્રકારે ખબર પાડ્યા વિના રહે ? એટલે સુલસાને ખબર તો પડી; તો પછી એ શું કામ ન દોડી ? કહો એને તમાશાનો રસ નહોતો. એના દિલમાં ધર્મની પરિણતિ એટલી સજ્જડ જામેલી હતી કે એને રસ ધર્મનો છે. શુદ્ધ ધર્મના રસ જાગે પછી તમાશાના રસ ઊડી જાય. કારણ ?

**ધર્મનો રસ જીવને ગંભીર અને ઉમદાગામી બનાવે છે, તમાશાના રસમાં છીછરાપણું રહે છે, તુચ્છતા રહે છે. ગંભીરતા આવે ત્યાં છીછરાપણું ન રહે, તમાશા જેવી છીછરી વાતો ન ટકે.**

આટલું ધ્યાનમાં રાખજો કે તમાશો જોવાનું મન થયું યા તમાશો કરવાનું દિલ થયું, તો ત્યાં સ્વભાવ તુચ્છ બન્યો હશે. સ્વભાવ ઉમદા જાળવી રાખવો હોય તો તમાશાના રસ કાઢી નાખવા પડે. ત્યારે અહીં સવાલ થાય કે

**પ્ર.-** તો પછી મોટા ચરિત્રકારો કથામાં ક્યારેક તમાશો ગોઠવે છે તો શું એમના સ્વભાવ તુચ્છ બનેલા ?

**પ્ર.-** ના, એ કાંઈ પોતાના રસથી નથી કરતા, કિન્તુ બાલ જીવોને ધર્મની કથા અને ઉપદેશ વાંચવા સાંભળવામાં રસ જળવાઈ રહે એ માટે માંહી તમાશો ગોઠવે છે. એટલા માટે તો ઉપદેશની કથાઓના ચાર પ્રકાર બતાવ્યા, આક્ષેપિણી કથા, વિક્ષેપિણી કથા, સંવેદની કથા, અને નિર્વેદીની કથા, એમાં આક્ષેપિણી કથા જીવોના આર્વજન-આકર્ષણ માટે હોય છે. જીવોને તમાશાની વાત કહેવાથી એ વક્તા કે ગ્રંથ તરફ આકર્ષાય, એટલે પછી એને ધર્મ અંગે ધાર્યું કહી શકાય.

**કુમારપાળ રાજાને તમાશો જોવા મળે છે :-**

રાજા કુમારપાળને મિથ્યાદષ્ટિ જોગી દેવબોધિએ કુમારપાળના પિતા તથા શિવજી દેખાડી પિતાને એમ બોલતા બતાવ્યા કે જો કુમારપાળ ! આ અમે મહાદેવજી પૂજાથી સ્વર્ગમાં ચડી ખૂબ આનંદમાં છીએ, માટે તું આપણા કુળધર્મને અને આ



મહાદેવજીની જ પૂજાને છોડતો નહિ.

કુમારપાળ આ જોઈ સાંભળીને એમ તો શાના આકર્ષાય ? જૈનધર્મની પાકી શ્રદ્ધાવાળા બનેલા છે. પણ પછીથી એ ગુરુશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ પાસે જઈ આ વાત કરીને પૂછે છે. હે પ્રભુ ! આ દેવબોધિ જોગીએ બતાવ્યું એનો અર્થ શો ? આ સાચું કે ખોટું ?'

હવે ગુરુ જુએ છે કે કુમારપાળ શ્રદ્ધાળુ છતાં એને આટલો ય પ્રશ્ન ઊઠ્યો એનું કારણ એના દિલમાં લેશ પણ તમાશા ચમત્કારનું મૂલ્યાંકન થયું છે. તેથી હવે એને તત્ત્વ સમજાવ્યું સીધું જ ગળે ન ઊતરે, તેમ તમાશાની અસર તદ્દન ભૂંસાઈ ન જાય. માટે હવે તો પહેલાં એને એથી ય મોટો તમાશો બતાવવો. એમ વિચાર કરીને બીજે દિવસે કુમારપાળને બોલાવી અંદરના ઓરડામાં લઈ ગયા. ત્યાં તો પેસતાં જ જે જોયું તેથી કુમારપાળ આભા જ બની ગયા. શું જોયું ?

કુમારપાળ જુએ છે તો ત્યાં ૨૪ તીર્થકર ભગવાન સિંહાસન પર બિરાજમાન છે, અને પોતાના પૂર્વજોની પરંપરા ભગવાનની પૂજા કરી રહી છે. ભગવાન પોતે કુમારપાળને કહે છે, જો કુમારપાળ ! આ તારા પૂર્વજો જૈનધર્મના પાલનથી કેટલા બધા સુખી છે ? પૂછ એમને જૈન ધર્મનો મહિમા. કુમારપાળ તો જોઈને સ્તબ્ધ જ થઈ જાય છે. એના મનને એમ થાય છે કે આ ક્યાં ? અને પેલા દેવબોધિનું ધતિંગ ક્યાં ? મેં ક્યાં એને મન પર લીધું ?

**તમાશા પર શું વિચારવું ? :-**

ત્યાં ગુરુ કહે છે, જો રાજન્ પેલી ય માયાજાળ અને આ પણ માયાજાળ. બંને દેખાય એ બનાવટી. સાચી તીર્થંકર ભગવાનની વાણી, અને સાચાં ભગવાને કહેલાં તત્ત્વ. આ તો તારું પેલાના ચમત્કાર તમાશા પર મન સહેજ મુંઝવણમાં પડ્યું એટલે તને આ તમાશો બતાવવો પડ્યો. બાકી તો તારે પેલાનો ચમત્કાર જોતા એ જ વિચારવા જેવું હતું કે ભગવાનનાં ત્રિકાળાબાધ્ય ટંકશાળી તત્ત્વ શું કહે છે ? જિનેન્દ્ર ભગવાને બતાવેલ ત્રિકોટિ પરિશુદ્ધ કષ-છેદ-તાપની પરીક્ષામાં ઉત્તીર્ણ મોક્ષમાર્ગ કેવો છે ? ચમત્કારથી શું તત્ત્વમાં કાંઈ ફરક પડે ? શિવજી અને પિતા સાક્ષાત્ દેખાયા અને પિતા જે બોલતા દેખાયા એથી સર્વજ્ઞ કથિત મોક્ષમાર્ગમાં કાંઈ ખામી આવે ? ના, આશ્રવ સંવર બંધ-નિર્જરા વગેરે તત્ત્વ તો જે જિને કહ્યા છે એ એમજ રહેવાના; એમ, સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર અણુવ્રતાદિ દ્વાદશ શ્રાવકધર્મ અને ક્ષમાદિ દશવિધ સાધુધર્મરૂપી મોક્ષમાર્ગમાં કશું ખોટું ઠરવાનું નહિ. પછી. ચમત્કાર પર શું મોહવાનું ? ચમત્કારને શું મહત્ત્વ આપવાનું ?'

આવો વિચાર કર્યો હોત ને ચમત્કારનું કશું મૂલ્ય જ ન આંક્યું હોત તો

કુમારપાળને ચમકવાનું ને ગુરુ સુધી પૂછવા આવવાનું રહેત નહિ.પૂછવા આવ્યા એ પરથી ગુરુએ માપ કાઢ્યું અને સામે એથી ય કેટલોય ઊંચો ચમત્કાર બતાવવો પડ્યો; તેમજ પછીથી આ પણ ચમત્કારની કશી કિંમત નથી એમ ખુલાસો કરવો પડ્યો; ને કહેવુ પડ્યું કે કિંમત જિનોક્ત તત્ત્વ અને જિનોક્ત મોક્ષમાર્ગની; માટે એ તત્ત્વ અને મોક્ષ માર્ગનું જ મૂલ્યાંકન કરી એને જ વળગી રહેવાનું; પણ જાદુ કળાબાજી વગેરેમાં નહિ ખેંચાવું.

હવે કહો અહીં ગુરુએ તમાશો દેખાડ્યો એમાં ગુરુનો તુચ્છ સ્વભાવ ખરો ? ના, એ તો માત્ર કુમારપાળના સહેજ વિહ્વળ થયેલા મનને શાંત કરવાનાં ઉદ્દેશથી દેખાડેલો, પણ પોતાની કશી હાસ્યવૃત્તિ કૌતુકવૃત્તિથી નહિ, કે સામાને માત્ર ચમકાવવા માટે નહિ., એટલે તો મિથ્યાદષ્ટિ તરફનું અલ્પાંશ આકર્ષણ ઉડાડ્યા પછી તરત કહ્યું કે એ ય ખોટું અને આ પણ ખોટું સાચા સર્વજ્ઞકથિક તત્વ અને મોક્ષમાર્ગ.'

આ પરથી આપણે પણ સમજવાં જેવું છે કે

**'જીવનમાં જો નવ તત્ત્વ અને રત્નત્રયીનો મોક્ષમાર્ગ જ મહત્વનો લાગી જાય, તો ન બીજાના તમાશા ચમત્કાર ભભકામાં લેશ પણ અંજાવાનું થાય, કે ન આપણને કશા હાસ્ય મજાક તમાશા કરવાનું મન થાય.**

આજે સિનેમા સરકસ જાદુ વગેરે તમાશા જોવાનું દિલ કરો છો ને ? શું એ વખતે વિચાર આવે કે મને ભરચક તત્ત્વો અને વિસ્તૃત મોક્ષમાર્ગ મળ્યા એમાં સંતોષ નથી તે ફતવા જોવા જાઉં ? તત્ત્વચિંતન અને માર્ગભાવના કરવી હોય તો ભળતું જોવા વિચારવાની ફુરસદ મળે એમ છે ? ફતવા તમાશા જોવા કરવામાં સ્વભાવ તુચ્છ બને છે. અલબત શું હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કે શું બીજા આચાર્યભગવંતો, એમણે જે કૌતુક ચમત્કાર દેખાડ્યા એ પોતાના કોઈ તુચ્છ સ્વભાવના કારણે નહિ, કિન્તુ એવા કોઈ જીવવિશેષને માર્ગમાં લાવવાના, માર્ગમાં સ્થિર કરવાના અને માર્ગની પ્રભાવના કરાવવાના ઉમદા આશયથી.

બાકી, આવો કોઈ ઉદાર ઉમદા આશય ન હોય અને રમુજ કરવાનું મન થાય, બે ઘડી મોજ કરી લેવાનું મન થાય, અને એ માટે જે કૌતુક તમાશો ચમત્કાર કરવાનું યા જોવાનું કરાય એ તુચ્છ સ્વભાવના લીધે. શ્રાવક વીતરાગ ભગવાનનું શાસન પામ્યો એટલે તો બહુ ઊંચા આશયવાળો બની ગયો, ઉમદા સ્વભાવવાળો બન્યો, તેથી એને ખેલ તમાશા જોવા કરવાના હોય નહિ; કેમકે એ જોવા કરવાનું મન પણ થાય એમાં આશય અને સ્વભાવ તુચ્છ બની જાય.

સુલસા પ્રભુની શ્રાવિકા છે, ઉદાર ઉમદા આશયવાળી છે. એટલે એને



તમાશો ચમત્કાર જોવાનું કૌતુક નથી. તેથી સાક્ષાત્ બ્રહ્મા મહાદેવ ઊતર્યાનું લોક કહે છે, લોકો એ જોવા દોડે છે. પરંતુ એને પોતાને જોવા જવાનું મન પણ થતું નથી. સુલસાના હૈયે કેવીક ધર્મપરિણતિ હશે ? ના ગઈ એ, અંબડે ઘણા ય ફાંફા માર્યા કે સુલસા જોવા આવી ? પણ શાની જોવા મળે ?

અંબડના મનને વળી એમ થાય છે કે ઠીક છે સુલસા શ્રાવિકા છે એટલે મોજ માટે આવા તમાશા જોવાનું મન ન કરે, પરંતુ ગૃહસ્થ બાઈ છે એટલે પૈસાની જરૂર તો એને હોય, તેથી હવે લક્ષ્મીજીનાં જ દર્શન કરાવું, જોઉં એ જોવા આવે છે કે નહિ. એમ વિચારી શિવજીનું રૂપ અદ્રશ્ય કરી ત્રીજે દરવાજે એણે વિષ્ણુ અને લક્ષ્મીજીનાં રૂપ ઊતાર્યા લોક વળી હવે એ તરફ જોવા દોડ્યું. સુલસાને તો આ ય જોવું નથી એટલે નિરાંતે ઘરમાં બેઠી છે. પાડોશણોને ખબર પડી એટલે જોવા જવા માટે ઝટપટ નીકળી સુલસા પાસે આવીને કહે છે. 'અરે' સુલસાબેન ! લ્યો હવે તો સાક્ષાત વિષ્ણુ ભગવાન અને લક્ષ્મીજી પધાર્યા છે. એમના આ દર્શને તો ચાલશો ને ?'

સુલસા કહે છે, 'ના મારે કાંઈ જોવું નથી.'

પેલીઓ કહે, અરે બાઈ ! આ તો લક્ષ્મીજીના દર્શન એ દર્શન કરીએ તો ઘરે લક્ષ્મીજીના ભંડાર ભરાય આવી તક શા માટે ચૂકો ? જિંદગીમાં આ ક્યાં જોવા મળ્યું છે ? અને ઘર લઈ બેઠા એટલે પૈસા વિના ચાલે છે ?'

સુલસા કહે, 'ફોગટ ફાંફાં શું કામ મારો ? પૂર્વ જીવનમાં આડા અવળા વેતરણ કર્યા હોય એટલે ધાર્યા પૈસા ન મળતા હોય, તે હવે શું લક્ષ્મીજી દર્શનમાત્રથી એ પૂર્વનાં દુષ્કૃત્ય માફ કરી દે અને વરસી જાય એટલા બધા મૂર્ખ છે ? જીવની અહીં પણ છળકપટ જૂઠ સ્વાર્થાંધતા જોતા હોય એમાં એને પોષવા માટે પૈસા વરસાવી દેવાનું કરે એવા એ મૂઢ છે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૦,અંક-૪૫,તા.૨૯-૭-૧૯૭૨**

પેલીઓ કહે, તો પછી સુલસાબેન ! આજે પાપીઓના હાથમાં પૈસા કેમ દેખાય છે ? એમાં લક્ષ્મીદેવીની મૂઢતા નહિ ?'

સુલસા જવાબ દે છે, માટે જ બેનો ! તમારે સમજવા જેવું છે કે લક્ષ્મી દેવી કાંઈ આ ધંધો લઈને ન બેસે કે અમુકને પૈસા આપવા, ને અમુકના પડાવી લેવા; તે પણ આંખ મીંચીને. નહિતર, અનાડીઓ કસાઈઓ ચોર બદમાશો પાસે પૈસા દેખાય, અને ગરીબ ધર્માત્માઓ પાસે ન દેખાય, યા લૂંટાઈ ગયા દેખાય, એ

જો લક્ષ્મીજીનું કામ હોય તો તો એમણે આંધળિયા અવિવેક જ કર્યો ગણાય; પરંતુ ખરી રીતે આ કામ એમનું નથી, પણ જીવનાં શુભાશુભ કર્મનું છે. જીવ પૂર્વભવે જેવા સારાં નરસાં કર્મ કરીને આવ્યો હોય, એ કર્મ પરિપાક પામતાં અહીં એ એના પ્રમાણમાં પૈસાની છત કે તંગી બતાવે છે. એમાં લક્ષ્મીદેવીની વ્યવસ્થા કે દખલની જરૂર નથી. તેમ જો જીવનાં પૂર્વ કર્મ પ્રમાણે જ લક્ષ્મીદેવી વ્યવસ્થા કરતાં હોય, તો આપણાં અશુભ કર્મ છતે એમને જોવા કે પૂજવા માત્રથી કશું વળવાનું નહિ; તેમજ શુભ કર્મ છતે એમને ન પૂજીએ તો ય પૈસા મળી રહેવાના.

પેલી બાઈઓ કહે, અરે ! પણ તમે ભગવાનને જોવા તો ચાલો.

સુલસા કહે છે, જે ભગવાન હોય એમને જોવાના ? કે ભગવાન ન હોય એમને ? તમે જ કહો, બાયડી સાથે રાખીને ફરે, એને ખોળામાં બેસાડે, તે પણ લોકોનાં દેખતાં, એ સત્પુરુષોની પંક્તિમાં ય આવે ? ભગવાનન તો વીતરાગ પુરુષોત્તમ છે, એ કાંઈ એવો ધંધો કરે નહિ. બાકી આપણે ભગવાનને સ્વાર્થની માયા વશ અમુક જ સમય જોવાનું શું ? હું તો નિઃસ્વાર્થભાવે ભગવાનને આખો દિવસ યાદ કરું જ છું. છતાં ભગવાન પધાર્યા હોય તો તો જરૂર દર્શન વંદન માટે આવું. પાડોશણો થાકી, ઉઠીને ગઈ જોવા. મિથ્યાત્વના ઘરની જડસુસ માન્યતાનો પ્રભાવ કેવો કે સુલસાનું તર્કબદ્ધ પ્રતિપાદન સાંભળવા છતાં ખોટું છૂટે નહિ. અરે ? છૂટવાની વાત તો પછી, પણ ખોટું ય ન લાગે ?

પેલો અબંડ પરિવ્રાજક ફાંફા મારે છે કે ક્યાંય સુલસા દેખાય ? ન દેખાઈ એટલે વિષ્ણુ લક્ષ્મીનું રૂપ સંકેલી લીધું હવે એ જુએ છે કે આ બાઈ દુનિયાની માયાને તુચ્છ ગણનારી અને વીતરાગ ભગવાને જ સારભૂત માનનારી એમ કાંઈ દોડી આવે નહિ. માટે હવે એ જોવા દે કે એ વીતરાગ ભગવાનને માનનારી એમનાં સિદ્ધાંતને પૂરેપૂરા માને છે કે નહિ ?' આ વિચારથી અંબડે ચોથે દરવાજે ૨૫માં તીર્થંકરનું રૂપ પ્રગટ કર્યું, ગામમાં વાત વહેતી થઈ ગઈ કે પચીસમા તીર્થંકર આવ્યા છે. પાછી પેલી પાડોશણો સુલસા પાસે જઈ કહે છે,-

લે બાઈ ! હવે તો જોવા આવીશ ને ? તું તો કહેતી હતી ને કે સાચા ભગવાન પધાર્યા હોય તો તો જરૂર દર્શનવંદન માટે આવું ? તો લે, આ તો ખુદ તારા તીર્થંકર ભગવાન જ પધાર્યા છે.

સુલસા ચમકીને પૂછે કોણ ? મહાવીર ભગવાન ?'

'ના, એ કાંઈ ખબર નથી...આ તો ૨૫મા તીર્થંકર ભગવાન આવ્યાનું કહે છે.'

સુલસા કહે, તો તો એ બનાવટી. ૨૫મા તીર્થંકર હોય નહિ. ભરતક્ષેત્રમાં તો સદાને માટે યુગે યુગે ચોવીસ જ તીર્થંકર-ભગવાન થાય. બનાવટી જોવાનું મારે



કામ નથી.

પેલી કહે, 'અરે ભલી રે બાઈ ! હાથ ન જાડેજે, પણ કાંક નવું જોવામાં શું જાય ?'

સુલસા જવાબ કેવો દે છે એ જુઓ. એ કહે છે, બેનો ! મારા વહાલા વીર ભગવાનમાં જોવા ચિંતવવાનું એટલું બધું છે, કે એ જોવા ચિંતવવામાંથી પરવારું તો કાંઈ કૌતુક જોવાની ફુરસદ મળે ને ? ફુરસદ જ નથી; અને કૌતુક જોવાનો રસ જાગે એનો તો અર્થ એ છે કે સારું નક્કર જોવામાં કંટાળો આવ્યો, થાક લાગ્યો, એટલે કૌતુક જોવાનું મન થયું પણ મને તો મારા વહાલા મહાવીર ભગવાનનું જોવા વિચારવાનો રસ એટલો છે કે કંટાળાની તો વાતે ય શી પણ ધરાતી જ નથી. ભગવાનનું ઘણું ય જોઉં, વિચારું પણ તૃપ્તિ જ થતી નથી; તેમ એ જોવા વિચારવાનું ખૂટતું ય નથી; અને આપણે તે, બેનો ! શું ઘણું જોનારા વિચારનારા ? મોટા ધુરંધર જ્ઞાની ગણધર મહારાજો અને અસંખ્ય વરસોના આયુષ્યવાળા શ્રેષ્ઠ અનુત્તરવાસી દેવતાઓ પણ જીવનભર ભગવાનનું જુએ વિચારે છે એ ય માત્ર અનંતમાં ભાગનું. એમના જેવાને ય જીવનભર જોયેલા વિચારેલા કરતાં અનંતગુણું જોવાનું વિચારવાનું બાકી રહી જાય છે. ભગવાન એવા અનંત ગુણો અનંતો ઉપકાર અને અનંત પ્રભાવ ધરાવે છે. જિંદગીભર જોઈએ વિચારીએ તો ય ખૂટે નહિ. ને એ જોવા વિચારવાનો રસ જ એવો છે કે તૃપ્તિ જ થાય નહિ, કંટાળો જરાય આવે નહિ. આવું મજેનું જોવા ચિંતવવાનો સુંદર માનવ અવતાર મળ્યા પછી કૌતુક કચરામાં શું મન ઘાલવું'તું ? બસ, માફ કરો, મને બીજું જોવાનો રસ નથી. ને ફુરસદ નથી તેથી મારે એ કાંઈ જોવા આવવું નથી.

સુલસાની આ માન્યતા બહુ વિચારવા જેવી છે. તીર્થંકર અરિહંત ભગવાનમાં જોવા વિચારવા જેવું અનંત છે. અને એ જોવા વિચારવાનો રસ હોય તો એમાં જીવ ધરાય નહિ, ને બીજું કૌતુક વગેરે જોવા વિચારવાનું મન જ થાય નહિ.

**પ્ર.-** ભગવાનમાં એવું અનંત શું જોવાનું ?

ઉ.- તે એ અમારી પાસે કહેવરાવવા માગો છો ? જુઓ મોટા કેવળજ્ઞાની સર્વજ્ઞ પણ એ તીર્થંકર ભગવાનના અનંત ગુણ અને અનંત વિશેષતાઓ જાણવા છતાં કહી શકતા નથી, પછી અજ્ઞાની એવા અમારું એ કહેવાનું શું ગજું ? જાણવાના જ ફાંફા, ત્યાં કહેવાનું શું ? છતાં સ્વલ્પાંશે જાણવા માટે આ રીત છે કે,-

**અરિહંત ભગવાનમાં શું શું વિચારવાનું ? :-**

(૧) આત્માના જે જે ત્રણ ગણાય છે, દા.ત. (i) સહજમલ ક્ષય પામીને ચરમાવર્ત કાળમાં આવેલા જીવના ગુણ ત્રણ ૧. દુઃખી પર અત્યંત દયા, ૨.

ગુણવાન પર અ-દ્વેષ, અને ૩. ઔચિત્ય (ii) અપુનર્બંધક અવસ્થાના ગુણ ત્રણ પાપમાં ઉગ્રતા નહિ સંસાર પર બહુમાન નહિ, અને ઉચિત સર્વના આદર (iii) માર્ગાનુસારીના ૩૫ ગુણ ન્યાયસંપન્નતાદિ (iv) યોગની પહેલી ચાર દૃષ્ટિના ગુણ, તત્ત્વનો અદ્વેષ વગેરે (v) યોગના પાંચ બીજના ગુણ જિનેન્દ્ર નમસ્કારાદિ; (vi) સમ્યક્ત્વના ૬૭ ગુણ ચાર સદ્દહણા વગેરે, (vii) શ્રાવકયોગ્ય ૨૧ ગુણ અક્ષુદ્રતાદિ (viii) ભાવશ્રાવકનાં ક્રિયાગત ભાવગત લક્ષણો (v) ચારિત્ર પ્રાપ્તિને યોગ્ય ૧૬ ગુણો ભાવ સાધુનાં લક્ષણ (xi) યોગપૂર્વ સેવાના ચાર ગુણ, દેવ-ગુરુ-ભક્તિ વગેરે અરિહંત પ્રભુના આત્મા કેવા કેવા વિકસ્વર પામેલા ને ઉત્કૃષ્ટતાએ પહોંચેલા, એનો એકેક ગુણ લઈને એ દૃષ્ટિએ પ્રભુ પરમાત્માનું ચિંતન થાય.

(૨) એમ દાન-શીલ-તપ ભાવના રૂપ ધર્મ, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ ધર્મ, અહિંસા સંયમ તપરૂપ ધર્મ અને સાશ્રવ નિરાશ્રવ ધર્મ યાને શુભાશ્રવ સંવર નિર્જરા રૂપ ધર્મ કેવા કેવા વિકસી ઊઠેલા, અને એ દૃષ્ટિએ પ્રભુની વર્તમાન કેવી સર્વોત્કૃષ્ટ અવસ્થા એ એકેક ધર્મ લઈને વિચારાય,

(૩) એવી રીતે અનિત્ય અશરણ વગેરે ૧૨ ભાવના, મૈત્રી પ્રમોદ આદિ ૪ ભાવના, મહાવ્રતની ૨૫ ભાવના, શ્રાવકને રાત્રિમાં જાગી જતાં કરવા યોગ્ય ૧૦ પ્રકારના ચિંતન, ૧૦ પ્રકારનાં ધર્મધ્યાન, વગેરેનો એકેક મુદ્દો લઈ એના આધારે પરમાત્માનું ચિંતન થઈ શકે કે એમનામાં એ કેવા વિકસેલા.

(૪) એવી રીતે અરિહંતના ૩૪ અતિશય, ૩૫ વાણિના અતિશય, ૧૪ સ્વપ્ન-૮ પ્રાતિહાર્યોનાં રહસ્ય, નમુત્થુણં માં બતાવેલ વિશેષણો...વગેરે પૈકીના એકેકને લઈને પણ અરિહંત પ્રભુ પર ચિંતન થઈ શકે.

(૫) એમ જિનભક્તિનાં સ્તવન સ્તોત્રો-સ્તુતિઓની એકેક ગાથા લઈને પ્રભુનું ચિંતન થાય. એમાં પણ ખાસ કરીને એક ગાથાની પછીની બીજી ગાથાના ભાવનું પૂર્વની ગાથાના ભાવ સાથે અનુસંધાન શું ? પૂર્વના ભાવ પછી આ ભાવ કહેવામાં સંબંધ શો ? એ વિચારાય.

(૬) જગતના જીવોમાં જે દોષો દુષ્કૃત્યો ખામીઓ અવગુણો દેખાય છે, એ દરેકના સમૂહ નાશથી કેવી અવસ્થા ઊભી થાય એનું પરમાત્મામાં ચિંતન થાય. ૧૮ પાપસ્થાનકના અભાવથી પ્રભુમાં કેવા કેવા ઉચ્ચ ધર્મસ્થાનક આવે એ દૃષ્ટિએ ચિંતન થાય.

(૭) એવી રીતે પ્રભુએ કેવાં કેવાં જીવાદિ તત્ત્વ કહી તેમજ સમ્યગ્દર્શનાદિ માર્ગ બતાવી, કેવી કેવી એકેક સમકિતી ચર્યા, શ્રાવકચર્યા, અને સાધુચર્યા સમજાવીને કેવા કેવા ઉપકાર કર્યા એનું ચિંતન થઈ શકે. દા.ત. પ્રભુએ શ્રાવકને માટે



ભોગોપભોગ પરિમાણવ્રત. એકેક ભોગ ઉપભોગ પર અંકુશ બતાવ્યો તો એથી શ્રાવકને શા શા અવ્વલ લાભ થાય, એમાં તે તે ઉપકાર પ્રભુનો માર્ગદર્શનનો એ રીતે ચિંતન થઈ શકે.

આમાં એમ ચિંતવાય કે પ્રભુ આપે રાત્રિભોજન ત્યાગ કેવો સુંદર બતાવ્યો કે જેમાં સ્વ-પર જીવની હિંસા અટકે ! દા.ત.

**પેલી બ્રાહ્મણ કન્યાએ** શ્રાવિકા સખીની સાથે સાધ્વીજી પાસેથી રાત્રિભોજન ત્યાગનો નિયમ લીધેલો અને પછી લગ્ન બાદ સાસરે રહેતાં સાસુએ ધમધમાટ કર્યો છતાં એણે રાત્રે ખાવાની ઘસીને ના પાડી; તો એને બાપના ઘરે પાછી મૂકવા ચાલ્યા. એમા રસ્તામાં એક ગામમાં એનો સસરો વગેરે રાત્રે ઓળખીતાને ત્યાં રોકાયા અને સર્પના ઝેરવાળો દૂધપાક ખાતાં મરવા જેવા થઈને પડ્યા; ઘરધણી વગેરે પણ ભેગા જ ખાઈને મોતના કિનારે થઈ ઊભેલા; પણ આ બ્રાહ્મણ કન્યા રાત્રે ન ખાતાં સ્વસ્થ રહેલી, તે એણે વૈદને બોલાવી બધાને ઊલટી ઝાડા કરાવી મોતથી બચાવ્યા; અને ત્યાં બધા અંતે જૈન ધર્મ પર શ્રદ્ધાળુ અને રાત્રિભોજન ત્યાગવાળા બન્યા. પ્રભુ ! આ ત્યાગ બતાવવામાં તમારો કેટલો બધો ઉપકાર ! અહીં કેવો બ્રાહ્મણીનો અને બીજા બધાના જીવ બચ્યા !

**(૧) રાત્રે ભોજન બનાવવામાં કેટલા બધા રાત્રિંચર જીવો મરે ?**

રાત્રે ખાવામાં કેટલા રાત્રિંચર ઊડતા જીવો ભોજન પર આવી પડી ખવાતાં ? મરે રોજનું એ; પછી એમાં જીવનના હજારો દિવસના કેટલાય હજારો લાખો જીવો જીવતાં બળી મરે ! કચરાઈ પીસાઈ જાય ! જીવતા ચવાઈ જાય ! એ બધી અપાર હિંસાથી આ રાત્રિભોજન ત્યાગમાં બચી જવાય. એમ એ હિંસાના પાપોથી પરલોક જાલિમ દુઃખો વેદના-રિબામણ આવત, એથી પણ બચવાનું થાય. એવી રીતે એ આ રાત્રિભોજનથી બિલાડી, ઘુવડ વગેરેના ભવ મળતાં ઉંદર મારવા વગેરે જે ઘોર પાપાચરણ ચાલત, અને એથી જે દુઃખમય તથા પાપમય દુર્ગતિના ભવોની પરંપરા ચાલત, એ બધાથી બચી જવાય. પ્રભુ ? આવા બધા એકેક ત્યાગમાં આપના કેટલા બધા ઉપકાર ?'

અરિહંત પરમાત્મામાં અનંતુ તે એવું શું શું છે એ જોવું વિચારવું છે ને ? આ ૫-૭ મુદ્દા બતાવ્યા છે, એ દરેક પર વિચાર કરો, ઢગલો વિચારવાનું મળશે. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ પ્રભુને સ્તુતિ કરતાં કહે છે.-

**'પાર ન આવે સમરતાં, તુમ ગુણ-ઉપકાર,**
**મેર સાહિબ તુમ હી હો, જીવન આધારા.'**

પ્રભુ ! તમારા ગુણો અને ઉપકારો એટલા બધા છે કે એને યાદ કરતાં એના

પર વિચાર કરતાં પાર જ ન આવે; જીવન ખૂટે પણ એ વિચારવાનું ન ખૂટે; અને જીવનનો આ એક ઉત્તમ વ્યવસાય, અંતે પરમાત્મા બનાવનારો. આ વ્યવસાય આપના વિના કોણ બતાવે ? કોણ કરાવે ? બીજા કોના આવા અપરંપાર ગુણો અને પાર વિનાના ઉપકારો જોવા મળે ? માટે 'મેરે સાહિબ તુમ હી હો, જીવન આધારા' મારે તો તું જ નાથ છે, તું જ જીવનનો આધાર છે.

ધર્મપરિણતિવાળી સુલસા પાસે મહાવીર ભગવાનનું એટલું બધું વિચારવાનું હતું કે એને ન તો એમાંથી બીજું જોવા વિચારવા ફુરસદ હતી, કે ન એમ પ્રભુનું જોતાં વિચારતાં એ ધરાતી હતી.

શું ભગવાન શ્રી મહાવીર સ્વામીજીનું જોવું વિચારવું હોય તો ઓછું છે ? એમણે જે એકેક ભયંકર ઉપસર્ગ વેઠ્યા છે, એકેક જે ઉગ્ર પરીસહ સહ્યો છે, એની સામે બહુ મામૂલી નહિવત્ સહવાનું આપણે આવે, ત્યાં કેવા વ્યાકુળ થઈએ છીએ, કેવા કેવા કષાય-કુવિકલ્પ અને દુર્ધ્યાન કરીએ છીએ. સહવામાંથી બચવા માટે કેવાં ખોટાં આચરણ કરીએ કરાવીએ છીએ..., અને પ્રભુએ એમાંનું કશું ન કર્યું..., એ વિચારવા બેસીએ તો ય કેટલું બધું વિચારવાનું છે ?

**પ્રભુનો આલંબન બનવાનો ઉપકાર :-**

ત્યારે પ્રભુએ જાતે સહર્ષ સહીને આપણને સહવા માટે કેટલું સુંદર આલંબન આપ્યું ? આપણે સહવાનું આવે ત્યા પ્રભુનાં પરીસહ ઉપસર્ગ સહવાને ધ્યાન પર લઈએ તો સહવાનું કેટલું બધું બળ મળે ? એમ પ્રભુએ ક્ષમાદિ દશ પ્રકારના ધર્મની, ત્યાગ-તપ-સંયમની વિવિધ નિયમ અભિગ્રહોની ઉગ્ર વિહાર, ધ્યાનસ્થ અવસ્થા, અને તત્ત્વ રમણતા સ્વરૂપ રમણતા, આત્મ રમણતા વગેરેની સાધનાઓ વિચારી શકાય, એ ધ્યાન પર લઈને આપણાં જીવનમાં એ ક્ષમાદિની સાધના ઉભી કરી શકાય, સાધના બળવાન અને દઢ કરી શકાય. એમાં આલંબન બનવાનો અર્થાત્ એ સાધનાઓ પ્રભુને નજર સામે રાખી ઊભી કરી એને દઢ કરી શકાય, એમાં આલંબન બનવાનો એમાં પ્રભુનો કેટકેટલો ઉપકાર, એ વિચારી શકાય.

ત્યારે આપણે પ્રાર્થના, સ્તુતિ, ગુણાનુવાદ, દર્શન વંદન, પૂજા ભક્તિ જાપ-સ્મરણ-ધ્યાન વગેરે બધું બીજા કોઈ સરાગી અજ્ઞાન દેવનું નહિ, પણ શ્રી વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્માનું કરીએ, તો જ અચિંત્ય ફળ આવે. એટલે એ બધી સાધનામાં આલંબન તો પ્રભુ જ બન્યા. કોઈ સરાગી દેવ કે મોહમૂઢ રાજા-શ્રીમંત વગેરે નહિ. આમ વીતરાગ દેવાધિદેવના આલંબને જ એ બધું સાધીએ તો જ એ ઉત્કૃષ્ટ અચિંત્ય ફળ આવે, એ જોતાં (૧) પ્રભુનો આલંબન આપવા તરીકે પણ અપરંપાર ઉપકાર ગણાય; અને (૨) પ્રભુ એ દ્વારા ફળદાતા બનવાનો ય અનન્ય



ઉપકાર ગણાય.

આ એકેક સાધનામાં પ્રભુનો આલંબન તરીકેનો ઉપકાર વિચારી શકાય એમ પ્રભુના ઉપકારો એટલા બધા બધા છે કે એ વિચારવામાં કાળના કાળ પસાર થઈ જાય પણ વિચારવાનું ખૂટે નહિ.

બોલો ત્યારે, સુલસા પાસે શ્રી મહાવીર પરમાત્માનું વિચારવાનું ખૂટે એવું છે ? પ્રભુના ગુણો અને ઉપકારો અનંત અનંતા થાય કે નહિ ? પછી એ સુલસા પેલી પાડોશણોને કહે કે બેનો ! મારા મહાવીર પ્રભુનું જોવા વિચારવામાંથી નવરી પડું તો બહારનું જોવા સમય મળે ને ? મારી પાસે એવો સમય જ નથી, ફુરસદ જ નથી, એ શું ખોટું કહે છે ?

બાઈઓ ગઈ. પેલો અંબડ પરિવ્રાજક પણ જુએ છે કે રાજગૃહી નગરી ઊલટી, પણ સુલસાનાં દર્શન દુર્લભ છે.' હવે શું કરે એ ? માયાજાળસંકેલી લેવી પડી. એના મનને નિર્ધાર થઈ ગયો કે ભગવાને સુલસામાં જે ઝવેરાત દેખ્યું છે એ યથાર્થ છે...હવે પારખું કરવું રહેવા દે, એમાં કાંઈ વળે નહિ. હવે તો જઈને પ્રભુનો સંદેશો કહી દેવા દે પણ હવે જાવું શી રીતે ? પરિવ્રાજક સંન્યાસી તરીકે તો એને સુલસા આવકારે નહિ, પછી સંદેશો સાંભળવાની તો વાતે ય શી ?

એટલે અંબડે હવે શ્રાવકનો વેશ કર્યો અને પહોંચ્યો એ સુલસાને ત્યાં કપાળમાં તિલક છે. મર્યાદાભરી ચાલ છે, એ જોઈ સુલસાને લાગ્યું કે આ કોઈ પરદેશી શ્રાવક છે, તેથી ઝટ બારણે આવી સ્વાગત કર્યું પધારો.

**જેમ મિથ્યાદષ્ટિ કુગુરુનો આવકાર કરે તો સમકિત ઘવાય, એમ શ્રાવકનો આવકાર ન કરે તો ય સમકિત ઘવાય,**

એવું સુલસા સમજે છે એટલે શ્રાવકનો આવકાર કરવાનું શાનું ચૂકે ? આવકારીને ઘરમાં લાવી ગાદી પર બેસાડે છે. નાસ્તા-પાણીનો વિવેક કરીને પૂછે છે, ક્યાંથી પધારવું થયું ?'

**અંબડ સુલસાનો વાર્તાલાપ :-**

અંબડ જુએ છે કે બાઈ ધર્મી પ્રત્યે વિવેકમાં પાકી છે ! પ્રભુએ એનું સમ્યગ્દર્શન જોયું હોય તે એનામાં ખામી શાની હોય ? એ કહે છે,' હું તીર્થ યાત્રાએ નીકળેલો, શત્રુંજય વગેરે તીર્થ કરીને ચંપાપુરી જવાનું થયું. ત્યાં તીર્થપતિ ત્રિલોકનાથ પ્રભુ મહાવીરદેવના દર્શન વંદન થયાં, જીવન ધન્ય બન્યું ત્યાંથી અહીં તીર્થદર્શને આવવાનું થયું.

સુલસા કહે 'અહો ! તમે તો ખરેખરા ભાગ્યશાળી પ્રભુનાં સાક્ષાત્ દર્શન પામ્યા. કહો, પ્રભુ સુખશાતામાં છે ને ?'

અંબડ કહે છે, પ્રભુ ખૂબ સુખશાતામાં છે. હું મારી નજરે જોઈને આવું છું,'

એ સાંભળતાં સુલતાને હરખ માતો નથી આંખ મીંચી બે હાથ જોડી બોલે છે 'વાહ મારા નાથ ! આપને સુખશાતા એટલે જગતને સુખશાતા; આપને શાતા એટલે ને મારે આનંદની દિવાળી.' બોલતાં બોલતાં આંખમાં હર્ષનાં પાણી આવી જાય છે. મનને એમ થાય છે કે પ્રભુની સુખ શાતાના સમાચાર આપનાર આમને હું શું પહેરામણી આપી દઉં !' અંબડને પૂછે છે, 'આપ ભલે અહીં તીર્થદર્શને પધાર્યા, અમારા સરખો કોઈ સેવાનો લાભ ? પ્રભુની સુખશાતા નજર જોયાના સમાચાર આપો છો એટલે તો આપનું જેટલું સ્વાગત કરીએ એટલું ઓછું છે. અમને કોઈ સેવાનો લાભ આપો.'

અંબડ કહે 'મા ! તમારી પાસે સેવા કરાવવાની મારી તો શી લાયકાત ? તમે તો બહુ ઊંચા સ્થાને છો.' સુલસા કહે 'આમ કેમ બોલો છો ?'

અંબડ જવાબ દે છે, 'માઈ ! સમજીને બોલું છું. તમને તો પ્રભુએ આખી રાજગૃહીમાં એક પરખ્યા છે એટલે તો હું અહીં આવતાં પ્રભુને કહેવા ગયેલો કે ભગવન્ ! હું રાજગૃહી જાઉં છું. મારા યોગ્ય કોઈ આજ્ઞા !' ત્યારે સ્વામીએ આપને કહેવાના બે બોલ આપ્યા. આખી રાજગૃહીમાં આપને એકને જ પ્રભુ બે શબ્દ કહેવરાવે, ત્યારે આપનું કેટલું બધું ઊંચું સ્થાન અમારે સમજવું જોઈએ ?'

સુલસા સાંભળીને ચમકારો પામી જાય છે, કહે, છે, 'હેં હેં મને રાંકડીને પ્રભુએ બે બોલ કહેવડાવ્યા છે ? બોલ સાંભળવા અધીરી થઈ જઈ પૂછે છે, 'બોલો બોલો, મારા તારણહાર નાથે શા બે બોલ મોકલ્યા છે ?

અંબડ કહે છે, 'પ્રભુએ તમને ધર્મલાભ કહેવરાવી કહ્યું સુલસાના ખબર પૂછજો.'

સુલસા આ સાંભળીને ક્યાં ઊભી રહે ? એ તો ગાંડીને ઘેલી થઈ જાય છે, 'અહો ! અહો ! જગદ્‌ગુરુએ મને દૂર બેઠે ય ધર્મલાભ કહેવરાવ્યા ? અસંખ્ય ઇંદ્રોના સ્વામી મારી ખબર પૂછાવે છે ?' એના શરીરે રુવાટા ખડા થઈ ગયા, મોં પર લાલી તરી આવે છે, ઝટ ઊભી થઈન ચંપાપુરીની દિશા તરફ મોં કરી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દેવા રૂપે હાથ જોડી અંજલિને પોતાના મોંઢાની ચારે બાજુ ત્રણવાર ઘુમાવે છે, પછી ત્રણ ખમાસમણાં દે છે, અને ઘુંટણીએ પડી મન પર પ્રભુ અનહદ ઉપકારનો ભાર લાવીને આંખમાં ઝળઝળિયાં સાથે પ્રભુ પ્રત્યે સ્તુતિના ભવ્ય બોલ બોલે છે.

**સુલસાની પ્રભુસ્તુતિના ભવ્ય બોલ**

સુલસા શ્રાવિકા પ્રભુને ખમાસણાં આપીને આ પ્રમાણે સ્તુતિ કરે છે,



'હે મોહમલ્લના બળને તોડી નાખવામાં વીર ! હે પાપકીચડને પખાળી નાખવામાં નિર્મળ નીર ! હે કર્મરજ ઉડાડી મૂકનારા સમીર (પવન) ! હે જિનેન્દ્ર ભગવાન મહાવીર ! તમે જયવંતા વર્તો. પ્રભુ ! આપ તો દેવ દાનવ માનવોના રાજાઓથી પણ પૂજાઓ છો; આપે અચલ એવા મેરુ પર્વતને પણ ડોલાવી નાખેલો. ત્યારે આજે આપ કેવળજ્ઞાનથી સમસ્ત વિશ્વના સાક્ષાત્ દ્રષ્ટા છો. આપના રૂપ-લાવણ્ય-સૌંદર્યે ત્રણે જગતને જીતી લીધા છે. ત્રણે લોકમા ંકોઈ એવા સૌંદર્યને ધરતો નથી કે જે આપનાથી વધી તો શું જાય, પણ હરોળમાં ય ઊભો રહી શકે. હે વર્ધમાનસ્વામી ! મારા નાથ ! લોકોને પવિત્ર બનાવવા દ્વારા આપ ખરેખરા લોકનાથ છો, આપનાં ચરણે મોટા ઇંદ્રોય લોટી પડે છે. હે પ્રભુ ! મારા મસ્તક-ઘરમાં આપના ચરણકમળનો દિલના ખૂબ રંગ સાથે સંગ કરાવું છું.

હે ત્રિભુવનભૂષણ ! આપને નમસ્કાર કરવા દ્વારા આપના ચરણરજથી જે પોતાના લલાટપટ્ટને અંકિત કરે છે તેને આ સંસાર સંઘરી રાખી શકતો નથી. હે નાથ ! આપનાં ચરણકમળ એટલે તો જાણે મોક્ષનો કિનારો, એમાં જેનું મસ્તક સતત આળોટતું રહે છે. એ જગતના જીવોના મસ્તકોથી વંદાતું બને છે હે ત્રિલોકબન્ધું ! જે આપની આગળ ચામર ઉલાળે છે, એની આગળ પછી જગત ચામર વીંજતું બને છે.

હે પૂજ્યોના પણ પૂજ્ય ! જે ભવ્યાત્માઓ પ્રભાતે આપનું પૂજન કરે છે, એની જગત અહીં અને પરલોકમાં પૂજા કરતું થઈ જાય છે, વિશેષે મોટા રાજાઓને પણ એ પૂજ્ય બને છે. હે ત્રિશલાનંદન ! આપના સર્વથા દોષ રહિત ચરણકમળને જે મસ્તકે ધારણ કરે છે, પછીથી એમના મસ્તક પર દેવતાઓ છત્ર ધરે છે,

સુલસાના દિલમાં પ્રભુનું કેટલું બધું ઊંચું સ્થાન હશે કે એના દિલમાંથી પ્રભુના અને પ્રભુને નમસ્કારાદિના અજબ પ્રભાવનાં ગુણગાન નીકળી પડે છે. એનું મન ઉછાળા મારે છે કે 'અરે ? મને ને આવા લોકોત્તમ પ્રભુ મળી ગયા ? આવા અનન્ય સ્નેહી અનન્ય ઉપકારી પ્રભુ ક્યાં મળી ગયા ? હેં આવા પ્રભુએ મારા પર સંદેશો મોકલ્યો ? એ ઘુંટણીએ પડીને બોલે છે.-

**સુલસાના પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાના બોલ :-**

'અહો ! મારા પ્રાણાધાર ! આપની આટલી બધી આ રાંક સેવિકા પર કૃપા ? વિષય કષાયના કીચડમાં ખૂંચેલા અને કર્મની ગુલામડી હું ક્યાં ? અને વીતરાગ સર્વજ્ઞ જગતના નાથ આપ ક્યાં ? તે આપે મને યાદ કરી ? આપની આજ્ઞાનું પાલન એટલું ક્યાં છે મારામાં છતાં નાથ ! મને ધર્મલાભના આશીષ કહેવરાવો છો ? કેટલી ગજબ દયા ? કેટલી ગજબ કરુણા મારા પર ? આપને તો મોટા મોટા ઇંદ્રો

સેવક; મોટા ગણધર અને શ્રુતકેવલી મહારાજો શિષ્ય, એમની આગળ હું કાંઈ વિસાતમાં નહિ, છતાં આપ મારી ખબર પૂછાવો છો ? આ રાંક જીવ પર કેટલી બધી અપરંપાર અનુકંપા ? ઓ નાથ ! આપને તો શી કમીના છે ? પણ આ રાંક જીવ પર સંદેશો પાઠવવાનું જે આપે કષ્ટ ઉઠાવ્યું, એને મારા કોટિ કોટિ ધન્યવાદ છે મારા પર તો અમૃતના મેહવરસાવ્યા ! મુજ ઘટે અષ્ટ મહાસિદ્ધિ ને નવ નિધાન ઉતાર્યા ! આપ સેવિકાને અનંત સુખ ભર્યા મોક્ષની ચિઠ્ઠી ફાડી આપી ! ધન્ય અવતાર મારો પ્રભુ ! આપનો હું અનંત અનંત ઉપકાર માનું છું...' એમ કહેતી વારંવાર જમીન પર માથું અને અંજલિ નમાવી નમસ્કાર કરે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૦,અંક-૪૬,તા.૫-૮-૧૯૭૨**

અંબડ તો આ જોઈને આભો જ બની જાય છે,- 'અરે ! આના દિલમાં પ્રભુ માટે કેટલો બધો થનમનાટ હશે કે આ એના ઉદ્ગાર ! આ કૃતજ્ઞભાવ ! આ રોમાંચ સાથે ગદ્ગદતા ! પ્રભુ તો ક્યાંય બિરાજે છે, છતાં આને જાણે સામે સાક્ષાત્ ન હોય એમ આનાં પ્રભુને કેવા ઉદ્બોધન ? કેવા નમસ્કાર ?

સુલસા નીચે બેસી અંબડને કહે, 'પ્રભુનો સંદેશો લાવી તમે મારા પર ખૂબ ઉપકાર કર્યો'

**સંદેશો અબંડ માટે કેમ ?**

અબંડ જવાબમાં કહે છે, મા ! ઉપકાર હું શું કરું ? ઉપકાર તો પ્રભુએ અને આપે મારા પર કર્યો'

સુલસા કહે 'પ્રભુનો ઉપરાકર સાચો પણ મારો શાનો ઉપકાર ?'

અબંડ જવાબ દે છે, આપનો ઉપકાર એ રીતે કે આપે મને સાચાં સમ્યગ્દર્શનનાં દર્શન કરાવ્યાં અને પ્રભુનો ઉપકાર એ રીતે કે આ દર્શનનાં દર્શનને કરવાની તક ઊભી કરી આપી. તારક પ્રભુએ મારામાં બનાવટી સમ્યગ્દર્શનની ખુમારી ભ્રમણા જોઈ હશે તે સાચું સમ્યગ્દર્શન કેવું હોય એનું દર્શન કરાવી મારો મદ મૂકાવવા માટે આ તમને સંદેશો કહેવડાવવાનો પ્રસંગ ઊભો કરી આપ્યો. આપનું સમ્યગ્દર્શન જોતાં તો મને લાગે છે કે પ્રગટ સંદેશો તો આપને કહેવરાવ્યો, પણ ગર્ભિત સંદેશ મને આપ્યો કે સમ્યગ્દર્શનની ભ્રાન્તિ શી રાખી રહ્યો છે ? જા સાચું સમ્યગ્દર્શન જોવું હોય તો સુલસાનું સમ્યગ્દર્શન જો. એટલે તને ખબર પડે કે યથાર્થ સમ્યગ્દર્શન કેવું હોય એટલે પ્રભુએ આપની પર શું પણ મારી પર દયા કરી. આ તક ગોઠવી આપીને મહાન ઉપકાર કર્યો અને આપે પણ મારા પર



ઉપકાર કર્યો કે સુદેવાદિની શ્રદ્ધા, તત્ત્વની શ્રદ્ધા અને પરમાત્મા પર અથાગ પ્રેમ કેવા હોય તેનું દર્શન કરાવ્યું.

આપને તો કદાચ ખબર નહિ પડી હોય, પરંતુ પહેલાં બનાવટી સાધુ બનીને હું આવેલો, ને નગરના ચારે દરવાજે બ્રહ્મા વગેરેના દેખાવ મેં કરેલા, કિન્તુ એ બધામાં આપનું લેશમાત્ર આકર્ષણ જોયું નહિ. કેટલી ગજબ તત્ત્વ શ્રદ્ધા ! અહીં પણ પ્રભુ પ્રત્યે આપનામાંથી મને આજે ઊંચું શિક્ષણ મળ્યું. આપનો મહાન ઉપકાર બોલતાં બોલતાં અંબડ પરિવ્રાજકની આંખમાંથી પણ પાણી વહે છે.

**સુલસાના પ્રસંગમાંથી શું શીખવાનું ? :-**

સુલસાની ધર્મપરિણતિ દિલમાં સાગરની ભરતીની જેમ કેટલા ઉછાળા મારતી હશે ત્યારે અંબડની પરીક્ષામાં એ પહેલા નંબરે અને સોએ સો ટકા માર્કથી પાસ થાય છે ! તથા અંબડને પ્રત્યક્ષમાં પણ પ્રભુના સંદેશ પર એના અલૌલિક અવનવા પ્રભુપ્રેમ બહુમાન જોવા મળે છે. આ પ્રસંગોમાંથી બહુ શીખવા જેવું છે. આજે વિજ્ઞાનનાં આકર્ષણમાં તણાઈ જવાય છે, મનને 'ઓહો ! થઈ જાય છે, ત્યાં સુલસા ચમત્કાર જોવા જરાય ન આકર્ષાઈ, એ નજર સામે લાવવા જેવું છે. ત્યારે પ્રશ્ન થશે.

**પ્ર.**- પણ ત્યાં તો ચમત્કાર એ ઇંદ્રજાળ હતી. બ્રહ્મા દેખાયા પણ ઘડી પછી કાંઈ નહિ; જ્યારે અહીં તો પ્રત્યક્ષ રેડિયો, ટેલીવિજન વગેરે નક્કર દેખાય છે પછી આકર્ષણ કેમ ન થાય ?

**ઉ.**- આનું ય આકર્ષણ એટલા માટે ન થાય કે એ વિચારાય કે ભલે પ્રત્યક્ષ સિદ્ધ રેડિયો વગેરે નક્કર દેખાડ્યું ખરું, પણ એ દેખાડીને જગતનું ભલું શું કર્યું ? વિજ્ઞાનની આજની સિદ્ધિઓ પછી જગતમાં શાંતિ-સંપ, પ્રમાણિકતા, દયા, વિશ્વાસપાલન વગેરે આજે વધારે છે કે વિજ્ઞાનના કાળ પૂર્વે વધારે હતા ? આજે યંત્રો, એંજિન, મોટર, ટેલિફોન, એરકન્ડીશન, રેડિયો વગેરે સગવડો વધવા પર ધનની તૃષ્ણા, લાંચ રુશ્વત બેઈમાની, માલમાં ઘાલમેલ, ભોગની લંપટતા, કેટલા વધ્યા ? હડતાલ, ખૂન, બદમાશી વગેરે કેટલા બધા વધી ગયા છે ? આવા ગોઝારા યુગને સરજનાર વિજ્ઞાન પર ઓવારી જવાનું હોય ? આકર્ષાવાનું હોય ?

માણસના દિલમાં હેવાનિયત પેઠી છે, એનું ગંભીર પણે કારણ વિચારશો તો દેખાશે કે

**વિજ્ઞાને ક્યાં ક્યાં પતન કરાવ્યાં ? :-**

**વૈજ્ઞાનિક શોધોએ જ ભૌતિક સગવડો ઊભી કરી છે એથી માણસ હેવાન બન્યો છે.**

ગેસના ચૂલા, ચક્કી, કૂકર વગેરે સગવડના હિસાબે રસોઈમાં સમય બચ્યો, પછી નવરી પડેલી બાઈના દિલમાં માણસાઈ રહે કે હેવાનિયત આવે ? નવરો પડ્યો નખ્ખોદ વાળે, (An idle mind is a devil's house, નવરું મન શેતાનનું ઘર એ ખબર છે ને ?)

હાથ કારીગરીના બદલે મિલો થઈ કારખાના ફાલ્યા ફૂલ્યા, એથી થોડા માણસે ઉત્પાદન ઘણુ થવા માંડ્યું, પછી બચેલા બેકાર માણસમાં માણસાઈ રહે ? કે હેવાનિયત આવે ?

રેડિયો, સિનેમા, છાપા સસ્તા થઈ ગયા પછી માણસ શું ગીત સમાચાર સાંભળે, પિક્ચર જુએ ? કે પરમાત્માનાં ગુણગાન અને સત્સંગ કરે ? એ સાંભળવા જોવામાં માણસાઈ વિકસે કે હેવાનિયત ?

જલ્દીથી ટ્રેન-મોટર-વિમાનમાં પ્રવાસ કરવો સહેલો થઈ ગયો એટલે વેપારનો, કમાવવાનો, ને મોજશોખનો લોભ વધે કે સંતોષ વધે ? એ લોભ વધવામાં માણસાઈ વધવાનું બને ? કે હેવાનિયત વધવાનું બને ?

બહુ બહુ વિચારવા જેવું છે કે વિજ્ઞાનની ચમત્કારિક શોધોએ માણસના દિલમાંથી આસ્તિકતા અને આત્મદૃષ્ટિ તથા પરમાત્મશ્રદ્ધા પ્રીતિને કાઢી નાખી, નરી ભૌતિકતાને ઠાંસીને ભરી દીધી છે. બહુ સગવડે જરૂરિયાતો અને ઈચ્છાઓ બહુ વધારી દીધી. લાઈટ-ફેન-રેફ્રિજરેટર વગેરે બહુ સાધનોએ અને સસ્તા પ્લાસ્ટિક ટેરેલિન આદિ આકર્ષક વિષયોએ ભોગ વિલાસની વૃત્તિઓને મહેકાવી દીધી; ત્યાં પછી ત્યાગ અને સંયમ, સંતોષ અને વ્રતનિયમ તો સુકાઈ જ ગયા, રેડિયો ને છાપાથી આંતરરાષ્ટ્રીય સમાચારો બહુ સુલભ થતાં જીવન રાજકથા-સ્ત્રીકથા, કૌતુક તમાશા અને કલહ જિજ્ઞાસા વગેરે અનર્થ દંડના પાપોથી ભરચક બની ગયા, ત્યાં પછી સત્કથા, ધર્મકથા, જિનવાણી-શ્રવણ, શાસ્ત્રસ્વાધ્યાય, તથા તીર્થંકર પરમાત્મા અને મહાન આત્માઓનાં જીવનચરિત્રનાં વારંવાર પરિશીલન ક્યાં ઊભા રહે ?

વિચારો આજે જીવનમાં શું વધ્યું ? અને શું ઘટ્યું ? ધર્મ વધ્યો ને પાપ ઘટ્યાં કે પાપ વધી ગયાં ને ધર્મ ઘટી ગયો ? આજે રાત્રિભોજન કેટલું બધું ફેલાઈ ગયું છે ? તે ય ધંધા-નોકરીના નામ હેઠળ. કદાચ રાત્રે ભાણે બેસીને એક જ બેઠકે ખાઈ લેતા હોત તો તો હજી ય મનમાં ન છૂટકાનું માનતા હોત ને અફસોસી હોત, પણ એનાં ઓઠા હેઠળ રાત્રે ચા-પાણી નાસ્તા અને રવિવાર રજા છતાં ય ખુશમિશાલ રાત્રિભોજન હોંશથી કરાતું હોય ત્યાં અફસોસી શાની ? ત્યારે જે પાપ પર અફસોસી જ નહિ, એ પાપ મિથ્યાત્વમાં જ લઈ જાય ને ? આમાં ય વિજ્ઞાને એવા ડેઝલિંગ લાઈટ, ઝગારા મારતા પ્રકાશ આપ્યા કે એમાં પછી મનને કાંઈ



રાત્રિ જેવું કાંક અંધારા જેવું લાગે જ નહિ, તેથી કશો સંકોચ અરેકારો અફસોસ રહે નહિ.

ત્યારે ઠેઠ દારૂ અને ઇંડા વગેરે સુધીનાં અભક્ષ્યનાં ભક્ષણ કેટલાં વધી ગયાં ? બટાટા એટલે તો જાણે સાધારણ વસ્તુ થઈ ગઈ ! વૈજ્ઞાનિક પદ્ધતિના કોલુ સ્ટોરેઈજ અને પેક ડબાઓમાં આવતા વાશી અભક્ષ્યનો વિચાર જ ન રહ્યો. આજે મોટી ચોરીઓ ધાડ વગેરે વૈજ્ઞાનિક સગવડ ઉપર ફાલીફૂલી.

વિજ્ઞાનને ખંભોળવાથી શું નીકળવાનું ? જગતને શું આપ્યું એણે ? અસત્ય, અનાચાર, હેવાનિયત, ભ્રષ્ટતા વગેરે જ ને ? કહે છે,-

**પ્ર.**- એમાં વિજ્ઞાનનો બિચારાનો શો દોષ ? વિજ્ઞાને તો સાધનો ઊભા કરી આપ્યા, હવે એનો કેવો ઉપયોગ કરવો એ તો માણસના વિવેકની વસ્તુ છે ને ?

ઉ.- ભળતાં સાધન-સગવડોની પ્રચુરતા-બહુલતાથી વિવેક કેવો ઠેકાણે પડી જાય એ તમને ખબર નહિ હોય ? સદાચારીનો મહોલ્લો બહુ વસ્તીવાળો ન હોય ને ત્યાં આવીને વેશ્યા-ગણિકાઓ રહેતી થઈ જાય તો એ સદાચારીઓને સદાચાર કેટલો ટકે ? આજે એવા પહેરવેશમાં બાઈઓ ફરતી થઈ ગઈ પછી પુરુષોની દૃષ્ટિ અને એમના માનસની દશા જુઓ છો ને ? એમ ટ્રેન, મોટર, ટેલિફોન વગેરેસાધનો વધ્યા પછી એનો ઉપયોગ કરી કરી ભૌતિક પ્રવૃત્તિઓ વધ્યા વિના રહે ? ત્યારે એમાં પૂર્વના કાળના ગાડાં વગેરે સાધનો કરતાં સગવડ સરળતા વધુ દેખાય એટલે એનું આકર્ષણ થયા વિના રહે ? માટે સાવધાન રહેવાની આ વાત છે કે જેવી રીતે સુલસા ચમત્કાર તરફ ન આકર્ષાઈ એમ આજના વૈજ્ઞાનિક ચમત્કારો તરફ જરાય આકર્ષાવા જેવું નથી.

**જૈન શાસનના આશ્રવ-સંવર તત્ત્વ બરાબર નજર સામે રહે તો આ વિજ્ઞાનનાં આકર્ષણથી બચી શકાય, એને મહત્ત્વ ન દેવાય.**

વિજ્ઞાને આશ્રવોને ફાલ્યા-ફૂલ્યા કરી દીધા છે. ઇંદ્રિયોના વિષયોની લગન, કામ ક્રોધ લોભ રાગદ્વેષ આદિ કષાયોની લાગણીઓ અવ્રત અવિરતિમાં નિરાંત અને આરંભ-સમારંભાદિ પાપ પ્રવૃત્તિઓ આ બધા આશ્રવો સારા વધી ગયા, નિઃસંકોચ નિર્ભયપણે સેવાતા થઈ ગયા. પરલોકના પરિણામનો વિચાર જ જાણે ઊડી ગયો. પણ આ જો ધ્યાનમાં લેવાય તો વૈજ્ઞાનિક શોધ-સગવડો ને જરાય મહત્ત્વ દેવાનું મન ન થાય.

એક વસ્તુ ધ્યાનમાં રાખજો; વિજ્ઞાનની સિદ્ધિઓ બધી જૂઠી છે એમ આપણે નથી કહેવું. પ્રત્યક્ષ સાબિત થયું હોય એ જૂઠું છે એમ કહેવું મૂર્ખતામાં ખપે. પરંતુ કહેવું એ છે કે -

**સાચી પણ વિજ્ઞાનની સિદ્ધિ કર્યાનું પરિણામ શું ? જીવની વિષયવૃત્તિ અને કષાયવશતામાં વધારો કે ઘટાડો ?**

પરલોક તરફ દૃષ્ટિ અને પાપના ભય જાગતા થયા કે પ્રત્યક્ષસિદ્ધિના અંજામણમાં એનો વિચાર વાહિયાત લાગવા માંડ્યો ? આજે તો વિજ્ઞાનવાળાઓ જાતિ સ્મરણ વિના ટેલીપથી કલેરવોયન્સ ઇન્ટયુઝન વગેરેથી આત્મતત્ત્વ જેવું કાંઇક હોવાનું માનવા તરફ જાય છે. પરંતુ એ માનીને ય પાપનો ભય અને જીવનમાં પરલોક દૃષ્ટિ ઊભી થઈ ? જ્યારે આ જીવનની પછી પણ આત્મા ઊભો જ છે. એને ભાવી અનંતો કાળ લેવાનો જોવાનો છે, તો અહીંના જીવન વખતે એ ભાવી અનંતકાળનો વિચાર મુખ્ય રાખવાનો ખરો ? એ હિસાબે નાશવંત પદાર્થોના મોહ ઓછા કરવાની વાત ખરી ? એમ મોટા આરંભ-સમારંભ કત્લખાના, વિલાસી રંગરાગ વગેરે પરલોક દૃષ્ટિએ ભયજનક લાગ્યા ખરા ?

વિજ્ઞાનની સિદ્ધિઓ ભલે જુઠી ન હોય, પરંતુ એ કરવાના ઉદ્દેશમાં એ સિદ્ધિઓ થયાના પરિણામમાં જીવન જો (૧) પરલોકપ્રધાન, (૨) પાપના ભયવાળું અને (૩) આરંભસમારંભાદિની ઘૃણાવાળું, તેમજ (૪) જડ વિષયોના ધીરે ધીરે પણ ત્યાગવાળું બનાવાનું ન દેખાતું હોય, તો એ વૈજ્ઞાનિક સિદ્ધિઓ પર શુ મુગ્ધ થવું ?

જ્યાં ઉદ્દેશ શુદ્ધિ નથી એવા જ્ઞાનને જૈનશાસન મિથ્યાજ્ઞાન કહે છે. **'સમકિત વિણ નવ પૂરવી અજ્ઞાની કહેવાય'** બોલો છો ને ? એટલે શું ? મિથ્યાત્વીનાં ૯ પૂર્વનાં જ્ઞાનને બહુ નહિ માનવાનું ને ? એના પર મોહિત આકર્ષિત નહિ થવાનું ને કેમ વારુ ? એનામાં સમ્યક્ત્વ નથી ઉદ્દેશબુદ્ધિ નથી. એટલે બધું એ જ્ઞાન મેળવે છે તે લૌકિક કીર્તિ-માનપાન કે સ્વર્ગાદિનાં સુખ લેવાના ઉદ્દેશથી.

**ઉદ્દેશ શુદ્ધ નહિ, પછી વિશાળ જ્ઞાનની ય કિંમત નહિ અને કડક ચારિત્ર્યની પણ કિંમત નહિ.**

આ માનો છો ને ? માન્યા વિના છૂટકો નથી. છોકરો કોલેજમાં આગળ આગળ વધતો જતો હોય, પરંતુ મનમાં એને જો એમ હોય કે મોટી ડિગ્રી મોટું સ્થાન મેળવી લઈને મારે માબાપની ગુલામીથી દૂર રહેવું છે, ને એ રીતનાં એનાં લક્ષણ દેખાતાં હોય તેમ પછીથી એ રીતે માબાપથી તદ્દન જુઆરું લેતો હોય, તો માબાપ એના ઊંચા ભણતરની કેટલી કિંમત આંકે ? તમે જ એની કેટલી કિંમત આંકો ? અરે ! જુદો રહીને થોડો ઘણો ત્યાગથી અને સંયમી પણ બનતો હોય, તો ય એની શી કિંમત આંકો ?

ગર્ભમાં આવ્યો ત્યારથી માંડીને આટલો તૈયાર થયો ત્યાં સુધી જે માબાપે એના પર અપરંપાર ઉપકાર કર્યા છે, બાળકની તો નાજુક અવસ્થા, એ અવસ્થામાં



એના પર માબાપે જે કાળજી લીધી છે, ચિંતા રાખી છે, એવા માબાપને તરછોડવાના ઉદ્દેશવાળું વિશાળ ભણતર પણ મહત્ત્વનું નહિ. અને સંયમવાળો વર્તાવ પણ મહત્ત્વનું નહિ એ શું સૂચવે છે ? આ જ ને કે ઉદ્દેશની શુદ્ધિ વિનાના જ્ઞાન ચારિત્ર્યની કિંમત નહિ ? તો પછી ઉદ્દેશની શુદ્ધિ વિનાના વિજ્ઞાનની મોટમોટી સિદ્ધિઓ પર શું મોહિત થવાનું ?

પરદેશીઓ અહીંથી ઘણું સાહિત્ય લઈ ગયા, એના પર અધ્યયન સંશોધન પણ કરે છે, કિન્તુ ઉદ્દેશની શુદ્ધિ કરી ?

નાશવંત વિષયોની કશી કિંમત નથી, અવિનાશી આત્મતત્ત્વની મોટી કિંમત છે. માટે વિષયો તરફ વિરક્ત બની સ્વાત્માની ચિંતા મુખ્ય હોય એવું જીવન જીવવું જોઈએ આવો ઉદ્દેશ, આવો આશય, એ લોકોને આવ્યો ખરો ? તો એ ઉદ્દેશની આશયની શુદ્ધિ કરી ગણાય. પણ ના, 'બસ આગળ આગળ ખોજ કરો, શોધ કરો, એ જ એક ધૂન છે. થોડા પણ લાધેલા જ્ઞાનમાંથી વિષયોની નિર્ગુણતા અનર્થકારિતા જોવી નથી, શીલ-સદાચાર-બ્રહ્મચર્યને આત્મોન્નતિકારક તરીકે અપનાવવા નથી, આત્મચિંતા મુખ્ય બનાવવી નથી, ત્યાં ઉદ્દેશશુદ્ધિ આશયશુદ્ધિ ક્યાં રહી ? તો એ વિનાના ચમત્કારિક ઢગલો જ્ઞાનની કિંમત શી ?

સુલસા અંબડના ચમત્કારને જનસમૂહને આકર્ષનારા પ્રયોગ પર જરાય આકર્ષાઈ નહિ; કેમકે એને મન કિંમત ઉદ્દેશશુદ્ધિની હતી, કેવળ કોરા જ્ઞાનના ઢગલાની કે ચમત્કારિક સિદ્ધિની નહિ. એ જ હિસાબ નજર સામે રાખીને એ અંબડનો તાયફો તમાશો જવા ન ગઈ, જોવાની ઇચ્છા સરખી ન કરી; ત્યારે તો શ્રી મહાવીર ભગવાને એની કિંમત કરી છે ને ?

ભગવાને અંબડનું સમ્યક્ત્વ નિર્મળ કરવા માટે સુલસાને એના દ્વારા ધર્મલાભ કહેવરાવ્યો. તે કેવી સુલસાને ? ચમત્કાર તમાશો જોવા દોડે એવી ? એનું મહત્ત્વ આંકે એવી સુલસા પર સંદેશો ? કે ચમત્કાર કળા-હોશિયારી વિજ્ઞાન કરતાં ઉદ્દેશની શુદ્ધિને મહત્ત્વ આપે એવી સુલસા પર ? ભગવાનના જ્ઞાનમાં પાસ થયેલી સુલસાનો ઊંચો નંબર સુલસાની કોઈ વિદ્વત્તા પંડિતાઈ પર નથી. કિન્તુ જીવનના પવિત્ર ઉદ્દેશ પર, ઉદ્દેશની શુદ્ધિ ઉપર છે; ઉદ્દેશશુદ્ધિ મુજબના યથાશક્તિ વર્તાવ પર છે. માટે તો અંબડે પાછળથી શ્રાવકવેશે આવી પોતે ખુલાસો કર્યો કે એ ચમત્કાર પોતે સરજેલો, તો સુલસા એના પર ઓવારી ન ગઈ, પણ એ તો અંબડે લાવેલા વહાલા વીરપ્રભુના સંદેશા ઉપર ઓવારી ગઈ આ શું સૂચવે છે ? આ જ કે

**સુલસાને જીવનના ઉદ્દેશ પ્રભુ અને પ્રભુનાં તત્ત્વ તથા પ્રભુના માર્ગ સાથે શક્ય એટલું એક થવાનો હતો.**

**જીવનમાં ઉદ્દેશશુદ્ધિ આશયશુદ્ધિની બહુ મોટી કિંમત છે.**

જ્ઞાનીઓ અવસરે જ્ઞાનની મોટી કિંમત ઉપદેશે છે, ત્યાં પણ આજ સમજવાનું છે કે ઉદ્દેશની પવિત્રતા ઉપર જ જ્ઞાનની કિંમત છે, આશયની નિર્મળતા વિશાળતા ઉપર જ જ્ઞાનની કિંમત છે. માટે તો એ જ જ્ઞાની ભગવંતો અમુક અમુક શાસ્ત્ર જે તે સાધુને ભણાવવાની ના કહે છે. સાધુની પાત્રતા ઘડાવા મુજબ શાસ્ત્રો ક્રમશઃ આપવાનું ફરમાવે છે. ત્યારે શ્રાવકોને તો કેટલાય શાસ્ત્રો માટે યોગ્ય ગણ્યા જ નથી.

કેમકે વારું આ બધું ? 'જો એકલા જ્ઞાનની બહુ કિંમત છે તો કક્ષા બહારના મુનિઓ કે શ્રાવકોને પણ એવા શાસ્ત્રો આપો ને ? એનાં જ્ઞાનથી એનું ભલું થશે;' ના, એમ ભલું ન થાય. સમર્થ શાસ્ત્રકાર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે કહ્યું કે અયોગ્યને અપાત્રને એવું જ્ઞાન દેવાથી એ એના લાભ માટે નહિ, પણ ઊલટું અનર્થ માટે થાય. 'અપાત્ર' એટલે આશયની તેવા પ્રકારની નિર્મળતા અને વિશાળતા વિનાનો.

**સાધુને આચારાંગ વગેરે શાસ્ત્ર ક્રમશઃ** આપવાના કહ્યા, અમુક અમુક ચારિત્રપર્યાય થતો જાય તેમ તેમ આપવાના કહ્યા, એની પાછળ આ જ હેતુ છે કે જીવનમાં જેમ જેમ શુદ્ધ ચારિત્ર પળાતું જાય, તેમ તેમ અંતરાત્મા ઘડાતો જાય, અંતરાત્માના આશયની નિર્મળતા અને વિશાળતા વધતી જાય, એવા ઊંચા ઊંચા બનેલા વિશાળ શુદ્ધ આશય પર તે તે શાસ્ત્રોની ગંભીર વાતોને પચાવી શકે. ત્યાં પછી એને એમ ન થાય કે પ્રભુએ શાસ્ત્રમાં આ આવું કેમ કહ્યું ? જ્ઞાન પ્રાપ્ત કરે ને એમાં જ શંકા કુશંકા કરે તો સાધુવેશ બાજુએ રહી જાય અને જીવ સમ્યગ્દર્શનથી પણ ભ્રષ્ટ થાય. ત્યાં જ્ઞાન પચ્યું ? કે ફૂટી નીકળ્યું ? ત્યારે ત્યાં એમ થાય કે આ ન ભણ્યો હોત તો સારું હતું, સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રમાં રહેત. એકલા જ્ઞાનની ક્યાં કિંમત રહી ?

**કિંમત મોટી આશયશુદ્ધિની, આશયની વિશાળતાની છે.**

માટે ભણ્યા હો કે ન ભણ્યા હો, અંતરાત્માના આશયને પવિત્ર અને વિશાળ બનાવતા જાઓ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૦,અંક-૪૭,તા.૧૯-૮-૧૯૭૨**

**પ્ર.**- પણ એ માટે ય જ્ઞાન તો જોઈએ ને ?

ઉ.- જરૂર જોઈએ, કિન્તુ એવું શાસ્ત્રોનું જ્ઞાન નહિ, કે જે મનને મહેકાવી મૂકે, ઉન્મત્ત અને ભવિમાની બનાવે, ચારિત્ર કરતાં જ્ઞાનને ઊંચુ મનાવરાવે. આજે પંડિત બનેલા કેટલાક શ્રાવકોની દશા જાુઓ. એમ ઘરે બેઠા ઊંચા શાસ્ત્રોના



ભાષાંતર વાંચી લીધેલા કેટલાક શ્રાવકોની દશા જુઓ. શું એ એટલું નહિ ભણેલા કે અભણ જેવા પણ સાધુ સાધ્વીને દેખી પાણી પાણી થઈ જાય છે ? શું એમા મનને એમ થાય છે કે 'અહો ! આ પૂજ્યો તો તરી ગયા અને હું ડૂબી ગયો. ક્યાં વિષયસુખો અને લક્ષ્મીને ઠોકરે મારવાનું આમનું ભવ્ય પરાક્રમ ? અને ક્યાં મારી વિષયસુખો અને લક્ષ્મીની ગુલામી ? ક્યાં આમનો જિનાજ્ઞા સર્વાંશે પાળવાનું સ્વીકારી લેવામાં ઉચ્ચ પ્રભુપ્રેમ અને પ્રભુ વફાદારી ? ત્યારે ક્યાં મારો તુચ્છ પ્રભુપ્રેમ અને વિશાળ પરિવારપ્રેમ ?' આવું આવું આજના કેટલાય બહુ જાણી-ભણી લીધેલાને થાય ખરું ? જ્ઞાનથી આશય નિર્મળ બને એ સાચું, પરંતુ આશય નિર્મળ અને વિશાળ બનાવવા ઉપયોગી થાય અને પચી શકે એવા ને એટલા જ જ્ઞાન દ્વારા એ બને. એ પણ, જોજો, સાથે જીવનમાં ચારિત્ર્ય આચરણ માગે છે. માટે તો પવિત્ર પંચાચાર પૈકી જ્ઞાનાચારમાં શાસ્ત્ર ભણવા સમજવાના પરિશ્રમનો આચાર બતાવવા પહેલાં **કાલે વિણએ બહુમાણે ઉવહાણે** કહ્યું. એટલે ? ભણજે ખરો, પરંતુ કાળે ભણજે, સંધ્યાધિ અકાળે નહિ. ગુરુનો વિનય બહુ કરજે, ગુરુ પર અથાગ બહુમાન ધરજે, જેથી બાહ્યથી પણ એમની સારી સેવા શુશ્રૂષા કરાય. એમ ઉપધાન યાને તપ પણ કરજે. શું સમજ્યા ? આ બધો જ્ઞાનનો આચાર. એ પાળવા સાથે સૂત્ર અર્થ ભણવાનો ઉદ્યમ કરવાનો. એનું શું રહસ્ય સમજાય છે ? આ જ કે વિનયાદિથી આત્મા ઘડાતો આવે તો જ જ્ઞાનથી અંતરાત્માનો આશય નિર્મળ અને વિશાળ બનતો આવે. બોલો,

**કિંમત કોની વધી ? પાયાના તેવા પવિત્ર આચાર-ચારિત્ર અને આશયશુદ્ધિની ? કે પાયા વિનાના જ્ઞાનની ?**

'જ્ઞાન ભણો, જ્ઞાન ભણો, ભણ્યા વિનાનું બધું નકામું છે,' એમ બોલો છો, પરંતુ' 'જ્ઞાનના આચાર પહેલાં પાળો, આચરો; યોગ્ય કાળ, વિનય, સેવા બહુમાન ખૂબ સાચવો, એ વિનાના જ્ઞાનની ફૂટી કોડી જેટલી ય કિંમત નથી' એમ બોલો છો ખરા ? મનમાં ય એ આવે છે ? દીકરા માટે માતરની ફરિયાદ આવે કે લેસન બરાબર નથી કરી લાવતો તો દીકરા પર ધૂંઆપૂંઆ થાઓ છો, પણ દીકરો માસ્તરનો, માતાનો વિનય નથી સાચવતો, માતાની સેવા નથી કરતો, સામા બોલ બોલે છે, એના પર ધૂંઆપૂંઆ થાઓ છો ખરા ? કહોને કે આનો વિચાર જ કોણ કરે છે ? પછી એ દીકરા ભણી ભણીને કેવા તૈયાર થયા ? માબાપને આશીર્વાદરૂપ ? કે શ્રાપરૂપ ? મહા ઉપકારી માબાપનું જે લીલું ન વાળે એ બીજાનું શું ભલું કરવાનો ? સાધુ પણ જો જ્ઞાનના આચારને ભૂલી એકલું ભણનારા બન્યા તો એ પણ પછી ગુરુને કેટલા વળગ્યા રહે ? ગુરુને શાતા આપનારા બને ? કે

અશાતા આપનારા ?

**જ્ઞાનના અને દર્શનના આચારોનો ભંગ કરનારા જ્ઞાનને અને દર્શનને પચાવી શકે નહિ.**

બસ, આ જ વાત છે કે પાયામાં અંતરાત્માનો આશય નિર્મળ અને વિશાળ બનાવતા ચાલો, અને એ માટે પવિત્ર આચારોનું પાલન કરતા રહો, એજ ઉદ્દેશબુદ્ધિ અને સચ્ચારિત્ર્ય. જો આ લક્ષ પર નહિ લેવાય, જીવનમાં એને સક્રિય નહિ બનાવાય, તો જીવન એળે જશે. વીતરાગ અરિહંત પરમાત્મા મળ્યાની કિંમત હોય, કદર હોય, ને ઉચ્ચ માનવભવ પામ્યાની જો કિંમત હોય તોસમજી રાખો કે એની બહુમૂલ્યતા દિલના આશય વિશુદ્ધ વિશુદ્ધ અને વિશાળ વિશાળ કરવાની તથા સચ્ચારિત્ર્ય બનાવવાની શક્તિ આપવામાં છે. અર્થાત્ પ્રભુએ ને માનવ અવતારે તમને આ અલૌકિક સામર્થ્ય આપ્યું છે. પૈસા કમાવાનું અને વિષયો ભોગવવાનું સામર્થ્ય તો અનાર્ય મ્લેચ્છોના અને કીટ પશુના અવતારે ય મળે છે, **આ વિશુદ્ધિ અને સચ્ચારિત્ર્યનું સામર્થ્ય માનવ અવતારે અને વીતરાગ દેવાધિદેવની પ્રાપ્તિ થયે મળે. માટે એની ઊંચી કદર જોઈએ.**

સુલસા એ કાર્ય કરી રહી છે. વીતરાગ પરમાત્મા શ્રી મહાવીરપ્રભુ મળવા પર એને મન એમની એટલી ઊંચી કિંમત છે કે એ વારંવાર પ્રભુમાં શરણ લઈને એ પોતાના દિલના આશયને ભાવને વધુ ને વધુ નિર્મળ કરી રહી છે, અને એથી જ પોતાના આચારને આરાધનાને અધિકાધિક વિકસિત કરી રહી છે. અંબડની ભોડનાદિથી સારી ભક્તિ કરી, બાદ અંબડ ગયા પછી પોતાના જીવનને પ્રભુનાં ઉપકારથી અતિ ધન્ય માનતી રહે છે અને નિત્યકર્મ ઊભયકાળ આવશ્યક પ્રતિક્રમણ, ત્રિકાલ જિનભક્તિ, સાધુસેવા સુપાત્રદાન, જિનવાણી શ્રવણ, સામાયિક, સ્વાધ્યાય વગેરે અધિકાધિક ભાવભર્યા આચરે છે. પર્વતિથિએ તપસ્યા, પોષધ વગેરે પણકરીત રહે છે. એમાં અરિહંત પ્રવચન વગેરે વીસ સ્થાનકની યથાશક્તિ વિશિષ્ટ આરાધના પણ કરતી રહે છે; ભગવાનના અલબેલા જીવન સ્વરૂપ અને ઉપકારોને રોમાંચ ખડા કરીને ચિંતવતી રહી પોતાની આત્મદશાનો વારંવાર ખ્યાલ કરે છે. આ બધું કરતા રહેવામાં એના ચિત્તના આશય એટલા બધા નિર્મળ અને વિશાળ બનતા રહે છે કે જગતના જીવોને કેમ પ્રભુ શાસનના રસિક બનાવી દઉં, કર્મવિટંબણાનો કાયમી અંત કરનારા મોક્ષમાર્ગે ચડાવી દઉં, એવી ભાવકરુણા પ્રગટે છે. આ બધામાં એ તીર્થંકર બનવાનું પુણ્ય ઉપાર્જે છે. તીર્થંકર ભગવાનનું આવું શરણ લે એ કેમ તીર્થંકર ન બને ?

મહાવીર પ્રભુનું એવું શરણું લેવરાવનાર કોણ છે ? દિલની ધર્મપરિણતિ.



એજ મહાવીર પ્રભુએ ભાખેલો ધર્મ સુલસાએ એવો રોમ રોમ અને રગરગમાં પરિણમાવ્યો છે કે એથી એનું સમ્યગ્દર્શન ઝળબળી રહ્યું છે, આશયની ભવ્ય નિર્મળતા અને વિશાળતા થઈ રહી છે, આરાધના અને પ્રભુશરણનો સ્વીકાર જાજવલ્યમાન આરાધાઈ રહ્યા છે. ક્યારે સંયોગ મળતાં સર્વ જીવોનો પણ ઉદ્ધાર કરું એવો વીર્યોલ્લાસ ઝગારા મારી રહ્યો છે. આ બધું અંતરની ધર્મપરિણતિના પ્રભાવે.

આવી ધર્મપરિણતિવાળી સુલસાને હવે જ્યારે અંતકાળ નિકટ લાગે છે ત્યારે એ ગુરુ મહારાજ પાસે દમે પ્રકારની અંતિમ આરાધના કરે છે. સમસ્ત દુષ્કૃત્યોની ગર્હા-નિંદા પશ્ચાત્તાપ, સમ્યકત્વની અને વ્રતનિયમોની વિરાધનાની ગર્હા તથા સમ્યકત્વાદિનો પુનઃસ્વીકાર, સમસ્ત જીવરાશિ પ્રત્યે ક્ષમાયાચના ચતુઃશરણસ્વીકાર, સુકૃતાનુમોદન, નમસ્કાર મહામંત્રીની રટણા, તીર્થ સ્મરણ વંદન વગેરેમાં ચિત્ત પરોવી દે છે.

અંતરની ધર્મપરિણતિ એવી છે કે સુલસાને જીવનનો સાર આ આરાધનામાં દેખાય છે. એમાં તન્મય થઈ પંચપરમેષ્ઠિસ્મરણ અને મહાવીર પ્રભુના શરણમાં આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં સિધાવે છે. ત્યાંથી અહીં અવતરી એ આવતી ચોવીશીમાં **૧૫માં 'નિર્મમ' નામના તીર્થંકર થશે.**

એક બાઈ માણસ તીર્થંકર થવાનું પુણ્ય ઉપાર્જે ? હા, બાઈય ઉપાર્જે અને ભાઈય ઉપાર્જે. ધર્મપરિણતિ દ્વારા અંતરની તેવી આશયની જ્વલંત નિર્મળતા અને વિશાળતા કરવા પર એ બની શકે. માટે આ વાત છે કે ક્રોધને દબાવવો હોય તો ધર્મપરિણતિનું વારંવાર આલંબન લો. એટલું વિચારો કે જે આ બાહ્યનું વાંકુચુંકુ અને મનને અણગમતું થઈ રહ્યું છે, એની શી કિંમત છે, શી વિસાત છે, જો મારા અંતરની ધર્મપરિણતિ સલામત છે ? મારે તો સાચું અને મારું ધન અંતરની ધર્મપરિણતિ છે. **બહારના નુકશાનમાં હું શા સારુ આ આંતર ધર્મપરિણતિને નુકશાન પહોંચાડનારો ક્રોધ કરું ?**

**સમાપ્ત**

## ભોગોપભોગ - પરિમાણ વ્રતનું મહત્ત્વ

**ભોગોપભોગ શું ? પરિમાણ શું ? :-**

વિશ્વવત્સલ ત્રિલોકનાથ ભગવાન શ્રી તીર્થંકરદેવ ઉત્તમ માનવભવનો ઉત્તમ સાર પ્રાપ્ત કરવા માટે એક વ્રત ભોગોપભોગ પરિમાણનું ફરમાવે છે. **ભોગ** એટલે એક જ ભોગવટામાં આવી શકે તે. દા.ત. ખાવાની વસ્તુ, પીવાની વસ્તુ. **ઉપભોગ** એટલે વારંવાર ઉપભોગમાં લઈ શકાય તે. જેમ કે, વસ્ત્રાદિ પહેરવા-ઓઢવાની વસ્તુ, વાહન, ફરનિચર, શય્યા વગેરે. એનું પરિમાણ એટલે અમુક પ્રમાણ કરી લેવું કે આટલા નંગ, વજન, કે અમુક અમુક જ વસ્તુથી અધિકના ત્યાગની મારે પ્રતિજ્ઞા, નિયમ. એ ભોગોપભોગ પરિમાણ છે. જીવનને ઉન્નત બનાવવા માટે આ વ્રત ઘણું જરૂરી છે. અને પૂર્વના મહાસુખી શ્રાવકો યાવત્ કુમારપાળ જેવા રાજાઓએ આ વ્રતનો સારો ખપ કર્યો હતો, અને તેથી એ તત્ત્વ પરિણતિ સારી પામ્યા.

**જિન શાસનમાં અદ્‌ભુત વ્રતપ્રયોગ :-**

આપણે અહીં એ વિચારવાનું છે કે આ વ્રતનું મહત્ત્વ શું છે, અને એવા મહાન વ્રતને લેવા-પાળવાની ઊર્મિ કેમ જાગે ? શ્રાવકના બાર વ્રતમાં આ સાતમું વ્રત છે. પહેલા છ વ્રતની વિચારણા પૂર્વે કરી. એમાં દરેકનું રહસ્ય અને મહત્ત્વ વિચારતાં એ જોયું છે કે અનંત કરુણાના નિધાન શ્રી અરિહંત ભગવાને ગૃહસ્થ જીવનને અજવાળવા માટે આ વ્રતોનો કેટલો બધો અદ્‌ભુત કાર્યપ્રયોગ આપ્યો છે ! કેવી કેવી ઝીણી બાબતો અને એના ઊંચા ઉદ્દેશ એમાં બતાવ્યા છે ! એ આ ભગવાન જ બતાવી શકે. હવે આપણે સાતમા વ્રતનો વિચાર કરીએ છીએ. એમાં વળી નવો જ પ્રકાશ, નવું જ રહસ્ય મળશે.

**વિરતિ ધર્મનું મહત્ત્વ :-**

આપણે એ જોયું છે કે જૈનશાસનમાં વિરતિધર્મનું ખૂબ ઊંચું મહત્ત્વ છે. હિંસાદિ પાપ અને ઇન્દ્રિયોના રંગરાગની પ્રવૃત્તિ એમ ને એમ ન કરવી અને પ્રતિજ્ઞા સાથે ન કરવી, એમાં બહુ અંતર છે. પ્રતિજ્ઞા નથી અને પ્રવૃત્તિ ન કરી એટલે કાયા પર એટલો અંકુશ આવ્યો, પરંતુ મન છૂટું રહ્યું, પાપ સાથે મનની ગાંઠ, અપેક્ષા ભાવ ઊભો રહ્યો કેમ કે ત્યાં મનને એ નિર્ધાર નથી કે 'મારે આ પાપ ત્યાજ્ય જ છે, એ મારે ખપે જ નહિ.' ઠીક છે વર્તમાનમાં કદાચ મન પરોવીને પણ ત્યાગ કરી દે છે, પરંતુ અંદરખાને એક એવી વૃત્તિ બેઠી છે કે



'આમ તો બનતા લગી આ પાપ નહિ કરીએ આ વસ્તુ નહિ લઈએ, પરંતુ એવો અવસર હોય તો લેવી કરવી પડે; માટે બાધા નહિ.' આ શું સૂચવે છે ? મનમાં પાપની અપેક્ષા, પાપ તરફનો ઝોક ઊભો. કદાચ એમેય બને કે જીવનભર અમુક પાપ ન કરવા પામે કે અમુક વસ્તુ ન ખાવા પામે, પણ છતાં પ્રતિજ્ઞા નથી કરી એટલે જિંદગીના છેડા સુધી મનમાં એની અપેક્ષા કાયમ રહી છે. આ પણ એક જાતનું પાપ છે.

હિંસા જેમ પાપ છે તેમ હિંસાની અપેક્ષા પણ પાપરૂપ છે. અભક્ષ્ય ભક્ષણ જેમ પાપ છે, એમ કયારેક એ ખાઈ લેવાની અપેક્ષા છૂટી રહે એ પણ પાપરૂપ છે.

તે અપેક્ષા પણ સતત ચાલુ રહે છે એ ખાસ સમજી રાખવાનું છે. માટે એ કાયમી પાપ છે.

ક્રિયા અને વિચારથી પાપ તો અમુક સમય થવાનું; પરંતુ વ્રત, નિયમ, પ્રતિજ્ઞા ન હોવાથી આ અપેક્ષાનું પાપ કાયમી રહે છે. એ તો જ્યારે 'આ પાપનો મારે ત્યાગ જ' એવી પ્રતિજ્ઞા કરાય ત્યારે એની આંતરિક અપેક્ષાનો ભાવ છૂટે છે.

**ચ્યવી ગયેલા જીવને પણ પૂર્વ કલેવરનું પાપ :-**

એટલા માટે તો ભગવતીસૂત્રમાં મહાવીર પ્રભુએ ફરમાવ્યું કે લોખંડમાંથી જીવ તો ક્યારનોય ચ્યવી ક્યાંય બીજી યોનિમાં બીજા જન્મમાં ચાલ્યો ગયો, પરંતુ એને અહીં મૂકેલા શરીરથી થતી હિંસાની ક્રિયાનું પાપ લાગ્યા કરે છે. દા.ત. આ લોખંડ ભઠ્ઠીમાં તપાવીને ટીપાય એમાં અગ્નિના જીવોની જે હિંસા થઈ રહી છે તે અંગે પેલા લોખંડના ચ્યવી ગયેલા જીવને પણ પાપ લાગે છે, કેમ કે એ જીવને અવિરતિ ચાલુ છે. અવિરતિ એટલે વિરતિ નહિ. વિરતિ એટલે વિરામ પામવું તે, શાનાથી ? પાપથી, પાપની અપેક્ષાથી. એ વિરતિ પાપના ત્યાગની પ્રતિજ્ઞાથી બને. પ્રતિજ્ઞા કરી એટલે મનને નક્કી થઈ ગયું કે હવે મારે 'આ પાપ જોઈએ જ નહિ.' ભવિષ્યની એની અપેક્ષા પણ કાપી નાખી. વિરતિ નથી, પ્રતિજ્ઞા નથી, અવિરતિ છે, ત્યાં સુધી કાયમ પાપનો અપેક્ષાભાવ અને પાપ લાગવાનું ઊભું છે.

**આ દૃષ્ટિ જૈનશાસને જ દોડાવી છે,** કે મનથી વર્તમાન ક્ષણે અસત્યનો વિચાર પણ નથી કરતા તેમ અસત્ય બોલવા-આચરવા માટે વાણી અને કાયા પણ જ્યાં નથી પ્રવર્તતા, એમ મન-વચન-કાયાથી એ પાપની પ્રવૃત્તિ છે નહિ, છતાં અસત્ય ત્યાગની પ્રતિજ્ઞા નથી રાખી એટલે અસત્યનો અપેક્ષાભાવ ઊભો છે, અને તે પણ પાપનો જ એક પ્રકાર છે, એટલે સતત એ નિમિત્તે પાપબંધ યાને અશુભ કર્મબંધન ચાલું છે. પ્રતિજ્ઞા કેમ નથી લેતા ? મનને ડર છે કે 'કદાચ એ ભાંગી જાય તો ?' આનો ભાવ શો છે ? પ્રતિજ્ઞા કેમ ભાંગો ? કહો, અવસર આવે જૂઠ

બોલવું પડે માટે. એટલે હૈયામાં ઊંડે ઊંડે આ બેઠું છે કે 'એમ તો ગમે તેવા સંયોગ આવે છતાં અસત્ય નહિ જ બોલું એ કાંઈ મારાથી બને નહિ, માટે પ્રતિજ્ઞા નહિ.' આ ચાલે ત્યાં સુધી જૂઠ નહિ બોલવાનું પરંતુ અવસર આવ્યે બોલવાની છૂટનું વલણ જે ઊભું છે એ પણ કોઈ પાપરૂપ જ છે, ધર્મરૂપ નહિ; અશુભ વલણ છે; શુભ નહિ. શુભ વલણ તો એ કે દા.ત. 'આમ તો તપ નથી કરતો પણ અવસર આવ્યે જરૂર તપમાં ઝુકાવી દઉં,' એવી વૃત્તિ રહે; 'આમ ગુરુ પાસે નથી જતો પરંતુ મોકો આવ્યે જરૂર જવું છે,' આવો અપેક્ષાભાવ રહે એ શુભ બાકી અસત્યાદિ પાપ અવસરે કરી લેવાનું વલણ ઊભું રહે, અપેક્ષા ઊભી રહે, એ અશુભ છે, અવિરતિ નામનું પાપ છે.

જીવનમાં વિચારશો તો દેખાશે કે ત્યારે એવાં કેટલાંય મોટાં પાપો છે કે જિંદગીભર નથી કરવાનાં; એવી કેટલીય ચીજો છે કે જે જીવનભર ખાવા ભોગવવાના નથી, છતાં એના ય ત્યાગની પ્રતિજ્ઞા નથી કરી તો એની અવિરતિનું પાપ જીવનભર કાયમ છે, એની જીવનભર પ્રતિસમય પાપબંધ ચાલુ છે. આ ફોગટ જ ને ? આ અવિરતિ રાખી, પ્રતિજ્ઞા ન રાખી તો શું એથી કાંઈ ખાટી જાઓ છો ? કોઈ લાભ થાય છે ? સુખ વધે છે ?' નામના કે નિશ્ચિન્તતા વધે છે ? ના, એમાંનું કશું નથી, છતાં સમયે સમયે જીવનભર પાપ વહોરાય છે તે ફોગટ જ ! એટલે જ એવાં પાપના અને વસ્તુના ત્યાગની પ્રતિજ્ઞા કરી લેવી જોઈએ.

**વિરતિનો એક લાભ પાપવૃત્તિ ટળે :-**

ભોગોપભોગનું પરિમાણ-પ્રમાણ નક્કી કરી રોજના માટે અને જીવનભર માટે લેવાનું છે. એમાં પ્રમાણથી અધિક જગતભરની ભોગ-ઉપભોગની વસ્તુનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કરવો. એનું આ મહત્ત્વ છે કે જીવનમાંથી એ પાપની અપેક્ષા પાપવૃત્તિ કાયમ માટે ટળે, એનો પાપબંધ કાયમનો અટકે.

**વિરતનો બીજો લાભ : સંયમ અને ભાર :-**

વિરતિનો એક લાભ જેમ કાયમ માટે આંતરિક પાપ-અપેક્ષા, પાપવૃત્તિ ટળે અને તેથી કર્મબંધ અટકે, તેમ બીજો લાભ આ છે કે એનાથી જીવનમાં સંયમ આવે છે. પ્રતિજ્ઞા છે એટલે સહેજે ઇન્દ્રિયો અને મન એ તરફ આકર્ષાતા અટકે છે, આ સંયમ થયો.

વ્યાખ્યાન ખૂબ આંતરિક મંથન સાથે સાંભળનાર એક સ્થાનકવાસી ભાઈ આવ્યા અને મને કહે છે કે 'ગુરુજી ! મને ગુસ્સો કરવાની કુટેવ છે, પરંતુ એમાં જે થતી આત્માની મહાન દુર્દશાનો તાદશ ચિતાર ખડો કરે છે, એથી એ મહાભયંકર



લાગે છે. તો મારે એ દબાવવો છે, એટલે મને નિયમ આપી દો કે 'જે દિવસે વધુ પડતો ગુસ્સો થઈ જાય તેના બીજા દિવસે મારે ઉપવાસ કરવો.'

વિચારો જેને ગુસ્સાની કુટેવ છે, વળી ઘરનો વડેરો હોઈ કોઈનું કાંઈ ને કાંઈ ભૂલભર્યું નજરે ચઢે છે, એણે આવો નિયમ કરવો કેટલો કઠિન છે ? પરંતુ એ ભાઈએ આગ્રહ કરીને લીધો; અને પાળવા માંડ્યો.

એનું ફળ જાણો છો ? કેટલાક વખત પછી મને મળ્યા અને કહે કે 'ગુરુજી ! બહુ શાંતિ થઈ ગઈ. બે પાંચ ઉપવાસ પડ્યા ખરા, પરંતુ સ્વભાવ પર ભારે અંકુશ આવી ગયો, અને હવે તો ઘરના માણસ પણ આશ્ચર્ય પામી ગયા કે 'આ શું ? આમનો સ્વભાવ કેવી રીતે એકદમ જ ફરી ગયો !! આપે તો બહુ નિરાંત કરી આપી.'

વિચારો નિયમનું મહત્ત્વ. મન પર કેવો સરસ અંકુશ, સંયમ લાવી દે છે ! પ્રતિજ્ઞા ન હોય અને એમ ને એમ મનથી ધારી રાખ્યું હોય કે ગુસ્સો નહિ કરું, તો અવસર આવ્યે સંયમ કેટલો રહી શકે ? આ તો અનુભવની વસ્તુ છે, -કહો જીવનમાં કેટલીય વાર કેટલુંય ધાર્યું હશે કે 'આમ હવે નહિ કરું.' પરંતુ એ ધારેલું બરાબર પળ્યું છે ? ત્યારે એમ પૂછો.

**પ્ર.-** જો આમે ય નથી પળતું તો નિયમ લઈએ તો તો ભાંગી જ જાય ને ?

**ઉ.-** ના, એવું નથી. કેમ કે એમ ને એમ ધારી રાખેલું નથી, પરંતુ માથે કોઈ ભાર નથી, કે નહિ પાળું તો આ મોટી સજા લેવી પડશે, તેથી નથી પળતું. જ્યારે, નિયમ કર્યા પછી માથે ભાર આવે છે કે 'મારે બાધા છે, વ્રત છે, એ ભાંગું તો ભારે પાપ લાગે, નિયમ ભંગાય જ નહિ.' આવો ભાર માથે છે, તેથી ભાર ન હોવાના કારણે પાપ થતું હતું તે ભાર આવવાના લીધે અટકી જવાનું આ રહસ્ય સમજવા જેવું છે.

ટેક્ષી ભાડે કરીને બહાર જવું હોય તો ઘરમાંથી નીકળવાનું કદાચ મોડું પણ કરી નાખો છો. પરંતુ રેલગાડીથી બહાર જવાનું હોય તો ટાઇમ બરાબર સાચવો છો. તો હવે કહો પહેલામાં ટાઇમસર ન નીકળ્યા તે શું અશક્તિ, અશક્યતાના કારણે ? ના, માથે ભાર નહોતો તેથી લહરાતું મૂક્યું. ટ્રેનનો ટાઇમ તો બરાબર સાચવવો જ પડે નહિતર એ ઊપડી જાય, એવો મન પર ભાર છે, તેથી એ બરાબર સચવાય છે.

આવા તો વ્યવહારમાં કેટલાય દાખલા મળશે કે જ્યાં અમુક વસ્તુ નથી કરતા અગર ભૂલ કરો છો તે તેવી અશક્તિના કારણે નહિ, પણ માથે ભાર નથી માટે, કેમ કે પાછી એની એ જ વસ્તુ કરો છો અગર એ જ ભૂલ ટાળો છો કે

જ્યાં મન પર ભાર છે, શેઠ ઉદાર છે અગર નરમ સ્વભાવના છે તો દુકાને જવામાં મોડું કરો છો, પણ શેઠ તીખા કડક હોય, અગર કોરટમાં જવાનું હોય તો ? જરાય મોડું નહિ. છોકરો બાપ પર ગુસ્સો કરે છે, પણ શેઠ પર નહિ. ત્યાં તો ગમે તેવો સ્વભાવ પણ દાબી રાખે છે. કેમ કે માથે ભાર છે કે ગુસ્સો કરું તો નોકરીમાંથી કાઢી મૂકે. ખોટો રૂપિયો બજારમાં તો હલાવી દેતા હશો, પણ બેંકમાં હલાવવાનું કરો ખરા ? ડૉક્ટરની દવા કરતા હો ત્યાં તો કદાચ ગમે તે ખાઈ નાખો, પરંતુ વૈદ્યની રાસાયણિક દવા લો ત્યાં એવું કરો ખરા ?

સારાંશ. કોઈપણ જાતનો ભય હોય, ભાર હોય તો આમ એમ ને એમ સંયમ ન સચવાતો હોય, તે સચવાય છે. બસ, જે ત્યારે નિયમનો આ પ્રભાવ છે કે નિયમભંગનો એક ભય ઊભો કરી દે છે, નિયમને તો પાળવો જ જોઈએ એવો એક ભાર મગજ પર રાખી દે છે એના બળે ઘણો સંયમ સાચવી શકાય છે. વિરતિનો, પ્રતિજ્ઞાનો આ મહાલાભ છે એથી ઘણા પાપથી બચી જવાય છે.

ત્યારે એક લાભ એ જોયો કે પાપની અપેક્ષા, પાપ વૃત્તિનું કાયમી પાપ ટળ્યું. બીજો લાભ સંયમનો અને માથે ભારનો થયો, ત્રીજો લાભ જુઓ.

**વિરતિનો ત્રીજો લાભ : શુભ વિચાર અને પુણ્ય :-**

પાપ ત્યાગની અગર કોઈ ધર્મ સાધનાની પ્રતિજ્ઞા કરી પછી અવરનવર એ યાદ આવે છે, મનને થાય છે 'ઊભો રહે, મારા નિયમને વાંધો તો નથી આવતો ને ? નિયમ મુજબ સાધના થઈ ગઈ ને ?' આ યાદગીરી એક શુભ વિચાર છે. દાખલા તરીકે જમવા બેઠા, યાદ આવ્યું કે મારે અમુક નિયમ છે એને અહીં બાધ તો પહોંચતો નથી ને ? આ વિચાર પાપથી બચવા અંગેનો અને વ્રત રક્ષાનો છે. તેથી શુભ વિચાર છે, જેને બાધા ન હોય એ શું વિચારવાનો હતો ? એમ જેને રોજ પૂજા સામાયિક કરવાનો નિયમ છે એને વિચાર આવશે 'ઊભો રહે, આજ પૂજા કરી ? આજનું સામાયિક કર્યું ?' આ વિચાર પણ શુભ છે. જીવનની એટલી ક્ષણો શુભ પસાર થઈ !

શુભ વિચારમાં શુભ કર્મ-પુણ્ય બંધાય. વ્રત પોતે પણ પુણ્ય બંધાવે છે. એથી શાતાવેદનીય કર્મ યશ વગેરે શુભ નામ કર્મ ઈત્યાદિનો લાભ મળે છે. એ પાછા વ્રત નિયમ જો કોઈ પણ દુન્યવી સુખ લાલચની આશંસા વિના કરીએ છીએ તો પુણ્યાનુબંધી પુણ્યનો લાભ મળે છે. એ વળી ભવાંતરમાં ધર્મની સારી સગવડ આપે છે. ત્યારે વ્રત-નિયમથી પાપ અટકે છે, તેમ ધર્મસાધનાનો નિયમ હોય તો એ સાધના નિયમિત ચાલે છે એવા લાભ તો છે જ.

**વિરતિનો ચોથો લાભ : રાગદ્વેષને ધક્કો, કુસંસ્કાર કાપ :-**



વિરતિ-વ્રત-નિયમ લેવાથી સંયમ, સંયમન આવે છે, એ પહેલાં જોયું. આ સંયમને લીધે રાગદ્વેષનું પોષણ અટકાવવાનો એક મહાન લાભ મળે છે અલબત્ત અસંયમ રાગદ્વેષમાંથી ઊઠે છે, પરંતુ ઊઠ્યા પછી એ રાગદ્વેષને પોષીને એના સંસ્કાર દૃઢ કરે છે. સંયમ કરવાથી એનાથી બચી જવાય; ઊલટું, મોકો છતાં રાગદ્વેષ ન કરીએ એટલે તો એના સંસ્કાર મોળા પડે છે.

રાગદ્વેષથી બચવું, એના સંસ્કાર દૃઢ ન થવા દેવા બલકે મોળા પાડવા એ એક જબરદસ્ત સાધના છે; એ ન ભૂલશો. કહો બધી સાધનામાંથી સરવાળે આ તારવવાનું છે કે અશુભ રાગદ્વેષને ધક્કો લાગે. વીતરાગ પરમાત્મા અને મહાવિરાગી ગુરુ એ વસ્તુમાં પરમ સહાયક છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૦,તા.૨૪-૧૧-૧૯૬૨**

**ઈતરો શક્તિના પૂજારી, આપણે ગુણના :-**

જૈન ધર્મ વીતરાગતાનો આદર્શ પૂરો પાડે છે. બીજા ધર્મ ઈષ્ટદેવને મનાવે છે, પરંતુ શક્તિની વિશેષતાથી, એક અચિંત્ય શક્તિનો આદર્શ આપીને એ કહે છે 'પરમાત્મા કેમ માન્ય છે ? એટલા જ માટે કે એ જગતના સર્જનહાર છે. સર્વ શક્તિમાન છે.' એટલે એ શક્તિના પૂજારી છે. આપણે કહીએ છીએ કે 'પરમાત્મા વીતરાગ છે, સર્વ દોષ રહિત અને સર્વ ગુણસંપન્ન છે, માટે પૂજનીય છે,' એટલે આપણે વીતરાગના ગુણના પૂજારી છીએ. તેથી જ આપણને આદર્શ તરીકે વીતરાગતાનો આદર્શ મળે છે. એ સામે રાખીને ધર્મ સાધનાઓથી તારવણી રાગદ્વેષ મોળા પાડવાની-કાઢવાની છે. તે અસંયમ રોકી સંયમ કેળવવાથી બને. એમ સંયમ એ વિરતિ, પ્રતિજ્ઞા, નિયમ રાખવાથી સુલભ બને. છે.

હવે અહીં એક પ્રશ્ન ખડો થાય છે.

**પ્ર.**- શાસ્ત્ર બતાવે છે કે આ જીવે ચારિત્ર અનંતીવાર લીધા, તો એમાં વિરતિ તો અનંતીવાર કરી પછી રાગદ્વેષ કેમ મોળા પડ્યા નહિ ?

**ઉ.**- આનું સમાધાન એ છે કે બધાં એકડા વિનાનાં મીંડાં કર્યાં, એકડા ઉપર તો મીંડાં જેમ વધત તેમ તેમ રકમ વધતી જાત, પરંતુ એકડા વિનાનાં એકલાં મીંડાંમાંથી કાંઈ નીપજ્યું નહિ. એ એકડો સમ્યગ્દર્શન છે. અનંતકાળમાં એનો ખપ કર્યો નહિ, મિથ્યાત્વ-મિથ્યામતિમાં મહાલ્યા વિરતિ કરી કરી પણ તે રાગદ્વેષ, મંદા પાડવા નહિ, વીતરાગ બનવા નહિ, કિન્તુ દેવતાઈ સુખ વગેરે દુન્યવી લાલસાથી એ લેવા માટે કરી. જ્યાં ઉદ્દેશ જ મેલો, દુન્યવી તુચ્છ ચંચળ સુખસગવડના અતિ

રાગભર્યો, પછી રાગ ક્યાંથી મોળો પડે ?

**વિરાગી છતાં રાગી :-**

મિથ્યાત્વ હતું, ભવનો જ એક આનંદ હતો, મોક્ષ તરફ કોઈ દૃષ્ટિ જ નહોતી એટલે મોટા ચારિત્રનાં, અને ત્યાગ-તપસ્યાનાં કષ્ટ પણ સંસારસુખ માટે જ કર્યાં. ખૂબી કેવી કે ચારિત્ર લેતાં આમ તો વિરાગી બની સુખ સંપત્તિ છોડી, ક્ષમાધારી અપરિગ્રહી મુનિ બન્યા છતાં અંતરમાં ઠેઠ અનંતાનુબંધીના રાગદ્વેષ-કષાયો મહાલતા રાખ્યા ! કેમ કે એ કષ્ટ કરવા પાછળ મૂળમાં ભાવી સ્વર્ગીય સુખાદિ લેવાનો લોભ એનો અંધ રાગ અકબંધ હતો. આ હોય ત્યાં સુધી જીવ ગુણસ્થાનકમાં આગળ વધી શકે જ નહિ.

**અનંતાનુબંધી એટલે ? :-**

પહેલું આ જરૂરી છે કે અનંતાનુબંધીના રાગદ્વેષ કષાયો દૂર કરો, અર્થાત્ આંધળા નિર્ભય રાગાદિ ફગાવી દો, શત્રુભૂત નહિ લાગતા એ રાગાદિના એવા આવેશ છોડો કે 'આ કરવામાં કશું ખોટું નથી.' રાગદ્વેષ તો એકદમ નહિ છૂટે પણ પહેલે પગથિયે દેખતા બતાવશે કે 'આ રાગાદિ ખોટા છે, મારા હિતશત્રુ છે. ક્યારે એ ટળે !' એનો ભય ઊભો થશે.

**બાહ્યનાં ખરાબ તત્ત્વ જાણ્યાં, પણ આત્માનાં ? :-**

જૈન શાસન પામ્યાની આ વિશેષતા છે કે આત્માના શત્રુને ઓળખી શકીએ. દુનિયાની વસ્તુ વસ્તુને શું શું બગાડનારા તત્ત્વ એની ખબર હોય અને આપણી પોતાની જાતને બગાડનારી જ ગમ ન હોય એ કેટલું બધું વિચિત્ર ! દૂધમાં લૂણ પડે તો બગડે એ ખબર છે, ગરમ કપડાને ઉધઈ લાગે તો ખરાબ થાય, વાસણને કાટ ચઢે તો બગડે, લાકડાને ભેજ લાગે તો ખરાબ થાય, રૂ પાસે અગ્નિ આવી જાય ને સહેજ ઝાળ લાગે તો સળગી જાય, આવી આવી તો કેટલીય વાતની ખબર છે. પણ આપણા પોતાના આત્માને રાગદ્વેષ, વાસના-વિકારો અડી જાય તો આત્મા ખરાબ થઈ જાય એટલી ય ખબર ન હોય તો પછી એ ખરાબીથી આત્માને બચાવવાની વાતે ય ક્યાં ? હજી તો આ પહેલા પગથિયાની વાત છે કે આત્માની ખરાબી સમજમાં આવે, એ જો સમજાઈ જાય, હૈયે અંકાઈ જાય અને એ ખરાબ તત્ત્વ રાગદ્વેષનો અણગમો, ભય ઊભો થઈ જાય, પછી જે રાગદ્વેષાદિ થશે એ આવેશરૂપ નહિ હોય, આંધળા નહિ હોય. એનું નામ એ અનંતાનુબંધી કષાય નહિ.

**અનંતાનુબંધી ટાળ્યાનું મોટું ઈનામ :-**

શાસ્ત્ર કહે છે આટલું જો બની જાય, માણસ અનંતાનુબંધી કષાય છોડી દે એટલે કે આંધળા રાગદ્વેષ ન કરે તો એની કક્ષા ઊંચી વધી ગઈ ગણાય. એમાં એ



નરક, તિર્યંચ અને મનુષ્યગતિના કર્મબંધને વટાવી ગયો, હવે એ દેવગતિને યોગ્ય જ કર્મ ઉપાર્જે. દેવનું આયુષ્ય વગેરે પુણ્ય જ કમાય. તે પણ ભવનપતિ, વ્યંતર ને જ્યોતિષ દેવલોકનું ય નહિ, એથી ઉપર વૈમાનિક દેવલોકનાં પુણ્ય ઉપાર્જે. જ્યારે આટલું ઊંચું છે ત્યારે ચોરી નહિ ચાલે કે 'હાં મને મારા રાગદ્વેષ ખટકે છે, ખરાબ લાગે છે.' કોઈને સમજાવવાની કે ખોટા ખોટા આત્મસંતોષ માની લેવાની વાત નહિ ચાલે. દિલમાં ખરેખર એ રાગાદિનો ભય ઊભો કરવાનો છે. કકળાટ કેળવવાનો છે. ત્યારે વિશ્વાસ રહે કે હવે અનંતાનુબંધીના તો રાગદ્વેષ નથી. ત્યારે હવે આ વિચારણીય બને છે કે -

**આ અનંતાનુબંધી રાગદ્વેષ ટળે શી રીતે ?**

વિચારણીય છે આ, કેમ કે સંસારમાં જીવ બેઠો છે ત્યાં સુધી અનેક ઈષ્ટ અનિષ્ટ પર રાગદ્વેષ કરવાના અને એ ઉગ્ર કોટિના ન થઈ જાય, અનંતાનુબંધીની કક્ષાના થાય નહિ, એ કરવું છે. એ કેમ બને ? સમજતા નહિ કે એ રાગાદિને ખરાબ કહી દઈએ એટલે અનંતાનુબંધી મટી ગયા, કહેવું જુદું છે અને લાગવું જુદું છે. હા ખરાબ લાગી જાય તો બને. પણ લગાડવા માટે સાધના કરવી જોઈશે, ભોગ આપવો પડશે. એ સાધના કઈ, ભોગ શો ?

અહીં શાસ્ત્રમાર્ગ જુઓ. શાસ્ત્રે સમ્યક્ત્વ પામવા પૂર્વે પણ સાધનાઓ બતાવી છે. દા.ત. ન્યાય સંપન્ન વિભવ, ઈન્દ્રિયનિગ્રહ, દયા, પરોપકાર આદિ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણભર્યું જીવન. એવી રીતે ગુરુઓની પૂજા-સેવા, દેવપૂજન, સદાચારો અને તપરૂપી યોગપૂર્વક સેવા. એમ, યમ-નિયમ, તત્ત્વજિજ્ઞાસાશુશ્રૂષા શ્રવણ વગેરે યોગદૃષ્ટિની સાધના, એવી રીતે વીતરાગનું કુશળ ચિંતન, નમસ્કાર, આચાર્ય વૈયાવચ્ચ, સહજ સંસારખેદ, વિવિધ અભિગ્રહનિયમો, શાસ્ત્ર લખાવવા-પૂજવા-વંચાવવા વગેરે યોગબીજ સંગ્રહ,... આવી બધી અનેક સમકિત પૂર્વેની સાધનાઓ કહી છે. એ સૂચવે છે કે એનાથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગદ્વેષાદિ ક્ષય પામતા આવે છે, સમકિતની નિક્ટતા થાય છે.

જ્ઞાનીઓની સૂક્ષ્મ દૃષ્ટિ વિચારવા જેવી છે. આટઆટલી સાધના હોય છતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ અને અનંતાનુબંધી અને મિથ્યાત્વની અટકાયત ન થઈ હોય. એવો સંભવ કહે છે. એટલે જ વિચારવા જેવું છે કે તો પછી જ્યાં એવી સાધનાઓનું કાંઈ ઠેકાણું ન રાખીએ અને માની લઈએ કે મારા અનંતાનુબંધી રાગદ્વેષ ખરેખર ખતરનાક ભાસી ગયા, એ માન્યતા કેટલી વાજબી ગણાય ? એટલે ખરી વાત આ છે કે એ સાધનાઓનો ખપ કરવો જોઈએ. તે પણ એટલા માટે કે પાપથી બચાય એટલું સારું. કેમ કે પાપ ઝેર છે.

અનંતાનુબંધી કષાય ગયા અને સમકિત આવ્યું એટલે હવે પાપ ઝેરરૂપ લાગવું જ જોઈએ. તેથી હવે જો પૂછવામાં આવે કે 'મોટું પાપ મિથ્યાત્વશલ્ય દૂર કરી દીધું પછી તો સત્તર મુઆ જ પડ્યા છે એટલે સત્તરના સેવનમાં ભય નહિ ને ? એ ગમે તેમ અને ગમે તેટલા સેવાય તો હરકત નહિ ને ?' તો શું જવાબ આપો ? મરીચિ, જમાલી વગેરેના પતનની સ્થિતિનું પૃથક્કરણ કરીને જોયું છે, એટલે હવે બીજું બોલાય એમ નથી, એમ જ કહેવું પડે કે સત્તર પાપસ્થાનકમાં ભયરહિત ન જ બનાય, એ ગમે તેમ અને ગમે તેટલા ન જ સેવાય, કેમ કે એમ કરતા જો એ જીવને ભુલાવીને મિથ્યાત્વમાં તાણી લાવે તો શું થાય ?

**'સંસાર એટલે પાપસ્થાનક હોય'-આમાં હોંશ કે હાય ? :-**

પરંતુ પોતાના આત્માની સ્થિતિ વિચારો, મનમાં એમ થાય છે ને કે મિથ્યાત્વ ટાળ્યું છે, બહુ ફિકર નથી ? પાપસ્થાનક તો સંસાર એટલે હોય આમ મન કહે છે ને ? હવે એની પાછળ હૃદયની તપાસ કરો કે એને પાપમાં નિર્ભયતા આવી કે ભય રહ્યો ? પાપ બદલ નિશ્ચિન્તતા છે કે કકળાટ ? સંસાર છે એટલે ભલે પાપ વિના ચાલે એમ ન હોય, પરંતુ દિલ એના તરફ કેવું હોય ? છોકરો અનાડી થઈ ગયો છે, પરંતુ પોતાનો છે એટલે વ્યવહારથી એને નભાવ્યા વિના ચાલે એમ ન હોય, પરંતુ નભાવવા બદલ દિલ નિરાંતવાળું હોય ? કે ગ્લાનિવાળું ? ઊંધા વેપારમાં ફસાઈ ગયા અને ઘરમાંથી રકમ કાઢીને દીધા વિના ચાલે એમ ન હોય પરંતુ એ દેવામાં હોંશ હોય કે હાય ? 'હાય ! આ ક્યાં દેવાનો ટાઈમ આવ્યો ? એમ થાય કે નહિ ? પહેલી ભૂલ જ આ લાગે કે આવો વેપાર ક્યાં ખેડ્યો ?' એમ અહીં પણ મૂળમાં આ થાય કે આ સંસાર જ કાં ઊભો કર્યો કે આવાં પાપ ઊભાં કરવાં પડે છે ? જો સમકિત છે તો પાપો ત્યાજ્ય જ લાગે, અને ખરેખર ત્યાજ્ય લાગ્યા પછી એમાં નિર્ભયતા ન રહે. વળી સમકિત તો જ ગણાય કે સાથે અનંતાનુબંધી કષાય મરી પરવાર્યા હોય. એ ગયા એટલે પાપના આંધળા રાગ થઈ શકે નહિ; રાગ થાય તો ખરા પરંતુ દિલના કચવાટ સાથે. પાપ બદલ કચવાટ. હોય તો એવું કેમ માને કે સંસાર છે એટલે પાપ તો રહે ? દિલ તપાસવું છે કે એ, જેનું નામ પાપ, તેના તરફ કેવા વલણવાળું છે ? પાપ જરૂરી પણ લાગતું હોય દા.ત. આજીવિકાનો ધંધો, દિલને કચવાટ જોઈએ, કેમ કે આ પાપ ઝેર છે. તો જ સમકિત આવે, સમકિત ટકે. પાપમાં અનંતાનુબંધીના રાગ, આંધળા રાગ, ભય વિનાના રાગ કરી શકાય જ નહિ, થઈ શકે જ નહિ.

ત્યારે એ વાત પણ સાચી છે કે જૈનશાસન મળવાથી સમકિત પામ્યા એટલે અનંતાનુબંધી કષાય અટકાવ્યા, પરંતુ આગળ અપ્રત્યાખ્યાનીય વગેરે કષાયોને



મહાલતા રાખ્યા, તો ય આગળ શી રીતે વધાય ? તો પૂછો.- 'એ તો અનાદિના અભ્યસ્ત છે, એને શી રીતે અટકાવાય ?' ઉત્તર આ છે કે વિરતિ માર્ગમાં આવો, પ્રતિજ્ઞાબદ્ધ બની હિંસાદિ પાપોનો ત્યાગ કરો. એ માટે વ્રત-નિયમ વગેરે વિરતિ આદરો.

**મારા વિના તને ક્યાં ચાલવાનું છે ?**

આવો વિરતિનો મહિમા છે કે પ્રતિજ્ઞા કરી હોય, તો એ નજર સામે રહે, આત્મામાં એવું ઓજસ્ હોય કે, ગમે તેવા જડ પ્રલોભન સામે હું પ્રતિજ્ઞાધારી છું, પ્રતિજ્ઞા પાળવાની જ. દા.ત. 'આજે ઉપવાસ છે, ગમે તેવું સારું ભોજન હશે તોય નહિ કરું, ન જ કરાય,' એમ થાય. પ્રતિજ્ઞા નહિ હોય, ઉપવાસનું પચ્ચખ્ખાણ નહિ હોય તો ઘરે જતાં માર્ગમાં ન ખાવાનો વિચાર રાખ્યો હશે તોય, ઘરે ગયા પછી મહેમાન આવ્યા હશે, સારું ભોજન કર્યું હશે તો, સામાનું મન રાખવાના વિષે, સામાના આગ્રહથી, 'તમારું મન રાખવા ખાવા બેસું છું.' એમ કહીને ખાવા બેસી જવાશે. પ્રતિજ્ઞા હશે તો ચોક્કસ ગમે તેવું ભોજન હશે તોય નહિ બેસાય. એ યાદ રાખવું, જેટલા પ્રમાણમાં પ્રતિજ્ઞાથી ડરાય, પાછા રહેવાય, તેટલા પ્રમાણમાં ઓજસ્ ખીલવાનું નથી.

'ઊભા રહો, પચ્ચખ્ખાણ ન કરો, યાહોમ ન કરો, વખતે એવો અવસર આવે તો-પંચાયત થાય,'- આ રીતે પાછા કોણ હટાવે છે ? પાપની દોસ્તી ! પાપ જાણે કહે છે : 'જોજે અલ્યા ! નિયમ ન લેતો ! આ તો જૈનશાસનનો નિયમ ! પછી મારી પાસે નહિ અવાય, અને મારા વિના તને ક્યાં ચાલવાનું છે ?'

**શક્તિનો વિચાર ?**

**પ્ર.**- શક્તિ-પરિણામનો તો વિચાર કરવો ને ?

**ઉ.**- એ વિચાર જ્ઞાનીઓએ આજ્ઞા આપતાં કરેલો જ છે. સંસારી ઘણાં કામ એવાં કર્યે જાઓ છો કે ત્યાં શક્તિના વિચારનો પ્રશ્ન પણ થતો નથી અને જ્ઞાનીએ કહેલા માર્ગમાં મામૂલી વાતવાતમાં, શક્તિ-પરિણામનો વિચાર ? પથારીએ પડતાં મહિનો દહાડો બજારમાં ન જવાય એ ચાલે પણ એક સારો પર્વ દિવસ આવ્યો, પર્યુષણના આઠ દિવસ આવ્યા, ત્યારે એ એક દિવસ કે પર્યુષણમાં ચાર-આઠ દિવસ ન જવું, એમાં શક્તિ-પરિણામનો વિચાર ? આત્મા ઉજ્જવલ થવાનો હોય ત્યાં જ શક્તિ-પરિણામનો વિચાર ? આ ધોલ પડી રહી છે મોહની ! મોહ જાણે શીખવે છે,' બેસ, લીધી પ્રતિજ્ઞા ! ભાંગીશ અને નરકે જઈશ.

વિચારવાનું આ છે કે નિયમ લેવાથી પાછા હટાય છે તે ભંગના પાપના ભયથી ? કે વિષયગૃદ્ધિના મોહના શિક્ષણથી ?

**પાપને જમીનદોસ્ત કરવા જ્ઞાનીએ વિરતિ બતાવી :-**

વાત એમ છે કે, પાપની સાથે એવા પ્રકારની દોસ્તી રાખવી છે ! પાપના બે પ્રકારને પ્રવૃત્તિનું પાપ. અને વૃત્તિનું પાપ. જ્યાં વ્રત પચ્ચખ્ખાણ નિયમની વાત આવી કે, વૃત્તિનું પાપ જાણે ટેલિફોનથી કહે છે, (ટેલિફોન એટલા માટે કહું છું, કે પાસે બેઠેલો ન સાંભળે, ન જાણે. ને પરસ્પર જ વાત થાય,) 'આવો નિયમ ન થાય, કોઈ ચાર સ્નેહી આવ્યા કે આપણે એમને ત્યાં જવું પડ્યું, ચાહપાણી પીવા-પાવા પડે, તો નિયમ થાય ? આમ તે વ્યવહાર ચાલે ?' પ્રવૃત્તિ પાપની હમણાં તો નહોતી, પણ બંધ કરવાની વાત આવી ત્યાં આ રીતે વૃત્તિનું પાપ પ્રવૃત્તિના પાપને પકડી રાખે છે. વૃત્તિનું ય પાપ. પ્રવૃત્તિનું ય પાપ : પાપને જમીનદોસ્ત કરવા જ્ઞાનીએ વિરતિ બતાવી. નબળાઈ તે કેટલી ? સ્નેહીઓનું મોં રાખવા પચ્ચખ્ખાણ ન કરે. પોતે સ્નેહીઓનું મોં રાખવાનું માને, પણ એ ન વિચારે કે 'સ્નેહીઓએ મારું મોં નહિ રાખવાનું ?' ચાર પાંચ દિવસ નિયમવાળા જોશે એટલે સ્નેહીઓ પણ સમજી જશે, તમારું મોં એ રાખશે, પણ જ્યાં પાપની વૃત્તિ અને પ્રવૃત્તિ જાગ્રત ત્યાં વિરતિ બિચારી શી રીતે આવે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૧૧,તા.૮-૧૨-૧૯૬૨**

સત્તર પાપસ્થાનકની જોરદાર રમત એ મિથ્યાત્વને લાવવાનો તથા મજબૂત કરવાનો રસ્તો. છતી સમજ અને શક્તિએ, વિરતિ ન લાવો, તો અઢારમું પાપસ્થાનક (મિથ્યાત્વશલ્ય) જે દૂર ગયું હોય તે જલદી વહાલું થવા આવે અને દૂર ન ગયું હોય તે એવી પેરવી કરે કે એને જલદીથી કાઢી ન શકાય. સત્તર પાપસ્થાનકની જોરદાર હોંશિલી રમતનું નામ મિથ્યાત્વશલ્ય (અઢારમા) ને મજબૂત કરવાનો રસ્તો, પગે પડીને રાખવાનો રસ્તો, વિરતિને અટકાવનારી વૃત્તિ-પ્રવૃત્તિ સત્તર પાપસ્થાનકના ઘરમાં એવી પાપની વૃત્તિ એમ સમજાવે છે. એના વિના ચાલે નહિ, એ પણ મોભાસર અને સુખે જીવનનાં સાધન છે, સુખનાં સાધન છે. ધરમબરમ સાચો; ના ક્યાં છે ? પણ આ અધ્ધર ઉડાડીને કે સાચવીને ? 'સત્તર પાપસ્થાનકના ઘરના થઈને રહેવાથી આવી વૃત્તિ જાગે તેથી પરિણામે અતત્ત્વની રુચિ જોરદાર બને. એનું નામ મિથ્યાત્વ-માણસ વાંઝિયો હોય, એકેય દીકરો નથી, એને દીકરો દીકરી પરણાવવાની, સંસાર મંડાવવાની, પેઢી ખોલી આપી ઠેકાણે પાડવાની છે ચિંતા ? અને દીકરા દીકરી હોય એને ? કહોને ! 'સંસારમાં બેઠા, કરવું પડે, એમાં ચાલે ?' આ 'કરવું પડે' ક્યાં સુધી ? પુત્ર બ્રહ્મચારી થતો હોય



તો અટકાવવા સુધી ! પાપસ્થાનકથી, રાગ પાપસ્થાનકથી આ બને છે. પુત્ર પર રાગ છે ને ! આજે દ્વેષ હોય કદાચ પણ સપુત હોય તો રાગ હોય. જ્યાં પુત્ર બ્રહ્મચર્ય લેવા તૈયાર થાય કે, 'લ્યો ! પરણ્યે છ મહિના થયા ત્યાં બ્રહ્મચર્ય વ્રત લેવા નીકળ્યા !' રાગની જોરદાર રમત એટલે ત્યાં ય આડા પડાય-આથી અબ્રહ્મ-પાપની રુચિ પર રાગ થયો. સત્તર કે તેમાંના ગમે તે પાપસ્થાનકને મહલાવાય વધાવાય તે ચરવા ગયેલા મિથ્યાત્વને બોલાવવાનો ધંધો છે - સત્તર પાપસ્થાનકોની જોરદાર રમત, મિથ્યાત્વને ઘેર બોલાવવાની કંકોતરી છે.

**આ બધા ચૂક્યા. શાથી ? નંદિષેણનો પ્રસંગ :-**

સમકિતથી ચારિત્ર સુધી ચઢેલાને કોણે ચુકાવ્યા ? એ ચુકાવનારા આ પાપસ્થાનકમાંના જ કોઈ ને કોઈ લુચ્ચાઓ છે. નંદિષણને ચારિત્રથી ચુકાવ્યા અભિમાને ! જાણ્યું કે 'આ બાઈ કહે છે અહીં તો ધર્મલાભ નહિ, અર્થલાભનું કામ છે,' ત્યાં બતાવવા ઊભા,

'શું મુનિઓ અર્થલાભ કરાવી આપવાની તાકાતવાળા નથી એટલે ધર્મલાભ કહે છે ? ના, અર્થલાભથી સામાનું નિકંદન નીકળે છે; સંસારી જીવ અજ્ઞાન છે, એને અર્થલાભ કરાવવો એટલે બાળકને સોનાની છરી રમવા આપવા જેવું કામ છે; એનાથી એ પાપો વધારી દુર્ગતિના અનેક જન્મ-મરણ વધારે છે, માટે દયાળુ મુનિઓ અર્થલાભ નથી કરાવતા. બાકી તાકાત જોવી હોય તો લે જો, શરીરના એક મેલમાંથી કેવા સોનૈયા વરસાવી શકે છે.' એમ કહીને તપથી ઊભી થયેલી શક્તિ વડે તણખલું આંખના મેલને અડાડી ફેંકતાં સૌનૈયાનો ઢગલો વરસાવ્યો ! અભિમાનને સક્રિય કર્યું.

હવે વેશ્યા છોડે ? મનમાં ગાંઠ વાળે છે, 'આ એક જ ઘરાક હોય તો બસ છે, પકડી રાખું આમને,' જવા માગતા મુનિને કહે છે, 'ઊભા રહો, જાઓ ક્યાં ? અમારો માલ લીધા વિના ન જવાય. અમે તો આર્યદેશની વેશ્યા, માલ આપ્યા સિવાય નાણાં ન લઈએ.'

કહો, હવે તો ચોક્કસ થઈ ગયું કે 'આ વેશ્યા છે.' છતાં હજી ય મુનિ થંભ્યા ! ખબર નહોતી ત્યાં સુધી તો ઠીક પણ વેશ્યાનું ઘર જાણ્યા પછી ઊભા રહેવાય ? છતાં ઊભા કેમ ? લોભ પાપસ્થાનક હવે આગળ આવ્યું, વેશ્યાને સમજાવવાનો લોભ લાગ્યો, પણ એ સમજાવતાં સમજાવતાં વેશ્યાના કામકટાક્ષ અને નખરામાં ફસાયા. ચારિત્ર મૂકીને બેઠા વેશ્યાને ઘેર !

અભિમાન અને લોભ પાપસ્થાનકમાં ક્યાં સુધી પાડે ?

માટે જ જો આત્માને ઊંચે ચઢતો રાખવો હોય તો આ ખાસ ધ્યાન રાખો

કે સત્તર પાપસ્થાનકમાંનું એકપણ પાપસ્થાનક એવું ન સેવાઈ જાય કે પોતાના આત્માનું ભાન જ એમાં ભૂલી જવાય. ચાલે ત્યાં સુધી તો પાપસ્થાનકથી આઘા જ રહીએ, પરંતુ જ્યાં નથી ચાલતું ત્યાં પણ એ જાગૃતિ જરૂર રહે કે 'હું સંસારરોગી આત્મા છું, પાપસ્થાનક એ કુપથ્ય છે, મારા કર્મરોગને વધારનાર છે, અને એનાં કટુ ફળ મારે જ ભોગવવાં પડશે.'

આ સનાતન સત્યની સાવધાની હોય તો પછી ન છૂટકે સેવવા પડતા પાપસ્થાનકમાં આંધળિયા નહિ થાય, નિર્ભીક ઉલ્લાસ નહિ રહે. સંગ્રહણીના ભયંકર દર્દથી જે પીડાતો હોય, એમાં મહિનાઓ થઈ ગયા હોય, અને હવે કડક ચરીથી કંટાળ્યો હોય, એને કદાચ કુપથ્ય ખાવાનું મન થાય, ને થોડું ખાય પણ ખરો, છતાં એમાં કેટલો બધો ડરતો હોય ? એમાં ઉલ્લાસ નહિ કિન્તુ સંકોચ, ભય, ઘૃણા હોય. પાપસ્થાનકના સેવનમાં આ સ્થિતિ ઊભી કરવાની છે, ભય ઘૃણા, સંકોચ.

**પ્ર.**- એનો અર્થ તો એ કે સંકોચ, ભય વગેરેથી સોસાઈ મરવાનું ને ? સંસાર છે એટલે પાપસ્થાનક તો રહેવાનાં.

**ઉ.**- પાપની વાતમાં સોસાઈ જઈને એમાં ખોટું શું છે ? હુલ્લડના કાળમાં બહાર નીકળવું પડ્યું ત્યાં 'ગુંડો અહીંથી આવશે ? કે ત્યાંથી ?' એવો ભય રહ્યા કરે એ સોસાવાનું જ છે ને ? પણ એમાં ખોટું શું છે ? એથી તો વધુ સાવધાન રહેવાય છે. ઊલટું એવી ચિંતા વિના ફરનારો અબૂઝ ગણાય છે, અને ક્યારેક ખતરામાં આવી પડે છે. એમ પાપના ભય વિનાનો માણસ સાવ અબૂઝ ગણાય અને મોટા ખતરામાં આવી પડે. પાપના ભયથી સાવધાન રહેવું એ સોસાવાનું ન કહેવાય; -એમાં તો જાગૃતિ છે, સભાનદશા છે. એ સાવધાની, એ ભય આવે એ તો જંગલીપણામાંથી, અનાર્યપણામાંથી બહાર નીકળી ગયા ગણાઈએ.

**પાપ સેવનમાં માપ અને વિલંબ**

વાત એટલી છે કે પાપસ્થાનકો ખરેખર આપણને ડરાવે, ભયરૂપ લાગે એ સ્થિતિ ઊભી કરવાનું એમ જ નહિ બને; રાત ને દિવસ માપ વિના, વિલંબ વિના પાપસ્થાનક સેવ્યે જઈએ તો એનો ભય લગાડવાનું મુશ્કેલ છે, એ સહેલું કરવા માપ અને વિલંબ જોઈશે. અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે જ્ઞાનીની દૃષ્ટિએ કોઈ આત્મા ઘણાં પાપસ્થાનકો સેવતો છતાં પાપના ભયવાળો હોઈ શકે છે, વિના વિલંબે પાપસ્થાનક કરી નાખતો છતાં અંતરથી પાપસ્થાનકના ડરવાળો હોઈ શકે છે, પરંતુ આપણી જાત માટે આ વિચારણા છે કે આપણે પાપસ્થાનકના ખરેખર ભયવાળા બનવા શું કરવું જોઈએ, કેમ કે આ સાચો ભય એ કોઈને કહેવાની વસ્તુ નથી, પરંતુ અંતરમાં સ્પર્શાવવાની દશા છે. અંદરમાં હૈયું ફફડે.



'હાય ! આ મોક્ષને અટકાવનારાં અને સંસારને વધારનારાં પાપસ્થાનકોમાં મારું શું થશે ! પરલોકમાં તો એનો જવાબ મારે જ દેવો પડશે. એ જવાબમાં દુઃખ-દૌર્ભાગ્ય, ને કલેશ-ત્રાસ-વિડંબણા વિના બીજુ વધારવાનું નહિ હોય; ત્યારે આ મારાં જ સેવેલાં પાપસ્થાનકોનો મારા જ આત્મા પર કેટલો બધો જુલ્મ ! કેવી ભયંકર દશા !...'

આમ પાપસ્થાનક પર હૈયું ફફડતું રહે એ સ્થિતિ ખરેખર ઊભી કરવી હોય તો આપણા માટે આ જ ઉપાય છે કે પાપસ્થાનકમાં માપ રાખીએ, એ સેવવામાં કંઈક પણ વિલંબ કરીએ. ને જો ખરેખર હૈયે ભય ઊભો થઈ ગયો છે, તો તો સહેજે માપ અને વિલંબ થવાના. પાપસ્થાનકમાં માપ બે રીતે :- એક તો પ્રમાણથી અને બીજું માત્રા-પાવર (Power) થી.

પહેલામાં પાપસ્થાકની સંખ્યા, પુનરાવૃત્તિ અને ભારેપણા પર કાપ, દા.ત. આરંભ-સમારંભ જ્યાં ને ત્યાં કર્યે જતા હોઈએ તો હવે એના બદલે એમાં થોડા ઓછા કરીએ; રાગ જ્યાં ને ત્યાં લગાડવાનું જ કરતાં એમાં ઓછપ કરાય; પરિગ્રહની લાલસા જો માપ વિનાની હોય તો તેના બદલે હવે કંઈક પણ માપ નક્કી કરાય કે 'આટલાથી તો વધારે પરિગ્રહ મારે જોઈએ જ નહિ; પછી ભલેને મોટો દેવતા મફતમાં મારી આગળ ઢગલો કરવા આવે !'

**હર્ષ-ખેદ પાપ કેમ ઘટે ?**

**રતિ-અરતિ પાપમાં ઓછપ :-**

એવું, દરેક વાતમાં રતિ-અરતિ, ખુશી-નાખુશી કરતાં હોઈએ એના બદલે હવે એના પર કાપ મૂકી કેટલાક પ્રસંગો એ કર્યા વિના એમ જ પસાર થઈ જવા દઈએ. આ અશક્ય નથી, જીવનના ચાલુ મામૂલી પ્રસંગોમાં આ ખુશી-નાખુશી ન કરવાનું બની શકે એવું છે. દા.ત. રોજ એની એ કાળી ચાહ પીવાની છે, ત્યાં 'હાં, આ સારી ઊની આવી' 'બરાબર મીઠી આવી.' એવી ખુશી ન માણીએ તો શો વાંધો આવે છે ? કહેશો 'આદત પડી ગઈ છે,' પરંતુ ભૂલતા નહિ કે એની સામે તાત્ત્વિક વિચારણા નથી રાખી માટે એ નભે છે. બીજી કોઈ ચિંતામાં વ્યગ્ર હો તો કેમ ચાહ એમ જ પિવાઈ જાય છે ? કંઈ ખુશી-નાખુશી નહિ, કોઈ પાછળથી પૂછે કે 'કેમ ચાહ બરાબર કડક, બરાબર ગળી હતી ? શાકમાં ઠીક ઠીક મરચું હતું ?' તો કેમ કહો છો 'એ કાંઈ ખબર રહી નહિ.' બસ, સામે બીજી ચિંતા હોય, દા.ત. આજ કે 'આ ખુશી-નાખુશી એ પંદરમું પાપસ્થાનક છે, હવે મારે એમાં કાપ મૂકવાનો છે, માટે કમમાં કમ આવા રોજિંદા મામૂલી પ્રસંગમાં તો બચું. નહિતર એ મને નિઃસત્ત્વ બનાવશે.'

જડપુદ્ગલ પર ખુશી-નાખુશી એ જીવને નિઃસત્ત્વ કરે છે, એનું સત્ત્વ, એનું જોમ હણે છે. માટે એ ઓછી કરી લાભમાં છે.'

(૧) આ ચિંતા-વિચારણા હોય, અગર

(૨) બીજી જ કોઈ સારી ભાવના ભાવવાનું કરાય, કે

(૩) તીર્થંકર ભગવાન આદિ મહાપુરુષનો કોઈ ચરિત્ર-પ્રસંગ વિચારાય, અથવા.

(૪) જીવ-અજીવ વગેરે તત્ત્વની વિચારણામાં મન પરોવાય,

તો પેલી ખુશી-નાખુશી ભૂલી જવાય, એ ઊઠવા જ ન પામે.

મન નવરું હોય છે માટે જ એને તુચ્છ વસ્તુ પર ખુશી-નાખુશીના ઉછાળા આવે છે. તો એને નવરું પડવા જ ન દઈએ.

એમ, સ્વભાવ તુચ્છ-હલકટ હોય છે માટે જ તુચ્છ-મામૂલી વસ્તુની ખુશી-નાખુશી થઈ આવે છે.

આ પરથી આપણા તુચ્છ કે ઉમદા સ્વભાવનું માપ કાઢી શકીએ છીએ. જોવાનું કે તુચ્છ વાત-વસ્તુ પર ખુશી-નાખુશી થાય છે ખરી ? જો હા, તો સમજવું કે હજી સ્વભાવ આપણો તુચ્છ છે, ત્યારે એવા તુચ્છ સ્વભાવને દાબવા-અને ઉમદામાં ફેરવવાનો ઉપાય પણ આ છે કે એવા તુચ્છ-મામૂલી પદાર્થ કે પ્રસંગ પર ખુશી-નાખુશીને અટકાવીએ મનને કહી દહીએ કે

**રતિ-અરતિ ઘટાડવા વિચારણા :-**

તુચ્છ વાત-વસ્તુમાં શી મોટા વિસાત હતી કે રાજી થવું અગર નારાજ થવું ? જવા દે ! જીવનમાં તો એવા કેટલાય ઢગલાબંધ તુચ્છ પદાર્થ કે પ્રસંગ સામે આવવાના છે; તો એટલી બધી રાજી-નારાજી કરી આત્માને માથે ખોટા કર્મના ભાર કાં ચડાવવા ? એના સત્ત્વને વારે વારે શા સારુ હણતા જવું ? ચીજ તો ભોગવાઈને કે પ્રસંગ તો જોવાઈ-સંભળાઈને જવાનો જ છે, પણ આ રાજી-નારાજીના કુસંસ્કાર અને પાપકર્મ જીવની સાથે જડબેસલાક ચોંટ્યા ઊભા રહી જશે. તો આવી મૂર્ખાઈ શા સારુ કરું કે જેમાં આવ્યા કે ગયાની પાછળ લાંબા-લાંબા કાળ સુધી ટકી મને જ અનર્થ કરે એવાં પાપકર્મ અને કુસંસ્કાર ઊભા કરું ? બીજાં તો કેટલાંય પાપ હજી છૂટતાં નથી, પણ આવાં પાપ તો છોડું ? અને આમાં કઠિને ય શું છે ? મારા ભગવાને મોટા દેવતાઈ સુખ-સગવડમાં રાજીપો નથી કર્યો, તેમ ભયંકર પરિષહ-ઉપસર્ગમાં નારાજી કરી નથી. તો એ પ્રભુને માથે ધર્યા પછી છોડું ? એ વળી એવા ક્યા મોટા પુણ્ય કે પાપના ઉદય હતા, કે એમાં રાજી-નારાજી થઈ જાય ? ચાહ જરા ફીકી કે ઓછી ગરમ આવી એ શું મહાપાપનો ઉદય છે ? યા જરા ઠીકઠીક આવી એ શું મહાપુણ્યોદય છે ? ના, તો એમાં હર્ષ-



ખેદના ઉન્માદ શા ?

અરે ! ખરી ખુશી તો મહાપુણ્યોદય પર નહિ પણ કોઈ સુકૃત થઈ જાય, કોઈ સદ્ગુણ આવે એના પર થવા જેવું છે. ખરી નાખુશી તો આ નારાજી, દ્વેષ, અણગમો વગેરે પાપ સેવાય છે એના પર અને એ કરાવનાર સંસારવાસ પર કરવા જેવી છે; નાખુશી આની હોય, સદા વ્યથા હોય.

બસ, ખરી વાત જ આ છે કે સુકૃત-સદ્ગુણનો એવો રાજીપો નથી, દુષ્કૃત-દુર્ગુણની અને સંસારવાસની એવી નારાજી નથી એટલે જ જડ ઇષ્ટ-અનિષ્ટમાં વારેવારે રતિ-અરતિ યાને હર્ષ-ખેદ થયા કરે છે.

હૈયાને એવું ઉમદા બનાવો કે એની ખુશી-નાખુશી હવે જડ સારાં-ખોટાં પર નહિ પણ સુકૃત-દુષ્કૃત ઉપર સદ્ગુણ-દુર્ગુણ પર, ને સંયમ-સંસારવાસ પર વરસે,

ત્યારે જુઓ, રતિ-અરતિ પાપસ્થાનકનું પ્રમાણ ઘટાડવા ત્રણ વાત થઈ;

(૧) મનને એવી રતિ-અરતિ માટે નવરું જ ન પડવા દો, બીજી ઉચ્ચ વિચારણામાં મન પરોવી રાખો.

(૨) હૈયાનો સ્વભાવ એવો ઉમદા બનાવો કે તુચ્છને લેખામાં જ ન લો.

(૩) ખુશી-નાખુશી સાચી ઊભી કરો. તે સુકૃતમાં ખુશી, દુષ્કૃતમાં નાખુશી ...વગેરે.

વાત એ ચાલે છે કે પાપસ્થાનકનો ભય ઊભો કરવા એક તો એનું માપ ઘટાડવું. એ માપ સંખ્યાથી અને પુનરાવર્તનથી મપાય. ઓછી સંખ્યામાં ને ઓછી વાર પાપસ્થાનક સેવાય. એમ એની માત્રા, એનો પાવર ઘટાડવાનો. પાપસ્થાનકો તો જાણો છો ને ? એને આ રીતે પહેલાં નજર સામે રાખો.-

**હિંસા-જૂઠ-ચોરી-વિષય-પરિગ્રહ,**
**ક્રોધ-માન-માયા-લોભ,**
**રાગ-દ્વેષ, કજિયો-આળ-ચાડી,**
**રતિ-અરતિ, નિંદા-માયામૃષા મિથ્યાત્વ.**

**પાપનો પાવર ઘટાડવો એટલે ? :-**

મિથ્યાત્વ હટાવ્યા પછી સત્તર પાપસ્થાનક ઊભાં છે. એક તો એને સેવવાના પ્રસંગ ઘટાડવાના; તેમજ બીજું, સેવનમાં પાવર ઘટાડવાનો, અર્થાત્ એના સેવનમાં પહેલાં જે હોંશ, હોશિયારી અને રસ એકાકારતા રહેતી તે હવે નહિ. હવે એ ઘટવા જોઈએ. હોંશ ઉલ્લાસને બદલે હવે કંઈક નિઃસાસો પડે કે 'આ પાપ ક્યાં કરવાનું આવ્યું ?' એમ, પાપસ્તાનકમાં હોશિયારીને બદલે સાદાઈ આવે, વળી રસ-એકાકારતા ઘટાડી નાખી કંઈક પણ કંટાળો-નીરસતા વ્યાકુળતા આવે. પાપસ્થાનક

સેવવાનું આવ્યું છે તો એમાં જીવ નિરાંત ન અનુભવે, નિશ્ચિત બની ન સેવે, પરંતુ જીવ ઊંચો રહે, મન ઉચાટવાળું રહે. આવું કાંઈક પ્રયત્નપૂર્વક કરાય તો એ પાપસ્થાનકમાં માપ ઓછું કર્યું કહેવાય.

બીજી વાત પાપસ્થાનકમાં વિલંબ કરવાની છે. પાપનો ભય-અણગમો ઊભો કરવા અગર ઊભો થયો હોય તો એને સત્ય ચરિતાર્થ કરવા આ એક મહત્ત્વનો મુદ્દો છે કે પાપસ્થાનક સેવવામાં ઉતાવળ, ઝટપટી ન કરીએ. પણ એમાં વિલંબ કરીએ.

**પ્ર.**- આપણો દેવાદાર આપણે ઘરે ચાલીને આવ્યો અને આપણને રૂપિયા રોકડા ગણી આપે છે, ત્યાં એ લેવામાં વિલંબ શો કરવાનો ? પરિગ્રહ એ પાપસ્થાનક તો છે જ. પણ લીધા વિના થોડું જ નભે એમ છે ? અને લેવામાં વાર પણ શી રીતે કરાય ?

**ઉ.**- પ્રશ્ન મજેનો છે, પણ ત્યાંય વિલંબની રીત છે. કિન્તુ પહેલાં એ નક્કી કરો કે ધર્મસ્થાનકમાં વિલંબ, વાયદો નહિ, પણ રોકડું કરી લેવા જેવું છે અને પાપસ્થાનકમાં વિલંબ કરવા જેવો છે, વાયદે ચડાવવા જેવું છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૨,તા.૧૫-૧૨-૧૯૬૨**

પાપીને પાપમાં રોકડિયું અને ધર્મમાં ઉધારો હોય છે, પણ ધર્મીને તો ધર્મમાં રોકડિયું અને પાપમાં ઉધારો હોય. એનું દિલ જ એવું બની ગયું હોય કે ધર્મની વાત આવે. અર્થાત્ કોઈ સુકૃત, સદ્ગુણ કે સદ્વિચારની વાત આવે ત્યાં થાય, 'લાવ એ પહેલું, એને ઝટ કરી લઉં, ઘડી પછીની ખબર નથી કે સંયોગ કેવા હશે, ભાવના આવી જોરદાર રહેશે કે નહિ.' એમ પાપસ્થાનકની વાત આવે ત્યારે નિરાશા-નિસાસો હોય કે 'ક્યાં આવ્યું આ ? કેમે ય એ ટળે છે ? આઘું ઠેલાય છે ?' એવી મનોવૃત્તિ હોય.

**પૈસા લેવા છતાં વિલંબ ક્યાં ? :-**

બસ, આ વાત તમારા મનમાં પહેલી જચાવો કે ધર્મમાં ઢીલ નહિ, ઢીલ પાપમાં. હવે પેલો પ્રસંગ વિચારો કે દેવાદાર દેવાના રૂપિયા આપવા આવ્યો છે તો તે લેવામાં વિલંબ શો ? સંસાર લઈ બેઠા છો એટલે લેવામાં તો વિલંબ નહિ થાય એ બનવાજોગ છે, પરંતુ વિલંબ આ રીતે માનસિક થઈ શકે કે 'આ આવતી રકમ એક પરિગ્રહ છે. અગર એ જીવનનિર્વાહની ઉપરાંત છે, તો એ મારી મૂડી-ખાતે નાખું કે સુકૃતખાતે ? સંપૂર્ણ નહિ તો અમુક ભાગ પણ શું સુકૃતખાતે ન જઈ શકે ? કેટલો જઈ શકે ?' આ વિચાર કરવા થોભવું એ પાપસ્થાનકમાં વિલંબ જ



છે, ત્યારે જો જીવનનિર્વાહની અંદરની રકમ છે, તો એ મળવા પર ઊછળી આવતા રાગ, હર્ષ પર વિચારવું 'શાનો રાગ ? શાનો આનંદ ? કેટલો રાગ કરાય ? રાગ ધર્મસાધનાની પ્રાપ્તિમાં કેટલો અને અહીં કેટલો ?' આ વિચારણા કરવાનું કર્યું એ પાપસ્થાનકમાં એક પ્રકારનો વિલંબ જ છે ને ?

**આંતરતપાસ :-**

વાત આ છે કે પાપસ્થાનકમાં કંઈક પણ ઢીલ, વિલંબ કરવાથી અંતરમાં આશ્વાસન રહે છે કે 'મને પાપસ્થાનકનો ભય છે,' એવું જ પાપસ્થાનકમાં સંકોચ કરવાથી, માપ ઘટાડવાથી પણ એવો વિશ્વાસ જામે છે કે 'જરૂર પાપસ્થાનકનો ભય ઊભો થયો છે એટલે એ હદ બહાર અને નિરંકુશ સેવવાનું હવે મન નથી થતું.' આવા વિશ્વાસની સાથે એ પણ જોવું જરૂરી છે કે 'ઊભો રહે, પાપસ્થાનકનો ભય જાગ્યો તો ખરો, પરંતુ તે કેટલા પ્રમાણમાં ? બહુ નહિ, કેમ કે હજી પણ શક્ય સંકોચ કેટલો નથી કરતો ? રસ ઘટાડવાનું હજુ પણ કેટલું બની શકે એમ છે ? તેમ પાપસેવનના પ્રસંગો ય હજી કેટલાય ઓછા કરી શકાય; તો તે માટે કેટલો પ્રયત્ન છે ?' આ જોવાની જરૂર છે, એથી પાપસ્થાનકના ભયની માત્રા વધારવા તરફ લક્ષ રહે.

**ચોકસ નિર્ધાર વિના ટકાય નહિ :-**

એટલું ધ્યાનમાં રાખવાનું છે કે પાપસ્થાનકમાં આ માપાબંધી અને વિલંબ કરવાને માટે મનમાં ચોકસ નિર્ધાર કરશો તો જ એમાં ટકી શકશો. એમ ને એમ મન પર આ વાત લીધી, ધાર્યું ય ખરું કે 'ત્યારે હવે આ પ્રયત્ન કરીશ,' પરંતુ જગતના વિચિત્ર બનતા સંયોગો અને એના નિમિત્તે જાગ્રત થતા વિચિત્ર મોહનીય કર્મના ઉદય નિર્ધાર વિનાની ધારણાને ચુકાવી દે છે; અને પછી તો મનની દિશા ફરે છે ! મન લોચા વાળવા માંડે છે કે 'હમણાં જરા સંયોગ જુદા છે, એટલે પાપસ્થાનકમાં માપાબંધી અને વિલંબ કરવાનું નહિ બને. પછી આગળ વળી જોઈશું. અને ક્યાં આમે ય એકદમ કૂદકો મરાવાનો છે ? થશે, આસ્તે આસ્તે બધું થશે...?' શું થયું આ ? સંયોગોનો વાક છે ? ના, ખરેખર તો ઘણીય વાર મનની શિથિલતા જ કારણભૂત હોય છે, અંતરમાં પાપસ્થાનકોનો ભય મોળો પડી ગયો હોય છે. પરંતુ દોષ સંયોગો પર ઢોળાય છે. એટલે જ એવું ન બને એ માટે નિર્ધારની પહેલેથી જ જરૂર છે.

**નિર્ધાર માટે વ્રત :-**

ધ્યાન રાખવાનું છે કે આપણે અનંત અનંત કાળથી મોહની સડકે ચાલી આવ્યા છીએ તે હવે ધર્મની સડક પર ચાલવું હશે તો મોહના હલ્લા ઘણા આવશે,

ત્યાં જીવને ધર્મનો રાહ એકદમ રુચશે નહિ. એ સ્થિતિમાં ઉપાય આ છે કે પહેલાં ધર્મ રુચ્યો તે વખતે જ મનના નિર્ધાર કરી લેવા જોઈએ. મજબૂત માનસિક સંકલ્પ ઊભા કરવાના કે 'આટલા આટલા પાપસ્થાનક તો મારે છોડવાના જ, આવા આવા ખાનપાનાદિ તો મારે બંધ જ, મારે જોઈએ જ નહિ.' -આ સંકલ્પ પણ ખાલી મનોમન થઈ ગયો માની લેવાનું નથી, કિન્તુ એના માટે પ્રતિજ્ઞા કરવી જોઈએ. આનું નામ વ્રત છે. ભોગોપભોગનું પરિમાણ આમ પ્રતિજ્ઞાબદ્ધ નક્કી કરવાનું છે. શક્ય હોય તેવા ભોગ-ઉપભોગના માપ બાંધી લઈ એથી અધિકના ત્યાગનું વ્રત લેવાનું. એમાં પણ સમય જતાં વધારો કરતા જવાનો.

'દુઃખમય ભવચક્રમાં ભમવાથી હવે થાક્યા છીએ, હવે મોક્ષ જેમ બને તેમ જલદી પામવો છે,' તો ભવમાં બાંધી રાખનારા ભોગ-ઉપભોગ પર પ્રતિજ્ઞા-પૂર્વક કાપ પડવો જ જોઈએ; નવા નવા વધુ નિયમો લઈ લઈને અનાદિના ભોગલુબ્ધ આત્માને ત્યાગરસિક, ત્યાગતત્પર, એક માત્ર ત્યાગાકાંક્ષી બનાવવો જોઈએ.

ત્યાગના નિયમોની પ્રવૃત્તિ અને પાલનનો ઉદ્યોગ અંતરમાં સાચો ત્યાગરસ ઊભો કરે છે, ભોગનો સાચો ભય ખડો કરે છે, અને ઈન્દ્રિયોના વિષયો પરના રાગની અંધતા દૂર કરે છે. એવો ઉદ્યોગ કરવાનો કોઈ ખપ નથી અને મનને માની લેવું કે 'મને ત્યાગનો રસ છે, ભોગ ખટકે છે, રાગ ખોટો લાગે છે,' એમાં તો ભુલાવામાં પડવાનું થાય, ભોગને ભય અને ત્યાગનો રસ ચીજ એવી છે કે એ સાચા રૂપમાં જાગ્યા પછી પ્રાયઃ ભોગની વિરતિ, ભોગના ત્યાગનો પ્રતિજ્ઞા ઊભી કર્યા વિના રહે નહિ.

**પ્ર.**- શ્રેણિક અને કૃષ્ણ મહારાજને ક્ષાયિક સમ્યક્ત્વ હતું એટલે ભોગનો ભય અને ત્યાગનો રસ તો હતા જ ને ? છતાં એણે એમનામાં વિરતિ, પ્રતિજ્ઞા નથી જગાવી; તો પછી નિયમ ક્યાં રહ્યો કે એ વિરતિ ઊભી કરે જ ?

**ઉ.**- એકાંત નિયમની વાત નથી કરી, પ્રાયિક વાત કહી છે, અને તે વસ્તુ જુઓ. પૂ. ઉપા. યશોવિજયજી મહારાજ કહે છે,

**શ્રેણિક સરખા રે, અવિરતિ થોડલા, જેહને નિકાચિત કર્મ;**
**તાણી આણે રે સમકિત વિરતિને, એહી જ પ્રવચન મર્મ;**
**-શ્રી જિનભાષિત વચન વિચારીએ.**

જુઓ આમાં પહેલું તો, શ્રેણિક જેવાને વિરતિ કેમ નહોતી એનું કારણ બતાવી દીધું. તે એ, કે એમને નિકાચિત કર્મનો ઉદય હતો. કર્મ પણ મોહનીય કર્મ સમજવાનું, કેમ કે એ જ વિરતિમાં યાને વિષયસંગ્રહ અને વિષયભોગની નિવૃત્તિમાં આડે આવે છે. આ મોહનીય કર્મ એવું નિકાચિત એટલે કે ચીકણું બંધાઈ



ગયેલું કે એને શુભ ભાવના તોડી ન શકે; એ કર્મ પોતાનો વિપાક અવશ્ય દેખાડે, તેથી જીવને અવશ્ય મોહ કરાવે. સમ્યક્ત્વની સમજ પાકી એટલે આ મોહને ઝેર સમજે, એનો ભય લાગ્યો હોય, કંપ થયો હોય, મોહ જરાય આવકારવા જેવો ન લાગે,-આ બધું છતાં એનો ત્યાગ ન કરી શકે. એ એને પ્રગટ કરનાર કર્મની નિકાચિતતાનો પ્રભાવ છે.

પરંતુ શાસ્ત્રકાર કહે છે કે આવા નિકાચિત કર્મવાળા સમકિતી કેટલા ? તો કે થોડા. શ્રેણિક સરખા અવિરતિ થોડલા, જેહને નિકાચિત કર્મ. અર્થાત્ બાકી ઘણા એવા કે જેમને અનિકાચિત કર્મ હોય.

**કર્મ અનિકાચિત શાથી ? :-**

આ અનિકાચિત કર્મ એવાં કે એ શુભ ભાવના અને શુભ પ્રવૃત્તિના બળ પર તૂટી જાય, પોતાનો વિપાક બતાવ્યા વિના પ્રદેશથી ખરી જાય. જો આવું ન બનતું હોય અને બધાં જ કર્મ પોતાનો વિપાક દેખાડતાં જ હોય તો તો જીવનો કદી ઉદ્ધાર જ ન થાય; કેમ કે એક તો બાંધેલા કર્મનો જથ્થો એટલો બધો જંગી હોય છે, અને બીજું એ, કે શુભ ભાવના-શુભ પ્રવૃત્તિનો ઉપયોગ પણ શો રહે ?

**શુભભાવ-શુભ પ્રવૃત્તિની મોહ પર અસર :-**

**પ્ર.**- હૃદયના ધાર્મિક ભાવ અને બાહ્ય ધાર્મિક પ્રવૃત્તિ શું કામ કરે છે ?

ઉ.- આ, કે મોહને ઓછો કરતા આવે છે, એનું જોર ઘટાડતા આવે છે.

**પ્ર.**- આ શી રીતે બને છે ?

ઉ.- મોહનીય કર્મના વિપાકને તોડી તોડીને બાંધેલું કર્મ ઉદયમાં તો આવવાનું; પરંતુ શુભ ભાવની આ તાકાત છે કે એના રસને સ્થગિત કરી દે, અટકાવી દે. તેથી એનો અનુભવ ન થાય. દા.ત. ક્ષમાની ભાવના કર્યા કરીએ, અવસરે અવસરે મન મારીને પણ મોક્ષની પ્રવૃત્તિ રાખીએ, એટલે કે મોં પર ઉકળાટ, વાણીમાં ઉગ્રતા-કઠોરતા, વગેરે ન થવા દઈએ, તેથી અંતરમાં ઉદયે આવતું પણ ક્રોધ મોહનીય કર્મ નિષ્ફળ જાય, કેટલોક તો એનો રસ દબાઈ જાય, કેટલોક મંદ પડી જાય.

આખીય ધર્મસાધના આ માટે છે કે એનાથી મોહનીય કર્મના પ્રકારો પર આઘાત પહોંચે, એ કર્મના રસવિપાક દબાતા આવે, અને એમ થતાં થતાં આત્મા ઉપર-ઉપરના ગુણસ્થાનક પર ચઢે. ત્યાં પણ વિશેષ વિશેષ સાધના કરતાં કરતાં બાકી મોહ વધુ વધુ દબાતો જાય છે. તૂટતો જાય છે, અને એક અવસર એવો આવીને ઊભો રહે છે કે જ્યારે મોહનો સમૂલ ક્ષય થવાથી વીતરાગદશા આવીને ઊભી રહે છે. બધીય સાધનાનું અંતિમ સાધ્ય આ વીતરાગ અવસ્થા છે. સાધ્યને સિદ્ધ કર્યું પછી સાધના તરીકે સાધના કરવાની હોતી નથી; હાં, જીવન ચારિત્રમય

રહે છે. પણ સાધ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી સાધનામાં આ લક્ષ રાખવાનું કે એની નજીક નજીક જવાય છે ને ?

એટલે હવે સમજાશે કે હાર્દિક શુભ ભાવ અને માનસિક-વાચિક-કાયિક શુભ યોગની સાધના કરતાં કરતાં ઢગલો અનિકાચિત મોહનીય કર્મના વિપાક તૂટતા આવે છે; માત્ર હાર્દિક ભાવ બરાબર શુભ જાળવવા જોઈએ. આ શુભ ભાવ વૈરાગ્યના હોય, ઉપશમના હોય, પ્રભુભક્તિ-ગુરુભક્તિના હોય, જીવદયાના હોય, પોતાના દુષ્કૃતની ગર્હા-પશ્ચાત્તાપના હોય, કે તીર્થંકર ભગવાનથી માંડી ઠેઠ નીચે માર્ગાનુસારી જીવ સુધીનાના સુકૃતની અનુમોદના વગેરે ભાવ હોઈ શકે. આમાંના એકેક શુભ ભાવની જબરદસ્ત તાકાત છે, તાકાત તે એટલી બધી કે કદાચ બાહ્ય પ્રવૃત્તિ પાપસ્થાનકની ચાલતી હોય છતાં આ એક પણ શુભ ભાવના ઉછાળો મારતાં પરાકાષ્ઠાએ ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચાડી દે ! એના નમૂના જુઓ,

**વિવિધ ભાવનામાં કેવળી બન્યાનાં દૃષ્ટાન્ત :-**

ભરતચક્રી આરિસા ભવનમાં ને ગુણસાગર શ્રેષ્ઠીપુત્ર ચોરીમાં હસ્તમેલાપ વખતે વૈરાગ્ય ભાવનામાં આગળ વધતાં કેવળજ્ઞાન પામ્યા !

ચંડરુદ્રાચાર્યના શિષ્યમુનિ તથા કૂરગડુ મુનિ ઉપશમ ભાવનામાં કેવળી થયા ! એમ મેતારજ મુનિ, ગજસુકુમાલ ખંધક મુનિ, સુકોશળ મુનિ ઉપશમની ભાવનામાં કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા !

નાગકેતુ મહાશ્રાવક જિનભક્તિની ભાવનામાં કેવળજ્ઞાન પામ્યા !

શીતલાચાર્યના ચાર ભાણેજ મુનિ ગુરુભક્તિની ભાવનામાં કેવળજ્ઞાન પામ્યા !

સાધ્વી મૃગાવતીજી, ઝાંઝરિયા મુનિનો ઘાતક રાજા વગેરે દુષ્કૃત-ગર્હાની ભાવનામાં સર્વજ્ઞ બન્યા !

ચંદનબાળા સાધ્વી પોતાની શિષ્યા મૃગાવતીના કેવળજ્ઞાનની સુકૃત-અનુમોદનામાં સર્વજ્ઞ થયાં !

ગૌતમસ્વામી વીરપ્રભુની વીતરાગતાના તત્ત્વની ભાવનામાં ચઢી કેવળજ્ઞાની બન્યા !

શુભ ભાવ અને ભાવનાનું માહાત્મ્ય ઘણું ઊંચું ! એને શુભ પ્રવૃત્તિ સારું પોષણ આપે છે, માટે શુભ પ્રવૃત્તિની મોટી વિશેષતા છે. અશુભ પ્રવૃત્તિ પ્રાયઃ શુભ ભાવને અટકાવે છે, તોડે છે. માટે એનાથી બચાય એટલું બચવા જેવું છે.

વાત આ ચાલતી હતી કે શુભ ભાવ-શુભ ભાવના અનિકાચિત મોહનીય કર્મના વિપાકને તોડે છે, અટકાવે છે, એટલા જ માટે સમ્યક્ત્વનો શુભ ભાવ પાપ-જુગુપ્સા, ભવ-નિર્વેદ વગેરે શુભ ભાવ સાથે સક્રિય બનીને હિંસાદિ પાપની



અવિરતિને તોડનાર બને છે, તેથી વિરતિ પ્રગટ થાય છે, એટલા જ માટે ઉપાધ્યાયજી મહારાજે કહ્યું

**'તાણી આણે રે સમકિત વિરતિને એહી જ પ્રવચન-મર્મ.'**

પ્રવચન-જિનશાસન-દ્વાદશાંગીનું રહસ્ય આ છે કે સમ્યક્ત્વ એક એવો ભાવ છે કે એ વિરતિ-વ્રત અટકાવનારા મોહનીય કર્મને તોડી વિરતિને તાણી લાવે છે, પ્રગટ કરે છે; માત્ર શ્રેણિક સરખા થોડા જીવો એવા હોય છે કે જેમને નિકાચિત મોહનીય કર્મ હોવાથી સમકિત હોવા છતાં વિરતિ નથી આવતી. એનો અર્થ એ, કે મોટા ભાગે સમકિત વિરતિને જગાડી દે.

**સમકિતના ભાવમાં પાપનો ભય :-**

આ વસ્તુનું સત્ય બીજામાં પરખવા નથી નીકળવાનું; પરંતુ આપણા આત્મામાં તપાસ કરવાની છે કે 'જો આપણે સમ્યક્ત્વ પામ્યાનો, જિનધર્મની શ્રદ્ધા, જિનવચનની શ્રદ્ધા ધરવાનો દાવો રાખતા હોઈએ, તો એથી આપણે હિંસાદિ પાપની સ્થૂલથી પણ વિરતિ કરી છે ? અને સર્વવિરતિ માટે ઝૂરી રહ્યા છીએ ખરા ?' સમકિતના ભાવમાં પાપનો ભય, હિંસાદિ પાપસ્થાનકોનો ભય સમાયેલો છે; તો એ ભય ખરેખર જાગ્યા પછી પાપસ્થાનકમાં માપાબંધી કેમ ન લાવે ?

**આ માપાબંધી પણ નિર્ધારપૂર્વક** અર્થાત્ પ્રતિજ્ઞાપૂર્વક જોઈએ; કારણ કે જ્ઞાનીઓ કહે છે કે વર્તમાનમાં પાપસ્થાનક ભલે સેવતા ન હો, છતાં જો એના ત્યાગની પ્રતિજ્ઞા નથી, તો અવિરતિ છે, અને એ પણ પાપબંધક બને છે. સમ્યક્ત્વ એટલે જ્ઞાનીના આ વચન પર શ્રદ્ધા; અને એ શ્રદ્ધા હોય એટલે સહેજે શક્ય પાપસ્થાનક-ત્યાગની પ્રતિજ્ઞારૂપ વિરતિને તાણી લાવે. અહીં નિકાચિત કર્મ આડે આવે છે. સમકિતના હિસાબે પાપસ્થાનકોના ભય છતાં એ કર્મનો ઉદય વિરતિ નથી કરવા દેતા. એનો અર્થ એ છે કે એ નિકાચિત કર્મના ઉદયે એવા રાગ-લોભ આદિ રહે છે કે જે ખરાબ સમજવા છતાં છોડી શકાતા નથી. એનો ઉદય પહોંચે ત્યાં સુધી આત્મા જાણે એવો ઢીલો ઘેંસ કે એને રોકી શકે નહિ. પરંતુ આ તો નિકાચિત પૂરતી વાત.

અનિકાચિત કર્મની સાથે આત્માનો પુરુષાર્થ કામ કરે છે. પુરુષાર્થથી કર્મના વિપાક તૂટે છે.

**એ પુરુષાર્થમાં શું આવે ? :-**

જિનવાણીનું શ્રવણ, શાસ્ત્રવાંચન, ત્યાગી તપસ્વી સંયમી મહાત્માઓનાં દર્શન, અનિત્યાદિ ભાવનાઓનું મનન વગેરે, તથા વ્રતનિયમોનાં દીર્ઘકાળ પાલન.

-આનો ઉદ્યમ ઉદ્યોગ જોઈએ. એથી અનિકાચિત મોહનીય કર્મ, રાગ-દ્વેષ

વગેરે દબાતા આવે. એ સૂચવે છે કે રાગ દાબ્યા વિના પણ વ્રત થાય, અને એથી રાગ દબાતો આવે.

**પ્ર.**- જિનવાણી-શ્રવણ વગેરે કારણ તો બરાબર, પરંતુ વ્રત-નિયમ કારણ કહ્યા તે કેમ બને ? વ્રત-નિયમ તો રાગ દબાય ત્યારે આવે ને ? એટલે મોહ દબ્યાનું એ તો કાર્ય બન્યું, દાબવાનું કારણ કેવી રીતે ?

**વ્રત-નિયમથી રાગ કેમ દબે ? :-**

ઉ.- બંને છે, કાર્ય પણ છે અને કારણ પણ છે. જેમ રાગ કષાયથી વ્રત-નિયમ આવે છે, એમ વ્રત-નિયમ કરવાથી પાપનો સંગ છૂટતાં, રાગ કપાતો આવે છે. ડાહ્યો માણસ કેટલીક વાર કહે છે ને કે 'મારાથી આમ નહિ રહેવાય, માટે મને બાધા આપો, એટલે પાપ આઘું રહેશે.' અહીં વસ્તુ શું બને છે ? આ, કે જો બાધા નથી તો અવસર આવ્યે જીવ એમાં ખેંચાઈ જાય છે, અર્થાત્ એનો રાગ હજી ઊભો છે. દા.ત. કેરીના રસની બાધા નથી તો જીવ મોકો આવ્યે એ ખાઈ લે છે, કેમ કે એના પર રાગ ઊભો છે. પરંતુ મન દાબીને નિયમ કરી લીધો તો ભલે મોકા પર કદાચ મન રાગથી વલવલાટ કરશે, પરંતુ નિયમના બળે રસસેવન નહિ કરે એવું બહુવાર ચાલવાથી, પછી રસના પ્રત્યે મનમાં એક નફરત ઊભી થાય છે. વલવલાટ ગયો. હવે અભાવ, અરુચિ, ઉદાસનીતા આવે છે. એમ વ્રત-નિયમથી રાગ દબાય છે, કપાય છે.

જૂઠું બોલવાની આદત છે, પરંતુ મન મારીને જૂઠ ન બોલવાનો નિયમ કર્યો, તો પછી એને પાળતાં પાળતાં એવો સમય આવી લાગે છે કે એના પ્રત્યે રાગ ઊઠી જાય છે, નફરત થાય છે, એના અનુભવથી પછી બીજાય રાગ ઊઠી જાય છે તો એ અંગે વધુ નિયમ કરાય છે.

બીડી વગેરે વ્યસનવાળાને એના પર રાગ ઘણો છે. પરંતુ એની બાધા સર્વથા કદાચ નહિ, તો અમુક પ્રમાણમાં બીડી છોડવાની બાધા કર્યા પછી એ પાળતાં પાળતાં એ બીડી વગેરેનો રાગ ઓછો થતો આવે છે. એમ રાગ દબાઈ જતાં બાકીની છૂટનો પણ નિયમ કરી લેવા તૈયાર થાય છે, પહેલાં બાધાથી રાગ દબ્યો, પછી રાગથી વધુ બાધા થઈ.

સવારે મન ડગુમગુ હતું, 'આંબેલ કરું કે ન કરું ?' એમ થતું હતું, આ કોણ કરાવે છે ? રસનો, વિગઈનો રાગ. પરંતુ મન દાબીને આયંબિલનું પચ્ચક્ખાણ કરી લીધું તો સાંજે અનુભવ થાય છે કે 'હાશ ! ઠીક થયું આજે મોટો દિવસ હતો, આંબેલ થઈ ગયું. વિગઈના પાપથી બચ્યા !' આ શું થયું ? પચ્ચક્ખાણથી રસનો રાગ દબાયો. લાંબા ગાળાનાં આયંબિલો થયા પછી રસ પ્રત્યે નફરત ઊભી



થાય છે. અલબત્ત, એમાં પારણાના દિવસોમાં રસનો રસ ન જામી જાય એ જાળવવું પડે. વર્ધમાન આંબેલતપ કરનારને આ અનુભવ છે કે ઓળીઓ વધતાં, પછી રસની નફરત ઊભી થઈ જાય છે, સાથે બીજા ય કેટલાક રાગ કપાય છે. રસ પ્રત્યે ઘૃણા થઈ એટલે મન કહે છે, 'બીજા ય શા બહુ રાગ કરવા'તા ?' રાગ કોણે દબાવ્યો ? વ્રતનિયમે.

નાની ઉંમરથી છોકરાને પાપનો ડર દેખાડી અને બહુ પુણ્યનો લાભ બતાવી. વ્રતનિયમ સામાયિક વગેરેમાં જોડવાથી આગળ પર એને એનો સહજ રસ જાગે છે, અને પાપનો રાગ ઓછો થાય છે. કામ કામને શીખવે છે; અનુભવ અનુભવને વધારે છે. માટે તો શાસ્ત્રો કહે છે કે ચારિત્ર લીધા પછી ક્રમશઃ શુભ લેશ્યા યાને ચિત્તનું પ્રશમ સુખ વધતુ વધતુ બાર મહિને અનુત્તરવાસી દેવની લેશ્યાને લંઘી જાય છે. આમાં શું થયું ? લીધેલા વ્રતનો અનુભવ કરતાં કરતાં પ્રશમસુખનો અનુભવ વધતો ગયો. પ્રશમસુખ એટલે રાગની ઓછાશ, રાગનો ઉપશમ એનું સુખ દિવ્યાતિદિવ્ય હોય છે તો એ રાગ દબાવાનું વ્રતનિયમ પાળતાં પાળતાં થાય છે એ નક્કી થયું.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૩,તા.૨૨-૧૨-૧૯૬૨**

**રાગ નહિ, તો આનંદ ખૂબ કેમ ? :-**

આ પ્રશમસુખની મઝા ઓર છે. લાખો વિષયના ભોગના આનંદ કરતાં એનો ત્યાગ થઈને જે રાગ કપાય, રાગનો જે ઉપશમ-પ્રશમ થાય, એનો આનંદ કેઈગુણો ચઢિયાતો છે. અનુભવ કરો એટલે આ સમજાશે. જુઓ તમને માંસ-મદિરાનો રાગ નથી, તો આનંદ એનો વધારે છે ? કે જે માંસાહારી લોકોને માંસ ખાતાં ને દારૂ પીતાં આનંદ થાય છે તે વધારે ? ખસ, ખરજવાનું દર્દ નથી, તેથી ખણવાનો રાગ નથી, એનો આનંદ વધુ કહેશો ? કે જેને એ દર્દ છે, એને ખણવાથી થતા આનંદને વધારે કહેશો ? રાગ ન હોય, ઈચ્છા ન થાય એના આનંદને જ વધારે કહેવો પડશે અને અનુભવ પણ એનો થાય છે.

**રાગ એક પ્રકારનો ઉકળાટ છે;** એનો આનંદ તો તુચ્છ છે, એ ઉકળાટ શાન્ત થાય એનો આનંદ એ જ ખરેખરો આનંદ છે, ને એ પેલા ભોગવટા કરતાં લાખો કરોડોગણો વધારે છે.

પરંતુ આ આનંદનો અનુભવ રાગનો ઉકળાટ ખરેખર શમે ત્યારે થાય; અને તે શમવાનું દીર્ઘકાળના ત્યાગના અભ્યાસથી થાય. માટે જ કહેવાય છે કે વ્રતનિયમનું

પાલન કરતાં કરતાં રાગના ઉકળાટ શમતા આવે છે. એટલે જ પહેલાં એ જોવા બેસશો તો ઊંચા નહિ અવાય, કેમ કે તો તો વ્રત નહિ તેથી વસ્તુના ભોગવટાથી રાગ પોષાયા કરશે, અને રાગ હજી ઊભો છે માટે વ્રતનિયમ કામના નહિ, એવી ગણતરીથી ત્યાગ કરવાના નહિ, પછી ઊંચા શી રીતે અવાય?

એટલે ગણતરી આ રાખો કે મન મારીને પણ વ્રતનિયમમાં આવું, પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરતો રહું તો વિષયનો સંપર્ક છૂટશે, ભોગવટો ઓછો થશે. એવો અભ્યાસ લાંબો વખત ચાલશે એટલે સહેજે સહેજે રાગ ઓછો થશે. આ ગણતરી રાખશો તો ઉલ્લાસપૂર્વક વ્રત-નિયમ લેવાશે, અને ઉલ્લાસથી પળાશે. આજે તો ડર લાગે છે ને કે મહારાજ પાસે જઈએ ને કદાચ કંઈ બાધા આપી દે તો ?' આવો ડર છે માટે સંત સાધુના સમાગમમાં આવતા નથી એટલું જ નહિ પણ અવસરે સાધુને હલકા પણ ચીતરો છો કે 'ફલાણા મહારાજ તો ઝટ બાધાની જ વાત કરે.' આ કાંઈ સાધુનો ઉપકાર માનવાના શબ્દ નથી. ઉપકારના શબ્દ તો એવા હોય કે 'આવા પાપ ભરેલા કાળમાં મુનિમહારાજનો કેવો મહાન ઉપકાર છે સમજાવી-કરીને આપણને તારક વ્રત-નિયમમાં લાવે છે ! તો જ આપણે પાપથી કંઈક પાછા વળીએ છીએ અને નિયમના હિસાબે જ નિયમિત પૂજા-સામાયિક-તપસ્યા-અભક્ષ્ય ત્યાગ આદિ કરીએ છીએ' દિલમાં ઉપકાર વસ્યો હોત તો તો આવા શબ્દો નીકળત. પરંતુ એ કેમ નહિ ? કહો કે બાધા-વ્રત-નિયમની બીક, નફરત ! એનું કારણ એ છે કે પેલી ગણતરી નથી કે અનાદિના પેંધેલા રાગ એમ જ મોળા ઢીલા નહિ પડે. એને ઢીલા પાડવા માટે તો વિષયના સંપર્ક છોડવા પડે, એ છોડવાનું નિયમ રૂપમાં, ચોક્કસ રૂપમાં, તો જ થાય કે વ્રત-નિયમ-બાધામાં અવાય, અને એના પાલનનો લાંબો કાળ અભ્યાસ થાય. જગતના જીવોના હાલબેહાલ જુઓ તો આ ચોખ્ખું સમજાય એવું છે.

આપણા રાગદ્વેષ મોળા પાડ્યા વિના સમ્યક્ત્વ પણ આવવું મુશ્કેલ છે, કેમ કે સમ્યક્ત્વ માટે બે જરૂરી સાધન છે, એક અનંતાનુબંધી કષાયની અટકાયત જોઈએ. અને બીજું અસર્વજ્ઞોના કલ્પિત તત્ત્વની શ્રદ્ધાના ત્યાગપૂર્વક વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનના વચન પર સંપૂર્ણ શ્રદ્ધા જોઈએ.

હવે વિચારવાનું છે, કે-

**અનંતાનુબંધીના રાગ-દ્વેષ કાઢવા શું કરવું જોઈએ ? અને વીતરાગ પ્રભુનાં વચન પર ખરી શ્રદ્ધા જગાડવી શી રીતે ?**

**ચાર કષાય-ચોકડીની ઓળખ :-**

અનંતાનુબંધીના રાગદ્વેષ, કષાયોની ઓળખ અંગે પહેલાં વિચારી ગયા છીએ.



સાર એ છે કે રાગદ્વેષ અને કષાયને ચાર માત્રામાં વહેંચી શકાય.

**મંદમાત્રાના રાગદ્વેષ અને કષાય 'સંજ્વલન'-** નામના કષાય કહેવાય, કેમ કે એમાં 'સ' એટલે ઈષત્, કંઈક જ્વલન-ઉકળાટ છે, એટલો જ કે એ રાગાદિ તત્ત્વની શ્રદ્ધા અને સર્વવિરતિને ન રોકે. એવો એ આંધળો રાગ નહિ કે એ પાપ-બાપના વિચાર વિના આંખો મીંચીને કરાય; તેમ એવો એ જીવને પકડી રાખનારો નહિ કે જેથી હિંસાદિ પાપો ન છૂટે; પ્રતિજ્ઞાબદ્ધ પાપોનો ત્યાગ ન કરી શકે એવું નહિ. માત્ર વીતરાગતાના ન પ્રગટ થવા દે એવા એ સંજ્વલનના કષાયો હોય છે. મુનિને એકલા આ જ કષાય હોય. આ મંદમાત્રાના રાગદ્વેષ-કષાય કહેવાય. ત્યારે,

**એથી અધિક માત્રાના છે પ્રત્યાખ્યાનાવરણીય** નામના કષાય. એ એવા કે હજી હિંસાદિ પાપોનો અંશ ત્યાગ કરવા દે, પરંતુ સર્વથા નહિ. ગૃહસ્થ શ્રાવકને આ કષાયો હોય છે. સાથે પેલા સંજ્વલનના તો હોય જ; વધારામાં આ પણ ખરા. ક્યારેક સંભવ છે ગૃહસ્થ કોઈ વાર કોઈ શુભ ભાવમાં ચઢી જાય ને હૃદયથી એ પાપોથી સર્વથા અળગો થઈ જાય તો ત્યાં આ પ્રત્યાખ્યાનાવરણીય રાગદ્વેષાદિ દબાઈ જાય. તે વખતે 'મારું ઘર, મારું કુટુંબ' એવો રાગ, મમત્વ રહે નહિ. પણ એ તો થોડી વાર; પછી પાછું એ મમત્વ આવી જાય, અને એ તો પરિગ્રહપાપ આવ્યું કહેવાય, ને એ પ્રત્યાખ્યાનાવરણીય કષાય કરાવે છે.

**એનાથી ઉગ્ર કક્ષાના કષાય અપ્રત્યાખ્યાનીય** કષાય કહે છે. એ કષાયો, એ રાગદ્વેષ એવો કે અલબત્ત હિંસાદિ પાપોમાં આંધળિયા ન કરાવે પરંતુ તેમ છતાં એ પાપોના ત્યાગની પ્રતિજ્ઞા, પ્રતિજ્ઞાબદ્ધ પાપત્યાગ, વિરતિ જરાય ન કરવા દે. આત્માની એક પ્રકારની શિથિલતા હોય છે કે હિંસાદિ પાપને ખરાબ ખતરનાક જાણવા છતાં એના ત્યાગની પ્રતિજ્ઞા યાને વિરતિ ન કરી શકે. આ શિથિલતા ઉગ્ર રાગાદિના ઘરની છે, જેને અપ્રત્યાખ્યાનીય કષાય કહેવાય છે. પ્રત્યાખ્યાન એટલે પચ્ચક્ખાણ, 'હું હિંસા નહિ કરું, જૂઠ નહિ બોલું...પરિગ્રહ નહિ રાખું,' એવી પ્રતિજ્ઞા, વિરતિ. એ પ્રતિજ્ઞાને, પચ્ચક્ખાણને, વિરતિને અટકાવે, ન કરવા દે, તે અપ્રત્યાખ્યાનીય રાગાદિ કહેવાય. એ ઉદયમાં હોય એટલે સાથે પેલા પ્રત્યાખ્યાના-વરણીય અને સંજ્વલનના કષાય તો ઉદયમાં હોય જ. એ બધા કષાય મોહનીય કર્મને લઈને છે. એથી આત્મા અવિરતિમાં રહ્યો કહેવાય.

**ચોથા 'અનંતાનુબંધી' નામના** રાગાદિ કષાય અતિ ઉગ્ર કક્ષાના હોય છે. એ હિંસા-પરિગ્રહાદિ પાપોનો ત્યાગ અર્થાત્ વિરતિ તો શું પરંતુ પાપમાં કોઈ પરલોકભય, કોઈ ખરાબી, કંપ ઈત્યાદિ પણ ન જાગવા દે. એ રાગાદિ એવી કોટિના કે જીવ એમાં આંધળિયા જ કરે ! પાપ-બાધાની કોઈ પરવા નહિ !

ઘરબાર-પૈસાટકા વગેરે પરિગ્રહ પર રાગ એટલો આંધળો કે એથી જીવને કોઈ ડર નહિ, ભય નહિ કે 'આ પાપોથી મારું શું થશે !' ભરપૂર રાગ કરે, તેમાં કશું ખોટું ન લાગે, ઊલટું માને કે એ હિંસાદિ તો કરવા જ જોઈએ. મૂળ રાગ એટલો બધો ગાઢ છે.

અહીં એક જોવાની ખૂબી છે કે મિથ્યાદૃષ્ટિ તાપસ જોગી-સંન્યાસીએ આમ તો સંસારનો ત્યાગ કર્યો હોય, તે આ ઘરબાર વગેરેને પાપરૂપ સમજીને, એનાથી ડરીને કે 'એથી પરભવમાં મારું શું થાય ?' છતાં એનામાં અનંતાનુબંધી વગેરે ચારે જાતના કષાય ઉદયમાં હોય છે. અહીં પ્રશ્ન થશે,

**પ્ર.**- જોગી સંન્યાસીએ સંસાર ત્યાગ કર્યો છે એટલે તો હિંસાદિ પાપો છોડ્યા છે, પછી એને અપ્રત્યાખ્યાનીય વગેરે કષાય શેના ?

ઉ.- એટલા માટે, કે (૧) એક તો પ્રવૃત્તિથી છોડ્યું પણ જીવનભરની પ્રતિજ્ઞા નથી કરી કે 'મારે મન-વચન કાયાથી આ પાપો ન કરવાં, ન કરાવવાં, કે કરતાને ન સારા માનવા.' (૨) બીજું એ કે પ્રવૃત્તિમાં પણ સર્વથા ત્યાગ નથી; કાચું પાણી પીએ છે, અગ્નિને સળગાવે છે, વનસ્પતિને અડે છે-આ બધું જીવહિંસાનું પાપ છે. એક ઝૂંપડીય રાખે એ પરિગ્રહ પાપ છે. (૩) ત્રીજી મોટી વાત તો એ છે કે કદાચ આ બધુંય પ્રતિજ્ઞા સાથે છોડ્યુંય હોય, છતાં જ્યાં સુધી મૂળમાં અનંતાનુબંધી રાગદ્વેષ બેઠા હોય ત્યાં સુધી ઉપરના અપ્રત્યાખ્યાનીય વગેરે કષાય ખસે નહિ.

**પ્ર.**- જોગી-તાપસ-સંન્યાસીએ સંસાર છોડ્યો, પાપ સમજીને છોડ્યો. પાપમાં આંધળો રાગ તો રહ્યો નહિ પછી એને અનંતાનુબંધીના રાગાદિ શી રીતે હોય ?

ઉ.- એને અનંતાનુબંધી રાગ એ રીતે, કે (૧) એને કુધર્મ અને મિથ્યાતત્ત્વનો રાગ બેઠો છે ને ? એમાં એને કશું ખોટું લાગતું નથી. એ રાગ અનંતાનુબંધી રાગ. (૨) બીજું, સર્વજ્ઞ ભગવાને જે પૃથ્વી, પાણી વગેરેને સજીવ દેખ્યા અને સજીવ કહ્યા, તેને એ રીતે એ ક્યાં માને છે ? નથી માનતો એટલે એ, 'પૃથ્વી વગેરેનો વિનાશ એ જીવહિંસારૂપ પાપ છે' એ જ સમજતો નથી, પછી એ પાપ કરવામાં એને ભય કે સંકોચ ક્યાં રહેવાનો ? જો એ નહિ, તો એનો રાગ આંધળો રાગ જ બનવાનો. બધે નહિ ને થોડી પણ પાપક્રિયામાં, પાપવસ્તુમાં રાગ જો આંધળો હશે, જો ભય વિનાનો, ડંખ-સંકોચ વિનાનો હશે તો તે અનંતાનુબંધીનો જ રાગ સમજવો. અહીં એક વસ્તુ પૂછી શકો છો.

**પ્ર.**- શાસ્ત્રમાં અભવી, દુર્ભવી, ભવાભિનંદી જીવો જૈન ધર્મનું મુનિચારિત્ર પણ લેનારા હોય છે, તે તો મહાવ્રત ઉચ્ચરે છે, જાવજ્જીવ ઝીણામાં ઝીણા પણ



હિંસાદિ પાપના ત્યાગની પ્રતિજ્ઞા કરે છે, પાળે છે, તો પછી એણે તો બધાં પાપ છોડ્યાં, એને સર્વવિરતિ આવી. હવે એને અનંતાનુબંધીના રાગાદિ શી રીતે ?

ઉ.- અહીં એ જીવોનો ઉદ્દેશ જુઓ એટલે સમજાઈ જશે કે કેમ એને મહાવ્રત છતાં અનંતાનુબંધીના રાગાદિ અકબંધ ઊભા છે. એનો ઉદ્દેશ સ્વર્ગાદિનાં પૌદ્ગલિક સુખો મેળવવાનો છે. 'પાપ છોડું, ચારિત્ર પાળું અને કેમ મને ઊંચાં ઊંચાં દુન્યવી સુખો મળે !' આ એની અંતરની ઝંખના છે. એટલે એ પાપ છોડે છે તે પાપ પરનો રાગ ઘટ્યો છે માટે નહિ, કિન્તુ ઇન્દ્રિયોના વિષયો પર ગાઢ રાગ છે એથી ! ગાઢ રાગ એવો કે એમાં એને કશું ખોટું લાગતું નથી, ઊલટું એ લેવા-ભોગવવા યોગ્ય લાગે છે, તેથી એનો રાગ કરવામાં કોઈ ગુનો લાગતો નથી. પાપ છોડ્યું તે પણ 'પાપ ચીજ ખરાબ છે, જીવનો એક ગુનો છે' એવું કાંઈ સમજીને નહિ, પણ દુન્યવી સુખના સોદા તરીકે ! આમ, કહો કે એના આંધળા રાગ ઊભા જ છે, તેથી અનંતાનુબંધી કષાય અકબંધ છે.

અનંતાનુબંધી આદિનું માપ બાહ્ય ઉગ્રતા પર નથી માપવાનું, પરંતુ એમાં જીવની તન્મયતા જીવનું વલણ કેવું છે, એના પર આધાર છે. દેખાવમાં સામાન્ય ક્રોધ દેખાય, સામાન્ય લોભ, સામાન્ય જ રાગ દેખાય, પરંતુ પાપ-પરલોકનો લેશ પણ ભય નથી, જીવની લાગણી એના તરફ નિર્ભીક દ્વેષ યા આકર્ષણની છે, તો એ અનંતાનુબંધીના ઘરના જ ક્રોધ લોભ વગેરે સમજવા. આ ખૂબ ધ્યાનમાં રાખવાનું છે કે જેથી પોતાના કષાય, પોતાના રાગદ્વેષ અંગે ગફલતમાં ન રહેવાય; એ હોય અનંતાનુબંધાની કક્ષાના; એને ઉગ્ર ન દેખવાથી હળવી કોટિના માની ન લેવાય.

**અભવી ચારિત્રીનો સોદો :-**

હવે સમજાશે કે દેખાવમાં રાગદ્વેષાદિ કષાય બહુ મોળા પાડી દીધા હોય છતાં એનું રૂપક અનંતાનુબંધીનું હોઈ શકે છે, અને આવું બને છે. શાસ્ત્ર કહે છે અભવી જીવ પણ નવ ગ્રૈવેયક દેવલોક સુધી જઈ શકે છે. દેવ ચાર પ્રકારના :- ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, અને વૈમાનિક. એમાં વૈમાનિકમાંય પહેલા ૧૨ દેવલોક, પછી એના ઉપર નવ ગ્રૈવેયક દેવલોક, ત્યાં પહોંચાડનાર બહુ ઊંચી કોટિના જૈન ચારિત્રનું પાલન જ છે. તે સિવાય ત્યાં ન જ જઈ શકાય. અભવી જીવ એવા ચારિત્રને પાળે છે. એમાં ચારિત્ર વ્યવહાર કેવો ? ક્ષમા, ત્યાગ, તપસ્યા, શાંતમુદ્રા, ઇન્દ્રિય-નિગ્રહ વગેરેથી ઝગમગતો દેખાય ! આટઆટલું છતાં એ અભવી જીવમાં અનંતાનુબંધી કષાયનો ઉદય હોય છે. એનું કારણ કે એને હિંસાદિ પાપો, ઇન્દ્રિયોના વિષયભોગ, અને રાગદ્વેષાદિ કષાયોમાં સ્વરૂપે કાંઈ ખોટું લાગતું નથી, માત્ર દેવતાઈ ઋદ્ધિ લેવા માટે અત્યારે એને દબાઈ રાખ્યા એટલું જ. બાકી હૈયાનું વલણ

આંધળા રાગનું છે, આત્મવિચાર-આત્માની શુદ્ધિના વિચાર વિનાનું છે. તેથી એ દબાયેલા રાગ આદિ કષાયો આંધળા છે, માટે અનંતાનુબંધીના ઘરના છે એ જીવને કદી મોક્ષની શ્રદ્ધા જ થતી નથી, કદી ભવનો ભય જ જાગતો નથી. આત્માની ખરી સુંદર વીતરાગ અવસ્થા છે,' એવું ક્યારેય પણ મનમાં રુચતું નથી. આ સ્થિતિમાં અનંતાનુંબધી ક્યાંથી મટે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૪,તા.૨૯-૧૨-૧૯૬૨**

**શ્રદ્ધાનો વિશ્વાસ ક્યારે પડે ? :-**

આ પરથી એ સમજી રાખવાનું છે કે 'મને જૈન ધર્મ પર શ્રદ્ધા છે, હું અરિહંત દેવ, નિર્ગ્રન્થ ગુરુ અને જૈન ધર્મને માનું છું' આવો શ્રદ્ધાનો દાવો રાખતા હોય પરંતુ જો રાગદ્વેષાદિમાં આંધળિયા હોય, હિંસા પરિગ્રહ આદિ પાપોમાં તથા ઇન્દ્રિયોના વિષયસુખમાં નિર્ભયતા-નિશ્ચિન્તતા હોય તો એ કષાય અનંતાનુબંધીના હોવાથી સમ્યક્ત્વને ઊભું રહેવા દેતા નથી કે પ્રવેશવા દેતા પણ નથી. ત્યાં ખરી રીતે સુદેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા જ હોતી નથી. કેમ કે આ શ્રદ્ધા કાંઈ બોલવાની કે મન મનાવવાની વસ્તુ નથી, પરંતુ હૃદયની વસ્તુ છે. દિલ શ્રદ્ધાનું હોવું જોઈએ, ભગવાન અને ભગવાને કહેલા તત્ત્વ તથા મોક્ષમાર્ગ દિલને ફિટ જચી ગયા હોય કે 'તત્ત્વ ને મોક્ષમાર્ગ તો આ જ.'

એટલે હવે બે પ્રશ્ન આવીને ઊભા રહે છે કે (૧) ભગવાન અને એમનાં તત્ત્વ તથા મોક્ષમાર્ગ પર દિલની શ્રદ્ધા શી રીતે ઊભી થાય, તથા (૨) અનંતાનુબંધીના રાગદ્વેષ આદિ કષાય શી રીતે ખરેખર અટકે ? આ બે બહુ અગત્યના સવાલ હલ કરવાના છે. સાચાં કારણ આવી મળે તો જ સમ્યક્ત્વગુણ પ્રગટ થાય એમ છે, અને એ હોય તો જ શ્રાવકપણું, સાધુપણું વગેરે આવે અર્થાત્ અપ્રત્યાખ્યાનીય વગેરે કષાયની પકડમાંથી છૂટતા જવાય. સમ્યક્ત્વ વિના એમાંનું કશું ન બની શકે. સમ્યક્ત્વ વિના તો ભરોસે જ રહી જવાનું થાય કે મારામાં શ્રાવકપણું છે, યા સાધુપણું છે;' પણ વાસ્તવમાં તે ન હોય.

ત્યારે આ બે સવાલ હલ કરવા માટે હવે એ જોઈએ કે ભોગોપભોગપરિમાણ વ્રત અને બીજા વ્રતનિયમો કેવા ઉપયોગી થાય છે. અલબત્ત એ બેનાં બીજા પણ સાધનો છે, છતાં વ્રતનિયમ કેવી રીતે એક પ્રબળ સાધન તરીકે ઉપયોગી છે, એ અહીં વિચારવાનું છે.

**વીતરાગ પર શ્રદ્ધા પહેલી જગાવો.**



ત્યારે પહેલી વાત-અસર્વજ્ઞ મિથ્યામતિઓનાં તત્ત્વની શ્રદ્ધાનો ત્યાગ કરવા પૂર્વક સર્વજ્ઞનાં તત્ત્વ અને માર્ગની શ્રદ્ધા ઊભી કરવા માટે ખુદ સર્વજ્ઞ ઉપર આસ્થા ઊભી કરવાથી કાર્ય સરળ બને છે, કહેવાય છે ને કે 'પુરુષ-વિશ્વાસે વચન-વિશ્વાસ' કહેનાર પુરુષ પર વિશ્વાસ હોય તો સહજ છે કે એના પહેલાં વચન ઉપર વિશ્વાસ બેસી જાય.

**વીતરાગ શાથી ગમે ? :-**

અહીં કહેનાર વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત ભગવાન છે. હવે જો વીતરાગ પર પ્રેમ જાગી જાય તો સહેજે વીતરાગ ઉપર પણ સાચો પ્રેમ જાગે; પ્રેમ જાગે એટલે વિશ્વાસ પડે. એ વિશ્વાસ બીજા બધા કરતાં ચઢિયાતો હોય તો સહેજે એમનાં જ વચન ગમે, રાગીદ્વેષીઓનાં નહિ. એટલે આ આવ્યું કે વીતરાગ ઉપર પ્રેમ, વિશ્વાસ ઊભો કરો, એ ધ્યાન રાખવાનું છે કે વીતરાગ સર્વજ્ઞનાં કહેલાં તત્ત્વ ઉપર દિલ ઓવારી જાય છે, પણ ખુદ વીતરાગ પર નહિ એ બને નહિ. હજીય દુનિયાનો કોઈ માણસ બહુ બુદ્ધિશાળી હોય તો એની કોઈ સોનેરી સલાહ ગમી જાય, છતાં એ પોતે તુચ્છ સ્વભાવનો અને તુંડમિજાજી હોય તો ન ગમે એ બનવાજોગ છે; પરંતુ તે તો એના દુર્ગુણોને લઈને નથી ગમતો; જ્યારે અહીં તો વીતરાગ ભગવાનમાં કોઈ જ દોષ-દુર્ગુણ નથી એટલે એ સવાલ જ નથી ઊભો થતો કે એમનું વચન ગમે પણ એ ન ગમે. ઊલટું એમ કહો કે વીતરાગ સર્વગુણસંપન્ન છે માટે ગમે છે. એ જો એમ ખરેખર ગમ્યા તો એમનો ઉપદેશ એમની કહેલી વાત સહેજે રુચી જવાની.

**વીતરાગતા પર પ્રેમ પહેલો જોઈએ :-**

હવે સર્વ ગુણોમાં શ્રેષ્ઠ ગુણ વીતરાગતા છે. તેથી એના પરના પ્રેમને લીધે વીતરાગ પર પણ પ્રેમ થઈ જાય છે. જો સત્ય પર પ્રેમ છે તો સાચાબોલો છોકરો ગમી જાય છે, એમ વીતરાગતા પરના પ્રેમથી વીતરાગ ઉપર પ્રેમ જાગવાનો. એટલે સત્ય તત્ત્વની શ્રદ્ધાના એક મહાન સાધન તરીકે વાત અહીં આવીને ઊભી રહે છે કે વીતરાગતા પર પ્રેમ ઊભો કરો.

ત્યારે વીતરાગ ભગવાન ગમે છે અને વીતરાગતા નથી ગમતી એ પણ ખોટું છે. તો તો પછી એ ભગવાન ગમતા હશે તે કોઈ તુચ્છ સ્વાર્થને લીધે. પારસનાથ ભગવાન પૈસા ટકા આપે છે માટે જો ગમતા હશે તો તો એમના વીતરાગતાગુણ પર આકર્ષણ નહિ હોય. પણ એ તો સ્વાર્થની પ્રીતિ થઈ, ગુણની નહિ. ગુણની પ્રીતિ હોય તો પારસનાથ ભગવાનનો વીતરાગતાગુણ ગમી જ જવો જોઈએ. મનને એમ થાય કે 'દુશ્મન કમઠ ઉપર લેશ માત્ર દ્વેષ નહિ, અને ભક્ત

ધરણેન્દ્ર ઉપર લેશમાત્ર રાગ નહિ, અહો કેવોક ઊંચો વીતરાગતાગુણ ! બેયના પર સમભાવ ! 'પ્રભુ-સ્તુલ્યમનોવૃત્તિ !' આ વીતરાગતા પર પ્રેમ થયો.

**સમભાવમાં ખરી બહાદુરી :-**

દુનિયામાં અનેક જાતની બહાદુરી સહેલી છે, પણ આ સમભાવની બહાદુરી કઠિન છે. દુશ્મનને કચડી નાખવો સહેલો છે, પરંતુ એના પર સહેજ પણ દ્વેષ ન કરવો એ બહુ અઘરું છે. એથી ય વિશેષ કઠિન સેવાભક્તિ કરનાર પર રાગ ન થાય તે છે. સમભાવ અઘરાની સાથે આવકારવા યોગ્ય પણ છે. કારણ,

**જીવને દુઃખી કરનાર ખરેખર નિમિત્ત કોઈ હોય તો તે પોતાના રાગદ્વેષ છે.** જેના પર રાગદ્વેષ નથી, એ કોઈ દુઃખદાયી નથી લાગતા. ખોળામાં લીધેલું નાનું છોકરું લાત બી મારે તો પણ એના પર દ્વેષ નથી માટે દુઃખ નથી લાગતું. બીજાનો ગમે તેટલો હોશિયાર દીકરો, પણ એના પર જો રાગ નથી તો એના બગડી ગયે, કે મરી ગયે દુઃખ નથી લાગતું.

- **દુઃખ કરાવનાર રાગદ્વેષ છે.**
- **દુઃખનાં કારણભૂત પાપ સેવરાવનાર પણ રાગદ્વેષ છે.**
- **પાપ કરતાં પહેલાં બુદ્ધિ બગાડનાર પણ એ રાગદ્વેષ એ જ છે.**
- **એટલે જ રાગદ્વેષ એ આત્માના ભયંકર હિતશત્રુ છે, કલ્યાણઘાતક છે.**

આવા મહાદુશ્મન અને દુર્ધર્ષ રાગદ્વેષને જીતે, હટાવે એમની બલિહારી છે ! એવા તો વીતરાગ ભગવાન છે. 'આપણા રાગદ્વેષ કેમ નાશ પામે ! અને આપણે વીતરાગ કેમ બનીએ !' એવા કોડ થાય. અહીં વીતરાગતા પર પ્રેમ થયો કહેવાય.

રાગદ્વેષ પ્રત્યે ગ્લાનિ, અરુચિ થશે તો જ આ વીતરાગતા ઉપર સાચો પ્રેમ થશે. રાગદ્વેષ કરવામાં હિંસાદિ સેવવામાં અને વિષયોને ભોગવવામાં કશું ખોટું નહિ લાગતું હોય, ઊલટું એમ થતું હશે કે 'એ તો કરવા જ જોઈએ, સંસારમાં બેઠા એટલે એ કરવા જ પડે, એમાં ખોટું શું છે ?' તો તો સમજી રાખો કે એ અનંતાનુબંધી રાગદ્વેષ હોવાના. ત્યાં પછી વીતરાગતા પર પ્રેમ નહિ હોય.

**રાગાદિની સાચી ઓળખ કેમ નહિ :-**

વિચારવા જેવું છે કે જે રાગદ્વેષ પૂર્વે કહ્યું તેમ સર્વ દુઃખનું મૂળ કારણ છે, સર્વ પાપનું નિમિત્ત છે, નિર્મળ બુદ્ધિ બગાડનાર છે, એના પર ઈતરાજી ન થાય ? એ ખરાબ ન લાગે ? પણ હા, અજ્ઞાન મૂઢ દશા જ એક એવી અવસ્થા છે કે એમાં સાચી ઓળખ ન પડે, દુઃખકારી અહિતકારી એ સુખાકારી હિતકારી લાગે. એ રાગદ્વેષ જ એવા અતિ ઉગ્ર કક્ષાના છે કે એમાં કોઈ ભય, સંકોચ, શરમ ન રહે. માટે,



જો રાગદ્વેષમાં ખટકો લગાડવો હોય, ભય જગાડવો હોય, અરુચિ ઊભી કરવી હોય તો મૂઢતા ટાળવી જોઈએ, અજ્ઞાનતા દૂર કરી એ રાગદ્વેષના અનર્થ વિચારવા અને હૈયે ઠસાવવા જોઈએ. એ થાય તો જ વીતરાગતા પર સાચો પ્રેમ જાગવાનો છે. દાવો રાખીએ કે આપણને વીતરાગતા ગમે છે અને આપણા ભરચક રાગદ્વેષમાંથી જરાય ઓછા કરવાની તો વાત નહિ, પણ એની પાછળ લેશ પણ અરેકારો નથી કે 'અરે ! આ હું શું કરી રહ્યો છું ? આટલા ઊંચા મનુષ્ય જન્મે અને વીતરાગના શાસનની પ્રાપ્તિએ આટલા બધા રાગદ્વેષ ?'-આવો અરેકારો નથી, ખટકો નથી, તો પછી વીતરાગ શાના ગમ્યા ગણાય ? વીતરાગતા અને વીતરાગતાનું શાસન શાનું રુચ્યું કહેવાય ?

**માત્ર ધર્મી તરીકે પૂજાયાથી શું વળે ? :-**

કર્મની અને અંતરાત્માની સ્થિતિની સામે ઢોંગધતુરો ચાલે એમ નથી. વીતરાગ, વીતરાગતા અને વીતરાગતાનું ધર્મશાસન ખરેખર ગમે છે, રુચે છે, તો રાગદ્વેષની રુચિ પર ઘા પડવો જોઈશે; રાગદ્વેષ ખટકવા જોઈશે, એના પ્રત્યે અણગમો, તિરસ્કાર, ભય, કંપ લગાડવો પડશે, દુનિયામાં ડાહ્યા થઈને ફર્યા, ધર્મીનો ડોળ રાખ્યો, ધર્મી તરીકે પૂજાયા, તેથી શું વળવાનું ? ઠીક છે એવી કીર્તિ તો ચાર દિનકી ચાંદની ! બહુ બહુ તો કદાચ આ ટૂંકા જીવન સુધી અજવાળું દેખાડશે; પણ પછી શું ? પછી કોઈ બાપ પણ પૂછવા નહિ આવે, તપાસ કે ચિંતાસરખી નહિ કરે કે ભાઈ ક્યાં ગયા હશે ? એમનું શું થતું હશે.

બોલો, કુટુંબમાંથી મરી ગયેલાની આ ચિંતા કરો છો ખરા કે એ ક્યાં ગયા હશે ? જીવનભર કરેલા રાગદ્વેષ અને પાપોનાં કેવાં કટુ ફળ એમના પર હવે વરસી રહ્યાં હશે ! છે આ ચિંતા ? એ હોય તો તો એમ થાય કે 'અરે ! એ બિચારા કદાચ ભારે દુઃખમાં પીડાતા હશે. ત્યારે હું શું અહીં લહેર ઉડાવું ? રાગદ્વેષના આંધળિયા અને કોઈ પાપપ્રપંચ કરું ?' રાગદ્વેષ અને પ્રપંચને ધક્કો લાગે.

ધર્મના કે બીજા ડોળની કીર્તિની ચાર દિનકી ચાંદનીના મોહમાં મૂંઝાવા જેવું નથી, પહેલા નંબરમાં રાગદ્વેષથી ભડકવા જેવું છે. દિલ વલોવાઈ જાય કે આ રાગદ્વેષ તો ભયંકર આત્મરોગ છે. એને નાબૂદ કરી શકે એવા ઉત્તમ માનવ અવતારે આ રાગદ્વેષને મહાલવાની કૂડી રમત શી ?' એમ લાજ આવવી જોઈએ. રોજ એ ખટકે.

**પ્ર.- રાગદ્વેષ રોજ કરવા ને રોજ ખટકે ? :-**

ઉ.- હા, શરીરનો જિંદગીનો અસાધ્ય રોગ જીવનભર ઊભો રહે છે, છતાં રોજ ખટકે છે ને ? રાગદ્વેષને કારમા ભવરોગ સમજો તો રોજ ખટકશે. ગૂંગણાને

જિંદગીભર ગૂંગણું બોલવું પડે છે, છતાં પણ એની એને રોજ શરમ આવે છે. રાગદ્વેષની એવી શરમ આવવી જોઈએ.

**રાગદ્વેષમાં વીતરાગભક્તની નાલેશી :-**

રાગદ્વેષથી શરમ આવે, એ ખટકે, એની ભડક લાગે, ત્યારે વીતરાગતા ગમે, વીતરાગ ગમે, વીતરાગતાને પમાડનારું ધર્મશાસન ગમે. એટલે આ વાત આવીને ઊભી રહી કે વીતરાગ સર્વજ્ઞ ભગવાનનાં વચન પર એમનાં કહેલાં તત્ત્વ અને મોક્ષમાર્ગ ઉપર શ્રદ્ધા જમાવવા માટે વીતરાગ ભગવાન પર અનહદ પ્રેમ જગાવો. એ માટે વીતરાગતા ગુણ ઉપર ઓવારી જાઓ; એ સારુ રાગદ્વેષથી ભડકો, એને કારમા દુશ્મન દેખો, ભયંકર રોગ લેખો, એમાં વીતરાગભક્તની નાલેશી સમજો, એને ભવચક્રમાં ભમાવનાર રાક્ષસ ગણો.

**રાગાદિ પર અંકુશનું સાધન :-**

રાગદ્વેષને જ ખરેખરા દુશ્મન, રોગ, રાક્ષસ વગેરે તરીકે હૃદયથી માનવાનું કરવું હોય તો એના પર અંકુશ મૂકનારા શક્ય વ્રત-નિયમમાં આવવું જોઈએ. એમાંય ખાસ કરીને ભોગ અને ઉપભોગનું પરિમાણ નક્કી કરી, માપ બાંધી એના વ્રતને સ્વીકારવા, કે 'આ આટલાથી વધુ નહિ વાપરું.' દા.ત. 'જીવનભર માંસ, મદિરા, મધ, માખણ, કંદમૂળ, વાસી વિદળ નહિ જ ખાઉં' 'રાત્રિભોજન નહિ કરું' 'રોજ છએ છ વિગઈ નહિ વાપરું' 'આજે મીઠાઈનો ત્યાગ, ઘીનો ત્યાગ...' આ બધું શા માટે કરવાનું ? અભક્ષ્યાદિથી કે રસસેવનથી માત્ર પાપ લાગે છે એટલા જ માટે નહિ, પણ એ નિરંકુશ રાગદ્વેષ કરાવે છે માટે પણ વ્રત-નિયમની જરૂર છે.

**વ્રત-નિયમથી ખાસ લાભ :-**

આમાં ખાસ મહત્ત્વ છે, વ્રત-નિયમથી એટલા પ્રમાણમાં પાપથી બચ્યા એ સામાન્ય વસ્તુ છે, પણ રાગ-આસકિત પર અંકુશ આવ્યો એ મહત્ત્વનો લાભ છે. એ ન આવે તો પાપથી બચવાની બહુ કિંમત નથી. એટલા જ માટે સ્વર્ગાદિ સુખની લાલચથી વ્રત-નિયમ કરનારને ભલે થોડા પાપથી બચી પુણ્યનો લાભ થઈ સુખ મળ્યું, પરંતુ એ તો એક ભવનો ચમકારો, પણ પછી શું ? પાછું ભવચક્રમાં ભટકવાનું જ ને ? કેમ એમ ? કહો, ભવભ્રમણના મૂળ હેતભૂત રાગદ્વેષ પર અંકુશ નહોતો કર્યો. આપણે એ કરવું છે. એ ઇરાદે વ્રત નિયમ લેવા-પાળવા છે. એમ કરતાં કરતાં વ્રતથી અટકાવેલા વિષયો પરના રાગ ઘટતા આવે, કદાચ એકદમ ન ઘટે તો પણ વ્રત-નિયમના અભ્યાસથી એનો રસ જાગતાં પછી વિષયો વિટંબણારૂપ લાગે છે; એટલે એના પર થતા રાગાદિ અનુચિત લાગે છે. આમ



રાગ પોષનાર વિષયો પર વ્રત-નિયમ દ્વારા અંકુશ મૂકતાં મૂકતાં એના રાગ પર ખરેખરો ખટકો ઊભો થશે.

**વ્રત-નિયમ સમ્યક્ત્વનાં બેય અંશોમાં ઉપયોગી :-**

બસ, તો જેવી રીતે સમ્યક્ત્વના માટે એક જરૂરી વસ્તુ વીતરાગ-વચન પર શ્રદ્ધા છે અને તે જગાડવા વ્રત-નિયમ ખૂબ જ ઉપયોગી બને છે, તેવી રીતે બીજી જરૂરી વસ્તુ અનંતાનુબંધી રાગદ્વેષ હટાવવા પણ વ્રત-નિયમ એ ખૂબ જ ઉપયોગી થાય છે. આમાં હવે લાંબું નહિ વિચારવું પડે કેમ કે ઘણી વિચારણા થઈ ગઈ છે. અનંતાનુબંધી રાગદ્વેષ એ આંધળા રાગદ્વેષ છે, કોઈ જાતના ભય-શરમ-ખટકા વિનાના આવેશરૂપ રાગાદિ છે. એ હટાવવા માટે આંધળિયાનો, આવેશનો ત્યાગ કરવાનો છે. ખટકો, શરમ, ભય ઊભા કરવાના છે. પરંતુ આ મોઢેથી બોલી બતાવવાની વાત નથી કે 'મને ખટકો છે, મને રાગદ્વેષમાં ભય લાગે છે'...ઇત્યાદિ કહી દેખાડવાની વાત નથી, યા મન મનાવવાની વસ્તુ નથી, પરંતુ હાર્દિક તેવો ભાવ ઊભો કરવાનો છે. એ કરવા માટે શક્ય ત્યાગ અને ત્યાગની પ્રતિજ્ઞારૂપી વ્રત-નિયમમાં આવવાનું છે. જેમ જેમ એ નિયમ લેવાતા અને પળાતા જશે તેમ તેમ અનુભવ થશે કે હવે રાગદ્વેષ ખરેખર ખટકે છે, એની ભડક થાય છે.

એમ પૂછતા નહિ કે 'તો પછી શ્રેણિક-કૃષ્ણજીને વ્રત-નિયમોના અભ્યાસ વિના કેમ રાગદ્વેષની ભડક ઊભી થઈ ગઈ હતી ?'

આનો ખુલાસો થઈ ગયો છે કે એમને નિશ્ચિતરૂપે અનંતાનુબંધી ઊડ્યા હતા, વીતરાગ અને વીતરાગનાં તત્ત્વ ઉપર અથાગ શ્રદ્ધા થઈ ગઈ હતી. એ હકીકત પર તીર્થંકર ભગવાને સિક્કો મારેલો છે. મારા તમારા અનંતાનુબંધી કષાયના નાશ અને શુદ્ધ વીતરાગ-પ્રીતિ જિનોક્તતત્ત્વ-પ્રીતિ ઉપર કોઈ જ્ઞાની ભગવંતે સિક્કો મારી આપેલો છે ખરો ? કે લોકનો સિક્કો ? લોકો આપણને સારા ધર્મી કહે છે માટે શું આપણે માની લેવું કે આપણામાં એ બધું આવી ગયું ?

**ભોગાવલી નડવાનું બહાનું ભારે પડશે :-**

પૂર્વે કહ્યું છે ને કે 'તાણી લાવે રે સમકિત વિરતિને ? અંતરાત્મામાં જુઓ તપાસો કે વિરતિની સાચી તાલાવેલી, વિરતિનો સ્વીકાર, બાકી રહી જતી અવિરતિનો ભારે ચિત્તકલેશ,-આ બધું છે ? કે પછી માની લીધું છે કે 'શું કરું ? વિરતિ બહુ ગમે છે, પરંતુ આ ભોગાવલી કર્મ નડે છે. ઘરના અંતરાય નડે છે...' આવા લોચા છે ? એ બહાનું હશે તો ભારે પડશે, આત્મા ઠગાશે; એક તો અવિરતિનો મેરુભાર માથે રાખ્યો ! અને બીજું ખરેખર ભોગાવલી કર્મ નહિ પણ પોતાની આસક્તિ ગુનેગાર હતી તેને ઓળખી નહિ, એટલે એ છૂપી રીતે મહાલ્યા

કરવાની ! ખરી રીતે તો પૂર્વે કહ્યું તેમ પોતાનાં અનિકાચિત મોહનીય કર્મ એવાં હતાં કે એને શુભ ભાવના અને વ્રત-નિયમના પુરુષાર્થથી દાબી શકાય, નિષ્ફળ કરી શકાય; પરંતુ આ પુરુષાર્થની તક ઝડપાતી નથી, સક્રિય કરાતી નથી તેથી મોહનું સામ્રાજ્ય જ અસ્ખલિત પ્રવર્તે છે, વિષયોની આસક્તિ અબાધિત વર્તે છે, આ સ્થિતિમાં વિચારવા જેવું છે કે અનંતાનુબંધી રાગદ્વેષ શી રીતે ઢીલા પડે ? શી રીતે રવાના થઈ ગયા મનાય ?

ના, એમને રાગદ્વેષ, મોહ, વિષયો ગમતા નથી, ખટકે છે તો ખરા,' એવું એમ જ માની લેવા જેવું નથી, જીવને પૂછવા જેવું છે કે 'જેમ ગુંડાની છરીની, સાપ-વીંછીની કે એવી બીજી કોઈ ભડક લાગે તેમ આ રાગાદિની ભડક લાગે છે ? અને લાગે છે, તો પછી વિરતિમાં કેમ અટકાય છે ?' ખરું જોતાં સાચો વિશ્વાસ પડે કે મારા અનંતાનુબંધી રાગાદિ તો ગયા, એ માટે શક્ય એવા વ્રત-નિયમમાં આવવા જેવું છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૧૫,તા.૫-૧-૧૯૬૩**

**વ્રત-નિયમ યોગનાં બીજ તરીકે :-**

વ્રત નિયમથી મન ચોક્કસ બને છે, ખીલે બંધાય છે, અને મન મારીને પણ પાલન થતાં વિષયોનો સંગ છૂટવાથી વિષયોનું આકર્ષણ અને રાગમાં નિર્ભીકતા ધીરે ધીરે ઓછી થતી આવે છે. એમ કરતાં એક પળ એવી આવી લાગે છે કે વિષયો અને રાગમાં ભય, ભડક પાકી ઊભી થઈ જતાં અનંતાનુબંધી કોટિના રાગાદિ તૂટે છે. આ હકીકત છે, એટલે જ યોગબિન્દુ શાસ્ત્રમાં યોગનાં બીજ બતાવતાં એક બીજ તરીકે દ્રવ્યાભિગ્રહપાલન પણ બતાવ્યું. દ્રવ્યાભિગ્રહ એટલે દ્રવ્યના અભિગ્રહ અર્થાત્ અમુક અમુક ખાવાપીવાદિ વસ્તુના ત્યાગ યા સેવવા વગેરેની પ્રતિજ્ઞા. આ યોગની પૂર્વ અવસ્થામાં, મિથ્યાત્વ અવસ્થામાં કરવાની વાત કહી; એ સૂચવે છે કે એના અભ્યાસથી અનંતાનુબંધી રાગદ્વેષ કષાયો તૂટે છે.

**વીતરાગતાનું આકર્ષણ મૂળમાં જોઈએ :-**

આમ સમ્યક્ત્વ માટે જરૂરી અનંતાનુબંધી કષાયોના નાશ અને વીતરાગ-સર્વજ્ઞોકત તત્ત્વ પર શ્રદ્ધા,-આ બેને સુલભ કરવા માટે વ્રત-નિયમો બહુ ઉપયોગી બને છે. એથી વીતરાગનું સાચું આકર્ષણ ને સાચી અભિલાષા પ્રગટે છે. તો જ વીતરાગનું આકર્ષણ થાય. અને એમનાં વચન પર શ્રદ્ધા થાય. જો વીતરાગતાનું આકર્ષણ નથી તો વીતરાગની સાચી માયા શી રીતે લાગે ? કોઈ દુન્યવી પદાર્થની



લાલચથી વીતરાગ ભગવાન પર આકર્ષણ થાય, માયા લાગે, એ કાંઈ ખરેખર વીતરાગનું આકર્ષણ વીતરાગની માયા નથી. એ તો દુન્યવી પદાર્થનું આકર્ષણ છે, દુન્યવી વસ્તુની માયા છે. વીતરાગને તો એના એક માત્ર સાધન બનાવાય છે. એમાં કાંઈ ન વળે, એથી ન અનંતાનુબંધી કષાય તૂટે, કે ન સમ્યક્ત્વ આવે.

શું અનંતાનુબંધી કષાય તોડવા અટકાવવા એટલે મન મનાવવાની વાત છે ? ના, એમાં તો વિષયો અને હિંસાદિ પાપની પ્રવૃત્તિમાં કંપ, ભડક, ભય ઊભા કરવાના છે. એના રાગ અને પ્રવૃત્તિ કદાચ ન છૂટે પણ આ ઊભું થવું જોઈએ.

**એકલા ભાવને આગળ કરનારો ઉભયભ્રષ્ટ :-**

પાપ તત્ત્વ પર કંપ જોઈએ. તેમાં વાંધા છે તો એમ ને એમ વિના પ્રવૃત્તિએ, વિચાર માત્રથી એના પર કંપ થઈ જશે ? આહાર, વિષયાદિ તમામ અંગે ઓછું વત્તું પ્રમાણ કંપનું હોય ભલે, પણ કંપ થાય છે ? એવો કંપ ન થાય ત્યાં સુધી, કંપ ઈચ્છનારને જંપ કેમ થાય ? કંપ ઈચ્છનારનું ખમીર તો આ વિચારે. ''કેવી સુંદર કાયા મળી છે ! દેવગુરુ ધર્મની સામગ્રી સાંપડી છે; સુંદર કોટિના અણાહારિપણાના અનુભવ કરાવે તેવા સુંદર તપ અને ત્યાગ આ કાયા કરી શકે તેમ છે. શક્તિ છે,'' આ ખમીરવાળો તપ કર્યા વિના જપે ! ભલે પછી કાયા ઝાંખી પડી જાય ! એમ થવાથી આત્માને ગજબની શુદ્ધિ પ્રાપ્ત થાય.

યાદ રાખજો, નૈષ્ઠિક સમ્યક્ત્વ એ ચેડાં કરવા જેવી વસ્તુ નથી. વિરતિ વિના સમકિત આવવું સહેલું છે ? સમકિત લાવવું શી રીતે ? કહેવામાં આવે છે, 'સમકિત વિના પૂર્વે અનંતો કાલ વિરતિ નકામી ગઈ,' એમ કહેનારને કહેજો, એ વિરતિ સમકિત લાવવા માટે કરી જ નહોતી માટે સમકિત ન આવ્યું, જેણે સમકિત લાવવા માટે વિરતિ કરી છે તેની વિરતિ નકામી ગઈ જ નથી. વિરતિ સમકિતને નિકટ લાવે છે નિર્ણય જોઈએ કે સમકિત ન પણ હોય તો તે લાવવા પણ વિરતિ કરવી છે. અધ્યાત્મ-સારમાં શ્રી ઉપાધ્યાયજી મહારાજ કહે છે એકલા ભાવ-ભાવની વાતથી શાસન નહિ ચાલે. શાસન તો વ્યવહાર પર ચાલવાનું છે; વ્યવહાર વિના તો શાસન વિચ્છેદ જશે. જેઓ કુતર્ક કરે છે કે ભાવ વિના વિરતિ નકામી તેવા કુર્તકવાદી માટે તો એમના હિસાબે શાસન રહેશે જ નહિ, કેમ કે એ કુતર્ક બેય તરફ થઈ શકે. ભાવ વિના વિરતિ નકામી છે અને ભાવ છે તો વિરતિની જરૂર શી ? આ રીતે એવાઓને તો શાસન જ નથી. ઉપદેશ-શ્રવણને અંગે પણ આ રીતે કુતર્ક થાય 'ભાવ ન હોય તો ઉપદેશ સાંભળવો નકામો છે' : એ જ રીતે, 'ભાવ છે તો ઉપદેશ સાંભળવાની જરૂર નથી,' એટલે એવાના નસીબમાં તો ઉપદેશ છે જ (રહેશે જ) નહિ.

**દીક્ષા માટે બે ગુણ :-**

**આરોપ કરી જેમ નિશાળે બેસાડાય છે તેમ સમકિતના આરોપણપૂર્વક દીક્ષા અપાય છે.**

દ્રવ્ય સમકિતનું આરોપણ કરીને પણ દીક્ષા આપવાનું જ્ઞાનીએ રાખ્યું. લાયકાત જુએ, કેટલી ? સંસારની નિર્ગુણતાનું ભાન થયું છે કે નહિ, સંસારને નિર્ગુણ માને છે કે નહિ ? અને વ્રતમાં સ્થિર રહી ગુરુનું વચન પ્રમાણ કરે તેવો છે કે નહિ ? આ બે વાતની લાયકાત જોવાય. એટલું હોય તો સમકિત ન હોવા છતાં, દ્રવ્ય સમકિતના આરોપપૂર્વક પણ ચારિત્ર (વિરતિ) અપાય છે. 'જેનું નામ ભવ, એને ખરાબ માને તથા જે વ્રત લે તેમાં મક્કમતા,' શું એ ઓછી લાયકાત છે ? પ્રારંભમાં વધારેનો નિયમ નથી. આ બે ગુણ જોવાના. તે કેવળજ્ઞાનની દૃષ્ટિથી કદાચ ન પણ હોય છતાં શાસ્ત્ર પરીક્ષાની દૃષ્ટિએ દેખાય તો સમ્યક્ત્વપૂર્વક વિરતિ અપાય. ભવની અરુચિ એટલે પાપમાત્રનો અણગમો, અને ધર્મની જ રુચિ. દીક્ષા લેવા આવનારમાં ભવની અરુચિ દેખાય છે; પછી પરમાત્માનું શાસન એ જીવ હજી પામ્યો નથી એટલે તત્ત્વ સમજ્યો નથી તેથી તત્ત્વરુચિ ન હોય, પણ સમજશે એટલે આવી જશે, એટલા માટે જ દ્રવ્ય સમ્યક્ત્વનો આરોપ કરી ચારિત્ર (દીક્ષા) અપાય છે, એ આરોપાયેલું દ્રવ્ય સમ્યક્ત્વ શુભ પ્રવૃત્તિથી ભાવ સમ્યક્ત્વ લાવે.

**વસ્તુ બરાબર વિધિપૂર્વક** બંધારણપૂર્વક અપાવી જોઈએ, માટે દ્રવ્ય સમકિતનું આરોપણ છે. બંધારણપૂર્વકનો અમલ અછતી વસ્તુને છતી કરે ભાવ સમકિત લાવે. વસ્તુ આપ્યા પછી બંધારણની કાળજી જરૂર જોઈએ. દીકરાને નિશાળે મૂકો છો તે એનામાં નિશાળે જવાના ભાવ છે ક્યાં ? છતાં એવા ભાવનું આરોપણ કરીને નિશાળે મૂકવામાં આવે છે. શરૂઆતમાં એનામાં ભાવ તો એવા છે કે માસ્તરને ઊઠાં ભણાવે, ઘરેથી નિશાળે જવાનું કહે અને બીજે જઈને રમે ! છતાં 'એ તો ત્યાં જશે તો કાંક ભણશે. એની મેળે ભણતો થશે,' એમ ધારીને શાળામાં દાખલ કરો છો ને ? પાછળથી શાળાનું બંધારણ સચવાય. દેખરેખ રહે, કાળજી રખાય તો એ જ બાળક, જમવાનું જરા મોડું થયું હોય તો જમવા ન રહેતાં નિશાળે દોડી જાય છે. એને ભૂખ્યું રહેવું પાલવ્યું, પણ નિશાળે મોડું જવું ન પાલવ્યું ! જેમ ત્યાં તેમ અહીં પણ એક શાળા છે.

અતત્ત્વના નાચથી બહાર નીકળી તત્ત્વમાં ડોલવું, અતત્ત્વનો અનાદર, તત્ત્વની આચરણા, આનો જીવનમાં અમલ ઝળકે એનું નામ વિરતિ, અને એની ઝંખના ઝળકે એનું નામ સમ્યક્ત્વ. પૂર્વે અનંતોકાલ વિરતિ નકામી ગઈ હશે તો કારણ એક જ કે એ વિરતિ સમકિત માટે નહિ કરી હોય. હવે જે કાંઈ કરીએ, ત્યાગ,



પચ્ચખ્ખાણ, વ્રત નિયમ, નાની મોટી વિરતિ, પ્રભુની પૂજા, સામાયિકાદિ, તે નિર્મળ સમ્યક્ત્વના હેતુ માટે કરો. 'પૌદ્ગલિક કામના કોઈ પ્રકારની નથી, દેવલોકની પણ ઇચ્છા નથી પણ બસ ! ભગવાનનાં તત્ત્વ એવાં રુચે, રાગદ્વેષ એવા અકારા લાગે અને પરમાત્મા પર પ્રીતિ એવી જાગે કે ન્યાલ થઈ જવાય, આ માટે આવા સમકિત માટે હવે અમારી વિરતિની પ્રવૃત્તિ છે અગર કરવાની વૃત્તિ છે,' આ મન પર લાવો.

સમકિત માટે અરિહંત અને અરિહંતના વચન, બંને પર અથાગ પ્રીતિ ધરવાનું ભૂલશો નહિ. અરિહંત પ્રભુ ઉપર પણ પ્રીતિ એવી કે એની આગળ જડની પ્રીતિ ઝાંખી પડી જાય. મોક્ષ પ્રાપ્તિ સુધી અરિહંત જોઈએ જ એવો નિર્ધાર રહે.

ઉ. માનવિજયજી મહારાજ કહે છે ભગવાનને, ભગવાન ! ભલે આપ ઉપર વિરાજમાન છો, મેં તો આપને પકડીને મારા મન(મંદિર)માં બેસાડ્યા (પધરાવ્યા) છે. આ આરોપ છે. આરોપ પણ કામ કરે છે, માટે સમકિતનો આરોપ કરીને કામ ચલાવ્યું ! કવિ કહે છે, 'જ્યાં સુધી આપની જેમ અમારો આત્મા પરમાત્મા ન બને ત્યાં સુધી જંપ ન વળે, માટે હવે આપને છોડીશ (છોડશું) નહિ.' આ રીતે પોતાનો હૃદય નિર્ધાર જાહેર કરે છે. પણ એક શરત રજૂ કરે છે. ભગવાનને 'છોડશું નહિ' કહ્યા પછીની શરત :- 'ભેદ રહિત મળો તો છૂટશો.'

**'જો ભેદ રહિત મુજ શું મિલો,**
**તો પલકમાંહી છૂટાય...શ્રી શાંતિ૦'**

ભગવાન તો સિદ્ધ થયા છે, ત્યાંથી એક ઈંચ પણ ક્યાં ખસવાના છે ? નહિ, જગતમાં ગમે તેવી ઊથલપાથલ થાય, ત્યાં ચસકવાનું લેશ નામનિશાન નથી ! પણ કવિ આરોપ કરીને ભગવાનને મનમાં પધરાવે છે. આરોપપૂર્વક ભક્તિ કરે છે. છેલ્લે છોડવાની શરતમાં જણાવે છે,

**'અભેદપણે મળો'; પણ પછી છૂટવાનું શું ? :-**

અહીં કવિનો ભાવ સમજવા જેવો છે એકરૂપ થયા પછી, તદાકાર થયા પછી છોડવાનું રહ્યું જ ક્યાં ? કોયડો છે. અહીં 'મળો' શબ્દનો અર્થ જુદો છે. એકમેક થવાય તેમ ક્યાં છે ? પણ મળો એટલે, દર્શન દ્યો, ફલાણા મળ્યા, એમ નથી કહેતા ? કવિનો ભાવ એ છે, 'એક વાર આપ અભેદ ભાવે દર્શન દ્યો પછી ભલે વિરાજો ત્યાં; પછી નહિ કહું.' પહેલાં પ્રયત્ન અભેદ-દર્શનનો, એમાં આળ પંપાળ ન જોઈએ, પછી ભાવસહિત એકમેકતા સાચી, માનવિજયજી મહારાજના એ ભક્તિમય હૃદયની ભાવવાહી કવિતા આ રહી.

**મનમાંહી આણી વાસિયા, હવે કેમ નીસરવા દેવાય,**
**જો ભેદરહિત મુજશું મળો, તો પલકમાંહિ છુટાય.**
**-શ્રી શાંતિ જિનેશ્વર સાહિબા !**

**જે હૈયામાં ભગવાન વસે, એ હૈયામાં ભગવાનના એક પણ દુશ્મનને મોજથી રહેવા ન દેવાય.**

કેવી શબ્દની રચના ! કેવી કાવ્યની ચમત્કૃતિ ! આત્મામાં કેઈ ગડમથલ, કેઈ દુર્ભાવ, એને ઉખેડવા, જબરજસ્ત તાકાત ફલવતી કરવા, ભગવાનને આરોપથી પકડીને હૃદયસ્થ કરવાના છે. એમ ન હોય તો 'મનમાંહિ આણી વાસિયા-' બોલાય ? ડફાણ નથી ? પરમાત્મા જે મનમાં વસે એ મનમાં. એ હૈયામાં પરમાત્માના ૧૮ દુશ્મનોમાંના કોઈને પણ મોજથી રહેવા દેવાય ? જ્યાં ભગવાન હોય ત્યાં ભગવાનના એક પણ દુશ્મનને છૂટથી મહાલવાનું હોય ? હાસ્ય, રતિઅરતિ, ભય, કામ, ક્રોધ, લોભ, માન, અજ્ઞાન, અવિવેક, કૃપણતા, ધર્માદિમાં વીર્યાંતરાયનો ઉદય વગેરે અઢારેય ભગવાનના દુશ્મનો છે. એકને પણ હૈયામાં વસવા ન દેવાય એવા એ હિતશત્રુ છે.

**જૈનપણાની જવાબદારી :-**

જૈન એટલે શ્રી જિનેશ્વર પરમાત્માનો અનુયાયી, જે હૈયામાં જૈનપણું ઝળહળતું હોય એ હૈયામાં જગતની અવળચંડાઈઓ ને ઊંધા રસ્તાના આવેશ ન રખાય. કોઈ પણ વસ્તુ આંખ સામે આવે એટલે જૈન પહેલાં તે એ જુએ કે વસ્તુ પરમાત્માના ઘરની છે કે દુશ્મનના ઘરની ? જો એ વસ્તુ દુશ્મનના ઘરની હોય તો ત્યાં જૈનનો રાજીપો ન હોય, એને અડવાનું ય, ચાલે ત્યાં સુધી મન ન થાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૧૬,તા.૧૨-૧-૧૯૬૩**

**પરમાત્મા સાથે અભેદ-દર્શનનો ઉપાય :-**

પરમાત્મા પર એવી પ્રીતિ ઊભી કરવાની છે કે જીવને એમના આદર્શ અને માર્ગથી વિરુદ્ધ કશું જ ન આકર્ષી શકે, વિરુદ્ધ કાંઈ જ ન ગમે; એમની નિકટ જવામાં આડે આવતા પદાર્થ, પ્રવૃત્તિ, પ્રસંગ અને પરિવારના મોહ અકારા લાગે. પરમાત્માનું અભેદ દર્શન કરવું છે તે એમ જ થઈ જશે ? બાધક તત્ત્વોનાં આકર્ષણ મોળાં પાડવાં પડશે, નહિતર કરવાં જોઈશે; એ ત્યાં સુધી કે દિલને સચોટ લાગી જાય કે 'આ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ રાગ, દ્વેષ, લાલસા, અહંત્વ વગેરેને ને મારે શું ? હું તો નિરાગ, પ્રશાન્ત, નિસ્પૃહ છું, મારે જન્મ-મરણ શા ? હું તો નિર્વિકાર,



અચ્છેદ્ય, અભેદ્ય, નિરંજન નિરાકાર છું. શરીર પર લાગતા ઘાની, કે ઘા ઉપર થતા સુંવાળા ઠંડા વિલેપનની મને કોઈ જ અસર નથી. એ નિરાળા, હું નિરાળો ! હું તો શુદ્ધ બુદ્ધ નિષ્પ્રકંપ આત્મા છું,'-આવી ભાવના વારંવાર કરાય, સાથે તપાસતા રહેવાય કે એનું આંતર સંવેદન, સ્વાનુભવ કંઈક કંઈક પણ થાય છે ને ? ત્યારે એમ કરતાં કરતાં શુદ્ધ સ્વરૂપવાળા પરમાત્મા સાથે અભેદનાં દર્શનના માર્ગે ચઢાય. 'હું એટલે શરીર તો નહિ, રાગી-દ્વેષી, ખુશ-નાખુશ, સુખી-દુઃખી આત્મા પણ નહિ, હું તો શુદ્ધ નિર્વિકાર આત્મા છું,' અર્થાત્ પરમ આત્મા છું.' આવું આંતર સંવેદનરૂપ દર્શન થાય, પરમાત્મભાવ પ્રગટ થાય તો જ પરમાત્માનું અભેદભાવે દર્શન થયું કહેવાય. તો દર્શનમાં કાંઈ પરમાત્મા ખુદને નીચે આવી બંધાવું ન પડ્યું, પરમાત્મા તો છૂટા અલગ જ રહ્યા. પરંતુ અભેદદર્શન સિદ્ધ થયા પછી હવે પરમાત્માને વળગવાની એટલે કે કરગરવાની જરૂર ન રહી. એ સ્થિતિ માટે કવિ કહે છે કે 'જો ભેદરહિત મુજશું મિલો, તો પલકમાંહે, છૂટાય,' અભેદભાવે દર્શન આપો તો પછી આપ છૂટા છો.'

આ અનુભવનો અભ્યાસ બહુ મજેનો છે. એ કેટલાય ઉકળાટ, અજંપા, ઝંખનાઓ વગેરેને શાંત કરી દે છે, એ માટે પહેલાં પરમાત્મા પર પ્રીતિ જોરદાર અનન્ય ઊભી કરી દેવી જોઈએ. એની આગળ જગતની વાત-વસ્તુની મહત્તા પડતી મૂકવી જોઈએ. જગતનું ગમે તેવું રુડું-રૂપાળું કે ચમત્કારિક, પણ એનું કોઈ જ આકર્ષણ ન રહે. એટલી બધી કિંમત પરમાત્માની આપણા મન પર વસી જાય. આ અન્યોન્ય કારણ છે.

જેમ જેમ પરમાત્માનું મહત્ત્વ આપણા મન પર વસાવતા જઈએ તેમ તેમ જગતની વાત વસ્તુ, પૈસા-ટકા, પરિવાર, ઈન્દ્રિયોના વિષયો, સન્માન-સત્કાર વગેરેનું મહત્ત્વ ઘટતું આવે; અને જેમ જેમ આ ઘટતું આવે તેમ તેમ પરમાત્માનું મહત્ત્વ મન પર વધુ સ્થાપિત થતું જાય. એ એક-બીજાના ઉત્તેજક છે, સંવર્ધક છે. શરૂઆત બેમાંથી ગમે તે એકની થાય, અને પછી એ બીજાને પ્રેરે, ઉત્તેજે. દા.ત.

**મન પર પરમાત્મ-મહત્ત્વ જાગવાથી જડનું મહત્ત્વ ઘટે :-**

ક્યાંક પહેલવહેલું મહાવીર પ્રભુનું ચરિત્ર સાંભળવા મળ્યું. એમાં મોટા રાજવી-ભોગ અને દેવતાઈ સન્માન છતાં પ્રભુએ ત્યાગ-તપસ્યા-સંયમ-પરિષહ સહન-ઉપસર્ગ સહન જે કર્યા તેનું રોચક-રોમાંચક વર્ણન સાંભળતાં મન પર પ્રભુનું મહત્ત્વ વસ્યું, તો ત્યાં પછી જગતની વાત વસ્તુનું મહત્ત્વ ઘટવાનું. મનને એમ થશે કે 'અહો ! પ્રભુએ આવા વૈભવ-માનપાન પડતા મૂક્યા, ત્યારે આ દુન્યવી વૈભવ-માનપાનની શી કિંમત ? શું મહત્ત્વ ? કાંઈ જ નહિ.' આ શું થયું ? મન

પર બહુ જામી પડેલા વૈભવાદિના મહત્ત્વને ધક્કો લાગ્યો.

**જડનું મહત્ત્વ ઘટવાથી પરમાત્મ-મહત્ત્વ જાગે :-**

એમ ક્યાંક એવું પણ બને કે ક્યારેક એ દુન્યવી વાત વસ્તુમાં કોઈના તરફથી પોતાને દ્રોહ થયો, અથવા ધારણા કરતાં તદ્દન ઊલટું નીપજ્યું અને ભારે આઘાત લાગ્યો; અગર બીજા કોઈના જીવનમાં એવો કોઈ દ્રોહ વગેરે થયાનું જોવા-સાંભળવા મળ્યું અને તેથી મનને દુઃખ થયું; એમાં પછી પરમાત્માના જીવનને સાધનાને અને એમના ઉપદેશને સાંભળવાનું મળ્યું, તો પેલા આઘાતવાળા મનને અહીં સ્ફૂર્તિ મળવાની, આકર્ષણ થવાનું. આમાં પહેલાં દુન્યવી વાત વસ્તુનું મહત્ત્વ મન પરથી થોડું પણ ઘટ્યું એણે પછી મળેલા સત્ શ્રવણ પર પરમાત્મા તરફ આકર્ષણ ઊભું કર્યું.

**અન્યોન્ય અસર :-**

એ પછી જેમ જેમ પરમાત્માનું મહત્ત્વ મન પર વધવાનું તેમ તેમ દુનિયાની વાત વસ્તુનું મહત્ત્વ ઘટવાનું; અને આ જેમ જેમ ઘટવાનું તેમ તેમ પરમાત્માનો વધુ વિચાર આવવાનો, વધુ શ્રવણ-વાંચન થવાનું. દુન્યવી રંગરાગ પર કંઈક અભાવ થયો એટલે પરમાત્મા તરફ ખેંચાયા, અને ત્યાં એમની પૂજા ભક્તિ ગુણશ્રવણ કર્યા એટલે રંગરાગ ઉપર અભાવ વધ્યો. એ વધવાથી વળી પરમાત્મા તરફ વધુ ઢળ્યા એમ અન્યોન્ય અધિક અસર કરતા ચાલવાનું.

**ક્યારે બેમાંથી શું કરવું ? :-**

આ સૂચવે છે કે બેમાંથી જે સરળ પડે એને આચરવા માંડો એટલે બીજું એની પાછળ સહેજે આવીને ઊભું રહેશે. દુનિયાના રંગરાગ અને વૈભવ પરથી દિલ હજી ઉભગતું નથી, તો પરમાત્મા તરફ આકર્ષિત થાઓ, એમનાં ચરિત્ર વાંચો-સાંભળો, એમના ઉપકારને જાણો, એમના ધર્મશાસનનું મહત્ત્વ સમજો; એટલે પછી સહેજે પેલાં રંગરાગાદિના આકર્ષણને ધક્કો પહોંચશે. ત્યારે જો પરમાત્માનું આકર્ષણ એવું કાંઈ હજી ઊઠતું નથી, તો રંગરાગ-વૈભવના અંતિમ સ્વરૂપનો વિચાર અને શક્ય ત્યાગ કરો, કરીને એનું આકર્ષણ ઘટાડો એટલે પરમાત્મા તરફ હૈયું આકર્ષાશે.

મંદિરમાં ગયા, દર્શન-પૂજન કર્યાં, વ્યાખ્યાનમાં ગયા, સારું શ્રવણ મળ્યું, છતાં જો પરમાત્મા ઉપર પ્રીતિ-ભક્તિનો ઉછાળો નથી આવતો, તો ત્યાં સમજવું જોઈએ કે હૈયું દુન્યવી સુખચેનનાં અને સગવડ સામગ્રીનાં ભારે આકર્ષણ છે, તેથી અહીં પરમાત્મા તરફ દિલ ઊછળતું નથી. અથવા જુઓ કે દુનિયાના રંગરાગમાં બેઠા છો અને પરમાત્મા કે એમનો ઉપદેશ જરા પણ યાદ આવતો નથી, તો



સમજવું રહ્યું કે પરમાત્મા પ્રત્યે એવી એ કોઈ પ્રીતિ, આકર્ષણ ઊભાં નથી કર્યાં માટે એમ બને છે. એટલે જો કે કાર્ય બંનેય કરવાનાં છે, દુનિયાના આકર્ષણને ઘટાડવાનું અને પરમાત્માનું આકર્ષણ વધવારવાનું છે, છતાં એમાંથી જે સરળ હોય તેનો પ્રયત્ન શરૂ કરી એ વધારતા રહેવું જોઈએ.

**આરોપિતમાંથી સાચું નીપજે :-**

અહીં એક વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છે કે પ્રભુનું આકર્ષણ આ રંગરાગ વૈભવ પ્રત્યે અભાવ હજી દિલમાથી ન ઊઠતો હોય, છતાં આરોપિત ઊભો કરવાથી પછી સારા પ્રયત્ને સાચો ઊઠવા માંડે છે. પ્રભુ જાણે ખરેખર બહુ ગમી ગયા છે એ રીતે એમનાં એકાગ્ર દર્શન, પૂજન, ભાવભક્તિમાં લીન બનવાનો પ્રયત્ન કરતા રહેવાનું. એમાં ક્યારેક અંતરમાં ખરેખર પ્રભુપ્રીતિ ઊભી થઈ જશે. એમ રંગરાગાદિ પ્રત્યે દિલમાં ખેરખર અભાવ નથી ઊભો થયો, ફિકર નહિ, પણ જાણે એના પર અભાવ જન્મ્યો છે એ રીતે એની રસમય વાતો ઘટાડવાની, એનો સંપર્ક કંઈક ઓછો કરવાનો, એના ભોગ પર શક્ય વ્રતનિયમથી કાપ મૂકવાનો, એમ કરતાં કરતાં એક દિ' અંતરમાં ખરેખર અભાવ જાગી જશે.

એટલે કહો, આત્મામાં શું થાય છે ? આરોપિત પ્રભુભક્તિથી યોગ્ય પ્રયત્ન દ્વારા સાચી ભક્તિ ઊભી થઈ, રંગરાગ પર આરોપિત અભાવથી સાચો અભાવ જાગ્રત થઈ ગયો. આ જ હિસાબે મહાકવિઓનાં ભાવવાહી સ્તવન ગાતાં સાંભળતાં આપણા દિલમાં આરોપિત ભક્તિમાંથી સાચી ભક્તિનો તરંગ ઊછળી આવે છે. એમ, ગીતાર્થ ગુરુ દીક્ષાર્થીના સમ્યક્ત્વનો આરોપ કરીને એને ચારિત્ર આપે છે તથા બરાબર પળાવે છે તો એથી શિષ્યમાં સાચું ભાવસમ્યક્ત્વ અને ભાવચારિત્ર પ્રગટ થાય છે. એટલે હવે આ વાત આવીને ઊભી રહે છે કે ચારિત્ર, વિરતિ, વ્રતનિયમનું પાલન કરતાં કરતાં પણ સમ્યક્ત્વ આવે, ત્યાં અનંતાનુબંધી કષાય દબાય; તેમ સાચો ચારિત્રભાવ આવે ત્યાં અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણીય કષાય દબાય.

માટે જ આજના ભયંકર જડવાદી, વિલાસવાદી અને નવનવી વૈજ્ઞાનિક શોધો-સગવડોના કાળમાં સાચું સમ્યગ્દર્શન પ્રગટ કરવા અને ટકાવવા પવિત્ર આચારો અને વ્રતનિયમોનું પાલન બહુ જરૂરી છે. આ જો ન રાખવામાં આવે અને માત્ર મન માનવામાં આવે કે મારામાં સમ્યક્ત્વ છે, ધર્મશ્રદ્ધા છે, તો ભૂલા પડવાનું થાય; કેમ કે આજનાં આકર્ષણો એવાં વિલક્ષણ કોટિનાં છે, આજનાં છાપાં શું, રેડિયો ગીત-સમાચાર શું, પલટાયેલી સામાજિક રીતભાત શું, બધા એટલાં ભારે વિલક્ષણ છે કે અંતરના ભાવને રંગી નાખે, એવા અનંતાનુબંધીના રાગ-આકર્ષણ

ઊભા કરી દે કે ત્યાં ખરેખર ફાંફાં હોય. આ તો બરાબર સમજી જ રાખો કે અનંતાનુબંધીના રાગ એટલે કે નિર્ભીક રાગ, આંધળા નિર્વિચાર રાગ જીવંત હોય ત્યાં સમ્યક્ત્વ હોઈ શકે જ નહિ. એટલે એવા રાગને તોડવા માટે વિરાગ પોષક વાતાવરણ અને પ્રયત્નમાં બહુ રહેવું જોઈએ. સારા ધર્મ-આચાર અને વ્રતનિયમનો ખપ કરવો એ એવો પ્રયત્ન છે. એને આદરતા રહો તો અનંતાનુબંધી રાગ કપાવા અગર ઊભો ન થવાને અવકાશ છે.

**પ્ર.**- એમ તો આજે બાઈઓ ઘણાં ય વ્રતનિયમ કરે છે, પણ એ બધાના રાગ ક્યાં કપાયા હોય છે ?

ઉ.- તમે એના દિલને જોઈ શક્યા છો ?

**પ્ર.**- પણ એના જીવનના ઢંગ પરથી ખબર પડે ને ?

ઉ.- શી ખબર પડે ? એનામાં રાગ ભર્યો છે એ જ ને ? પરંતુ અનંતાનુબંધી દબાયા એટલે શું સમજો છો ? રાગ તદ્દન સાફ થઈ ગયા એમ ? અહીં જ ભૂલ થાય છે. અનંતાનુબંધીના રાગ દબાયાનો અર્થ દિલમાં હવે કોઈ રાગ જ ન રહ્યા એમ નહિ, પણ એનો અર્થ એ છે કે રાગને ધક્કો લાગ્યો, રાગમાં આંચકો આવ્યો, જીવને ગભરામણ થઈ કે 'આમાં મારું શું થશે ?' 'આ ઠીક નથી થતું. જેમણે રાગને અને રાગ કરાવનાર ભોગવૈભવને છોડ્યા એવા મહાપુરુષોને ધન્ય છે ! ધર્મ, વ્રત-નિયમ વગેરે કરતા રહીએ જેથી આપણે પણ ક્યારેક એ સ્થિતિએ પહોંચીએ'- આવી ઊર્મિ જાગે એ રાગને ધક્કો લાગ્યો ગણાય, અને ત્યાં અનંતાનુબંધી કોટિનો રાગ દબાયો ગણાય. શું અભણ પણ બાઈઓમાં આ ન આવે ? પછી ભલેને એ સંસારી જીવનમાં રાગની પ્રવૃત્તિઓ કરતી હોય, એને લક્ષ્મીની અને છૈયાંછોકરાંની માયા, મમતા હોય પરંતુ એના દિલની અંદર રાગને ધક્કો લાગ્યો હોય એમ બની શકે. હા, એ સંભવ છે કે કેટલાકને એવું ન પણ બન્યું હોય કે ન ય બને, કિન્તુ એનું કારણ ધર્મના આચાર અને વ્રત-નિયમની તાકાત નથી એમ નહિ, કિન્તુ લક્ષ્યની ખામી છે. આચારો અને વ્રતનિયમોનું પાલન કાં માત્ર પુણ્યના લોભથી થાય છે, અગર લોકદેખાડ માટે થાય છે તેથી પેલું પરિણામ નથી આવતું. **કંઈક પણ આત્માનો વિચાર હોય, તો જરૂર ધાર્મિક આચાર અને વ્રત-નિયમમાં આ તાકાત છે કે રાગને ધક્કો લગાડે.**

**સુદર્શનની વિશેષ વડાઈ :-**

એટલે પાછા અહીં આવીને ઊભા રહીએ છીએ વ્રતનિયમનો બહુ અભ્યાસ કરો; રાગનો આવેશ તોડવા, વીતરાગતાની તરફ ડગ માંડવા, સમ્યક્ત્વ પ્રગટ કરવા અને પ્રગટ થયું હોય તો એને સફળ કરવા વ્રતનિયમમાં આવ્યા વિના,



જીવનને વ્રતનિયમથી ભર્યું ભર્યું કર્યા વિના નહિ ચાલે. પૂર્વ પુરુષોએ એથી મહાન પ્રગતિ સાધી છે. સુદર્શન શેઠના જીવે પૂર્વભવમાં કેટલાક વ્રતનિયમનો અભ્યાસ કરેલો, તેથી સુદર્શનના ભવમાં જાણો છો ને કે કેટલી બધી આત્મશક્તિ વિકસી ઊઠી ? એકાંતમાં અભયા રાણીના ભારે હાવભાવ વગેરે છતાં બ્રહ્મચર્ય તો સો ટચનું શુદ્ધ પાળ્યું જ, પણ એથી ય મોટી વિશેષતા એ હતી કે આળ ચઢાવનારી અભયાને સજામાં નિમિત્ત ન થવા માટે વસ્તુસ્થિતિ અંગે મૌન રાખી જાતે શૂળીની સજા વધાવી લીધી ! કેટલું બધું સત્ત્વ અને દુશ્મન પર પણ દયા ! પૂર્વના વ્રતનિયમનો એ પ્રભાવ હતો. એમાંથી અહીં ઘરબારી છતાં અનુચિત ભોગની વાત જ જીવનમાંથી કાઢી નાખી. ભોગની હૈયે લાગતી મીઠાશ કપાય તો આ સુલભ છે. રાગના આવેશને છોડવાથી ભોગનું આકર્ષણ ભોગની મીઠાશ કપાય.

**ભોગની મીઠાશ ઘટાડો :-**

ભોગવવાના પદાર્થો એક સાથે ન છોડ્યા પણ ક્રમસર ઓછા કરવાનો અભ્યાસ તો પડાય ને ? ભોગ પર થોડો ઘણો પણ અંકુશ ન મુકાય તો ભોગમાં જે કડવાશ લાવવી છે તે આવે ક્યારે ? ધારો કે દૂધ પીવા બેઠા, એમાં જરા ખાંડ ઓછી હોય, તે ચલાવી લેવાય તો અભ્યાસ પડે; એમ ખાંડ ઓછી ઓછી કરાય તો સારો અભ્યાસ પડવાથી અવસરે મોળું દૂધ પણ ગળે ઊતરે. પણ જો ખાંડ ઓછી જરાય ન નભાવાય તો એને કોક દિવસે સાવ મોળું દૂધ આગળ ધરો, તાકાત છે કે એ ભાઈસાહેબને મુખે વિકાર ન થાય ? તરત સંભળાવે; 'દૂધ આટલું મોળું ? ભાન ક્યાં હતું ?' પણ સામેથી જો જવાબ આપી દે કે, 'એમ તો એક જ દિવસ ભાન ગુમાવ્યું પણ તમે સો દિવસ ગુમાવ્યું હતું માટે જાગ્રત થવા મોળું મળ્યું એમ સમજો.'

**આટલા માટે જ ભોગોપભોગ પરિમાણ વ્રત છે :-**

સામાન્ય નિયમ આ છે કે ભોગ વધે તેમ મીઠાશ વધે, ઘટે તેમ ઘટે, ભોગની મીઠાશ ઓછી કરવી એ વિરતિના માર્ગથી બને. વિરતિના માર્ગથી, અભ્યાસથી વિષયો પર અરુચિ વધતાં, અનંતાનુબંધી રાગ તૂટે. ને તત્ત્વ પર રુચિ જાગ્રત થતાં સમકિત આવે. સમકિત લાવવા માટે જપમાળાથી કે સમકિતની નોકારવાળીથી સમકિત નહિ આવે. ભોગની મીઠાશની કંપ ન આવે ત્યાં સુધી સમકિત ન આવે. એ કેમ બને ? મોળું દૂધ મળ્યું. જો નિયમ ન હોય તો તો ખાંડ લઈને જ ગટગટાવશે; નિયમ હોય કે 'ઉપર ખાંડ ન લેવી,' તો અટકે. આ વિરતિ દુનિયાના ભોગ્ય ઉપભોગ્ય તમામ પદાર્થો વપરાતા નથી તો પરિમાણ કરી અવિરતિના પાપને કેમ ન રોકવું ? ભોગોપભોગનું પ્રમાણ ઘટાડવા જિંદગી માટે

ઉપરાંત તેમાંય ચૌદ નિયમ રોજ સંકોચવા-કરવા, એ રીતે ભોગની મીઠાશ ઘટાડવા તથા વિના ભોગે લાગતા અવિરતિના પાપને અટકાવવા શ્રાવકના બાર વ્રતમાં સાતમું ભોગોપભોગ પરિમાણ નામનું વ્રત છે.

**એક જ અન્ન, એક જ વિગઈ, એક જ શાક : આ નિયમપાલનનું અદ્ભુત પરિણામ.** એક જ વાર જે ચીજ ભોગવાય તેનો ભોગવટો તે ભોગ, ફરી ફરીને ભોગવી શકાતી ચીજનો ભોગવટો તે ઉપભોગ. સાતમા વ્રતમાં એનું પરિમાણ કરવાનું છે. આવા પરિમાણનાં મીઠાં ફલ માટે એક કથાનક કહ્યું હતું, ફરી યાદ કરો. પેલા ભીખ માગનારાએ મુનિ પાસે જિંદગીભર માટે, એક જ અનાજ, એક જ વિગઈ, એક જ શાક રાખી, બાકીના તમામના ત્યાગનો નિયમ કર્યો હતો પુણ્યોદયે કરોડપતિ થયો, છતાં પછી જિંદગીભર એ નિયમ એવો આનંદથી પાળ્યો કે, ત્યાંથી મરી જે નગરમાં એ જન્મ્યો (એક શેઠને ત્યાં) તે નગરમાં બાર વર્ષની દુકાળી પડવાની નિમિત્તિયાએ જે આગાહી કરી હતી, એ દુકાળી પડવાની હતી તે ઊડી ગઈ, આ મહાત્માના જન્મથી એવો વરસાદ થયો કે સુકાળ સુકાળ થઈ ગયો. જ્ઞાની દ્વારા ખબર થતાં, (ખબર પડી ત્યારે) રાજા જાતે એ બાળક પાસે આવ્યો, એને રાજસિંહાસને બેસાડ્યો, પોતે છત્ર ધર્યું, 'રાજા આ ! પ્રજાનો આ સાચો રક્ષણહાર છે, ધર્માત્મા છે. હું તો માત્ર તંત્ર ચલાવનાર છું' જે વખતે પ્રજા આબાદ થાય, બરબાદ ન થાય તે આબાદી લોકોને વિષયોમાં બેભાન બનાવનારી સામગ્રી અપાય, ધર્મની સામગ્રી ઝૂંટવી લેવાય, તે આબાદી છે ? આબાદીમાં ધર્મ રસ્તો (સહેલો) થવો જોઈએ. આજે તો સાચું બોલવું, નીતિ પાળવી વગેરે સામાન્ય ધર્મ પણ મોંઘો થઈ ગયો છે. હવે તો ગાજરનો લોટ ભેળવીને અનાજ આપવાનું છે ! જે તંત્રમાં પાપ સસ્તું, ધર્મ મોંઘો એ તંત્ર આશીર્વાદ રૂપ કે શ્રાપરૂપ ? પેલા રાજાએ બાલકને 'ધર્મનૃપ' જાહેર કરી એના નામે રાજ્ય કર્યું.

**ભોગને અમુક અંશે લાત મારનાર, નોકરમાંથી નંદિષેણ થયો.**

**શ્રેણિક રાજાના પુત્ર નંદિષેણ,** નંદિષેણ શાથી થયા ? એ જીવ પૂર્વભવમાં એક બ્રાહ્મણને ત્યાં નોકર હતો. પોતે ધર્મે જૈન હતો જ્યારે નોકરી રહેવા ગયો ત્યારે કામ તથા પગારની વાત તો થાય જ ને ! કામમાં તો, બ્રાહ્મણે પોતાને ત્યાં થતા યજ્ઞ પ્રસંગે કામકાજ સંભાળવાનું, દેખરેખ રાખવાનું બતાવ્યું. બ્રાહ્મણે પગારમાં ભોજન પતી ગયા પછી જે રસોઈ વધે તે આપવાની. બ્રાહ્મણે એ શરતે એને રાખ્યો. એ નોકર શ્રાવક ધર્મનો હોઈ એને નિર્ગ્રંથ ત્યાગી પર આસ્થા હતી. વિચાર કર્યો, 'મારે કેટલું ખાવું ? અથવા પૈસા ઉપજાવીને શું કરવું છે ? સુપાત્રદાન દઉં' માણસને સવારથી સાંજ સુધી શું, કેટલું જોઈએ ? ચાર ચીથરા, સવા શેરની



થાળી, સાડાત્રણ હાથની જગા. જીવનના છેલ્લા શ્વાસ સુધી જેટલી માયા પંપાળી, એ તો સાથે આવશે નહિ, પણ બંધન વધ્યું. આણે તો જે અન્ન (રસોઈનું) મળતું તેનું તેણે શું કર્યું ? વેચીને ધારત તો પૈસા ભેગા (પેદા) કરી શકત, તેણે એમ ન કર્યું, સુપાત્ર દાન, તથા દાન (અનુકંપા) દેવા માંડ્યું. વધેલા અન્નથી, કે જે પોતાના હકનું હતું, ગામમાંથી સાધુઓને ગોચરી લાવી કહે છે, 'આ આપના માટે થયેલું નથી. ફાસુ છે' ભક્તિથી વહોરાવ્યું તદુપરાંત દીનદુઃખીને યાચકને આપ્યું. પેલાએ એના દાન મુજબ પુણ્ય બાંધ્યું, આણે સુપાત્ર દાનનું પુણ્ય ઉપાર્જ્યું. જે નોકર હતો તે થયો નંદિષેણ અને પેલો બ્રાહ્મણ તે એ નંદિષણનો સેચનક નામનો હાથી થયો. ફળમાં કેટલું અંતર ? આ નોકરે શું કર્યું હતું ? ભોગને અમુક અંશે લાત મારી.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૧૭,તા.૨૬-૧-૧૯૬૩

**અઢળક પાપોનો ત્યાગ**

ભોગોપભોગ-પરિમાણ વ્રતના પાલનથી સદ્ગતિ થાય, પરલોકમાં સારાં સુખો, સામગ્રી મળે અને આ લોકમાં સુખે સમાધિએ જીવાય. જેણે એ નથી કર્યું તેની હાયવોયનો પાર નથી. આર્યદેશમાં ભોજન કથા એ ગલીચ ગણાય છે. આજે ઘઉં નથી, કાલે ચોખા નથી, આજે આનો દુકાળ, કાલે બીજી ચીજનો દુકાળ ! આ શાથી ? આ બધી અકળામણ તેને થાય, જેને ભોગોપભોગ-પરિમાણ વ્રત નથી. જીવનમાં ખાવાપીવાની વગેરે ચીજો ઘણી છે, જો વિરતિ ન કરે તો તમામની અવિરતિનું પાપ વિના ખાધે, વિના પીધે, વિના પહેર્યે-ઓઢ્યે લાગ્યા કરે. ચૌદ નિયમમાં ભલે પાંચ વનસ્પતિ રાખી તેનાથી વધારે નહિ; એટલે પાંચ વિનાના તમામ જીવોને બાર કલાક અભયદાન આપ્યું, પણ કોણ પાંચ ? ભોગપભોગમાં જિંદગી માટે નામ સાથે જોઈતી ચીજોનું પરિમાણ નક્કી કરી વ્રત લેવાય. 'આટલી જ વનસ્પતિ ઉપરાંત બધીનો ત્યાગ,' પછી બાકીની તમામ વનસ્પતિને અભયદાન મળી ગયું. જોઈતી સોપચાસ ચીજોનું લિસ્ટ કરી, બાકીની તમામ ચીજો ત્યાગ એવો નિયમ લેવો તે આ વ્રતમાં આવે. એમાંથી રાગ-આસક્તિ પર અંકુશ આવે. બધી વનસ્પતિ ખવાતી નથી, આ આ સિવાયની બાકીની વનસ્પતિનો ત્યાગ, પછી બાકીની વનસ્પતિના પાપનો લગવાડ નહિ હોય. કંદમૂળનો, અભક્ષ્ય-પદાર્થોનો, વિકારી પદાર્થોનો ત્યાગ કરે, આવી ઘણી બાબતો છે. જીવનભરને માટે આવા નિયમથી અઢળક પાપોથી બચાય છે. ચૌદ નિયમથી આ પરિમાણમાં ય સંકેલવાનું

હોય છે. પૂર્વ પુણ્યથી મનુષ્ય જીવન મળ્યું, હવે ભોગ-ઉપભોગ પર કંઈ પણ અંકુશ નહિ મુકાય તો ડૂબી જવાશે.

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે સિદ્ધિપુરીએ જવાનો રાજમાર્ગ સર્વવિરતિ છે. એ માર્ગે ન ચઢી શકનારા માટે દેશવિરતિનો પેટામાર્ગ છે; પેટામાર્ગ એટલે ? સિદ્ધિપુરીએ સીધું જવાય તે તો રાજમાર્ગ સર્વવિરતિથી જ; પરંતુ એકદમ એ માર્ગે ન જઈ શકે તેને એ માટે કેળવવા સારુ પહેલાં દેશવિરતિની હળવી સાધના છે. એનો અભ્યાસ કરતાં કરતાં આત્મામાં સંયમનો સ્વાદ ઊભો થાય છે, સંયમનું સામર્થ્ય વધતું આવે છે. પૂર્ણ સંયમની, સંપૂર્ણ વિરતિની આડે નડતાં મોહનીય અને વીર્યાંતરાય કર્મ તૂટતાં આવે છે.

**વિરતિ એટલે** પાપથી વિરામ પામવું, પ્રતિજ્ઞાબદ્ધ પાછા હટવું. આ આત્માની એક તાકાત છે; પરંતુ એને આવનારાં કર્મ ઉદયમાં હોય ત્યાં સુધી જીવ એના બદલે પાપને બંધાયેલો રહે છે. હિંસાદિ પાપ કદાચ ક્રિયાથી ન કરતા હોય તોય એને મનમાં એની અપેક્ષા ઊભી રહે છે. 'હમણાં નહિ તો પણ પછી મારે એ કરવું પડે.' આ અપેક્ષા હોવાને લીધે પ્રતિજ્ઞા સાથે એનો ત્યાગ કરવાની હામ નથી, મનના તેવા પરિણામ નથી. ધર્મશાસન પામ્યો હોય, અને હૈયે જચ્યું પણ હોય કે 'આ પાપ છે અને તે આત્માનું અહિત કરનાર છે માટે કરવાજોગું નહિ,' આવી અટલ શ્રદ્ધા હોય પરંતુ મોહનીય કર્મ એવાં ધિટ્ઠાં છે કે એ પાપનો સંબંધ, પાપની અપેક્ષા ન તોડવા દે, વિરતિ ન આવવા દે. પાપની અપેક્ષા કેવું ચિટક્યું પાપ છે !

**આ વિરતિ સંપૂર્ણ લાવવા માટે** પહેલાં થોડી થોડી વિરતિનો અભ્યાસ કરવાની જરૂર છે. એનું નામ દેશવિરતિ, અંશે વિરતિ; અને તે તો પાપની સાચી ઓળખાણ થયા પછી ઓછે વધતે અંશે થઈ શકે છે. પાપને ભયંકર તરીકે, આત્માના દુશ્મન તરીકે ઓળખ્યા એટલે મનથી રહેવાય જ નહિ, 'કેમ એનો છેડો છોડું, કેમ પાપ વિનાનું પવિત્ર જીવન જીવું,' એવી ઝંખના જાગે જ. 'નોકર હરામી છે, વિશ્વાસ મૂકવા લાયક નથી,'- એવી જાણ થયા પછી ઝંખના રહે છે કે આને હવે કેમ કાઢું ? બસ એ રીતે પાપને નિર્ધાર સાથે કાઢવાની તાલાવેલી હોય. આ હોય એટલે સહેજે પછી સર્વથા નહિ તો જેટલા પ્રમાણમાં, જે ભાગમાં, એનો ત્યાગ શક્ય હોય તેટલા અંશે એ કર્યા વિના રહેવાય નહિ. ગુરુ મહારાજ આગળ અને એ સંયોગ ન હોય તો મંદિરમાં પ્રભુ પાસે એટલા પ્રમાણમાં પાપત્યાગની બાધા લઈ લેવાય. આવા ત્યાગમાં જેમ અંશે હિંસાનો ત્યાગ, અસત્યનો ત્યાગ...વગેરે છે, એમ ભોગોપભોગનું પરિમાણ કરવાનું વ્રત છે. આ વ્રત જીવનને સંયમની સુંદર તાલીમ આપે છે.



**ત્યાગ માટે મનને સમજૂતી :-**

ધ્યાન રાખજો કે અનાદિ કાળનો જીવનો અભ્યાસ ભોગના છકમૂછકા ઉડાવવાનો છે, તેથી મન એમાં તો સહેજે સહેજે દોડવાનું. એમાંથી પાછું વાળવું હોય તો એ પહેલે તબક્કે સહેલાઈથી નહિ બને, મન આનાકાની કરશે, પરંતુ આ ઇન્દ્રિયોના વિષયોને ભગવાન જિનેશ્વરદેવનાં વચનથી હળાહળ વિષ જેવા જાણ્યા છે, એટલે પેલા લાલચુ મનને પરાણે જોડવું પડશે. 'ચાલ, આટલું કરવામાં કાંઈ કઠિન નથી, કરી લે, મહા લાભ છે. આમે ય પુણ્યના અભાવે ન મળે તો ચલવી લે છે ને ? તિર્યંચના અવતારે ઘણુંય ચલાવ્યું છે, શું મળતું હતું ત્યાં ? તો અહીં પુણ્યાઈ છે, મનમાન્યું મળી રહે છે, માટે જ તાનામાના સૂઝે છે ને ? બસ, હવે એમાં ઓછું કર. મળે છે છતાં જોઈતું નથી; પાસે છે છતાં ભોગવવું નથી. ત્યાગ કરવો જ છે. ત્યાગ નહિ કર્યો તો નિરંકુશ ભોગલાલસામાં અહીંય રોગોનો ભોગ બનીશ અને પરલોકમાં તો અનેક ત્રાસ-વિટંબણાનો ભોગ બની જવાનો ! ડૂચા નીકળી જશે. મનને આ સમજૂતી કરી શક્ય એટલી ભોગ-ઉપભોગની મર્યાદા બાધી એનું વ્રત કરી લેવું જોઈએ.'

**ભોગોમાં કડવાશ કેમ આવે ? :-**

આ ભોગોપભોગનું પરિમાણ જેટલા પ્રમાણમાં કરાય એટલા પ્રમાણમાં, એનો અભ્યાસ વધતાં ભોગની મીઠાશ ઊડે, અને ત્યાગનો, સંયમનો સ્વાદ આવે. એક પ્રકારની ભોગની કડવાશ ઊભી થાય. આ એકદમ નહિ બને, અભ્યાસથી બનશે; કેમ કે ત્યાગ કર્યો છતાં પહેલપહેલાં તો એ વસ્તુ જોતાં એની મીઠાશનું સ્મરણ થાય છે, મન એમાં ઉપરનું સુંદરપણું દેખે છે. પરંતુ જ્યારે ત્યાગનો લાંબા ગાળાનો અભ્યાસ થાય છે, ત્યારે એ વસ્તુ પ્રત્યે એક સહજ અરુચિ ઊભી થાય છે, ત્યાં એની ઉપલક સુંદરતાને બદલે ભીતરની ભયાનકતા ઝટ નજર સામે તરવરે છે, 'એના ક્ષણિક આનંદમાં કાંઈ જ તત્ત્વ નથી' એવો અનુભવસિદ્ધ નિર્ણય થાય છે. (૧) સમ્યક્ત્વથી તો જ્ઞાનીના વચનના અનુસારે અને (૨) જગતમાં એનાં કારમાં પરિણામ જોવા હિસાબે શ્રદ્ધાના ઘરનો નિર્ણય થયો હતો, પરંતુ વ્રતના દીર્ઘ પાલનથી અનુભવસિદ્ધ નિર્ણય ઊભો થાય છે. એનું જ નામ હવે ભોગમાં કડવાશનો અનુભવ થવાનું ગણાય.

**કડવાશનાં દૃષ્ટાન્ત :-**

ભોગમાં કડવાશનો અનુભવ એ શબ્દથી કે દલીલથી સમજાય એવી વસ્તુ નથી, એ માટે લાંબો કાળ વ્રતનું ઠીક ઠીક પાલન જોઈએ, એનાથી એ અનુભવનું સંવેદન થાય છે. વર્ષો સુધી મીઠાઈનો ત્યાગ કરનારને મીઠાઈના ભોગમાં કડવાશનો

અનુભવ થાય છે; મન સહેજે કહે છે, 'મીઠાઈ ? જવા દે એની વાત, એમાં કાંઈ માલ નથી, હવે તો જીભ જાણે એમાં બેસ્વાદ દેખે છે.' આવા અનેક વિષયોના સંબંધમાં અનુભવ થાય છે.

મુલાયમ ગદેલાને ત્યાગ કરી સંથારે સૂવાના દીર્ઘ અભ્યાસ પછી પેલા ત્યાગનો સ્વાદ આવે છે, એટલે એ ગદેલા તરફ અભાવ જાગે છે.

વ્યસનના ત્યાગના લાંબા અભ્યાસે હવે વ્યસન તરફ ખરેખરી સૂગ ચઢે છે.

ઠેઠ ચારિત્ર માટે પણ શાસ્ત્રે કહ્યું કે એક માસનો ચારિત્રપર્યાય પાળે એટલે વ્યંતરદેવની લેશ્યાને લંઘે એવી શુભ લેશ્યાનો અનુભવ થાય છે. શુભ લેશ્યા એટલે ચિત્તનું પ્રશમ-સુખ અર્થાત્ ત્યાગનો સ્વાદ, સંયમનો સ્વાદ ! તે દીક્ષા લેતા-બરાબર ન કહ્યો પણ એક માસના પાલન પછી કહ્યો. યાવત્ બાર મહિનાના ચારિત્ર-અભ્યાસે અનુત્તરવાસી દેવના સુખને લંઘી જાય એવું પ્રશમસુખ યાને સંયમસુખનો સ્વાદ પ્રગટે છે.

**ક્રમશઃ વધતાં અનાસક્તભાવ :-**

સારાંશ, સમ્યક્ત્વથી તો શ્રદ્ધામાત્ર થઈ કે 'સાચું સુખ ત્યાગમાં છે, ભોગમાં નહિ,' પરંતુ એ સુખના સ્વાદનો અનુભવ તો ત્યાગની પ્રતિજ્ઞા-વ્રત-નિયમના અભ્યાસથી જાગી શકે છે. ત્યાં પછી ભોગની મીઠાશ ઊડે અને કડવાશનું સંવેદન થાય. જેમ વધુ ને વધુ વ્રતો લેવાય, અને વધારે કાળ સેવાય, તેમ એ વિરતિનો, એ ત્યાગનો, સંયમનો સ્વાદ વધે; ને ભોગની આસક્તિ ખત્મ થતી આવે. તે ઊંચી કક્ષાએ તદ્દન અનાસક્તભાવ જાગે; સંયમનો અદ્ભુત આત્માનંદ આવે.

**ભોગોપભોગ પરિમાણ વ્રતના લાભ :-**

આ અનુભવ ચાહતા હો તો ભોગ-ઉપભોગનું પરિમાણ કરો, માપ કરો, ફજુલ બિનજરૂરી અને નિવારવા શક્યનો ત્યાગ કરો, વ્રત લો. પહેલો લાભ આ થશે કે ભોગોપભોગની ઝંખનામાં જીવ એનાં સાધનો પાછળ દોડાદોડ કરી તન-મન બેયને વિહ્વળ, વ્યાકુળ અને શ્રમિત કરતો હતો તે હવે બંધ પડશે. બીજું, એથી જ નકામા હિંસા-આરંભસમારંભ, અસત્ય, અનીતિ આદિ પાપો પણ ઓછાં થશે. એટલે પાંચ અણુવ્રતોની ઝળકનો અનુભવ, સ્વાદ આપશે. ભોગોપભોગ વ્રત એક સુંદર સાધન છે.

**પ્ર.-ભોગોપભોગ-પરિમાણના વ્રતથી અણુવ્રતોની ઝળક કેવી રીતે ?**

ઉ.- આ સમજવા એક દાખલો જુઓ, એક માણસે ભોગોપભોગ - પરિમાણ નથી કર્યું, એ જમવા માટે ભાણા પર બેઠો; ભાણામાં પંદર ચીજ પીરસાઈ. એને પેલું વ્રત નહિ હોવાથી ભોગની મીઠાશ, ભોગની આસક્તિ પજવે છે. એટલે એને



એમ થાય છે કે 'આ ચીજ કરી પણ જો આની સાથે અમુક વસ્તુ હોત તો રંગ ઓર જામત !' અવસર હોય તો રસોઈ કરનારને કહે છે 'તમે બનાવ્યું તો બહુ, ને વળી ઉમદા, પરંતુ જો આની સાથે અમુક બનાવ્યું હોત તો તો બરાબર મેળ જામત ! આ વડાં જો દહીમાં નાખ્યાં હોત તો તો કોઈ ઓર સ્વાદ આવત !' કદાચ કહેવું શોભે એમ નહિ હોય તો પણ મનમાં લોચા વાળશે,- 'દાળમાં કોથમીરની ખામી રહી ગઈ ! ચટણી વિના બધું ધૂળ ! ભીંડાના તો સંભારિયા જોઈએ'...આ બધું શું કરી રહ્યો છે ? ભોગની મીઠાશ હૈયે વ્યાપી ગઈ છે તેથી અધિક અધિક વિષયોને તો ઝંખી જ રહ્યો છે, ખોટું આર્તધ્યાન તો કરી જ રહ્યો છે, ઉપરાંત 'આમ બનાવવું જોઈએ, તેમ બનાવવું જોઈએ.' એ વિચારણામાં ગર્ભિત રીતે આરંભ-સમારંભ-હિંસાની પણ વિચારણા લહેજતથી કરી રહ્યો છે. બનવાનું એટલે અગ્નિનો આરંભ, કોથમીર-ભીંડા એટલે વનસ્પતિનો આરંભ... શ્રાવકને વનસ્પતિ વગેરે સ્થાવરકાય જીવોની હિંસાના પચ્ચક્ખાણ નથી એનો એ અર્થ નથી કે એનો ઉપયોગ માપ વિના કરે, પાણી ગમે તટેલું ઢોળે, નદી-સરોવર ડહોળે, ચૂલા નકામા સળગતા રાખે. તેમ એ પણ અર્થ નથી કે એના આરંભ-સમારંભના વિચાર હિસાબ વિનાના કરે. શ્રાવકને ત્રસકાયની રક્ષા અને સ્થાવરકાયની જતના કહી છે. જતનાનો અર્થ જયણા, ખપ પૂરતો જ ઉપયોગ, તે પણ સાવધાનીથી; જાગૃતિ-પૂર્વક ભાણે બેઠા હવે જે બનવાનું નથી, એના આરંભ-સમારંભના વિચાર કરવામાં જાગૃતિ ક્યાં રહી ? પણ આ વિચારો કોણ કરાવે છે ? ભોગની મીઠાશ છે એ; ભોગપભોગનું પરિમાણ નથી એ, એનું વ્રત હોત તો નવાની વિચારણા શું, પણ પંદરમાંથી થોડી ચીજ કાઢી નાખવાની વાત હોત; કેમ કે આખા દિવસમાં વીસ ચીજ કે બાર ચીજનું માપ રાખ્યું હતું, અગર એક ભાણે દસથી વધુ વસ્તુ લેવાનો નિયમ હતો. આમ એ ફોગટિયા આરંભ સમારંભના વિચારથી બચી જાય છે.

**ગુણવ્રત શો ગુણ કરે છે ? :-**

માટે તો ભોગોપભોગ પરિમાણ વ્રતને ગુણવ્રત કહેવામાં આવે છે. સ્થૂલ અહિંસાદિના વ્રત એ અણુવ્રત; એને ગુણ કરે તે ગુણવ્રત, ભોગ-ઉપભોગનું માપ કરી દેવાથી એથી અધિક અંગેના આરંભ-સમારંભથી બચી જવાય એ અહિંસાવ્રતને ગુણ થયો.

એમ, ધારો કે બીજું સત્યવ્રત અમુક મર્યાદાનું રાખ્યું છે, છતાં એનો એ અર્થ નથી કે બાકીના સામાન્ય વિશેષ પ્રસંગોમાં ગમે તેટલું જૂઠ બોલવાની છૂટ ! એમાંય સાવધાની તો રાખવી જ જોઈએ. હવે જુઓ કે ભોગોપભોગ પરિમાણનું

વ્રત નથી, તો ભોગની આસક્તિમાં ક્યારેક જૂઠનો પણ વિચાર કરી બેસશે, કદાચ અસત્ય બોલી ય નાખશે. એવો સંભવ છે. એવો અનીતિનો ય વિચાર ભોગની લંપટતામાં આવી જવો સંભવિત છે. મનને થશે કે 'આ બહુ નીતિ-નીતિમાં કમાઈ ઓછી, એટલે મનમાન્યા ભોગ નથી મળતા. અનીતિવાળા સુખી છે. ભોગોપભોગને વ્રતથી મર્યાદિત કર્યા હશે તો એવા પાપી વિચાર ન આવતાં ઊલટું એ સત્ય-નીતિના વ્રતની અનુમોદના-મક્કમતા થશે.'

એવું જ પરિગ્રહ-વ્રતને પણ પોષણ મળશે. પુણિયા શ્રાવકે ભોગ-ઉપભોગની વૃત્તિ ઉપર એટલો બધો કાપ મૂક્યો હતો કે એથી અતિ અલ્પ પરિગ્રહ અને અતિશય થોડા આરંભનો ધંધો રાખ્યો હતો. એ સંયમ અને સંતોષના લીધે એના સામાયિકનું ફળ ભગવાને પણ શ્રેણિકને આંકડાથી ન માપી આપ્યું.

**ભોગોપભોગ પરિમાણ-વ્રત નહિ તો નુકસાનો :-**

તાત્પર્ય, ભોગોપભોગનું પરિમાણ કરી લેવાથી, એના વ્રતમાં આવી જવાથી અહિંસાદિ વ્રતોને પુષ્ટિ મળે છે. વ્રત છે માટે ત્યાગ, સંયમન ને નિષ્પાપતાનું લક્ષ છે; એ ફજુલ પાપ વિચારણાઓથી બચાવી લે છે. જેને વ્રત નથી એનો તો મરો છે; નિરંકુશ મન તો નહિ-જેવી વાતમાં પણ પાપભરી વાણી બોલાવે છે, પાપભર્યા સંકલ્પ વિકલ્પ કરે છે. પોતાને શાક કેટલું જોઈએ ? થોડું, પણ ભોગોપભોગની છુટ્ટી વૃત્તિવાળો આખા ગામનું પાપ માથે લેશે ! કહે છે ને કે 'આજકાલ શાક સારાં નથી આવતાં.' એમાં શું વિચાર્યું ? શાક સારાં આવવાં જોઈએ, લોકો સારું ખાઈ શકે. આખા ગામને માટે સારા વનસ્પતિકાય જીવોનો આરંભ વિચાર્યો ! 'અરે ! મહાનુભાવ તું તારું વિચારને ! લોકો જીવ છે, તો પેલા ય જીવ છે; અને લોક કયું દુઃખી થઈ ગયું કે કયું એનું જીવન અટકી પડ્યું !'-આ કોણ સમજાવે ? ભોગોપભોગ પર અંકુશ નથી એટલે આરંભ-સમારંભ વગેરેની વિચારણા સુલભ બને છે.

એક આ હિંસાદિની વિચારણાનું પાપ, બીજું પોતાને મળતા ભોગમાં આસક્તિનું પાપ, એના પર પાછી એની કવિતા ગાવાનું પાપ, એના ટેસ્ટમાં ત્યાગ-તપનો સ્વાદ ન આવવાની ખામી, એથી પર્વના દિવસે કદાચ ત્યાગ કે તપસ્યા કરવી પડી તો રોતડવેડા...આવાં આવાં કેટલાંય નુકસાન ભોગોપભોગનું પરિમાણ ન કરવામાં છે.

**ભોગોપભોગનું માપ કરી લીધું હોય તો એ સમજે છે કે આમાં બે મુખ્ય દૃષ્ટિ છે,- એક તો, ઈન્દ્રિયોની સ્વચ્છંદતા ઉપર કાપ મૂકતા આવવું, અને બીજું જીવોની વિરાધનાભર્યા આરંભ-સમારંભથી બચાય એટલા બચવું.**

**વિરતિ સિપાઈ, અવિરતિ ગુંડો :-**



માનવ જીવનની આ બે મહાન આશીર્વાદભૂત દૃષ્ટિના લીધે કાયાથી કેટલાંય પાપ ઓછાં કરાય છે, અને મનથી કેટલીય પાપ વિચારણા અને આર્તધ્યાનથી બચી જવાય છે. પણ તે ભોગોપભોગ-પરિમાણનું વ્રત હશે તો જ સહેલું બનશે. એ વ્રત, જાણ્યે અજાણ્યે પાપચોરની પલ્લી જેવું વાતાવરણ ખડું થતાં, સિપાઈ તરીકે રક્ષણ આપે છે. સિપાઈ પાસે હોય તો એ ચોરને પડકાર કરે, 'ખબરદાર ! અહીં હાથ લગાડ્યો તો !' એમ વ્રત પણ પાપવિચાર અને પાપભાષણને અટકાવે,-'આ મગજમાં કે આ જીભ પર તું નહિ !' પણ સિપાઈને બદલે ગુંડો સાથે હોય તો ? તો શું ? તમને ચોરને જ હવાલે કરે; એ ચોરને સહાય કરે. અવિરતિ,-નિરંકુશ વૃત્તિ, કોઈ જાતનું બંધન-વ્રતનિયમ નહિ,-એ અવિરતિ, ગુંડા જેવી છે. પાપી વિચારો, તુચ્છ વિકલ્પો અને જીવ ઘાત-આરંભ સંબંધી બોલ-ચાલને સહેજે આત્મઘરમાં તાણી લાવે છે. વિષયો તરફ દોડવામાં જ્યાં વ્રતથી મન પર અંકુશ નહિ, ત્યાં પછી મન સંકલ્પ વિકલ્પ કરવામાં શું કામ બાકી રાખે ? વિરતિ અને અવિરતિમાં આટલો બધો ફરક છે ! એક સિપાઈ છે, બીજી ગુંડો છે. વિરતિસિપાઈ તો જેટલું છોડ્યું એના પાપથી તો બચાવે, ઉપરાંત બીજાય કેટલાય પાપી વાણી-વિચાર-વર્તાવથી બચાવે છે.

**વિરતિ કેટલું રક્ષણ કરે ? :-**

દાખલા તરીકે નિયમ કર્યો કે એક ભાણે દસ ચીજથી વધુ ન ખાવી, પછી ભલે જુદા જુદા સમયે ફરતા ફરતી વસ્તુ આવે; પરંતુ આ નિયમ હોવાથી ક્યાંક જમવા ગયા અને ત્યાં પચાસ ચીજ હશે, તો ય દસથી પતાવી બાકીનો ત્યાગ થશે, એટલું જ નહિ એના અંગે વિકથા-કૂથલી-નિંદા પ્રશંસા કરવાથી પણ પાછા હટાશે ! કેમ કે વ્રતનું લક્ષ પાપથી બચવાનું ખ્યાલમાં છે. બહાર એની છાપ પણ સારી પડશે, પરંતુ જો કોઈ નિયમ જ નથી તો ભલે થોડી થોડી પણ પચાસે લેવામાંથી શું કામ બાકી રાખવાનો ? પેલાને ચાલીશથી બચાવ છે, આને એકેથી ય નહિ ! ત્યારે શું એમ માનો છો કે,

**પ્ર.-** પણ વ્રત હોય તો ટેસ રહી જાય ને ? જીવ્યા કરતાં જોયું ભલું !

**ઉ.- ના, જોયું ભલું નહિ; જગતનું બહુ જોવામાં તો રોવાનું છે.** એક ઠેકાણે બહુ જોશો, પછી બીજે ઠેકાણે એવું નહિ મળે ત્યાં રોદણાં આવશે, નિસાસો પડશે, રોષ થશે. હલકા બોલ બોલાશે...આવાં કેટલાંય અનિચ્છનીય કાર્ય થશે. આજે જુઓ હોટેલના સ્વાદિયાઓને ઘરે રસોઈ નથી ભાવતી, ઘરની ચાહ કન્ડેમ (Condemned) લાગે છે. પછી ઘરે કંકાસ કરે છે. ઘરવાળાને ઉતારી પાડે છે, ટોણાં મારે, અથવા 'ભૂખ નથી' નો ચાળો, માયા કરે છે, બહાર રકમ પૈસા ખરચી

નકલી વસ્તુ ખાય-પીએ છે. એટલા પૈસાનાં ઘી-દૂધ ન જાતે ખાશે ! કે ન કુટુંબને ખવરાવશે ! બહાર જઈને પૈસા હોમશે ! શરીર બગાડશે, એની પાછળ દવાદારૂમાં કેટલાય પૈસા ખુવાર કરશે ! એ ટેસ, એ મંદવાડમાં શ્રાવકના આચાર, શ્રાવકનો ધર્મ ભૂલશે ! પાછો બીજાને પણ પોતાના દૃષ્ટાન્તથી અને કદાચ પ્રેરણાથી પણ એમાં ઘસડશે ! સરવાળો કરો આ બધાં નુકસાનોનો ! હૈયામાં શોચો તો ત્રાસ થશે. જગતનું બહુ જોવામાં તો રોવાનું છે, **જીવ્યા કરતાં જોયું ભલું નહિ, ભૂંડું !** માટે ટેસ ઓછા થાય તેમ સારું.

**જીભની ચળ ગોઝારી છે,** એને બહુ પોષવા જેવી નથી. અનંતા કાળ પોષી ! માટે તો આ જન્મ-જરા-મરણ, રોગ-શોકથી ભરેલા દુઃખદ સંસારમાં ભમી રહ્યા છીએ, નરક-નિગોદ વગેરેનાં અનંતાં દુઃખ અનંતીવાર વેઠ્યાં ! કેમ કે ઇન્દ્રિયોની ખણજ પોષાયે જશે તો એ મહાન દુર્ઘટના થશે ! કેમ કે છતે ઊંચા આલંબને આ કરવું એમાં હૈયું ખૂબ ધિટ્ઠું નિષ્ઠુર (નઠોર થશે, અને એની આત્મામાં બંધાયેલી ગાંઠ પછી તો છોડવી મુશ્કેલ મહામુશ્કેલ બનશે !)

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૧૮,તા.૨-૨-૧૯૬૩**

**શાસન સમજવા અંદર જાઓ :-**

**ઇન્દ્રિયોના ટેસમાં પોતાનો આત્મા જ સરાસર ભુલાઈ જાય છે !** જડને તાનામાના કરાવવા હોય ત્યાં ચેતનનું શે વિચારાય ? ભોગોની મીઠાશ જ લેવી હોય ત્યાં ત્યાગની મીઠાશ લેવાનું સ્વપ્ને ય ક્યાંથી સ્ફુરે ? જૈન શાસનને સમજો, જિનેશ્વરદેવના કલ્યાણ આદેશને સમજો-વિચારો, તો આ જીવનમાં આત્મહિતકારી કેટલીય વિચારણા કરવાની છે. પણ એ કરવા માટે બહારમાંથી અંદર જવું જોઈએ; ઇન્દ્રિયોને બહુ મહલાવવા અને એની બહુ કાળજી કરવા કરતાં પોતાના અનંત અનંત કાળના દુઃખી આત્માની સંભાળ બહુ લેવાની છે. એ આત્મચિંતા માટે આ સૂત્ર ગોખી રાખવાનું કે,-

જેટલા પ્રમાણમાં ઇન્દ્રિયોને અનુકૂળ વિષયોમાંથી રોકીશ, એટલા પ્રમાણમાં આત્માનું બળ વધશે, પુણ્ય વધશે, અને પાપથી બચાશે. અનુકૂળ વિષયો હાથમાં છે, છતાં છોડીશ એમાં મહાન સત્ત્વ પ્રગટ થશે, મહાપુણ્ય ઊભું થશે.

એવું જ જેટલા પ્રમાણમાં રાગ, આસક્તિ, મમતા, તૃષ્ણા, દ્વેષ, ગુસ્સો, મદમાયા વગેરેને, પ્રસંગ છતાં પણ, નહિ કરાય, એટલું એટલું આત્મબળ વધશે, પુણ્ય વધશે, પાપથી બચાશે.



આ લાભ ભલે પ્રત્યક્ષ ન દેખાય, કેમ કે એ આંતરિક છે, અતીન્દ્રિય છે, છતાં એ સર્વજ્ઞ ભગવાને કહેલા છે, અને તર્કથી સમજી શકાય એવા છે. માટે એના પર જોરદાર શ્રદ્ધા રાખી એ માર્ગે માત્ર ચાલવાનું નહિ, દોડવાનું. પ્રત્યક્ષ દેખાતા ટેસના લાભ તો ક્ષણિક છે, હમણાં તૃપ્તિ ને હમણાં પાછી ભૂખ ! ઝંખના ! વળી એ અનેક વિટંબણા, ગુલામી ને પાપાચરણથી ભરેલા છે ! માનવજીવનની મોંઘેરી બુદ્ધિ શક્તિને નિષ્ફળ, બરબાદ કરનારા છે ! ઇન્દ્રિયોની નિરંકુશ રખડપટ્ટી અને વિષયોના યથેચ્છ ભોગોપભોગ એ તો ઢોરની બુદ્ધિને છાજે, માનવ બુદ્ધિને નહિ, કે જૈનની બુદ્ધિને નહિ.

**માટે જ આના પર કાપ લાવવા** ભોગોપભોગ પરિમાણ અને બીજાં વ્રતોમાં આવો. વ્રત એ સિપાઈ છે, પાપચોરોની પલ્લીમાં પાપના વળગાડથી બચાવનાર છે. અવિરતિ, છુટ્ટાપણું એ ગુંડો છે, પાપને હવાલે કરનાર છે.

**વિચારણીય પ્રશ્નો :-**

**વિચારજો વ્રતનિયમ એ સિપાઈ લાગે છે કે ગુંડો ?** રક્ષણ કરનાર કે આપણું તફડાવી જનાર ? વ્રતનિયમમાં ગુમાવાનું લાગે કે કમાવાનું ? આ મોટો પ્રશ્ન છે; કેમ કે આમાં દિલની પરીક્ષા છે. દિલ કેવું કઈ બાજુનું ઢળેલું છે ? શ્રદ્ધા કઈ ઝળહળે છે. સર્વજ્ઞ વચન હૈયે કેવા પરિણામ પામ્યા છે ? દિલ એના પર કેવું મુસ્તાક બને છે ? કેવું ગદ્ગદ થાય છે ? એનું આના ઉપરથી માપ કાઢી શકાશે. વ્રતનિયમમાં આવ્યા તો શું બચ્યા કે ફસાયા ? હજી જેટલા વ્રતનિયમ નથી કર્યા એ વિષયોની છૂટ રહી છે તે ફસામણ છે કે સ્વતંત્રતા ?

આ એક પારખું કરવા જેવું છે. આપણે ક્યાં ઊભા છીએ એનો ખ્યાલ આવે, અને એમ થાય તો ખોટા વિશ્વાસે ન તણાતાં ખામી ટાળવાનો સાચો પુરુષાર્થ કરીએ. પ્રશ્ન આ છે કે વ્રત-નિયમ બાધા લેતાં પહેલાં શું એમ લાગે છે કે આમાં તો આપણે ગુમાવવાનું થાય ? અથવા લીધા પછી શું એવું થાય છે કે 'શું કરીએ ? બાધા છે તેથી એટલી લહેર ગુમાવી છે ?' આવું થતું હોય તો એનો અર્થ તો એ થયો કે 'આ વ્રતનિયમ એ આપણા સુખની લૂંટ ચલાવનાર ! વ્રતનિયમ એ ખોટનો ધંધો !' આ લાગે એ ખોટું છે. જો આમ લાગતું હોય તો સાવધાન બનવું પડે !

**મહાબુદ્ધિના ભવમાં શું શોભે ?**

શું આપણે આ જીવનમાં કમાવવા જેવું તરીકે વિષયોનું સુખ અને એના સાધન જ માનીએ છીએ ? **આવા મહાબુદ્ધિના ભવમાં શું આ મેળવવા લાયક છે ?** અને એ મેળવીએ, એમાં જરાય ખોટખામી ન આવવા દઈએ એમાં આપણી

બુદ્ધિમત્તા છે ? કોઈ સાધુ મહારાજના ઉપદેશમાં ન ફસાઈએ, બીજાઓ વ્રતનિયમ કરે, પણ આપણે ગોઠવેલાં બહાનાં રજૂ કરી એ ન લઈએ, એટલે આપણે પેલાઓ કરતાં સારા બુદ્ધિમાન એમ ને ? શેમાં બુદ્ધિ ? ગલીચ વિષયો અને એનાં સુખ જેટલા મળ્યા એને પશુની જેમ બરાબર પકડી રાખીએ પણ વ્રતનિયમથી આઘા રહી જરાય ઓછું ન થવા દઈએ એમાં બુદ્ધિમત્તા ? બહુ વિચારવા જેવું છે કે પશુબુદ્ધિ, અનાર્યબુદ્ધિના કુંડાળામાંથી બહાર ક્યારે આવીશું ?

**કોણ લાજે ? કોણ શોભે ? :-**

જગતમાં જુઓ તો ય દેખાશે કે વિશેષ બુદ્ધિમત્તા કોઈ અંકુશ-મર્યાદા રહિત રંગરાગ અને ભોગમાં નહિ, પણ ત્યાગ અને સંયમમાં ગણાય છે. ઘોડો ગધેડાની જેમ જ્યાં ત્યાં ચરે ઘોડી પાછળ ભટકી બરાડ્યા કરે તો ભૂંડો લાગે. સંયમમાં રહે છે તેથી જ એ સારું પ્રાણી ગણાય છે. એમ ઊંટ કરતાં હાથી સંયમમાં રહે છે તેથી જ એ સારું પ્રાણી ગણાય છે, એકલા રૂપાળાપણાની કિંમત નથી. રૂપાળું છતાં સંયમમાં ન હોય તો શોભે નહિ. માણસ જમવા બેઠેલો 'લાવો લાવો' કરનારો તો લાજે, 'ના, ના' કહેનારો, સંયમ અને વિવેક રાખનારો શોભે.

**બુદ્ધિમત્તા ત્યાગ અને સંયમમાં છે.** આ જો સમજતા હો તો પછી જેટલો ત્યાગ ન થઈ શક્યો, એટલી બુદ્ધિની ખામી લાગે. ખાવા પીવા ભોગવવામાં વ્રતનિયમથી સંયમ ન કર્યો, કાપ ન મૂક્યો એટલું ખોટમાં લાગે, અને ત્યાગ-સંયમ કર્યો એટલા પ્રમાણમાં કમાયા લાગે. આવું લાગતું હોય તો કહી શકાય કે વ્રતનિયમને ભોગસુખના લૂંટારા નહિ પણ સંયમ-સુખના દાતાર માનો છો. અને વ્રતને ભોગ-સુખના લૂંટનારા કહો તો ય શો વાંધો છે ? કેમ કે એ સુખ તો જીવને પાગલ બનાવનાર, સ્વાત્માની દુર્દશાનું ભાન ભુલાવનાર, દારૂના નશાના સુખ જેવું છે. એ લૂંટાય એટલે તે એમાંથી બચ્યા ગણાઈએ, ઝેર પડેલા દૂધ-પાકને ખાતાં કોઈએ રોક્યા, એ લૂંટારો નથી જીવન-રક્ષક છે. બસ, વ્રતનિયમ આમ જીવનરક્ષક છે. એક જીવનના નહિ, અનેક જીવનોના ! માટે એમાં જો લૂંટાયા માનશો તો ભૂલા પડશો, સમ્યક્ત્વનાં પણ કદાચ ફાંફાં થશે; મિથ્યાત્વમાં ઘસડાઈ જવાનું થશે; બુદ્ધિનું દેવાળું નીકળશે, માનવભવના કૂચા થશે, થયેલી અદ્‌ભુત જિનશાસનની પ્રાપ્તિ એળે જશે ! માટે લૂંટાયા માનવું રહેવા દો.

**જંબૂકુમારનો પૂર્વભવ**

જંબૂકુમારનો જીવ પૂર્વના પાંચમા ભવમાં વણિકપુત્ર હજી હમણાં જ નાગિલા નામની રૂપાળી કન્યાને પરણ્યો છે એટલામાં મોટાભાઈ મુનિ કેટલાય વર્ષે ઘરે આવ્યા. 'ધર્મલાભ' નો ટહુકાર દીધો ત્યાં ભાઈનો અવાજ પરખી અડધી શણગારેલી



નવોઢાને પડતી મૂકી ઉપરથી નીચે આવ્યા ! રાજી રાજી થઈ ગયા ! વહોરાવ્યું અને મુનિને વળાવવા ચાલ્યા, પણ મુનિ ઠેઠ ભાગોળેય એને પાછા વળવાનું કહેતા નથી તો 'પાછું કેમ વળાય ?' તે ઠેઠ પાસેના ગામડામાં એમના મુકામ સુધી પહોંચ્યા. મુનિઓ અને મોટા ગુરુ મહારાજ ભાઈમુનિને કહે છે 'કેમ ? દીક્ષા માટે લાવ્યા છો ને ?' એ હા પાડે છે એટલે આને પૂછે છે 'કેમ ભાઈ ! દીક્ષા લેવા આવ્યા છો ને ?'

આ મૂંઝાય છે 'શું કહેવું ? સૂડી વચ્ચે સોપારી થઈ, હા કહું તો હાથ વઢાય, ને ના કહું તો નાક વઢાય એના જેવું થયું. હા કહેવામાં દીક્ષા લેવી પડે તેથી ઘેર નાગિલાનું શું થાય ? ના કહેવામાં મોટાભાઈ તે પાછા મુનિ એ ખોટા પડે એ કેમ પોષાય ?' મૂંઝાયા, પણ મનમાં ઝટ નક્કી કરી લીધું કે 'ભાઈને જૂઠા નહિ પાડવાના' કેમ વારું ? ભાઈ જૂના સગા છે, નાગિલા નવી સગી છે, માટે નાગિલા કરતાં મોટાભાઈ આગળ રહેવા જોઈએ.

વિચારવા જેવું છે, ભાઈ કરતાં તો માબાપ વિશેષ સગાં છે, તો એમને ગૌણ કરી પત્નીને મુખ્ય કેમ કરાય ? પત્નીના પ્રેમમાં મા-બાપને દ્રોહ કેમ દેવાય ? ઉતારી કેમ પડાય ? એમનું હૈયું કેમ શેકાય ?

ગુરુએ દીક્ષા આપી. ચારિત્ર તો લીધું પણ નાગિલાનો મોહ ઊછળી આવ્યો; મનને થાય છે કે 'બિચારી શોષવાતી હશે ! કેવી ગોરી ગુલાબી ! એ છતે કેવાં સુખ ! જાઉં ઘેર જાઉં, મુનિપણું મૂકી દઉં, પણ ભાઈ છતે કેમ એમ કરાય ? બીજાઓ ભાઈને શું કહે ? માટે ભાઈ નહિ હોય ત્યારે ઘરે જઈશ.'

શું વિચાર્યું આ ? વ્રત લીધાથી સંસાર સુખ લૂંટાયાં એ. 'હાય ! ભાઈ આવ્યા ને આપણે જવું પડ્યું, એમાં દીક્ષા ઊભી થઈ, ને સુખ ગુમાવ્યું !' આ એક તરફી દૃષ્ટિ રહી, સંયમના સુખની દૃષ્ટિ ભૂલ્યા.

ભાઈના કાળધર્મ પછી છુટકારાનો દમ ખેંચ્યો. 'હાશ ! હવે જલદી જાઉં ઘરે.'

સંસારના ગંદા ભોગસુખમાં ખાટવાની દૃષ્ટિ અને વ્રતનિયમમાં ગુમાવ્યાની દૃષ્ટિએ એમને અંતરથી પાડ્યા. સાધુવેશમાં જ પોતાના ગામ આવ્યા. ઘરની શી સ્થિતિ તે એની માહિતી લેવા ધર્મશાળામાં ઊતર્યા.

નાગિલાને ખબર પડી કે કોક મહારાજ આવ્યા છે એટલે વંદનાર્થે ગઈ. જુએ છે તો પતિ જ છે. એણે તો ઓળખી લીધા, પણ મહારાજે એને ઓળખી નહિ. કેમ નહિ ? એમ તો એની છબી મનમાં રમતી હતી, પરંતુ અહીં એની શિકલ ફરી ગઈ છે, કાયામાં ઘણું પરિવર્તન થઈ ગયું છે. વેશ પણ સાદો છે. તેથી ઓળખાણ ન પડી. એટલે પૂછે છે, 'તમે નાગિલાને ઓળખો છો ?'

નાગિલા ગભરાણી તો હતી જ કે 'આ કેમ એકલા આવ્યા છે ? એમાં હવે નાગિલાનું પૂછે છે ! કેમ પૂછતા હશે ?'

એ કહે છે, 'હા, મહારાજજી ! નાગિલાને ઓળખું છું. તમારે એનું શું કામ છે ?'

'કામ ? આ જુઓને બેન ! હું એનો ધણી થાઉં, મોટાભાઈના દાક્ષિણ્યથી દીક્ષા લેવી પડી, તે બિચારીને પરણીને લાવ્યા બરાબર રખડતી કરી ! હવે ભાઈ તો દેવલોક પામ્યા એટલે હવે એને સુખી કરવા આવ્યો છું.'

નાગિલા ઠાવકે મોંઢે કહે છે, 'હા...તો શું એને દીક્ષા દેશો ? દો તો તો એય બિચારી બહુ સુખી થઈ જાય.'

મુનિ કહે છે, 'અરે ભલી રે બાઈ ! હજી તો એણે અને મેં પણ સંસારનાં સુખ જોયાં નથી, ત્યાં એને સીધી દીક્ષા કેવી ? પહેલાં તો સંસાર જોઈશું.'

નાગિલા કળી ગઈ કે આ કેમ આવ્યા છે. જરૂર, દીક્ષા તો લીધી પણ જાતને ઠગાયા સમજે છે. માનતા લાગે છે કે 'હું અને એ બંનેનાં સુખ આ દીક્ષાવ્રતે લૂંટી લીધાં !' ખેર ! હવે હું ઉપાય યોજી જોઉં, કાંઈ વળી ઠેકાણે આવી ચારિત્રમાં સ્થિર થઈ જાય તો સારું.

એ કહે છે, 'મહારાજજી ! હું એને તેડી લાવીશ'

સાંભળતાં મહારાજ ખુશી થયા ! પરંતુ નાગિલા કહીને ઘરે જતાં બહુ દુઃખિત દિલે વિચાર કરે છે, 'અરેરે ! આ વર્ષો વીત્યાં, હું એમને સંદેશો ય નથી મોકલતી, પતિ તરીકે એમને ભૂલી ગઈ છું,' એમની દીક્ષાથી મારું પણ જીવન ધન્ય માનું છું ત્યારે એ મારી જપમાળ જપે છે ! કેટલી કમનસીબી !'

**દ્રવ્ય-ભાવનું મહત્ત્વ :-**

બેમાં કેટલો બધો ફરક છે ? શાસ્ત્રો ભાવનું મહત્ત્વ ગાય છે તે અહીં જોવા મળે છે. નાગિલા આગળ જે દિવ્ય વાણી સુણાવે છે તે પરથી એના ભાવની ઉચ્ચતા સમજાશે. એ ઉત્તમ ભાવ હવે જુઓ અહીં શું કામ કરી રહ્યો છે ! મુનિને કેવા ઠેકાણે લાવે છે !

**પ્ર.**- તો તો ભાવનું જ મહત્ત્વ રહ્યું ને ?

**ઉ.**- ના, દ્રવ્યનું પણ મહત્ત્વ છે. મુનિ દ્રવ્યથી પણ મુનિવેશમાં છે તો હજી મર્યાદા જાળવી રહ્યા છે, અને નાગિલા એમને ઉચિત કહી શકે છે. ગૃહસ્થ વેશમાં ઘરવાસમાં બેઠા હોત, તો એ શું કહેવાની હતી ? ને આ શું ઝીલવાના હતા ?

નાગિલા ઘરે ગઈ અને પાડોશણ એક બ્રાહ્મણીને વસ્તુસ્થિતિ સમજાવી દે છે, અને પતિને મુનિપણામાં સ્થિર કરવાની પોતાની યોજના કહે છે. બ્રાહ્મણી પણ એમાં



સંમત થાય છે. એ મુજબ છોકરાને પાછળથી આવી અમુક બોલવાનું કહી દે છે.

જુઓ બ્રાહ્મણી છે, પરંતુ એ મુનિની ખોટી દયા નથી ખાતી, નાગિલાને એમ નથી શીખવતી કે 'હવે તારો વિચાર રહેવા દે; એ બિચારા ઘરે આવવા ઝંખી રહ્યા છે, તો ભલે આવે ને તમે બે સંસાર સુખ ભોગવો.' આવી કોઈ સલાહ ન આપતાં મુનિપણામાં સ્થિર કરવામાં એ સંમત થાય છે. આર્ય સંસ્કૃતિનો આ મહિમા છે કે પોતે વિષયના કીચડમાં ફસેલ છતાં વિષયની દલાલી કર્તવ્ય નથી માનતી. ત્યાગનાં મૂલ્ય જ ઊંચાં લેખે છે. ઇતર ધર્મમાં છતાં આત્માનું આટલું પશુપણાથી ઊર્ધ્વીકરણ થયું છે. ઇન્દ્રિયોના વિષયોમાં જ સુખની દૃષ્ટિ એ પશુદૃષ્ટિ છે, ખોખાથી માનવપણું છતાં અંતરાત્માથી પશુપણું છે. જૈનેતરને પણ જો એ દૃષ્ટિ મુકાઈ જાય અને ત્યાગની જ ખરી કિંમત સમજાય, તો પછી વિષયો સાથેની ગદ્ધામસ્તીની દલાલી હોય ? એમાં ય પોતે જેનો હિતૈષી ગણાય છે એવા પોતાના જ કુટુંબીને વિષય-ઘેલછામાં પ્રેરવાનું અને અગર વિરાગી બન્યા છે તો શું એમને વિષયોમાં જકડી રાખવાનું કરાય ? દીક્ષાનો વિરોધ કેમ કરવામાં આવે છે ? પશુદૃષ્ટિનું એ તોફાન છે. અહીં નાગિલા તો શું પણ બ્રાહ્મણીય મુનિ વિષયના ચક્રમાં ફરી પાછા આવે એ ઇચ્છતી નથી.

છોકરાને પાઠ ભણાવી બે જણા આવ્યા મુનિ પાસે, મુનિને વંદના કરીને સુખશાતા પૂછે છે. મુનિ હજી વિચારમાં પડ્યા છે કે 'આ ય કોઈ બીજી બાઈ લાગે છે, તો નાગિલા કેમ ન આવી ?' એટલામાં બ્રાહ્મણીનો છોકરો દોડતો આવી બ્રાહ્મણીને કહે છે,

'મા ! મા ! આ હું એક ઠેકાણે જમી આવ્યો, પણ પાછું બીજા જજમાનનું નોતરું આવ્યું છે. હવે શું કરું ?'

મા કહે છે, 'કાંઈ નહિ, નહિ જવાનું.'

'પણ મા ! દક્ષિણા આઠ આનાની મળવાની છે.'

'અરે ગાંડા ! તેથી કાંઈ પેટ પર પાટો બંધાય ?'

'ના મા ! પણ મા ! હું એમ કરુ તો ? આ પહેલાં ખીર જમી આવ્યો છું તે થાળીમાં ઊલટી કરીને રાખી મૂકું, ને ત્યાં જઈ થોડું જમી દક્ષિણા લઈ આવું. પછી આવીને પેલી ખીર પી જઈશ.'

માતા આનો ઉત્તર કરે એ પહેલાં મુનિ કહે છે, 'અરે મૂર્ખ ! ઊલટી કરેલું તે પીવાતું હશે ?'

બસ આજ વખતે નાગિલા મહારાજને વચનથી પકડે છે, કહે છે, 'તો પછી મહારાજ ! તમે શું ઇચ્છી રહ્યા છો ? જે નાગિલાને ઓકી નાખી એને ફરી

ચાટવાનું ઇચ્છી રહ્યા છો ? તમે છોકરાને ઠપકો દો છો તો તમને કોણ ઠપકો દે ? તમને શરમ નથી આવતી ? ભ્રમમાં પડતા નહિ હું એ જ નાગિલા છું, અને તમારી દીક્ષાએ મને જરા આંચકો તો લાગ્યો; પરંતુ મને વિચાર આવ્યો કે 'અહો ! કેવાં મારાં અહોભાગ્ય કે આવો સોભાગી પતિ મળ્યો ! જગતમાં આવી કોણ બાઈ ભાગ્યશાળી હોય કે જેને પરણ્યા બરાબર પતિ બ્રહ્મચર્ય પાળવાની સગવડ કરી આપે ? તો મને જો આ લોકોત્તર ભાગ્ય મળ્યું છે તો હવે મારે આ ક્ષણભંગુર જીવનમાંથી ધર્મનો લહાવો લઈ લેવો.' આમ વિચાર કરીને મેં દેવ-ગુરુભક્તિ, ત્યાગ અને તપસ્યા શરૂ કરી દીધી ! આજ કાલ કરતાં એ વાતને બાર વરસ થઈ ગયાં. એ ત્યાગ-તપસ્યામાં આ કાયાની ગુલાબી અને લષ્ટપુષ્ટતા સુકાઈ ગઈ તેથી મને તમે ઓળખી શક્યા નહિ. પરંતુ મને એમ થાય કે આ તમે શું કહી રહ્યા છો ? ભાઈ મહારાજે તમારા પર ખરેખરી દયા કરી આ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ રત્ન આપ્યાં, ત્રણેય લોકના પૂજ્ય બનાવ્યા, તે હવે મારી મળમૂત્રથી ભરેલી અને ગંદકીના ગાડવાસમી આ કાયામાં લપટાઈ એ રત્નને ફગાવી દેવા તૈયાર થયા છો ? શરમ નથી આવતી ? જેનાથી ત્રણ ભુવનના રાજા બનાય, એ હવે મૂકી દઈ વિષયના ગધેડા બનવું છે ? તો અત્યાર સુધી શું આ લીધેલા વ્રતનિયમમાં ફસાયા માનો છો ? ગુમાવ્યું સમજો છો ? જાતને લૂંટાઈ ગયાનું ગણો છો ? અને હવે સંસારમાં આવો એટલે કમાઈ જવાની ગણતરી છે ? ભૂલા શા સારુ પડો ? આ માટીની કાયાનો મોહ તો માટી બનાવશે. જિંદગી તો જોતજોતામાં પૂરી થઈ જતાં આ કાયા અને વિષયો તો ઝૂંટવાઈ જશે પણ એનાથી સંચિત કરેલા કારમા પાપનો ગંજ દીર્ઘકાળ દુર્ગતિનાં દુઃખમાં વિડંબશે ! શા સારુ આવી મૂર્ખાઈ કે જનમ જનમ સુધારે એવા ચારિત્રને ફેંકી દઈ ઓકી નાખેલા પાપી સંસારને પાછો ઇચ્છવો ? સંસારમાં અનંત કાળ રખડતાં પણ આ ચારિત્ર ક્યાં મળે ?'

નાગિલાની વેધક વાણી પતિમુનિ પર જબરદસ્ત અસર કરી ગઈ ! ક્ષમા માગે છે, કહે છે 'ભૂલ્યો હું, પણ તું મારી ગુરુણી બની મને ખરેખરો ઠેકાણે લાવી. હવે જાઉં છું ગુરુ પાસે અને પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થઈને આ કરેલી ભૂલના બદલામાં તથા તારી આ જોરદાર તપસ્યાનું આલંબન લઈ પ્રખર તપ સાથે વિશુદ્ધ સંયમ પાળીશ.'

મુનિ પાછા ગયા ગુરુ પાસે, આલોચના પ્રાયશ્ચિત્ત કરી જબરદસ્ત ચારિત્ર અને તપસ્યા આરાધી દેવલોકમાં ગયા. ત્યાંથી રાજપુત્ર શિવકુમાર થઈ માતા-પિતાના વિઘ્નથી ચારિત્ર ન પામ્યા, પણ ઘરે બેઠા ચારિત્રભાવ અને છઠ્ઠને પારણે આંબેલની બાર વરસ તપસ્યા કરી સ્વર્ગમાં પહોંચ્યા, ત્યાંથી જંબૂકુમાર થયા.





**આ બધું શાનું પરિણામ ?** વ્રતનિયમમાં લૂંટાવાનું, ગુમાવાનું કે ફસાવાનું ન માનતાં કેવળ કમાવાનું માન્યું અને વ્રતનિયમ હોંશે અને જોરદાર પાળ્યા, તો આટલે બધે ઊંચે આવ્યા, યાવત્ જંબુકુમારના ભવે નવાણું ક્રોડ સોનૈયાની સંપત્તિ, અપ્સરા સમી આઠ નવોઢા પત્ની, અને માતાપિતાનો મોહ સુધર્માગણધર ભગવાનનું એક વ્યાખ્યાન સાંભળતાં મૂક્યો ! ચારિત્ર લઈ મહાવ્રતોમાં આવી ગયા. આ શે બને ? પણ 'વ્રતનિયમ એ લૂંટારું નહિ, લૂંટારું તો અવિરતિ, પાપની દોસ્તી ! વ્રતનિયમ એ મહા સુખદાતાર, અથાગ પુણ્ય-કમાઈની દુકાન, ફેકટરી !' આવી પાકી ગણતરી આવી એટલે વૈભવી અને વિલાસભરપૂર સંસારને ફગાવી દઈ મહાવ્રતોમાં આવી જવાનું બન્યું.

આ તો મોટા ચારિત્રની મહાવ્રતોની, સર્વત્યાગની વાત થઈ; પરંતુ અત્યારે તો આપણે ભોગોપભોગના પરિમાણની વાત કરીએ છીએ. આમાં આખો સંસાર છોડવાની વસ્તુ તો નથી ને ? ભોગ-ઉપભોગ બધા જ ત્યજી દેવાની વાત તો નથી ને ? માત્ર પરિમાણ નક્કી કરી લેવાનું છે; માપ બાંધી લઈ નિયમ લઈ લેવાના છે કે 'ફલાણી ફલાણી કે આટલી આટલી ચીજથી અધિકનો ત્યાગ, અભક્ષ્ય અનંતકાયનો ત્યાગ. કર્માદાનના વેપારનો ત્યાગ...' આટલું જ કરવાનું છે તો શું આ કરવામાં લૂંટાઈ જવાનું લાગે છે ? તો પછી વ્રતનિયમ લેતાં કેમ અટકો છો ? ત્યારે શું સાધુને લૂંટાઈ ગયા કહેશો ? ગુમાવ્યું ? હૃદયને પૂછીને કહેજો કે વ્રત, નિયમ, બાધા લેવામાં કાંક લૂંટાતું લાગે છે કે ખરું કમાવાનું ?

**બે કારણે વ્રત :-**

વિષયોની આસક્તિ અને ભોગવટા ખતરનાક લાગે અને સાથે આરંભ સમારંભમાં જીવોની હિંસા થાય છે ત્યાં એ જીવોની દયા ઊભરાય, તો પછી વ્રતનિયમમાં આવવાનું કઠિન નથી, 'શા સારુ આ બિચારા અગણિત જીવોને બિનજરૂરી કે ખોટી નિરંકુશ વિષય લાલસામાં હણું ?' આ દયા ઊભરાય એ પહેલું જરૂરી છે. એ એવી નથી ઊભરાતી તેથી જ સંસારને વળગી બેઠા છો, યાવત્ થોડાં પણ વ્રત નિયમો લેવા ઉલ્લાસ નથી જાગતો.

**જીવોની દયાનું પારખું :-**

કહો ધાન્ય, શાક કે કરિયાણું લેવા જતાં પહેલું આ તો જુઓ જ ને કે એમાં જીવાત નથી ને ? પછી ભલે એવું તદ્દન જીવાત વિનાનું ખરીદતાં ભાવ વધારે લાગે છે પણ એ જ લેવું એવો નિર્ધાર ખરો ને ? કોબીજ-ફુલાવરમાં પોલાણ રહે

છે અને પાણીનો સંસર્ગ હોય છે તેથી માંહી તેવા જ વર્ણની ઈયળો થઈ જવા સંભવ રહે છે, કેટલાકમાં તો એ થઈ જ ગઈ હોય છે; માટે એ શાક આપણે જોઈએ જ નહિ આવી ટેક ખરી ને ? ના કહો છો ? કેમ ? એવું કાંઈ હોતું નથી એમ ? અનુભવેલું આ કહું છું. ફુલાવરમાં ઈયળમાં સમારાઈ ગયેલી જોઈ છે. હવે માનવું છે ? શ્રાવકના ઘરમાં ટેસની ખાતર આવા ત્રસ જીવો જીવતા કપાય ? જીવતા રંધાય ? ઉપયોગ તો ત્યાં સુધી રાખવાનો છે કે નિર્જીવ દેખાતી પણ વસ્તુ અમુક રીતે બની ગઈ પછી એ આમ બની હોત તો સારું કે તેમ બની હોત તો સારું એવા ય સંકલ્પ વિકલ્પ કરવાના નહિ. કેમ કે એની પાછળ પાણી, અગ્નિ વગેરેના જીવોના મહા આરંભ સમારંભ રહેલા છે.

**જીવોની દયા હૈયે ભારોભાર ઊભરાતી હોય એને જ આ ગળે ઊતરે એવું છે.** નહિતર તો ભોગોપભોગની મસ્તીમાં આ બધી વાતો ઘેલી અગર અશક્ય લાગશે, એને તો એક જ વાત છે, ટેસ, સ્વાદ, મજા ! પછી જમવા બેઠો ને ધારો કે ભીંડાનું શાક પીરસાયું, ત્યાં ઝટ પ્રશ્ન કરશે 'કેમ ? આમ બનાવ્યું ? આખા સંભારિયા ન કર્યા ?' માત્ર સ્વાદ તરફ દૃષ્ટિ છે, પણ પીરસનારી જો વિવેકી હોય તો કહે દોષ લાગે છે દોષ ! ખ્યાલ છે ? આ તમે ભીંડા લાવો છો પણ એને સુધારતાં અમારું કાળજું કપાય છે. કેટકેટલી કાળજી અને સમય લગાવવો પડે છે કે કોઈ ઈયળ ન કપાઈ જાય ! એમાં જો આખા ને આખા રંધાય ને એમાં કોઈ ઈયળ હોય તો કેવી બફાય ? ઉપયોગથી સુધારતાં તો આખી દેખાઈ જાય છે તો એની જતના કરીએ છીએ,' વિવેક અને દયાના આ શબ્દ છે.

શ્રાવક જીવન તો કેટલું બધું ઉમદા હોય એ વિચારવા જેવું છે. ભીંડાનો તો એક દાખલો છે, એવું બીજી અનેકાનેક બાબતમાં સમજી લેવાનું. શ્રાવક તો એકેન્દ્રિય સ્થાવર જીવોની પણ હિંસા-આરંભ-સમારંભ કરવા પડે છે છતાં જરાય એ કરવા ખુશી ન હોય, કરતાં દિલ અનુકંપાથી કંપતું હોય, એના બદલે ત્રસ જીવો કીડા-કીડી, માંકડ-મંકોડા, ધનેરા-ઈયળ વગેરેની દયાનો વિચાર નહિ ! એ કોણ કરાવે છે ? કહો ભોગની લાલસા, ભોગની મીઠાશ, વ્રત નથી - નિયમ નથી, પછી એ લાલસા, એ આસક્તિ, એ મીઠાશ. ક્યાંથી કપાય ?

ભોગના લાલચુને તો પહેલાં કહ્યું તેમ શ્રાવિકા પત્ની જો તત્ત્વ સમજાવવા બેસે તો કદાચ ઝટ કહેશે 'અહીં ય ધર્મ ?' અરે 'અહીં શું પૂછો છો ? બધે જ ધર્મ. જો બધે નહિ, તો કહો, ક્યાં ? મંદિરમાં ? ઉપાશ્રયમાં ? ત્યાં શું ધર્મ ? ધર્મક્રિયા ? ભૂલા ના પડતા, એકલી ક્રિયાઓ કાંઈ નહિ વળે સાથે ઓછામાં ઓછો પ્રારંભિક પણ ભાવ જોઈશે. ક્રિયા ઊંચા ભાવને લાવનારી છે માટે એ ધર્મ બાકી



મુખ્ય ધર્મ તો દિલ, ભાવ.'

અથવા, શું બધે ધર્મ, એમ પૂછનારને કહેવું ધર્મ એ આત્માની વસ્તુ છે અને આત્મા તો જ્યાં જાઓ ત્યાં સાથે જ છે, પછી ધર્મ ક્યાં નહિ ?

**પ્ર.**- છતાં આત્મામાં સદા પ્રગટ તો નથી ને ?

ઉ.- વાત સાચી, પરંતુ પ્રગટ કરીએ તો થાય છે ને ? તો હવે શું એમ કહેશો કે ઘરમાં કે પેઢી પર પ્રગટ નહિ કરવો ?

**પ્ર.**- છતાં મંદિરમાં અને ઘરમાં ફેર તો પડે જ છે ને ?

ઉ.- હા, પરંતુ એ ફરક આપણે પાડીએ છીએ માટે પડે છે. પહેલેથી માની લીધું કે ઘરમાં ધર્મ ન હોય, એટલે પછી મન એવું ગળિયું થાય છે કે ઘરમાં બેઠા એને નજર સામે એકલો સંસાર જ દેખાય છે, ખ્યાલમાં એકલી સંસારની જ જળોજથા આવે છે. આનું કારણ ઘરમાં પોતે એટલે પોતાની કાયા એ જ લક્ષ છે, પણ પોતાનો આત્મા એવું લક્ષ નથી. જો એ લક્ષ હોય તો ઘરે બેઠો પણ એનો વિચાર કરે, એના કલ્યાણને સાધી આપનાર ત્યાં શક્ય એવા ધર્મની વિચારણા જરૂર કરે. એમાં વૈરાગ્ય, શક્ય ત્યાગ, શક્ય વ્રત, શક્ય જતના કરવાનું અને શક્ય પાપ વિચારને અટકાવવાનું આવે. ચારેય વસ્તુ બરાબર સમજી રાખો. **૧. ત્યાગ** એટલે વ્રત નથી છતાં ખાનપાનાદિમાંથી ઓછું કરવાનું. **૨.વ્રત** ચૌદ નિયમ, અભક્ષ્યત્યાગ, વગેરેનાં. **૩. જતના** એટલે જીવોની રક્ષા, અને પાપથી બચવાનો ઉપયોગ. **૪. પાપ વિચારને** અટકાવવામાં, પહેલાં ભીંડાનો દાખલો આપ્યો તે રીતે ફજુલ પાપમય વિચાર રોકવાનું આવે. અહીં આપણે ભોગોપભોગ પરિમાણ વ્રતની વાત ચાલે છે.

**જ્ઞાની આપણને કેટલા બચાવી લે છે ? :-**

માત્ર આત્મ-સમજૂતીની વાત છે, કોઈ કાંડું પકડનારું નથી કે કેમ વ્રત નથી લેતા ? છે કોઈ ? સાંભળીને ઊઠ્યા પણ તમે વિરતિની પ્રભાવના કેટલી લીધી ? સારો માણસ પ્રભાવના કરે તો ખેંચીને પણ આપે; કિન્તુ આ કોણ આપે ? સમજૂતી વધશે, વસ્તુનો વિવેક જાગશે તો ભાન થશે કે ત્યાગનો સ્વાદ કેમ સમજમાં નથી આવતો ? ભોગોપભોગ-પરિમાણવ્રત નથી માટે. વિષય-સંકોચ એ પ્રાથમિક ભૂમિકા છે. જ્ઞાની આપણને કેટલા બચાવી લે છે ?

**વ્રતમાં શું શું ? :-**

ભોગોપભોગ પરિમાણ-વ્રતમાં ચૌદ નિયમ આવે, અભક્ષ્ય અનંતકાયનો ત્યાગ આવે. અભક્ષ્યમાં શું આવે, અનંતકાય તો અભક્ષ્ય છે જ ઉપરાંત વિકારી દ્રવ્યો પણ અભક્ષ્ય. રીંગણાદિ અનંતકાય નથી છતાં વિકારી છે માટે અભક્ષ્ય. બરફ અને તેની જાત અભક્ષ્ય. 'એમાં શું ! પાણી પણ પાણી, અને આ પણ પાણી, માત્ર

થીજેલું !' આ પ્રશ્ન ભોગની મીઠાશમાંથી ઊઠે છે.

**સભામાંથી :-** આઈસ્ક્રીમમાં દોષ ? એમાં ક્યાં બરફ આવ્યો ?

હા, દોષ. બરફની સહાયથી આઈસ્ક્રીમ બને છે. તે બનવામાં બરફની સહાય તો થઈને ?

**સભામાંથી :-** રેફ્રિજરેટરથી આઈસ્ક્રીમ બનાવાય તો ?

બરફથી અતિશય ઠંડું થાય ત્યાંય અભક્ષ્ય તો રેફ્રિજરેટરમાં નહિ ? કોણ જાણે ત્યાં વળી કઈ સ્થિતિ હશે !

**વ્યવહાર કેવળજ્ઞાન-પ્રધાન નથી : શ્રુતપ્રધાન છે.**

આપણે તો વ્યવહાર-પ્રધાન સ્થિતિમાં બેઠા છીએ; દૂરબીનથી જોવાથી ય કાંઈ નહિ વળે. પૂર્ણ નિશ્ચયના જ્ઞાતા તીર્થંકર દેવ શ્રી મહાવીર પરમાત્માએ વિહાર કરતાં માર્ગમાં તલનું ગાડું, સરોવરનું પાણી તથા ખુલ્લી જમીન ત્રણેય પોતાના જ્ઞાનથી અચિત્ત જોયા છતાંય ત્રણેયનો ઉપયોગ (ત્રણેમાંથી એકેનોય) સાધુને ન કરવા દીધો. જ્ઞાનચક્ષુથી તલને અચિત્ત જોયા છે. સરોવરનું પાણી પણ અગ્નિ જેવા તાપે કે અંદર પડેલા કોઈ દ્રવ્યથી અચિત્ત થઈ ગયું છે, પરમાત્મા પ્રત્યક્ષ અચિત્ત જુએ છે. અને જમીન ખુલ્લી છે, ઉપર લીલોતરી નથી, માતરું વગેરે કરવા માટે જ્ઞાનચક્ષુમાં અચિત્ત જુએ છે, છતાં ભૂખ્યા તથા તરસ્યા એવા સાધુઓને એનો ઉપયોગ ન કરવા દીધો, કારણ વ્યવહાર કેવળજ્ઞાન પ્રધાન નથી પણ શ્રુત-પ્રધાન (આગમ-પ્રધાન) છે. શ્રુત એટલે શાસ્ત્ર, આગમ-શાસ્ત્રના વ્યવહારથી આ ત્રણેય વસ્તુઓ સચિત્ત હતી, કેમ કે એને શસ્ત્ર નહોતું લાગ્યું. વ્યવહાર કેવો છે ? તલને અગ્નિ કે ખાર આદિનું શસ્ત્ર લાગે કે ધાણીમાં પિલાય તો અચિત્ત થાય. તે પહેલાં સચિત્ત. સરોવરનું પાણી તો સચિત્ત જ-એને અગ્નિના શસ્ત્રથી ઉકાળાતું નથી. ગામની અંદર વટાવાયેલો રસ્તો હોય, બહાર બકરાં વગેરે ચરી મૂત્ર-લીંડી કરી ગયાં હોય અને લીલોતરી ન હોય તો તે ભૂમિ અચિત્ત ગણાય; પણ વગર વટાવાયેલી જમીન, ત્યાં લીલોતરી ન હોવા છતાં સચિત્ત તરીકેનો વ્યવહાર થાય. ભગવાન શ્રી મહાવીરદેવે પોતાના જ્ઞાનચક્ષુથી (જ્ઞાનમાં) આ ત્રણેય વસ્તુની કારણ વિશેષથી અચિત્ત થઈ જોયેલ છે. છતાં સાધુઓને ઉપયોગ ન કરવા દીધો. નિશ્ચય-પ્રધાન ધર્મમાં પણ વ્યવહારનું પ્રાધાન્ય. ધર્મ કહ્યો વ્યવહાર-પ્રધાન. વ્યવહારમાં કેવળજ્ઞાનની દૃષ્ટિ નહિ પણ શાસ્ત્રની દૃષ્ટિ જોઈએ. કેવળજ્ઞાનથી ત્રણે ચીજો અચિત્ત જોવા છતાં સાધુને તો ઉપયોગ ન કરવા દીધો, પણ પોતે ય ઉપયોગ ન કર્યો. પોતે અચિત્ત જુએ છે, પોતા માટે ય વાંધો ? હા ! વ્યવહાર ધર્મને પ્રધાન કહેનાર પરમાત્મા વ્યવહારનો ભંગ કરે ?



**વિદલ-વિચાર**

જમાનાની નવી શોધ થઈ, નવી વસ્તુ ઊભી થઈ, તો શાસ્ત્રની વાત સાથે તુલના કરી જોવી. અનંતકાય અભક્ષ્ય છે એમ વિકારી દ્રવ્યો અભક્ષ્ય છે. બરફ અને બરફની જાત અભક્ષ્ય છે. પછી ? વગર ગરમ કરેલાં કાચાં દૂધ, કાચી છાશ તથા કાચાં દહીં સાથે કઠોળનો સંયોગ થવો એટલે એ પણ અભક્ષ્ય. કઠોળ કાચું કે પાકું એ નહિ જોવાનું, પ્રશ્ન છે દૂધ, દહીં, છાશનો, એ કાચાં ન જોઈએ, વિગઈ તરીકે કાચાં એમ નહિ, પણ ગરમ કર્યા વિનાનાં ન જોઈએ. દૂધ, દહીં, છાશ ગરમ થાય પછી કઠોળનો સંયોગ થાય તો જીવોત્પત્તિ ન થાય. કાચા દૂધ, દહીં, છાશમાં કઠોળનો સંયોગ થતાં જ અઢળક જીવોત્પત્તિ થાય છે, અગણિત ત્રસ જીવો ઉત્પન્ન થાય છે. દૂધ, દહીં, છાશ ગરમ તે પણ મન મનાવવા જેવું નહિ, પણ સારું ગરમ. આ પ્રશ્ન બાઈઓનો છે, એમણે વિવેક રાખવો જોઈએ. કાચા દૂધ, દહીં કે છાશમાં કઠોળનો બહાર સંયોગ થાય તોય જીવોત્પત્તિ થાય, અને તેથી અભક્ષ્ય; જીભ પર સંયોગ થાય તો પણ તેમજ. ગળાની નીચે ઊતર્યા પછી એ પ્રશ્ન નથી, કેમ કે ચૂલા પર મૂકવાથી જેમ યોગ્યતાનષ્ટ થાય છે, તેમ ગળેથી ઊતર્યા પછી યોગ્યતાનષ્ટ થઈ જાય, એટલે પછી જીવોત્પત્તિનો પ્રશ્ન નથી. બહાર કે જીભ પર સંયોગ ન જોઈએ, કાચા દૂધ, દહીં કે છાશ સાથે કઠોળનો. એને ચાલુ ભાષામાં વિદળ કહે છે. વિદલ અભક્ષ્ય. ખરી રીતે વિદળ એટલે દ્વિદલ. એ કઠોળનું નામ છે, કેમ કે એનાં બે દળ, બે ફાડ થાય છે. પરંતુ આજે એની સાથેના કાચા દહીં, દૂધ છાસના સંયોગને વિદળ કહે છે.

**પ્ર.-** સંયોગ થતાં જ એકદમ જીવોત્પત્તિ થઈ જાય ?

**ઉ.-** હા ! સ્વીચ દાબતાં તરત જ બધું બંધ થઈ જાય છે ને ? એવું આ પણ !

વિદલના ભક્ષણનો ત્યાગ તેમ મેળવણીનો પણ ત્યાગ કરવાનો.

આ વિવેક બાઈઓ સાચવી શકે. તેમ તો ભાણે બેઠા, ભાણા પર કઢી આવી, વાપરી, બની કેવી રીતે ? છાશ ઊની કરી એમ જાણતા હોય, હોય પણ એમ જ પણ જરા ઊની કરી ન કરી કે 'નાખ એમાં ચણાનો લોટ !' કર્યું હોય તો વિદળ થતાં જ જીવોત્પત્તિ થઈ જાય, તે ચૂલે ચઢે એટલે એ જીવોનો નાશ થઈ જાય, ભક્ષણ વખતે (કઢીના) જીવોત્પત્તિ ન રહી. પણ આ રીતે બનતાં તો જલેબીની જેમ અભક્ષ્યમાંથી બનાવટ થઈ. ઉપયોગથી જીવોને બચાવી શકાય, જીવોત્પત્તિ ન થાય એવો ઉપયોગ જોઈએ. આગળ વધીને, વિવેકી હોય તો કાચા દૂધ, દહીં, છાશના ભોજનનો પ્રસંગ હોય ત્યાં કઠોળ કરે જ નહિ કે જેથી વિદલ-

ભક્ષણનો પ્રસંગ બાલકને પણ ન આવે ! વિવેકી શ્રાવકો શીખંડ પૂરીનું જમણ કરે છે ત્યારે કઢીમાં ચોખાનો લોટ વાપરે છે. કાચાં દૂધ, દહીં સાથે શાક બધાં વિદલ નથી પણ ચોળાફળી, મેથીની ભાજી, ગુવાર, વટાણા વગેરે વિદલ ગણાય, તેથી ઉપયોગ રાખવો જોઈએ.

**બે રાત લંઘી ગયેલ દૂધ, દહીં, છાશ અભક્ષ્ય**

બે રાત લંઘી ગયેલ દૂધ, દહીં કે છાશ પણ અભક્ષ્ય છે. ઘરે ઢોર રાખનાર પૂર્વે શ્રાવકો શું કરતા ? આજે મેળવેલું દહીં એને બીજી રાત ન લંઘવા દે. બીજી રાત પછીનો સૂર્યોદય થતાં પહેલાં એ દહીને ગોળીમાં નાખી વલોણું કરી દેતા. એમ કરતાં છાશ બને એ પાછી બીજી રાત લંઘવી ન જોઈએ. દહીં માટે દહીંની અવસ્થાથી બે રાત ન લંઘે, તેમ છાશ માટે છાશ થયા પછી બે રાત ન લંઘે. વલોણું કરી માખણને પણ ચૂલે શી રીતે ચડાવે ? છાશની સાથે જ માખણ ઊંચકે અને તાવડીમાં નાખે. છાશથી છૂટું પડતાં જ માખણ અભક્ષ્ય છે, કેમ કે જીવોત્પત્તિ થાય છે. છાશ સાથે માખણ તાવડીમાં નાંખ્યું, ત્યાં અગ્નિનો સંયોગ થયો એટલે જીવોત્પત્તિનો પ્રશ્ન રહેતો નથી. દહીંમાં બનાવેલાં ઢેબરાં, વડાં વગેરે પણ બે રાત લંઘી ગયે ન ખપે. બે દિવસ ચાલે એમ હિસાબ નહિ, બે રાત લંઘવી જોઈએ નહિ; હિસાબ આ. કોઈ વાર બાર પહોરનો કાલ, કોઈકવાર સોલ પહોરનો કાલ. આજ સવારે બન્યું તે પરમ દિવસ સવારે અભક્ષ્ય; આજ સાંજે બન્યું તે પણ પરમ દિવસે સવારે અભક્ષ્ય. સૂત્ર એ કે બીજી રાત ન લંઘાય.

કઠોળ માટે તો એક જ નિયમ કે, દૂધ, દહીં કે છાશ સારી રીતે ગરમ થયા વિના તેનો સંયોગ તેની સાથે થઈ શકે જ નહિ. ઉપયોગ ધર્મ છે. ઉપયોગથી પાપથી બચી જવાય, અને ઉપયોગ ચૂક્યા તો જીવોનો વિનાશ, પાપના ભારનો પાર નહિ !'

**ધનપાલને જૈન મુનિ પર દ્વેષનું કારણ :-**

દહીંમાં જીવોત્પત્તિની વાતથી તો શોભન મુનિએ મહામિથ્યાત્વી ધનપાલ કવિને પરમ શ્રાવક બનાવી દીધો. એના મિથ્યાધર્મના શાસ્ત્રમાં ક્યાં આવી વાત હતી ? શોભન મુનિ ચાહીને ત્યાં આવે છે. ધનપાલ એ વખતે જૈનધર્મ પર મહાન્ દ્વેષી છે. જૈનો જૈનોનો ધર્મ પાળે, પોતપોતાનો પાળે, દ્વેષ શા માટે ? એ દ્વેષ થવાનું કારણ બન્યું છે. ધનપાલ તથા શોભન બે ભાઈ; એમના પિતાને જૈન મુનિનો સંપર્ક થયો, એમાં એને કાંઈક લાભ દેખાયો. જેને લાભ થાય તે મહારાજને કાંક વિવેક તો કરે ને ? મહારાજને કહ્યું 'મારો એક છોકરો તમને આપીશ ! એમણે કહ્યું: 'ભલે !' મુનિ ફરીને આવ્યા ત્યારે છોકરાઓ મોટા થયા હતા, એટલે



મુનિએ હવે યાદ આપ્યું. બ્રાહ્મણે કોલ આપ્યો હતો. વચન તે વચન. પ્રતિજ્ઞાથી પાળવું કઠણ લાગે; પણ વચન અસત્ય ન ઠરવું જોઈએ. ન્યાય-સંપન્નતામાં માનનારથી અન્યાય ન કરાય. એ બ્રાહ્મણે બન્ને છોકરાને બોલાવી મુનિને પોતે આપેલા વચનની વાત કરી. ધનપાલે કહી દીધું : 'તમે કોલ આપ્યો છે, મેં થોડો આપ્યો છે !', 'પિતાની આબરૂ એ અમારી આબરૂ, પિતાનું વચન એ અમારું વચન,' એમ માનનાર શોભને પિતાનું વચન સ્વીકાર્યું. આ તો આર્યભૂમિ. બાપ બાર હજારનું દેવું મૂકી ગયો હોય તો દીકરો ના ન પાડે, શાહજોગ ચૂકવે. એ ન્યાય-સંપન્નતા. 'હું ક્યાં લેવા આવ્યો હતો, મારા બાપે લીધા હતા, એ ગયા, એમની પાસે જા મસાણે માગ.' એમ કોણ કહે ? કુલથી, ધર્મથી જન્મથી બ્રાહ્મણ એવા શોભને પિતાના વચન ખાતર જૈન મુનિ પાસે દીક્ષા લીધી. આ હતું ધનપાલને જૈન મુનિ પર દ્વેષનું કારણ : જૈન ધર્મ પર દ્વેષનું કારણ.

**શોભનમુનિ કેવા પંડિત !**

શોભનમુનિ તો ભણી ભણીને વિદ્વાન, પંડિત બની ગયા. કેવા ? એકવાર ગોચરી ગયેલ. પરમાત્માની સ્તુતિ રચવાની ધૂન થઈ, માર્ગમાં ચોવીશ પરમાત્માની સ્તુતિ બનાવી ! એના એ જ અક્ષરની અનુવૃત્તિ. એકની એક લીટી બીજી વાર આવે પણ એનો અર્થ જુદો હોય.

કડીએ કડીએ આવો ચમત્કાર ! આવી ચોવીશ પરમાત્માની સ્તુતિ ગોચરી લઈ આવે એટલા સમયમાં કરી છે ! એ સ્તુતિ રચવામાં એવા એકાગ્ર બન્યા હતા કે દંતકથા કહે છે કે એનું ભાન ગોચરી લઈને ઉપાશ્રયે ગયા ત્યારે થયું. ઝોલી ઉઘાડીને જુએ તો, પાતરામાં પથરા ! કોઈ મશ્કરો મળ્યો ! 'મહારાજનું જરા, ભાન ઠેકાણે લાવવા દે' એમ ધારી પથરાથી પાતરું ભર્યું. આમની કેવી લગની ! શાસ્ત્રનો અભ્યાસ, વિશિષ્ટ સંયમ તથા સુંદર તપના પરિણામે આવી કવિત્વ શક્તિ એમણે મેળવી !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૨૦,તા.૧૬-૨-૧૯૬૩**

**આર્યભૂમિના ત્યાગી સંતોનાં હૈયાં કલ્યાણની ભાવનાથી ભર્યા હોય છે.**

પિતા તો કાલ કરી ગયા હતા, શોભન જૈન મુનિ થઈ ગયા હતા, ધનપાલને આથી દ્વેષ છે જૈન મુનિ પર દ્વેષ ક્યા સુધી કે રાજ્યમાં કોઈ જૈન મુનિને પેસવા ન દે ! ભૂલેચૂકે કોઈ આવે, તરત ઊભા રાખે, પૂછે 'તમે શું જાણો છો ?' પોતે વિદ્વાન હતો પણ મુનિ કાંઈ બધા એવા જ્ઞાનવાળા હોય એમ ન બને. ચારિત્રનો

વિકાસ ચારિત્ર મોહનીયના ક્ષય (ક્ષયોપશમ)થી છે, જ્ઞાનનો વિકાસ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ક્ષયોપશમથી છે. પંડિત ઘણા મળશે પણ ચારિત્રવાન ઓછા. પાણ્ડિત્ય સદ્‌ગતિનું સર્ટિફિકેટ નહિ આપે, ચારિત્ર અવશ્ય આપશે. પાણ્ડિત્યથી આત્મદૃષ્ટિ ખુલતી નથી, ચારિત્રથી આત્મા મહાન બને છે. ધનપાલના આવા દ્વેષથી જૈન મુનિઓ ત્યાં આવતાં બંધ થઈ ગયા. પરંપરાએ એ વાત શોભન મુનિના કાને પહોંચી. 'હવે કામ મારું,' એમ ધારી પોતે ત્યાં ગયા. આ તો મુનિ હતા, પેલાને તો મુનિ તરીકે ય આદર નથી, ભાઈ તરીકે ય આદર નથી, મુનિ જાણતા હતા, પોતે નગરમાં મુકામ કરીને, સીધા ધનપાલને ત્યાં ગોચરી ગયા. પોતાનો એક વખતનો અત્યંત પ્રેમપાત્ર ભાઈ, જોતાં મનમાં આનંદ ન માય તેવો ભાઈ, એ આંગણે આવે તોય એને કાંઈ આદર નથી, ઊલટો વિરુદ્ધ ! આર્યભૂમિના ત્યાગી સંતોને આદરવાની પરવા નથી હોતી. કેવળ કલ્યાણની ભાવનાથી એ હૈયાં ભર્યા હોય છે, પીઠ પાછળ કે આગળ સામો ગમે તેવી ગાળ કાઢે, વાંકું બોલે, તોય અહીં તો કલ્યાણભાવ કુદરતી ઝરાની જેમ વહેતા હોય છે. કેમ કે એ સમજતા હોય છે કે **'સામાએ આદર ન કર્યો કે ગાળ પણ કાઢી, તો ય એમાં આપણું ક્યું અકલ્યાણ એણે કરી નાખ્યું ? કંઈ જ નહિ; પછી એના પર દ્વેષ કરવો જ શા માટે ? એના પર તો દયા જ ઊભરાવવાની, બિચારો !...'**

**દ્વેષમિશ્રિત ઉપકારનો ખરાબ પડઘો :-**

ઉપકાર પણ ત્યારે જ થઈ શકે છે કે જો સામા પર દયાની લાગણી ઊભરાય. એના બદલે જો દ્વેષ આવે તો પછી ત્યાં દેખાવમાં કદાચ ક્રિયા ઉપકારની થતી ય હોય, દા.ત. ન સમજી શકતા વિદ્યાર્થી ઉપર દ્વેષમાં ધમધમતો માસ્તર વિદ્યાર્થીને પાઠ તો સમજાવે, પરંતુ એના હૈયાના ભાવની વિદ્યા તો આવી, પરંતુ ખરાબ ભાવથી મિશ્રિત ! તેથી એ દયા ભાવથી અપાયેલ વિદ્યાની જેમ ઉપકારક ન બને; ઊલટું પેલા દ્વેષ ભાવના, વિદ્યાર્થી-હૃદયમાં, પડેલા પડઘા અશુભ ભાવને જગાવનારા બને. દયાભાવથી ભણાવેલ વિદ્યાર્થી અને દ્વેષિલા શિક્ષકથી શિક્ષણ અપાયેલ વિદ્યાર્થી; બેનાં જીવન તપાસતાં ફરક માલૂમ પડશે.

**છોકરો તામસી હઠિલો કેમ ? :-**

એમ દ્વેષથી ધમધમતી માતાનો છોકરો અને દયાભાવથી ભરેલી માતાનો છોકરો બેનાં ઘડતરમાં તફાવત દેખાશે. તીખી માતાએ શું ઉપકારની પ્રવૃત્તિ નથી કરી ? કરી છે, પરંતુ છોકરાના સંસ્કરણમાં ફરક પડવાનું કારણ, અર્થાત્ છોકરો તામસી, હઠિલો દ્વેષિલો વગેરે થવાનું કારણ માતાનો દ્વેષિલો સ્વભાવ છે. હવે એનામાં બીજી અક્કલ હોશિયારી આવી ય હોય પરંતુ એ આ તામસી વગેરે



ખરાબ ભાવોની સાથે હોવાથી આત્મોપકારક નહિ બને.

**દ્વેષ ન થવા દેવાની ભાવના :-**

મુનિઓ તો પહેલું પોતાના આત્માનું ન બગડે એ માટે પણ દ્વેષથી દૂર રહેનારા હોય છે. માનો ને કે મુનિને સામો જીવ ગાળ દઈને વાત કરે છે, અગર એને એકવાર ઉપદેશ આપ્યો, સમજાવ્યું, પરંતુ એ એનો ભાવ પકડવાને બદલે ઉપરથી પથરા ફેંકે છે, છતાં મુનિ તો એટલું જ વિચારશે કે 'ભલે આ એની અવળચંડાઈ હોય, પરંતુ **એટલા ખાતર દ્વેષ કરીને મારે મારા આત્માનું શા માટે બગાડવું ? શું એના વાંકે મારે ય કર્મની સજા લેવી ? હું દ્વેષ કરું, ઉકળી ઊઠું, ધમધમું, એમાં મને જ સજા છે. બીજાની ભૂલને નિમિત્ત બનાવી મારા આત્માનું મારે બગાડવું નથી.** દ્વેષથી બગડે છે તો દ્વેષ ન થવા દેવા પર ચોક્કસ રહેવાનું.'

**જાતે જ દંડાવાની મૂર્ખાઈ :-**

દ્વેષ કરવામાં એવું થાય છે કે દા.ત. તોફાની વિદ્યાર્થીએ તોફાન કર્યું અને માસ્તરે એનો એક રૂપિયો દંડ કર્યો, પણ એ દંડ વિદ્યાર્થીના બાપને ભોગવવો પડ્યો ! એમ ભૂલ તો સામાએ કરી, પણ આપણે દ્વેષ કર્યો એટલે એ દ્વેષનો દંડ આપણે ભોગવવાનો થયો. વિશેષતા એટલી કે ત્યાં માસ્તરે દંડ કર્યો અને અહીં આપણી જાતે જ આપણને પોતાને દંડીએ છીએ ! મુનિ સાવધાન હોય છે તેથી દ્વેષિલા ઉપર પણ દ્વેષ નથી કરતા.

**કર્મ વિચિત્ર હોઈ દ્વેષ નહિ :-**

બીજી વાત એ છે કે સામો જીવ ભૂલ કરે છે તે એના પાપકર્મને લઈને; અને જીવોનાં કર્મ વિચિત્ર હોય છે, કોઈને સારાં કર્મના ઉદય, કોઈને નરસા ! કેટલાકને પ્રબળ પાપોદય, તો બીજાને વળી મંદ પાપોદય ! જીવ એવાં વિચિત્ર કર્મને પરાધીન છે તો એના પર દ્વેષ શા માટે કરવો ? કરવો હોય તો એ બગાડનારાં કર્મ ઉપર દ્વેષ કરી એની ચુંગાલમાંથી સામા જીવને છોડાવવાનું જ કરવું જોઈએ અને તે એ જીવના ઉપર દયાભાવ રાખવાથી જ થાય; કેમ કે એમાં એને સારું આપી શકાય; જેથી એને પ્રતિબોધ લાગે અને એ સુધરે.

તેમ, એ પણ વસ્તુ છે કે બીજા પર દ્વેષ કરવા જઈએ છીએ પરંતુ આપણી જાતનો વિચાર નથી કરતા કે આપણે પણ કોઈ ભૂલ શું નથી કરતા ? એ વખતે આપણા પર સામો જો દ્વેષ કરે તો શું આપણને એ ગમે છે ? ના, તો પછી આપણે અહીં એના ઉપર દ્વેષ કરવા જઈએ એ એને ક્યાંથી ગમશે ? તો શું આપણું એને ગમે કે ન ગમે તો ય એ કરવાનાં આંધળિયાં કરવાં ? ના, એ તો ઘેલછા છે. કહે છે ને કે છાશમાં માખણ જાય ને રાંડ ફુવડ કહેવાય. આપણે કરવા

તો ઉપકાર જઈએ, પરંતુ સાથે દ્વેષ છે તેથી ઉપકારીને બદલે દ્વેષિલા ઠરીએ !

મુનિઓ આ બધું સમજનારા હોય છે. તેથી એમનાં દિલ દયાથી ભરપૂર હોય છે. સંસારી જીવ ગમે તેટલો હોશિયાર હોય પણ જો કર્મ-પીડિત છે તો રોગીની જેમ દયા ખાવા લાયક જ છે. હોશિયાર પણ માણસ માંદો પડ્યો, અને ઝાઝા મંદવાડમાં જરા ચીડિયાવેડા કરે છે, છતાં એને સંભાળનારા દ્વેષ નથી કરતા, ટોણાં નથી મારતા કે, 'શરમ નથી આવતી તમને ? બધી હોશિયારી ક્યા ગૂમ થઈ ગઈ ?' ના, એ તો સમજે છે કે 'ઝાઝો મંદવાડ ચીજ જ એવી છે કે ભલભલાની ધીરજને આવરી દે, સૌમ્યતા હરી લે ! માટે આપણે એમના રોગની ચિંતા રાખી શાંતિથી કામ લો.' બસ, અહીં પણ કર્મરોગ માટે એમ જ વિચારવાનું છે. આપણે પોતે સારા હોઈએ છતાં સામાને જો ખરાબી વળગી છે તો તે એના કર્મરોગની પીડા છે; માટે એ કર્મરોગની જ ચિંતા રાખી, રોગી પર દ્વેષ નહિ કરવાનો, પરંતુ દયાભાવ રાખી શાન્તિથી એના એ ભાવરોગ, ભાવપીડાને હટાવવા પર લક્ષ અને પ્રયત્ન રાખવાનો.

એ સંભવિત છે કે રોગીની વય, અવસ્થા અને રોગનું જોર વગેરે જોતાં, આપણા દિલમાં દયા ભરીભરી રાખીને પણ, બહારથી કદાચ કઠિન શબ્દ પણ કહેવો પડે. અહીં શોભન મુનિને એવું બને છે; ધનપાલના ઘરમાં આવતાં ધનપાલ નમસ્કાર કરે છે પણ 'ગર્ભદન્ત !' એવું સંબોધન કરીને ! મુનિને, 'હે ગધેડાના જેવા (મોટા) દાંતવાળા !' એવા શબ્દથી બોલાવ્યા. ત્યારે શોભન મુનિ એનો અભિમાન રોગ પરખી કહે છે 'કપિવૃષણાસ્ય ! કુશલં તે ?' અર્થાત્ હે વાનરના વૃષણ જેવા (લાલ) મુખવાળા ! તને કુશળ છે ? આ જરા કઠિન શબ્દ છે, પરંતુ દ્વેષથી નથી બોલાયો; દયાનો ઝરો વહેતો છે. માત્ર રોગ તેવી દવા છે.

**લેનાર, દેનાર કે વસ્તુના દોષે :-**

ઉપકારીઓ દયાભાવથી ક્યારેક કડવા પણ અક્ષર કહે છે, કિન્તુ જીવ અજ્ઞાન, ટૂંકી બુદ્ધિ એને ખબર ન પડે કે કહેનાર કડવું કેમ કહે છે ? અલબત્ત, કોઈ વખત વસ્તુનો દોષ હોય, કોઈ વખત દેનારનો દોષ હોય, કોઈ વખત લેનાર આત્માનો દોષ હોય. વસ્તુ સારી હોય, દેનારમાં કસુર હોય તો લેનારને એ વસ્તુ સારી ન લાગે, દેનારના હૈયામાં મીઠાશ ન હોય માટે. સાવકી મા છોકરાને આપે ભલે કઢેલું દૂધ, પણ છણકો કરીને આપે, 'લે આ દૂધ, ફોડ કપાળ !' આને એ દૂધ ગળે ઊતરે ? ઉતારવું પડે, ઉતારે પણ કેવી રીતે ? વસ્તુ સારી છે, કઢેલું દૂધ છે, લેનાર પાત્ર છે, પુત્ર છે, પણ દેનારમાં ખામી છે, હૈયામાં મીઠાશ નથી, તિરસ્કાર ભાવ છે; એટલે પુત્રને એમ થાય છે, 'આના કરતાં પાડોશીના હાથના



પ્રેમના પાણીના કટોરા પીને મોજથી જીવી શકાય.' દેનારમાં કસુર ન હોય, લેનાર પણ યોગ્ય હોય પણ વસ્તુ ખરાબ હોય, ખરાબ બની ગઈ હોય, પછી વસ્તુ જ ખરાબ ત્યાં સારી ખરાબ લાગવાનો પ્રશ્ન જ નથી રહેતો. દેનાર સગી માતા, લેનાર પોતાનો જ પુત્ર, પણ ભૂલથી દૂધમાં સાકરને બદલે મીઠાના ગાંગડા પડી ગયા, વસ્તુ ખરાબ બની ગઈ, પછી ખરાબ તે સારી લાગી શી રીતે ? જીભને અડતાં જ થૂ-થૂ થાય. દેનાર યોગ્ય હોય, વસ્તુ સારી હોય પણ લેનારમાં દોષ હોય. સગી માતાએ હૈયાના ઊંડા વહાલથી શીરો બનાવી દીકરાના ભાણામાં પીરસ્યો, પણ પેલા ભાઈ બહારનું ખાઈખાઈ અનેક રોગ ભરીને બહારથી આવ્યા હોય. એના મોંમાં આ શીરાનો કોળીઓ ઊતરે ? કેટલો ઊતરે ? જીભમાં જ વાંધા હોય ને ? ત્યાં જાતનો દોષ છે. દેનાર સગી મા. વસ્તુમાં સુંદર શીરો, પણ જાત પચાવનાર નથી.

**ધર્મ પર હલ્લાના હિસાબ નથી !**

દેનાર ત્યાગી હોય, નિઃસ્વાર્થ ભાવે વસ્તુ દે; કામના એક જ,-વિષમ વાતાવરણના ઝેરી વાયુ વચ્ચે વીતરાગના શાસન પામેલાઓ ન ફસી જાય. પ્લેગની હવામાં મ્યુનિસિપાલીટીને પ્રજાને ઈંજંક્શનો આપવા પડે છે, ફરજિયાત આપે છે, કાયદો કરે છે, ઈંજંક્શન ન લેનાર માટે દંડનો કાયદો કરે છે. વિષમ વાતાવરણરૂપ પ્લેગની હવાથી બચાવવા ઈંજંક્શન, દુઃખથી પણ દેવાય. આજની જડવાદી હવા સામે અધ્યાત્મની વાત કૈંક આત્માઓને ભારે પડી ગઈ છે; મહારાજે કહ્યું શું એ જોવાની દૃષ્ટિ નથી, દૃષ્ટિની તાકાત નથી. મુનિને દ્વેષ નથી, અહીં તો પંદરે પંદરે દિવસે, **'राजसन्निवेशानां शांतिर्भवतु'** રાજસન્નિવેશ માત્ર શા માટે ? **'ब्रह्मलोकस्य शान्तिर्भवतु'** સુધીના ઘોષ છે. **असिवोवसमं सिवं भवतुं ।** આખું જગત શિવ પામે. ઈચ્છા એક જ કે ધર્મની વાતમાં ડખલ ન થાય, ઘાલમેલ ન કરે, ધર્મના સમૂલ નાશની પેરવી, એ અમારે મન પ્લેગની હવા છે. ત્યાં જરા વિરોધનું ઈંજંક્શન તેમાં ગડબડ મચે, 'આપ આ કડાકૂટમાં ક્યા પડો છો ?' દીર્ઘદૃષ્ટિ હોય તો સમજાય કે ઊંડાણમાં ભાવદયા છે. જૈન સંતો ભાવદયાવાળા હોય કે બિચારો દુર્ગતિ ન જાય ! એ પણ સદ્ગતિ જાય એવી સુંદર ભાવના છે.

**દુશ્મન પર આંગણે અતિથિ થઈને આવ્યો, ના નહિ; એ આર્યદેશની મર્યાદા :-** શોભન મુનિ ધનપાલને ત્યાં ગયા, ધનપાલ દેખે છે. મોટા ભાઈ છે, મુનિ છે : ન તો મુનિ તરીકે આદર : ન ભાઈ તરીકે આદર ! જાણે પિછાણતો નથી ! પણ શોભન મુનિ ગયા હતા ગોચરીના હિસાબે. એ દેશકાલની સ્થિતિ એ હતી કે, દુશ્મન પર આંગણે અતિથિ થઈને આવ્યો, ના નહિ. આજના શહેરોની જેમ

નહિ ! 'છાશવારે ને છાશવારે અળશિયાની જેમ ઊભરાઓ છો, અમને એકને જ ભાળ્યા છે ?' અલ્યા ! જરાક વિચાર તો કર, પંખીઓ સરોવરે આવે કે સહરાના રણમાં ? નગરનારીઓ માથે બેડાં લઈને પાણી ભરવા સૂકી નદીએ જાય કે જળથી ભરેલી નદીએ ? કુદરતની વસ્તુઓ તો કહી રહી છે, 'લઈ જાઓ ! લઈ જાઓ !!' આર્યદેશની એ મર્યાદા હતી કે દુશ્મન પર આંગણે આવ્યો તો ના નહિ, 'ખાઈ જાઓ, લઈ જાઓ' એ વિવેક.

**આર્ય-અનાર્ય ભૂમિનો ભેદ :-**

આર્યભૂમિ એટલે તો દઈને રાજી થવાનું ક્ષેત્ર. અનાર્ય ભૂમિમાં લઈને રાજી થવાની વાત. આર્યને દેવાનું જે દિ' ન મળે ત્યારે દુઃખ થાય. અનાર્યને એકલું લેવાનું ન થાય એનું દુઃખ. આર્ય-અનાર્યના સુખ-દુઃખ લગાડવામાં ફરક ખરો કે નહિ ? અનાર્યને સારું ખાવા પીવા-ભોગવવાનું ન મળે, એકલું એનું દુઃખ લાગે. પરંતુ આર્યની ય શું એ જ દશા હોય ? એને ય એનું દુઃખ તો લાગે, પરંતુ ત્યાગ, તપસ્યા, સેવા ભક્તિ વગેરે કરવાનું ન મળે કે ન બને એનું વિશેષ દુઃખ હોય. ચંદનબાળા ત્રણ દિવસની ભૂખી, અડદના બાકળા ખાવા મળ્યા ત્યાંય એને દુઃખ થાય છે કે શું કોઈ મહાત્માને દીધા વિના ખાવાનું ? આર્ય દેશ આર્ય કુળમાં જન્મ્યા પછી જો આવી કોઈ વિશેષતા ન ધરીએ તો અનાર્ય નહિ ને આર્ય તરીકે જન્મ્યાની સાર્થકતા શી ? સંસાર નથી છોડ્યો એટલે પૈસા ન મળે કે મળેલા ચોરાઈ જાય એનું દુઃખ તો લાગે, પરંતુ એ દુઃખ કરતાં મોટું દુઃખ હોય આંગણે અતિથિ આવ્યા અને સત્કાર ન થઈ શક્યો એનું ! અગર એ મળ્યા જ નહિ એનું ! એવું બીજી બાબતોમાં.

**ટૂંકમાં; આત્મકલ્યાણની વસ્તુ ન મળે મળેલી ખોવાઈ જાય એનું જ વિશેષ દુઃખ હોય. આ ઉપરથી** માપ કાઢી શકીએ કે,

આપણને ખોળીયું અને આત્મા બેની વચ્ચે કેટલું અંતર લાગે છે ?

મમત્વ ક્યા વધારે ? વિશેષ ચિંતા કોની ? દેહની કે આત્માની ? આ લોકની કે પરલોકની ?

વધારે શું ગમે ? કુકા કે ધર્મ ?

વધારે આકર્ષણ કોનું ? કુકાવાળાનું કે ધર્માત્માનું ?

ચાપલુસી, સત્કારસરભરા કોની વધારે કરવાનું બને છે ? ધનવાનની કે ધર્મવાનની ?

હિસાબ શો માંડી રાખ્યો છે ? 'ધન હશે તો ધર્મ થશે' આવો ? કે 'ધર્મ હશે તો ધન મળશે'-એવો ? આ હિસાબ પર પછી પ્રવૃત્તિનો મોટો આધાર છે.



પહેલા હિસાબમાં તો લગની ધનની જ રહેવાની. ધર્મ તો શીકે ! કેમ કે 'હજી ધન પૂરતું ક્યા મળ્યું છે ?' એમ લાગવાનું. તે ભલું પૂછવું ઠેઠ છેલ્લા શ્વાસ સુધી એમ લાગ્યા કરે ! જિંદગીભર ધનકમાઈ અને ધનસંગ્રહનો જ વારો, ધર્મનો વારો જ ન મળે ! ત્યારે બીજી ગણતરીમાં એમ થશે કે 'દાનમાં ધન ખર્ચવા દે, ધર્મ હશે તો ધન તો મળી જ રહેવાનું છે, માટે ધર્મની બધી તક સાચવી લેવા દે.' પણ આ તો આત્માની, પરલોકની, અને આત્મકલ્યાણની ચિન્તા સળવળતી હોય તો જ શક્ય છે. એ ચિન્તા હોય તો એમ થાય કે 'મને વળી મહાપુણ્યે આર્ય તરીકે જન્મ મળ્યો છે તો એને શા સારુ આ રીતે સાર્થક ન કરી લઉ ?'

**આર્યના હિસાબ :-**

આર્ય તરીકેના જન્મને સાર્થક કરી લેવામાં આવા બધા હિસાબ આવવાના,-

(૧) પૈસા લઈને નહિ, દઈને રાજી થવાનું; ને દેવા ઝંખવાનું; દેવાનું ન મળે તો દુઃખ કરવાનું. એમ,

(૨) ખાઈને નહિ, પણ ખવરાવીને ખુશી થવાનું, ખવરાવવા ઝંખવાનું.

(૩) સગવડો ભોગવી લેવા નહિ, પણ સંયમન કેળવવા ઝંખવા-મથવાનું, સંયમ કરીને આનંદ માનવાનો.

(૪) ધન હશે તો ધર્મ થશે એમ નહિ પણ ધર્મ હશે તો ધન મળશે. એવી બુદ્ધિ દૃઢ કરવાની, અને ધર્મને મુખ્ય રાખવાનો.

(૫) ક્રોધાદિ કષાયોની સહાય લઈ બીજાનો સામનો કરવામાં નહિ કિન્તુ ક્ષમાદિ ગુણોના બળ પર શાન્ત ઉપશાન્ત રહેવામાં જ સાચું સત્ત્વ ખીલે છે. એમાં જ શક્તિનો સાચો ઉપયોગ છે.

**આર્ય અનાર્યથી ભિન્ન શામાં ? :-**

આવા બધા હિસાબ માંડી રાખ્યા હોય, હૈયે નિશ્ચિતરૂપે વસાવી રાખ્યા હોય અને તદ્નુસાર જીવન-પ્રવૃત્તિઓ રાખી હોય તો અનાર્યથી જુદું પડે એવું એક માત્ર દેશભેદ લાગે કે થોડા રિવાજ-ભાષા-પહેરવેશની ભિન્નતા દેખાય, બાકી તો અનાર્યોને જેમ ઇન્દ્રિય-મસ્તી, ધનની મુખ્યતા, સ્વાર્થ સાધનાની બોલબાલા અને કષાયોના ઉધમાત વગેરેનું જીવન, એવું જ આપણું જીવન બની જાય તેમાં કાંઈ પછી આર્યત્વ જીવંત ન કહેવાય.

**આર્ય શબ્દનો અર્થ એ છે કે** જે ભવાંતરમાં ગમનાગમન હોવાનું માને છે, અર્થાત્ જે દેહપૂજારી નહિ પણ આત્મપૂજારી છે. આ હોય તો પહેલું આ જુએ કે બીજાને ભૂલી જાતે જ લેવા-ખાવાનું રાખીશ તો તે તો અનાર્યના ખેલ ગણાશે, માત્ર દેહની પૂજારૂપ ! આત્માનું અજવાળવા માટે તો દેવા-ખવરાવવાનું પહેલું

જોવાનું, ખરી ખુશી ત્યાં અનુભવવાની.

**આપવાનું શીખવાની શાળા :-**

બીજાને ભેટ કરવાનું શીખવું હોય તો એ માટે કુદરત મોટી શાળા છે. એમાં ઘણાં દૃષ્ટાન્તો પડેલાં છે. નદી ક્ષેત્રોને પાણી આપ્યે જાય છે, છતાં એનામાં નવું નવું પાણી વહી આવે છે. આંબો પોતાનાં ફળ પોતે નથી ખાઈ જતો; બીજાને લેવા દે છે. સૂર્ય રોજ ઉદય પામી જગતને પ્રકાશનું દાન કરે છે. હીરામાણેકની ખાણો સુદ્ધાં પોતાનો માલ માણસને લઈ જવા દે છે ! ત્યારે આકાશમાં વાદળાં લાવી લાવીને પાણી વરસાવ્યા કરે છે. તે પોતે સાવ ફિક્કા થઈ જાય ત્યાં સુધી ! આ બધા શિખવે છે કે- 'આપો, બીજાને આપો, જરૂર આપો. બીજાને આપવાથી જ બીજા તમને દુઆ દેશે. તમારી પાસે લક્ષ્મી તિજોરીમાં અને ધાન્ય કોઠારમાં પુરાયેલ હોવા માત્રથી દુનિયાના આશીર્વાદ નહિ મળે, એ તો દેવાનું રાખો તો મળશે.'

**લોકની દુઆ કેમ મળે ? :-**

બીજાની દુઆ કેટલું બધું કામ કરે છે ! એક શેઠની પાસે લાખોની સંપત્તિ હતી પરંતુ છોકરો નહોતો. પત્ની બહુ ઉદાસ રહેતી તેથી શેઠે બાવા, જોગી, મંતર-જંતર, વગેરે સાધવા માંડ્યા ! ચંડી ભવાની પીર હનુમાન વગેરેની બાધાઓ રાખવા માંડી ! પણ કશું વળ્યું નહિ ત્યારે કોકે કીધું, 'શેઠ આમ ફાંફાં માર્યે શું વળશે ? લોકની આ દુઆ લો તો કામ થશે.'

'શી રીતે !' શેઠે પૂછ્યું.

પેલો કહે છે- 'અભંગ દ્વાર કરી અને દુઃખીઓના દુઃખ ફેડીને. ગામમાં જે કોઈ અતિથિ આવે એના માટે દ્વાર ખુલ્લા રાખો. એને ઘરે તેડી લાવી સરભરા કરો. તે પણ વગર ઓળખીતાની ખાસ ! કરીને આનંદ માનો. વળી દાન, દુઃખીને સારું દાન દો. આમે ય બધું મૂકીને જ મરવાનું છે તો સારામાં સારો લાભ કેમ ન લૂંટવો ? એથી લોકની બહુ દુઆ પામશો, પુણ્ય વધશે, પાપ ઠેલાશે.'

**શેઠનું દાન :-**

શેઠને વાત જચી ગઈ. બસ, બીજા દિવસથી શરૂ કરી દીધું. રોજ સવાર પડે ને ઓટલે ધાન્યના ટોપલા ભરાવી બેસે; ગરીબગરબાને આપ્યે રાખે. એમ વસ્ત્ર આપે, બીજી ચીજ વસ્તુ આપે, અતિથિની તપાસ રાખે; મળે એટલે ઘરે બોલાવી સરભરા કરે. એમ કરતાં કરતાં શેઠના અંતરાય કર્મ તૂટી ગયાં પુત્ર પણ મળ્યો અને લક્ષ્મી ય વધી. પાછા લોકમાં એટલા બધા પ્રિય થઈ પડ્યા જે પહેલા લક્ષ્મી તિજોરીમાં અને ધાન્ય કોઠારમાં પૂરી રાખ્યે નહોતા !





**નનો આધ્યાત્મિક લાભ :-**

પણ આ તો બધી ભૌતિક વાત. આધ્યાત્મિક દૃષ્ટિએ જીવ ફોરો થઈ ગયો. પહેલાં વાત વાતમાં ધન મારું મારું થતું હતું તેથી હૈયું ભારે રહેતું, તે હવે ઘો ઘો રાખવાથી હલકું ફૂલ જેવું થઈ ગયું. રાગ, મમતા, તૃષ્ણા, ઓછા થતા ચાલ્યા. એટલે હવે દેવ-ગુરુની ભક્તિમાં ચિત્ત ઠરવા માંડ્યું. આત્માનો વિચાર આવતો થયો શાસ્ત્રશ્રવણ-ચિંતન-જપમાળામાં મન ઠરે છે.

ફરિયાદ તો કરો છો કે **'પ્રભુભક્તિમાં, સામાયિકમાં, કે નવકારવાળીમાં ચિત્ત કેમ સ્થિર નથી રહેતું ?'**

પરંતુ એની પાછળ એ જુઓ કે હૈયા ઉપર બીજા ત્રીજા ભાર કેટલા રાખ્યા છે ? ભાર હશે તો અહીં એ નહિ ઠરાય, અને પરભવેય નહિ.

કહેશો 'પણ સંસાર લઈ બેઠા એટલે એનો ભાર તો હોય જ ને ?'

**હૈયા પરના ભારથી નુકસાન :-**

ના, એવો કોઈ નિયમ નથી કે ભાર હોવો જ જોઈએ, અને ભાર રાખ્યો હોય તો જ કામ ચાલે. કામ તો જે વખતે જે ઉપસ્થિત થયું તે બજાવી લેવાય. તેથી કાંઈ મન પર ભાર રાખવાની જરૂર નથી. જગતમાં એવા બેફિકર નિશ્ચિંત માણસો હોય છે અને એમનું કામ પણ ચાલે છે. કેટલીક વાર તો મન પર ખોટો ભાર રાખ્યો હોય છે તેથી કામ બગડી જાય છે. કેમ કે બહુ ચિંતા-શંકા-કુશંકા રાખવાથી ઓડનું ચોડ વેતરાય છે. કહે છે ને કે ઝાઝી સુયાણીએ વેતર વંઠે. એક કહે 'બાળકને આમ ઉતારો,' બીજી કહે 'ના આમ ઉતારો,' ત્યારે ત્રીજી વળી ત્રીજું જ બતાવે ! એમાં ઊંધું વેતરાય. એમ એક કહે આમ કર, બીજી કહે તેમ કર... એમાં કામ બગડે ! માટે સંસારનો બહુ ભાર રાખ્યો ખોટો. ભારને લીધે ધર્મક્રિયામાં ઠરી શક્તા નથી, સ્થિર મન રાખી શક્તા નથી.

**હૈયા પર ભાર ઓછો કરવા ધોરણ :-**

હૈયા પર ભાર રાખ્યા કરતાં ત્યાં જો ભાગ્ય પર પર છોડો અને અવસરોચિત બજાવી લો, તો મન ફોરું રહે. આ ભાગ્યની ઉપર છોડ્યું એટલે હવે બહુ મમતા, આસક્તિ, ચીકણી તૃષ્ણા વગેરે નહિ થાય. કેમ કે નક્કી કર્યું છે કે 'ભાગ્યમાં હશે તે જ મળવાનું છે, ભાગ્ય મુજબ જ સચવાવાનું અને ભોગવવાનું છે. માટે બહુ ચિંતા શી ? ઊલટું આપણે તો દાન, અતિથિસત્કાર, દયા વગેરે કરતા રહેવું, જેથી ભાગ્ય સબળ બનશે. બાકી કાંઈ આપણી હોશિયારી અને આપણી મહેનતથી

લક્ષ્મી આવે, વધે, સચવાય, ભોગવાય, એ વાતમાં માલ નથી.'

આમ જો મમતા ચિંતા ઓછી કરાય તો મન ફોરું રહે અને તેથી ધર્મ સાધનામાં સ્થિર રહી શકે.

**આચડકુચડ જાણવાનો હૈયા પર ભાર :-**

આ એક ભારની વાત થઈ. મન પર જેવી રીતે પૈસાની ચિંતાનો ભાર હોય છે તેમ બીજા પ્રકારનો ભાર આચડકુચડ જાણવા-સમાલવાની ચિંતાનો છે. એમાં કેટલીય આતુરતા, ઝંખના, જિજ્ઞાસા, વગેરે રહ્યા કરે છે. શંકા અને ભય વાતવાતમાં ચાલુ ! વાતમાં કાંઈ માલ નહિ. પણ 'કોણ આવ્યું ? કોણ ગયું ? શાનો અવાજ આવ્યો ?' આવી ખોટી ચિંતાઓ મનને ભારે કરે છે ! એમ, 'ત્યારે પેલો જતો રહેશે તો ? બારણું બંધ થઈ જશે તો ? રાત પડી જાય તો ?...' વગેરે વગેરે ફજુલ કેટલાક ભય મનને ભારે કરે છે. વિહ્વળ ને વિહ્વળ રાખ્યા કરે છે. આવા મનને પછી જપમાળામાં દેવદર્શન-વંદનમાં કે સામાયિક-કાઉસ્સગ્ગમાં ઘાલો ત્યાં સ્થિર કેવી રીતે રહી શકે ?

**એ તો એક જ વાત નક્કી કરી રાખી** હોય કે 'યથાભાગ્યં ભવતુ' ભાગ્યના અનુસારે બનવા દો. ભવિતવ્યતામાં નિર્ણીત હોય તેમ થવા દો. આપણે નકામી ચિંતા કરવી નથી,' તો જ મન ફોરું રહે.

**ફોરા મન પર સારી ભાવનાઓ સ્ફુરે.**

'સ્વાર્થ તો ઘણા પોષ્યા, હવે પરાર્થ પરહિત કરતો રહું,' એમ થાય. નદી, વૃક્ષ, ખાણના દૃષ્ટાન્ત દેવાની વાત મુખ્ય કરાય. આર્ય દેશમાં આજ હિસાબે દુશ્મન પર અતિથિ થઈને આંગણે આવે તો ના નહિ, 'ખાઈ જાઓ, લઈ જાઓ,' એ જ વાત.

આ મર્યાદાના હિસાબે શોભન મુનિને જૈન ધર્મ અને જૈન મુનિનો દ્વેષી પણ ધનપાલ આંગણે આવ્યા આવકારે છે, અને દહીં વહોરાવવા તૈયાર થાય છે.

'કેટલા દિવસનું છે ?' મુનિએ પૂછ્યું : પૂછે જ ને ?

'ત્રણ દિવસનું.'

'ના ! નહિ ખપે, અમારે.'

'કેમ ?'

એના જવાબમાં મુનિને કહ્યું. 'એમાં જીવોત્પત્તિ થઈ ગઈ.'

ધનપાલ ધમધમ્યો, 'આમાં જીવડાં પડી ગયાં ? ત્રણ દિવસનું દહીં માટે એમાં જીવડાં ?' હૃદયમાં ધર્મદ્વેષ છે, આગળ વધે છે, 'તમારો ધર્મ જ એવો વિલક્ષણ છે આમાં જીવ, તેમાં જીવ !'



મુનિએ સમતાથી કહ્યું, 'ભાઈ ! ધીરો પડ ! તારે જોવું છે ?'

ધનપાલે કહ્યું, 'હા ! હા ! બતાવો જીવડાં !'

મુનિએ અળતો મંગાવ્યો. ધોળા રંગના જીવ ધોળા દહીંમાં (જીવ તો તદ્‌વર્ણા-તે રંગના ઉત્પન્ન થયા હોય ને ?) ન દેખાય માટે અળતો મંગાવ્યો, જીવડાં દેખાડવાં છે. એ અળતો દહીંમાં નખાવ્યો. દહીંએ લાલ રંગ પકડ્યો. લાલ થઈ ગયેલા દહીંમાં સફેદ જીવડાં ખદબદતાં દેખાયાં ! બે રાત લંઘી ગયેલું દહીં અભક્ષ્ય, એ વાત તો જૈન દર્શનમાં છે. મિથ્યાત્વમાં પડેલા, આમ વિદ્વાન, એવા પણ ધનપાલને એ ખ્યાલ પણ નહોતો. આ જોઈ ધનપાલની આખી સ્થિતિ ફરી ગઈ.

હાથ જોડી પૂછે છે, 'ભાઈ ! મુનિ ! આપે આ કયા જ્ઞાનથી જાણ્યું ?' હજી એને એવી શંકા થઈ છે કે ભાઈને કોઈ દિવ્ય જ્ઞાન પ્રગટ થયું હશે. કલ્પનામાંય ન હોય એ પ્રત્યક્ષ દેખાય એટલે એવી કલ્પના થાય.

શોભનમુનિ કહે છે : 'સર્વજ્ઞના શાસ્ત્રથી આ જાણ્યું કે બે રાત લંઘી ગયેલા દહીંમાં જીવોત્પત્તિ થાય છે. સર્વજ્ઞના શાસનના શાસ્ત્રથી જગતની અતીન્દ્રિય ઘણી વાત જણાય છે.' જે ઝીણી વાત બતાવે, રોજની ઘરગથ્થુ વાતમાં આવું ગજબનું સાયન્સ બતાવે, તે શાસન તત્ત્વની-પરમાર્થની વાતમાં કેવું ઊંચું સાયન્સ બતાવે ?

**ધનપાલને પરમાર્હત શ્રાવક બનાવ્યો :-**

હવે ધનપાલ પસ્તાવો કરે છે,- 'આવા ધર્મ પર મેં દ્વેષ કર્યો ? આવા મહાત્માઓને હું પિછાણી ન શક્યો.' વિદ્વાન હતો ને ? હૃદય વલોવાયું, વલોણાનું પાણી આંખ વાટે નીકળ્યું. ધનપાલે હાથ જોડી કહ્યું, 'માફ કરો ! મેં ઘણી અવજ્ઞા કરી છે.' અત્યાર સુધી ધનપાલ ચામડાનાં ચક્ષુથી જોતો હતો એટલે સ્વેચ્છયા ફાવે તેમ બોલતો-વર્તતો.' હવે એનાં નેત્ર ફરી ગયાં, દૃષ્ટિ ખૂલી ગઈ, કહ્યું મુનિને, 'મને સાચો ધર્મ પમાડો.' મુનિ તો એ માટે તૈયાર જ હતા. 'હવે કામ મારું.'

શોભનમુનિએ ધનપાલ પંડિતને જૈનદર્શન જૈન તત્ત્વજ્ઞાન અને જૈન મોક્ષમાર્ગના આચાર-વિચાર સમજાવ્યા. એથી એને એકબાજુ મિથ્યા ધર્મમાં આજ સુધી ફસાઈ રહ્યાનો પારાવાર ખેદ થયો ! અને બીજી બાજુ લોકોત્તર જૈનશાસન પામ્યાનો અપૂર્વ આનંદ થયો ! એને એમ થયું કે,

'અરે ! કેવો હું અંધ અને મૂઢ કે તુચ્છ મિથ્યાદર્શનમાં રાચ્યો-માચ્યો ! જીવનમાં મોટી વસ્તુ સત્ય, સંયમ, દયા, ઉપશમ આદિની વૃત્તિ અને પ્રવૃત્તિની છે. પણ આ મિથ્યા ધર્મવાળા પાસે પહેલી તો સૂક્ષ્મ જીવોની ઓળખાણ જ નથી, પછી એની પ્રત્યે દયાની વૃત્તિ ક્યાંથી જ કરાવી શકે ? તો દયાની પ્રવૃત્તિની તો વાતે ય શી ? એ તો એક જૈન આગમ જ આ બતાવે છે કે,'

બે રાત લંઘી ગયેલ દહીંમાં જીવો ઉત્પન્ન થઈ જાય છે.

કાચાં દહીં, દૂધ, છાશ, સાથે કઠોળનો સંયોગ થવાથી અસંખ્ય જીવોની ઉત્પત્તિ થાય છે.

વાસી રોટલા, રોટલી, પૂરી, માવા વગેરેમાં અસંખ્ય જીવોની ઉત્પત્તિ થાય છે.

મનુષ્યના મળ-મૂત્ર, કફ, થૂંક, લીંટ વગેરે શરીરથી છૂટા પડ્યે બે ઘડી બાદ એમાં સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્ય ગતિવાળા જીવો અસંખ્ય ઉત્પન્ન થઈ જાય છે.

બોળ અથાણામાં ભારોભાર જીવો ઉત્પન્ન થઈ જાય છે. અપક્વ દહીં, બરફ, વેંગણ બહુ બીજ વગેરે અભક્ષ્ય છે.

લીલ, ફૂગ, સેવાળ, જમીનના કંદ, પ્રથમ અંકુર, દા.ત. પાણીમાં મગ વગેરે પલાળી મૂક્યા અને તેમાં ફણગા ફૂટ્યા, ઇત્યાદિમાં અનંત જીવો જન્મી ગયા હોય છે.

આ બધું એકલું જૈનદર્શન જ બતાવે છે. એ બતાવીને જીવોને અભયદાન આપવાની કેટલી સુંદર તક આપે છે ! એવાં અભક્ષ્ય છોડ્યાં હોય, સક્રિય જીવદયાથી હૈયું ભર્યું ભર્યું રાખ્યું હોય તો સાચું તત્ત્વજ્ઞાન હૈયમાં ઝગમગી શકે. કોઠામાં અભક્ષ્ય હોમાતા હોય, હૈયામાં નિર્દયતા વસાવાતી હોય ત્યાં તત્ત્વજ્ઞાનના રંગ શે ચઢે ?

એકલો અભક્ષ્ય-ત્યાગ જ નહિ, પણ સાધુ અને શ્રાવક જીવનના વિવિધ વ્રતોની પણ કેવી સુંદર વ્યવસ્થા જિનશાસનમાં યોજાયેલી છે ! એટલું જ નહિ કેટલાય ઊંચા પ્રકારના ત્યાગ, સંયમ, આચારોની યોજના છે ! ત્યારે કર્મ સિદ્ધાન્ત, સ્યાદ્વાદ, નયવાદ, વગેરે સિદ્ધાન્તો અને જીવ-અજીવ આદિ તત્ત્વોની અનુપમ વ્યવસ્થાનું તો પૂછવું શું ?

આવું વિશ્વમાં અજોડ અદ્ભુત ધર્મશાસન મોજૂદ છતાં હું કેવો હીનભાગી કે એનાથી વંચિત રહ્યો અને મિથ્યા તત્ત્વ, મિથ્યા આચાર, મિથ્યા મોક્ષમાર્ગમાં રાચ્યો !

ધનપાલને મિથ્યાત્વનો અપરંપાર ખેદ અને જૈનધર્મમાં ઊંચા મૂલ્યાકનમાંથી પ્રબળ શ્રદ્ધા ઊભી થઈ, સમ્યગ્દર્શન પ્રગટ્યું.

શોભનમુનિએ પોતાના સંસારી ભાઈ ધનપાલને મહાન સમ્યગ્દષ્ટિ, પરમાર્હત શ્રાવક બનાવ્યો, એની તત્ત્વબોધ પૂર્વકની શ્રદ્ધામાંથી બનેલાં કાવ્યોનો ઉપયોગ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે પણ કરેલો ! આ પ્રતાપ દહીં અભક્ષ્ય ! જૈનશાસનનો એ વિષયનો ભક્ષ્ય કે વિચાર નીકળ્યો એનો છે.



**બીજાં અભક્ષ્ય :-**

અભક્ષ્યની ગણતરીમાં હવે આગળ ચાલો તડકા ખાધા વિનાનાં એટલે બોળ અથાણાં અભક્ષ્ય છે. અનંતકાય અભક્ષ્ય કહ્યું, એટલે લીલ ફૂગ તો આવી જ ગઈ.

સાતમા ભોગોપભોગ પરિમાણ-વ્રતમાં અભક્ષ્ય અનંતકાયનો સદંતર ત્યાગ કરવાનો છે. બાવીશ અભક્ષ્ય, બત્રીશ અનંતકાયનો ત્યાગ, વિકારી દ્રવ્યો રીંગણાં વગેરેનો ત્યાગ કરવાનો. ભક્ષ્ય પદાર્થોમાંય પરિમાણ કરવાનું છે. 'આટલા પદાર્થોથી વધારે નહિ. રાત્રિભોજન સર્વથા નથી કરવાનું, ચોવિહાર કરવાનો, શક્ય ન હોય તો તિવિહાર, તેય શક્ય ન હોય તો દુવિહાર. અશક્યતાએ રોજ રાત્રિભોજન કરનારે પણ મહિનામાં અમુક દિવસોએ તો-ઓછામાં ઓછા અમુક દિવસોએ તો-રાત્રિભોજનનો ત્યાગ કરવાનો હોય જ. છેલ્લામાં છેલ્લી વાતને મહોર છાપ યાને છૂટની ન ગણતા ! એવું ન લઈ જશો.' 'મહારાજે કહ્યું છે, રાત્રે ન છૂટકે ચાહ પિવાય, બે ચાર દિવસ ચોવિહાર કરીએ પછી રાત્રે ખવાય !' આવું ન લેતા. ભોગોપભોગ પરિમાણ વ્રતનો પ્રભાવ મહાન છે. લાભ અઢળક છે, અગણિત પાપોથી બચાય છે.

**આમાં પરિમાણ પોતાને માટે છે,** પરનો પ્રશ્ન નથી. દાન ભક્તિ ન થાય એમ નહિ. અલબત્ત અભક્ષ્યથી ભક્તિ નહિ. માર્ગાનુસારીના ગુણમાં પોષ્યનું પોષણ, માતા-પિતાની પૂજા વગેરે છે. ત્યાં કમીના નહિ આવવા દેવાની. સાધુ માટે પણ એ નિયમ 'મારે આયંબિલ છે, બીજાને ગોચરી શું કામ લાવી આપું ? 'એ ન ચાલે. તારે આયંબિલ ભલે હોય પણ પચ્ચક્ખાણમાં બીજાની ભક્તિનો નિષેધ નથી. ભક્તિ પૂરપાટ થઈ શકે. શ્રાવકના ઘરોમાં જાત માટે લૂખું ભલે, પણ અતિથિ માટે ભંડાર ખુલ્લા પડ્યા હોય, પોષ્યનું પોષણ કરવાનું કેવી રીતે ? જે રીતે સામો ધર્મ પામે, તે રીતે. પોતે લૂખું ખાય પણ સામાને ઘીની વાઢી છૂટથી પીરસે. એમાં ય ધર્મ પમાડી દે, બીજાને ધર્મ પમાડવાની વૃત્તિ કૂણા હૈયામાં હોય. મારે શું ? એવી ઉપેક્ષા કઠોર હૈયામાં હોય. સાચો ધર્મ કૂણા હૈયામાં પેસે કે કઠોર હૈયામાં ? લાગણીઓનો વિચાર છે. આત્માની લાગણીઓની તપાસ કરવાની છે.'

**સાતમું વ્રત જીવનને પરિમિત દશામાં મૂકી દે છે.**

અઢાર પાપસ્થાનકની જાહોજલાલી ઓછી કરવાની છે. એ કરવા માટે શરૂઆતની ભૂમિકામાં શ્રાવકનાં વ્રતો એ ઊંચી કોટિની ચીજ છે. એમાં સાતમું ભોગોપભોગ-પરિમાણવ્રત (બીજું ગુણવ્રત) શું કામ કરે છે ? જીવનને પરિમિત દશામાં મૂકે છે. સંસારી જીવનને પરિમિત કરી સંકોચતા આવ્યા વિના મોક્ષનાં જીવનની નજીક શી રીતે જવાય ? સંસારમાં ભોગના જીવનનો પહોળો પથારો

પાથરી રાખ્યો હોય પછી જીવ એમાં જ તલ્લીન-તલાલીન રહેવાનો. માટે ભોગોપભોગ વ્રતથી ભોગ સંકોચવાના છે. ખાનપાન, દ્રવ્ય, શાક, ફળ, મેવા, અનાજ, જાણીતી હોય એવી ઔષધિ મસાલા વગેરેનું નિયમન કરી લેવા માટે આ વ્રત છે. ભવિષ્યમાં કેવો પ્રસંગ આવે એ વિચારી એ હિસાબે રીતસર શક્તિ મુજબ સંકોચ કરે. અભક્ષ્ય અનંતકાયનો સર્વથા ત્યાગ. જીવનમાં એવી સ્થિતિ એવો પ્રસંગ ઊભો થઈ જાય તોય અનિચ્છનીય પદાર્થનો ભોગ ન થાય. રાત્રિભોજનનો ત્યાગ પણ આ વ્રતમાં આવે.

## • રાત્રિભોજનના ત્યાગ પર કથા •

રાત્રિભોજનના ત્યાગ અંગે એક દૃષ્ટાંત છે. એક બ્રાહ્મણની કન્યા શ્રાવિકા-કન્યાના સંસર્ગથી ધર્મ પામી, ગુરુમહારાજ પાસે યાવજ્જીવ માટે રાત્રિભોજન ન કરવાનો નિયમ લીધો ! રાત્રિભોજન ત્યાગનું વ્રત લીધું. આવીને માને કહ્યું. માબાપ સમજું 'સારું' કહ્યું, ત્યાં તો સુખેથી વ્રત-પાલન થાય છે. મોટી થઈ, પરણીને સાસરે ગઈ, પહેલે જ દિવસે રાત્રે બધા જમવા બેઠા. ઇતરોમાં લગભગ રાત્રે જ જમવાનું હોય છે. એટલે આને પણ સાસુએ જમવા બેસવાનું કહ્યું. આણે જમવાની ના પાડી, કહ્યું 'મારે વ્રત છે, રાત્રિભોજન નહિ કરવાનું, માટે હું નહિ જમું.' 'પર કોમ, એમાં રાત્રિભોજનના ત્યાગની વાત સહેલાઈથી સંભળાય, ધર્મની વાત મુશ્કેલીથી પણ ન સંભળાય.'

**શ્રાવકની છાપ, રાત્રિભોજનનું પાપ ન કરે એ !**

રાત્રિભોજનનો ત્યાગ શ્રાવકને ત્યાં જ હોય. પ્રસિદ્ધ વાત કે શ્રાવક રાત્રે ભોજન ન જ કરે એવી છાપ ! એક શ્રાવક વેપાર ધંધાર્થે બહાર ગયો, મોડું થયું ઇતરને ત્યાં ખાવા બેઠો રાત્રે !

ઇતરે કહ્યું, 'તમે તો રાત્રે ન ખાઓ ને ?' શ્રાવકની છાપ માટે આ પુછાય છે.

પેલાએ કહ્યું, 'વાત સાચી છે, પણ મારી શિથિલતા છે. બહાર ગામનું કામ, વેપારધંધામાં અટવાઈએ, વેપાર રહ્યો, બહાર ગામથી, જમવા બીજે જવું એટલે ધાર્યું ક્યાંથી સચવાય ?'

ઇતરે કહ્યું, 'એટલા માટે જ આમ કરવું પડતું હોય તો તમારે માટે કાલથી વહેલી રસોઈ થશે, બોલતા શું નથી ?'

બીજે દિવસથી આ શેઠ માટે વહેલી રસોઈ કરવાનો હુકમ ફરમાવી દીધો.

**મિથ્યાત્વ-શલ્યને શિંગડાં નથી !**

જ્યાં પેલી નવી વહુએ ના પાડી એટલે સાસુએ તો યદ્વાતદ્વા બોલવા માંડ્યું,



શ્રાવકના ધર્મને ચોપડાવવા માંડી, 'આ ધર્મ કેવો !'

આ બાઈ કહે છે : 'બીજું કાંઈ બોલશો નહિ, મારે વ્રત છે. હું નહિ જમું, તમે જમી લ્યો, મને આગ્રહ ન કરશો.'

સાસુ : 'નહિ ચાલે ! ખાવું પડશે ! જોયો તારો નિયમ, આવો નિયમ કોણે બઝાડ્યો ? સૂઝ નહોતી કે આ બ્રાહ્મણની છોકરી છે, ત્યાં તો રોજ રાત્રે જ હોય.' એટલે એ જ કે બ્રાહ્મણ વગેરે ઇતરને ત્યાં રોજ રાત્રે જ ખાવાનું કપાળમાં લખાયેલું હોય ! સાસુ તો ન બોલવાનું બોલે છે. કાયદો સંસારનો કેવો વિચિત્ર ! અધર્મની કડક વાત સહેલાઈથી સંભળાય, ધર્મની સહેલી વાત, મુશ્કેલીયે પણ ન સંભળાય ! આ બાઈ કહે છે :- 'મારે નિયમ છે હું નહિ જમું. તમને કાંઈ નહિ કહું વહેલું જમવા માટે, એકવાર જમીશ. અરધી રાત્રે કામ માટે ઉઠાડો તો ઊઠવા તૈયાર છું. હું ભૂખી રહીશ.'

પરંતુ મિથ્યાત્વશલ્યનો એ પ્રભાવ, એના સામ્રાજ્યમાં રહેલાં પ્રાણીઓ પોતે જાતે તો પાપમાં પડ્યાં હોય પણ સામાને પાડવા મથે, પાપના એવા પાકા દલાલ કે પાપનો સોદો સામાના ગળામાં પરાણે ખોસી ઘાલે ! મિથ્યાત્વશલ્યને શિંગડાં નથી ! જેમાં પોતાની જાતનું પાપ બીજાના ગળે પરાણે હોંશે ઘાલવાનું મન થાય, એ મિથ્યાત્વશલ્ય.

**સાચા સ્નેહી કોણ ?**

સાચા સ્નેહી તે કે જે પોતે જાતે પાપથી નિવૃત્ત ન થઈ શક્યા-ન થઈ શકે. પણ પરિવાર પાપમાં ન પડે તેવી અને પડેલાને પાપમાંથી કાઢવાની પેરવીવાળા હોય. બાપ કહી દે દીકરાને, 'દીકરા ! અમે તો ભૂલ કરી, લગ્નની જંજાળમાં પડ્યા પણ એમાં મજા નથી !' આવું કોણ કહી શકે ? મિથ્યાત્વશલ્યના સામ્રાજ્યથી બહાર નીકળ્યો હોય તે. એને થાય, 'અમે તો પાપમાં, પાપની તરતંત્રતામાં સબડ્યા; કિન્તુ આ નિર્દોષ પંખેરા પાપ પિંજરામાં ન પડે. પણ ઉચ્ચ ધર્મ-ગગનમાં ઊડે, કલ્લોલ કરે.' મિથ્યાત્વના સામ્રાજ્યથી બહાર નીકળેલાને પોતે પાપમાં હોવા છતાં બીજાને ગળે ઘાલવાની એને વાસના ન હોય, અને જ્યાં તેવો પ્રસંગ હોય ત્યાં ચેતવણી આપી દે, દીકરાને વારસો તો આપવો પડતો હોય પણ કહે 'પરિગ્રહ એ પાપ છે. એ તને વળગાડીએ છીએ એમાં અમારું ય કલ્યાણ નથી ને તારું પણ કલ્યાણ નથી. પરંતુ અમારે આપવું પડે છે ને તારે લેવું પડે છે. છતાં એ પાપ છે એમ બરાબર સમજી રાખજે તો આના પર ખોટાં કામ કરવાનું મન નહિ થાય. માટે સારા ધર્મના માર્ગે એનો વિશેષ ઉપયોગ રાખજે અને જીવન સદાચારોથી ભર્યું રાખજે.' આમ પરિગ્રહ-પાપને નબળું બનાવીને દેવાય.

મૂળ વાત આ છે કે નાનાં મોટાં પાપોની પાકી ઓળખ અને એના પ્રત્યે હાર્દિક ગ્લાનિ સદા જાગતી રહેવી જોઈએ. આમાં વાંધા એટલે જૈન સંસ્કૃતિની વાતો 'હેં આવું ?' એવો ચમકારો ઊભો કરે છે, હસવા જેવી લાગે છે. લાગે, કેમ કે આજનો જમાનો એવો આવી લાગ્યો છે, પાપનો ભય જ ઉરાડી નાખનારો, જમાનો ! બીજી ઢગલાબંધ વાતોના ભય ખરા, પણ માત્ર પાપનો અને પરલોકનો ભય નહિ ! કેટલું ઊંધું ! બીજા ભય નહિ રાખી મનમાન્યે વર્ત્યે ભય ટળતા નથી; ત્યારે પાપનો ભય રાખી એને યોગ્ય વર્તાવ રાખવાથી પુણ્ય પુષ્ટ થાય છે અને તેથી બીજા ભયો આવી પડતા નથી. પાપનો ભય કાઢી નખાવનારા અને ઢગલાબંધ પાપની સગવડ આપનારા આજના યુગને ઓળખી લેવા જેવો છે. અને જગત એમાં તણાઈ જાય એથી તમારે જૈનોએ તણાઈ જવા જેવું નથી.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૨૨,તા.૨-૩-૧૯૬૩**

**યુગનાં પાપ વિચારો,** :- મત્સ્યઉદ્યોગ, ઈંડાં ભક્ષણ, માંસ, ચરબીનાં ઈંજકશન-વિટામિન, વેશ્યાવેશ, રેડિયો, છાપાં, સિનેમા કર્માદાનના ધંધા, ચરબીના કપડાની મિલો, રાત્રિભોજન, ખોટા ચોપડા-વાઉચર-કેટકેટલાં પાપ ! જૈનોય આનો વિચાર કરી પોતાના અને કુટુંબના જીવનમાં એ ન પેસે એવી કાળજી પ્રતિબંધ નહિ રાખે તો બીજું કોણ રાખવાનું ?

છોકરાં-બચ્ચાંને આ પાપોથી બચાવી સારા માર્ગે ચઢાવવાની વાત આવે ત્યારે બહારનું ધરો છો કે 'સાહેબ ! મોહ નડે છે,' પણ પાપ કેટલાં જાલિમ છે એનો વિચાર આવે ખરો ? ના, પાપનો ભય ન હોય ત્યારે એનો બચાવ કરવાનું મન થાય છે, અને છોકરાંને હોંશે હોંશે પાપનાં સાધન પૂરાં પાડી હોંશથી પાપમાં જોડવાનું બને છે. એની હૈયે કોઈ અરેરાટી નથી થતી ! એટલે નથી ને સાધુના સંપર્કે છોકરો ધર્મ, તપસ્યા કરવા લાગી જાય તો ઝટ અટકાવવાનું કરાય છે. ત્યાં એના પરલોકનો વિચાર ખરો ?

**સાત્વિક બાઈની અડગતા :-**

પેલી બાઈ ઉપર તો જુલ્મ ચાલ્યો, 'ખાય છે કે નહિ ?' બાઈનો પણ ટેક એવો કે 'પ્રાણ જશે તે હા, પણ એક દાણો કે એક પાણીનું ટીપું રાત્રે તો મોંમાં ન જ નાખું.' ચાલ્યો કકળાટ ! એક દિવસ ગયો, બે ચાર, આઠ, દશ દિવસ ગયા, સાસુ જંપીને બેસે ? એણે તો ધણીને તથા દીકરાને ચડાવ્યા, 'આ તો ઘર વટલાવશે ઘર ! કોને લાવીને બેસાડી !'



**સંસાર એટલે શું ?** ધર્મનો પડછાયો દેખાય એટલે ઉલ્કાપાત મચે, એનું નામ સંસાર. સાસુ, સસરો, ધણી એમની કોન્ફરન્સ ભરાણી, નક્કી કર્યું, 'માને તો ઠીક, નહિ તો પિયર મૂકી આવવી.' ત્રણે જણા એ ઠરાવમાં સંમત થયા. ધર્મનો બેલી કોણ ? ધર્મની કિંમત કોણ સમજી શકે ? જેને કાંક ધર્મનો રંગ હોય. જે ધર્મનો અર્થી હોય. પેલી બાઈએ આ કોન્ફરન્સ (ત્રણે જણા) પૂછે છે. 'બે રસ્તા છે, કાં તો રાત્રે ખા, કાં તો બાપને ત્યાં જા.' આ બાઈ સાત્ત્વિક હતી. ભવિતવ્યતાની તથાવિધિ સ્થિતિ સમજી લીધી. એનામાં ઉચ્ચકોટિનો ધર્મશ્રદ્ધાનો પાયો પડ્યો હતો. **જીવનની પરવા નથી, વ્રતની પરવા છે,** ભૂખી રહેવામાં એને રંજ નથી, સમજે છે, 'નારકીમાં અનંતોકાલ ભૂખ વેઠી છે. સમજણપૂર્વક તપ કરવાનું મળે ક્યાં ? અજ્ઞાન તપ તો ઘણું થયું છે, પણ કર્મો તોડે, મોક્ષ માર્ગે જોડે, મોક્ષની નજીક લઈ જાય એ જ સમજણપૂર્વકનું તપ.' બાઈ વિચારે છે, 'આવો અવસર મળે ક્યાંથી ?' બાઈએ તો કહી દીધું, 'હું મારે પિયર જવાનું નથી કહેતી, તમારે ન રાખવી હોય એ તમે જાણો પણ હું રાત્રિભોજન નહિ કરું, વ્રત ભંગ નહિ કરું.'

**ટેકિલી બાઈની ટેકભરી વિચારણા :-**

ધર્મી તથા વિરાગીઓને વિષયમાં પડેલાઓ ગાંડા લાગે, તેમ વિષયગાંડાઓને ધર્મીઓ, વિરાગીઓ ગાંડા લાગે. પેલાઓને તો આ બાઈ ગાંડી લાગી. પેલાઓએ તો એને ઘાલી ગાડામાં, અને પિયર મૂકવા ચાલ્યા ! બાઈને જરાય દુઃખ નથી લાગતું. બાઈનો આત્મા અદ્‌ભુત ટેકિલો છે, વ્રતને જ સાર માને છે. 'વ્રત નિયમ પાળતાં કદાચ મરી જવાય તો દુર્ગતિ ન થાય, સદ્‌ગતિ થાય, પરમાત્માની નિકટ જવાય તેવું સ્થળ મળે, દેવ થવાય તો ભગવાનને સાક્ષાત્ જોવાય, મહાવિદેહમાં જન્મ મળે તો ભગવાન પાસે જ ! વ્રતપાલનથી ખરાબ ગતિ તો ન જ મળે, અઢાર પાપસ્થાનકમાં આમ કરું ને તેમ કરું એવા વિકલ્પોમાં રમે તે દુર્ગતિ પામે; પણ પાપમાં પ્રવીણ ન થાય તો દુર્ગતિ ન મળે.' બાઈ વ્રતની રક્ષાના ચિંત્વનમાં પરલોક નજર સામે રાખી રહી છે.

**હાંસી કરનારની દયા ખાવી :-**

પુત્રવધૂને લઈને ધણી, સસરો વગેરે ગાડામાં જઈ રહ્યા છે, વહુની હાંસી ઉડાવે છે, ન સંભળાવવાના બોલ સંભળાવે છે, પરંતુ વહુ મનમાં હસે છે. સાસરેથી કાઢી મુકાવું પડે એની એને લેશ ચિંતા નથી. એને તો લગની છે વ્રત-રક્ષણની. જીવનની કિંમત ભોગથી નહિ પણ વ્રતના પાલનથી છે. ધર્મના અધિકારનાં ત્રણ લક્ષણ-ધર્મની કકડીને ભૂખ લાગી હોય, ધર્મના પાલનનું સામર્થ્ય હોય, અને

શાસ્ત્રે બતાવેલ દોષ ન હોય. દા.ત. ચારિત્ર ધર્મ લેવો છે. પણ શાસ્ત્રે કહ્યું જડ અતિ ભારે શરીરવાળો યા અંગોપાંગ કપાયેલ હોય તો તે દોષવાળાને દીક્ષા ન આપી શકાય. આ બાઈ વ્રતના પાલનમાં બરાબર સ્થિર છે, એટલે આ વ્રત ધર્મની અધિકારિણી છે. પતિ અને સસરાની અજ્ઞાનતા પર દયા ખાય છે. 'સામા હાંસી કરે એ પણ એમની અજ્ઞાન દશા જ છે ને ?' **'અજ્ઞાની તો બાળક જેવા ગણાય, એમના પર દ્વેષ શો કરવો ? બિચારાની દયા ખાવી'** પુત્રવધૂ આ સમજથી, ઉંમરે નાની છતાં, અનુભવે મોટી કહેવાય.

**વચલા ગામે :-**

ગાડું ચાલ્યું જાય છે, એમ કરતાં સાંજ પડી ગઈ. એટલે વચલા ગામે એક સંબંધીને ત્યાં રોકાયા. પેલાએ સારી મહેમાનગીરી કરવા દૂધપાક પુરીનું જમણ બનાવ્યું. રસોઈ તૈયાર થઈ ગઈ એટલે બધાંને જમવા બેસાડ્યા. પણ પેલી પુત્રવધૂને ઘણો આગ્રહ કરવા છતાં એ ન બેઠી. ત્યાંય એનો પતિ અને સસરો ચીડિયાં કરી કહે છે, 'જવા દો જવા દો એનું નામ, એ તો વટલાઈ ગઈ છે, રાત્રે નહિ ખાય નહિ ! માટે તો અમે એને એના બાપને સોંપી દેવા જઈએ છીએ. વટલેલીને કોણ સંઘરે ?'

**રાત્રિભોજનનો નિષેધ કેમ ? :-**

**ધર્મ એ શું ચીજ છે ? આંધળિયા ?** કશું વિચારવાનું જ નહિ ? આ મિથ્યા ધર્મીઓની આ દશા છે, 'બસ અમારા ધર્મમાં રાત્રિભોજનની મનાઈ નથી, ને આ વહુ કેમ એનો ત્યાગ કરે છે ? માટે એ ધર્મ વટલેલી.'-આવો હિસાબ માંડી રાખ્યો છે. વિચારવું નથી કે,

(૧) રાત્રિભોજન ન કરે તો કયું પાપ લાગી જાય છે ? શો ગુનો કરી નાખ્યો ? ખાવું એ ગુનો છે કે ન ખાવું એ ?

(૨) બીજી વાત એ છે કે રાત્રે તો સહેજે રાત્રિના જંતુ ઊડતા ફરે છે, એ ભોજનમાં સ્વાભાવિક છે કે ભૂખના માર્યા, આવીને પડે. એવું ભોજન ચાવી ખાવું કે પાણી વગેરે ગટગટાવી જવું એ કેટલું બધું નિર્દય અને વિવેક વિનાનું કૃત્ય ગણાય ? જીવો પર નિર્દય બનવાના જન્મ તો આ જગતમાં ઘણા, પણ દયાળુ બનવા માટે ઊંચો ભવ આ એક માનવભવ. દયાળુ બનવા માટેના આ મનુષ્ય અવતારે સ્વાર્થલાલસા, ભોગ લંપટતા અને અજ્ઞાનતાને પરવશ બની જીવદયાની પરવા ન કરવી એ સદ્ભાગ્યને કચરી નાખવાનો ધંધો છે.

(૩) વળી, રાત્રે ભોજન કરી પછી તરત સૂવાનું આવે એટલે મન પર એની બૂરી અસર થાય છે, વાસનાને ઉત્તેજન મળે છે. સૂર્યના અભાવમાં વાતાવરણ



પ્રતાપહીન બનવાથી એમાં કરાયેલું દેહને પોષણ પ્રતાપી સાત્ત્વિક્તા નહિ, પણ પ્રતાપહીન તામસી ભાવને અનુકૂળ બને છે. આ પણ આત્માને એક મોટી નુકસાની ઊભી થાય છે.

(૪) વળી, મનુષ્યજન્મનું એક મહત્ત્વ સંયમ કેળવવાનું છે. તે માટે દિવસના પણ ખાવા-પીવાના ટંક ઓછા કરીને સંયમ કેળવવાનો છે. તો રાત્રિના તો સહેજે સદંતર ખાનપાન બંધ કરીને સર્વથા સંયમ કરવાનો હોય. એના બદલે રાતના પણ ખાવાનું ન છોડવું એ કેટલો બધો અસંયમ !

(૫) રાત્રિભોજનનો ત્યાગ કરવાથી તો જીવનના અડધા ભાગ જેટલા ઉપવાસ જેવું થાય છે. આવો મહાન લાભ કોણ ગુમાવે ?

મિથ્યા ધર્મમાં આંધળિયાં કરનારને આ કાંઈ જોવું નથી, વિચારવું નથી. એટલે મૂઢપણે માનવું છે કે રાત્રિભોજન કરીને અમે ધર્મ સાચવ્યો ! પાપ છોડવાની તો વાત નહિ, પરંતુ પાપનો ત્રાસ, અરેકારો, નફરત પણ નહિ, પરંતુ ઊલટું પાપ પર ધર્મનો સિક્કો લગાવવો છે ! અને સારું કર્તવ્ય માનવું છે !

**મિથ્યા ધર્મમાં કેમ ફસાવું નહિ,** એનું આ એક કારણ છે કે ત્યાં પાપ પર ધર્મ તરીકેનો સિક્કો લગાડવાનું, પાપને કર્તવ્ય માની એ રાચીમાચીને હોંશે હોંશે કરવાનું બને છે ! અને આ બહુ ભયંકર ચીજ છે. **પાપ ન છૂટે એ ખરાબ છે, પણ પાપને કરવા જેવું મનાય એ તો મહા ખરાબ ! કેમ કે એનાથી પાપના રસ અને પક્ષપાતના દૃઢ થઈ ગયેલા સંસ્કાર ભાવી અનેક ભવોમાં પાપને સલામત રાખે છે !** એનું પરિણામ દુઃખદ દુર્ગતિઓમાં ભટકવા સિવાય બીજું શું આવે ?

**રાત્રે જમણમાં ઝેર :-**

બ્રાહ્મણ પુત્રવધૂ સિવાય બધા જમવા બેઠા, મોજથી જમ્યા, પણ ઊઠ્યા પછી થોડી જ વારમાં જીવ ગભરાવા લાગ્યો ! અને મૂર્છિત થઈને પડ્યા લાંબા ! નહિ જમનારી બાઈ સ્વસ્થ હતી; એ ગભરાઈ ગઈ. 'આ એકાએક શું થઈ ગયું !' તરત વૈદ બોલાવ્યો, એ વિગત લઈ નાડી વગેરે તપાસી કહે છે 'ખોરાકમાં ઝેર આવી ગયું લાગે છે ! સારું થયું મને તરત જ બોલાવ્યો, નહિતર થોડીવારમાં ઝેરની અસર હૃદય પર જોર કરી મૃત્યુ જ લાવત !' વૈદે તરત જ ઉપચાર આપી ઝાડા ને ઊલટી કરાવ્યા, ઊલટીમાં લીલું લીલું કંઈક નીકળ્યું. પછી રસોડામાં તપાસ કરી, તો દૂધપાક બનાવવાના સ્થળ ઉપર ચંદરવામાં મરેલો સાપ મળી આવ્યો. નક્કી થયું કે સાપ ત્યાં આવી બેઠો હશે તે નીચેના તાપથી શેકાયો, મોંમાંથી ઝેર નીકળી પડ્યું અને નીચે દૂધપાકમાં પડ્યું.

**બાઈએ બચાવ્યા :-**

ભાગ્ય બળવાન તે વૈદના સમયસરના ઉપચારે બધા સ્વસ્થ થયા. પણ હવે પેલી રાત્રિભોજનના ત્યાગવાળી બાઈની વિશેષતા સમજ્યા, બાઈ સ્વસ્થ ન હોત તો વૈદને તરત કોણ બોલાવત ? નોકર તો પોક મૂકી લોકોને ભેગા કરત ! એમાં મોડું થઈ જાત તો આ બધા જમના ઘરે ! બાઈ હોશિયાર, તે એણે તરત વૈદને તેડાવી મંગાવ્યો ને ઉપચાર થયા તો બધા મોતમાંથી બચી ગયા !

**સસરો માફી માગે છે; કુટુંબ રાત્રિભોજન છોડે છે :-**

માત્ર બાઈની વિશેષતા જ નહિ, પણ એથી વધુ તો રાત્રિભોજન ત્યાગની વિશેષતા સમજ્યા ? સસરો અને ધણી હાથ જોડી બાઈની માફી માગે છે. કહે છે, 'માફ કરજે, આ અમે તારા વ્રતને સમજ્યા નહિ, ઊલટી મશ્કરી કરી તો આ પ્રત્યક્ષ ફળ પામ્યા ! બાકી તો તું કહે છે તે રાત્રિભોજનથી પરભવે ઘુવડ બિલાડાના અવતાર મળે એ તો વળી કેટલું બધું ભયંકર ! પછી તો પાપના જ ભવ ! **ખરેખર ! જે જ્ઞાનીઓએ રાત્રિભોજનના ત્યાગનું વ્રત બતાવ્યું હશે એમણે રાત્રિભોજનના આવા કેટકેટલા મહાન અનર્થ જોયા હશે !** અને આ વ્રત બતાવી જીવો પર કેટલો બધો ઉપકાર કર્યો ! **જ્ઞાનીઓનો રાત્રે ન જમે એના પરે ય ઉપકાર અને એથી જે બિચારા જીવો એ નિમિત્તે ન મરે એ જીવો ઉપર પણ ઉપકાર !** આજથી હવે અમારે આખા કુટુંબ સાથે રાત્રિભોજનના ત્યાગની પ્રતિજ્ઞા.' એમણે કહ્યું એટલે જજમાન ઘરધણીએ પણ એ પ્રમાણે નક્કી કરી જાહેર કર્યું. પછી બીજા દિવસે, વેવાઈને ત્યાં જવા નીકળેલા, હવે ઘર ભેગા થઈ ગયા ! પુત્રવધૂને ધકેલી દેવા નીકળી પડેલા તે એને હવે ઘરની દેવી, કુટુંબનું રત્ન માની સન્માન સાથે ઘરે પાછી લઈ આવ્યા !

**જૈન ધર્મ પર આકર્ષણ :-**

પછી તો આટલો પ્રત્યક્ષ પ્રસંગ દેખ્યો એટલે જૈન ધર્મ તરફ આકર્ષાયા, મુનિમહારાજનો સંસર્ગ કરવા લાગ્યા; અને સંગ તેવો રંગ, જૈન ધર્મની એકેક અદ્‌ભુત વિશેષતા અને અગાધ કલ્યાણ-કરતા જાગતા ગયા, અને જૈન ધર્મ પ્રત્યે આકર્ષણ વધતુ ગયું ! એમ કરતાં મિથ્યા ધર્મ છૂટી ગયો અને જૈન ધર્મની અનન્ય શ્રદ્ધાવાળા બની ગયા ! એટલું જ નહિ પણ રાત્રિભોજન ત્યાગની જેમ બીજા કેટલાય અભયદાનકારી અને વિષયત્યાગકારી વ્રતનિયમોના ગ્રાહક અને પાલક બની ગયા !

**ભોગોપભોગપરિમાણ વ્રતનું આ મહત્ત્વ છે કે એ જીવોને અભયદાન દેવાની અને વિષયોનો ત્યાગ કરવાની સગવડ કરી આપે છે.** જેમ જેમ નવા નવા વ્રતનિયમ



કરતા જાઓ અને જૂના વ્રતનિયમોમાં વધુ વિસ્તાર અર્થાત્ છૂટની રહેલી વસ્તુના પરિમાણમાં સંકોચ કરતા આવો તેમ તેમ વધારે ને વધારે જીવોને અભયદાન મળતું આવે, યા ઇન્દ્રિયોની સ્વેચ્છાચારિતા પર કાપ પાડનારો વિષયોનો ત્યાગ વધતો આવે, અથવા બંને લાભ મળતા જાય. આ વસ્તુ દૃષ્ટાન્તથી જોઈએ. એ પહેલાં એટલું સમજી રાખો કે

જીવોનો અભયદાન અને વિષયોનો ત્યાગ, આ બે લાભ મામૂલી નથી ! મહાન લાભો છે.

**જીવોને અભયદાનના લાભમાં વિચારવાનું** એ છે કે જીવ વિશ્વના સંબંધમાં રહી વિશ્વના જીવો તરફ બેપરવાઈ રાખીને, અર્થાત્ પોતાની પ્રવૃત્તિથી એના સુખ લૂંટાશે, એ દુઃખ પામશે કે એના પ્રાણનો નાશ થશે એ વસ્તુની દરકાર કર્યા વિના, જીવોનાં સુખ લૂંટી દુઃખ ઊભાં કરી યાવત્ પ્રાણ હરીને પોતાની સ્વાર્થી લાલસાઓ પૂરી કરે છે, તેથી જ 'Tit fot Tat' વારા પછી વારો, મારા પછી તારો' નો સ્વાભાવિક ન્યાય આવીને ઊભો રહે છે. -બદલામાં ઊભાં થયેલાં કર્મ દ્વારા પોતાનાં સુખ લૂંટાવા, દુઃખ પામવા અને પ્રાણ જોખમાવાના અવતાર કરવા પડે છે. એમાં ય પાછું બીજા જીવોનાં સુખ લૂંટી, દુઃખ ઊભાં કરી, અને પ્રાણ હરીને પોતાને જીવવું એટલે બદલામાં નવી નવી જન્મ-પરંપરા ચાલુ રહે છે. અનાદિકાળથી આપણો જીવ આ જ રીતે જન્મ-મરણ, જન્મ-મરણના ચક્રાવામાં ઘૂમતો-પિસાતો આવ્યો છે ! છતાં અફસોસ કે હજી એનો થાક લાગ્યો નથી !

કહો, થાક લાગ્યો છે ?

ના, લાગ્યો હોત તો તો એના મૂળ કારણભૂત આ બીજાના સુખની લૂંટ, દુઃખનાં દાન અને પ્રાણના નાશને બંધ કરી નાખવા ચારિત્રને સ્વીકારી લીધું ન હોત ? ચારિત્ર ન મળે ત્યાં સુધી લોહીના આંસુએ રોજ રડતા ન રહેત ! અને જ્યાં બેઠા છો ત્યાં બને તેટલા વધુ ને વધુ વ્રતનિયમો લઈ લઈ જીવોના સુખની લૂંટ વગેરે કરવામાં સંકોચ ન કર્યો હોત ? અર્થાત્ જીવોને અભયદાન દેવાની પ્રવૃત્તિ વધારતા ગયા નહોત ?'

**પૂછો અંતરાત્માને ચારિત્રદીક્ષા લઈ જીવોને અભયદાન દેવાનું નથી બનતું અને રોજના અસંખ્ય જીવોના સંહાર કરવા પડે છે એ બદલ લોહીના આંસુ પડે છે ?**

**વીતરાગની નિશાળે :-**

**પ્ર.**- ના, મોહ નડે છે ને ?

ઉ.- ખરું બોલ્યા ! કોની નિશાળે બેઠા આ બચાવ કરો છો ? જૈનપણાનું અભિમાન હોય તો તો સમજો કે જગતના સર્વ જીવોને રાગાદિથી આડકતરી રીતે

પણ નહિ પીડવા એવું જે સંપૂર્ણ અભયદાન, તે દેનારા અને એ જ ઉપદેશનારા તીર્થંકર ભગવાનની નિશાળે બેઠા છો. ત્યાં અભયદાન દેવાનું શીખવાની વાત તો દૂર, પણ એ ન આવડવા બદલ રોવાની વાતેય નથી ! ઊલટું ખિલખિલાટ ભયદાન, યાને આરંભસમારંભ કર્યે જવા છે એ વિદ્યાર્થીપણું કેવું ? સંપૂર્ણ દારૂના વ્યસનનો ત્યાગ શિખવાડનારી અને સર્વથા દારૂત્યાગી માસ્તરની નિશાળે બેઠેલો વિદ્યાર્થી દારૂનો ત્યાગ તો ન શીખે તો ન શીખે, પણ એ ન આવડવા બદલ રૂવે ય નહિ, ઊલટું ખિલખિલાટ દારૂ પીયે રાખે, એ વિદ્યાર્થી કેવો કહેવાય ? અને વિદ્યાર્થી કહેવાય કે ઘૂસણિયો તોફાની બારકસ ?

**નિશાળની પદ્ધતિ :-**

આ વિચારવા જેવું છે. દુનિયાની નિશાળે ભણેલા માસ્તરે શિખવાડેલું ન આવડતાં હૈયું રડતું હતું, શીખવા માટે ઘેર માસ્તર રાખતા, યા બીજા વિદ્યાર્થી પાસે જઈ મહેનત કરતા, વરસ પૂર્ણ થઈ પરીક્ષા આવે તે પહેલાં ગમે તે ભોગે તૈયાર થઈ પાસ થવા ધખતા હતા; તો પછી અહીં અભયદાતાની નિશાળે બેઠા છો. જીવન પૂરું થઈ સમાધિમરણની પરીક્ષા આવે તે પહેલાં ગમે તે ભોગે અભયદાનના શિક્ષણમાં તૈયાર થઈ પરીક્ષામાં પાસ થઈ જવાની ઝંખના નથી ? તો શું એમ લાગે છે કે ત્યારે આ નિશાળે બેઠા એ ભૂલ કરી ? યા ભૂલ તો નથી લાગતી પણ આ નિશાળના વિદ્યાર્થી એટલે આજની કોલેજના કેટલાક ઉચ્છંખલ વિદ્યાર્થીની જેમ ભણાવનાર પ્રોફેસરને ખિસ્સામાં રાખનાર લાટ સાહેબના દીકરા ?

પણ એટલું ધ્યાન રાખજો કે ત્યાં જેમ દિલાવર દિલનો પ્રોફેસર ગમે તેટલું ચલાવી લેનાર હોય છતાં યુનિવર્સિટીની પરીક્ષા વખતે પરીક્ષક પરિણામ બરાબર દેખાડી દે છે ! તેવી રીતે અહીં શિક્ષક અરિહંત ભગવાન અને સદ્ગુરુ ભલે ચલાવી લે, પરંતુ મૃત્યુની પરીક્ષા વખતે કર્મ પરીક્ષક પરિણામ બરાબર દેખાડી દે છે ! **અભયદાનનાં શિક્ષણની કરેલી બેપરવાઈ, એનો કોઈ પશ્ચાત્તાપ પણ નહિ, એ અભયદાન ભણાવનાર અરિહંતને ખિસ્સામાં ઘાલવા બરાબર છે.** શિક્ષકને માથે ધરવા હોય તો શિક્ષણ લેવું પડશે, રોજ ને રોજ પાઠ તૈયાર કરવા મહેનત કરવી પડશે, ન આવડવા બદલ રોવું આવવું જોઈશે. આ ય ન હોય એ વિદ્યાર્થી ધિઠ્ઠો છે. ઉચ્છ્રંખલ છે, માસ્તરની ય ઠેકડી ઉડાવનારો છે, બીજા વિદ્યાર્થીને ય બગાડનારો છે. જૈન એટલે જિનેશ્વર ભગવાનની નિશાળના વિદ્યાર્થી છીએ તો આ બધું જાતમાં વિચારવા જેવું છે, અને એવા ધિઠ્ઠ ઉચ્છ્રંખલ તરીકે ન બની રહેવાય એ માટે અભયદાનનાં શિક્ષણ જીવનમાં ઉતારવાં જોઈશે, ન ઊતરે એનાં રુદન હોય, લોહીનાં આંસુ પડે !





**મોક્ષની ડિગ્રી સો ટકા માર્કે :-**

ધ્યાનમાં રાખવાનું છે કે આજની કૉલેજોમાં તો ૩૫-૪૦ ટકા માર્કસથી પાસ થતાં ડિગ્રી મળે છે, પરંતુ જિનશાસનની નિશાળ તો કહે છે કે સોએ સો ટકા માર્ક્સથી પાસ થશો તો જ મોક્ષની ડિગ્રી મળવાની છે. અર્થાત્ સંપૂર્ણ અભયદાન જીવનમાં ઉતારશો તો જ પાસ અને મુક્ત થવાશે. એટલે ત્યાં જેમ એક જ ઝંખના કે, 'કમમાં કમ પાસીંગ જેટલા માર્કસ લાવું' એમ અહીં પણ આ એક માત્ર ઝંખના રહે કે 'પાસ થવા જેટલી સંપૂર્ણ અભયદાનની કક્ષાએ પહોંચું !' પછી ચાહ્ય બાર વ્રતધારી શ્રાવક હોય તે વ્રત વિનાની માત્ર શ્રદ્ધા ધરાવનાર શ્રાવક હોય, પણ આ ઝંખના જોઈએ.

**ખોટો સંતોષ :-**

ખૂબી તો એ થાય છે કે જો મોહરાજાનું ઘેન ચઢી જાય છે તો શ્રાવકના બાર વ્રત લઈ લીધા પછી સંતોષ વળી જાય છે, મન માંડવાળ કરી લે છે કે 'બસ આ જીવનમાં આટલું ઘણું ! બહુ દોડવાની જરૂર નથી.' વિચારો આની પાછળ ક્યું હૃદય છે ? બાર વ્રત પછી પણ હજી આરંભ સમારંભ કરવાનું સ્થાવર જીવોના સુખની લૂંટ ચલાવવાનું, જીવોને દાબવા-કચરવા-ખત્મ કરવાનું ચાલુ છે એનો હૈયે આઘાત ખરો ? હૈયું કકળી ઊઠે છે ખરું ? એવી જરૂર ખરી ? એ જીવનાશનો સંતાપ જોઈએ ખરો ? કે કલેજે ઠંડક રાખી 'ખપ એનો સોસ (અફસોસ) નહિ' એ ન્યાય લગાડી નિરાંત જીવોને હણી શકાય ? જૈનપણે શું ઉચિત છે ? વ્રતધારી શ્રાવક જો આવી ઢીલી વાત કરે તો વ્રત વિનાના જૈનની શી વાત કરાય ?

ખરી રીતે તો જૈનધર્મની ભલેને માત્ર શ્રદ્ધા જ હોય, વ્રત ન ય લીધાં હોય, છતાં સંસારના આરંભ-સમારંભ જીવોની હિંસાથી ચલાવવું પડે છે એનું એને ભારોભાર દુઃખ હોય. એટલું જ નહિ, પણ જ્યારે આરંભ સમારંભનો પ્રસંગ નથી ત્યારે પણ, તેમજ જે બહાર રહેલા અનંતા જીવોને પણ આરંભ-સમારંભનો પ્રસંગ નથી, એના અંગે પણ એ હિંસાથી પોતે પ્રતિજ્ઞાબદ્ધ વિરત નથી, અર્થાત્ મન પ્રતિજ્ઞાના નિર્ધાર સાથે વિરામ પામ્યું નથી, એટલે અંતરથી એ જીવોને અભયદાન કર્યું નથી એનો ય એ શ્રદ્ધાળુ જૈનને ખેદ હોય. આવા ખેદનું સહજ પરિણામ એ હોય કે શક્તિ અજમાવીને શક્ય એટલા વ્રતનિયમમાં આવી એટલા પ્રમાણમાં જીવોને અભયદાન દેવાય અને એનો આનંદ મનાય.

**પ્ર.**- જીવોને અભયદાન કર્યું કહેવામાં આવે છે પરંતુ એ જીવોને બીજાઓ

તરફથી તો ભય હજી ઊભા છે; તો પછી એ અભય, નિર્ભય ક્યાં થયા ?

ઉ.- આ અભયદાન એટલે આપણા તરફથી અભયનું દાન એવો અર્થ સમજવાનો છે. બાકી સર્વજીવો તરફથી અભય એટલે કે કોઈ પણ ભય ન કરે, દુઃખ ન દે એ વસ્તુ સંસારમાં બનવી દુઃશકય છે, કેમ કે જીવનાં પોતાનાં અશુભ કર્મના હિસાબે કોઈ ને કોઈના તરફથી દુઃખ આવવું સંભવિત છે; એ અટકાવવાનું સામર્થ્ય મોટા દેવતામાં નથી. દા.ત. કૃષ્ણજીને ત્રીજી નરકમાંથી બચાવવા બળદેવ દેવતા ગયા પણ અંતે પાછા વળવું પડ્યું ! દુઃખ દીધા વિના નિકાચિત અશુભ કર્મ ખસે શેનાં ? હા, તીર્થંકર ભગવાન જીવોને મોક્ષ પમાડી સર્વ જીવોથી નિર્ભય કરી દે છે. પણ તે તો સર્વથા કર્મરહિત થઈ સંસારથી છૂટ્યા પછીની વાત છે. સંસારમાં તો જીવોને આપણા તરફથી અભયનું દાન કરી શકીએ, અને તે હિંસા-ત્યાગની પ્રતિજ્ઞાથી જ બની શકે, હિંસાની વિરતિથી જ બને.

**ક્યો પરિણામ ઊંચો ? મૈત્રીનો કે વિરતિનો ?**

આ હિંસાત્યાગનો વિરતિપરિણામ બહુ ઊંચી ચીજ છે. એક જીવ ભાવના કરે છે કે 'સર્વ જીવો સુખી થાઓ, સૌનું ભલું થાઓ, સૌ મારા મિત્ર છે,' અને બીજો જીવ સર્વ તો નહિ પણ થોડા જીવ માટે એવી પ્રતિજ્ઞા કરે છે કે 'મારે ત્રસ જીવોને મારવા નહિ,' આ બેય આત્મ-પરિણામ છે. હવે પ્રશ્ન એ છે કે બેમાંથી ક્યો આત્મપરિણામ ઊંચો છે ? પહેલાએ સર્વના ભલાની ભાવના કરી છે, બીજાએ થોડાની હિંસાના ત્યાગનો સંકલ્પ નક્કી કર્યો, બેમાં ક્યો ભાવ ચઢે ? કહેવું જ પડે બીજાનો ભાવ ચઢિયાતો છે; ભલે એણે સૌ તો શું પણ થોડાને ય સુખ મળવાની, ભલુ થવાની ભાવના કદાચ નથી કરી, માત્ર 'મારે એને મારવા નહિ' એટલો જ નિર્ધાર કર્યો છે. આનું શું કારણ ? કારણ સ્પષ્ટ છે, પહેલાએ ભલે બધાના સુખની ભાવના કરી, પણ અવસર આવ્યે પોતે જ આરંભ સમારંભ કરી જીવોનું સુખ લૂંટી મરણ સુધીનાં કારમાં દુઃખ એમને આપી રહ્યો છે ! એટલું જ નહિ પણ 'હિંસા આરંભસમારંભ હું નહિ કરું' એ નક્કી કરવામાંથી આઘો રહે છે. એટલે ? 'તું સુખી થા, પણ મારે મારા સ્વાર્થે મારા કષાયે તને મારવાની છૂટ !' વિચારો આ ભાવ ઊંચો છે કે 'હું નહિ જ મારું' પ્રતિજ્ઞાબદ્ધ ભાવ ઊંચો ? બીજો જ ઊંચો કહેવો પડે ને ? એટલા માટે તો આ ભાવમાં જ ગુણસ્થાનક પાંચમું છઠ્ઠું કહ્યું, સૌના સુખની ભાવનામાં નહિ.

**વિરતિનાં ઊંચાં મૂલ્યાંકન જૈન શાસનમાં છે**

બૌદ્ધ ધર્મે મૈત્રી આદિ ભાવના બતાવી એના ગુણ ગાયા, બૌદ્ધ શાસ્ત્રોએ બુદ્ધમાં એનો ઉચ્ચ વિકાસ વર્ણવ્યો, પણ આમાં મોટી ભૂલ એ કરી કે સાધક



જીવોની દૃષ્ટિ આટલે જ બાંધી દીધી 'બસ, મૈત્રી કરુણાની વિશાળ ભાવના કરો એટલે મોક્ષ થઈ જાય,' સાધનાની કક્ષા આટલે જ અટકાવી ! એટલે પછી એમાં ફસેલા જીવ બિચારાને એ વિચાર જ ન આવે કે 'આ તો હજી નીચેનું પગથિયું છે. હજી મારે ઊંચે હિંસા-ત્યાગની ત્રિવિધે ત્રિવિધે પ્રતિજ્ઞા કરવાની છે.' આ દૃષ્ટિમાં જ ન આવવા દે એવી તત્ત્વવ્યવસ્થા કે મોક્ષમાર્ગની વ્યવસ્થા કેવી ગણાય ? મૂઢતાવાળી જ ને ? ઊંચાં કર્તવ્ય લક્ષમાં જ ન હોય એટલે આચરવાનાં તો દૂર રહ્યાં પણ શ્રદ્ધામાં મનોરથમાં ય લાવવાનાં પણ ક્યાં રહે ? ઊલટું 'પોતે મૈત્રી ભાવના રાખે છે ને ?' એના આત્મ-સંતોષ પર, હિંસાવિરતિનું મહત્ત્વ અને અતિ આવશ્યકતાનું લક્ષ નહિ હોવાને લીધે, પોતાનાથી કરાતી સ્થાવરાદિ જીવોની કરણ કરાવણ અને અનુમોદનરૂપ હિંસાનો ખેદ પણ નહિ હોય ! ઊલટું હિંસા કર્તવ્ય મનાતી હશે ! બૌદ્ધ ધર્મે અંતિમ લક્ષ્ય બહુ નીચે ઉતારી દેવાથી અર્થાત્ મૈત્રી આદિ ભાવના પર ભારે ઝોક આપી વિરતિના મહત્ત્વને ઉવેખી નાખવાથી સાધનાના ઈચ્છુક જીવોને પણ મૂઢતામાં તાણ્યા છે. આ સૂક્ષ્મતાએ વિચારવા જેવું છે. ઉપર ઉપરથી તો એમ લાગશે કે 'બૌદ્ધ ધર્મે આવો ઉપદેશ કર્યો એ શું ખોટું કર્યું ? ભલે થોડું પણ સારું ઉપદેશ્યું ને ?' પરંતુ વસ્તુસ્થિતિ આ છે કે ધ્યેય નીચું બાંધી જીવોને ધર્મની ઊંચી વસ્તુની સરાસર ઉપેક્ષા અર્થાત્ મૂઢતા-મિથ્યાત્વમાં પકડી રાખ્યા એ મોટું નુકસાન છે. મૂઢતા-મિથ્યાત્વ આ કે 'પોતે સૂક્ષ્મ પણ જીવોની હિંસા આરંભસમારંભથી નિવૃત્ત થવાનું; એના ત્યાગની પ્રતિજ્ઞા કરવાની; તે પણ જાતે તો હિંસાદિ કરવાના કે કરાવવાના નહિ. એટલું જ નહિ પણ કોઈ કરે એમાં આડકતરી રીતે પણ પોતાને એની અનુમોદના ય નહિ કરવાની એટલે કે હિંસાની અનુમોદનના પણ ત્યાગની પ્રતિજ્ઞા કરવાની;-આ વસ્તુનું લક્ષ્ય જ નહિ, તેથી હિંસા-આરંભ-સમારંભ અને એના પ્રયોજક પરિગ્રહાદિ પાપ કરવા-કરાવવા અનુમોદવાનું થાય એની કોઈ અરેરાટી, ખેદ યા પશ્ચાત્તાપ નહિ થવાનો ! ધ્યેય નીચું બાંધ્યું છે એટલે ત્યાં જ અટકી જવાનો. ત્યાં પેલાં અનુમોદના સુધીનાં પાપ અને એના ત્યાગની પ્રતિજ્ઞાના અભાવે અવિરતિનાં પાપની હેયતા-ત્યાજ્યતાનું ભાન પણ નહિ ! હૈયે એ પાપોનો ડંખ, ભય કે કંપ નહિ ! ઊલટું પ્રતિજ્ઞાબદ્ધ એ પાપોને ત્યજી દઈ વિરતિમાં-સંયમમાં આવેલાને આક્ષેપ કરશે કે 'જોઈ તમારી વિરતિ ! માત્ર તમારા પોતાના જ આત્માનો સ્વાર્થ જુઓ છો ! જીવોનું ભલું ક્યાં વિચારો છો ? જીવ અનાદિકાળથી સ્વાર્થના કારણે જ ભટક્યો છે, પોતાનું જ સુખ જોયા કર્યું, બીજાના સુખનો વિચાર કર્યો નથી માટે જ સંસારમાં ભમ્યા કરવાનું બન્યું છે. અહીં પણ સંસાર છોડી વિરતિ લઈ લીધી તે

ય પોતાના જ સુખના વિચારે, પોતાના જ સ્વાર્થે, એમાં જગતના જીવોના સુખનો વિચાર ક્યાં કર્યા કરો છો ? એ કર્યા વિના કલ્યાણ નથી થવાનું.'-આવો આક્ષેપ કરાય એ મૂઢતા નહિ તો બીજું શું છે ?

આચાર્ય ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ 'પંચવસ્તુ' શાસ્ત્રમાં સાધુ સદા પરહિતરત હોય એમ કહી 'પરહિત' શું એની સમજ આપતાં કહે છે, **'मोत्तूण अभयकरणं परोवयारो हु नत्थि अण्णोत्ति ।'** જીવોને અભય કરવા સિવાય બીજો પરોપકાર બીજું પરહિત નથી.' પ્રાણાતિપાત વિરમણ યાને ત્રિવિધે ત્રિવિધે હિંસાત્યાગની પ્રતિજ્ઞાસ્વરૂપ અહિંસા મહાવ્રત કરવા દ્વારા પોતાના તરફથી સર્વ જીવોને અભયદાન કરવું, નિર્ભય કરવા, એ સાચો પરોપકાર છે, ખરેખર પરહિત જ છે. એટલે જાતે અભયદાન દેવું એય પરહિત અને એવા ધર્મનો ઉપદેશ આપવો કે એનાથી એ સાંભળનાર બીજા જીવોને અભયદાન દેતાં દેતાં પરંપરાએ પોતે સર્વથા અભય અજરઅમર બની જાય એ ઉપદેશ પણ પરહિત છે. આવા અભયદાનનું કાર્ય મુનિઓ સાચું પરહિત કરી રહ્યા છે. એમના પર આક્ષેપ કરવો કે 'તમે તો એકલો સ્વાર્થ સાધો છો, પરનું ભલું વિચારતા જ નથી, એમ તો સ્વાર્થ અનંતો કાળ સાધ્યો માટે તો ભવભ્રમણ છે.' એવો આક્ષેપ અસત્ છે, ગલત છે. અજ્ઞાનદશાનો છે.

**ભવભ્રમણ શાથી છે ? 'સ્વાર્થ' શબ્દનો વિવેક :-**

જીવ શું અનંત કાળથી ભવમાં ભટકે છે તે આત્મિક સ્વાર્થ સાધ્યો માટે ? કે પૌદ્‌ગલિક સ્વાર્થ સાધવાના કારણે ? 'સ્વાર્થ ' શબ્દ હલકો છે, આત્મિક સ્વાર્થ એ સ્વાર્થ ન કહેવાય, એ તો પરમાર્થ છે, પ્રશસ્ત પુરુષાર્થ છે. આત્માના કલ્યાણની પ્રવૃત્તિને પણ હલકા સ્વાર્થ શબ્દથી નવાજવી હોય, તો તો પછી પરમાર્થ શું રહેશે ? જીવનો આ દુઃખદ ભવસાગરથી ઉદ્ધાર એ સિવાય બીજા શેનાથી થશે ? જીવ જે અનાદિ કાળથી આ ભીષણ ભવાટવીમાં ભટકતો છે તે આત્મિક સ્વાર્થ યોગે નહિ પણ પૌદ્‌ગલિક સ્વાર્થના લીધે. એમાં પણ હજી પૃથક્કરણ કરવા જેવું છે.

'પૌદ્‌ગલિક વિષયોના સ્વાર્થને લીધે' કહીએ એમાં ભાર સ્વાર્થ ઉપર છે કે પૌદ્‌ગલિક વિષયોની લગની પર છે ? બેમાંથી ખાસ કોના લીધે ભવભ્રમણ છે ? જો 'સ્વાર્થના લીધે' કહીએ તો તો એનો અર્થ એ થયો કે ત્યારે તો જો સ્વાર્થ છોડી દઈ પરાર્થવૃત્તિ-પરોપકારી બનીએ અને જગતને વિષયસુખોની લાણી કરીએ તો તો પછી આપણે ભલે વિષયસુખમાં ડૂબાડૂબ રહીએ, છતાં આપણો નિસ્તાર થઈ જાય, ભવભ્રમણ મટી જાય. પરંતુ એવું નથી. એમ મોક્ષ કદી ન મળે. મોક્ષ માટે



ભવભ્રમણ અટકાવવા માટે તો પૌદ્‌ગલિક વિષયસુખોની ભૂખ, આસક્તિ, આવેશ, પક્ષપાત, આગ્રહ વગેરે છોડવા જ જોઈએ. એનો અર્થ એ આવીને ઊભો રહે છે કે જીવ અનાદિ કાળથી આ સંસારમાં ભટકતો છે, એ પૌદ્‌ગલિક વિષયસુખોની લગની, આસક્તિ, આવેશના કારણે. પછી જીવને કોઈએ શિખવાડ્યું કે 'તું બીજાને વિષયસુખો આપ તો તને દેવલોકનાં સુખ મળશે.' તો બીજાને વિષયસુખ આપવાનું જીવે કર્યું, પરાર્થ કર્યો, સ્વાર્થ એટલો છોડ્યો. છતાં વિષયસુખની લગની જરાય ઓછી ન કરી, તો સંસારમાં ભટકતો જ રહ્યો. કોઈએ કહ્યું 'સર્વ જીવોને વિષયસુખો મળો' એવી ભાવના કર તો ઊંચાં દેવતાઈ સુખ તને મળશે. તો વિષયલાલચુ જીવે એવી ભાવના પણ કરી, પરંતુ પોતાનો વિષયાવેશ, વિષયલાલસા સતેજ રાખી તોય એને ભવની કેદ જ રહી. આ સૂચવે છે કે ભવભ્રમણનું કારણ સ્વાર્થ નહિ, પણ વિષયસુખોની લંપટતા છે.

**સૂત્રસાક્ષી :-**

**આચારાંગ સૂત્રના** બીજા 'લોકવિજય' નામના અધ્યયનમાં શ્રી સુધર્મા ગણધર મહારાજ કહે છે **'जे गुणे से मूलट्ठाणे'** અર્થાત્ કામભોગના જે ગુણ શબ્દ-રૂપ-રસ ગંધ-સ્પર્શ છે. અર્થાત્ ઈન્દ્રિયોના જે વિષયો છે તે મૂળનું 'સ્થાન' છે, મૂળ એટલે સંસાર વૃક્ષના મૂળ કષાયો; એનું 'સ્થાન' એટલે આશ્રય. કષાયોનો આશ્રય કોણ ? શબ્દાદિ વિષય. એના પર કષાયો આશ્રિત છે, અર્થાત્ વિષયોના આલંબને કષાયો-ક્રોધ-દ્વેષ-માન-મદ-માયા-લોભ-રાગ-તૃષ્ણા-મમતા જન્મે છે, અને પછી સંસાર વૃક્ષને ખખડધખ ઊભો, લીલોછમ ઊભો રાખે છે. એટલે અહીં મૂળ પાપ વિષયો ને વિષયની આસક્તિને કહ્યું. ભવભ્રમણનું આ જ કારણ છે, કારણભૂત આ વિષયલંપટતા જ છે.

એટલા માટે આપણે ભોગોપભોગ પરિમાણવ્રતની વિચારણામાં એ વ્રતથી જીવનને શોભાવવામાં, આ પણ દૃષ્ટિનો વિચાર કરવાનો છે કે વ્રત શા માટે લેવું ? લઈને પાળતાં કઈ દૃષ્ટિ રાખવી ? તો કે વિષયસુખોની લંપટતા કપાય એ માટે વ્રતમાં આવવાનું; અને વ્રત પાળતાં પાળતાં પણ આ જોતા રહેવાનું કે વિષયસુખોની લાલસા કપાતી આવે છે ને ?

એટલે ભોગોપભોગ પરિમાણ વ્રત રાખવામાં જીવોને શક્ય અભયદાનનો હેતુ તો છે જ, ઉપરાંત વિષયસુખની લાલસા કાપવાનો હેતુ પણ છે.

**એકલી ઊંચી દૃષ્ટિવાળો સોનગઢમત :-**

અહીં એક વાત પ્રાસંગિક રહી જાય છે. આપણે જોયું કે સૂક્ષ્મ પણ જીવની ત્રિવિધ-ત્રિવિધે અર્થાત્ મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદવા રૂપે હિંસા ન કરવાની પ્રતિજ્ઞામય જે ઉચ્ચ મુનિજીવન, એને ભૂલીને માત્ર મૈત્રી-માનવતા વગેરે પર જ ભાર મૂકી એને જ ઊંચી કક્ષા અને એમાં જ સર્વસ્વ મનાવે ત્યારે, એ લોકોને દૃષ્ટિમાંથી પણ ઉચ્ચ ભૂમિકા ચુકાવવાની મહાન ભૂલ કરે છે, જિનશાસનની નીચેની કક્ષાની સાધનામાં જો સર્વસ્વ મનાવાય તો એ પણ ભૂલભર્યું છે; આ જ્યારે જોયું ત્યારે પ્રશ્ન ઊઠે છે.

**પ્ર.**- તો શું કોઈ સૌથી ઉચ્ચ કક્ષાની સાધના પર જ ભાર મૂકી એને જ સર્વસ્વ મનાવી નીચેની સાધના ભુલાવે તો તે બરાબર ગણાય કે કેમ ?

**ઉ.**- અહીં કહેવું પડે કે એ બરાબર નથી; કેમ કે જેવી રીતે નીચેની કક્ષાની સાધના પર જ ભાર મૂકી ઊંચી કક્ષાની સાધના તરફ બિલકુલ દૃષ્ટિ ન જવા દેવાય તો એ ઊંચી સાધનાના અભાવમાં થતાં પાપનો ખેદ પણ એ નથી રહેવા દેતો, માટે એ બરાબર નથી; તેવી રીતે એકલી ઉચ્ચ કક્ષાની સાધના પર ભાર મૂકવાથી નીચેની સાધનાઓ તરફ બેદરકાર બનાવી એ સાધનાના અભાવમાં થતા પાપનો ખેદ પણ નહિ થવા દે. સોનગઢના ભ્રાન્ત નિશ્ચયવાદી મતમાં આ સ્થિતિ છે. એ કહે છે,- 'અસલમાં આત્માને વીતરાગ બનાવવાનો છે માટે રાગ કાઢવો જોઈએ. દેવદર્શન-સામાયિક-તપસ્યા વગેરેના રાગથી તો જીવે અનંતા માનવ ભવ બરબાદ કર્યા માટે હવે એ રાગને છોડો. આત્મા તો સ્વગુણપર્યાયમાં રમનારો છે, એને બાહ્ય ક્રિયા સાથે શું લાગે વળગે ? દેવદર્શનાદિ ક્રિયા જે રાગ કરાવે છે એનાથી આત્મકલ્યાણ માનવું એ મિથ્યાત્વ છે. હવે એ છોડો; બહારમાંથી નીકળી અંદરમાં આવો; તો જ કલ્યાણ થશે...'

શું આવ્યું આ ઉપદેશમાં ? સૌથી ઊંચી કક્ષા વીતરાગતાની; સીધી એની સાધના કરવાની વાત આવી. તો પૂછો, 'એમાં શું ખોટું છે ?' ખોટું એ, કે વીતરાગતાની કક્ષા ખરેખર જે નીચેની કક્ષાઓની ક્રમિક સાધનાથી સિદ્ધ થઈ શકે છે એના પર નફરત જગાવી ! ઉપાદેય તો નહિ પણ ઊલટું હેય, ત્યાજ્ય મનાવી ! આ ખોટું કર્યું. બિચારાની મૂઢતા તો કેટલી બધી કે 'હિંસા ખોટી, આરંભસમારંભ ખોટા, જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ પાપ ખરાબ.' એવો ઉપદેશ નહિ. પણ 'વીતરાગ પ્રભુનાં દર્શન ખોટાં, પૂજાભક્તિ ખોટી, સામાયિક ખોટું, તપસ્યા



ખોટી, વ્રતો ખોટાં...' આવું ઉપદેશવાનું સૂઝ્યું ! ને એવું જ જાતે માનવાનું સૂઝ્યું ! એ મૂઢતામાં એ ખબર નથી કે વીતરાગતા સાધવા જે રાગ કાઢવાના છે તે શું એવા દૂબળા-પોચલા છે કે એમ જ વિચારવા માત્રથી નીકળી જશે ?

**રાગના ઢગલાબંધ નમૂના :-**

જ્યારે પોતે 'વીતરાગી દશા, વીતરાગી દશા' ની જપમાળા જપી રહ્યો છે, એ જ વખતે બીજી બાજુ પોતે રાગના ઢગલાબંધ ચાળા કરી રહ્યા છે ! જમવા બેસે છે ત્યાં સામે દાળનો વાડકો ને પાણીનો પવાલો બંને છે, છતાં રોટલીનો ટૂકડો દાળમાં જ બોળે છે, પાણીમાં નહિ ! આ ભેદ કોણ પાડે છે ? દાળને ભાતમાં જ ભેળવે છે, શાકમાં નહિ, કેમ વારુ ? પીવા પાણી મટકીમાંથી જ લે છે, તપેલામાંથી કે બાલદીમાંથી નહિ ! કપડાં બદલતાં પહેરવા માટે ધોતિયું જ હાથમાં લે છે, સાડલો નહિ ! સુવા ગદેલું જ જોઈએ છે, માત્ર ચટાઈ નહિ ! બોલવામાં 'હું,' 'મને,' 'મારું,' જરાય ભૂલતા નથી ! તિજોરીમાં રૂપિયા ભરે છે કાંકરા નહિ ! બહારથી આવી પોતાના જ ઘરમાં પેસે છે, પારકા ઘરમાં નહિ ! આ બધા ભેદ શાથી ? કહો અંતરમાં જાગતો બેઠેલો રાગ એ ભેદ પાડી રહ્યો છે. રાગના આ તો બહુ સામાન્ય ચાળા ગણ્યા, બાકી તો કેઈ ભયંકર ચાળા જીવનમાં ચાલી રહ્યા છે. એ કશા ઓછા નથી કરવા અને માત્ર એમ માનવું છે કે 'એ બધું જડ કરે છે. હું તો એનાથી સર્વથા નિરાળો છું મારે એના કર્તૃત્વનું અભિમાન નહિ રાખવાનું. મારે મારી ત્રિકાલી પર્યાય અને વીતરાગી દશા જોવાની, નિર્વિકાર, અક્રિય, સચ્ચિદાનંદઘન અવસ્થામાં રમવાનું'-આ ભ્રમણામાં, આ ઢોંગમાં, આ અજ્ઞાન દશામાં જીવ રમતો રહે એટલે શું રાગ નીકળી ગયો ? કે નીકળી જશે ?

**વિષયભોગથી રાગ વધે છે :-**

ખરી રીતે તો રાગને જેનાથી પોષણ મળે છે, એ ખાસ ઓછું કરવું જોઈએ. જીવનનો અનુભવ કહી રહ્યો છે કે ઇન્દ્રિયોના વિષયોનો ભોગવટો પહેલાં થોડા રાગના કારણે જન્મે છે અને પછી વિષયભોગ ચાલુ રહેતાં રાગ વધતો જાય છે. દા.ત. નાના છોકરાને ગોળ સાથે જ રોટલી ખાવાની ટેવ પાડી ત્યાં પ્રારંભમાં તો એને થોડો રાગ હશે, પણ પછી એ રાગ એટલો બધો વધી જાય છે કે ગળ્યા વિના એને ચાલતું નથી. માણસ બીડીના વ્યસનમાં પડે છે, ત્યાં પહેલાં થોડા રાગથી શરૂઆત થાય છે, પણ પછી એ ટેવ એટલી બધી વધી જાય છે કે હાલતાં ને ચાલતાં બીડી તો સાથે જ. બીજું બધું ભૂલશે પણ એ નહિ ભૂલે. એ સૂચવે છે કે એનો એને ગાઢ રાગ બંધાઈ ગયો છે. એમ સિનેમાનો જરા સ્વાદ ઊભો કર્યો પછી આગળ જતાં એનો ભારે નાદ લાગી જાય છે. કેમ વારુ ? એનો રાગ વધી

ગયો. નવો મિત્ર કર્યો. પછી એનો સંપર્ક અને સહપ્રવૃત્તિ વધતાં રાગ દઢ થતો જાય છે. એમ પૈસા વધુ કમાતાં જતાં પૈસાનો રાગ વધે છે.

**રાગ કેમ ઘટે ? :-**

બસ, વિષયોની પ્રવૃત્તિ, એના ભોગવટા, રાગનું પોષણ કર્યે જાય છે એ હકીકત છે. એથી ઊલટું એ વિષયપ્રવૃત્તિ ઘટાડવામાં આવે તો રાગ ઘટે છે એ પણ દેખાય છે. વ્યસનની પ્રવૃત્તિ બંધ કરી તો ધીમે ધીમે એનો રાગ એવો ઘટી જાય છે કે એક દિવસ એવો આવીને ઊભો રહે છે કે પોતાને આશ્ચર્ય થાય છે કે કેમ પોતાને એક વાર વ્યસન વિના નહોતું ચાલતું ! એટલી બધી અત્યારે ભારે સ્વસ્થતા લાગે છે. એમ મવાલી મિત્રોનો સંગ છોડ્યા પછી એનો રાગ ઘસાતો આવે છે; તે એવો કે પછી એ લોકોના સામે જોવાનું ય મન નથી થતું.

ત્યારે હવે જો આહાર, વિષયો અને પરિગ્રહની પ્રવૃત્તિ ઓછી કરવી નથી, અરે ! એટલું માનવું પણ નથી કે 'આ બધી રાગદ્વેષની પોષક-વર્ધક છે,' અને તેથી જ નિર્ભયપણે એ આચર્યે જવી છે, તો તમને લાગે છે કે રાગદ્વેષ મોળા પડે ખરા ?

**સોનગઢમતીઓની ખૂબી તો** એ છે કે જડની ક્રિયા આત્માને કશું કરતી નથી એમ કહેનારા એ પાછા કહે છે 'ધર્મ ક્રિયાઓનો મોહ છોડો, એ કરી કરીને એનો રાગ પોષ્યો છે માટે આત્મા પુણ્યના રાગમાં મૂંઝાયો છે.' અરે ! જો ખાનપાનાદિ બાહ્ય ક્રિયાને રાગ સાથે સંબંધ નથી માનતા તો પછી અર્હદ્ભક્તિ વ્રત, તપસ્યા વગેરેની ક્રિયાને શી રીતે રાગ સાથે સંબંધ માની શકો ? અને જો કાંઈ સંબંધ નથી તો પછી ધર્મક્રિયાની નિંદા શા સારુ કરો છો ? તમારે ત્યાં પાપક્રિયાની, હિંસા-જૂઠ અનીતિ, દુરાચાર, પરિગ્રહ, રંગ-રાગ, ભોગવિલાસ વગેરેની નિંદા નહિ, ને દયાની ક્રિયા, સત્ય વગેરેના વ્રત, તપ, સામાયિક, પૌષધ વગેરે પવિત્ર ધર્મક્રિયાની નિંદા, એ શું સૂચવે છે ? પાપક્રિયાનો રાગ અને ધર્મક્રિયાનો દ્વેષ કે બીજું કાંઈ ?

સોનગઢમતી કહે છે 'ધર્મક્રિયાઓ તો અનંતી કરી પણ ભવમાં ભટકતા રહ્યા !' એટલે ? શુ ધર્મક્રિયાએ રખડાવ્યા ? કે હિંસાદિ પાપક્રિયાઓ ? જો કહો કે 'બેમાંથી એકે નહિ, પણ રાગદ્વેષે રખડાવ્યા,' તો એ રાગદ્વેષ શાથી પોષાય ? ધર્મ ક્રિયાથી કે પાપક્રિયાથી ? શાથી ? વિષયલાલસાથી કે ધર્મલાલસાથી ? વિષય-પ્રવૃત્તિથી કે ધર્મ પ્રવૃત્તિથી ? શેનાથી રાગદ્વેષ અખંડ ધારાએ આવ્યા ?

એ નિશ્ચિયભ્રાન્તો કહે છે 'મિથ્યાત્વથી રખડ્યા' અને તે એમનું મિથ્યાત્વ આ કે ધર્મક્રિયાને તારનારી માનવી ! જુઓ ભોગક્રિયાને ડુબાડનારી ન માનવી એ મિથ્યાત્વ નહિ પણ ધર્મક્રિયાને તારનારી માનવી એ મિથ્યાત્વ ! આવું ઊંધું માનવું એ કેવી ગાઢ મહામોહમૂઢતા ! એટલે જ એમને એમ કહેતાં આવડે છે કે



'વિષયભોગ બિચારા કશું કરી શકતા નથી જો આત્મા સજાગ છે. તીર્થંકર ભગવાન પણ ઘરવાસે રહ્યા, ભોગમાં બેઠા હતા, છતાં આત્મસ્વરૂપમાં રમતા હતા તો એ કાંઈ બંધાયા નહિ.' અર્થાત્ ભોગ ભલે ચાલે પણ અંતરાત્માને આત્મસ્વરૂપમાં રમતો રાખો પછી વાંધો નહિ ! આવું બોલવું શું સૂચવે છે ? એ જ કે વિષયભોગનો ડર તો નહિ, પણ રાગ, આસક્તિ, લંપટતા છે. ત્યારે ધર્મક્રિયા માટે એમને એમ કહેવું છે કે 'ચરવળા-ઓઘા તો બહુ ફેરવ્યા, એથી કલ્યાણ નહિ થાય. એનાથી કલ્યાણ થવાનું માનવું એ મિથ્યાત્વ છે. ધર્મક્રિયાનો, તપનો, અહિંસાનો રાગ ભવભ્રમણ વધારનારો છે...' આવો બધો પ્રલાપ કોણ કરાવે છે ? ધર્મક્રિયા પર હૈયામાં દ્વેષ સળગી રહ્યો છે એ ! અહીં એમેય કહેતાં નથી આવડતું કે 'ભાઈ ! ધર્મક્રિયા કરો પણ આત્મસ્વરૂપ પર દૃષ્ટિ નહિ રાખો તો કલ્યાણ નહિ થાય.' આટલું ય બોલતાં નથી આવડતું. ભોગક્રિયા માટે બોલવાનું આવડે છે કે 'ભોગક્રિયા છતાં આત્મસ્વરૂપમાં રમો તો કલ્યાણ થશે.' એ સૂચવે છે કે ખરેખર તો વિષયભોગ પર રાગ અને ધર્મક્રિયા, ત્યાગ, તપસ્યા પર દ્વેષ છે.

આમ સાધનાની એકલી ઊંચી કક્ષા પર ભાર આપવાથી પણ એની સાધક નીચેની ભરચક ધર્મપ્રવૃત્તિઓની ઉપેક્ષા થાય છે. એ પણ મૂઢતા છે. એકલી નીચેની કક્ષા ઉપરે ય ભાર નહિ, ને ઉપરની કક્ષા ઉપર પણ ભાર નહિ, બધી કક્ષાનું સાપેક્ષપણે વર્ણન કરાય. માટે જ ભોગોપભોગથી વિરમવાના વ્રતની બરાબર અગત્ય સમજવાની છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૨૫,તા.૨૩-૩-૧૯૬૩**

**ભોગોપભોગ-પરિમાણમાં બે મુખ્ય દૃષ્ટિ રાખવાની છે,-**

**(૧) બને તેટલું જીવોને અભયદાન આપવું છે, અને**

**(૨) જીવની વિષયલાલસા પર બને તેટલો કાપ મૂકવો છે.**

આમાં પહેલી દૃષ્ટિ પર વિસ્તારથી વિચાર કર્યો છે. એનો સાર આ છે કે,- જેવી રીતે આપણને આપણો જીવ વહાલો છે, સુખ વહાલું છે ને દુઃખ જરાય ગમતું નથી, તેથી આપણે કોઈના આડખીલી વિના સ્વતંત્ર જીવવા ઇચ્છીએ છીએ, આપણા સુખને સિદ્ધ કરવા અને ટકાવી રાખવા મથીએ છીએ, તેમજ સગા માબાપથી પણ આપણને દુઃખ ન આવે એની કોશિશમાં રહીએ છીએ; ને જે કોઈ દુઃખ આપવા આવે એને દુશ્મન લેખીએ છીએ; બસ આ રીતે જગતના જીવો માટે વિચારવાનું છે. આપણી જેમ જ એ જીવો પણ આ જગતમાં વસનારા છે, અને

આપણી જ માફક જીવન-પ્રિય, સુખપ્રિય અને દુઃખના દ્વેષી છે. એટલે જ એ સ્વતંત્ર જીવન જીવવા ચાહે છે, આપણી કોઈ આડખીલી એમને પસંદ નથી. એ સુખ ચાહે છે. એની આડે પણ આપણો અંતરાય એમને જરાય ગમતો નથી. તેમજ દુઃખ અને મૃત્યુથી દૂર રહેવા સદા મથે છે, તો આપણા તરફથી એને દુઃખ પહોંચે કે મૃત્યુ આવે, એય એમને અકારું લાગે છે, ને એ આપણને દુશ્મન લેખે છે.

**સર્વ જીવોને અભયદાન ક્યાં ? :-**

સાર આ છે કે જગતના જીવો પાસેથી આપણી જાત માટે જેવી આશા રાખીએ, તેવી જ આશા આપણા પાસેથી જગતના જીવમાત્ર રાખે એ સ્વાભાવિક છે. તો આપણે પણ બીજાના જીવનમાં આડખીલી ન જ કરવી જોઈએ, એનાં જીવનને અને સુખને ન લૂંટવું જોઈએ, અને એને દુઃખનું દાન ન કરવું જોઈએ. આ વસ્તુ તમે એકદમ સર્વાંશે નથી બનાવવાના; કેમ કે આપણે ત્યાં તો ઠેઠ પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય સુધીના જીવો માનીએ છીએ, એ બધાને ય અભયદાન દેવાનું, એને ય પીસવા-પીટવા-કાપવા-છેદવા વગેરેનું દુઃખ તમે ન પહોંચાડો, અને અભયદાન કરો, એ તમારાથી બનવાનું છે ? ના, એ તો ઘરવાસ છોડો, અણગાર મુનિ બનો તો જ બની શકે. એમ કદાચ જાણીને નહિ સહી, પણ અજાણતાં ય સંસાર કામ કરવાની અંદર કે પ્રમાદ-બેદરકારીથી હાલતા-ચાલતા ત્રસ જીવોને નથી મારવાના-પીડવાના, એ પણ શું ચોક્કસ છે ? ના, એ પણ મુનિ થાઓ તો જ શક્ય બને. તે પણ જૈન મુનિ હોં; કેમ કે જૈન મુનિપણામાં જ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની એવી વ્યવસ્થા છે કે પ્રમાદથી પણ જીવ ન મરે. ત્યાં જ સર્વ જીવોને અભયદાન કરી શકાય.

**પૌષધમાં સર્વથા અભયદાન કેમ નહિ ? :-**

**પ્ર.**- તો સમિતિ-ગુપ્તિ તો ગૃહસ્થ પૌષધ કરે એમાં પાળવાની હોય છે, તો શું એ સર્વ જીવોને અભયદાન કરનારો ન ગણાય ?

**ઉ.**- વાત સાચી છે કે એને એ પાળવાની હોય છે; પરંતુ એનું સામાયિક-પૌષધનું પચ્ચકખાણ ત્રિવિધ ત્રિવિધે નથી, પણ દ્વિવિધ-ત્રિવિધે છે. એમાં એને મન-વચન-કાયાએ હિંસાની અનુમોદનારૂપી ત્રણ કોટિ બંધ નથી. 'મન-વચન-કાયાથી હિંસાપાપ ન કરું, ન કરાવું' એટલું જ પચ્ચક્ખાણ છે; પણ ન અનુમોદું એવું પચ્ચકખાણ નથી. કેમ કે એણે દુકાન ખુલ્લી મૂકી છે, આજના વેપારનો લાભ એ કાલે જઈને લેવાનો છે. એમ જો પૈસા વ્યાજે મૂક્યા છે તો આજના પૌષધના દિવસનું વ્યાજ પણ એ લેવાનો છે, છોડવાનો નથી. ઘરમાં પણ આજે એનાં કપડાં ધોવાય કે બીજાં કામ થાય, એનો ય લાભ એ પૌષધ પછીથી લેવાનો છે. એનો



અર્થ એ, કે એ બધા જીવહિંસાના આરંભ સમારંભોમાં એની આડકતરી સંમતિ બેઠી છે, અનુમોદના રહેલી છે, પછી એના ત્યાગનું પચ્ચક્ખાણ એ શી રીતે કરી શકે ? આ દૃષ્ટિએ જીવોને એણે સર્વથા અભયદાન નથી દીધું, એ દેવાનું તો સંસાર છોડે, અને મુનિ બને તો જ થાય.

**સાચો બંધુભાવ :-**

આ સૂચવે છે કે પચ્ચક્ખાણ, પ્રતિજ્ઞા વિના હિંસાના પાપથી બચવાનું અઘરું છે. પ્રતિજ્ઞા લો, તો જ પૂરા બચાય. એ માટે ભોગોપભોગનું પરિમાણ નક્કી કરી બાકીના ભોગોપભોગના ત્યાગની પ્રતિજ્ઞા કરવાની છે. એથી જીવોને અભયદાન નક્કી કરી અપાય છે; ને એ જીવો પ્રત્યે આપણો સાચો બંધુભાવ પ્રગટ કરાય છે. બંધુભાવ એટલે શું ખાલી ભાવનાની વસ્તુ છે ? જીવોને કચરતા રહીએ અને કહીએ કે 'એ મારા બંધુ છે, એમને મારા બંધુ જેવા લેખું છું ?' સાચો બંધુભાવ દિલમાં સ્થાપિત કરવો હોય તો માત્ર વર્તમાનમાં એને ન કચરીએ-પીડીએ એટલું જ નહિ પણ ભવિષ્યમાં પણ એને કચરવા-પીડવાની કોઈ નાની પણ અપેક્ષા દિલમાં નથી, વૃત્તિ જ નથી, એ વસ્તુ પ્રતિજ્ઞાથી ઊભી કરીએ. બાધા જ કે 'ક્યારે ય પણ ગમે તે થાય, જીવોને હું મારું નહિ, પીડું નહિ' બાધા વિનાની, પ્રતિજ્ઞા વિનાની, વાતો પોકળ છે જીવો પ્રત્યે બંધુભાવ ઊભો કરવા એવું દિલ બનાવવું જોઈએ અને દિલ જીવોની હિંસાના ત્યાગની પ્રતિજ્ઞાથી બને.

વાત એટલી કે સર્વથા હિંસા-ત્યાગની પ્રતિજ્ઞા નથી બની શકતી માટે શક્ય અનેક પ્રકારના ભોગ-ઉપભોગના ત્યાગની પ્રતિજ્ઞા કરવા દ્વારા બનતો હિંસા-ત્યાગ જરૂર કરીએ.

જૈનશાસને ઠેઠ પૃથ્વીકાયાદિ જીવોની ઓળખ આપીને મોટા પ્રમાણમાં જીવોને બંધુ બનાવવાની સગવડ આપી છે. તો પછી એનો અનુપમ લાભ કેમ ન ઉઠાવવો ? ઘરનું કુટુંબ વધે, બેના ચાર છોકરા થાય, ચાર વહુરો ઘરમાં આવે, એના છોકરા છોકરી વધે આવું ભર્યું કુટુંબ કરવા મથો છો, ને બન્યું જોઈ મલકાઓ છો, તો પછી આ જિનશાસને તો મોટું વિશ્વકુટુંબ બનાવવાની સમજ અને સગવડ આપી છે, તો શું એ બનાવવાનું મન નથી થતું ? શું એમ નથી થતું કે 'હું અસંખ્ય અનંત જીવોને મારા બધું બનાવું ?' આ અહીં તક છે,-શક્ય એટલા વધારે ભોગ-ઉપભોગના ત્યાગની પ્રતિજ્ઞા કરી એ દ્વારા એ ભોગ-ઉપભોગમાં કચરાતા જીવોને અભયદાન દેવાય અને પોતાના બંધુ બનાવાય, એની મજેની તક અહીં મળી છે, એ કેમ ગુમાવો ? ખરી રીતે તો શક્ય એટલા વધારોમાં વધારે વ્રત-નિયમો લઈ ગૌરવ અનુભવીએ કે 'ફિકર નહિ, મેં મારું કુટુંબ વિશાળ બનાવ્યું છે.

એમ કરતાં જગતના કુલ હોલ જીવોને બંધુ બનાવી પિતા અરિહંતદેવની કૃપાથી મોક્ષે ચાલ્યો જઈશ.'

ભોગોપભોગ પરિમાણ કરવામાં બીજી દૃષ્ટિ વિષય-લાલસા પર કાપ મૂકવાની છે. આ પણ બહુ જરૂરી છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૨૬,તા.૬-૪-૧૯૬૩**

જેમ જેમ વ્રત પાળતા જઈએ તેમ તેમ આ લક્ષ રાખવાનું કે મારી વિષયાસક્તિ ઓછી થતી આવે છે ને ? ઇન્દ્રિયોના મનગમતા વિષયોનું આકર્ષણ ઘટતું આવે છે ને ? 'જીવનમાં વિષયોનું કોઈ મહત્ત્વ નથી'- એ બુદ્ધિ ઘડાતી આવે છે ? આ જોયા કરવું પડે, અને એમ બનવું જ જોઈએ, અર્થાત્ વિષયોનો પ્રેમ અને આકર્ષણ ઓછાં થવાં જ જોઈએ, એનું મહત્ત્વ ભુલાવું જ જોઈએ. એ દૃષ્ટિ પાકી જાગ્રત રાખીને પ્રયત્ન કરવો. એ પ્રેમ-આકર્ષણ-મહત્ત્વ બુદ્ધિ ઘટાડવાનો પ્રયત્ન શો ? આવો કોઈ કે ભાવના કર્યા કરવી કે,-

**શું પ્રેમ જડ વિષયો પર ?**

**વિષયો તો આત્માને ભાનભૂલો કરે છે ! તરણતારણ દેવ-ગુરુ-ધર્મને ભુલાવે છે ! બુદ્ધિ ભ્રષ્ટ કરે છે ! અને આત્માની ભયંકર તારાજી સર્જે છે ! એના પર તે પ્રેમ શાનો કરાય ?**

'ફળકિંપાક અતિમધુર છે, ખાધે છંડે પ્રાણ;
તિમ વિષયસુખ જાણજો, એવી જિનની વાણ.'

વિષયો ઝેરી કિંપાકફળ જેવા છે; ઝેરી લાડુ જેવા છે, ફણિધર નાગની સુંદર દેખાતી ફણા જેવા ભયંકર છે ! એના પર પ્રેમ કેમ જ કરાય ? એનો રાગ કેમ જ હોઈ શકે ? આપણી ત્યાગ-વિરાગની જે પવિત્ર બુદ્ધિ અહીં પણ મહાસુખ અને પરભવે પણ મહાન આબાદી સાધી આપી શકે એમ છે, એ બુદ્ધિને ભ્રષ્ટ કરનાર, બગાડનાર આ વિષયો છે. વિષયોમાં ચિત્ત જાય છે એટલે તે ચિત્ત બગડે છે. વિષયોના કારણે સ્વાર્થી, લોભી, ક્રોધી, ઈર્ષ્યાળુ, કજિયાળુ, મદાંધ અને પરલોક નિરપેક્ષ બને છે; તો એ વિષયો પર શો પ્રેમ થાય ? સગા માબાપ સામે જુઆરુ મંડાવે ! સગા ભાઈ સાથે પણ એ ઝગડો કરાવે ! અને વ્રતનિયમથીય એ આઘા રખાવે ! એવી આ વિષયોની જમાત છે. એના પર હેત ધરવું એટલે એ મહા ઉપકારી માબાપ વગેરેને દુશ્મન માનવાનું બને ! વ્રતનિયમને જાણે લૂંટારુ માનવાનું બને છે ! 'આપણું સુખ, આપણી મોજ, વ્રતનિયમથી રખે, લૂંટાઈ જાય !'



વિષયોનો રાગ આ ડર ઊભો કરે છે. તો હવે સર્યું મારે વિષયરાગથી.

**વિષય જેવું ઝેર જગતમાં નથી.** જગતમાં ઝેર તો ખાઓ અગર શરીરે અડાડો તો જ મારે, પણ આ વિષયો જરા મનમાં પણ ઘાલો, અર્થાત્ સ્મરણમાં પણ લાવો તો ય મારે ! તંદુલિયો મચ્છ મોટા માછલા ખાવાનો ખાલી વિચાર માત્ર કરે છે, એમાં મરીને નરકમાં જાય છે.

**'મનને પાપે રે મચ્છ તંદુલિયો,**
**જુઓ મરી સાતમી જાય, ચતુર નર !**
**શ્રી જિનવાણી હો ભવિયણ ! ચિત્ત ધરો.'**

આવા વિષયો પર રાગ કરવાનો ? કાતિલ ખંજર કરતાં પણ ભયંકર વિષયો છે. પર્વતના શિખર પરથી નીચે ઊંડી ખીણમાં પટકાઈ મરવાનું થાય એના કરતાં આ વિષયોમાં આત્માનું પતન થાય એ ભયંકર દુઃખદાયી છે. એવા વિષય પર રાગ કરવા જેવી કોઈ મૂર્ખાઈ નથી; વિષયરાગ જેવી કોઈ નિર્બળતા-નામર્દાઈ નથી; વિષયરાગના સમાન આ મનુષ્ય ભવે કોઈ બીજી ભૂલ નથી.

**વિષયોનું આકર્ષણ :-**

ત્યારે વિષયો પ્રત્યે આકર્ષણ શું ? એમાં એવું તે શું સારું તત્ત્વ છે કે આકર્ષણ થાય ? ઇન્દ્રિયો અને મનને ખુશખુશાલ રાખે એ જ ને ? એ શું આકર્ષક તત્ત્વ છે ? ઇન્દ્રિયોને તો શાસ્ત્રકારો આત્માની ભાવશત્રુ કહે છે અને મનને તો નરકની ભઠ્ઠી કહે છે. એવા શત્રુને ઘી-કેળાં એટલે આપણા આત્માની વધારે છુંદામણ, કે બીજું કાંઈ ? દુશ્મન-ઇન્દ્રિયોના ઘર ભરનાર, દુશ્મનને તાગડધિન્ના કરાવનાર વિષયો પ્રત્યે આપણાં આકર્ષણ હોય ? આકર્ષણ તો આત્મા પ્રત્યે હોય, આત્માની જ્ઞાન-દર્શન-ક્ષમા-નિસ્પૃહતાદિ સમૃદ્ધિ પ્રત્યે હોય, કે જે પવિત્ર છે, અવિનાશી છે, સર્વ જીવને હિતકર છે. વિષયો તો નાશવંત, પરિવર્તનશીલ અને જીવોનો કચ્ચરઘાણ કાઢનાર છે ! એના એ જ વિષય હમણાં સુખ અને પછી દુઃખ દેખાડનારા છે. પેટ ભરાયા પછી એ જ પકવાન્ન અકારું લાગે છે, પરાણે કોઈ ખવરાવે તો તે ઊલટી કરાવે છે. એમાં સુંદરતા શી કે આકર્ષણ થાય ? જે વિષયો એકને હસાડે છે એ જ બીજાને રોવડાવે છે, અને પોતાને પણ સંયોગ ફરતાં પોક મુકાવે છે ! એના તરફ આકર્ષવું એ સરાસર મૂર્ખતા છે. શહેર બહાર બંગલો એક વાર ખિલખિલાટ કરાવે છે, પણ લૂંટારાની ધાડ આવી અને માલ ચોરાવા સાથે જબ્બર માર પડ્યો તો પોક મુકાવે છે 'હાય ! આ બહાર બંગલો ક્યાં કર્યો ?' એમ થાય છે. અથવા અપશુકનિયો બંગલો તૈયાર થયો, રહેવા ગયા, અને એણે પત્ની કે પુત્રનો ભોગ લીધો તો એ જ બંગલા પર ફિટકાર વરસે છે. 'ધિક્

ગોઝારો બંગલો !' આવા ક્રૂર નાટક કરનાર વિષયો પ્રત્યે આકર્ષણ શા ? આનાં આકર્ષણે જ દાનશીલ આદિ ધર્મ તરફ આકર્ષવાનું બનતું નથી.

**વિષયોનું મહત્ત્વ :-**

ત્યારે, મનમાં વિષયોનું મહત્ત્વ પણ શું માનવા જેવું છે ? **મહત્ત્વ આપણું કે વિષયોનું ?** વિષયોએ આપણી ચિંતા કરવાની કે આપણે વિષયોની ચિંતા કરતાં કરતાં મરી ખૂટવાનું ! જે જડ વિષયોને આપણા આત્માની કાંઈ જ પડી નથી, આપણો આત્મા જીવે કે મરે, નરકની ખાડમાં પડે કે જનાવર થાય એની કોઈ જ ચિંતા જે જડ પદાર્થોને નથી, એવા નફ્ફટ નાલાયક વિષયોની ચિંતા આપણે કરી મરવાનું ?

પરંતુ વિષયોને મહત્ત્વ આપી દીધાથી એની ચિંતા શે છૂટે ? ચિંતા થવાનું કારણ આ છે કે વિષયોને મહત્ત્વ આપ્યું એટલે ઊંધા હિસાબ માંડી મૂક્યા છે, 'પૈસા હોય તો જીવાય, પૈસાથી વિષયો મનગમતા મળે તો સુખી થઈએ.' આ ધોરણ રાખ્યું પછી જીવવું તો છે જ અને સુખ પણ જોઈએ જ છે, તેમ એના સાધન તરીકે પૈસા અને વિષયો માન્યા, એટલે રાતદિવસ એની ચિંતા રહે એ સ્વાભાવિક છે.

ખરી રીતે જ્ઞાનીઓના હિસાબ જોવા જોઈએ. એને જ પોતાનાં ધોરણ બનાવવા જોઈએ. **જ્ઞાનીઓએ લક્ષ્મીને જીવનનું સાધન ન કહ્યું, પણ સર્વ અનર્થોનું મૂળ કહ્યું; વિષયોને સુખનાં સાધનભૂત નહિ કિન્તુ વિષધર યા હળાહળ જેવા કહ્યા.** એટલે ? મહાદુઃખના ભંડાર કહ્યા. અજ્ઞાનીની અને જ્ઞાનીની દૃષ્ટિમાં કેટલો બધો ફરક ! આત્માની તુલનામાં જડ વિષયોનું કોઈ જ મહત્ત્વ નથી,-એ વાત મગજમાં બેસે તો ઊંધા હિસાબ પડતા મુકાય.

**રાંકડાગીરી શાથી ? :-**

શું આ આશ્ચર્ય નથી લાગતું કે આપણું મહત્ત્વ ભૂલી જડને મહત્ત્વ આપીએ ? પણ પૈસામાં જીવન અને વિષયોમાં સુખ માની લીધા પછી આમ બને એમાં નવાઈ નથી. પૈસાના આંધળા ગુલામ બનેલા માણસો જ પૈસા કમાવી દેનારને મહત્ત્વ આપે છે, અને જાતને એની આગળ જાણે કિંમત વિનાની બનાવે છે. એમ સ્વસ્ત્રી કે પરસ્ત્રી-વેશ્યામાં લંપટો એને જ મહત્ત્વ આપી પોતે કિંમત વિનાના થઈને વર્તે છે. વિવેકી સજ્જનોની દૃષ્ટિમાં આ કેવાક હાસ્યાસ્પદ યા ગરીબડા લાગે છે ! બસ, એ રીતે જડને જ મહત્ત્વ આપી સ્વાત્માનું મહત્ત્વ ભૂલનારા જીવો જ્ઞાનીની દૃષ્ટિએ રાંકડા-ગરીબડા ભાસે છે.

**સ્વ-પરના મહત્ત્વના પ્રકાર :-**

વીતરાગ પરમાત્મા આપણા આત્માનાં મહત્ત્વ તરફ દૃષ્ટિ નાખવા માટે એક મહાન આલંબન છે. એમને જોઈને એમ થાય કે



'શું હું જડ કાયાનો, વિષયોનો અને ઇન્દ્રિયોનો અદનો ગુલામ છું ? મહત્ત્વ એનું ? મારું નહિ ? એ નચાવે એમ મારે નાચવાનું ? કે મારું હિત ન ઘવાય એ રીતે હું એ બધાને વર્તાવવા ધારું એમ એ બધાએ વર્તવું જ જોઈએ ?'

મીઠું પકવાન્ન સામે આવ્યું એટલે શું જીભડી અને ઉચ્છ્રૃંખલ મન હુકમ કરે એટલું બધું ખાવાનું ? કે મારું સ્વાસ્થ્ય-સમાધિ ન બગડે એટલું જ ખાઈને જીભે અને મને સંતોષ માનવો જ જોઈએ ?

કોથળી-તિજોરી મને હુકમ કરે એટલી બધી એને પુષ્ટ રાખી સુકૃતના સોનેરી અવસર જતા કરવાના ? કે મારી મરજી મુજબ સુકૃત માટે એણે ઢીલા થવું જ પડે ?'

આ બધા વિચાર વીતરાગ ભગવાનને, એમના જીવન અને ઉપદેશને નજર સામે લાવી જરૂર કરવા જેવા છે. એ કરાય તો 'પૈસાથી જ જીવન, અને વિષયોથી જ સુખ' એવી ગોઝારી માન્યતા મોળી પડવાને અવકાશ મળે. બાકી તો આ માન્યતા પૈસા અને વિષયસુખ મેળવવા પાછળ કેટલો બધો જીવનશક્તિનો અપવ્યય અને કેટકેટલા કષાયો અને હિંસાદિ પ્રપંચો થાય છે ! પછી મળેલાં વિષયસુખ તો ઝાંઝવાના નીરની માફક ઝટ અલોપ થઈ જાય છે, પરંતુ આત્મામાં પેલી ધાંધલના ઉકળાટ એવા ઠસાય છે કે બસ હવે જાણે એ આત્માના સ્વભાવભૂત ! અજ્ઞાન દશામાં મોહમૂઢતામાં ઠેઠ જિંદગીના છેડા સુધી જીવન આ કામ-ક્રોધ-લોભ-રાગ-દ્વેષાદિના ઉકળાટભર્યું બનાવે છે ! પરિણામે એથી જ જીવનું આ અપાર સંસાર સાગરમાં ભટકવાનું થાય છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૨૭,તા.૧૩-૪-૧૯૬૩**

વિચાર તો એ કરવો જોઈએ કે જીવન શું ચીજ ? લુહારની ધમણની જેમ ખાલી શ્વાસ લેવા અને મૂકવા એ ? કે

**જીવન એટલે મૃત્યુથી વિરુદ્ધ તત્ત્વ, એ ? મૃત્યુમાં સર્વ પુરુષાર્થનો અંત થઈ જાય છે, ત્યારે જીવન જીવતાં પુરુષાર્થ સક્રિય બની શકે છે. માટે જ જીવન એટલે પુરુષાર્થ પ્રવર્તતો રહે એ.**

હવે પુરુષાર્થમાં પણ વિચારવું પડશે કે,

**ક્યા પુરુષાર્થને સાચો પુરુષાર્થ કહેવો ? પૈસા કમાઈને નહિ.** પૈસા કમાવવા સાચવવાનો પુરુષાર્થ એ કાંઈ અંતિમ લક્ષ્ય નથી. પૈસા પણ સુખભોગ માટે ભેગા કરાય છે. કમાવવાનો ભારે પરિશ્રમ કર્યા પછી પૈસા મળ્યા ય ખરા, પરંતુ પછી તે પડી ગયા, ચોરાઈ ગયા, તો જીવને લાગે છે કે પેલો કમાવવાનો પુરુષાર્થ

નકામો ગયો, અને જો સુખભોગ મળે છે, ને તેમાં પૈસા ખરચાઈ પણ જાય છે, તો પણ કમાવવાનું નકામું ગયું નથી લાગતું. આ સૂચવે છે કે એ તો સુખ-ભોગના પુરુષાર્થને જીવન સમજી રહ્યો છે એટલે પૈસામાં જીવન સમજનારો મહા મૂઢ છે.

**સુખભોગ એ પુરુષાર્થ નહિ :-**

હવે એ વિચારવાનું છે કે આ સુખભોગનો પુરુષાર્થ એ ખરેખર પુરુષાર્થ છે ? એને સાચું જીવન કહી શકાય ? જો આમ જ હોય તો પછી વિષ્ટાના કીડાનું જીવન અને રાજહંસનું જીવન, એ બેમાં કોઈ તફાવત ન પડાય. તફાવત તો પાડીએ છીએ. વિષ્ટાના કીડાના જીવન તરફ ઘૃણા થાય છે. શા માટે, ભાઈ ઘૃણા ? ગંદા પદાર્થમાં એ સુખભોગ માને છે માટે જ ને ? કેવળ સુખભોગને જ જીવન કહેવું હોય તો સુખભોગ તો એ કરે જ છે. સુખ પણ કેવું માણે છે ? જેવું મોટો ઈન્દ્ર દેવતાઈ સામગ્રીમાં માણે છે તેવું ! છતાં ઘૃણાસ્પદ એટલા માટે બને છે કે એને વિવેક નથી ને ગંદા પદાર્થમાં સુખ માણે છે. એવી રીતે વાઘવરુના સુખભોગ પ્રત્યે પણ જુગુપ્સા થાય છે. બિચારાં નિર્દોષ હરણિયા વગેરેને રેંસી નાખી સુખ-ભોગ માણે છે, માટે જુગુપ્સનીય બને છે. એવું જુગુપ્સનીય હરણિયાનું જીવન નથી લાગતું. આ તફાવત પણ કોણ પાડે છે ? હિંસા ક્રૂરતા આદિ. ખાલી સુખભોગ એ જ જીવન હોત તો આ ફરક પાડવાની જરૂર નહોતી કે એકનું જીવન ઘૃણાજનક અને બીજાનું નહિ. પણ વિષ્ટાના કીડાનું અને વાઘવરુનું જીવન અધમ જુગુપ્સનીય લાગે છે. એ એના અવિવેક અને હિંસા-ક્રૂરતાના પુરુષાર્થને લીધે. એ સૂચવે છે કે હૈયું જીવન તો વિવેક, દયા, અને કોમળતાના પુરુષાર્થને જ માની રહ્યું છે.

હવે આગળ દેખો. શાંત રાજહંસનું જીવન અને મનુષ્યનું જીવન, બેમાં કાંઈ ફરક ખરો ? જો ફરક ન માનવો હોય તો મનુષ્ય અવતારને બદલે રાજહંસનો અવતાર મળે એમાં કાંઈ ન્યૂનતા ન લાગવી જોઈએ. નથી ને કદાચ કોઈ દેવતા અહીં જ તમારું શરીર રાજહંસના શરીર જેવું બનાવી દે તો વાંધો નહિ ને ? ના, વાંધા લાગે છે, શાથી વાંધો ? સુખભોગ અને ચોખ્ખો મોતીનો ચારો ચરવાનો બાહ્ય વિવેક, તથા બાહ્યથી કોઈ જીવો ન મારવાની શાંતતા, એટલા જ પુરુષાર્થ પર જીવનનું મૂલ્ય નથી આંકવું, માટે જ રાજહંસ બનવું પસંદ નથી. તો હવે કહો જીવન એટલે કેવો ભવ્ય પુરુષાર્થ સમજી રહ્યા છો ?

**પ્ર.**- રાજહંસ અબૂઝ છે માટે એ જીવન ન ગમે એમ કહી શકાય ને ?

**ઉ.**- તો પછી એટલું તો નક્કી થયું ને કે પૈસો ય ખરેખર જીવન નહિ, ને સુખભોગે ય જીવન નહિ, કિન્તુ સબૂઝ, સમજવાળું જીવવું એ જીવન. સમજવાળો પુરુષાર્થ કરવો એ જીવન. હવે સમજમાં જુઓ કે અનાર્ય મનુષ્ય પશુ પંખી કરતાં



તો સમજપૂર્વક પુરુષાર્થ કરનારા છે. છતાં એવું અનાર્યનું જીવન તમે ચાહતા નથી. કેમ એમ ? કહેવું જ પડશે કે સમજ ઉપરાંત નિષ્પાપ, વિવેકી અને પરલોકની જાગૃતિવાળું ધર્મજીવન હોય તો કામનું છે, એવું મનમાં બેઠું છે. સમજ-વિવેકવાળો, ધર્મ-પુરુષાર્થ હોય એ જ સાચું જીવન છે, માટે જ અનાર્ય મનુષ્યનો પણ અવતાર ચાહતા નથી.

તો હવે બોલો, પૈસા એ પણ જીવન નહિ, અને સુખભોગ એ પણ જીવન નહિ, કિન્તુ વિવેક, દયા, કોમળતા સહિત ધર્મપુરુષાર્થ એ જ જીવન છે. પૈસામાં જીવન માનવું એ મૂઢતા છે, મુર્ખાઈ છે. સુખભોગને જીવન કહેવું એ વિવેકશૂન્યતા છે.

માટે જ્યારે જ્યારે પૈસા ઉપર દૃષ્ટિ જાય ત્યારે ત્યારે આ વિચારજો કે આપણું જીવન શું ? અધમ અર્થપુરુષાર્થ નહિ પણ ઉત્તમ ધર્મપુરુષાર્થ એ જ આપણું જીવન કહેવાય. જો એવો પુરુષાર્થ ચાલુ નથી તો જીવતાં છતાં મૃતવત છીએ. ધ્યાનમાં રાખજો કે આ ધર્મપુરુષાર્થ એટલો બધો વિશાળ છે, એટલા બધા પ્રકારોવાળો છે કે એમાંથી કોઈ ને કોઈ ધર્મપુરુષાર્થને સંસારી કાર્યવાહી વખતે પણ આચરણમાં લાવી શકાય છે. દા.ત. વેપાર કરતી વખતે પણ એ ધ્યાનમાં રખાય કે 'ધંધો કરું, પણ અનીતિ, અન્યાય, વિશ્વાસઘાત નહિ જ કરવાનો. નીતિના પણ એવા મહાપાપના કર્માદાનના ધંધા નહિ જ કરું.'

**કર્માદાનના ધંધા :-**

અહીં ભોગોપભોગ પરિણામ-વ્રત ઉપયોગી થાય છે. એ વ્રતમાં એક વિભાગ કર્માદાનના ધંધા ત્યાગ કરવાનો છે. કર્માદાન એટલે જેમાં વિશેષ પ્રકારે પાપકર્મનું આદાન અર્થાત્ ગ્રહણ થાય છે તે. એટલે કે મહાપાપના ધંધા. **'ઈંગાલી-વણ-સાડી...'** અને **'એવં ખુ જંતપીલણ...'** આ બે વંદિત્તા સૂત્રથી ગાથામાં એનાં નામ ગણાવ્યાં છે. આમાં,

**પહેલા પાંચ કર્માદાન ધંધા આ છે,**- અંગાર-વન-શાટક-ભાટક અને સ્ફોટક. (૧) **અંગારકર્મ** એટલે જ ધંધો અગ્નિથી ચાલતો હોય દા.ત. હોટેલ, વીશી, લૉજનો ધંધો કંદોઈ-ભાડભુંજા વગેરેનો ધંધો... (૨) **વનકર્મ** એટલે વનસ્પતિ કાપીને કરવા પડતા ધંધા દા.ત. વાડી રાખી એમાં ઊગતાં શાકભાજી ફળ ફૂલ વેચવાના ધંધા; એમ વનનાં લાકડાં વેચવાનો ધંધો...(૩) **શાટકકર્મ** એટલે શટક અર્થાત્ ગાડાં વેચવાનો ધંધો, આમાં મોટર, ગાડી, સાઈકલ વગેરે વેચવાના ધંધા આવે. (૪) **ભાટકકર્મ** એટલે ભાડું ઉપજાવવાનો ધંધો; જેમ કે બસ, મોટર, વગેરે ભાડે આપવાનો, એમ યંત્ર, વાડી, ખેતર, વગેરે ભાડે આપવાના ધંધા. (૫) **સ્ફોટકકર્મ** એટલે ભૂમિ ફોડી કરાતા ધંધા, દા.ત. સુરંગ ફોડીને કરાતા ધંધા; ખાણ ખોદવાના

ધંધા, પથ્થર, કોલસા, ચૂનો, ઈંટો વગેરેના ધંધા. અલબત્ત અગ્નિથી તૈયાર કરેલ કોલસાદિના ધંધાને અંગાર કર્મમાં ગણી શકાય.

**બીજા પાંચ કર્માદાન** દાંત-લાખ-રસ-કેશ અને વિષના ધંધા છે. (૬) **દાંત** એટલે હાથીદાંતના અને એવાં બીજાં પ્રાણીઓનાં હાડકાંના. (૭) **રસ** એટલે ઘી, તેલ, ગોળ, સરબતો વગેરેના ધંધા. એમાં કીડીઓ મંકોડા કે ઉડતા જંતુ માખી વગેરે બહુ મરે છે. (૮) **કેશ** અર્થાત્ પશુનાં પીંછાં વાળ, તેમ જ ચામડાના ધંધા. (૯) **લાખ** અર્થાત્ જે વસ્તુઓ સળગાવીને ઉપયોગમાં લેવાય છે તેના ધંધા. દાખલા તરીકે, લાખ, દીવાસળી, દારુખાનું, ગંધક, કોલસા, સ્ટવ, ચૂલો, દીવા, લેમ્પ વગેરેના વેપાર (૧૦) **વિષ** એટલે ઝેર, જેનાથી માણસ મરે તે. એવા ધંધામાં અફીણ, તેજાબ વગેરેના ધંધા આવે.

**પ્ર.**- સાબુ, સોડા વગેરેના ધંધા શેમાં ગણાય ?

**ઉ.**- એ વસ્તુઓ પણ એવી છે કે એનાથી પાણી વગેરેનો બહુ આરંભ સમારંભ છે, તેથી એને લાખના વિભાગમાં ગણી શકાય.

અહીં એક સમજવાનું છે કે અગ્નિ, પૃથ્વી, વગેરેનો આરંભ સમારંભ કરી સ્વયં વસ્તુ બનાવી વેચવાનો ધંધો હશે તો તે અંગાર કર્મ, વન કર્મ કે સ્ફોટક કર્મમાં જશે; અને બનેલી તૈયાર લાવીને વેચવાનો ધંધો હશે પરંતુ એ વસ્તુ સીધી અગ્નિ વગેરેના આરંભ માટેની હશે. જેમ કે દીવાસળી. ગ્યાસતેલ, સાબુ ઈત્યાદિ, તો એ અહીં લાખના વિભાગમાં ગણાશે.

**ત્રીજા કર્માદાન પંચકમાં,** યંત્રપીલણ-નિર્લાંછનકર્મ-વનદવ-સરશોષણ અને અસતીપોષણના ધંધા આવે. (૧૧) **યંત્રપીલણ** કર્મમાં મશીન રાખી કપાસ લોઢવા, તેલ કાઢવા, શેરડી વગેરેના રસ કાઢવા, કાપડ બનાવવા વગેરે ધંધા (૧૨) **નિર્લાંછન કર્મ** એટલે પશુને ખસી કરવાના, ડામ દેવાના, નાથવાના ધંધા; એમ બાળકોના નાક-કાન વીંધવાના ધંધા, (૧૩) **વનદવ** એટલે વનને દાહ દઈ બાળી મૂકવા વગેરે ધંધા. (૧૪) **સર-શોષણ** એટલે તળાવ સુકાવી નાખવાના. કૂવો પૂરી દેવાના, વગેરે ધંધા. સડકો, મકાનો, વગેરેના કોન્ટ્રાક્ટ રાખી બનાવી આપવાના ધંધામાં આનો અંશ આવે, તેમ જ યંત્રપીલણ, અંગારા સ્ફોટક કર્મ વગેરેના હિસ્સા પણ આવે. (૧૫) **અસતી પોષણમાં** પશુ-પંખી ઉછેરી વેચવાના ધંધા, વેશ્યાની દલાલી, વેશ્યાને મકાન ભાડે આપવાં વગેરે, ચોર-લુચ્ચા-મવાલી વગેરેને આશ્રય આપવા ઈત્યાદિના ધંધા.

કર્માદાન ધંધામાં ક્યાંક તો જીવોની સીધી ભારે હિંસા છે, અને કેટલાકમાં જીવો એમાં આવી પડીને મરે એવું છે, તો કેટલેક સ્થળે એનું પરિણામ હિંસાની



પ્રવૃત્તિમાં ઊતરે છે. એટલે શ્રાવકને આ ધંધા ઉચિત નથી; એટલું જ નહિ પણ જિંદગીમાં એ ધંધાનો ખપ ન પડે છતાં જો એના ત્યાગની પ્રતિજ્ઞા નથી કરી તો માથે કર્મનો ભાર ચઢે છે. માટે બાધા કરી લઈ એ પાપ તો અત્યારથી જ હટાવવાં. કઈ સંભવ લાગે એટલું બાદ રાખીને પણ નિયમ થઈ શકે.

**પાપ વખતે ધર્મપુરુષાર્થ :-**

વાત એ ચાલતી હતી કે ધર્મપુરુષાર્થની પ્રવૃત્તિનું નામ જીવન છે, પૈસા કે સુખભોગ એ જીવન નહિ. પૈસા કમાવવામાં પણ જો મનમાં રાખ્યું કે અનીતિ ન જ કરું જૂઠ ન જ બોલું, કર્માદાનના ધંધા નહિ જ જોઈએ, તો એટલા અંશે ધર્મપુરુષાર્થ ઊભો રહ્યો, એમ પૈસા પર ગાઢ મૂર્ચ્છા અને પાપો કરવાના મનોરથને અટકાવ્યા તો એ ધર્મ પુરુષાર્થ થયો, ધર્મપુરુષાર્થ બે રીતે થાય- ૧. પાપોથી નિવૃત્ત થવા રૂપે, પાપ વિચારોને અટકાવવા રૂપે, જેમ કે, ધંધો કરતી વખતે પણ ગરીબને મફત કે નહિ જેવા મૂલ્યે માલ આપ્યો, દાન કર્યું, કમાઈમાંથી શુભની પેટીમાં હિસ્સો નાખ્યો. એ પ્રવૃત્તિ-પુરુષાર્થ. એમ સુખભોગ વખતે સંયમ કર્યો, વ્રતનિયમથી ભોગમાં સંકોચ રાખ્યો, એ નિવૃત્તિ-પુરુષાર્થ. એમ, વૈરાગ્ય ભાવના, મહાપુરુષોના સત્પરાક્રમ તથા ગુણોનું સ્મરણ વગેરે કર્યું એ પ્રવૃત્તિ-પુરુષાર્થ.

સારાંશ, જીવન એ જો કોઈ વિશિષ્ટ વસ્તુ છે, તો તે અર્થ અને કામનાં અર્જન-ઉપભોગમાં નહિ, કિન્તુ ધર્મના પુરુષાર્થમાં છે. આ એક વાત થઈ.

**બીજી વાત જીવની મૂઢતા** વિષયોથી સુખ માનવાની છે. આ પણ જ્યાં સુધી બેઠી છે ત્યાં સુધી જીવ વિષયોને મહત્ત્વ આપ્યા કરે છે. અને સુખશીલિયો બન્યો રહે છે. સાથે, રાગદ્વેષ વગેરેના કેટલાય માનસિક ઉકળાટ અનુભવ્યા કરે છે. આ મૂઢતા, સુખશીલતા અને ઉકળાટ સંસારના મજબૂત થાભલાં છે.

**સંસાર કેમ મિટે ?**

(૧) જ્યાં સુધી જીવ મૂઢ બન્યો રહી, 'પૈસાથી જીવન,' 'વિષયોથી સુખ,' 'જીવ્યા કરતાં કરતાં જોયું ભલું,'... આવા આવા ખોટા હિસાબ માંડી રાખે છે,

(૨) જ્યાં સુધી સુખશીલિયો બની કાયા અને ઈન્દ્રિયોને બને એટલા આનંદ-આરામી આપ્યા કરે છે, અને એની પાછળ,

(૩) જ્યાં સુધી અનેક પ્રકારના રાગ, દ્વેષ, ક્રોધ-લોભ, મદ માન-માયા ઈર્ષ્યા-વેરઝેર ઉકળાટ સેવ્યા કરે છે,

ત્યાં સુધી સંસાર શાનો મિટે ? શાનો કપાય ? અને મોક્ષ શી રીતે નિકટ થાય ?

એ તો તો જ બને કે જો જ્ઞાન, તપ અને સંયમને અપનાવવામાં આવે, ને મૂઢતા, સુખશીલતા તથા રાગદ્વેષાદિના ઉકળાટને કાપવામાં આવે.

ભોગોપભોગ-પરિમાણ વ્રતથી આ કરવાનું છે કે મૂઢતા મટે. સુખશીલિયાપણું કપાય, અને ઉકળાટ શાંત થાય, સાથે, જીવોને અભયદાન અને વિષયોની આસક્તિ પર કાપ,-આ બે સાધના ભોગોપભોગ-પરિમાણથી સાધવાની. તો અને સાધવા માટે આ વ્રત આદરવાનું છે. વ્રત આદરતાં એ સધાતા આવે એવું ખાસ કરવાનું.

**પ્ર.**- હજી વિષયાસક્તિ છૂટી નથી, પછી એના ત્યાગનાં વ્રત જ શી રીતે થઈ શકે ? અને એમ વિષયો હૈયામાં રમ્યા કરતા હોય અને વ્રત લેવાય એમાં વળે પણ શું ?

**ઉ.**- બે મજેના પ્રશ્ન છે. તો એના મજેના ઉત્તર છે.

**વ્રત એ કસરત : આસક્તિ એ નબળાઈ :-**

પહેલી વાત આ સમજો કે વિષયાસક્તિ એ આત્માની નબળાઈ છે, કમજોરી છે; અને વ્રતનિયમો એ અખાડાનો વ્યાયામ છે. ત્યારે દુનિયામાં જુઓ કે માણસ અખાડામાં કસરત ખેલવા જાય છે ત્યારે તો દૂબળો-પોચો હોય છે, પરંતુ પછી એ કસરત લાંબો કાળ કરતાં કરતાં બળવાન બને છે, લઠ્ઠ કાયાવાળો થાય છે. ત્યાં એવો નિયમ નથી રાખતો કે 'કસરત તો ભાઈ ! લઠ્ઠનું કામ.' ના એ તો સમજી રાખ્યું હોય છે કે 'દૂબળો પણ કસરત કરતાં કરતાં સબળો થઈ જાય.' અને એવા દાખલા જડે છે કે વ્યાયામ કરવાથી નબળાઈ જતી રહી. બસ. એ જ રીતે અહીં સમજવાનું છે કે

**વ્રત-નિયમોની કસરત કરતાં કરતાં વિષયાસક્તિ રૂપી નબળાઈ ઓછી થઈ જાય છે,** અને એના દાખલા પણ મળે છે. યુક્તિથી પણ આ વાત બેસે છે.

**વ્રતથી આસક્તિ કેમ તૂટે ? :-**

તે આ રીતે કે જો વ્રતનિયમ નથી તો તો ઇન્દ્રિયોને વિષયોમાં મહાલવાના બધા દરવાજા ખુલ્લા છે ! એટલે વિષયોના ભોગવટા ચાલુ જ રહેવાના. એમાં આસક્તિ શું મજબૂત થાય કે મોળી પડે ? મીઠાઈ મળે ત્યારે ત્યારે ખાયા કરે તો મીઠાઈની લગની, એનો પ્રેમ ઓછો થવાનો કે પોષાયા કરવાનો ? સંગીત જ્યારે જ્યારે મળે ત્યારે ત્યારે સાંભળ્યા કરે તો સંગીતની લાલસા મોળી પડે એમ લાગે છે ? દેખાય છે ને કે વેશ્યાના છંદે ચઢેલાને એની લાલસા કેટલી બધી જોર કરતી હોય છે ? એમ, પરસ્ત્રીઓ ઉપર જ્યાં મોકો મળે કે દૃષ્ટિ નાખ્યા કરવી છે તો પછી રૂપની આસક્તિ પોષાયા જ કરવાની; ક્યારે ય મોળી ન પડે, એ તો મન મારીને એ વિષયપ્રવૃત્તિ ઓછી કરાય, તો જ એની આસક્તિ કપાય. વ્યસનની



લત એમ જ છૂટે છે. માત્ર મન કાઠું કરી એની પ્રવૃત્તિ ઘટાડવી પડે.

**વ્રત નિયમનો ઉત્સાહ કેમ જાગે ? :-**

એટલે ભલે વિષયોની આસક્તિ હૈયામાં બેઠી છે, પરંતુ,

(૧) જ્ઞાનીના વચન પર પાકો વિશ્વાસ મુકાય,

(૨) વિષયોના અનર્થ દુનિયામાં કેવા કેવા નીપજે છે એ જોવાય,

(૩) વ્રતનિયમથી જેનાં જીવન સુધરી ગયાં છે એવા દાખલા નજર સામે રખાય. પૂર્વના મહાવૈભવી રાજામહારાજ અને શેઠશાહુકોરોએ લીધેલા અને પાળેલા વ્રતનિયમોની બલિહારી વિચારાય,

(૪) માનવ જીવનની વિશેષતા, કૂતરા-ગધેડા પણ જે વિષય ભોગમાં ડૂબ્યા રહે છે, એમાં નથી, કિન્તુ સંયમમાં છે, ત્યાગમાં છે, એનો વિચાર કરાય,

...આ બધી વિચારણાથી વ્રતનિયમો લેવાનો ઉત્સાહ જાગી શકે છે. વિષયો ગમે છે, છતાં આ બધો વિચાર કરીએ તો મન મજબૂત બની વ્રતનિયમો માટે તૈયાર થઈ જાય; અને વ્રતનિયમનો આદર સહિત અભ્યાસ તથા દીર્ઘકાળ સેવન, ચીજ એવી છે કે વિષયાસક્તિને જરૂર મોળી પાડે. સિનેમાના શોખીનને આ અનુભવ છે કે જો કોઈની શિખામણથી અગર બીજી રીતે એમ લાગી ગયું કે આ ખતરનાક છે, પછી જો કે એનો ટેસ ઊભો છે, છતાં જો પ્રતિજ્ઞા સાથે સિનેમા જોવાનું બંધ કરી દીધું છે, તો આગળ જતાં એનો ટેસ ઊડી જાય છે. પછી સિનેમા તરફ સહજ ઘૃણા થાય છે. એમ, ભોગોપભોગનો પરિમાણ બાંધી લઈ, વ્રત કરી લીધા પછી એનું પાલન કરતાં કરતાં એ વિષયોની આસક્તિ મોળી પડી જાય છે.

માત્ર વાત આટલી ખરી, કે વ્રતનિયમોનું પાલન, વિષયોની આસક્તિ ઘટાડવાનો ઉદ્દેશ બરાબર મન પર રાખીને કરવું જોઈએ. આસક્તિવર્ધક વિષયોનું મહત્ત્વ કાપવા સારુ વ્રતપાલન થવું જોઈએ.

પાણી કાચાને બદલે ઉકાળેલું પીવા માંડવું, કોઈ પૂછે 'કેમ હવે આ ઉકાળેલું પાણી પીઓ છો ?'

તો કહેવાનું 'એ વિષયનું મહત્ત્વ ઘટાડવા માટે.'

'ના, કાચા પાણી વિના ન ચાલે, ગરમ પાણીથી તો ગરમી થાય' આમ કાચા પાણીને મહત્ત્વ આપી ખોટા હિસાબ મન માંડે છે તે હટાવવા હવે ઉકાળેલું પાણી વાપરવાનું રાખ્યું છે. ગરમ પાણી જો ગરમી કરે, તો ગરમ રસોઈ નહિ કરે ? ગરમ નહિ પડે ? ગરમ પાણી ગરમી કરે એ હિસાબ જ ખોટો છે. કાચા પાણીને ખોટું મહત્ત્વ અપાય છે. એ ટાળવા માટે ગરમ પાણીનો અભ્યાસ છે.

એમ કોઈ પૂછે 'કેમ અમુક ચીજોનો ત્યાગ રાખો છો ?' તો કહેવાય કે

'એના વિના જીવન ન ચાલે એવું એનું ખોટું મહત્ત્વ મનમાંથી કાઢી નાખવા માટે તથા એની આસક્તિ ઘટાડવા માટે આ વ્રતનિયમ પાળું છું.'

**વિષયોનું મહત્ત્વ ઘટાડવા વિચારણા :-**

આ તો કોઈ પૂછે એની વાત થઈ. પરંતુ ન ય પૂછે છતાં મનમાં આ જાગૃતિ રાખવાની કે વ્રતનિયમ પાળતાં પાળતાં મનમાંથી વિષયોનું મહત્ત્વ ઘટવું જ જોઈએ અને આસક્તિ-આકર્ષણ મોળાં પડવાં જ જોઈએ. એ શક્ય છે. કરવાનું આટલું છે કે વ્રત પાળતાં, સંયમ કરતાં, જેમ પૂર્વે વિચાર્યું કે 'વાહ ! કેવો સરસ અભયદાનનો લાભ મળે છે !' એમ આ વિચાર્યા કરવાનું કે 'વિષયો શી ચીજ છે ? કુછ નહિ, મારા આત્મધન આગળ. મારા વિકારોનો એટલો ઉપશમ થવા આગળ એની કશી કિંમત નથી. એ ભોગવું તો વિકારો વધે છે, રાગ દૃઢ થાય છે, એ ભયંકર અનર્થ છે. એનાથી મારા આત્માને બચાવી લેવા વિષયો જતા કરવા પડે, એમાં કોઈ ખોટ નથી. વિષયો તો આમેય એક દિ' જવાના છે. અરે ! એને ભોગવ્યાનો આનંદ પણ ટૂંકમાં જ ખત્મ થવાનો છે. તો પછી એવા વિષયોનું મહત્ત્વ શું ? કશું જ નહિ. ઊલટું એમાં તો ચિત્તની વ્યાકુળતા વધે છે. બે ચીજ સામે આવી ત્યાં ગડમથલ ઊભી થાય છે કે 'આ પહેલી ખાઉં કે પેલી ?' અથવા, 'આના કરતાં પેલીમાં કાંઈ દમ નહિ, એ પછી રાખો,' એવા રાગદ્વેષ થાય છે. તત્કાળ પૂરતી જ નહિ, પણ આગળ-પાછળેય એની ગડમથલ મનમાં ચાલ્યા કરે છે. આ બધું વિષયોને મહત્ત્વ આપીએ તો થાય ને ? ના, વિષયોનું કોઈ મહત્ત્વ નથી, મહત્ત્વ મનની શાંતિનું છે, ચિત્તની સ્વસ્થતાનું છે. આત્મા પર વિષયોનું વર્ચસ્વ નહિ કે એ આત્માને ફાવે તેમ નચાવે ! કિન્તુ વિષયો પર આત્માનું વર્ચસ્વ, જેથી એ વિષયોને મામૂલી જ સ્થાન આપે.

બસ, વ્રત, નિયમ, ત્યાગ, સંયમન વગેરે કરવાનું તે આ ચિત્તની સ્વસ્થતા અને આત્માનાં વર્ચસ્વને જમાવવા વધારવા માટે કરતા રહેવાનું.

**વ્રત નિયમ એ તાલીમ છે, વ્યાયામ છે, સ્વસ્થતા, સમાધિ, વિષયો પર વર્ચસ્વ, એ બળ છે. વ્યાયામ વિના બળ વધે નહિ, અને બળ વધારે નહિ એવો વ્યાયામ નિષ્ફળ ગયો ગણાય.**

ભોગોપભોગના અને બીજા નિયમોના અભ્યાસથી ચિત્તની સ્વસ્થતા, સમાધિ અને આત્માનું વિષયો પર, વર્ચસ્વ કેળવાતું આવે. જો વ્રતનિયમ કોઈ રાખવા નથી, બધું જ ભોગવવા-ભેગું કરવાની છૂટ છે અને ચિત્તની સમાધિ-સ્વસ્થતા રહે, એ આકાશકુસુમ જેવી વાત છે. એમ ઇન્દ્રિયો પર આપણું વર્ચસ્વ જામે એવી આશા રાખવી વ્યર્થ છે, ત્યારે બહારની ઇન્દ્રિયો અ-નિયંત્રિત રહે અને અંદરનું



મન નિયંત્રણમાં આવે એ કદી બનવાનું છે ? ના, મન ઉપરે ય આત્માની કોઈ હકૂમત નહિ કે આત્મા એને ધાર્યું વર્તાવી શકે, એટલે તો પછી જેમ ઇન્દ્રિયોને ગમે તે વિષય ભોગવવાની છૂટ, એમ મનને ગમે તેવા કષાયો કરવાની છૂટ રહેશે ! ત્યારે શું એમ લાગે છે કે ચિત્તને સમાધિ-સ્વસ્થતા હોય નહિ, ઇન્દ્રિયો યથેચ્છ વિષયગામી હોય અને મન નિરંકુશ કષાય સેવી રહે, ત્યાં મોક્ષ પ્રત્યે પ્રયાણ આવી શકે ? ના, એ તો ચિત્તસમાધિ અને આત્મવર્ચસ્વ સિદ્ધ કરવા જ જોઈએ. એ માટે વ્રતનિયમોનો ખૂબ અભ્યાસ જોઈએ. એવા ઉદ્દેશથી કરાતો આ અભ્યાસ, એ સમાધિ વર્ચસ્વ સિદ્ધ કરી આપે.

**અભયદાન અને વિષયનિગ્રહ માટે ૧૪ નિયમની પ્રક્રિયા :-**

ભોગોપભોગ-પરિમાણ વ્રતના મહત્ત્વ અંગે બહુ વિચારણા થઈ. (૧) જીવોને અભયદાન કરવાનો મહાલાભ, તથા (૨) વિષય-કષાયનો નિગ્રહ કરી ચિત્તને સમાધિ-સ્વસ્થતા પ્રાપ્ત કરાવવાનો મહાન લાભ, આ વ્રતનિયમથી મળે છે. (૩) સાથે અવિરતિના પાપથી બચવાનો પણ અદ્ભુત લાભ છે. જે પાપો સેવવામાં આવતાં નથી, પરંતુ એની વિરતિ નથી કરી, એટલે કે એના ત્યાગની પ્રતિજ્ઞામાં આવ્યા નથી, તો એ અ-વિરતિ છે, અને અવિરતિના યોગે પણ અઢળક કર્મબંધ-અ-શુભકર્મોપાર્જન થાય છે. માટે પણ એથી બચવા વિરતિ કરી લેવા જેવી છે. તો આ વ્રતમાં પૂર્વે કહેલ નિયમોની જેમ ચૌદ નિયમનો પણ ખપ કરવો જોઈએ. તે પણ બે રીતે,-(૧) એક તો જીવનભરને માટે એક વખત નક્કી કરી દેવાનું કે આ આ ચીજ મારે રોજના માટે આટલા પ્રમાણથી વધારે ખપે નહિ, વધારેનો ત્યાગ; આવું જાવજ્જીવ માટે નિશ્ચિત કરી લઈ વ્રત લેવાનું; અને (૨) બીજું, પછી રોજ સવારે અને સાંજે તે તે દિવસ-રાત પૂરતું ધારવાનું કે આ આ ચીજ આટલા-આટલાથી વધુ ન ખપે, અહીં કદાચ પ્રશ્ન થશે,-

**પ્ર.- જિંદગીભર માટે ૧૪ નિયમની પ્રતિજ્ઞા કરી લીધા પછી પાછું રોજ ને રોજ ધારવાથી શું વિશેષ ?**

ઉ.- વિશેષ એ કે જિંદગીભરના હિસાબે તો આંકડો મોટો રાખ્યો હોય, પરંતુ તે તે દિવસે જરૂરિયાત ઓછી લાગે તો તે દિવસ પૂરતું સંક્ષેપીને પ્રમાણમાં ઓછું કરી વ્રત લેવાથી વિશેષ લાભ મળે છે; અને રોજની યાદગીરીથી જાગૃતિ રહે છે, અભયદાન અને વિષયનિગ્રહ તરફ લક્ષ જાય છે. જીવનનું વ્રત ન લીધું હોય તો પણ રોજના માટે ૧૪ નિયમ ધારી શકાય એના પણ એ લાભ મળે છે.

ચૌદ નિયમની આ એક ગાથા છે,-

**'સચિત્ત-દવ્વ-વિગઈ, વાણહ-તંબોલ-વત્થ-કુસુમેસુ;**
**વાહણ-સયણ-વિલેવણ, બંભ-દિસિણ્હાણ-ભત્તેસુ.'**

આ ગાથા મોંઢે કરી લેવાની છે. આમાં ચૌદ નામ મૂક્યાં છે,-સચિત્ત, દ્રવ્ય અને વિગઈ; વાણહ (પગરખાં) તંબોળ, વસ્ત્ર અને કુસુમ; વાહન, શયન અને વિલેપન, તથા બ્રહ્મચર્ય, દિશા, સ્નાન, અને ભાતપાણી.

રોજના આ દરેકના ઉપયોગનું પ્રમાણ નક્કી કરવાનું છે. તે જિંદગીભર માટે રોજનું અને પછી હંમેશાં સવારે દિવસ પૂરતું અને સાંજે રાત્રિ પૂરતું ધારવાનું. દા.ત. સચિત્ત એટલે કે સજીવ પૃથ્વી, પાણી અને વનસ્પતિ, એને કોઈ શસ્ત્ર લાગીને અચિત્ત એટલે કે નિર્જીવ નથી થયા એ સ્થિતિમાં એટલે કે પૃથ્વીમય કાચું મીઠું-લૂણ, કાચું પાણી, લીલાં દાતણ, વગર-રાંધ્યાં કાચાં શાક કાકડી વગેરે, યા કાચાં ફળ કેરી વગેરે,-કુલ પાંચ સચિત્તથી વધારે સચિત્ત જિંદગીભર કોઈ દિવસ નહિ વાપરું. આમ તો શાક વગેરેનાં નામ ફરતાં જિંદગીમાં વધારે સંખ્યા થવાની, પરંતુ જીવનભરનો નિયમ આ કે 'રોજના માટે પાંચ સચિત્તથી વધુ નહિ વાપરું.'

સાતમા ભોગોપભોગ પરિમાણવ્રતમાં આવો નિયમ એક વાર કરી લીધો, પછી રોજ સવારે ઊઠીને ધારી લેવાનું કે આજે પાંચથી વધુ નહિ, કે ચારથી યા ત્રણથી વધારે નહિ, અથવા આજે પર્વતિથિ છે તો એકે ય સચિત્ત નહિ વાપરું. એમ કરવાથી વિશેષ સંયમ થાય છે. વળી રાતના કાંઈ ખાવું પીવું નથી એટલે સાંજે સૂર્યાસ્ત પછી ધારી લેવાનું કે આજ રાત માટે સચિત્ત બંધ. આ ખાવા-પીવા અંગેનો જ નિયમ છે એટલે રાતના હાથ પગ ધોવા કાચું પાણી વાપરવું પડે એની અહીં વાત નથી. તેમ દિવસના પણ વસ્તુ અચિત્ત થઈ ગઈ. દા.ત. કાંચું મીઠું રસોઈમાં પડી રંધાઈ અચિત્ત થઈ ગયું, અથવા એ ભઠ્ઠીમાં શેકાઈને પાકું મીઠું, બલવણ બની ગયું છે, તો એને સચિત્તમાં નથી ગણવાનું.

એમ ત્રણ ઉકાળા ઊકળેલું પાણી, ત્રિફળા કે ચૂનો નાખેલું બે ખડી પછીનું પાણી, એનો કાળ પહોંચે ત્યાં સુધી સચિત્ત નથી.

પાકાં કેળાં તો આખાં પણ અચિત્ત જ છે.

બીજા ફળ કપાયાં કે એનો રસ નીકળ્યો અને અંદરનું બી અલગ થઈ ગયું પછી બે ઘડી બાદ તે ફ્રૂટ કે એનો રસ અચિત્તમાં ગણાય.

ઘરમાં બલવણ-પાકાં મીઠાંની શીશી રાખી લીધી, જ્યારે ઉપરથી મીઠું લેવાની જરૂર પડી ત્યારે એમાંથી જ વાપર્યું, તો રોજના માટે કાચા સચિત્ત મીઠાના ત્યાગનો લાભ મળે.

એમ ઉપવાસ, આંબેલ, એકાસણું બેસણું છે, ઉકાળેલું પાણી જ વાપરવાનું



છે ત્યાં કાચા સચિત્ત પાણીના ત્યાગનો લાભ મળે. શાક કાચું ન વાપરતાં રાંધેલું જ વાપર્યું તોય એ લાભ મળે.

અહીં એક દલીલ કરવામાં આવે છે.

**દલીલ :-** કાચાં શાક, મીઠું, પાણી વગેરેને પહેલાં અગ્નિ વગેરે શસ્ત્રથી સચિત્તનાં અચિત્ત કરવાં ને પછી ખાવાં, એના બદલે સીધાં કાચાં ખાવાં, એમાં શું વિશેષ ? બંનેમાં જીવ તો મરે જ છે. ઊલટું બહાર ચૂલા વગેરેથી અચિત્ત કરવામાં તો બીજા અગ્નિ વગેરે જીવોનો ય આરંભ સમારંભ થાય છે, એ કરતાં સીધું કાચું ખાવામાં એટલા બીજા જીવો બચે ને ?

**સમાધાન :-** આનો ઉત્તર એ છે કે જીવોની રક્ષા અહિંસા અને મહાન ધર્મ છે; માટે જ સાધુજીવનનું મહત્ત્વ છે. કેમ કે એમાં એવી કોઈ હિંસા કરવી પડતી નથી; ગૃહસ્થને કરવી પડે છે. પરંતુ શ્રાવક-શ્રાવિકા એમાંય બને તેટલો જીવોનો બચાવ કરે છે. દા.ત. પાણી ઓછું વાપરે છે, ચૂલો કામ પૂરતો જ, બાકી નકામો સળગતો નહિ, વગેરે વગેરે. તેથી શ્રાવકજીવન પણ બીજા માણસોનાં જીવન કરતાં ઊંચું છે.

આમાં હવે એ જોવાનું છે કે એક બાજુ સચિત્ત મોંમાં-ખવાઈ-પિવાઈને જીવ મરે છે, બીજી બાજુ બહાર ચૂલો વગેરેથી અચિત્ત બનતાં જીવ ખત્મ થાય છે, બેમાં વધુ ખરાબ શું ?

તો જૈનશાસન કહે છે કે બહાર જીવો મરે એના કરતાં મોંમાં જીવતા ચાવી નાખવાથી પોતાના કોમળ દયાના પરિણામ નષ્ટ થાય એ વધુ ખરાબ છે; કેમ કે વૃત્તિ કઠોર બન્યા પછી તો બીજાં કેટલા ય પાપ મન-વચન કાયાથી થવાનાં ! ત્યારે સચિત્ત સજીવ સીધું મોંમાં ચાવી ખાવું એ વૃત્તિને વધારે કઠોર કરે છે. દા.ત. જુઓ કે એક માંસાહારી દુકાન પરથી મરઘીનું માંસ લઈને ખાય છે, ત્યારે બીજો જીવતી મરઘી મોંમાં ચાવી ખાય છે, બેમાં કોણ ભયંકર દેખાશે ? કહેવું જ પડશે કે જીવતી ને જીવતી ચાવી ખાનારો. એનું હૈયું વધારે ક્રૂર હોવાનું કે બનવાનું. માટે અહીં સચિત્તનો ત્યાગી એવી કઠોરતા-ક્રૂરતાથી બચી જાય છે; માટે એ સચિત્ત ભોગી કરતાં ઊંચો છે. વળી સચિત્ત અચિત્ત કરતાં વધુ વિકારી પણ છે.

(૨) **દ્રવ્ય :-** ચૌદ નિયમમાં બીજો મુદ્દો દ્રવ્યનો છે. દ્રવ્ય એટલે જુદી જુદી ખાવા-પીવાની વસ્તુ દા.ત. પાણી, દૂધ, ચાહ, ખાખરો, ઘી, રોટલી, દાળ, ઓસામણ વગેરે વગેરે. આ બધાં દ્રવ્ય ગણાય. સંખ્યા ધારવાની છે આટલી સંખ્યાના દ્રવ્યથી વધારે આજે નહિ વાપરું. એકની વસ્તુ દા.ત. પાણી અનેક વાર વપરાય છતાં એનું એક જ દ્રવ્ય ગણાય. સવારે તુવેરની દાળ વાપરી, સાંજે એનું ઓસામણ વાપર્યું કે અડદની દાળ વાપરી તો એ જુદું દ્રવ્ય ગણાય. ચાહ દૂધ ચૂલા પર ભેગાં

ઊકળી ગયાં એ એક દ્રવ્ય, પણ નીચે કપમાં ચાહમાં દૂધ લીધું. તો બે દ્રવ્ય ગણાય, દુકાનવાળા પાસેથી સેવ-ગાંઠિયા-દાળ વગેરેનું ભેગું ચવાણું આવ્યું એ એક દ્રવ્ય ગણાય; પરંતુ ચેવડો, ગાંઠિયા, દાળ વગેરે જુદી જુદી વસ્તુ લઈ વાપરવા બેઠા તો જુદાં જુદાં દ્રવ્ય ગણવાં પડે. દૂધમાં સાકર પહેલેથી ભેળવેલી છે, એ બંનેનું એક જ દ્રવ્ય; પણ દૂધ જરા મોળું લાગ્યું અને ઉપરથી એમાં સાંકર લીધી, તો એ સાકરનું જુદું દ્રવ્ય ગણવાનું. આ રીતે દ્રવ્ય-ગણત્રીની ખૂબી એ છે કે દા.ત. અવસરે દૂધ થોડું મોળું છતાં એમાં ઇન્દ્રિય સંયમ કરવાનું મન થશે કે 'જવા દો, જરાક માટે સાકર શું નાખવી ? નકામું દ્રવ્ય ગણવાનું વધશે,' એમ કરી સાકર જતી કરાશે. એવાં બીજાં ય ક્ષુલ્લક દ્રવ્ય જતાં કરવાનું મન થશે.

દ્રવ્યનો નિયમ કર્યો હોય તો આ ઇન્દ્રિયસંયમ, અને ધર્મજાગૃતિને અવકાશ રહે. નિયમ જો ન હોય તો સંયમ રહેવો મુશ્કેલ છે. કદાચ ક્યારેક સંયમ કરાય તો પણ નિયમ નહિ હોવાથી વિરતિનો લાભ ન મળે. તો આવો લાભ કોણ જતો કરે ?

આ ચૌદ નિયમમાં તો એવું સરળ કામ અને છતાં મહાન લાભ છે કે નિયમ માત્ર બાર કલાકનો સવારે ધારી લેવાનો અને સાંજે કેટલું વાપર્યું એમ સંકેલી લેવાનો, એમાં વાર પણ કેટલી લાગે ? ખાસ કાંઈ નહિ; વિરતિનો લાભ અપરંપાર મળે ! કેમ કે જગતમાં કરોડો સચિત્ત છે, કરોડો દ્રવ્ય છે, એ બધા આમે ય કાંઈ ખાવામાં આવતા નથી, એનો ત્યાગનો નિયમ કરવાથી કેટલાંય પાપથી બચી ગયા ! કહો, પળમાં પાપને પેલે પાર પહોંચાડનાર આ નિયમ છે.

(૩) **વિગઈત્યાગમાં** દૂધ-દહીં, ઘી-તેલ, ગોળ અને કટાહ એ છ વિગઈઓમાંથી શક્ય ત્યાગનો નિયમ રાખવાનો. પર્વતિથિના દિવસે વિશેષ ત્યાગ કરવો. આમાં પાછા બે પ્રકાર છે,- એક તો કાચી વિગઈ, અને બીજી પાકી વિગઈ નીવિયાતી. દૂધ વાપર્યું એ કાચીમાં ગણાય. દૂધપાક, ખીર, ખાવો, પેંડા વગેરે વાપર્યું, એ પાકી દૂધ વિગઈ. દહીં, છાશ એ કાચી વિગઈ, કઢી, દહીંવડા, શિખંડ વગેરે એ પાકી દહીં વિગઈ. એમ બીજે સમજવાનું.

દ્રવ્યોનો સંક્ષેપ અને વિગઈઓનો ત્યાગ એ અદ્ભુત રસનાના સંયમની તાલીમ આપે છે, જડ વિષયોના રાગ પર પ્રહાર કરે છે. અલબત્ત બીજી ઇન્દ્રિયોના વિષય પ્રત્યે હજી આકર્ષણ ઊભાં છે, પરંતુ રસેન્દ્રિયના વિષય પર સંયમ એ એક મહાન સાધના છે. મુનિ પણ બીજા વિષયોના ત્યાગી હોય, છતાં જો આ જાગૃતિ ગુમાવે અને રસનેન્દ્રિયનો સંયમ ભૂલે, તો એ ભૂલ એને જબરી પછાડ ખવડાવે છે. ભૂલવા જેવું નથી કે આહારસંજ્ઞા તથા રસ વિષયની સંજ્ઞા જીવને અનાદિ કાળથી વળગેલી છે. ભવોભવ પોષાયેલી છે એટલે એની ખણજ તો વારેવારે



ઉઠવાની. પરંતુ આ નિયમ પદ્ધતિ એવી એક સરસ પ્રક્રિયા છે કે એને કાબૂમાં લાવે છે, પુણ્યાઈ છે એટલે મનમાની સગવડ તો મળવાની, પણ કોઈ જાતના ત્યાગ સંયમ વિના એ જો ભોગવી જ લેવાનું રાખ્યું તો એના પાપ અને કુસંસ્કારથી ભવાંતરે બેહાલ છે, કેમ કે પુષ્ટ થયેલી એ આહારસંજ્ઞા અને રસસંજ્ઞાનો કારમો કેફ ચઢે છે. ત્યાં એવા પ્રકારના ભવને લીધે ધર્મસમજ હોય નહિ, પછી રસસંજ્ઞાનું તોફાન કેટલું મચે ? **વિચારવા જેવું તો એ છે કે અહીં જો ધર્મની સમજ મળી છે તો પણ જીભ પર કાબૂ નથી મૂકવો, તો, પછી તો વગર સમજે પરલોકમાં કઈ દશા ?**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૨૯,તા.૨૭-૫-૧૯૬૩**

આ બહુ સમજવા જેવી વસ્તુ છે કે છતી ધર્મસમજે પણ ઇન્દ્રિયો અને મનની દુષ્ટ પ્રવૃત્તિ ઉપર અંકુશ નથી મૂકવો તો ભવાંતરે એ કેટલી બધી ફાલવા-ફૂલવાની ? ત્યાં ધર્મની જો સમજ જ નહિ મળી હોય તો તો દુર્દશાના પાર નહિ રહે ! પાપોનો પાર નહિ રહે ! પણ કદાચ માનો કે ધર્મસમજ મળી પણ હોય, છતાં **અહીં મળેલી હાજરાહજુર ધર્મસમજ પર કરેલી ધિટ્ઠાઈ ત્યાં કેમ પૂંઠે નહિ લાગે ?** મનને જે થાય છે કે ધર્મ તો બધું ઘણું ઘણું કરવાનું કહે છે પણ સઘળું એકદમ જ થોડું જ થઈ શકે છે ? થશે ધીમે ધીમે થતું આવશે.' આ શું છે ? ઉંડાણમાં વિચાર કરી જુઓ. તારણહાર મહાદુર્લભ ધર્મ મળવા છતાં શું હૈયું ધિટ્ઠું નથી બની રહ્યું ?

**વિષયોને જેટલા સુખાકારી માન્યા છે એટલો સુખાકારી ધર્મ નથી માન્યો હોતો એટલે શક્ય એવા પણ ત્યાગના નિયમ નથી કરાતા.** પોતાના સનાતન આત્માનાં હિત જોવાને બદલે ઇન્દ્રિયોનાં સુખ જોવાય છે, એનાં તર્પણ થાય છે, પછી એ પરલોકમાં જોર કરે એમાં શી નવાઈ ?

પરલોક તો પછી, પણ અહીં જોઈએ તો દેખાય છે કે છતી ધર્મસમજે પણ જડ વિષયોનો કોઈ ત્યાગ, સંયમ વિના રાખેલી છૂટ, એ ચિત્તમાં કેટકેટલી ગમડમથલ ચલાવે છે ! વીતરાગ ભગવાનની સામોસામ પણ ધિટ્ઠું ચિત્ત વિષયોના વિચાર કરતાં સંકોચાતું નથી !

**સમકિતી પોતાની જાત માટે શું વિચારે ?**

અહીં એક વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે આ નિયમ નથી બાંધવાનો કે ધર્મની સમજ હોય અને વિષયો છોડી શક્તો ન હોય, વ્રતનિયમમાં આવી શક્તો ન હોય એ ધિટ્ઠો હોય એવો નિયમ નથી. કેમ કે એવા પણ ભાગ્યશાળી જીવો હોય કે જે વિષય-ત્યાગ અને વ્રતનિયમ ન થઈ શકવા બદલ રોતા હોય, હૈયે ભારે

કકળાટ અનુભવતા હોય; આવાને ધિઠ્ઠા ન કહેવાય. પરંતુ આપણે જે વિચારણા કરીએ છીએ તે પોતાના આંતર નિરીક્ષણ માટે. પોતે આવો વિચાર કરવાનો છે કે 'મહામૂલ્યવાન અને અનંત હિતને કરવાવાળા ધર્મની સમજ પામવા છતાં જો હું ત્યાગમાર્ગે પુરુષાર્થ નથી કરતો, દિનપ્રતિદિન આગળ નથી વધતો, તો શું હૃદય મારું ધિઠ્ઠું નહિ બને ?'

ભરત ચક્રવર્તીએ બાહુબલજીનો ચારિત્ર સ્વીકાર જોઈ આ ઉદ્ગાર કાઢ્યા હતા કે **'જે જીવો વિષયોને ઝેર જેવા સમજતા નથી અને તેને વળગ્યા રહે છે એ જીવો અધમ છે; ત્યારે હું એને ઝેર જેવા સમજવા છતાં છોડતો નથી એ હું અધમાધમ છું.'** શું વિચાર્યું ? 'વિષયોને ઝેર જેવા સમજું છું.' એટલે કે એમનામાં સમ્યક્ત્વ છે. ત્યારે બીજા જે જીવો એમ સમજતા નથી એ મિથ્યાદૃષ્ટિ છે. તો શું એના કરતાં સમ્યગ્દૃષ્ટિ જીવ અધમાધમ કહેવાય ?

ના. પરંતુ સવાલ આ છે કે પોતાની જાત માટે શું વિચારવાનું ?

આ જ કે 'જો મારામાં ધર્મસમજ છે અને તેથી વિષયોને ઝેર જેવા જોઈ રહ્યો છું, તો પછી કેમ એનો સંગ કરવા જાઉં છું ? લાગે છે કે મારું હૈયું ધિઠ્ઠું છે, અધમાધમ છે, નહિતર ધરાધર ઝેર જાણ્યા પછી હોંશે હોંશે ખાઉં ? વીતરાગ જિનેન્દ્રદેવનું શાસન પામ્યા પછી ધર્મની સમજ મેળવી છતાં જો આ ધિઠ્ઠાઈ કરીશ, તો ભવાંતરે શાસન વિના કઈ દશા ? વિષયસંજ્ઞા કેટલી બધી પીડશે ?' આવા વિચાર કરાય તો કમમાં કમ જાગતા રહેવાય, વિષયના દીર્ઘ આનંદ બંધ, અર્થાત્ મળેલા-ભોગવેલા વિષયોની લાંબા કાળ સુધી અનુમોદના કરવાનું બંધ થઈ જાય.

આ માપકયંત્ર છે. વિષયો પાછળ લાંબી ખુશી ચાલે છે ? જો હા, તો વિષયસંગમાં જીવની અધમતા નથી લાગતી.

પરંતુ આના બદલે જો એમ જ માની લેવાય કે 'ભલે હું વિષયસંગી છું અને વ્રતનિયમ નથી લેતો, છતાં હું ધર્મસમજથી એને ખોટા માનું છું અટેલે સમકિતી છું, માટે પેલા મિથ્યાત્વી અધમ જીવો કરતાં હું સારો છું.' આવું માનીને બેસી જવાય, તો એ સારાપણાનો કેફ ચઢવાનો ! વિષયો ખોટા માન્યા છે ને ? એ ગૌરવ લેવામાં પછી વિષયોના ભોગવટા ચાલ્યા કરવાના ! ત્યાગ અને વ્રતનિયમ આઘા રહેવાના ! કદાચ થોડો ત્યાગ કરાશે તો ય એનો ભારે સંતોષ મનાશે ! કેમ કે પેલી સારાપણાની ખુમારી બેઠી છે ને ? એ ખુમારી ખતરનાક છે; એ વિષયો નથી છૂટતા અને વ્રત-મહાવ્રતમાં નથી આવતું, એના હૈયે જે ભારે કકળાટ જોઈએ તે નથી આવવા દેતી ! ત્યારે જો કકળાટ છે, તો તો જાતને એમ લાગશે કે હું કેવો અધમ છું કે આ ઝેર છોડતો નથી ! 'મારું શું થશે ?' આમ અધમપણાની



લાગણી હોય ત્યાં સારાપણાની લાગણી કેવી રીતે હોઈ શકે ? હોય તો ય એવી જોરદાર ક્યાંથી હોય કે પેલી અધમપણાની લાગણીને ઊઠવા જ ન દે ?

**જાતની અધમતા જોવાનો લાભ ? :-**

આ આપણી લાગણીની ચકાસણી, આંતરતપાસ, આંતરનિરીક્ષણ કરવા જેવું છે, જેથી ભુલાવામાં ન પડીએ. જરૂર, મનને એમ થાય છે કે 'મારાં અહોભાગ્ય છે કે જગતના મોટા ભાગના જીવોને નહિ અને મને જિનશાસન મળ્યું, ધર્મની સમજ મળી ! પરંતુ આમાં વડાઈ મારી નથી, વડાઈ દેવ-ગુરુની કૃપાની છે.' આ વિચારની સાથે એ વિચાર જોઈએ કે 'છતાં હું કેવો ધિઠ્ઠો છું, કે ઝેરી વિષયોનો ત્યાગ નથી કરતો ? વ્રત નિયમમાં આગળ નથી વધતો ? હજી રાગ દ્વેષ વગેરેને ડગલે ને પગલે સેવી રહ્યો છું, એ કેટલી અધમતા ? કેટલી મારી ધિઠ્ઠાઈ !'

આ અધમતાનો ખ્યાલ જાગતો રહે તો એ વિષયસંગ, એ અવિરતિ, એ રાગદ્વેષ વગેરેનો હૈયે કકળાટ રહે ત્યારે એ પણ સમજી રાખજો કે એ કકળાટમાંથી જ જોરદાર પુરુષાર્થ કરી અવસરે અવસરે વિષયત્યાગ, રાગાદિ નિગ્રહ અને વ્રતનિયમ કરાય છે, જે અંતઃસ્પર્શી હોય છે.

આનું ભવ્ય પરિણામ શું ? અહીં એટલી વિષયોની વિહ્વળતા નથી થતી, અને પરલોકમાં વિષયોનું એવું જોર નથી રહેતું, એ પ્રતાપ ત્યાગ અને વ્રતનિયમોનો છે.

ચૌદ નિયમમાં સચિત્ત, દ્રવ્ય અને વિગઈ ધારી લીધા પછી દિવસના કે રાતના વાણહ એટલે કે જોડા પગરખાં કેટલી જોડથી વધારે નહિ વાપરવાના ? એ ધારવાનું આવે. પછી તંબોલ એટલે પાનનાં બીડાં કે મુખવાસનું પ્રમાણ, વસ્ત્રની સંખ્યા, સૂંઘવાના દ્રવ્યનું પ્રમાણ, વાહન ગાડી ઘોડા વગેરે, શયન-પથારી ગાદી પલંગ વગેરે, વિલેપન શરીરે લગાડવાનાં તેલ, વેસેલીન, સાબુ આદિ,-એનું પ્રમાણ નક્કી કરવાનું. એમ બ્રહ્મચર્ય, ધારવાનું; ચારે બાજુ અને ઊંચે નીચે જવાનું અંતર, તથા ભાતપાણીનું વજન ધારવાનું.

આ ચૌદ નિયમ ઉપરાંત વિશેષમાં રોજના બાહ્ય અને અંદરના ઉપયોગમાં પૃથ્વીકાયાદિ પાંચનું પરિમાણ નક્કી કરવાનું. અર્થાત્ આજે માટી, મીઠું, સાબુ વગેરે આટલું આટલુ પાણી. આટલા ચૂલાનો આરંભ તથા આટલા દીવા, આટલા હિંચકા, પંખા, આટલી વનસ્પતિ,-એવું પરિમાણ ધારી લઈ એનાથી વધારે નહિ વાપરવાનું એવો નિયમ કરવાનો. ત્રસકાય એટલે હાલતા ચાલતા જીવોની રક્ષા કરવાની. અસિ એટલે કે સોય, ટાંકણી, ચપ્પુ, કાતર વગેરે, તથા મષી એટલે ખડિયા, લેખણ, પેન, પેન્સીલ વગેરે, અને કૃષિમાં કોશ કુહાડા પાવડા વગેરે, એ અમુક સંખ્યાથી અધિક નહિ વાપરવાનો નિયમ કરવાનો.

આ નિયમ રોજ સવારે કરી લઈ સાંજે સંક્ષેપી લેવાના; અર્થાત્ કેટલું પ્રમાણ રાખ્યું હતું અને કેટલું વાપર્યું એ તપાસી લેવાનું. સાંજે રાતના માટે નવા નિયમ ધારવાના, અને એને સવારે સંક્ષેપવાના.

**ટૂંકા ટાઈમના પણ આ નિયમો ધર્મના દૂત જેવા છે, જીવને જાગ્રત રાખે છે,** કંઈ પણ વસ્તુનો ઉપયોગ કરવાનો અવસર આવ્યો કે ઝટ મનને થાય છે કે નિયમથી અધિક તો નથી થતું ને ? આટલો ય વિચાર એ શુભ વિચાર છે.

**ઉપસંહાર :-**

ભોગોપભોગ પરિમાણ વ્રત ઉપર ઘણો વિચાર કર્યો છે. બધાના સાર રૂપે કહીએ તો કહેવાય કે સંસારના પાયાભૂત જીવહિંસા અને વિષયાસક્તિને હટાવવા અભયદાન અને વિષયસંયમ આત્મસાત્ કરવા જેવા છે. એ કરવાનું કેવળ ભાવના ભાવવાથી નહિ બને. એ માટે ચોક્કસ પ્રક્રિયાનો અભ્યાસ જોઈશે અને તે પ્રક્રિયા ત્યાગ અને વ્રત નિયમની છે એમાં એક મહાન પ્રકાર ભોગ-ઉપભોગના પરિમાણનું વ્રત છે. એમાં ૨૨ અભક્ષ્ય ત્યાગ, ૩૨ અનંતકાય ત્યાગ, પંદર પ્રકારના કમાદાનના ધંધાનો ત્યાગ અને ચૌદ નિયમ વગેરેનો અભ્યાસ આવે છે. આ વ્રતની આરાધના કરતાં અભયદાન તથા કરુણાભર્યું હૃદય અને વિષયસંયમ સિદ્ધ થતા આવે. પરંતુ એટલું ધ્યાન રાખવાનું કે વ્રતનિયમ પાળતાં ઉદ્દેશ એ જાગતો રહેવો જોઈએ. એ ઉદ્દેશની જાગૃતિ રાખવા એક કાર્ય આ ખાસ કરવાનું કે વ્રતનિયમ પાળતા જઈએ તેમ તેમ દિલમાં આ અનુમોદના લાવ્યા કરવાની કે 'વાહ કેવો સરસ આટલા પ્રમાણમાં જીવોને અભયદાનનો લાભ મળ્યો ! આટલા આટલા વિષયોના સંગથી બચાયું ! એ કેવું સુંદર કાર્ય થયું !' બસ, આ જ ઉદ્દેશનું લક્ષ; કેમ કે એનાથી ક્રમે કરીને સર્વથા અહિંસક અને વીતરાગ બની શકાશે; અને એ જ બનવું છે ને ? પછી વ્રત નિયમથી તકલાદી પુણ્યનો લાભ મળે એથી મહાલવાનું નહિ. એનો ઉદ્દેશ જ નહિ રાખવાનો. પુણ્ય કરતાં તો આત્મામાં અહિંસકભાવ અને સંયમભાવ ઘડાતો આવે, એ બહુ કિંમતી છે, લાખો કરોડો ગુણો ઊંચો છે. શાલિભદ્રના પૂર્વભવમાં આ વિષય-સંયમના પાસા પડ્યા તેથી શાલિભદ્રના ભવમાં ૯૯ દેવતાઈ પેટી અને ૩૨ રમણીઓ જેવા ઊંચા વિષય ત્યજી દેતાં આંચકો ન આવ્યો. એટલે વ્રત નિયમ પાળતાં પાળતાં જે વિષય ત્યાગ અને અભયદાનનો લાભ મળ્યા કર્યો એની અનુમોદના જ રાખ્યા કરવાની; અને એમાં આગળ વધવા માટે નવા વિશેષ વિશેષ વ્રતનિયમ આદરતા જવાનું.

આ ઉપદેશને જીવનમાં ઉતારી અનંત કલ્યાણના ભાગી બનો, એ જ એક મંગળકામના.





**"અસંખયં જીવિયં, મા પમાયએ"** - આયુષ્ય અસંસ્કાર્ય છે, પ્રમાદ ન કર.

# જ્ઞાનની ત્રણ કક્ષા- 'શ્રુત-ચિન્તા-ભાવનાજ્ઞાન'

**ઉત્તરાધ્યયનના પદાર્થથી ભાવિત એટલે જાણે ભવ તર્યા :-**

પરમપવિત્ર જિનાગમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની આ વાણી છે,- **'असंखयं जीवियं, मा पमायए ।'** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં ૩૬ અધ્યયન, એના પદાર્થ ત્રિલોકનાથ, ભગવાન શ્રી મહાવીર સ્વામીએ મોક્ષમાં જતાં જતાં છેલ્લે છેલ્લે પોતાની સોળ પહોરની અંતિમ દેશનામાં કહ્યા. આત્માના ઉદ્ધાર માટેના જ્ઞાનનો એમાં ખજાનો છે. એ પદાર્થોનું રહસ્ય એનું સંકલન, એનું વિશ્લેષણ તથા જીવનમાં એનો સમન્વય વગેરેથી એનું જ્ઞાન મેળવે અને એનો વારંવાર વિચાર કરીને, ભાવના કરીને, આત્માને એનાથી ભાવિત કરી દે, આત્મામાં પરિણમાવી દે. એ સમજો જાણે ભવસાગર તરી ગયો. કેમકે આત્મા એનાથી ભાવિત થઈ ગયો. આત્મામાં એ પરિણમ્યું એટલે એની દૃષ્ટિ જ એના અનુસારે બંધાઈ ગઈ. દૃષ્ટિ બંધાઈ ગયા પછી તો જીવનમાં એ પદાર્થ ઉતારવામાં વાર નહિ; ને સાંગોપાંગ જીવનમાં ઊતર્યા એટલે તો આત્મા વીતરાગ થઈ સર્વજ્ઞ બનીને મોક્ષમાં ચાલ્યો જવાનો. મુખ્ય વાત, આત્માને એથી ભાવિત કરી દેવો જોઈએ, આત્મામાં એનું ભાવનાજ્ઞાન ઊભું કરવું જોઈએ.

**જીવનમાં કિંમત ભાવનાજ્ઞાનની છે.**

**જ્ઞાનની ૩ કક્ષા છે. :-**

શ્રી **'અધ્યાતમ સાર'** નામના શાસ્ત્રમાં ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે જ્ઞાનની ત્રણ કક્ષા બતાવી.

(૧) શ્રુતજ્ઞાન. (૨) ચિન્તાજ્ઞાન. (૩) ભાવનાજ્ઞાન.

**(૧) 'શ્રુતજ્ઞાન' એટલે ગુરુમુખે શાસ્ત્ર સાંભળી એને ગ્રહણ કરવામાં આવે. અર્થાત્ સમજવામાં આવે, એના પર હૃદયની શ્રદ્ધા સાથે દિલમાં એનો પ્રકાશ ઉજાળો ઊભો કરાય તે.**

અભવી દુર્ભવી જીવો ચારિત્ર લઈ શાસ્ત્ર ભણે, એનો એને બોધ પણ થાય, ને પછી ઉપદેશક થઈ જગતને એ સાચેસાચું સમજાવે પણ ખરો, કિન્તુ એને પોતાને શ્રુતજ્ઞાન ખરું ? ના. એને શ્રુત-અજ્ઞાન થાય, કેમકે હૃદયમાં એની એને શ્રદ્ધા જ નહિ. તો શું દિલમાં એને એનો ઉજાળો ન થાય ? થાય; પણ આભાસમાત્ર, **'અષ્ટક'** શાસ્ત્ર એને 'પ્રતિભાસજ્ઞાન' કહે છે, શ્રદ્ધા યુક્ત જ્ઞાન એ 'પરિણતિજ્ઞાન' છે, એ અભવી-દુર્ભવીના નસીબમાં નહિ. એમ તો એ પ્રસંગ મળ્યે નવ પૂર્વ

શાસ્ત્ર ભણી જાય, કડકડાટ એના સૂત્ર બોલી જાય, અને એનો અર્થ પણ કરી જાય, કિન્તુ બધું પ્રતિભાસજ્ઞાન, પરિણતિજ્ઞાન નહિ, જ્ઞાનના અનુસાર આત્મામાં પરિણામ નહિ. જાણો છો ?

**વિષયરાગનો નશો સાચું સૂઝવા ન દે : શાસ્ત્રવચનની અસર ન પડવા દે. :-**

**પ્ર.**- અભવી - દુર્ભવીને જ્ઞાનનો કેમ પરિણામ નહિ ?

ઉ.- કારણ આ, કે એને વિષયરાગનો કેફ-નશો એટલો બધો સજ્જડ હોય છે કે એ સાચું સૂઝવા જ ન દે. વિષયરાગ એટલે પાંચ ઇંદ્રિયોના શબ્દ-રૂપ-રસ વગેરે વિષયોનો રાગ. અભવી-દુર્ભવીને એ એટલો બધો આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપેલો હોય છે કે એથી એ વિષયોને જ વિષયસુખને જ સર્વસ્વ માને છે. પછી શાસ્ત્ર આ વિષયોને હેય-ત્યાજ્ય કહે, એ એના ગળે શી રીતે ઊતરે ? 'જૈન શાસ્ત્રો આમ કહે છે' એટલું માને, કહે, પરંતુ સાથે દિલ પર એની અસર કશી નહિ. દિલમાં તો બેઠું હોય કે 'આ કાંઈ સાચું નહિ, વિષયો વિષ જેવા નહિ, ત્યાજ્ય નહિ.'

**પ્ર.**- એ તો એટલું સમજે કે 'ચારિત્ર લઈ આ શાસ્ત્ર ભણીએ એટલે વિદ્વતા આવે, સારાં વ્યાખ્યાન કરી શકાય ને એથી માનપાન મળે, ચેલા મળે જીવન ન્યાલ થઈ જાય; અથવા એમ સમજે કે 'અહીંના અતિ અલ્પ કાળના મામૂલી વિષયસુખ છોડીને ચારિત્ર લઈએ, અને શાસ્ત્રોના જ્ઞાનધ્યાનમાં રક્ત રહીએ, તો ઉંચા દેવલોકના અસંખ્ય વર્ષના દેવતાઈ સુખ મળે' એટલા માટે જૈન શાસ્ત્રો ભણે, એનું જ્ઞાન મેળવે, એમાં એને એનો દિલ પર પરિણામ શાનો થાય ? દિલ પર એને જ્ઞાનની અસર શાની જ લેવાની હોય ?

**આત્મામાં જ્ઞાનનો પરિણામ થવા માટે તો જ્ઞાને દર્શાવેલ હેય-ઉપાદેયની તેવી તેવી હૈયે અસર લેવાની હોય.**

**શાસ્ત્ર શ્રવણ પર જાતમાં શું તપાસવું ?**

વ્યાખ્યાનો સાંભળો છો. શાસ્ત્ર વચન સાંભળો છો, પણ આ વિચારવા જેવું છે કે એ શ્રવણથી શ્રુતજ્ઞાન થાય છે ખરું ? કે અભવીની જેમ અજ્ઞાન જ ઊભું રહે છે ? એ માટે જોવાનું આટલું કે 'શ્રવણમાં હેય કે ઉપાદેય અંગે સાંભળવાનું આવ્યું તો તેની દિલ પર તેવી તેવી અસર પડે છે ને ?' શાસ્ત્રોમાંથી આ જ મળવાનું, હેય-ઉપાદેયનું જ્ઞાન, 'આ છોડો, આ આદરો' દા.ત. 'આશ્રવ છોડો, સંવર આદરો' એવું જ્ઞાન. પછી એના અવાંતર પ્રકાર અનેક બતાવી એકેક પર વિસ્તાર સમજાવે, પરંતુ મુખ્ય વાત આ કે હેયનું હાન કરો અર્થાત્ ત્યાજયને છોડો, ને ઉપાદેયનું ઉપાદાન કરો, અર્થાત્ ત્યાજયને છોડો ને ઉપાદેયનું ઉપાદાન કરો, અર્થાત્ આદરવા યોગ્યને આદરો.



**હેયોપાદેયના વિચારમાં જ્ઞેયનો સમાવેશ ક્યાં ? :-**

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે કહ્યું,-

**आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः ।**

**इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्च ॥**

અર્થાત્ 'આશ્રવ અંતે જઈને બધા જ ત્યાજ્ય છે. અને સંવર આદરવા યોગ્ય છે. આ અરિહંત ભગવાનના શાસ્ત્રોનો સાર છે, બાકી બીજો બધો એનો વિસ્તાર છે.' જ્ઞેયની સમજ આવે તે પણ આના અનુસંધાનમાં દા.ત. મનના અસદ્ વિકલ્પો ત્યાજ્ય છે, તો એને છોડવા કેવી રીતે ? તો કે ષડ્દ્રવ્યોનું ચિંતન કરવું એ માટે જ્ઞેય તરીકે ષડ્દ્રવ્યોનો વિચાર બતાવ્યો. મન એનાં ચિંતનમાં પરોવાયેલું રહે એટલે બીજા ત્રીજા હેય વિકલ્પોનું હાન-ત્યાગ સહેજે થઈ જાય; સહેજે હેય વિકલ્પોથી બચે. એમ 'પોતાના આત્માને વિશ્વ સાથે શો સંબંધ ?, એ પણ ષડ્દ્રવ્યના જ્ઞાનથી જણાય; અને એમાંથી અશુભનો ત્યાગ તથા શુભનો આદર થાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૪૭,તા.૨૦-૮-૧૯૭૭**

ત્યારે મનુષ્યજીવનની કિંમત બુદ્ધિથી હોય તો એ બુદ્ધિ વિવેકવાળી હોવી જોઈએ. પશુને એવી બુદ્ધિ એવો વિવેક ક્યાંથી લાવવો ? યોગના શાસ્ત્રમાં મનુષ્ય જન્મને 'વિદ્યાજન્મ' કહ્યો છે, બીજા જનમ એ 'અવિદ્યાજન્મ' કહ્યા. અવિદ્યા એટલે અજ્ઞાન, મિથ્યા-જ્ઞાન, ભ્રાન્તિ અવિવેક, કશી શુધ બુધ નહિ. માણસ મનુષ્ય તરીકે જે પાયખાનાની ઓરડીને પણ દુર્ગંધનું સ્થાન સમજી એનાથી દૂર રહેતો હોય છે, એ કીડો થયા પછી પાયખાનું તો શું પણ એની અંદરની વિષ્ટામાં જ પડ્યો પાથર્યો રહે છે ! એમ એજ પાછો મનુષ્ય થયા પછી વિષ્ટા વિનાના ખાલી પાયખાનાથી પણ દૂર રહે છે. જેમ આ એનામાં વિદ્યા આવી, વિવેક આવ્યો, એમ આ વિવેક આવવો જોઈએ કે 'હેય પદાર્થ અને હેય પ્રવૃત્તિથી દૂર રહેવા જેવું, તેમજ ઉપાદેય પદાર્થ અને ઉપાદેય પ્રવૃત્તિનો જ આદર કરવા જેવો.'

**માનવ જન્મ એ 'વિદ્યાજન્મ' એટલે કે આ હેય-ઉપાદેયના વિવેકનો જનમ છે.**

**પ્રદેશી રાજા વિવક પહેલાં અને પછી :-**

પ્રદેશી રાજા પહેલાં નાસ્તિક હતો, એનામાં આ વિવેક હતો નહિ. હેય-ત્યાજ્ય જે વિષયવિલાસો એને જ એ જીવના સારભૂત અને અત્યંત આદરણીય માનતો હતો. તેથી તો એ રૂપાળી સૂર્યકાન્તારાણીમાં અત્યંત આસકત હતો, અને લોકો પણ વિષયવિલાસોમાં મસ્ત રહે એટલા માટે એણે નગરમાં સાધુ-સંતોને આવતા બંધ કરેલા; કેમકે એ આવીને લોકોને વિષય વિલાસોના ત્યાગ કરાવે ને ?

આખા નગરમાં ગમે તેટલા ધર્મી લોકો હોય, ધર્મ સાંભળીને પામે એવા યોગ્ય જીવો હોય, પરંતુ નગરમાં સાધુ-સંતોને પેસવા જ નહિ દેવાના. કેટલો જુલ્મ ! કેવું પ્રખર નાસ્તિકપણું ! શેનાં પર ? હેય-ઉપાદેયનો વિવેક નહિ; હેયને જ ઊલટું ઉપાદેય માની લેવાનું ! એના પર પ્રખર નાસ્તિકપણું.

પરંતુ જ્યાં કેશી ગણધર મહારાજે ઉપદેશ આપ્યો ત્યાં એ નાસ્તિક મટી પરમ આસ્તિક બન્યો કેવા બોધ પર ? આજના વિજ્ઞાનના જેવા જડની જાહોજલાલીના જ્ઞાન પર નહિ, આજની જેવી ચમત્કારી શોધોના જ્ઞાન પર નહિ; તો ? કહો, હેય ઉપાદેયના બોધ પર. હૃદય-પરિવર્તન આ વિવેક પર થયું, તે એવું કે હવે નજર સામે પૂર્વની નાસ્તિકતાની સમસ્ત ચેષ્ટાઓ અને વિચારણાઓ અત્યન્ત હેય લાગીને એના પ્રત્યે ઘૃણા જ ઘૃણા થાય છે, ભારે પશ્ચાત્તાપ થાય છે. અને ઉપાદેય સમ્યગ્દર્શન તથા વ્રત નિયમો જિનભક્તિ-સાધુભક્તિ પર ભારે આદર ઊભા થઈ એના અભિગ્રહ લઈ લે છે, અને જાતને ભારે કૃતાર્થ માને છે.

હવે ત્યાંથી પ્રદેશી રાજાના ઘર તરફના પગલાં જ જુદાં રસ્તે જાય છે. તે પગ તળે જીવજંતુ ન મરે એ કાળજીથી નીચે જોતાં જોતા જાય છે ! એમાં જ્યાં મહેલના ઝરૂખે રાહ જોતી સૂર્યકાન્તારાણી દૂરથી એમને આ ઢબે આવતા જુએ છે ત્યાં ચોકી ઊઠે છે ! એના મનને એમ પણ થાય છે કે 'આ શું ! રોજ તો દૂરથી પણ મારી તરફ નજર નાખતાં આવતા હતા, મને જોવા બહુ અધીરા, ને આજે આ શું ? જરૂર કાંક ભરમાયા લાગે છે.'

એ પછી મહેલમાં આવ્યા પછી પણ પ્રદેશી હવે પોતાના વિદ્યાજન્મને સમજતા પહેલાની માફક રાણી સાથે મોહનાં ટાયલાં નહિ, પણ કેમ જાણે માથે અનંતા કર્મોનાં ભારના કે એવા બીજા વિચારથી પ્રૌઢતા ગંભીરતા ગંભીર ચિંતામગ્નતા દાખવે છે. સૂર્યકાન્તાના પૂછવા પર હેય-ઉપાદેયના વિવેકની વસ્તુ સમજાવે છે. સૂર્યકાન્તાએ સામે ઘણી દલીલ કરી હશે. પ્રેમના ગીત ગાયા હશે, ઓશિયાળા ય કર્યાં હશે પણ પ્રદેશી રાજા હવે વિદ્યાજન્મમાંથી અવિદ્યાજન્મમાં જવા તૈયાર નથી. હવે તો તત્વદષ્ટિ ખૂલી તે ખૂલી, બંધ નથી કરવી.

આ તત્ત્વ દ્રષ્ટિ કોરી નથી, અમલભીની છે, તેથી રાજા પ્રદેશી દર ચતુર્દશી ઉપવાસ કરી ધર્મધ્યાનમાં ગાળે છે. એમાં સૂર્યકાન્તાએ એકવાર લાગ સાધી ઉપવાસનાં પારણે દૂધ કે કશામાં પોતાના હાથે ગુપ્ત રીતે ઝેર નાખી રાજાને વપરાવી દીધું. રાજાને ઝેર ચડી ગયું, તરત પામી ગયા, પણ વિવેકની ખૂલેલી દષ્ટિથી સૂર્યકાન્તા પર જરાય ગુસ્સે ન થતાં પોતાની અંતિમ આરાધનામાં ચડી જાય છે, અને સમાધિમરણ પામી પહેલા દેવલોકમાં સૂર્યાભવિમાનના માલિક દેવતા થાય છે.

**વાત આ હતી કે જ્ઞાન મળવા પર હેય-ઉપાદેયના વિવેકની અસર થાય, તો એ**



**શ્રુતજ્ઞાન છે; હૈયા ઉપર એવી અસર ન થાય તો જ્ઞાન અજ્ઞાનરૂપ મિથ્યાજ્ઞાનરૂપ છે.**

**જ્ઞાનની તારક અસરથી જ્ઞાન સમ્યક્ :-**

જ્ઞાનની ત્રણ કક્ષાની વાત છે; પહેલી કક્ષા શ્રુતજ્ઞાનની. શાસ્ત્ર સાંભળીને સીધે સીધો બોધ થાય પરંતુ હૃદયપર તારક અસર કરે તેવો બોધ તે શ્રુતજ્ઞાન, એ સમ્યગ્જ્ઞાન છે. એટલે જોજો આજની કેળવણીનું અને આજના વિજ્ઞાનનું જ્ઞાન તારક અસર કરે છે ? કે જડનો મોહ વધવારૂપ મારક અસર કરે છે ? અભવી જીવ કે દુર્ભવી એના એ જ જૈનશાસ્ત્રો ભણે, એને બોધ પણ થાય છતાં એને એની મારક અસર છે, દિલમાં એનાથી સારાં માનપાનાદિ મળવાની કાંક્ષા વધે છે, આ અસર ભૂંડી છે. એનું જ્ઞાન શ્રુતજ્ઞાન નહિ; કેમકે એની એના હૃદય પર તારક અસર નહિ તેથી એનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. શાસ્ત્રમાંથી જાણ્યું મોક્ષ છે, પરંતુ એના પર એમ નહિ થાય કે 'વાહ ! કેવો સરસ મોક્ષ ! 'કેમકે એને મોક્ષ હોવા પર શ્રદ્ધા જ નથી. પછી એ નવ પૂર્વ સુધી ભણે તો ય શું ? એનું જ્ઞાન મિથ્યાજ્ઞાન. ત્યારે તારક અસરવાળું શ્રદ્ધાવાળું થોડું પણ શાસ્ત્રજ્ઞાન એ શ્રુતજ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન છે.

આ પરથી સમજી શકાશે કે આજે મોટા પંડિત પ્રોફેસર થનારાઓ ઘણા જૈનશાસ્ત્રોના બોધવાળા હોય, પરંતુ જો શાસ્ત્રની એક પણ વાતની એમના દિલ પર અસર નથી, એની એમને શ્રદ્ધા નથી તો એમનું જ્ઞાન સમ્યક્ શ્રુતજ્ઞાન નથી.

એમ તો અભવી આત્મા જીવ-અજીવ વગેરે આઠ તત્ત્વ માને છે છતાં એ મોક્ષતત્ત્વ નથી માનતો માટે એનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. ઘણા તત્ત્વ માન્યા છતાં એક તત્ત્વ ન માન્યું તેથી શું એ મિથ્યાજ્ઞાન ? હા, આખી દ્વાદશાંગી જિનાગમ માને, પણ એમાંનો એક જ અક્ષર ન માને તો ય મિથ્યાત્વ, મિથ્યાજ્ઞાન.

**અભવીને કેમ પુણ્યની શ્રદ્ધા ? :-**

**પ્ર.-** અભવી પુણ્ય પાપ વગેરે માને ? જીવ માને ?

**ઉ.-** હા, એ દેવોને આવેલા જુએ, 'દેવો પોતે પુણ્ય ઊભું કરી દેવતા થયા' એમ સાંભળે એટલે એને ય શ્રદ્ધા થઈ જાય કે 'ત્યારે આત્મા અને પુણ્ય જેવી વસ્તુ છે.' વળી એમ પણ સાંભળે કે 'સંસારી જીવના ૧૮ પાપ-સ્થાનકરૂપી આશ્રવો છાંડી ચારિત્રરૂપી સંવરમાર્ગ તથા તપ રૂપી નિર્જરામાર્ગ આદર્યો તેથી પુણ્ય કમાયા અને દેવલોક મળ્યો,' એટલે એને આશ્રવ-સંવર-નિર્જરા તત્ત્વની શ્રદ્ધા થાય. માત્ર એ શ્રદ્ધા નહિ કે 'સંવર-નિર્જરામાર્ગથી સર્વકર્મ ક્ષય થઈ મોક્ષ થાય.' એ તો એમજ માને કે અનાદિથી સંસાર ચાલ્યો આવે છે એનો ક્ષય વળી અંત થતો હશે ? અનાદિની વસ્તુ તો અનંત હોય.'

**મોક્ષ કેમ હોય ? મોક્ષની સાબિતી :-**

પરંતુ અભવીને એ જોવું નથી કે જીવ પર સંસાર જ શાથી છે ? કર્મના સંયોગથી. પણ કોઈ કર્મસંયોગ અનાદિથી તો હોતો નથી; સંયોગ તો ઊભો થયેલો છે. તેથી એ જોવું પડે કે જ્યારે કર્મસંયોગ બનેલી ચીજ છે, તો એ શાથી બની ? કહેવું જ પડે કે આશ્રવોનાં સેવનથી. વળી, આ આશ્રવસેવન અનાદિથી ચાલુ છે એટલે કર્મસંયોગધારા અનાદિથી ચાલુ છે, માટે જીવની સંસાર-અવસ્થા અનાદિથી છે. પરંતુ જો આશ્રવસેવન હવે બિલકુલ બંધ કરી દેવાય, તો સ્વાભાવિક છે કે નવો કર્મસંયોગ નહિ બને. આશ્રવ વિના કર્મસર્જન નહિ, કર્મ સંબંધ નહિ; અને જૂનાં કર્મને સંવર-નિર્જરા દ્વારા નષ્ટ કરી નાખે, તો પછી મોક્ષ કેમ ન થાય ? અહીં અભવીની દલીલ મળે,-

**પ્ર.**- પરંતુ આશ્રવમાં રાગ-આશ્રવ અનાદિનો એટલે જીવના સ્વભાવભૂત છે, એમાં વધઘટ થયા કરે એ બને, પણ એ સદંતર નષ્ટ શાનો થાય ? એ તદ્દન નષ્ટ નહિ, એટલે કદી મોક્ષ નહિ. મોક્ષ થાય જ શાનો ? જેમ જીવનમાં જ્ઞાનનો સદંતર નાશ કદી નથી થતો, એમ રાગનો પણ સદંતર નાશ શાનો થાય ?

**ઉ.**- દેખાવમાં આ દલીલ ગળે ઊતરી જાય એવી છે; પરંતુ જ્ઞાન અને રાગનાં મૂળ સ્વરૂપનો વિચાર કરાય તો દલીલ તૂટી જાય એવી છે, ત્યારે જુઓ, બંનેનું સ્વરૂપ જુદું જુદું છે.

**જ્ઞાન એ જીવનો સહભૂ ગુણ છે. ત્યારે રાગ એ નિમિત્તજન્ય ગુણ છે.**

**જ્ઞાનસહભૂ ગુણ એટલે ? :-**

જીવનું જીવત્વ જ જ્ઞાન ઉપર છે, ચૈતન્ય ઉપર છે. જો જીવમાં ચૈતન્ય અર્થાત્ જ્ઞાન સ્વભાવ નહિ, તો જીવ-જડમાં કોઈ ફરક જ ન રહ્યો. જડ એ અજીવ એટલા માટે છે કે એનામાં ચૈતન્ય નથી, જ્ઞાન નથી જડત્વ છે. અનાદિથી જીવના આ જ્ઞાન સ્વભાવ પર આવરણ રહ્યા કર્યા છે. એમાં વધઘટ થાય એટલે જ્ઞાનમાં હાનિ-વૃદ્ધિ થાય છે. આવરણ ઘટે એટલો જેમ સૂર્ય પરથી વાદળ ઘટે તેથી સૂર્યમાં પ્રકાશ વધુ દેખાય. એમ જીવ પરથી આવરણ ઘટતાં જ્ઞાન વધુ દેખાય, ને આવરણ વધતાં જ્ઞાન ઓછું દેખાય, જેમ સૂર્ય પર વાદળ ખૂબ ગાઢ ચડી જાય તો પણ બહાર એટલો પ્રકાશ તો રહે કે જેથી અત્યારે દિવસ છે, રાત નથી પડી, એટલો ભેદ ખબર પડે; એમ, જીવ પર જ્ઞાનાવરણ ખૂબ ગાઢ ચડી જાય તો ય અમુક આછું પણ ચૈતન્ય પ્રગટ રહે છે, અત્યંત આછો પણ જ્ઞાનપ્રકાશ ઊભો રહે છે. કારણ એકજ કે સૂર્યના પ્રકાશની જેમ જ્ઞાન આત્માનો મૌલિક સ્વભાવ છે, સહભૂ ગુણ છે.



**રાગ નિમિત્તાધીન ગુણ કેમ ? :-**

ત્યારે રાગ વસ્તુ જુદી છે. એ આત્માનો નિમિત્તાધીન ગુણ છે, પણ સહભૂ ગુણ નથી, મૌલિક સ્વભાવ નથી. માટે તો જેમ આવરણ વધે તેમ જ્ઞાન ઓછું પ્રકાશે છે, અને આવરણ ઘટે તેમ જ્ઞાન વધુ પ્રકાશે છે. એવું રાગમાં નથી થતું અર્થાત્ આવરણ વધે એટલે રાગ ઘટે, અને આવરણ ઘટે એમ રાગ વધુ વિકસે એવું નથી. માણસ પાસે લાખના પાંચ લાખ થયા એટલે રાગ વધી ગયો દેખાય છે, તે શું પાંચ લાખ થવાથી આવરણ ઘટી ગયા માટે રાગ વધી ગયો ? ના, ત્યાં તો હજી એમ કહેવાય કે પૈસા વધ્યાથી રાગમોહનીય કર્મ જોરમાં આવ્યું તેથી રાગ વધી ગયો; ને એમાં જો કોઈ સંતમહાત્માનો લક્ષ્મીના અનર્થનો અને દાનના મહાલાભનો ઉપદેશ મળે તો રાગમોહનીય તૂટે છે. ને લક્ષ્મી હજી કાયમ છતાં રાગ ઓછો થાય છે, પૈસા પર વૈરાગ્ય પેદા થાય છે, ને પછી મોકો મળતાં દાનમાં ખરચે છે. એટલે આ આવ્યું કે

**રાગમોહનીય કર્મ જોરમાં રહેતાં રાગ જોરમાં રહે છે, ને એ કર્મ મોળું પડતાં રાગ મોળો પડે છે.**

**પુરુષાર્થથી સર્વથા રાગનાશ :-**

એ સૂચવે છે કે રાગ કર્મને આધીન છે. માટે રાગ જીવનો સહભૂ ગુણ અર્થાત મૌલિક સ્વભાવ ન રહ્યો કિન્તુ કર્મવશ જીવમાં આગન્તુક ગુણ બન્યો. કર્મના નિમિત્તે જીવમાં નૈમિત્તિક ગુણ થયો ગણાય.

આ હિસાબે એ આવ્યું કે જો વધુ કર્મે વધુ રાગ છે, ને ઓછા કર્મે ઓછો રાગ છે, તો રાગમોહનીય કર્મો સર્વથા નાશ થયે રાગનું નામનિશાન ન રહે; એ સુસંભવિત છે. એટલે પુરુષાર્થથી સર્વકર્મક્ષય સાધ્ય છે, માટે સર્વથા રાગક્ષય પણ સાધ્ય છે. એટલે હવે એ ન રહ્યું કે 'રાગ અનાદિનો છે માટે એનો સર્વથા ક્ષય ન થઈ શકે.' સર્વ રાગમોહનીય કર્મના ક્ષયથી રાગનો સર્વથા નાશ થાય. ત્યારે એમ નહિ પૂછતા કે

**કર્મ સંયોગ અનાદિથી એટલે ? :-**

**પ્ર.**- પણ કર્મ અનાદિના છે એટલે એનો સર્વ નાશ શાનો થાય ?

**ઉ.**- કર્મ અનાદિના છે એટલે શું કહેવું છે ? શું કર્મ આત્માનો સ્વભાવ છે ? આત્માની સહભૂ વસ્તુ છે ? ના, કર્મ તો જીવનો સ્વભાવ નહિ, પણ સંયોગિક વસ્તુ છે; કર્મ એ સંયોગથી આત્માની વસ્તુ બને છે. એનો અર્થ એ કે આત્મા પર કર્મનો સંયોગ થાય છે. એટલે કે કર્મનો સંયોગ નવો ઊભો થાય છે. માત્ર આ કર્મસંયોગો થયા કરવાનું કામ અનાદિથી ચાલુ છે, એટલે કહેવાય છે કે કર્મસંયોગ અનાદિથી છે, એટલે કે કર્મસંયોગ પ્રવાહથી અનાદિનો છે.

સારાંશ, અભવીની એ દલીલ ખોટી ઠરે છે કે 'રાગ અનાદિનો છે માટે એનો સર્વથા નાશ ન થાય, ન થઈ શકે.' જ્યારે આ દલીલ ખોટી ઠરે છે, તો એ આવ્યું કે રાગનો સર્વથા ક્ષય થઈ શકે છે, ને આત્મા વીતરાગ બની શકે છે. ને પછી સર્વ કર્મનું મૂળ બીજ જ રાગ; એ સર્વથા નષ્ટ થયો. એટલે બીજ જ બળી ગયું પછી એ આત્મા પર અંકુર ઊગવાના અર્થાત્ નવાં કર્મ આવવાનાં રહ્યાં નહિ, ને જૂનાં કર્મ ક્રમશઃ ભોગવાઈ જ જવાનાં છે, એટલે આત્મા સર્વકર્મરહિત-સર્વ-કર્મમુક્ત બની જવાનો જ. આમ મોક્ષ પણ શક્ય છે, અસત્ કાલ્પનિક પણ સત્ તત્ત્વ છે.

વસ્તુ સ્થિતિ આ છે છતાં અભવી જીવને મોક્ષ તત્ત્વની કદી શ્રદ્ધા જ નથી થતી. હજી દેવતા વગેરેને જોઈને, ને એમની વાત સાંભળીને પુણ્ય-પાપ-પરલોક વગેરેની શ્રદ્ધા થાય, દેવતાઈ સુખ માટે ચારિત્ર પણ લે, સારું પાળીને બહુ ઊંચા નવગ્રૈવેયક દેવલોક સુધી ય જાય, પરંતુ એને મોક્ષતત્ત્વની શ્રદ્ધા જ નથી થતી. ૮ તત્ત્વની શ્રદ્ધા ખરી, મોક્ષની શ્રદ્ધા નહિ. ત્યારે નાસ્તિક મિથ્યાદષ્ટિને તો મૂળમાં જીવતત્ત્વની જ શ્રદ્ધા નહિ, એટલે નવે ય તત્ત્વની શ્રદ્ધા નહિ. તેથી કવિએ ગાયું-

**'પ્રભુ તુજ શાસન અતિ ભલું, માને સુરનર રાણો રે;**
**મિચ્છ અભવ્ય ન ઓળખે , એક અંધો એક કાણો રે'...પ્રભુ૦**

હે જિનેશ્વર ભગવંત ! તમારું શાસન અતિશય અત્યંત ભલું છે, એકાન્તે કલ્યાણકારી છે, કે જેને મોટા દેવતાઓ, માણસો અને રાજાઓ માન્ય કરે છે, સુરરાણા ઈન્દ્રો અને નરરાણા રાજાઓ સ્વીકારે છે; માત્ર મિથ્યાદષ્ટિ અને અભવ્યો બિચારા તમારા શાસનને ઓળખી શકતા નથી. કેમકે બેમાંથી એક આંધળો ને એક કાણો છે. અર્થાત નાસ્તિક મિથ્યાદષ્ટિ જીવ અંધ છે, કેમકે એ નવે તત્ત્વમાંનું એક પણ તત્ત્વ જોઈ શકતા નથી, સ્વીકારી શકતા નથી; ત્યારે અભવ્ય જીવ ચારિત્ર સુધી પહોંચનારા કાણા છે, એક આંખ ખુલી તે આઠ તત્ત્વને જુએ છે, માને છે, પરંતુ બીજી આંખ જ નહિ તેથી મોક્ષતત્ત્વને જોઈ શકતા નથી, માની શકતા નથી, સ્વાકારી શકતા નથી. જિનેશ્વર ભગવંતનું શાસન એટલે જીવ-અજીવ-પુણ્ય-પાપ વગેર નવ તત્ત્વનું પ્રતિપાદન કરનારું શાસન એને મોટા ઈન્દ્રો માન્ય કરે, પણ અભવી દુર્ભવી માન્ય ન કરે એવી એમની દુર્દશા છે.

એટલે હવે સમજાશે કે અભવી જીવ ચારિત્ર લે, શાસ્ત્રો ભણે, પણ એને મૂળ પાયામાં શાસન પર શ્રદ્ધા જ નહિ; કેમકે નવમાંથી ૮ તત્ત્વ પર શ્રદ્ધા છતાં જો બાકી એક તત્ત્વ પર પણ જો શ્રદ્ધા નહિ, તો એનામાં સમ્યગ્દર્શન નહિ, શાસન પર શ્રદ્ધા નહિ. પછી એનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. એને શાસ્ત્રબોધ છતાં શ્રુતજ્ઞાન ન હોય એમાં નવાઈ નથી.



વાત આ હતી,- શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીની વાણી ગુંથાયેલી છે. પ્રભુએ અંતિમ દેશનામાં શ્રી ઉત્તરાધ્યયનના ૩૬ અધ્યયનના પદાર્થ કહેલા. એ પદાર્થોથી જો આપણો આત્મા ભાવિત થઈ જાય તો પછી ભવ પાર કરતાં વાર નહિ. આ 'ભાવિત' એટલે શું એ વિચાર પર

**જ્ઞાનની ત્રણ કક્ષા બતાવી, (૧) શ્રુતજ્ઞાન, (૨) ચિન્તાજ્ઞાન, અને (૩) ભાવનાજ્ઞાન.**

એમાં ભાવનાજ્ઞાનથી આત્માને ભાવિત કરવાનો છે. માટે પહેલાં શ્રુતજ્ઞાનની કક્ષા પામવાની છે. શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રનો બોધ; પણ કોરાધાકોર હૈયાવાળો બોધ નહિ, કિન્તુ જ્ઞાનની અસરવાળો, હેય-ઉપાદેયની 'શાસ્ત્રે કહેલ વિષય-કષાયાદિ આશ્રવ અત્યન્ત હેય અર્થાત ત્યાજય; જરાય આદરણીય નહિ; અંદરનું દિલ કહે અને પ્રભુભક્તિ દયા વિષયવૈરાગ્ય, તપ...વગેરે સંવર જ ઉપાદેય, આ જ આદરણીય.' અભવી દુર્ભવી પાસે આવું દિલ નથી, તેથી ભલેને દુન્યવી લાલચથી એણે ચારિત્ર લીધું હોય, અને શાસ્ત્રો ભણ્યો હોય, પરંતુ એનો શાસ્ત્રબોધ એ શ્રુતજ્ઞાન નહિ. આ પરથી સમજાશે કે

**થોડું પણ જ્ઞાન હેય - ઉપાદેયના વિવેકવાળું જોઈએ, દિલ પર તેવી અસર જોઈએ.**

તોજ એ સમ્યક્જ્ઞાન કહેવાય. આ પરથી વિચારો, આજના વિજ્ઞાનનું જ્ઞાન એ સમ્યગજ્ઞાન ખરું ? વિજ્ઞાનના વિષયો ઇન્દ્રિયો ઈષ્ટ જડ વિષયો છે એનું હેય તરીકેનું એમાં જ્ઞાન જ નથી; તો પછી વિજ્ઞાનના જડ વિષયો હેય છે, ત્યાજય છે, એ સમજાય જ ક્યાંથી ? હેય તરીકે સમજાય તો એનું આકર્ષણ ન રહે, એનું મહત્ત્વ ન લાગે. એ ન લાગે તો જ સ્વાત્માનું મહત્ત્વ લાગે, સ્વાત્માના ક્ષમા-દયા-દાન-તપ-શીલ વગેરે સંપત્તિનું મહત્ત્વ લાગે એનું મનને આકર્ષણ રહે આ હિસાબ છે.-

**જો જડ વિષયોનું મહત્ત્વ લાગે આકર્ષણ થાય તો આત્મા અને આત્મગુણોનું મહત્ત્વ નહિ લાગે, આકર્ષણ નહિ થાય.**

**જીવનજરૂરીથી વધુનો મોહ શાન્તિ ન પામવા દે :-**

આજે પોતાનો આત્મા કેમ ભૂલાય છે ? સંતોષ નિસ્પૃહતા નિરભિમાનિતા વગેરે આત્મગુણો શા સારુ અવગણાય છે ? કારણ કે આજે વધી ગયેલી વૈજ્ઞાનિક શોધની આકર્ષક વસ્તુઓનું મહત્ત્વ લાગીને આકર્ષણ વધી ગયું છે. ત્યારે શું એમાં મનને શાંતિ છે ? હોય નહિ; જીવન-જરૂરીથી વધારેનો અને આકર્ષણનો મોહ શાન્તિને આવવા દે નહિ. એની પાછળ તો અજંપો, દીનતા, મદ, માનાકાંક્ષા, હરિફાઈ ઈર્ષ્યા ધમધમાટ વગેરે કેઈ ખરાબીઓ ઊભી થાય છે.

**આત્માની બધી ખરાબીઓનું મૂળ દરદ જ આ છે,- જડ પદાર્થોનું વધું પડતું**

**આકર્ષણ.**

વિચારી જોજો કોઈ ગુસ્સો, કોઈ અભિમાન-ઈર્ષ્યા શાથી ઉઠ્યા ?

જડ પદાર્થને મહત્ત્વ આપ્યું માટે જ; સ્વાત્મા કરતાં એનું વધારે આકર્ષણ રાખ્યું તેથી.

આત્માની ઘેલછા છે કે એ એટલું સમજતો નથી કે આ જડ પદાર્થો તો આગન્તુક છે. આયારામ-ગયારામ જેવા રહે છે; એ ક્યાં મારી સાથે કાયમ રહે છે ? તો શા માટે એનાં બહુ આકર્ષણ રાખવાં ? એના ક્ષણભરના ચમકારામાં મારે શું બહું મોહિત થઈ જવું ? આવા નાશવંતની પાછળ મોહિત ઘેલા થવામાં તો હૈયું એને વેચાણ થઈ જાય છે, એની ગુલામીમાં બંધાઈ જાય છે, ને તેથી એવું હૈયું પછી દેવમાં ગુરુમાં કે ધર્મની સેવા કરવામાં ચિત્ત ચંચળ બની ઝટ જડના વિચારોમાં ચાલ્યું જાય છે ! જાય જ ને ? જેની સાથે હૈયું બંધાઈ ગયું, એ હૈયું એના જ વિચારોમાં રમ્યા કરે; સહેજે હૈયામાં એના જ વિચાર આવે. એ તો હૈયામાંથી જડનાં ઘેલા આકર્ષણ પડતા મૂકવા જોઈએ તો જ હૈયું ફારેગ રહી દેવ-ગુરુધર્મમાં બંધાઈ શકે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''      વર્ષ-૨૫,અંક-૪૮,તા.૨૭-૮-૧૯૭૭**

**વસ્તુપાલને મન દેવ-ગુરુ પહેલા :-**

વસ્તુપાલ તેજપાલ રાજાની નોકરીમાં રહેવા ગયેલા, રાજાએ એમની યોગ્યતા જાણી મંત્રી બનાવવા તૈયારી દેખાડી. મંત્રીમુદ્રિકા ધરે છે 'લો આ સ્વીકારી લો.'

ત્યાં વસ્તુપાલ કહે છે 'અમારી એક શરત છે એ મંજૂર થાય તો જ અમે મંત્રીપદ લઈએ.'

રાજા કહે બોલો શી શરત છે ?'

વસ્તુપાલ કહે છે, 'જુઓ અમે જૈન છીએ, અમારે પહેલી સેવા અમારા દેવાધિદેવ અરિહંત પરમાત્મા અને નિર્ગ્રન્થ ગુરુની, એની સેવા અબાધિત રાખીને પછી તમારી સેવા. દેવ-ગુરુની સેવાને બાધ પહોંચે એવું તમારું ફરમાન કે તમારી સેવા અમારાથી નહિ બની શકે.'

આ શું સૂચવે છે ? સાંસારિક જીવન છે એટલે આજીવિકા અર્થે ધંધો-નોકરી કરવી પડે છે, બીજાની સેવા કરવી પડે છે, પરંતુ તેથી કાંઈ હૈયું એને વેચી દેવાનું ન હોય. હૈયામાં એનું એવું આકર્ષણ નહિ કે એ દેવ-ગુરુને ગૌણ કરીને શેઠને માથે ચડાવે, શેઠને મુખ્ય માને. દુનિયામાં જેમ કહેવાય છે કે 'મા તે મા, એની તોલે કોઈ ન આવે,' એમ ધર્મીને મન 'દેવ-ગુરુ તે દેવ ગુરુ એમની તોલે કોઈ ન આવે'



'કોઈ ચેતન કે ન કોઈ જડ પદાર્થ' બાહ્ય જડ ચેતનની સેવા કરવી પડે તે હૈયાનાં આકર્ષણથી નહિ પણ દેવ-ગુરુની સેવા સારી સમાધિથી થઈ શકે એ સારુ જરૂરી સુખરૂપ જીવનનિર્વાહની સગવડ થાય એ માટે.

**ધર્માત્માએ જીવનનું લક્ષ્ય જ આ બાંધી દીધેલું કે દેવ-ગુરુ-ધર્મની સેવા માટે જ આ જીવન. એમને વફાદાર રહીને જ જીવનની જરૂરિયાતો નભાવવાની.**

શું ? જીવનની જરૂરિયાતોમાં પૈસાટકા-પરિવાર -પ્રતિષ્ઠા અને સન્માનિત સ્થિતિ ઊભી કરવાની એ જીવનનું લક્ષ્ય નહિ; લક્ષ્ય તો દેવ-ગુરુ-ધર્મની સેવા એ કેમ વધુ ને વધુ થાય, કેમ અખંડિત રહે, ઘવાય નહિ, એ જ જોવાનું. એ થતું રહે એમ માનવાનું કે 'આટલું જીવન સફળ થયું, સાર્થક થયું.' પૈસા પરિવારાદિ સારા મનમાન્યા મળ્યા એથી જીવનની સફળતા નહિ માનવાની. ધર્માત્માને હૈયે એથી કશો સંતોષ કે હુંફ ન લાગે.

**પ્ર.**- લાખો રૂપિયા મળે છતાં ધર્માત્મા અસંતુષ્ટ ?

ઉ.- હા,

**ધર્માત્માને સારા પૈસાદિ મળ્યાનો કશો સંતોષ નહિ એ અસંતોષ અધિક મળ્યા નહિ એનો નથી, કિન્તુ અલ્પ-પરિગ્રહ ધર્મ, વિષય-ત્યાગ ધર્મ નથી સેવાતો એનો છે.**

પત્ની સારી અનુકૂળ મળી એનો એને સંતોષ નહિ ?

ના, નહિ; કેમકે જીવનનું એ લક્ષ્ય જ નથી, કિન્તુ એને વીતરાગ દેવાધિદેવ મળ્યા, સદ્ગુરુ મળ્યા, જૈનધર્મ મળ્યો, ને એ ત્રણેયની સેવા મળી એનો સતોષ છે, કેમકે એને જીવનનું લક્ષ્ય આ સેવા છે.

જીવનનું આ લક્ષ્ય બાંધો; તો જ શાન્તિનું બાદશાહીનું જીવન જીવી શકશો, પશુતાને વટાવી માનવતાનું જીવન જીવાશે. વસ્તુપાલ-તેજપાલે આ જીવન લક્ષ્ય બાંધ્યુ છે માટે રાજા તરફથી મોટી દિવાનગીરી સામે ધરાય છે છતાં એમ, ને, એમ લલચાતા નથી; રાજાને કહી દે છે 'અમારે તો દેવ-ગુરુની સેવા પહેલી, એ સેવાને બાધ ન આવે એવી જ તમારી સેવા અમારે ઉઠાવવાની.' એમ કહેતા નહિ કે,

**ધર્મ પકડી સાંસારિક તક ગુમાવવામાં નુકસાન નહિ ? :-**

**પ્ર.**- પણ એમાં રાજા ઈનકાર કરે તો આવી મોટી મંત્રીપદવીનો હોદ્દો જાય ને ?

ઉ.- લલાટ પાસે છે કે નહિ ? કર્મ પર શ્રદ્ધા નથી ? કર્મમાં નહિ હોય તો શું દેવ-ગુરુ-ધર્મની સેવા વફાદારી વહેતી મૂકવાથી દુન્યવી સારું મળી જશે?

**પ્ર.**- પણ દેવ-ગુરુ-ધર્મને બિનવફાદારને સારું મળતું દેખાય છે ને ?

ઉ.- તે શું એના પૂર્વનાં શુભ કર્મ વિના મળે છે ? એમ તો એવા બેવફા દુનિયામાં ઘણા છે, ત્યાં કેટલાને સારું મળ્યું છે ? કે મળે છે ? કહેવું જ પડે પૂર્વનાં

પુણ્ય હોય તો જ મળે. બાકી દેવ-ગુરુ-ધર્મની સેવા-વફાદારી વિના બેવફા થઈને કદાચ પૂર્વના પુણ્યે મળી તો ગયું, પરંતુ એ કેટલું ટકવાનું ? બહુ બહુ તો જીવનના અંત સુધી. પણ પછી અહીંની આ બેવફાગીરીનાં દારુણ વિપાક કેવા અને કેટલા લાંબા ચાલવાના ? આનો વિચાર આવે છે ?

**દેવગુરુ વફાદારી ત્યાં કર્મ પર શ્રદ્ધા :-**

વસ્તુપાલ-તેજપાલ આ સમજતા હતા કે 'હૈયામાં દેવગુરુ ધર્મનું જ આકર્ષણ રાખીએ, ને એની ખાતર એ ભુલાવે એવી નોકરી જતી કરીએ તેથી કાંઈ ભૂખે નથી મરી જવાના. કેમકે દુનિયાનું મળવાનું કર્મને આધીન છે,' એવી એમને કર્મ પર શ્રદ્ધા હતી. તેથી 'દેવ-ગુરુ-ધર્મની સેવા પહેલી' એ શરત મૂકતાં આંચકો નથી આવતો કે 'રાજા કદાચ એ મંજૂર ન કરે તો મંત્રીપદું ન આપે તો ?' એવો ભય નથી લાગતો. ત્યારે રાજા પણ ડાહ્યો છે. એ વિચારે છે,

'જે માણસ પોતાના દેવગુરુને વફાદાર છે, એ મને પણ વફાદાર જ રહેવાના, કદી દગો નહિ દેવાના. તો આવા ઊંચા હોદ્દા પર આવા જ માણસ કામના છે. 'કેવું વિચાર્યું ?'

**દેવગુરુને વફાદાર એ બીજાને ય વફાદાર રહે. દેવગુરુની વફાદારી મોટો ગુણ છે. એમાં અનેક ગુણો સમાય.**

**પ્ર.**- ત્યા જે દહેરે-ઉપાશ્રયે જતા હોય અને ઘરાકને ઠગતા હોય એ કેમ દેવ-ગુરુની વફાદારી છતાં બીજા પ્રત્યે વફાદારી ચૂક્યા ?

ઉ.- કારણ ? એ દેવગુરુને ખરેખર વફાદાર નથી બન્યા, એ તો દહેરે-ઉપાશ્રયે એટલા માટે જતા હોય છે કે 'લોકમાં ધર્મી કહેવાયીએ, બે પૈસા મળતા રહે, પરલોકમાં સારું મળે એવું પુણ્ય ઊભું થાય' આવા મેલા આશય હોય ત્યાં દેવગુરુની વફાદારી શાની હોય ?

**દેવગુરુની વફાદારીમાં કેવી ભાવના ? :-**

વફાદારી ત્યાં હોય કે જ્યાં મન કહેતું હોય કે 'મારા દેવ-ગુરુ એટલે દેવ-ગુરુ એજ મારા તારણહાર. એમને ભજવા માટે જ આ જીવન કેમકે એમના આલંબને જ મારો આત્મા પશુમાંથી માનવ બને, દોષીમાંથી ગુણવાન બને, સંસારની કાળઝાળ ખરાબીઓમાંથી ઊંચો આવે.' મન આ કહેતું હોય, 'જો દેવ-ગુરુની વફાદારી રહે, પછી એવો આત્મા તુચ્છ પૈસા ખાતર ઘરાકને બીજાને ઠગવા એટલે કે એનો વિશ્વાસઘાત કરવા જેવી ખરાબી શેનો નોંતરે ?'

ત્યારે દેવ-ગુરુને ભજનારને સંસાર લાંબો-પહોળો કરી આપે એવી વિશ્વાસઘાત વગેર ખરાબીઓ ન ખટકે ? ભૂલશો નહિ,-

**વિશ્વાસઘાત-માયાપ્રપંચ વગેરે ખરાબીઓ સંસારભ્રમણને લાંબુ-પહોળું કરી**



**આપનારી છે; એ દેવગુરુભક્તને ખટકે.**

**દેવ-ગુરુને ભજનારો તો સંસારભ્રમણને ટૂંકાવી નાખવા ભજતો હોય.**

આ જો ઉદ્દેશ્ય ન હોય તો એ દેવગુરુને શા માટે ભજતો હોય ? પૈસા આદિ માટે દેવગુરુને ભજનારો એ ખરેખર તો દેવગુરુને નથી ભજતો, પરંતુ પૈસાને જ ભજે છે. એના ઈષ્ટદેવ શ્રી વીતરાગ પરમાત્મા નહિ, પણ શ્રી દેવી-લક્ષ્મીદેવી. એના સુધી પહોંચવું છે માટે વચમાં દેવગુરુને ભજી લે છે. આજે મોટી ઓફિસોમાં શું થાય છે ? મોટા ઓફિસર પાસે પહોંચવું હોય તો એની નીચેના માણસને લાંચરુશ્વત તુષ્ટિપુષ્ટિ કરે છે. તો શું એથી એ નીચેના માણસને આરાધ્ય તરીકે માનનારો કહેવાય ? ના, એને મન આરાધ્ય તો ઉપરનો ઓફિસર છે, અને એથી આગળ એની પાસેથી જે કામ કાઢી લેવું છે એ આરાધ્ય વસ્તુ છે; નીચેનો માણસ તો ત્યાંસુધી પહોંચાડે એટલા માટે જ એને ભજવાનો હોય છે એવી દશા અહીં દેવગુરુ ને પૈસા આદિ માટે ભજનારની હોય છે. એટલે ?

**ઉપરી અમલદાર સુધી પહોંચવા પૂરતું જ નીચેના માણસને તુષ્ટિપુષ્ટિ; એમ ધનલોભી જીવો પ્રભુ લક્ષ્મીદેવી સુધી પહોંચાડે માટે જ એમને ભજવાનું રાખે છે.**

તેથી એમને મન મુખ્ય આરાધ્ય ઈષ્ટદેવ લક્ષ્મી દેવી જ છે. એ પછી એની ખાતર દેવગુરુને ભજવા છતાં મોકો મળે ત્યાં દ્રોહ માયાપ્રપંચ શું કામ નહિ કરે ? એ તો

**દેવગુરુને જ જે મુખ્ય આરાધ્ય માને એને મન દેવગુરુ જે મહત્ત્વના લાગે એવા મહત્ત્વના પૈસા ન લાગે.**

એટલે પછી પૈસા ખાતર વિશ્વાસઘાત આદિ જેવા ઘોર પાપ શાનો કરે ? દેવગુરુ જ મુખ્ય આરાધ્ય લાગ્યા એટલે એમની પ્રત્યે પાકી વફાદારી હોય. એવી વફાદારીવાળાને બીજા પ્રત્યે દ્રોહ કરવો ઠગાઈ કરવી....વગેરે ખરાબીઓ અકારી લાગે. દેવ-ગુરુની વફાદારીનું તત્ત્વ રાજા સમજે છે એટલે વસ્તુપાળની વાત સ્વીકારી લે છે; અને અવસરે એનો પડચો પણ મેળવે છે.

બન્યું એવું કે,

એક વાર વસ્તુપાળના વિઘ્નસંતોષીઓએ રાજાના કાન ભંભેર્યા કે 'આ તમને વસ્તુપાળ રોજ ભોજનનો થાળ મોકલે છે તે એંઠો કરીને મોકલે છે. તમે બહુ એમના ભરોસે રહો છો પણ વાણિયાનું એંઠું કરેલું ખાઓ છો.'

**વસ્તુપાળની વફાદારી અંગે રાજાની પરીક્ષા :-**

રાજા વીરધવળને પોતાના મંત્રી ઉપર વિશ્વાસ હતો કે જે પોતાના દેવ-ગુરુને વફાદાર હોય એ મને ઠગે નહિ; છતાં કૌતુક ખાતર ગુપ્ત વેશે જોવા જવાનું મન થયું કે 'લાવ તો જોઉં મારો થાળ કેવી રીતે ભરાય છે' હવે કેવા ગુપ્ત વેશે

જવું ? ત્યારે એને જાણવા મળ્યું કે વસ્તુપાળના ઘરે રોજ ૫૦૦ સાધુ સાધ્વીને અને ૧૫૦૦ સંન્યાસી-બાવા વગેરેને દાન કરાય છે.' એટલે એના મનને થયું કે 'સન્યાસી વેશે ત્યાં પહોંચી જાઉં.'

બસ, રાજા પહોંચી ગયો સંન્યાસીનો વેશ કરીને મંત્રી વસ્તુપાળના ઘર આગળ; તે ઠેઠ ઓટલાની આગળ જઈ ઊભો, જ્યાંથી અંદરના ચોકમાં થાળ ભરાતો જોવા મળે. પણ થાળ જોવા મળવાનું તો બાજુએ રહ્યું અને એને બીજું જ જોવા મળ્યું ! જેના પર એને પાકો વિશ્વાસ બેસી ગયો કે અહીં મારા માટે એંઠાનો થાળ ભરાય જ નહિ.

એવું તે શું જોવા મળ્યું હશે ? **ધર્મસુવાસિત આચરણ ઉચ્ચારણ.**

શ્રાવકના ધર્મસુવાસિત આચાર, શ્રાવકના ધર્મ-સુવાસિત ઉચ્ચાર અને એનાથી સૂચિત થતા શ્રાવકના ધર્મસુવાસિત વિચાર જોવા મળે ત્યાં શ્રાવક અંગેની અસત્ કલ્પનાઓ હટી જાય.

**જીવનની સુંદરતા આ, કે આપણું આચરણ ઉચ્ચારણ અને વિચારણા ધર્મથી સુવાસિત હોય.**

**એવી ધાર્મિકતા લોકવણના તુચ્છ ક્ષુદ્ર હિસાબ પડતા મૂકવાથી આવે.**

'બહુ વિષયલાલસા-લંપટતાનાં આચરણ કરવાથી આનંદમંગળ થાય' એ લોકવણના ક્ષુદ્ર હિસાબ છે, તુચ્છ ગણતરી છે.

અભિમાનના બોલ બીજાને કામોત્તેજક અને કષાય પ્રેરક બોલથી મજા એ લોકવણની તુચ્છ ગણતરી કહેવાય.

**ફિજીુલ વિચારણાઓ,**

- નરદમ બાહ્ય જડ પદાર્થની રાગ-દ્વેષભરી વિચારણા
- પરના દોષોની દ્વેષભરી વિચારણા

યાને પરચિંતામાં કિંમતી જીવન-સમયની સફળતા માનવી, એ લોકવણનો ક્ષુદ્ર હિસાબ છે.

આવા આવા તુચ્છ આચરણ-ઉચ્ચારણ અને વિચારણા પડતી મૂકવી જોઈએ તો જ સારા ધર્મસુવાસિત આચરણ, ઉચ્ચારણ અને વિચારણાનો અવકાશ મળે.

**લક્ષ્મણજીના ધર્મસુવાસિત બોલ :-**

રાવણ લક્ષ્મણની સામે બધી રીતે હાર્યા છતાં મમતામાં છેલ્લું શસ્ત્ર સુદર્શન ચક્ર લક્ષ્મણ પર છોડ્યું પરંતુ એ તો લક્ષ્મણની સેવામાં એના હાથમાં જઈ ઊભું. હવે લક્ષ્મણને ગુસ્સો ન ચડે ? રાવણની સામે ગમે તેવા હલકટ બોલ ન બોલે ? પણ ના, લક્ષ્મણજી તો રાવણને કહે છે,-

'જો રાવણ ! હવે તો તારુ જ છેલ્લું શસ્ત્ર નિષ્ફળ જઈ મારા હાથમાં



આવી ઊભું છે. એ જો હવે તારા પર છોડું તો તારું નિશ્ચિત મૃત્યુ થાય; અને સીતાજી ઉપરાંત તારું બધું ય અમારા કબ્જે આવી જાય. પણ અમને કોઈ એવો લોભ નથી. માત્ર તું સીતાજીને અમને સોંપી દે, અને ખુશીથી તું જીવંત રહી તારું રાજ્ય અને બધું જ ભોગવ. અત્યારસુધી તેં કરેલા ગુના અમે માફ કરીએ છીએ.'

બોલો, લક્ષ્મણજીના આ કેવા ઉમદા અને ક્ષમા ઉદારતા ધર્મથી સુવાસિત બોલ ! કારણ ? એ પોતાની ઉત્તમ ખાનદાનીના પ્રેર્યા અધમ કક્ષાના લોકવણના હિસાબ માંડવા ઉત્સુક જ નહિ. તમે કહેશો.

**પ્ર.-** પણ એ તો શક્તિમાન હતા ને ? રાવણનું હવે એમની આગળ કશું ચાલે એવું નહોતું એટલે રાવણને સુંવાળા બોલ કહે જ ને ?

ઉ.- તો શું તમારે આટલો નિયમ કરવો છે કે 'જ્યાં અમે શક્તિમાન હોઈએ અને સામાનું અમારી આગળ ચાલે એમ ન હોય ત્યાં તે અમારે લોકવણના બોલ ન બોલવા ?' આ નિયમ કરો અને પાળો તો તો પત્ની પુત્રો અને નોકરને તમે દેવ જેવા લાગો. દેવ જેવા શોભવું છે ? લખી રાખો.

**શક્તિ છતે ક્ષુદ્ર બોલ શોભે નહિ : શક્તિ ન હોયે ક્ષુદ્ર બોલથી કાંઈ વળે નહિ.**

જ્યાં તમે શકિતમાન ન હો તો તો સામા પર લોકવણ જેવા તુચ્છ બોલ કાઢીને વળવાનું શું ? એક માત્ર અંદર ધુંધવાઈ રહેલા આવેશને બહાર હલકા બખાળાથી પ્રગટ જ કરવાનો એટલું જ ને ? એથી શું મળે ? એવા હલકા બખાળાથી દિલ ક્ષુદ્ર બને, તામસી બને, બીજાની ભૂલનાં નિમિત્તે આપણું દિલ તામસી બનાવવું તુચ્છ ક્ષુદ્ર-અધમ બનાવવું એ કેટલી બધી મૂર્ખાઈ છે ? કોઈ સાથે બગડ્યું તો સત્ત્વહીન બાઈઓ ઊકળીને બોલી નાખે છે કે 'તારું સત્યાનાશ જજો.' અલબત્ત **સતી શ્રાપ દે નહિ, ને શંખણીના શ્રાપ લાગે નહિ,** એટલે એવા બખાળાનું ઊપજવાનું કાંઈ નહિ. છતાં પણ બોલે, એ તો ઓરતોના ખેલ કિન્તુ પુરુષ જેવો પુરુષ હલકા બખાળા કાઢે તો એનામાં પુરુષત્વ શું રહ્યું ? શું સંતાન પેદા કરવાનું વીર્ય છે માટે પુરુષત્વ ? એવું વીર્ય તો કૂતરા ને ગધેડા ય ધરાવે છે. તો એટલું જ પુરુષત્વ ધરાવી પશુની હરોળમાં બેસવું છે ?

**પુરુષત્વ-મર્દાનગી આ છે કે શક્તિ છતે પણ મન પર અંકુશ રાખી બોલે. ધર્મ સુવાસિત શાન્તિ સૌમ્યતાના ઉમદા બોલ બોલે.**

એમાં મર્દાનગી આ કે સામો ઉકળાટના બોલ હલકા તુચ્છ બોલ આપી શકે છે, પરંતુ મન પર અંકુશ રાખી એવા બોલ-બખાળા કાઢતો નથી. લક્ષ્મણજી રાવણની સામે એના લાખ અપરાધને ક્ષમા આપનાર એવા ઉમદા બોલ કાઢે છે.

રાજા વીરધવળ સંન્યાસીના વેશે મંત્રી વસ્તુપાળની હવેલી આગળ ગયો છે,

ત્યાં અંદરમાં એને એવા ધર્મસુવાસિત ઉમદા બોલ સાંભળા મળે છે કે એથી એને ખાતરી થઈ જાય છે કે આ ઉમદા ઘર છે, આવા ઉમદા ઘરમાંથી મારા માટે ભોજનનો થાળ એંઠો કરીને આવી શકે જ નહિ. કેવા સંજોગમાં એને કેવા ઉમદા બોલ સાંભળવા મળ્યા ?...

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૬,અંક-૧+૨,તા.૧૦-૯-૧૯૭૭**

## 'વસ્તુપાળને ત્યાં ક્યા ધર્મસુવાસિત બોલ ?'

બન્યું એવું કે રાજા સંન્યાસીના વેશે ઊભો છે એટલામાં સાધુમહારાજ ગોચરી આવ્યા. તેજપાળના પત્ની અનુપમાદેવી એમને વહોરાવવા માટે હવેલી અંદરના ચોકમાં હાજર થઈ ગયા છે, અને બહુ ભાવ અને આગ્રહપૂર્વક ઘી વહોરાવતાં ઘી પાત્રાની બહારની બાજુથી ઘીથી ખરડાય છે. તરતજ અનુપમાદેવી પોતાની કિંમતી સાડીના પાલવથી એ ઘીવાળી પાત્રાની કિંમતી સાડીના પાલવથી એ ઘીવાળી પાત્રાની બહારની બાજુ લૂછવા જાય છે ત્યાં જ રસોઈઓ ગાજી ઊઠે છે, 'અરે ! અરે ! બાઈસાહેબ ! આ શું કરો છો ? કિંમતી સાડીથી આ લૂછાય ? લ્યો આ મસોતું લૂછવાનું તૈયાર છે.'

ત્યાંજ અનુપમાદેવી એને સણસણતો જવાબ દઈ દે છે, 'અરે મૂરખ માણસ ! તું જાણે છે મને ? પૂર્વ જનમોમાં હું કેઈ વાર તેલી-ઘાંસીની પત્ની બનેલી ત્યારે સાડીઓ આખી ને આખી ઘી-તેલવાળી કરેલી પરંતુ એમાં કાંઈ સિઝ્યું નહિ, અને **આ તો મારાં અહોભાગ્ય છે કે સાડી સંયમનું પાત્ર લુછવામાં ઉપયોગી થાય છે ! આથી તો આત્માના કંઈ કર્મ લુછાઈ જાય ને આત્મા ઊજળો થાય !'**

કેવા ધર્મસુવાસિત બોલ છે ! કેવી આત્મદૃષ્ટિ જાગતી છે ! સાડી બગડે છે પણ લુછાઈ જઈ આત્માનું સુધરે છે. એ સુધરે છે માટે સાડી બગડવાનું અનુપમાદેવી માનતા નથી. મોટા મંત્રીની પત્ની એટલે સાડી કેવી રેશમી કે જરી ટાંકેલી કિંમતી પહેરી હશે ? પોતાના હાથે મુનિનું પાત્ર ખરડાતાં એ કિંમતી સાડીથી જાતે લૂછી નાખવા તૈયાર થાય છે ! નોકર પાસે એ લૂછવાનો રૂમાલ નથી માગતા. કેમ ? તરતનાં કામની કિંમત સમજે છે.

અનુપમાદેવી સમજે છે કે મુનિમહારાજનું પાત્ર બહારથી ખરડ્યું એ મેં ગુન્હો કર્યો, તો ગુન્હાની સજા તરત જ ભોગવી લઈએ તો દિલ ભારે ન થાય. શું ?

**ગુનાની તરત સજા લેવામાં દિલ ભારે ન થાય.**
**સજા-દંડ-પ્રાયશ્ચિત્તના વિલંબે ગુનાહિત દિલ ભારે થાય.**
**ભારે દિલ સાનુબંધ પાપ બાંધે.**



'સાનુબંધ પાપ' એટલે અશુભ અનુબંધવાળાં પાપકર્મ. એ પાપકર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે એમાં પડેલો પેલો અશુભ અનુબંધ શું કરે ? સદ્બુદ્ધિ, સારો ભાવ ન જાગવા દે, ઊલટું પાપબુદ્ધિ જગાડે, અશુભકષાયના ભાવ જગાડે. પાપકર્મનો ઉદય છે એટલે દુઃખ તો આવ્યું, પણ એ દુઃખમાંય પાછી પાપબુદ્ધિ જાગે, પાપપ્રવૃત્તિ ચાલે ! એટલે નવાં પાપકર્મ તૈયાર થાય. ત્યાંય પાપની વૃત્તિ-પ્રવૃત્તિથી દિલ કઠોર છે; કેમકે એના પસ્તાવા-પ્રાયશ્ચિત્તની કોઈ વાત નથી એટલે વળી નવાં પાપકર્મ સાનુબંધ બાંધે એમ એની પરંપરા ક્યાં સુધી ચાલે એ જ્ઞાની જાણે. સમજાય છે ?

**ગુનો કરી, પાપ કરી, ગુરુ પાસે એનું ઝટ પ્રાયશ્ચિત્ત નથી લેવું, તો સાનુબંધ પાપકર્મ બંધાય, ને પછી પાપિષ્ઠતાની પરંપરા ચાલે.**

**ભાવી પાપિષ્ઠતા નિવારવા શલ્યોદ્ધાર :-**

આગામી ભવોમાં આત્મા પાપિષ્ઠ ન બને એટલા માટે મહાનિશીથ સૂત્ર શલ્યોદ્ધાર ફરમાવે છે. શલ્ય એટલે પાપને ગુરુને ન કહેતાં દિલમાં છૂપાવી રાખવું તે. ઝેરી કાંટો પગમાં રહી જાય તો તે શલ્ય બને છે. પછી એ નાનો છતાં એનું ઝેર પ્રસરે, સડો મોટો થાય, એવું હૈયામાં છૂપાવી રાખી ગુરુ આગળ આલોચના પ્રાયશ્ચિત્ત નહિ કરેલાં પાપનું ઝેર એટલે કે પાપવૃત્તિ પ્રસરે છે, આત્મામાં સડો ઊભો કરે છે. 'સડો' એટલે પાપિષ્ઠતા. સડો લાંબો ચાલે, એમ પાપિષ્ઠતા લાંબી ચાલે. રુક્મિ સાધ્વીએ પૂર્વાવસ્થામાં પરદેશી રાજકુમાર પર નાખેલી કામરાગવાળી દૃષ્ટિનું નાનું પણ પાપ છૂપાવતાં એનો સડો કેવો લાંબો ચાલ્યો કે એક લાખ ભવ પાપિષ્ટતાના ચાલ્યા. માટે પાપ ગુનાનો તો પ્રાયશ્ચિત્તથી તરત ફેંસલો કરી નાખવાનો હોય.

અનુપમાદેવી મુનિનું પાત્રુ ખરડ્યાનો ગુનો સમજી તરત જ કેમ જાણે એના દંડમાં પોતાની કિંમતી સાડીથી પાત્ર લૂછી નાખવા તૈયાર થાય છે ! જ્યાં લૂછવા માંડ્યું કે સાધુમહારાજ કહે, 'બેન ! બેન ! આનાથી શું કામ લૂછો ?'

અનુપમાદેવી, જુઓ, કેવો ધર્મથી સુવાસિત જવાબ દે છે ! એ કહે છે, 'મહારાજસાહેબ ! જ્યાં તરણતારણ અરિહંત પરમાત્મા જેવા દેવાધિદેવ મળ્યા છે, જ્યાં આપ સરખા તારક ગુરુ મળ્યા છે, અને જ્યાં રાજા વીરધવલ જેવા ઉદાર અન્નદાતા મળ્યા છે, ત્યાં શી વાતની કમીના છે ? આવી સાડી તો વિસાતમાં નથી'

બસ, આમ કહીને કિંમતી સાડીના પાલવથી પાત્રુ બહારથી બરાબર અને ખુશખુશાલ લૂછી નાખ્યું. આમ સાડીથી લૂછવા મળ્યું એને અહોભાગ્ય માને છે, સોનેરી ઘડી માને છે ! કેમ જાણે એનું હૈયું ગાય છે.

**'મારે આજનો પ્રસંગ રળિયામણો રે લોલ,**
**મારે આજની ઘડી સોનાતણી રે લોલ,**
**ગુરુપાત્ર સાડીથી લૂછવા મળ્યું રે લોલ...મારે૦'**

આ કેવા ધર્મસુવાસિત બોલ છે ! કેવી ધર્મ-સુવાસિત વિચારણા દિલમાં ચાલી હશે ! કારણ કાંઈ ? પ્રભુનું શ્રાવિકાપણું રોમેરોમમાં વસી ગયેલું. 'હું પહેલા નંબરે પ્રભુની શ્રાવિકા છું, પછી બીજા નંબરે કોઈની પત્ની છું, ભોજાઈ છું, પુત્રી છું'...એ બધા ભાવ પછી. શું ?

**'હું કોઈની પત્ની વગેરે ભાવ પછી. પહેલો ભાવ હું મહાવીર ભગવાનની શ્રાવિકા.'**

**જડ કરતાં આત્માનું મહત્ત્વ હોય તો આ બને.**

આ ભવ પછી તરત મહાવિદેહક્ષેત્રમાં જઈ ચારિત્ર લઈને કેવળજ્ઞાની થનાર છે તે એમ ને એમ થવાતું હશે ? પહેલા નંબરે 'હું પ્રભુની શ્રાવિકા' આ ભાવ હૈયામાંથી રમતો રાખ્યાથી એમ બનનાર છે. ક્યારે બને આ ? હૈયામાંથી જડના આકર્ષણ નીકળી જાય અને પ્રભુનું ને પ્રભુના ધર્મનું આકર્ષણ જમાવી દેવાય ત્યારે. દિલમાં જડનું મહત્ત્વ નહિ, મહત્ત્વ પોતાના આત્માનું ને એ માટે દેવ-ગુરુ-ધર્મનું મહત્ત્વ.

અનુપમાદેવીને જડનું એવું આકર્ષણ નહોતું, મહત્ત્વ નહોતું લાગતું, તેથી સાડી ઝડ બગાડી, અને પ્રભુના ધર્મનું જોરદાર આકર્ષણ હતું તેથી મુનિનું પાત્ર લૂછવાની ભક્તિ ખાતર એ કર્યું, એને મન આત્માનું મહત્ત્વ હતું તેથી સાડી બગાડીને પણ આત્મા માટે સુકૃત કમાઈ કરી લીધી.

બોલો, લાગે છે તમને આત્માનું મહત્ત્વ ? આત્માની સુંદર-સુકૃત કમાઈની, માનો તક આવી ઊભી છે, અને બીજી બાજુ જડનું બગડે છે, તો એ બગડવા દઈને સુકૃત કમાઈ કરી લો ને ? પરમાત્માની ભક્તિ એ કેવું સુંદર સુકૃત ? પ્રભુના ચરણે દ્રવ્યાર્પણ એ પરમપાત્રમાં દાન છે, તો એવા સુંદર સુકૃત ખાતર ઘરની ઊંચી ઊંચી ચીજ લાવીને પ્રભુની પૂજામાં લગાવો ખરા ? કે મંદિરમાં કોઈક મૂકેલી ચીજથી પૂજા ચલાવી લો ? હૈયે જડનું આકર્ષણ વસ્યું હોય ત્યાં પ્રભુનું-પ્રભુની ભક્તિનું આકર્ષણ ક્યાંથી વસે ? મહત્ત્વ જડનું લાગ્યું હોય ત્યાં આત્માનું ને આત્માને માટે સુકૃતનું મહત્ત્વ ક્યાંથી લાગે ? આસ્તિક્તા ક્યાં છે ? આત્માનું મહત્ત્વ લાગે ત્યાં ? કે જડનું મહત્ત્વ લાગે ત્યાં ? ભૂલો નહિ,

**બહુ ભમ્યા, બહુ ભમ્યા જડનું મહત્ત્વ માની માનીને,**

હવે અવસર આવી લાગ્યો છે ભ્રમણ બંધ કરવાનો, ને એ માટે આત્માને જ મહત્ત્વ આપવાનો. જડને મહત્ત્વ આપનારો અહીં પણ સુખશાંતિ નથી અનુભવી શકતો; કેમકે જડ, જડનો સંયોગ, જડની પરિસ્થિતિ છે. પરિવર્તન-શીલ; એટલે

**જેવા સ્વરૂપના જડથી સુખ લાગતું હતું એ સ્વરૂપ બદલાતાં સંતાપ થાય છે.**

કપડું ઊજળું પહેરવા કાઢી ખુશી થયા, ને બહાર ધૂળ ધબાકા ઊડતાં મેલું થયું તો દિલની ખુશી લોપ ! નાખુશી આવી.



**પ્ર.-** તો શું એમ તો આત્માને મહત્ત્વ આપનારને ય કપડું મેલું નથી થતું ? થાય જ છે.

ઉ.- થાય ખરું, પણ એથી નાખુશી ન થાય. કેમકે એણે તો પહેલેથી જ જોયું છે કે 'કપડા ઉજળાથી કાંઈ મારો આત્મા ઉજળો નથી થતો; ઊલટું

**નજીવા કપડા પર રાગ કરવા જતાં આત્મા મેલો થાય છે.**

માટે સાવધાન રહેવા દે ભાઈ ! ઉજળા કપડાથી ખુશી-રાગ-હરખમાં ન પડું. જ્યાં પહેલેથી આ માન્યું હોય ત્યાં પછી કપડું મેલું થતાં તો દિલ સ્વસ્થ રહે કે 'હાશ ! આ મેલા કપડા પર હવે એવો રાગ નહિ ઊઠે, સારું થયું.'

**જડને મહત્ત્વ આપનારનો તો ડગલે ને પગલે મરો છે.**

હંમેશા પીરસનારો રોટી-દાળ કરતાં શિખંડપુરીનો આગ્રહ કરી પીરસે છે. શિખંડ-પુરી પર ભારે સુખ લાગતું હતું, પણ જ્યાં એ ખૂબ ઠાંસ્યા ને હજીય પીરસનાર એનો ભારે આગ્રહ કરતો આવે છે તો શું થાય ? પહેલાં જેવું ભારે સુખ લાગે ? ભારે તો શું પણ સામાન્ય સુખ પણ લાગે ? કે ઊલટી જેવું દુઃખ લાગે ? જગતના જડમાત્ર અંગે આવું છે. એનું આકર્ષણ રાખનારનો મરો છે. એની પાછળ કેટલીય ચિંતા, સંતાપ, ભય, ખેદ, શોક-પોક, કેટલાંય કાવા-દાવા-કારસ્તાન, ગર્વ-ગુસ્સો, ઈર્ષ્યા-અસૂયા વૈર-વિરોધ વગેરે વગેરેમાં હિસાબ નહિ એટલી વિટંબણા-સતામણી માથે લાગે છે.

ત્યારે જડનાં આકર્ષણ પડતાં મૂકી પોતાના આત્માનું, પરમાત્માનું અને પરમાત્માના વચનનું તથા જિનોક્ત ધર્મનું આકર્ષણ રાખનારને એ કોઈ વિટંબણા નહિ. ચિંતા, સંતાપ, ભય, ખેદ વગેરે કશું જ નહિ. એનું કારણ સ્પષ્ટ છે,

**જડને મહત્ત્વ જ આપ્યું નથી એટલે એ સારું આવ્યું કે નરસું, એની એને મન બહુ કિંમત જ નથી; પછી શું કામ હરખ-ખેદ કરે જ ?**

આમ પહેલેથી જ સારું મળવા પર સારું માનવાનું જ નહિ ને હરખ જ નહિ, પછી એ બગડવા પર કે બીજું નરસું આવવા પર 'આ નરસું થયું' એવું માનવાનું જ શાનું હોય ? તો એના પર ખેદ પણ શાનો કરવાનો હોય ? આગ્રહથી શિખંડ પીરસાયો, લેવો પડ્યો, પણ પોતાના આત્માનું આકર્ષણ છે એટલે સમજે છે કે 'આમાં મજા નથી, જીવને આ ચિકણો રાગ કરાવી મારનારી ચીજ છે માટે જીવ ! સાવધાન રહેજે' આમ સાવધાની હોવાથી બહુ મર્યાદિત ખાવાનો, પણ એનાથી પેટ ઠાંસવાનો નહિ. પછી પીરસનારો આગ્રહ કરે છે તો કોમળતાથી કહેશે, 'ભાઈ ! હવે રહેવા દો, આમાં મારું શરીર પણ બગડે, ને આત્માનું પણ બગડે. તમે અમારા સાચા સ્નેહી આ બગડે એવું કરો જ નહિ. છતાં ય પીરસનારો આગ્રહ કરે તો કહી શકાય, જુઓ તમારા અતિશય આગ્રહથી લેવું પડે છે પણ

હવે બસ રાખજો ! એટલું કહીને થોડું લીધું, તો પહેલેથી ઊનોદરી રાખી હોઈ એથી કાંઈ શરીર બગડશે નહિ, કેમકે પહેલેથી જ આત્માના આકર્ષણને લીધે જડને મહત્ત્વ નહિ આપ્યું હોવાથી મિષ્ટાન્ન ઓછું જ લીધું છે. આમ થોડું લેવું પડ્યું એમાં દુઃખ પણ લાગશે નહિ ખેદ નહિ થાય. બોલો, આત્માનાં આકર્ષણવાળાને છે કોઈ હરખ-ખેદ ? કોઈ ગુસ્સો ?

રાજા વીરધવલ સંન્યાસીવેશે વસ્તુપાળના ઘર-આંગણે ઊભો-ઊભો અનોપમાદેવીના આ બોલ સાંભળે છે, ત્યારે એને વિચાર થઈ પડે છે કે 'હું અહીં ઊભો છું એની આને ખબર નથી તો પણ મારી વડાઈ ગાય છે કે અમારે રાજા વીરધવલ જેવા અન્નદાતા મળ્યા છે પછી શી કમીના હોય ? અર્થાત્ આવી એક સાડી શું, સેંકડો સાડીઓ મળી શકે છે તો એક બગડી એમાં શું બહું લૂંટાઈ ગયું ?

**દેવ, ગુરુ અને અન્નદાતા રાજા એ ત્રણની આગળ કોઈ વસ્તુ કિંમતી નથી કે જે એમની સેવામાં ન લગાવવાની હોય.**

સેવામાં લગાવતાં સંકોચ કરવાનો હોય. તો આવું જે માને એના ઘરમાં મારા માટે એંઠાનો થાળ ભરાય જ શાનો ? જે પરોક્ષમાં મારો ઉપકાર માને છે, મારા પર બહુમાન દેખાડે છે, એ મારી આશાતના શાને કરે ?'

આમ વિચારી રાજા વસ્તુપાળની વફાદારી ઉપર પ્રસન્ન થઈ ત્યાંથી ચાલ્યો જાય છે, અને પેલા વસ્તુપાળની વિરુદ્ધ કાનભંભેરણી કરનારાને જૂઠ્ઠા સમજી લે છે.

આ પ્રસંગ જાણીને શું લીધું ? શું એટલું જ કે અનુપમાના ઉચિત બોલથી-ધર્મસુવાસિત બોલથી રાજાને શંકા ટળી, પાકો નિર્ણય થયો ? શું એટલું જ ? મગજ સંકુચિત રાખતા નહિ, આ પ્રસંગ ઘણું-ઘણું શીખવી જાય છે. આમાંથી ઘણો બોધ લેવાનો છે, ને એ જાતમાં ઉતારવા જેવો છે.

**શું જાત માટે લેવાનું ન હોય એ અનુમોદના એટલે પારકો ચોપડો લખ્યો :-**

'અનુપમાદેવી સારું બોલ્યા,' એટલું જ લેવામાં તો અનુપમાનો ચોપડો લખ્યો, જાતના ચોપડામાં શું લખ્યું ? મુનિમ શેઠના ચોપડામાં રૂ. પચાસ હજારનો નફો જમે કરે તેથી એને પોતાને શું ? એમાંથી શું પોતાના ખાતે પાંચસો પૈસા જમા કરી શકે ? કશું જ નહિ, પાંચ રૂપિયાય નહિ. બસ, એજ રીતે મહાન-પુરુષોના ચરિત્રમાંથી એમણે અમુક સારું કર્યું એટલું જ કરે એણે પોતાના જીવન માટે એમાંથી કશું જ લેવાનું કર્યું નહિ. પોતાને શો લાભ ? કહેતા નહિ,

**પ્ર.**- અનુમોદનાનો લાભ મળે ને ?

ઉ.- અનુમોદના સાચી હોય તો લાભ મળે. પણ સાચી અનુમોદનાય શું સસ્તી છે ?

**સુકૃતની સાચી અનુમોદનાની પાછળ પોતાના એની સામેના દુષ્કૃતનો ઉદ્વેગ હોય.**



બોલો, 'અનુપમાદેવીએ કિંમતી સાડીના પાલવથી મુનિનું ઘી-ખરડ્યું પાતરું તરતજ લૂછી નાખ્યું એ સારું કર્યું' એવી અનુમોદનાની પાછળ શું તમને એમ ખેદ થાય છે ખરો કે 'આવા પ્રસંગે અફસોસ ! કે હું ગુરુભક્તિ ગુમાવી માટીની માયાની ગોઝારી મમતા કરું છું ?' અથવા ધારો કે કદાચ તમને પોતાને મમતા ન છૂટી, પણ તમારા પત્નીએ કે પુત્રે યા પુત્રીએ કે પુત્રવધુએ મમતા મૂકીને આવી ભક્તિ કરી, તો એ મૂરખ ન લાગે ?

જાતના મમતાના દુષ્કૃત પર ખેદ હોય તો પેલા સુકૃતની સાચી અનુમોદના થાય. કોઈનો તપ, કોઈનું બ્રહ્મચર્ય, કોઈનું દાન, ખરેખર સારું તો જ લાગે કે જો સાથે સાથે પોતાના 'ખા-ખા' પણાં ઉપર પોતાની વિષયવાસના પર અને પોતાની પરિગ્રહમમતા પર અફસોસી થાય, ને પોતાની એવી જાત પર પણ ઘૃણા આવે, કે 'કેવો હું ખાવકલો અધમ ! કેવો લંપટ ! કેવો કૃપણ ! ધિક્કાર છે મને !' આમ સ્વદુષ્કૃત પર ખેદ થાય.

**'કરણ-કરાવણ-અનુમોદન, સરીખાં ફળ નીપજાયો'** એ કવિની ઉક્તિને પકડી લઈ પોકળ અનુમોદનાથી કરણસરીખું ફળ લૂંટવું છે ? નહિ મળે. એ તો પેલા હરણિયાને બળદેવમુનિ તથા રથકારના સરીખું ફળ પાંચમો દેવલોક મળ્યો, એની અનુમોદના પાછળ આ ખેદ હતો કે 'હું કેવો અભાગિયો કે નથી તો આ મુનિના જેવો તપ કરતો કે નથી તો આ માણસની જેમ મુનિને દેવા દ્વારા તપમાં સહાય કરતો ! ધિક્કાર છે મારા ખાઉકલાપણાને ! ને જાતનું જ પેટ ભરવાપણાને !'

વાત આ છે, કે અનુમોદના સાચી એટલે કે સ્વ-દુષ્કૃતના ખેદવાળી જોઈએ. એ આવે તો તો પછી મહાન આત્માઓના સારા જીવનપ્રસંગમાંથી ઘણો બોધપાઠ લેવાય કે મારે આમાંથી આ લેવાનું, ખાલી એમનો જ ચોપડો ન લખાય કે 'એમણે સારું કર્યું.' અનુપમાદેવીના એ જીવનપ્રસંગમાંથી આવો આવો બોધ લઈ શકાય કે,

**(૧) અનુપમાના પ્રસંગમાંથી પહેલો બોધપાઠ :-**

ભંભેરણીમાત્ર પર ન દોરવાઓ :-

(૧) રાજા ભંભેરણી કરનારનું એકદમ માની લેતો નથી, પણ જાતે તપાસ કરે છે, એમ આપણને આપણા સગા-સ્નેહી વિરુદ્ધ કોઈની તરફથી ભંભેરણી મળે એ માની લેતા પહેલાં ચોકસાઈ કરવી; નહિતર ખોટા ચડાવ્યા-ભંભેર્યા વર્તાવ કરીએ કે ખોટા આવેશના બોલ કાઢીએ, ને પછી સામેથી સાચો પ્રતિકાર મળે એટલે ભોંઠા પડવું પડે, આપણી આબરૂ હલકી થાય, અને અસદ્ વર્તાવ-વાણીથી સામા સગા-સ્નેહીના દિલને આઘાત પહોંચે, તથા આપણા પરનો એમનો સ્નેહ-સદ્ભાવ પણ ઘવાય. કેવો સરસ બોધપાઠ ! ખોટી ચઢવણીથી દોરવાઈ ગયે નુકસાનમાં ઊતરવું પડે.

જાણો છો ને ઇન્દિરા કેમ હારી ? ચડાવનારાઓએ એને ચડાવી કે, 'હવે ચૂંટણી યોજો, કોંગ્રેસનો નક્કી વિજય.' બસ, બીજી રીતે કોઈ તપાસ નહિ કરી હોય, લોકમત નહિ તપાસ્યો હોય, તેથી ચડાવી ચડી, ચૂંટણી યોજી, ને સજ્જડ હાર ખાઈ ગઈ.

**રામચંદ્રજી ભંભેરણી પર દોરવાયા તેથી સીતાનો ત્યાગ :-**

રામચંદ્રજીને શું થયેલું ? મહાજને આવી ચડાવ્યા કે 'લોકમાં આપની હલકાઈ ગવાય છે કે આવા વિશુદ્ધ અને વિખ્યાત ઇક્ષ્વાકુવંશના આપણા રાજા શું, આટલા બધા બાયડીઘેલા કે પરપુરુષ રાવણને ત્યાં રહી આવેલી પોતાની પત્ની સીતાને ઘરમાં ઘાલે ? વાહ ! અત્યાર સુધી ઇક્ષ્વાકુવંશમાં કોઈ રાજા આવો પત્નીઘેલો નથી થયો કે જેણે પરપુરુષને ત્યાં રહી આવેલી પ્યારી પણ પત્નીને ઘરમાં ઘાલી હોય...'

બસ, રામચંદ્રજી આ ચઢવણીએ ચડ્યા, માની લીધું કે 'મહાજન કાંઈ જૂઠ બોલે ? એમને શો સ્વાર્થ ? તો પછી મારે ઇક્ષ્વાકુવંશની કીર્તિને અખંડ રાખવી જોઈએ, મારા લીધે ઉત્તમવંશની લોકમાં અપકીર્તિ થાય એવી મારે સીતાની મમતા ન રાખવી જોઈએ ! ભલે એને હું મહાસતી માનું છું, પરંતુ એનો ત્યાગ કરવામાં એને આપત્તિ આવે એના કરતાં ઇક્ષ્વાકુવંશ પર અપકીર્તિની આપત્તિ મોટી છે. એ અટકાવવા ભલે નાની આપત્તિ વધાવી લેવી પડતી હોય તો વધાવી લેવી, અને સીતાનો ત્યાગ કરી દેવો !

જોયું ? રામ ક્યાં સુધી વિચારમાં આગળ વધી ગયા ? પણ એ શાના પર ? મહાજનની ખોટી ચઢવણીએ ચઢ્યા ને નગરમાં લોકમતની ચારે બાજુ તપાસ ન કરાવી એના પર. નહિતર લોકોમાં તો કશી એવી વાયકા નહોતી. પણ માત્ર ખોટી ભંભેરણીએ ભરમાયા દૂર વનપ્રદેશમાં હકાલપટ્ટી કરાવી !

ત્યારે એનો એમને કેવો પસ્તાવો કરવાનો વખત આવ્યો એ જાણો છો ને ? સીતાને જંગલમાં છોડીને આવેલો સેનાપતિ જ્યાં રામને સીતાજીનો સંદેશ કહે છે ત્યાં રામ 'આટલા બધા ઉમદા સીતાજીને મેં એમનો હાય ! ત્યાગ કર્યો ?' એ પસ્તાવામાં મૂર્છિત થઈ ગયા. સંદેશો કેવો ?

તરછોડાયેલા સીતાજીનો રામને ઉમદા સંદેશ.

'મને જંગલમાં છોડાવી એમાં તમારો વાંક નથી. વાંક મારા પૂર્વકર્મનો છે. પરંતુ તમને મારી એક નમ્ર વિનંતિ છે કે લોકનાં વનચથી નિર્દોષ એવી મારો તમે ત્યાગ કર્યો તો ભલે કર્યો, પરંતુ લોકવચનથી તમે નિર્દોષ જૈનધર્મનો ત્યાગ કરતા નહિ. કેમકે લોકને તો ગમે તેની નિંદા કરવામાં લોકનું શું જાય ? કાલે ઊઠીને એ જૈનધર્મની ય નિંદા કરે. પરંતુ તમે મારો ત્યાગ કરવા છતાં તમને મારા કરતાં સવાયી પત્ની મળી શકશે, ને એથી જ કાંઈ તમારો મોક્ષ નહિ અટકે કિન્તુ



જૈનધર્મનો જો ત્યાગ કર્યો છે ને, તો એનાથી સવાયો તો શું, એની હરોળનો ધર્મ પણ તમને નહિ મળે, ને એથી તમારો મોક્ષ અચૂક અટકી જશે.'

સીતાજીનો રામને આ સંદેશો કેટલો બધો ઉમદા દિલનો છે ! અને કેટલો બધો શુદ્ધ તત્ત્વભર્યો છે ! ને તે પોતાની કેટલી બધી દુ:ખદ સ્થિતિ રાજા તરફથી કરાયેલી એમાં ! વિચારજો, આપણા જીવનમાં એવા કોઈ દુ:ખદ પ્રસંગે આવા ઉમદા દિલને ને આવા તત્ત્વભર્યા બોલને સ્થાન ખરું ? 'સીતાજીએ સંદેશો સારો કહેવરાવ્યો' એમ માત્ર સીતાજીના જ ચોપડામાં રકમ જમા કરવાની હોય તો આપણે જાત માટે ધડો લેવાનું કશું રહેતું જ નથી, એટલે તો આ સંદેશ અનેકવાર સાંભળ્યા છતાં જીવનમાં કોઈના તરફની નાની-નાની પ્રતિકૂળતાની સ્થિતિમાં પણ દિલ ઉમદા નથી રખાતું, ક્ષુદ્ર તામસી વિચાર, ક્ષુદ્ર બોલ અને ક્ષુદ્ર તામસી વર્તાવ કરાય છે. તો પછી સમજી રાખો કે,

**ઉપદેશ પર માત્ર બીજાના જ ચોપડે જમા ઉધાર કરવાનું હોય તો આવા લાખ ઉપદેશ સાંભળવા છતાં ઉદ્ધાર નહિ થાય.**

**ઉદ્ધાર તો તો જ થાય કે બીજાનાં જીવનના ઉપદેશ પરથી આપણા ખાતામાં જમા ઉધાર કરાય.**

**રામનો સીતાત્યાગ પર પસ્તાવો :-**

અસ્તુ. સીતાજીનો એ સંદેશ જ્યાં રામચંદ્રજીએ સાંભળ્યો, અહો ! સીતાની આટલી બધી ઉમદા વૃત્તિ ! ને અરે ! મૂઢને લોકની આટલી બધી અધમ દશા કે આવી ઉમદા મહાસતીની નિંદા કરે ? ને મેં અધમે દોરવાઈ મહાસતીનો ભયંકર દ્રોહ કર્યો ! એટલું વિચારતા દિલ પર જે આઘાત લાગ્યો તેથી મૂર્છિત થઈ પડ્યા. બાજુવાળાઓએ શીતોપચારથી મૂર્ચ્છાવાળી ત્યારે રામને પોતાના અપકૃત્યના પસ્તાવાનો પાર નથી !

આ શાનું પરિણામ ? મહાજનના ભંભેર્યા બીજી તપાસ વિના જે પગલું ભર્યું એનું. હજી આગળ રામને પસ્તાવો કરતાં બેસી નથી રહેવું તે તરત જ જે રથમાં સીતાને બેસાડી સેનાપતિ સીતાને જંગલમાં છોડી પાછો લાવ્યો છે તે જ રથમાં બેસી સેનાપતિને સાથે લઈ જ્યાં સીતાને જંગલમાં છોડ્યા છે ત્યાંથી સીતાને પાછા લાવવા માટે રથ દોડાવી મૂકે છે. પરંતુ ત્યાં જંગલમાં પહોંચી ચારે બાજુ ખૂબ ઢુંઢવા છતાં સીતા મળતા નથી, એટલે મનને એમ થાય છે કે 'શું ત્યારે અહીં કોઈ વનચર પશુએ ફાડી ખાધા એમને ?' આ કલ્પના પર તો સંતાપ કેઈ ગુણો વધી ગયો.

મહાજનની એક ભંભેરણી પર, લોકમાં ખરેખરી પરિસ્થિતિ શી છે ? શું લોકો ખરેખર સીતાને પોતે ન સંઘરવાનું બોલે છે ? કે આ માત્ર મહાજનનો જ

ઉઠાવો છે ?' એની કશી તપાસ કરાવ્યા વિના જ રામે મહાજનની સલાહે દોરવાઈ ગયા, અને તરત ને તરત ખોટું સાહસ કરી નાખ્યું તો આટલા બધા સંતાપ પસ્તાવાનો અવસર આવી લાગ્યો.

ત્યારે રાજા વીરધવળ વસ્તુપાળની વિરુદ્ધની ભંભેરણી પર ઝટ વિશ્વાસ નથી મૂકતા, પણ જાતે તપાસ કરવા સંન્યાસીના વેશે આવે છે, એ પરથી આ બોધપાઠ આપણે લેવાનો છે કે,

**કોઈની કોઈના વિરુદ્ધની ભંભેરણી પર એકદમ દોરવાઈ જવું નહિ, હૃદય સ્વસ્થ રાખી તપાસ કરવી.**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૬,અંક-૩,તા.૧૭-૯-૧૯૭૭**

**અનુપમાના પ્રસંગમાંથી**

**(૨) બીજો બોધપાઠ :-**

અનુપમાદેવીના પ્રસંગમાં બીજો બોધપાઠ આ છે, કે એમને ત્યાં ઉદારતાથી અનુકંપાદાન દેવાતું, અને સાથે મહાન સાધુભક્તિ થતી. તે પણ સાધુભક્તિ પોતાના હાથે ! આ પરથી કેવો સરસ બોધપાઠ આપણે લેવાનો કે 'આપણે પણ આપણી શક્તિને ગોપવ્યા વિના અનુકંપાદાન અને જાતે સુપાત્રદાન સાધુભક્તિ કરીએ !' શા માટે આપણા જીવનમાં આ દાનનો બોધપાઠ ઉતારવાનો ? આપણા કિંમતી પૈસા એમ ને એમ મફતમાં બીજાને આપી દેવાના ? આવું મનને થાય છે ને ? આપણા પૈસાનું સુખ આપણા માટે એવું લાગે છે ને ? પરંતુ જુઓ,

**દાન શા માટે ?**

સુખ અને પૈસામાં ફરક છે. સુખ કરતાં પૈસા ખતરનાક છે. પ્રભુને જેટલું પૈસા ભુલાવશે એટલું કદાચ સુખ નહિ. જીવનમાં દુન્યવી સુખ ગમે છે, પરંતુ તેથી ભગવાન ભૂલાય જ એવો નિયમ નથી; કેમકે ધર્મની સમજ હોય તો સમજે છે કે 'આ ઇન્દ્રિયના વિષયો વિષ જેવા છે, તેથી એમાં ભય રહે છે કે મારું શું થશે !' એટલે પ્રભુ-પરમાત્મા યાદ આવે છે. પૂછશો,

**પ્ર.- 'સુખે સોની ને દુઃખે રામ'** એમ કહેવાય છે ને ? તો એમાં તો સુખમાં સોની યાદ આવવાનું કહ્યું, પ્રભુ નહિ.

ઉ.- અરે ! પણ એ વિચારો કે સુખે સોની 'કહ્યું' તે કયા સુખે ? પૈસાના સુખે ને ? પૈસાનું સુખ હોય તો પ્રભુ પણ સોની જ. સોનીને પકડવાનું ને ઘરવાળા માટે દાગીના ઘડાવવાનું મન થાય છે. તો એ જ કહેવું છે, સારા ખાનપાન-



રંગરાગના સુખમાં હજી ભય લાગીને ભગવાન યાદ આવે, પરંતુ પૈસા ચીજ એવી છે કે એમાં જેવું કાંઈ દેખાતું નથી તેથી એના મોહમાં ભગવાન ભુલાઈ જાય છે.

**પૈસા જેવા ગમે છે એવા ભગવાન નથી ગમતા.**

મન સમજે છે કે પૈસા છે તો લોકમાં કિંમત છે, આપણો ભાવ પૂછાય છે ને પૈસાથી સારા ખાનપાન-વસ્ત્ર-દાગીના ઘર-વાડી-ગાડી વગેરે સુખદ મળી શકે છે. આ બધું કાંઈ ભગવાનને ભજ્યા કે ટપકી પડતું નથી. ભગવાનની માળા ગણતા બેસીએ એટલે કાંઈ ખાવાનું મળી જતું નથી, કે બંગલો બની જતો નથી યા મોટર આવી જતી નથી. એ તો પૈસા હોય તો જ થાય છે. આવી બધી સમજમાં પૈસાને જ મહત્ત્વ અપાય છે, ભગવાનને નહિ. પછી ભગવાન શાના યાદ આવે ?

**પૈસા ભગવાનને ભુલાવે છે.**

**પૈસા અને ભગવાન વચ્ચે કેવું અંતર દિલ પાડે છે ?**

પૈસા એ કમાઈ લાવવાની વસ્તુ લાગે છે એટલે એની ખાતર મહેનત થાય છે; પૈસા એ રાખવાની સાચવવાની વસ્તુ લાગે છે, તેથી એની ખાતર બરાબર જાગતા રહેવાય છે, એની ખાતર ચિંતા કાળજી કરાય છે, એવું ભગવાન માટે ક્યાં છે ? મન માને છે કે 'ભગવાન ક્યાં પૈસા જેવી વસ્તુ છે કે એમને દિલમાં લાવવા માટે મહેનત કરવી પડે ? એ તો આ યાદ કર્યા ને ભગવાન દિલની અંદર આવી ગયા. વળી એવું ક્યાં છે કે એમને સાચવવાની ચિંતા-કાળજી-તકેદારી રાખવી પડે ? એ તો પૈસા લાવવા માટે રોજની કલાકોની મહેનત કરવી પડે, તો પૈસા આવે. વળી પૈસા સાચવી રાખ્યા હશે તો મનમાની સુખસામગ્રી પૈસાથી લાવી શકાય. લોકમાં માન પણ પૈસાથી મળે. ભગવાન દિલમાં રાખ્યા તેથી બહાર થોડું જ માન મળે ? દિલમાં ભગવાન સાચવી રાખ્યા હોય તેથી કાંઈ થોડી જ મનમાની સુખસામગ્રી ખરીદી શકાય ? બજારમાં વેપારીને ત્યાં જઈ ઊભા રહીએ અને કહીએ કે 'લે ભાઈ ! આ મેં દિલમાં ભગવાન રાખી મૂક્યા છે, તો એનાથી માલ આપ,' તો થોડો જ વેપારી ભલો-ભોળો છે કે કાંઈ પરખાવે ? એ તો રાખેલા પૈસામાંથી વેપારીને 'લે આ પૈસા, માલ આપ;' એમ કહીએ તો પછી પૈસા દેતાં માલ મળે. મતલબ, પૈસા એ સર્વસ્વ છે, એને લાવવાની-સાચવવાની દિનભર મહેનત જોઈએ. તો રાતના તો ભગવાનને ભજાય ને ? ના, રાતના ય આવતી કાલના પૈસા લાવવા ચિંતા કરવી પડે.' આવું બધું મનાવનાર પૈસા છે, તેથી પૈસા ભગવાન ભુલાવે-પરલોક ભુલાવે.

આ ઉપરથી સમજી શકાશે કે દુન્યવી સુખ કાંઈ એવી મહેનત-કાળજી-ચિંતા

અને એ માટે જરૂરી સમયવ્યય નથી માગતું. એ બધું માગે છે સુખના મુખ્ય સાધનભૂત પૈસા. તેથી તન-મન પૈસામાં કેન્દ્રિત રહે છે, એટલું જ નહિ પણ મન પૈસાને સર્વેસર્વા માને છે. પછી એ મનમાં એટલી તન્મયતાથી દેવ-ગુરુ-ધર્મની ઓતપ્રોતતા ક્યાંથી આવે ? બસ, માણસને પૈસા પર ગાઢ મૂર્ચ્છા છે. એને મન પૈસાનું જોરદાર મહત્ત્વ છે.

**(૩) પૈસાનું ગાઢ મહત્ત્વ અને મમત્વ ઓછું થાય તો જ દિલ પરમાત્મા અને ગુરુમાં કાંઈક ભળે.**

**એ ઓછું કરાવનાર દાનધર્મ છે, માટે દાનધર્મ ચાર ધર્મમાં પહેલો ધર્મ કહ્યો.**

દિલમાં ભગવાન લાવવા છે ? ભગવાન સાથે હૈયાના તાર જોડવા છે ? તો પૈસા સાથે જોડાયેલા એ તાર તોડો. **'પ્રીતિ અનંતી પર થકી, એ ત્રોડે તે જોડે એહ'** (ભગવાન સાથે પ્રીતિ).' પૈસા 'પર' છે; પ્રભુ સાથે પ્રીત જોડવા પૈસા સાથેની પ્રીતના તાર તોડવા માટે દાન ખૂબ કરો. આટલા જ માટે અનુપમાને ત્યાં ખૂબ દાન દેવાતું, એમાંથી આપણે આ બોધપાઠ લેવાનો.

**(૪) ચોથો બોધપાઠ આ, સુપાત્રદાન જાતે અને ખૂબ ઊછળતા ભક્તિભાવથી કરવા :-**

અનુપમાદેવીના જીવનપ્રસંગમાંથી આ શીખવા મળે છે કે એ સાધુભક્તિ જાતે કરવા ઊભા; અને વહોરાવવામાં ભાવોલ્લાસ એટલો બધો કે ઘી વહોરાવતાં પાતરાની બહારના ભાગને લાગી ગયું. અલબત ઉપયોગ સાવધાની રાખવી જોઈએ જેથી વહોરાવતાં આમ ન બને; પરંતુ અહીં જોવાનું આ છે કે સહેજ અનુપયોગ-બિનસાવધાની એ અલ્પ દોષ છે, જ્યારે, ઊછળતો ભક્તિભાવનો ઉલ્લાસ એ બહુ મોટો ગુણ છે. દૂધ ચમચી-ચમચી કરીને વહોરાવે તો ન ઢોળવાનો ઉપયોગ તો રહે, પરંતુ એમાં ઊછળતી ભક્તિનો ભાવ ક્યાંથી લાવે ?

જીવનમાં આ બોધપાઠ ઉતારવાનો છે કે સાધુની ભક્તિ કરીએ અને તે ઊછળતા ભાવથી કરીએ કે આ જગતમાં પંચમહાવ્રતધારી અને જિનાજ્ઞાનુસારી આવા સંયમી મુનિમહારાજનો યોગ મળે ક્યાંથી ?

**એવા મુનિની ભક્તિ એટલે એમની સંયમાદિ બધી સાધનાઓની ભક્તિ; જે આપણને ભવિષ્યમાં એવી સાધનાઓ સુલભ કરી આપે.**

શાલિભદ્ર અને ધનાજીના જીવે પૂર્વભવે સાધુભક્તિ કરેલી, બહુ કપરા સંયોગમાં એમને મન કિંમતી વસ્તુનાં દાનથી અને અતિશય ઊછળતા ભાવોલ્લાસથી ભક્તિ કરેલી, તો બંનેને આ ભવે સંયમજીવનની મહાન સાધનાઓ સુલભ થઈ.



મહાવીરપ્રભુના જીવે નયસારના પહેલા ભવમાં જંગલમાં મુનિની ભક્તિ કરેલી તો મરીચિના ભવે ચક્રવર્તીના ઘરે જનમ છતાં માત્ર સમવસરણ જોઈને વૈરાગ્ય થયો અને ઉપર ઋષભદેવ ભગવાન પાસે જઈ સહેજમાં સંયમ લઈ લીધું !

એમ, મુનિમહારાજની ભક્તિથી કેઈ જીવો ઊંચે ચડી ગયા. વિચારવું જોઈએ છે કે જાતના ઉપભોગમાં અને કુટુંબને મહલાવવામાં તો કેટલુંય ખરચાય છે, પરંતુ

**જાત અને કુટુંબ પાછળ ખરચેલું બધું અસંયમ-રાગ-મોહ અને આરંભસમારંભના પોષણમાં જાય છે; ત્યારે મુનિની તારકભક્તિમાં ખરચેલું એ સંયમ-બ્રહ્મચર્ય-સ્વાધ્યાય વગેરેના પોષણમાં જાય છે.**

કેટલો મોટો ફરક ! આગળ ભાગ્યોદય થવાનો હોય એને જ સાધુભક્તિ મળે, એને જ સાધુભક્તિ સૂઝે.

અનુપમાદેવી વગેરેને આ હિસાબ હતા એટલે રોજ ૫૦૦ સાધુ-સાધ્વીની ભક્તિ ખૂબ ઉલ્લાસથી કરતા. એમાંથી પોતાના જીવનમાં આ બોધપાઠ ઉતારવા જેવો છે, પૂછજો જીવને કે 'તારે ભાવી ભાગ્યોદય જોઈએ છે ? વર્તમાનમાં ભાગ્યોદયે પૈસા મળ્યા છે પરંતુ આ ભાગ્યોદય પુણ્યાનુબંધી હોય એવું તે ઇચ્છે છે ?'

તો એ પૈસાથી તને શું સૂઝે છે ?

જાતના અને કુટુંબના ભોગવિલાસ સૂઝે છે ?

કે પરમાત્મ-ભક્તિ અને સાધુભક્તિ ?

તારા પૈસાથી આ ભક્તિ નહિ સૂઝે તો તારો કોઈ આરોવારો ? છતે ભાગ્યે તારે અભાગિયો બનવું છે ?

મનને સુઝાડ, તો જિંદગી સમેટાઈ જતા પહેલાં ભાવી ભાગ્યોદય પગભર કરી શકાય.

બાકી તો જિંદગી સમેટાઈ જતાં તારા પૂર્વજો બધું મૂકીને ચાલતા થઈ ગયા એમ તુંય હાલતો થઈ જઈશ.' આ પ્રમાણે પોતાના જીવને કહેવા જેવું છે.

**(૫) પાંચમો બોધપાઠ : પરલોકની વસ્તુ કિંમતી, આ લોકની નહિ :-**

અનુપમાદેવીના પ્રસંગમાંથી પાંચમો બોધપાઠ આ લેવા જેવો છે કે એમણે મુનિનું પાત્ર પોતાની વહોરાવતાં થયેલ ગફલતતાથી બગડ્યું તો તરત પોતાની કિંમતિ સાડીથી લૂછી નાખ્યું. ત્યાં સાડી બગડવાનો વિચાર ન રાખ્યો. તમને એમ થતું હશે કે

**પ્ર.**- પણ એકદમ સાડી બગાડવાનો જીવ કેમ ચાલે ?

ઉ.- આવું મનમાં આવવાનું કારણ શું ? જીવ કેમ ન ચાલે ? સાડી કિંમતી લાગે છે માટે ને ? તો બોલો, સાડી કિંમતી ? કે મુનિ કિંમતી ? સાડી સાચવી રાખીએ એ

કિંમતી ? કે મુનિનું પાત્ર ચોક્ખું કરીએ એ કિંમતી ? કોની આગળ શું કિંમતી ? અહીં જ પરીક્ષા થાય છે કે દિલમાં મુખ્યતા કોની છે ? આલોક સાચવવાની મુખ્યતા ? જડની મુખ્યતા લાગે છે કે આત્માની સમજી રાખો, શાસ્ત્ર કહે છે,

**શ્રાવક પરલોકપ્રધાન દૃષ્ટિવાળો હોય. આ લોકને જ મુખ્ય કરનારો એ જૈનધર્મ પામ્યો નથી.**

**ધર્મ પામેલાના હૃદયમાં ગૌરવ શાનું ?**

જૈનધર્મ પામેલા એટલે જૈનધર્મ આચરણમાં કદાચ ઓછો ઉતર્યો હોય, પરંતુ હૃદયમાં તો એવો સ્વીકારાઈ ગયો હોય-એવો વસી ગયો હોય કે 'બસ, જૈનધર્મ એટલે શી વાત ! આ જ તારણહાર, આ જ મારે સાચું શરણ, આ જ આધાર, આનાથી જ બધું સારું પામ્યો, અને આગળ ઠેઠ મોક્ષ સુધી બધું અનુકૂળ પામીશ. તેથી અહીં બધું અનુકૂળ મળ્યું એના કરતાં મારા જૈનધર્મની કિંમત મોટી છે. એટલે એવો જ અવસર આવી લાગે કે જૈનધર્મ દેવાધિદેવ અને સદ્ગુરુનું ગૌરવ સાચવું તો અનુકૂળ વસ્તુ જતી કરવી પડે છે, ને જો અનુકૂળ વસ્તુ સાચવું તો દેવ-ગુરુ-ધર્મનું ગૌરવ હણાય છે, તો બેમાંથી હું એમના ગૌરવના ભોગે અહીંની અનુકૂળ વસ્તુ ન સાચવું, પણ અનુકૂળ વસ્તુના ભોગે એમનું ગૌરવ જ સાચવવું.

**ધર્મ પાસે માટીની માયાની ભીખ એ ભિખારીની ટૂકડાની ભીખ.**

જૈનના હૈયે જૈનધર્મ વસી ગયો હોય તો જૈન ધર્મનું આ ગૌરવ આ મુખ્યતા અંકિત થઈ ગઈ હોય. જૈનધર્મને શું ભિખારીની જેમ થોડા માટીના ટૂકડા ખાતર માનવાનો છે, કે 'હું ધર્મ સેવું એટલે મને એ માન-પાન-પૈસા આપે એટલે બસ.' ભિખારી રોટલાનો ટુકડો આપનારને 'બાપા' કહે છે, કરગરે છે. બાપા ! મને કંઈક ખાવાનું આપો ને ? શું એ દાતારને હૃદયથી બાપ માને છે ? કાયમ માટે જ્યાં જાય ત્યાં પેલા દાતારને હૈયામાં બાપ તરીકે લઈને ફરે છે ? ના, એ તો રોટલાનો ટૂકડો લેવા પૂરતો જ એને બાપ કહેતો હતો અને કરગરતો હતો. ટૂકડો મળી ગયા પછી એ દાતારને વહેતો મૂકે છે.

ધર્મની પાસેથી આવા ભિખારીના ટૂકડા જેવી માટીની માયા જ માગનારો, એને મન ધર્મની કિંમત પેલા ટૂકડો રોટલો દાતાર જેટલી જ છે. નથી મળ્યું ત્યાં સુધી ધર્મબાપા ! હું તારી પાસે પ્રાર્થના કરું છું, ઊભો-ઊભો તપું છું, મને સારું આપને ? 'બસ, ધર્મ પાસેથી મળી ગયા પછી ભિખારીની જેમ રસ્તે પડે છે. પેલા દાતારની જેમ ધર્મની સાથે કશી નિસ્બત નહિ. હવે કાંઈ ધર્મ એ બાપ નહિ. ભિખારીને ટૂકડો મળી ગયો હવે દાતાર ધર્મની દાતાર ભગવાનની શી જરૂર છે ? એમ

**'દેવ-ગુરુ-ધર્મથી સુખ' એ શ્રદ્ધાવાળો આસ્તિક :-**



'ભિખારીને ટુકડાની કિંમત છે, દાતારની નહિ; એમ અહીં દુન્યવી પૈસા અને દુન્યવી સુખની કિંમત છે, દાતારની નહિ, એટલે દાતાર દેવ-ગુરુ-ધર્મની ઉપેક્ષા થાય છે. એમાં એમ પણ બને કે અર્થ-કામના દાતાર પણ દેવ-ગુરુ-ધર્મ છે. એવી શ્રદ્ધા નથી, કેમકે એ કાંઈ આપતા દેખાતા નથી, એટલે પણ એમની જરૂર ન હોય. પરંતુ એ શ્રદ્ધા ન હોય તો આસ્તિકપણું રહે ? આત્માને માનનાર શી રીતે કહી શકે કે સુખસમૃદ્ધિ દેવ-ગુરુ-ધર્મને સેવ્યા વિના માત્ર પાપોનાં સેવનથી મળે છે ? તો તો આખી દુનિયા પાપસેવનમાં પડેલી છે, તો બધાને સુખ-સમૃદ્ધિ કેમ ન મળે ? આપણી નજર સામે અસંખ્ય કીડી-માખી-મચ્છર વગેરે જીવો કેમ દુઃખી છે ? કેમ આખું જીવન 'ખાઉં'માં વીતાવી રહ્યા છે ? કેમ બીજી કોઈ શુધ-બુધ નથી ? કેમ કોઈ વરસાદ વગેરેથી કુમોતના ભોગ બને છે ? કારણ આ જ, પૂર્વ જનમમાં દેવ-ગુરુ-ધર્મની કિંમત જ ન આંકી, કિંમત ભિખારીના ટુકડા જેવા દુન્યવી ખાન-પાન-પૈસા વગેરે સુખની જ આંકી, એટલે પછીના આવા ક્ષુદ્ર ભવમાં વારસામાં એ જ મળે ને ? કિંમત એ જ ખાનપાનાદિની જ રહે ને ?

**અહીં દેવ-ગુરુ-ધર્મની કિંમત આંકે તો પછીના ભવે એનો વારસો મળે; ને જો કિંમત ખાનપાન-પૈસાની આંકે તો એનો વારસો મળે.**

તમને કદાચ પાત્રા બહારનું ઘી કિંમતી સાડીથી લૂછનાર અનુપમા મૂર્ખ લાગે, પરંતુ એને એની કિંમત નહોતી, કિંમત ગુરુની ગુરુભક્તિરૂપ ધર્મની હતી. સાડી એની આગળ અકિંમતી. જેને જેની કિંમત, એ એની ખાતર બીજું અકિંમતી જતું કરે એમાં શી નવાઈ ? ત્યારે અનુપમાને એનું ફળ શું મળ્યું એ જાણો છો ? મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યઅવતારે એવા દેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ કે જેના પ્રતાપે ત્યાં કેવળજ્ઞાન પામી મોક્ષ મળવાનો છે. ઓછું ફળ છે આ ? કેમ આટલું બધું ઊંચું ફળ ? ગુરુભક્તિ ખાતર સાડીનો મોહ જતો કર્યો છે, પણ સાડીના મોહ ખાતર ગુરુભક્તિ જતી નથી કરી. સાડીની સેવામાં દેવગુરુ જતા ન કર્યા, દેવગુરુની સેવામાં સાડી જતી કરી, પછી ભોગ આપીને અતિકિંમતી માનેલા દેવ-ગુરુની સેવાનો પરભવે વારસો કેમ ન મળે ?

**પરભવે દેવ-ગુરુ-ધર્મની સેવાનો વારસો જોઈએ છે ? તો અહીં એ સેવા કિંમતી બનાવી તન-મન-ધનને અકિંમતી કરી, એ સેવા તન-મન-ધનનો ભોગ આપીને કરો.**

તન-મન-ધનનો ભોગ આપવાનો એટલે દેવ-ગુરુ-ધર્મ આગળ એની કિંમત નહિ આંકવાની, એમની સેવામાં એ લગાવી દેવાના. એનો ભોગ આપી દેવાનો તનનો ભોગ. એટલે દા.ત. ભગવાન વંદન કરવા મળ્યા છે તો બરાબર ઊભા થઈને ખમાસમણાં દેવાનાં, ધર્મ ભજવા મળ્યો છે, તો ત્યાગ-તપસ્યામાં કાયાની

સુખ-શીલતા જતી કરવાની. અહીં દેવ-ગુરુ-ધર્મ સેવવા મળ્યા છે તો મનથી હાલતું-ફાલતું વિચારો કરવાનું બંધ કરી એમના જ વિચારો કર્યા કરવાનાઃ ધનને એમની સેવામાં વહેતું રાખવાનું, અનુપમાના પાતરું સાડીથી લૂછવાના પ્રસંગમાંથી આપણા જીવનમાં આ બોધપાઠ ઉતારવાનો છે.

**જડનું મહત્ત્વ આંક્યું તો દેવ-ગુરુ-ધર્મનું મહત્ત્વ નહિ લાગે.**

**જડનું મહત્ત્વ દેવ-ગુરુ-ધર્મની સેવા ભુલાવે છે.**

**(૬) છઠ્ઠો બોધપાઠ : કૃતજ્ઞતા, મોકાપર દ્રવ્ય-ભાવ ઉપકારીને યાદ કરો :-**

અનુપમા કિંમતી સાડીથી પાત્રબહારનું ઘી લૂછવા જાય છે. ત્યાં રસોઈયો રોકવા જતાં અનુપમાદેવી કહી દે છે. 'જ્યાં અનંત-ઉપકારી દેવાધિદેવ અને ગુરુ મળ્યા છે, જ્યાં રાજા વીરધવળ અન્નદાતા મળ્યા છે, ત્યાં શી કમીના છે?' આ ઉદ્ગારમાંથી આ શીખવાનું છે કે અવસર પર ભાવ ઉપકાર કરનાર દેવ-ગુરુને યાદ કરીએ ને દ્રવ્ય ઉપકાર કરનાર શેઠને યાદ કરીએ એ ઉપકારી અને એમના ઉપકારને બહુ કિંમતી માનીએ, હૈયું એમના પર ઓવારી જાય. હૈયું ગદ્ગદ થાય. આ સહેલું નથી. કેમકે,

**જાતવડાઈ જ્યાં ને ત્યાં આગળ આવે છે; એ પોતાની ઉપર બીજાના ઉપકારીની વડાઈ ભુલાવે છે.**

જ્યાં પ્રત્યક્ષમાં થયેલા ઉપકાર યાદ ન આવે ત્યાં પરમાત્માના ઉપકાર શી રીતે યાદ આવે ? પરમાત્માનો આપણા પર ઉપકાર છે ? અહીં પુણ્યાઈ લઈ આવ્યા એ કોના પ્રતાપે ? કહેશો અમારી સુકૃત સાધના ને અમારા સદ્વિચારના પ્રતાપે. પરંતુ એ તો કહો કે એ સુકૃતસાધના જે કરેલી, સદ્વિચાર-શુભભાવ જે કરેલા, એ કોના આલંબને ? પરમાત્માના આલંબન વિના, એટલે કે પરમાત્માને મનમાં ધર્યા વિના પરમાત્માને નહિ ઉદ્દેશીને, ભળતા આલંબને જીવનું શું ગજું હતું કે સારું સુકૃત સાધી શકે ?

**દર્શનમાં અરિહંત ઉપકારી : ભિખારી રાજા :-**

ભિખારીએ એક દર્શન પણ અરિહંતના કર્યા તો વિશિષ્ટ પુણ્ય ઊભું થયું અને બીજા ભવે નરસિંહ નામનો બ્રાહ્મણપુત્ર બની પછી શેઠિયાના પુત્ર તરીકે જાહેર થયો, અને આગળ વધી રાજાનો જમાઈ બનીને પછી રાજા થયો. ભિખારી એનો એ, એણે પહેલાં દર્શન તો ભીખ માગતો ફરતાં ઘણાના કરેલાં, તે ય દીનતા અને કાલાવાલા સાથે કરેલાં, પણ શું મળેલું ? એંઠું અન્ન પણ બધા પાસેથી નહિ મળેલું ! જ્યાં મળેલુ તે ય ભૂખ જેટલું નહિ મળ્યું ! તો પરભવ માટે પુણ્ય મળવાની તો વાતે ય શી ? એ તો,

**દર્શન અરિહંત પરમાત્માનાં કરવા માંડ્યાં તો જ મહાન પુણ્યાઈ મળવા માંડી.**



હવે આમાં અરિહંતદેવનો ઉપકાર નથી માનવો ? એ પુણ્યાઈના પ્રતાપે શેઠાઈ અને રાજવીપણું મળે એટલે અરિહંતનો ઉપકાર ભૂલી જવો એ કેવી કૃતજ્ઞતા ગુમાવી ? પૈસા તમે ખરચો, પરંતુ જો અરિહંતપ્રભુની પૂજામાં ખરચો, એમની યાત્રામાં ખરચો, એમનું મંદિર કે એમની મૂર્તિ ભરાવવામાં ખરચવાનું કરો તો જ વિશિષ્ટ પુણ્યાઈ ઊભી થાય છે, અને પરભવે અવનવું સુખ મળે છે, જૈનધર્મ મળે છે, પછી એમાં અરિહંતનો ઉપકાર નહિ ?

રાજા કુમારપાળના જીવે પૂર્વભવે અત્યંત નિર્ધન સ્થિતિમાં પોતાની પાસે માત્ર પાંચ કોડીનું ધન હતું એનાથી પુષ્પો લઈ અરિહંતપ્રભુને ચડાવ્યાં, તો એવું વિશિષ્ટ પુણ્ય ઊભું થયું કે અહીં ૧૮ દેશના સમ્રાટ રાજા કુમારપાળ થયા ! એ તો સામાન્ય ફળ; પરંતુ વિશેષ ફળમાં જૈનધર્મ એવો પામ્યા કે મહાન સમ્યગ્દર્શન અદ્ભુત અરિહંતરાગ, અરિહંતના માર્ગનો રાગ, અને શ્રાવકના ઉત્તમ બાર વ્રતનું ગજબકોટિનું પાલન...વગેરે પામ્યા ! જેના ફળમાં દેવ થઈ પછી આવતી ચોવીસીમાં પહેલા અરિહંતપ્રભુ પદ્મનાભસ્વામી ગણધર થવાના ! ઊભે ઊભે દ્વાદશાંગી આગમ અને એમાં દરિયા જેવા ૧૪ પૂર્વશાસ્ત્ર રચવાના ! અને અંતે તેજ ભવે મોક્ષે જવાના !

બોલો, એજ ફુલ બીજા કોઈ દેવને ચડાવ્યા હોત તો આ ફળસંપતિ મળત? ત્યારે, પોતાના માત્ર પાંચ કોડીના પુષ્પ અરિહંતપ્રભુને ચડાવ્યાનો આ લાભ ! એમાં અરિહંતનો ઉપકાર નહિ ?

**હૈયું ધિટ્ઠું અને કૃતજ્ઞતા વિનાનું હોય તો જ સુખમાં અને શુભમાં અરિહંતનો ઉપકાર ભૂલે, અને જાતવડાઈ માને.**

વાત અનુપમાદેવીના શબ્દોની; દેવ-ગુરુ અને રાજાની વડાઈ ગાવાની ચાલી છે. કિંમતી સાડીની પણ નિઃસ્પૃહતા એ અનુપમાની પોતાની વડાઈ છે. છતાં 'ગુરુની આગળ સાડીને હું તુચ્છ ગણું છું.' એમ પોતાની વડાઈ નથી ગાતી. વડાઈ દેવ-ગુરુ-રાજાની ગાય છે કે દેવાધિદેવ અરિહંત પરમાત્મા મળ્યા છે, નિર્ગ્રન્થ ગુરુ મળ્યા છે, અન્નદાતા રાજા વીરધવળ મળ્યા છે, પછી સાડી બગડવાની ચિંતા શી? તાત્પર્ય, એ દેવ-ગુરુ-રાજાના પ્રતાપે બધું મળી રહે છે. તો,

**મળેલી બિન પ્રતાપી એક ચીજના મોહમાં પ્રતાપી અને ઉપકારી દેવ-ગુરુ-રાજાની કિંમત કેમ ઘડાય ?**

શું ? (૧) બિનપ્રતાપીને ન ભૂલાય.

(૨) બિન ઉપકારીના મોહમાં ઉપકારીને ગૌણ ન કરાય.

(૩) કિંમત વિનાની ચીજ સાચવવા ખાતર મહા કિંમતી દેવ-ગુરુને સાચવવા મૂકી કિંમત વિનાના ન બનાવાય. એમની કિંમતી ભક્તિ ન ગુમાવાય.

આપણા જીવન તરફ જુઓ કે કેટકેટલી જગાએ દેવ-ગુરુ-ધર્મને પડતા મૂકી, એમની અપેક્ષાએ બિન કિંમતી ગણાય એવી ચીજને વળગી એની આરતી ઉતારીએ છીએ ? સહેજ કોકે કાંક વાંકુ કર્યું કે ઝટ મનમાં એની સામે ગુસ્સો અને ગુસ્સાભરી વિચારણા ચાલે છે ? શું એ જ વખતે મનને એમ ન થાય કે,

**'લાવ, આ ગુસ્સાના વિચારો કરવા કરતાં તો મનમાં નવકારમંત્ર જ ન ગણવા માંડું ?'**

પેલાના ગુસ્સાભર્યા વિચારો કરીને શું મળવાનું ? પાપકર્મોના બંધ થવાના. ખોટનો ધંધો શા સારુ કરવો ? એના કરતાં એટલા નવકાર ગણીશ તો કમાણી સારી થશે, ને ગુસ્સાના વિચારના પાપ અટકી જશે.

એમ. કાંઈક બગડ્યું-સગડ્યું તો એના દુર્ધ્યાન-આર્તધ્યાનના વિકલ્પો કરવા કરતાં મનમાં ગણતરીબંધ નવકારમંત્ર ગણવા માંડે, તો ચિત્ત એ 'નમો અરિહંતાણં...પઢમં હવઈ મંગલં, એક,' 'નમો અરિહંતાણં...પઢમં હવઈ મંગલં, બે,' એમ નવકાર અને એની ગણતરીમાં રોકાઈ જવાથી પેલી હાયવોય અને સંતાપથી બચી જવાય, એનાં પાપબંધથી બચી જવાય, અને પરમેષ્ઠીનું સ્મરણ તથા નમસ્કારથી ચિત્તની વિશુદ્ધિ, સુસંસ્કાર અને પાપક્ષય તથા પુણ્યના લાભ થાય. ખૂબી તો પાછી એ કે આ વળી પેલા આર્તધ્યાનને અટકાવવાના નિમિત્તે થવાથી આ નવકાર-સ્મરણમાં ફોર્સ આવે, વધુ ભાવોલ્લાસ આવે. કેમકે પેલી આર્તધ્યાનની અરુચિ પર આ થાય છે.

**પ્ર.-** પણ નવકારમંત્રમાં મન એટલું ચોટતું નથી ને ? નવકાર ગણતાં ચુપકીથી પેલા હલકાવિચાર ઘૂસી જાય છે.

**૨૪ ભગવાનમાં ચિત્ત તન્મય :-**

ઉ.- તો એમ કરો, ચોવીશ ભગવાનના ક્રમસર નામ લેતા જાઓ અને એમને નમસ્કાર કરતા જાઓ, શ્રી ઋષભદેવાય નમઃ, શ્રી અજિતનાથાય નમઃ, શ્રી સંભવનાથાય નમઃ...આમાં પણ તે તે ભગવાનને તે તે તીર્થ કે મંદિરમાં ઘાલીને માનસિક નમસ્કાર કરાય, એટલે કે જાણે મનથી હાથ જોડી માથું નમે છે, એમ ધારણા કરી નમસ્કાર કરાય. તે તે તીર્થમાં એટલે કે દા.ત. સિદ્ધગિરિ પર ઋષભદેવ ભગવાનને, તારંગા પર અજિતનાથ ભગવાનને, અમદાવાદ સંભવનાથની ખડકીના મંદિરે ભોંયરામાં સંભવનાથ ભગવાનને...એમ તે તે મંદિરમાં તે તે ભગવાનને કલ્પનામાં લાવી માનસિક નમસ્કાર કરાતો જાય; એટલે ચિત્ત એમાં તન્મય થતાં



આર્તધ્યાનના વિચાર અટકી જાય.

અથવા **'સકલતીર્થ સ્તોત્રના,** તીર્થો ને બીજા તીર્થો એકેક ધ્યાનમાં લાવી નમસ્કાર કરાય. યા એ એકેક તીર્થ પર પ્રભુના અંગે-અંગે નવકાર ગણાય.

**આ રીતે ગણવાનો શો લાભ ?**

લાભ આ, કે આ રીતે પ્રેક્ટિસ પડ્યા પછી જ્યારે ગુસ્સો ચડવા અને એના વિચારો ચાલવા જાય કે, તરત આ રીતે મનમાં ગણતરીબંધ નવકાર ગણતાં ગુસ્સો મોળો પડે. યા ૨૪ ભગવાનને ક્રમસર નમસ્કાર અથવા ક્રમસર એકેક તીર્થમાં સ્તુતિ અને માનસિક ૩ ખમાસમણાં, આવું કોઈક મનમાં ચાલુ કરાય તો પેલા ગુસ્સાના યા આર્તધ્યાનના અથવા ફજુલ વિચારો અટકાવી શકાય, અને જાપ-નમસ્કારનો લાભ થાય એ નફામાં.

પરંતુ આ કોણ કરે ? જેણે જીવનમાં દેવ-ગુરુ-ધર્મને મુખ્ય કર્યો હોય, અને જેને એમના સહારે કષાય-આર્તધ્યાન-વ્યથા વિચારો વગેરેથી બચવું હોય, એટલે કે, વાતવાતમાં અને ખાસ કરીને આ કષાયાદિ ઊઠવા વખતે દેવ-ગુરુ-ધર્મને આગળ કરવા હોય, એ કરે.

અનુપમાદેવીના જીવનમાં દેવ-ગુરુ-ધર્મ મુખ્ય છે તેથી મુનિનું પાત્ર લુછવામાં સાડી બગાડવાના હેતુ તરીકે દેવ-ગુરુ-ધર્મની સેવા કિંમતી તન-મન-ધન ખરચીને કરવામાં અહોભાગ્ય બતાવે છે. જીવનમાં આ બોધપાઠ લેવા જેવો છે.

**પરમ ઉપકારી દેવ-ગુરુ અને ધર્મની સેવામાં જ અહોભાગ્ય માની સુજ્ઞ હૃદયને મહાન શાતા આલ્હાદ ને હુંફ રહે છે.**

જ્યાં-જ્યાં આ સેવાનો નાનો પણ લાભ મળતો હોય ત્યાં ઝટ મનમાં અહોભાગ્ય લાવવાનું કે 'અહો-ભાગ્ય મારા કે ઢગલો પાપસ્થાનકોથી ભરેલા મારાં જીવનમાં પુણ્યસેવાનો લાભ મળે છે !' અને પછી હાડકાં હરામ ન થવા દેતાં ધનની કારમી મૂર્ચ્છા પોષ્યા વિના અને મનમાં જરાય અસદ્ભાવ-અરુચિ લાવ્યા વિના નાની પણ સેવાનો લાભ ઉઠાવવાનો. એકલી શરીર-આરામી-સુખથી લવાતા અને ધનના મોહમાં તો મહાન તારણહાર આ સેવા ગુમાવવામાં કેવી કમનસીબી. અનુપમાદેવીનો ધર્મસુવાસિત વ્યવહાર જોઈ રાજા પ્રસન્ન થઈ ગયો. એને લાગ્યું કે, 'ખરેખર જે લોકો દેવ-ગુરુને વફાદાર હોય એ બીજા તરફ બેવફાભર્યો વર્તાવ ન કરે.

રાજાને હવે શાનો વહેમ પણ રહે ? આ જોતાં મનને નક્કી થઈ ગયું કે, 'મારી સાથે પણ બેવફા વર્તાવ હોય નહિ. ઘરના ખૂણામાં પણ મારા ઉપકારને માને એ શાના મને એંઠુ ખવરાવે ? ત્યારે એની દેવ-ગુરુની પ્રત્યે કૃતજ્ઞતા અને

વફાદારી કેવી કે અહીં ચાલુ સાંસારિક પ્રસંગમાં ય દેવ-ગુરુ યાદ કરે છે ! અને મને પણ યાદ કરે છે. એનો દેવ-ગુરુનો ઉપદેશ જ એવો લાગે છે કે ઉપકારીના ઉપકારને યાદ કરવો.'

**મયણાસુદરીએ કર્મની સાથે પિતાનો પણ ઉપકાર કેમ ન કહ્યો ? :-**

**પ્ર.-** અહીં એક સવાલ ઊભો થાય છે કે જ્યારે અનુપમાદેવી દેવ-ગુરુનો ઉપકાર માનવા સાથે રાજાનો ય ઉપકાર કહે છે, તો પછી એ જ પ્રમાણે મયણાસુંદરીએ કર્મનો પ્રભાવ કહેવા સાથે પિતાનો પણ ઉપકાર કેમ ન કહ્યો ? પિતાને કહેવું હતું કે 'આપ મને સારું કરી આપો એમાં મારા પૂર્વપુણ્યનો એ ઉપકાર અને આપનો પણ ઉપકાર' તો એવું કેમ ન કહ્યું ?

**પ્ર.-** અહીં એક સવાલ ઊભો થાય છે કે જ્યારે અનુપમાદેવી દેવ-ગુરુનો ઉપકાર માનવા સાથે રાજાનો ય ઉપકાર કહે છે, તો પછી એ જ પ્રમાણે મયણાસુંદરીએ કર્મનો પ્રભાવ કહેવા સાથે પિતાનો પણ ઉપકાર કેમ ન કહ્યો ? પિતાને કહેવું હતું કે 'આપ મને સારું કરી આપો એમાં મારા પૂર્વપુણ્યનો એ ઉપકાર અને આપનો પણ ઉપકાર' તો એવું કેમ ન કહ્યું ?

**ઉ.-** આનો જવાબ છે, કે મયણાસુંદરીના પ્રસંગમાં સિદ્ધાંતનો સવાલ ઊભો થયો હતો કે જીવને સારું-નરસું કોણ આપે છે ? પિતા ? કે પોતાનાં કર્મ ? ત્યાં મયણાએ સિદ્ધાંત આ કહ્યો કે,

**જીવને પોતાના શુભાશુભ કર્મ જ કરી આપે છે;'**

અને એ વાત સુરસુંદરીના પ્રસંગમાં હૂબહૂ જોવા મળે છે કે પિતાએ તો સુરસુંદરીએ સારા પતિ તરીકે જે રાજકુમારને પસંદ કર્યો એને સારો માનીને મંજૂર કર્યો અને એની સાથે સુરસુંદરીનાં લગ્ન કરી આપેલા. રાજાએ ઘમંડ રાખ્યો કે 'હું સુરસુંદરીને સારું કરી આપું છું. પરંતુ એ બિચારી પતિ સાથે સાસરે પહોંચવા સરખું ય ન પામી, અને રસ્તામાંથી ધાડ પાડનારાં લૂંટારા એને ઉપાડી ગયા ! લો આમાં પિતાએ શું સારું કરી આપ્યું ? ત્યાં સુરસુંદરીનાં પોતાનાં કર્મ જ આગળ આવ્યાં. સારાં કર્મને બદલે એનાં નરસાં અશુભ કર્મે આગળ આવીને ગેબી રીતે એને લૂંટારાને કબજે કરાવી ! અને દૂર દેશમાં વેચાવી ! તે જઈને બબ્બર દ્વીપના રાજાની નાટકણી બની.

સવાલ સિદ્ધાન્તનો હતો કે જીવનને સુખ-દુઃખ કોણ આપે છે ? પોતાનાં કર્મ આપે છે ? કે બીજું કોઈ ? દુન્યવી દૃષ્ટિએ જીવનું ભલું-ભૂંડું કોણ કરે છે ? કર્મ કરે છે ? કે મા-બાપ વગેરે બીજું કોઈ ?

આનો સિદ્ધાંતિક જવાબ તો આ જ કરાય કે જીવનાં પોતાનાં સારા-નરસાં



કર્મ જ જીવને સુખ-દુઃખ આપે છે, જીવનું સારું-નરસું કરે છે. પ્રશ્ન થાય,

**પ્ર.-** ભલે કર્મ કરે, પરંતુ કર્મની સાથે મા-બાપ કે બીજાં પણ સારું-નરસું કરનાર કહેવાય ને ?

**ઉ.- ના.**

**મા-બાપ કર્મને પરાધીન છે, એટલે સંતાનનું સારું-નરસું કરવામાં કર્મની હારોહાર કારણ નહિ. કર્મની જેમ સ્વતંત્ર કારણ નથી, કિન્તુ એ કર્મના પ્રેર્યા કામ કરે છે.**

મા-બાપની સંતાનનું ભૂંડું કરવાની ઈચ્છા નથી હોતી, પરંતુ સંતાનનાં કર્મ જો અશુભ હોય તો એ મા-બાપના હાથે જ એવું કરાવે કે જેથી ભૂંડું થાય. જેમ કે પુત્રી સુરસુંદરીને એવા રાજકુમાર અરિદમન સાથે પરણાવી કે પછી એની સાથે રસ્તામાંથી જ એ ચોરોથી ઉપાડાઈ !

એમ, એકાદિ વેળા મા-બાપો દુશ્મન જેવા બની સંતાનનું ભૂંડું કરવા ધાર્યું હોય તો પણ જીવનાં જો શુભકર્મ જોર કરતા હોય તો મા-બાપ ભૂંડું કરવા જાય એમાં જ જીવનું ભલું છુપાયું હોય. કહો કે સંતાનને એ રીતે જ સારું થવાનું હોય એટલે મા-બાપને એવું ઊંધું ન સૂઝે.

મયણાસુંદરીને કોઢિયાપણામાં છુપાયેલા મહાન રાજકુમાર શ્રીપાળ પતિ તરીકે મળવાનું પુણ્ય જોર કરતું હોય એટલે એ શી રીતે મળે ? બાપ રાજી થઈને તો કોઢિયા સાથે પરણાવે નહિ; પણ મયણા પર ગુસ્સે ભરાય અને કોઈ હલકા સાથે પરણાવી દેવાના વિચારવાળો થાય તો જ એ બને. તો બાપે એમ જ કર્યું; એ પોતાના અભિમાન અને ભ્રમમાં મયણાનું નરસું કરવા ગયો, પરંતુ એમાં જ સારું છુપાયેલું હતું. કેમકે એનું એવું પુણ્ય જોર કરતું હતું.

**૨. ચિન્તાજ્ઞાન**

જ્ઞાનની ૩ કક્ષાની વાત ચાલી, પહેલું શ્રુતજ્ઞાન અર્થાત્ શાસ્ત્રના શ્રવણથી અર્થ સમજાય તે, ગુરુનો ઉપદેશ સાંભળીને એને સમજવામાં આવે તે શ્રુતજ્ઞાન, હવે એની ઉપર બીજી કક્ષાએ ચિંતા જ્ઞાન.